જૈન યુગની નીતિ–રીતિ.. ॥ नमो तित्थस्स ॥ Regd. No. B 1996.

# જૈન ✠ યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.)

વાર્ષિક લવાજમ રૂપીઆ બે. | તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ. [મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.] | છુટક નકલ દોઢ આનો.

વર્ષ જુનું ૬ ઠું. નવું ૧ લું. | તા. ૧ લી જાન્યુઆરી ૧૯૩૧. | અંક ૧ લો.

– મુખ્ય લેખકો –

શ્રી મોહનલાલ દ. દેશાઈ, બી. એ. એલએલ. બી. એડવોકેટ.

„ મોતીચંદ ગિ. કાપડીઆ, બી. એ. એલએલ. બી. સોલીસીટર.

„ હીરાલાલ હાલચંદ દલાલ બાર–એટ–લૉ.

„ ઉમેદચંદ ડી. બરોડીઆ, બી. એ.

## -સુચનાઓ-

૧ આ પત્રમાં પ્રકટ થતા લેખો માટે તે તે લેખના લેખકોજ સર્વ રીતે જોખમદાર છે

૨ અભ્યાસ મનન અને શોધખોળના પરિણામે લખાયેલા લેખો વાર્તાઓ અને નિબંધોને સ્થાન મળશે.

૩ લેખો કાગળની એક બાજુએ શાહીથી લખી મોકલવા.

૪ લેખોની શૈલી, ભાષા વિગેરે માટે લેખકોનું ધ્યાન 'જૈન યુગની નીતિ–રીતિ' પરના પરિષદ્ કાર્યાલયના અગ્રલેખ પર ખેંચવામાં આવે છે.

પત્રવ્યવહાર:–

તંત્રી—જૈન યુગ.

ઠે. જૈન શ્વેતાંબર કૉ. ઓફીસ

૨૦, પાયધુની–મુંબઈ ૩

## પ્રેરણા.

૧

હે! વીર! જો પૂરવ દીશ ભણી વળી તું,
ઉગ્યું પ્રકાશ કરતું રવિ બિંબ પે'લું;
જાગ્યું બધું જગત્ સુષુપ્તિમાં પડેલું,
ઉત્સાહ શો! અજબ કાર્ય પ્રતિ દિસે છે?

૨

તો કેમ તું હજુય ઉંઘ ન છોડી દેતો?
નિશ્ચેતના વપુ મહીં કયમ આમ વ્યાપી?
રાત્રિનું એ'ધન અરે! ખુટશેજ ક્યારે?
જોશે નહિ કદય? થાય છે જે અત્યારે.

૩

આ વિશ્વવાડી કુસુમો થકી શું! ખીલી છે?
ને વૃક્ષ રાશિ ફળ ભારે લચી રહ્યાં છે;
ફાલી ફુલી ફળી રહી! સહુ વેલડીઓ,
ધાન્યો ભર્યાં વિવિધ કર્ષણ ઝૂકતાં શ્યાં!

૪

ભૃંગો અને મધુ લુલોપિત મક્ષિકાઓ
ને ઉડી જાતિ ફળ ભક્ષણ પંખી જાતો
લાગી ગયાં મનુ બધાં ઝટ કાર્ય કેવે!
સૃષ્ટિ બધી થઇ ગઇ સમુલ્લાસ હેવે!

૫

તો જાગ કાળ વહી જાય અચિંત્ય મોંઘો,
થા વિક્રમિ જીવન સમૃદ્ધ સાંધવા તો;
આલસ્ય જો તુજ તણું નહિ નષ્ટ થાશે,
લક્ષ્મી વિપુલ સહુ હા! પર હાથ જાશે!

શાહ ગોરધનભાઈ વીરચંદ.

## બનારસ હિંદુ-યુનીવર્સીટીમાં જૈન ચેર.

આ 'ચેર' માટે એક વિદ્વાન્ પ્રોફેસર–અધ્યાપક પંડિત ત્રિલોકચંદજી જૈનની રૂા. ૧૨૫) ના માસિક પગારથી નિમણુંક કરવામાં આવી છે. પંડિતજી જૈન શાસ્ત્રોના પૂરા અભ્યાસી અને અનુભવી છે. નક્કી થયેલી શરતો મુજબ સદરહુ યુનીવર્સીટીના ચાન્સેલર તરફથી આપણી કૉન્ફરન્સના સ્થાનિક મહામંત્રીઓનો અભિપ્રાય નિમણુંક સંબંધે લેવામાં આવ્યો હતો, સેંટ્રલ હિંદુ કોલેજમાં એકવીશ અને પૌર્વાત્ય oriental વિભાગમાં આઠ જૈન વિદ્યાર્થીઓ મળી કુલે ઓગણત્રીશ વિદ્યાર્થીઓ હાલ અભ્યાસ કરે છે.

## જૈન શ્વેતાંબર એજયુકેશન બોર્ડ.

આ વર્ષે તા. ૨૮–૧૨–૩૦ના રોજ લેવાએલી પરીક્ષાઓમાં કુલ ૧૧૮૫ વિદ્યાર્થીઓ બેઠા હતા, સાત નવાં સ્થળો પરીક્ષા માટે સેન્ટર તરીકે મંજુર રાખવામાં આવ્યાં છે. સ્ત્રી ધોરણ ૫ ના ઇનામ રૂ. ૬૦) શેઠ હીરાચંદ વસનજી પોરબંદર નિવાસી તરફથી અને પુરૂષ ધારણના ઇનામો રૂ. ૫૦૦) ના શેઠ સારાભાઇ મગનભાઇ મોદી તરફથી અપાશે.

उद्धाविव सर्वसिन्धवः, समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः ।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥
-श्री सिद्धसेन दिवाकर.

અર્થ:–સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે: પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

સરિતા સહુ જેમ સાગરે, તુજમાં નાથ! સમાય દૃષ્ટિઓ:
જયમ સાગર ભિન્ન સિન્ધુમાં, ન જણાયે તું વિભક્ત દૃષ્ટિમાં.

જૈન યુગ.

તા. ૧-૧-૩૧ ગુરૂવાર.

# જૈન યુગની નીતિ–રીતિ અને નવીન પ્રવૃત્તિ.

૧ શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ, (શ્રી જૈન શ્વેતાંબરમહાસભા–પરિષદ્)ના મુખપત્ર તરીકે જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ હેરલ્ડ અને પછી જૈન યુગ એ નામના માસિકનો ઉદ્દભવ થયો હતો. જૈન યુગ માસિક હોવા છતાં પ્રેસાદિની ઢીલથી દ્વિમાસિક ત્રિમાસિક તરીકે પણ વખતોવખત દેખાવ દેતું હતું. તેના તંત્રીને લેખકોની સહાય પૂરતી નહોતી, તેથી એકલે હાથે બધી જવાબદારી સ્વીકારી પોતાથી બને તેટલી દક્ષતાથી તેમણે પાંચ વર્ષ સુધી તંત્રીનું કાર્ય કર્યું હતું, અને વિધવિધ વિષયોમાં અને ખાસ કરી પોતાનો પ્રિય વિષય નામે ઐતિહાસિક અને પ્રાચીન ગુજરાતી સાહિત્યમાં પોતાનો આત્મા રેડી દર વર્ષે પાંચસો લગભગ પૃષ્ઠો વાંચકને આપ્યાં હતાં.

૨ સાંપ્રત કાળના ચાલુ બનાવો પર વિચારો વિશેષ પણે સમયસર અને પૂરતા પ્રમાણમાં આવતા રહે અને કૉન્ફરન્સ–મહા સંસ્થાની કાર્યવાહીના સમાચાર નિયમિત પણે વખતસર પ્રગટ થાય તો જમાનાને વધુ અનુકૂળ થશે, એ ખાસ વિચારને કારણે પાક્ષિક તરીકે આ પત્રને ફેરવવામાં આવ્યું છે. દરેક અંગ્રેજી માસમાં બે વખત–૧ લી અને ૧૫ મી એ આ પત્ર પ્રગટ થશે. તેનું વાર્ષિક લવાજમ ટપાલ ખર્ચ સહિત રૂપીઆ બે રાખવામાં આવ્યું છે. તેનો દરેક અંક બે ફુલ્સ્કેપના કાગળ જેટલો છપાશે.

૩ આ પત્રની ચાલુ નીતિ મૂળ હતી તેજ અને તેવીજ રહેશે એમ કહેવાની આવશ્યકતા નથી. ટૂંકામાં કહીએ તો આ પત્રની નિતિ વ્યક્તિપર અંગત આક્ષેપ કર્યા વગર હિતબુદ્ધિથી મુખ્યત: સામાજિક, શિક્ષણ વિષયક, રાજકિય અને સાહિત્ય વિષયક સર્વ દેશીય વિષયો ચર્ચવા, સમાજને રચનાત્મક કાર્યો પ્રત્યે સૌમ્ય અને ગંભીર ભાષામાં મંડનાત્મક શૈલીથી લખાયેલ લેખોથી દોરવી, અને તે દ્વારા સર્વત્ર શાંતિ અને સમાધાન જળવાઇ રહે એવું લક્ષ રાખી આપણી ઉક્ત મહા સંસ્થાનું પ્રચાર કાર્ય કરવું. આ માટે આ પાક્ષિકમાં ચાલુ બનાવોની ચર્ચા, મીમાંસા, અને આપણી જૈન મહાસભાના સમાચારો ખાસ આવશે.

૪ જૂદા જૂદા લેખકો પોતાના લેખો પોતાના નામ સહિત આપ્યે જશે, અને તે દરેકની જવાબદારી તેના તે લેખકની રહેશે. તંત્રીની જવાબદારીનું કાર્ય 'કૉન્ફરન્સ ઓફીસ' તરફથી તેના ઍસિસ્ટંટ સેક્રેટરીને શિરે છે. આ પત્રમાં લખી મોકલનાર સર્વે ભાઈ બહેનને વિનંતિ છે કે જરાપણ ગંભીરતા છોડયા વગર, આક્ષેપ અસત્ય અપમાન કે અવહેલના સૂચક શબ્દોનો આશ્રય લીધા વગર ગંભીર સાદી સરલ અને ભાવવાહી ભાષામાં પોતાના વિચારો જણાવવા અર્થે પોતાની કલમનો સદુપયોગ કરશે. કલમનો દુરૂપયોગ જે કેટલાક કરતા જોવામાં આવે છે તે પોતાની સરસ્વતીને લજાવે છે–વગોવે છે. તેમના લખાણોનો અસ્પર્શ કરવો–તેમના પ્રત્યે નજર સરખી પણ ન કરવી, એજ તેમની સાથે વર્તવાનો યોગ્ય વ્યવહાર છે.

૫ રાજકીય આદિ અનેક જાતની શુભ પ્રવૃતિમાં પ્રયાણ કરવાની પહેલ કરવામાં જુન્નેરની પરિષદે જે બલ, વીર્ય, ચેતનનો સંચાર કર્યો છે તે સદોદિત જાગૃત રાખી જૈન જનતાને ઐક્ય શાંતિ અને દેશભક્તિના માર્ગે લઇ જવાના આ પત્રના પ્રયાસને વિજય મળો.

—શ્રી પરિષદ્ કાર્યાલય.

## અહિંસા અને કવિવર ટેગોર.

"મ્હને મગરૂરી એ થાય છે કે મ્હારા દેશ બંધુઓએ આજે તેમના મહાન્ નેતા મહાત્મા ગાંધીની સરદારી હેઠલ અર્વાચિન લડાયક પ્રજાઓની મારફાડની નીતિ ગ્રહણ કરવાને બદલે છુટાપણાની લડત નૈતિક ધોરણપર અહિંસાના આત્મ બલિદાનના માર્ગપર રચી છે. અને પોતાના હથીઆર તરીકે ધાર્મિક બળનો આશ્રય લઇ આજે જગત્‌ના ઘણા ખરા દેશોમાં શરમ વગરની લુંટ અને માનવ સંહારની જગલી ભાવના પ્રવર્તે છે તે કરતાં પોતાને શ્રેષ્ઠ સાબીત કર્યા છે. અને મને તો વિશ્વાસ છે કે ગમે તેવી મારફાડ ભરી યુક્તિઓથી તેમને ઉશ્કેરવામાં આવે તો પણ તેઓ જો અહિંસાને જાળવી રાખશે તો જરૂર તેમને છૂટાપણું મળશે."

ડૉ. રવીન્દ્રનાથ ટાગોર.

# ખરા ધર્મોપદેશકોની જરૂર.

સમાજને સદ્ધર્મને પંથે વાળવા માટે સાધુની સંસ્થા તીર્થંકર ભગવાને નિર્માણ કરી છે. સત્પુરૂષના પરિચય વગર કોઈ માણસ પ્રાયઃ ચડી શકતું નથી-પ્રગતિ કે મોક્ષ પામી શકતું નથી. તે સત્પુરૂષમાં સદ્‌ગુરૂત્વ સત્સંગ અને સત્કથા રહ્યાં છે. તે મળ્યા નથી, નહીં તો નિશ્ચય છે કે મોક્ષ હથેળીમાં છે. તેનાથી શાસ્ત્ર સમજાય છે, તેનાથી સિદ્ધિ છે. આવા વિરલ સત્પુરૂષો સમાજને પૂરા પડી શકે માટેજ મુનિ સંસ્થાનું નિર્માણ થયું છે, તેઓ આપણા તારણહાર છે, તેમનાથી વીતરાગ-ધર્મમાં સંમુખ થવાય છે અને એ ધર્મપ્રાપ્તિ આપણા તરણનો ઉપાય છે.

શ્રીમદ્ યશોવિજયજી મહાવિદ્વાન્ પ્રબલ વાદી થઇ ગયા. તેઓ આત્મસ્વરૂપ પામેલા હતા, તેમના સમયમાં વીતરાગધર્મથી વિમુખતા ઘણી વ્યાપ્ત થઇ ગઇ હતી અને તેના કારણમાં, જેવા ગુરૂઓ સમાજને જોઇએ તેવા સર્વત્ર વ્યાપ્ત નહતા. તેઓ પ્રાયઃ મુળમાર્ગથી વિરોધી પ્રવૃતિમાં પડવાથી ભવમાં બુડેલા હતા, તેથી તેઓ બીજાને કેમ તારશે એમ ભારે પોકાર યશોવિજયજીએ પોતાના હૃદયના ઉદ્‌ગારો રૂપી સ્તવનો દ્વારા કર્યો છે; તેમાંના એક સ્તવન નામે સવાસો ગાથાના સીમંધરસ્વામીને વિનતિરૂપના સ્તવનમાં પ્રારંભની ઢાલમાં મૂકેલી નીચેની ચાર કડીઓ તેમનાં વિવેચન સહિત જોઈશું:-

કામકુંભાદિક અધિકનું, ધર્મનું કો નવિ મૂલ રે<br>
દોકડે કુગુરૂ તે દાખવે, શું થયું એહ જગ શૂલ રે<br>
સ્વામિ સીમંધર! વીનતી

—કામકુંભ એટલે કામકલશ આદિ શબ્દથી ચિંતામણિ રત્ન, કલ્પવૃક્ષ વગેરે લેવા. એ કામકલશ આદિથી પણ અધિકો ધર્મ છે; કે જે ધર્મનું કોઇ મૂલ નથી-તે અમૂલ્ય છે, તેનું મૂલ થઇ શકે તેમ નથી. આવા અમૂલ્ય ધર્મને કુગુરૂ દોકડે દેખાડે છે-વેચે છે (એવી રીતે કે આટલું દ્રવ્ય આમાં ભરવામાં આવે તો પામ જાય, ધર્મી કહેવાય.) આ સર્વ જગને જૈન જગતને-સમાજને શું શૂલ થયેલ છે કે જે સર્વ આંધળે આંધળા ચાલે છે?

અર્થની દેશના જે દીએ, ઓળવે ધર્મના ગ્રંથ રે,<br>
પરમપદનો પ્રગટ ચોરથી, તેહથી કેમ વહે પંથ રે?<br>
સ્વામિ સીમંધર! વીનતી.

—જે કુગુરૂ અર્થની એટલે દ્રવ્યોત્પત્તિની-ધનનીજ દેશના કલ્પિત કથાદિકદ્વારા આપે છે તે ધર્મના ગ્રંથો—શ્રી દશવૈકાલિક આદિ પવિત્ર ધર્મગ્રંથોને ઓળવે છે, શુદ્ધ રીતે પ્રરૂપતા નથી. આવા પ્રગટ ચોરથી પરમપદનો માર્ગ વહે-ચાલે? એટલે નજ ચાલે. આનો અર્થ એ છે કે જે મોટે બેસણે-પાટ ઉપર બેસીને શુદ્ધ પ્રરૂપણા કરે નહિ તે રખવાલ નામ ધરાવી ચોર થાય છે.

વિષયરસમાં ગૃહી માચિયા, નાચિયા કુગુરૂ મદપૂર રે,<br>
ધૂમધામે ધમાધમ ચલી, જ્ઞાનમારગ રહ્યો દૂર રે:<br>
સ્વામિ સીમંધર વિનતી.

—ગૃહી એટલે ગૃહસ્થો વિષયરસમાં રાચ્યા પડયાં છે, કારણ કે તેમને અનાદિનો અભ્યાસ છે અને તેમને સુગુરૂઓનો બોધ શ્રવણે પડયો નથી. બીજી બાજુ કુગુરૂ શું કરે છે? કુગુરૂ મદના પૂરથી માચેલા રહ્યા છે, કારણકે ગૃહસ્થીઓ અન્ન-પાનના દાતાર છે, અને તેમને માન આદર આપ્યે જાય છે, એટલે એ પ્રકારે કુગુરૂઓને પોતાનો ઉત્કર્ષ દેખાતાં તેઓ હરખાતા હરખાતા રહ્યા કરે છે. આમ બન્ને એટલે ગૃહસ્થીઓ તેમજ કુગુરૂને ધર્મની ખટપટ ટળી. તેથી ધામધૂમ એટલે ધકાધકી તેણે કરી, ધમાધમ એટલે ધીંગામસ્તી ચાલી. શુદ્ધ ક્રિયા વેગળી રહી અને અશુદ્ધ ક્રિયાની ઘણી ડાકડમાલા માંડે, મોટાઇમાં માચી આઘા પડે તેથી કેવળ ધીંગાણું પ્રવર્ત્યું. વળી તે કુગુરૂઓ પોતે ગૃહસ્થને પ્રેરણા કરે કે, ગામમાં આવતાં વિશેષે સાહ્યા આવવું, વિશેષે સામૈયું કરવું, વિશેષ પ્રભાવના કરવી, કે જેથી કરી જિનશાસનની ઉન્નતિ દેખાય. આ બધું ધૂમ છે-ધુમાડો છે કેમકે કુમાર્ગનું વચન છે, જે કારણે પોતે જ યશના અર્થી થયા તેમાંજ ધર્મ ગયો, કેમકે સાધુનો માર્ગ એવો છે જે કાંઇપણ ઉન્નતિ વાંછે નહિ, સહેજ ભાવે થાય તો ભલે થાઓ. તે માટે અહીં ધૂમ તે ઉન્માર્ગી પાસત્થાદિકનું પરાક્રમ, અને ધામ તે એના રાગી ભોળા ગૃહસ્થલોકનું પરાકમ, તથા ધમાધમ, એ એ બન્નેની કરણી જાણવી.

યશોવિજય મહારાજશ્રી વિશેષમાં આની વ્યાખ્યા કરતાં કહે છે કે:-વળી આ કુગુરૂઓ શરીરની શુશ્રૂષા રાખે, શરીરનો મેલ દૂર કરે, શરીર લુંછે, સરસ આહાર કરે, નવકલ્પિ વિહાર ન કરે, શ્રાવક શ્રાવિકાનો ઘણો પરિચય કરે, શ્રાવકને ઘેર ભણાવવા જાય, શ્રાવક સાથે ઘણી મીઠાશ કરે-રાખે, રેશમી વસ્ત્રો પહેરે, (કે જે હાલમાં દેખાતું નથી.) સાબુએ ધોએલાં વસ્ત્રો (મલમલીનાં) પહેરે, રૂષ્ટ પુષ્ટ શરીર રાખે, વસ્ત્ર-પાત્રનાં દૂષણ ધરે, ગીતાર્થની આજ્ઞા ન માને, અણજાણ્યો માર્ગ ચલાવે, અણજાણ્યો કહે, માર્ગે હિંડતાં વાત કરે, ગૃહસ્થ સાથે ઘણા આલાપ સંલાપ કરે, (ખાનગીમાં વિશેષે કરીને) ઇત્યાદિક એવી કરણીએ પોતે સાધુપણું પોતામાંહે સદ્દહે, અને ગૃહસ્થને પણ સાધુપણુ સદ્દહરાવે, દર્શનની નિંદા કરે, પોતાપણું વખાણે, (પોતે કહે તેજ સાચું, બીજા બધા ધર્મદ્રોહી-શાસનદ્રોહી-નિંદકો-અધર્મિઓ વગેરે વગેરે) એમ પોતાનો આડંબર ચલાવવો અને ગૃહસ્થ પાસે પણ પોતાની ભક્તિ-પ્રમુખનો આડંબર ચલાવરાવવો, ઈત્યાદિક સર્વ ઠામે ૧ ધુમ, ૨ ધામ અને ૩ ધમાધમ એ ત્રણ બોલ જાણવામાં આવે છે. જ્યારે જ્ઞાનાદિક માર્ગ પુસ્તકાદિ હતો તે કરવા-જાણવા માટે વેગળો રહ્યો છે, જૂઠાબોલાજ ઘણા છે. (જૂઠાણાંનો પાર નથી)

કલહકારી કદાગ્રહભર્યા થાપતા આપણા બોલ રે,<br>
જિનવચન અન્યથા દાખવે આજ તો વાજતે ઢોલ રે.<br>
સ્વામિ સીમંધર! વીનતી.

—કલહ એટલે કલેશના કરનારા કદાગ્રહથી ભરેલા છે, માંહોમાંહે એકેકનો અવર્ણવાદ બોલે છે-એકેકની નિંદા કરે છે.

# — સુયોગ. —

સમાજ સુધારણાનો સુયોગ હવે કંઇક નજીક આવતો જણાય છે. સુયોગના પ્રથમ ચિન્હ તરીકે. લાંબા વખત પછી પણ, આજે કોન્ફરન્સના મુખપત્રે પોતાનું બંધબેસતું રૂપ ધારણ કર્યું છે, એ જોતાં આનદ થાય છે. પળે પળે પગભર થતી અને પ્રતિષ્ઠામાં આગળ ધપતી આ મહાસંસ્થાની જયવંતી જુન્નેર બેઠક પછી જૈન સમાજમાં કંઇ અનેરૂં નવચેતન જાગ્યું છે. નવું લોહી ઉછળી રહ્યું છે અને સમાજ સેવા સાથે દેશ સેવા કરી રહ્યું છે. વીરક્ષેત્ર જુન્નેરમાં બંધારણની પ્રગતિરોધક કલમ ફેરવવાની જરૂર પડી, એ બનાવેજ સાક્ષી આપી હતી કે નવચેતન હવે વધુ વખત જકડાયેલું-દબાએલું કે ઢંકાએલું નહીં રહે. જુની કલમના આશ્રય તળે અનેક સુધારાઓને લગતી અગત્યની દરખાસ્તો તે વખતે પડતી મુકાઇ, ઉભરાતા નવચેતનને દૃશ્ય ત્રાસદાયક લાગ્યું, તેને સખ્ત આઘાત થયો. પરંતુ સારા નસીબે તે પ્રગતિરોધક કારણ દૂર કરવા સમાજ તરતજ પ્રેરાયો, અને છેવટે તે નીડર યુવક નેતા ભાઇ પરમાણંદની ફત્તેહમંદ લડતથી તે બાધક કલમ ફેરવાઇ. પુત્રના લક્ષણ પારણામાંથી જણાય તેમ, તે વખતે સ્ફુરેલું નવચેતન પોતાના સુંદર ભવિષ્યની આગાહી આપતું હતું અને બન્યું પણ તેમજ. તે ઝળકતી બેઠક પછી તરતજ આઝાદીની લડત શરૂ થઇ અને તેમાં જૈન સમાજે અને ખાસ કરીને આ નવચેતન વર્ગે પોતાનો યોગ્ય ફાળો આપ્યો. શ્રી. મણીલાલ કોઠારી, શ્રી. વીરચંદ પાનાચંદ, શ્રી. પરમાણંદ, શ્રીમતી સરલાદેવી આદિ અનેક સમાજ રત્નોએ દેશ કાજે અપૂર્વ ભોગો આપ્યા અને હજી પણ તે અપાતા જાય છે. અને એ શુભ દિવસ નજદિકનાજ ભવિષ્યમાં છે કે જ્યારે આ લડતનો વિજયી છેડો આવશે કે, તરતજ આ નવચેતન વર્ગ જૈન સમાજમા કંઈ ઓર જાગૃતિ પુરજોશથી લાવવા મથશે. તે સુયોગના સમયમાં સુધારાની સિંહ ગર્જના સાથે સમાજ કુદકે અને ભુસ્કે ઉન્નતિના શિખરે પહોંચશે જૈનોની આ મહાસંસ્થારૂપી સૂર્ય સામે ધૂળ ફેંકવાની ચેષ્ટાઓ નિરર્થક નિવડશે, અને સત્ય તેજ સ્વતઃ પ્રકાશ્યા કરશે.

યુ. ડી. બી.

( અનુસંધાન પૃષ્ઠ ૩ જાનું. )

જેમ પોતે બોલ્યા તેમ પોતાના બોલનેજ થાપતા થકા શ્રી જિનવચન કહેતાં શ્રી વીતરાગદેવનાં વચન આજ તો વાજતે ઢોલે અન્યથા એટલે વિપરીત દેખાડે છે.

શ્રી યશોવિજયજીના સમય કરતાં આજના સમયમાં વીતરાગધર્મથી વિમુખતા ઘણી વધુ છે, કાળ ઉગ્ર સ્વરૂપ લેતો જાય છે, અજ્ઞાન અને જડ લોકોનો અંધપ્રવાહ ચાલ્યો જાય છે, એક ગાડર ખાડમાં પડે એટલે તેની પાછળનું બીજું ગાડર તેમાં પડે, એમ ઉત્તરોત્તર ટપોટપ એક પછી એક ગાડર ખાડમાં પડે તેમ લોકોમાં ગાડરીયો પ્રવાહ વિશેષ જેવામાં આવે છે. આવા સમયમાં ખરા ધર્મોપદેશકોની ખાસ જરૂર છે એમ તીવ્રપણે અમને લાગે છે.

ખરા એટલે ટુંકમાં ઉપરના વકતવ્ય ઉપરથી જણાવી શકાય એવા ગુણવાળા ઉપદેશકો જોઇએ, એટલે તેઓ ધનનો સંગ્રહ કરવા કરાવવામાં જરા પણ પ્રયત્ન મન વચન કાયાથી ન કરતાં સામાજિક હિતમાં તેનો વ્યય ગૃહસ્થોએ કરવો યોગ્ય છે એવો સચોટ બોધ આપે, દશવૈકાલિક સૂત્રાદિમાં ઉપદેશેલા ખરા ધર્મની શુદ્ધ પ્રરૂપણા કરે, શ્રાવક શ્રાવિકાના માન પાન કે રસવાળા અન્ન પાનાદિથી અલિપ્ત રહે-તેને હૃદયથી વાંછે નહિ, ધૂમધામ અને ધમાધમથી વેગળા રહે, જ્ઞાનમાર્ગને જાણે આદરે અને તેનો બોધ કરી તેને આદરાવે, કલહ-કલેશ ઉત્પન્ન ન કરે, થયો હોય તો ટાળે, અને પ્રયત્ન કરતાં છતાં ટાળી ન શકાય તો તે જે સ્થાને હોય તે સ્થાનનો ત્યાગ કરી ચાલ્યા જાય, કદાગ્રહને છોડી આત્મકલ્યાણ જેથી થાય તેને ગ્રહણ કરે, જૂઠાણાંનો ત્યાગ કરે, જૂઠનો પ્રચાર ન કરે, અને જે હકીકત વસ્તુસ્થિત્યા હોય તે બોલવા-કહેવા જેવી હોય તે કહી કલ્યાણના પંથે રહે અને બીજાને દોરે. આવા ધર્મોપદેશકો સ્થળે સ્થળે નિહાળીશું ત્યારેજ સમાજ ઉચી સ્થિતિએ આવશે-પ્રગતિ સાધી શકશે. સત્ય એજ સનાતન છે, ધર્મ એજ અચળ છે. તે સત્ય અને ધર્મને આવરવા માટે ગમે તેટલા પ્રમાણમાં અસત્ય અને અધમનો પ્રચાર કરવામાં આવે, છતાં સૂર્યપ્રકાશ પાસે જેમ અંધારાનું કંઇપણ ચાલતું નથી તેમ તેવા જૂઠાણાના પ્રચારથી કંઇ સરવાનું નથી-તે જૂઠાણાનો પ્રલયજ થશે.

—મોહનલાલ દેશાઇ.

# 'જૈન યુગ'નું સ્વાગત.

( કવિ—મહારાષ્ટ્રીય જૈન. )

— હરિગીત —

આવ્યો યુગાંતર સમય આજે હિંદ ભારત ભૂતણો
તે પૂર્વ દિશિ અરૂણ પ્રભાનો ભાસ થાય પ્રકાશનો. ૧
જાગ્યા બધા વિદ્વાન ને અજ્ઞાન માનવ હિંદના
મોટા અને નાના સહુ લેઇ યુગાંતર ભાવના. ૨
છે ધર્મ ભારત દેશના બહુ વિધ અનેક સ્વભાવના
પણ એકતાની સ્વર્ણદોરી જોડતી શુભ-ભાવના. ૩
પુરૂષાર્થનો આ કાળને શ્રી વીરતત્વ પ્રકાશનો
જે સત્ય ને શાંતિ અહિંસા જૈન તત્વ પ્રચારનો. ૪
હિંસા તણું યુગ અસ્ત પામ્યું 'જૈન યુગ' આવ્યું હવે
સ્વાગત કરે સહુ પ્રેમથી આનંદને શુભ અનુભવે. ૫
જડવાદીઓ પણ સત્ય પામી શાંતિને સહુ આદરે
આ વિજય મોટો 'જૈન યુગ'નો ધારજો નિજ અંતરે. ૬
શુભ સત્યનો આગ્રહ ધરી છોડયો દુરાગ્રહ લોકમાં
આ જય અહિંસા-ધર્મનો વાગ્યો 'સુઘોત્રા' લોકમાં. ૭
નવયુગ પ્રવર્તક 'જૈન યુગ' તૂં આવ સ્વાગત તાહરૂં
સ્વાગત કરૂં પ્રતિ 'પક્ષ' માંહે હૃદય અર્પૂં માહરૂં. ૮
તૂં જૈન વાર્તા ઉન્નતીની શુભ ભલી સંભળાવજે
ચર્ચા સુધારાની કરી તૂં કલહ બીજો ટાળજે. ૯
ત્હારા ભલા સહુ પોષકો સદ્‌બુદ્ધિ ઉન્નતિ પામજો
શાંતી અને શુભ ભાવના સહુ જૈનમાં બહુ જામજો. ૧૦
દીર્ઘાયુ થાજો 'જૈન યુગ' આ સ્નેહ સહુનો મેળવી
સહુ માર્ગ નિષ્કંટક થજો અરિની કૃપા પણ મેળવી. ૧૧

# વિ...વિ...ધ...નોં...ધ.

( પરિષદ્ કાર્યાલય-કૉન્ફરન્સ ઑફીસ તરફથી. )

## કાર્યવાહી સમિતિની બેઠક.

આ કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિની એક બેઠક શેઠ રવજી સોજપાલનાં પ્રમુખસ્થાન નીચે તા. ૧૯-૧૨-૩૦ શુક્રવારે રાતના મલી હતી, જે વખતે શોલાપુર કેસમાં ફાંસીની સજા પામેલા ચાર શખ્સો પ્રત્યે દયા દેખાડવા બાબત નીચેનો તાર ના. વાઇસરૉય પર મોકલવા ઠરાવવામાં આવ્યું હતું.

" Working Committee All India Jain Swetamber Conference humbly pray your Excellency to exercise prerogative of mercy in the case of four Sholapur Convicts and commute death sentences in view of strong and wide-spread belief in their innocence, differing judgment of one of the High court Judges and their social status. this prerogative if exercised will be an act of humanity and will greatly allay public feeling."

શોલાપુર કેસમાં ફાંસીની સજા પામેલા ચાર શખ્સો પ્રત્યે તેમનું સામાજીક સ્થાન, હાઇકોર્ટના ન્યાયાધીશો પૈકી એકનો જૂદો અભિપ્રાય પડવાના કારણે તેમજ ચોતરફ આ ગુન્હેગારો નિરપરાધી હોવાનું મજબુત રીતે મનાતું હોવાથી તેમની મોતની સજા રદ કરી કમી કરવાનાં કાર્ય પરત્વે દયા દેખાડવાનો આપ નામદારનો હક્ક અજમાવવા શ્રી જૈન શ્વે. કૉ. ની કાર્યવાહી સમિતિ આપ નામદારને નમ્રતાપૂર્વક પ્રાર્થે છે. આ હક્કનો ઉપયોગ કરવાથી આપ દયાશીલતાનું એક કૃત્ય કરી શકશો, અને જાહેર લાગણીને ઘણું સાન્ત્વન મળશે.

૨ પંડિત મોતીલાલ નેહરૂની તંદુરસ્તી ઇચ્છતાં નીચેનો ઠરાવ કરવામાં આવ્યો હતો. કે "શ્રી જૈન શ્વે. કૉ. ની કાર્યવાહી સમિતિની આજે મળેલી સભા પંડિત મોતીલાલ નેહરૂ શીઘ્ર સ્વાસ્થ્ય મેળવે અને દીર્ઘાયુષ્ ભોગવે એવી શુભેચ્છાઓ જાહેર કરે છે."

૩ શેઠ મણીલાલ ગોકલભાઇ જે. પી. ના ખેદજનક અવસાન બદલ દિલગીરી પ્રદર્શિત કરનારો ઠરાવ કરવામાં આવ્યો હતો.

૪ જૈન-યુગનાં સહકારી તંત્રી મંડળને બદલે તેમાં નિમાએલ મંડળના સભ્યોનું 'સલાહકાર મંડળ' યોજવામાં આવ્યું, અને તેમાં શ્રી. પરમાણંદ કું. કાપડીઆની ખાલી પડેલી જગાએ શ્રી. હીરાલાલ હાલચંદ, બાર-એટ-લૉની નિમણુંક કરવામાં આવી.

## અહિંસાનું વ્યવહારૂ સ્વરૂપ.

એક સ્વિટ્ઝરલેંડના સદ્ગૃહસ્થ મી. ઝીમરમેન જેઓ હિંદનું અપૂર્વ યુદ્ધ જોવા બોરસદ તાલુકાના ગામડાંઓની મુલાકાત લીધા બાદ ત્યાંથી વિદાય થતાં પોતાનો અભિપ્રાય જણાવ્યો હતો. અને અહિંસા સંબંધે નીચેના ઉદ્‌ગારો દર્શાવ્યા હતા.

"આ હિલચાલ અદ્‌ભૂત છે. જગત્‌માં એનો જોટો નથી, સત્ય અને અહિંસામાં માનનારા જર્મનીમાં હજારો યુવકો છે. હું પણ અહિંસામાં માનનારો છું, અને આ દેશમાં એને ખરેખર વહેવારમાં ઉતારાતી જોઇ મને બહુ આનંદ થાય છે."

## રાણપુરમાં મળેલાં પ્રતિમાજી.

કાઠીયાવાડ—રાણપુરમાં એક દરજીનાં ઘરનો પાયો ખોદતી વખત જૂના વખતની ચાર પ્રતિમાઓ નિકળતાં અત્રે તેનાં સગા મારફતે શ્રી મોહનલાલ ખોડીદાસ શાહને ખબર આપવામાં આવતાં તેમણે આ સંસ્થાને ખબર આપ્યા બાદ તેને લગતો ખુલાસો મેળવવા તથા ઘટતી તજવીજ કરી કબજે લેવા અને દેરાસરજીમાં પધરાવવા વિગેરે બાબતો માટે રાણપુરમાં સંસ્થાની કમિટીના સભ્ય શેઠ જીવરાજ જગજીવન તથા શેઠ નાગરદાસ પુરૂષોતમદાસને ખબર આપવામાં આવતાં તેઓ તરફથી જણાવવામાં આવે છે કે "દરજી લલુ હરીના મકાન ચણાવવાનો પાયો ખોદાવતાં એક ઠીકરાની કોઠીમાં ચાર પ્રતિમાજી મુકેલાં અને તેના મોઢા ઉપર ઘંટીનું ઉપલું પડ ઉંધું ઢાંકેલું...તેને ઘરે લઇ ગએલ અને ચાર પ્રતિમાજી તેને સમજાવીને દેરાસર ધામધુમથી લઇ આવ્યા છીએ. ફક્ત ચંદ્રપ્રભુજીનું લાંછન બરાબર છે, અને બીજી પ્રતિમાજીનું લાંછન આદિનાથ અથવા અજીતનાથ અથવા શ્રેયાંસનાથને લગતું છે, સાફ સમજી શકાતું નથી. પ્રતિષ્ઠા કરાવનાર આચાર્ય છે, પણ સાફ પૂરૂં નામ વાંચી શકાતું નથી. અને સંવત્ ૧૫૨૭ સાલ છે, બીજાં બે પ્રતિમાજી ઉપર બરાબર લેખ કે લાંછન જણાતાં નથી. ધારીએ છીએ કે કોઈ ખાસ કારણથી કોઇ સારા શ્રાવકે મુશ્કેલીના વખતે ભોંયમાં સંતાડેલાં હશે....આશરે ચાર પાંચ ફુટ પાયો ગાળવા બાદ કોઠી જણાણી હતી. ત્રણ પ્રતિમાજી ધોળા આરસના અને છ-સાત-આઠ આંગળનાં આશરે છે, અને એક કાળા આરસના છ આંગળના આશરે છે. તે શ્યામ પ્રતિમાજી ઘણાં જૂના જણાય છે. ચડાવેલા ચક્ષુ ટીકા વગેરે કાંઇ નથી."

## ઉપદેશકોનો પ્રવાસ.

ઉપદેશક **અમૃતલાલ વાડીલાલ** મુંબઇથી રવાના થઇ સુરત, કઠોર, ભરૂચ, ડભોઇ થઇ ભાવનગર ગયા. કઠોરમાં મુનિશ્રી ન્યાયતીર્થ ન્યાયવિજયજીએ 'આપણો ધર્મ' એ વિષય પર સચોટ વ્યાખ્યાન આપ્યું. ખાદી વાપરવા અને સ્વદેશી વ્રત પાળવા ઉપદેશ કર્યો. તેણે પણ 'આત્મદર્શન' તથા અર્વાચિન્ સ્થીતિનું અવલોકન એ વિષય પર ભાષણો આપ્યાં. સુકૃત ભંડાર ફંડ વસૂલ થયું. ડભોઇમાં પણ ભાષણો આપી પ્રચાર કાર્ય કર્યું. શ્રીસંઘ કૉન્ફરન્સ પ્રત્યે સારો ભાવ ધરાવે છે. ભાવનગરમાં ભાષણો આપ્યાં, પ્રાંતિક સમિતિ સ્થાપી, સુ. ભં. ફંડ ચાલુ કર્યું છે. ઉપદેશક મજકુર હાલ કાઠીયાવાડમાં ફરશે.

( વિશેષ હકીકતો આવતા અંકમાં. )

# અર્થશાસ્ત્રનો અભ્યાસ.

જૈન ધર્મના અનુયાયીઓ મુખ્યત્વે કરીને વ્યાપારમાં જોડાયલા છે, વણિક કોમનો મુખ્ય વ્યવસાય વાણિજ્ય હોઇ વ્યાપાર સાથે જૈનોને સીધો સંબંધ રહે છે. વીસમી સદીના વર્તમાન નવયુગમાં જે મોટા ફેરફાર થવા માંડયા છે તેને અંગે વ્યાપારી કોમે બહુ ચેતવાની જરૂર છે. આપણો વ્યાપાર જે ઘણા વખત સુધી પ્રાંતિક અથવા એક શહેરમાં હતો તે હવે રાષ્ટ્રિય અને આંતરરાષ્ટ્રિય થતો જાય છે, તે વખતમાં આપણે વ્યાપારને અંગે કેવા પ્રકારની સગવડ સમજણ અને દીર્ઘ દૃષ્ટિ વિકસાવવાં જોઇએ એ વાત પર જો આપણે ધ્યાન ન આપીએ તો અત્યારની તીક્ષ્ણ હરીફાઇના સમયમાં આપણે આપણું સ્થાન જરૂર ગુમાવી બેસીએ. તેથી આપણે વ્યાપારની બાબતમાં ઘણા ઉંડા ઉતરવાની જરૂર છે.

અત્યાર સુધી વ્યાપારીને એટલીજ આવડત હોય કે સોંઘુ ખરીદવું અને મોંઘે ભાવે વેચવું તો ચાલે તેમ હતું. અત્યારે વ્યાપાર આંતર રાષ્ટ્રિય થઈ જતાં એટલા જ્ઞાને નભે તેમ નથી. અત્યારે આપણને દેશ પરદેશના અમુક જાતની વ્યાપારની ચીજના આંકડાઓની જરૂર પડે, ઉત્પત્તિ-સ્થળો તપાસવાં પડે, ત્યાંના લોકોની આર્થિક શક્તિનો અભ્યાસ જોઇએ, ખપ અને છતનાં આંકડા મેળવવા પડે, ચલણના પ્રશ્નો બરાબર સમજવા પડે, આયાત નિકાસ પર સોના રૂપાના ચલણની કેવી અસર થાય છે તે જાણવું પડે-વિગેરે વિગેરે અનેક અર્થશાસ્ત્રના પ્રશ્નોનો અભ્યાસ આપણને જરૂરી પડે. એની દરકાર ન કરીએ, તથા વર્તમાન ઇતિહાસથી અનભિજ્ઞ રહીએ તો સીધી રીતે વ્યાપાર કરતાં પણ માર ખાઇ બેસીએ. બહુ વિશાલ અભ્યાસ ગણતરી આવડત કુનેહ અને અવલોકનની જરૂર વ્યાપારના ક્ષેત્રની ખીલવણીમાં જરૂરી છે.

ઉપરાંત વધારે અગત્યની વાત એ છે કે આપણી પાસે મોટે ભાગે વ્યાપારમાં વહેંચણીનો ભાગ આવ્યો છે. એટલે એક સ્થાનનો માલ બીજે મોકલી વચ્ચેના ભાવના ગાળા કે દલાલી અથવા આડત ખાવાનું કાર્ય આપણામાં વિશેષ પ્રચલીત છે. અત્યારનો સામ્યવાદ આ પ્રશ્નો ઉપર બહુ બારીકીથી જુએ છે. તેઓ વચ્ચેના માણસોના નફા દૂર કેમ કરાય તે માટે બહુ સ્પષ્ટ વિચારો ધરાવે છે. આથી આડત દલાલીના કામને બદલે માલની ઉત્પત્તિ તરફ ધ્યાન આપવાની આવશ્યક્તા વધારે છે. હવે એમ લાગે છે કે માલની વહેંચણીને બદલે જો આપણે ઉત્પન્ન તરફ વધારે ધ્યાન આપીએ તો આપણું વ્યાપારનું સ્થાન કાયમ કરી શકીએ. વહેંચણીનું કાર્ય ખસી જતાં વખત લાગતો નથી, નવાં વ્યાપારસ્થાન કે બંદરો ખૂલતાં વહેંચણીનો વ્યાપાર તણાઇ જાય છે, પણ ઉત્પન્ન કરવાની શક્તિવાલો વ્યાપાર એકદમ ફરી જઇ શકતો નથી. તેમાં પણ વર્તમાન સમયમાં કઇ ચીજો ખાસ ઉપયોગી છે, જરૂરી છે, અનિવાર્ય છે, તેનો બરાબર અભ્યાસ કરી શોધખોળની શકિતનો ઉપયોગ, કરવામાં આવે તો વ્યાપાર જડ ઘાલી બેસે છે. અત્યારે દેશમાં 'સ્વદેશી' ની ભાવના ખૂબ જડ ઘાલતી જાય છે. આપણા લોકોની વૃત્તિ હવે દેશમાં બનતી વસ્તુઓ લેવા વધારે વધારે થતી જાય છે. અને તે વૃત્તિને સમજી વ્યાપારમાં સ્થિત થનારને તે વધારે લાભ આપે છે.

આપણા વસ્તુવિજ્ઞાનના અભ્યાસનો ઉપયોગ કરી આપણે દરરોજના ઉપયોગની સેંકડો ચીજોના વ્યાપારો હાથ ધરી શકીએ. નાના પાયા ઉપરથી બાપાર શરૂ કરી આપણે લાખો મેળવી શકીએ. 'ફોર્ડ' જેવાના જીવન ચરિત્રો વાંચી કામ કરનાર-શ્રમ જીવી નોકરોને ઘણો વધારે લાભ આપવા છતાં ઘણો મોટો નફો કરી શકીએ અને છતાં પ્રમાણિકપણામાં અને સત્ય વ્યવહારમાં આપણે કોઇ પણ પ્રજાને ટક્કર મારી શકીએ. અભ્યાસ ચીવટ અને ખંતથી કામ લેતાં આવડે તો આપણું વ્યાપારનું સ્થાન કાયમ રહે એટલુંજ નહિ પણ એમાં ઘણી પ્રગતિ કરી શકાય તેમ છે.

વ્યાપારની પ્રગતિ માટે અભ્યાસ અનિવાર્ય છે. અભ્યાસ વગર હવે વેપાર ટકાવી શકાય તેમ નથી. સખ્ત હરીફાઇમાં ટકવા માટે વિજ્ઞાન અને અર્થશાસ્ત્રના વિગતવાર અભ્યાસ વગર આપણે હવે કોઇ રીતે ટકી શકીએ તેમ નથી. આ વાત ખૂબ વિચારવા જેવી છે.

આપણો રૂનો, શરાફીનો, કાપડનો, દાણાનો, ઝવેરાતનો, અને બીજા અનેક વ્યાપારમાં આપણે ઘણું ખોયું છે. છેલ્લાં દશ વર્ષમાં આપણી અનેક પેઢીઓ નામશેષ થઈ ગઇ છે. વ્યાપાર હાથથી ગયા પછી જાહોજલાલી કાંઇ રહી શકશે નહિ. હજુ આપણે વખતસર ચેતી શકીએ તેટલો સમય છે. અત્યારનો સમય મહા પરિવર્તનનો છે. આખી દુનિયાનાં બળો કામ કરી રહ્યાં છે. આપણું સ્થાન આપણેજ મુકરર કરી-કરાવી શકીએ તેમ છે. ખાલી વાતો કરવામાં કે પંચમાં બેસી ગપાટા મારવામાં આ સમયમાં ટકાય તેમ નથી અને ભૂતકાળની મોટી વાતો કરવામાં જમે ઉધારના પાસા સરખાં થાય તેમ નથી. હજુ હરીફાઇ ઘણી વધશે. આખો શ્રમજીવી વર્ગ આગળ આવે છે. તેના સામે ટકવા માટે આપણે પૂરી તૈયારી કરવીજ જોઇએ. એનો ઉપાય દીર્ઘ દૃષ્ટિ અને અભ્યાસ એ એજ છે. અભ્યાસ વગર આપણે કયાં ઉભા છીએ તે પણ સમજી નજ શકીએ. અર્થશાસ્ત્ર ન સમજનાર ૧૬ પેની અને ૧૮ પેનીના રૂપીઆની વાતો કરે ત્યારે ખરેખર હસવું આવે તે સ્થિતિમાં હજુ આપણે છીએ. બહુ ઉંડા ઉતરવાની જરૂર છે અને નિરર્થક વાતો કે અર્થ વગરના ઝગડા માટે આપણને સમય નથી. આ તીક્ષ્ણ હરિફાઇના જમાનામાં તો આપણે ખૂબ જમાવવાનું છે, જગાડવાનું છે અને જીવવાનું છે. સમષ્ટિ જીવનના નજરે ખૂબ પ્રગતિ કરવાનો સમય છે. જેઓ સમયસર ચેતશે તેઓ લાભ મેળવી શકશે એમાં જરાપણ શક નથી. અર્થશાસ્ત્ર (Economics) ના તત્વો સર્વેએ ખુબ સમજવા પચાવવા અને તેનો વ્યવહારૂ લાભ લેવો તે આપણી પ્રાથમિક ફરજ છે.

મો. ગિ. કા.

# જૈન ધર્મની વિશાળતા.

એક વિદેશીય પંડિત આ સંબંધમાં લખે છે કે 'મેં જૈન ધર્મની વિશાળતા જેટલી તેના શાસ્ત્રોમાં તેમજ દુનિયામાં જોઇ છે, તેવી કોઇ દર્શનમાં જોઇ નથી.' આ સુત્રનો વિસ્તાર કરતાં તે લખે છે કે-જૈન દર્શન-જૈન ધર્મ ચારે ગતિમાં લભ્ય થાય છે. દેવો પણ અસંખ્ય જૈન ધર્મી છે, નારકી જીવો પણ જૈન ધર્મી હોય છે. તિર્યંચો, જળચર, સ્થળચર, ખેચર વિગેરે જૈન ધર્મી હોય છે. જૈન ધર્મ દેવો પણ જાતિ-સ્મરણાદિવડે પામે છે, મનુષ્યોમાં તો જૈન ધર્મની પ્રવૃત્તિ પ્રત્યક્ષ જણાય છે. એ ધર્મમાં પ્રથમ ક્રોડો મનુષ્યો હતા. અત્યારે પણ લાખોની સંખ્યામાં છે, આ તો ચારે ગતિના અંગે જૈન ધર્મની વિશાળતા બતાવી.

હવે ક્ષેત્ર પરત્વે જૈનોએ માનેલાં અઢી દ્વીપમાં રહેલી પંદરે કર્મભૂમિમાં જૈન ધર્મ પ્રસરેલો છે. મહાવિદેહ ક્ષેત્ર માટે તો નિરંતર એ ધર્મની પ્રવૃત્તિ હોય છે અને તેમના તિર્થંકરો, કેવલીઓ અને મુનિમહારાજો વિચરતા હોય છે. ભરતને ઐર-વતને આશ્રયીને તેમણે માનેલા અવસર્પિણિ કાળમાં ત્રીજા આરાના પ્રાંત ભાગથી આખા ચોથા આરામાં ને પાંચમાં આરાના પ્રાંત સુધી હોય છે. આ તો શાસ્ત્રોક્ત ક્ષેત્ર આશ્રી વિશાળતા જણાવી.

વર્તમાન પરિસ્થિતિમાં જૈન ધર્મ સર્વ દેશોમાં પાળી શકાય છે, પાળનારા વસે છે. મોટો ભાગ તો હિંદુસ્થાનમાં છે, પણ થોડો ભાગ અન્ય યુરોપ, અમેરિકા વિગેરેમાં અહીંથી ગયેલ અને ત્યાં જન્મેલ પણ જૈન ધર્મી લભ્ય થઇ શકે છે. એટલે ક્ષેત્ર કે દેશ આશ્રી તે ધર્મમાં કોઇ પ્રકારનો પ્રતિબંધ નથી.

હવે જાતિ આશ્રી કરતાં હાલમાં મુખ્યપણે તો વણિક જ્ઞાતિમાં વિશેષ જૈન ધર્મ પ્રવર્તેલો છે. પરંતુ થોડા વખત અગાઉની સ્થિતિ વિચારતાં ક્ષત્રીયો સારી સંખ્યામાં જૈન ધર્મી હતા. હાલમાં વણિક ને ક્ષત્રી ઉપરાંત બ્રાહ્મણો પણ જૈન ધર્મી હોય છે. તેમજ શુદ્ર ગણાતા વર્ગમાં કણબી, પાટીદાર, ભાવસાર, દરજી, સુતાર, ઘાંચા, વણકર, છીપા અને એવી અનેક જ્ઞાતિવાળા ઓછી વધતી સંખ્યામાં જૈન ધર્મીઓ છે. એટલે કે જ્ઞાતિ-પરત્વે જૈન ધર્મમાં કોઇને પાટે પ્રતિબંધ નથી.

મુસલમાન, પારસી, ને યુરોપીયન પણ કવચિત જૈન ધર્મી થયેલો હોય છે-થઇ શકે છે. તેમાં વિરોધવાળી વાત નથી.

બેટી વ્યવહાર અર્થાત્ કન્યા લેવા દેવાના વ્યવહાર સંબંધી વિચાર કરતાં મહાવીર પ્રભુના વખતમાં તો ક્ષત્રીય, વૈશ્ય અને બ્રાહ્મણ પરસ્પર દીકરીઓ દેતા હતા અને લેતા હતા. કવચિત્ શુદ્ર સાથે પણ તેવા વ્યવહાર થતો હતો. એમ તે વખતના જુદા જુદા કથા વિભાગ ઉપરથી નીકળી શકે છે.

ખાનપાનના વ્યવહાર માટે તો અભક્ષ્ય વસ્તુના ત્યાગ-વાળા સર્વ જૈનો સાથે ખાઇ પી શકે છે. એમાં શાસ્ત્રનો પ્રતિબંધ બીલકુલ નથી. બાકી જ્ઞાતિ વ્યવહાર વિગેરેનાં સંકુ-ચિતપણાથી સંકુચિત વિચારવાળા થયેલા જૈનો એવો બાધ ધરાવે કે તે પ્રમાણે વર્તે તો તેના માટે તેઓ જવાબદાર છે.

વ્યાપાર સંબંધી દ્રષ્ટિ કરતાં જૈનો બહોળે ભાગે વ્યા-પારી હતા અને તેઓ પરદેશ સાથે જળ, સ્થળ, બન્ને માર્ગે વ્યાપાર કરતા. અને મોટો કાફલો લઇને વ્યાપાર નિમિત્તે જુદા જુદા દેશમાં ને જુદા જુદા જુદા દ્વીપો ( બેટ ) માં જતા હતા. મોટો વ્યાપારી બીજા અનેક નાના વ્યાપારીઓને આધારભૂત થઇ સહાય આપતો હતો, અને સાથે લઇ જઇ વ્યાપાર કરાવતો હતો, આર્થિક મદદ પણ આપતો હતો.

જૈન ધર્મની દૃષ્ટિએ રાજા, મંત્રી, સેનાપતિ વિગેરે થવાના પણ બાધ આવતો નથી. તીર્થંકરો, ચક્રવર્તીઓ અને વાસુદેવો ક્ષત્રિયજ થતા હતા, કે જેઓ ખાસ કરીને જૈન ધર્મીજ હતા તેઓ રાજ્ય કરતા હતા, ચક્રવર્તિ કે વાસુદેવમાં કવચિ-તજ અન્યધર્મીપણું જણાતું હતુ.

આ પાંચમાં આરા તરીકે ઓળખાતા વર્તમાન કાળમાં પણ જૈનો રાજા, મંત્રી, સેનાપતિ થઇ શકે છે, થએલા છે. પોતાની ફરજો બજાવી છે ને જૈન ધર્મ જાળવ્યો છે એમાં બાધ આવવા દીધો નથી.

આમ અનેક પ્રકારે વિચારતાં જૈન ધર્મની વિશાળતા એટલી બધી દેખાય છે કે જેટલી અન્ય ધર્મમાં બીલકુલ

( અનુસંધાન પૃષ્ઠ ૮ થી )

९ इस प्रांतमे विद्या प्रचार के साधनोंको प्रत्येक गांवमें नियमानुसार स्थापित करने के लिए एज्युकेशन बोर्ड का यह सभा लक्ष खेंचती है।

१० इस भूमि में ज्ञान बीजारोपण करनेवाले पूज्य पाद आचार्य श्री विजयवल्लभसूरिजी और पन्यासजी श्री ललितविजयजी महाराज के कार्यों की यह सभा अत्यन्त प्रशंसा करती है, और श्री पार्श्वनाथ जैन विद्यालय प्रत्ये विशेष सहानुभूति रहे ऐसी प्रार्थना करती है।

११ पन्यासजी महाराज श्री ललितविजयजी के उपदेशानुसार उम्मेदपुर श्री पार्श्वनाथ उम्मेद जैन बालाश्रमका स्थापित होना एक महान काय समझती है और इसी प्रकार विद्या प्रचार्थ प्रयत्न करने को यह सभा प्रार्थना करती है।

१२ आज कालकी अयोग्य दिक्षा प्रवृत्तिने समाज में क्लेश फैला रखा है इस लिए ऐसी अयोग्य दिक्षा को यह सभा निषेध करती है और प्रत्येक गांव के नेताओं को ऐसे कार्यों को रोकनेका अनुरोध करती हैं।

१३ श्री पार्श्वनाथ जैन विद्यालयने आज तक जो सफलता प्राप्त की है। उसके लिए यह सभा कार्यवाहकों को धन्यवाद देती है। और इसी प्रकार इस संस्था को आदर्शित बनाने के वास्ते कार्य वाहको को भलामण करती हैं।

१४ सुकृत भंडार फन्ड समाजकी हरतरहकी शिक्षा और अन्य खातो का आधार है इसलिए प्रत्येक जैन बन्धु और बहिनोसे आग्रह पूर्वक प्रार्थना करती हैं कि वार्षिक चार आना प्रति मनुष्य संस्थाके ऑफीसमें भेजनेकी कृपा करें।

१५ गत प्रान्तिक समीति में जो जो समाज सुधारके प्रस्ताव पास किये गये थे उनको कार्य रूपमें लानेके लिए यह सभा सर्व आगेवानोंसे भलामण करती हैं।

**Kesrichand J. Lalwani.**

---

દેખાતી નથી. બીજા બધા ધર્મમાં સંકુચિત ભાવ બહુ રહેલો જણાય છે.

ઉપર પ્રમાણેનો એક વિદેશીય વિદ્વાને કરેલો ઉલ્લેખ કાંઇક ભાષા અને ક્રમ વિગેરે ફેરવીને આપવામાં આવ્યો છે. તે ઉપર અધુનિક સમયના અમારા પૂજ્યવર્ગનું અને જૈન બંધુ-ઓનું ધ્યાન ખેંચવામાં આવે છે. આ સંબંધમાં પ્રસંગોપાત વધારે લખવાની ઇચ્છા વર્તે છે. કુંવરજી આણંદજી.

# जैन युग.

वीर संवत् २४५७. हिन्दी विभाग. ता. १-१-३१.


## श्री जैन श्वेताम्बर कॉन्फरन्स मारवाड प्रान्तिक समितिका अधिवेशन.

आज मिती पोष वदी १० ता. १५-१२-३० सोमवार के दिन दुपहार को एक वजे श्री जैन श्वेताम्बर कोन्फरन्स मारवाड प्रान्तिक समीति की जनरल मीटिंग श्री वरकाणा तीर्थ में की गई।

प्रथम मंगलाचरण के बाद प्रान्तिक सेक्रेटरी ने मीटिंग के कार्य को शुरु करने के लिए प्रेसीडेन्ट चुनने की दरखास्त रखी।

श्रीमान् चुन्नीलाल गोमाजीने प्रेसीडेन्ट के लिए श्रीमान् समरथमलजी वकील चुनने के लिए दरखास्त रखी। बाद अनुमोदन के सर्वानुमतसे पास होने बाद आपको उक्त पद स्वीकार करने के लिए कहा गया। तत्पश्चात् आपने उस पदको स्वीकार किया और मीटिंग का काम शुरु किया गया।

### प्रस्ताव.

१ आज जैन श्वेताम्बर प्रांतिक कोन्फरन्स मु. वरकाणे में एकत्रित हो सर्वानुमतसे प्रस्ताव करती है कि आबू देलवाडा तीर्थ पर मुण्डका सम्बन्धी साप्ताहिक अनुचितकर बिठाने के समाचार वर्तमानपत्रों द्वारा मालूम होनेसे यह सभा अत्यन्त खेद पूर्वक विरोध प्रकट करती है। और श्रीमान् सिरोही महाराजा साहिब को नम्रता पूर्वक यह कोन्फरन्स प्रार्थना करती है कि ऐसे अनुचित यात्री टेक्स जैन समाज पर न लगाया जाय। इस विषय में सिरोही की तरफसे यदि जल्दीही सन्तोष पूर्वक समाधानी न की जायगी तो जैन समाज को अन्य उपायों का शरण स्वीकारना पडेगा।

२ इस प्रांतमें जैन श्वेताम्बर तीर्थों और मंदिरों की अवस्था बहुत शोचनीय होती जाती है इसलिए उनके नाश होते हुए की रक्षा करने को एक प्रांतिक तीर्थ कमीटि नियुक्त करना चाहिये।

३ इस प्रांतकी उपयोगी संस्थाओ के निभाव के वास्ते स्थायी फंड नहीं होनेसे संस्थाओ के उद्देश पूरे नहीं होते हैं इसलिए लग्न प्रसंग पर दोनो पक्ष वाले (वर और वधू पक्ष) पांच पांच रुपये इस संस्थाओ में देवें ऐसे प्रत्येक गांव के संघ को यह सभा भलामण करती है।

४ इस प्रांतमें लग्न प्रसंग पर प्रत्येक गांव में खर्च अधिक बढ गये हैं जिसका अब चलना कठिन है, इसलिए रेशमी वस्त्र बनवाकर उस पर धोरे आदि लगाने के रिवाज सर्वथा उठाने को यह सभा भलामण करती है।

५ इस प्रांत में टाणा मोसर करने का बहुत रिवाज है और जिसमें हजारो रुपये प्रति वर्ष प्रत्येक गांव को खर्च होते हैं। जिसका लाभ समाज को कुछ नही होता है। इसलिए प्रत्येक गांव के नेताओ को निवेदन है कि वे इस प्रथा को सर्वथा बन्द करें. और अमानुषिक खानपानको लोलुपतामें पडकर समाज का द्रव्य नाश न करें। इस प्रस्ताव की एक एक कोपी मारवाड के हरएक गांव में भेजी जावे।

६ इस प्रांतमें कन्या विक्रय की प्रथा दिन परदिन बढती जाती है और यही हमारे अस्तका कारण है। इसलिए इस प्रथा को प्रत्येक गांवमें से उठा देने के लिये यह सभा वहां के आगेवानोंसे आग्रह करती है।

७ सगाई सम्बन्ध में डोरा आदिकी जो प्रथा है वोभी सर्वथा उठा देनेकी यह सभा भलामण करती है।

८ इस प्रांतमें स्त्री शिक्षणका प्रायः अभावसाही है इसलिए प्रत्येक गांव में कन्याशालायें शीघ्रही स्थापित करनेका प्रत्येक गांव के नेताओसे निवेदन है।

( અનુસંધાન પૃષ્ટ ૭ ઉપર. )

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay 3.

જૈન સાહિત્ય પ્રદર્શન. ॥ नमो तित्थस्स ॥ Regd. No. B 1996.

# જૈન યુગ.
# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.)

વાર્ષિક લવાજમ રૂપીઆ બે. | તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ. [મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.] | છુટક નકલ દોઢ આનો.

વર્ષ જુનું ૬ ઠું. નવું ૧ લું. | તા. ૧૫ મી જાન્યુઆરી ૧૯૩૧. | અંક ૨ જો.

- મુખ્ય લેખકો -
શ્રી મોહનલાલ દ. દેશાઈ, બી. એ. એલએલ. બી. એડવોકેટ.
„ મોતીચંદ ગિ. કાપડીઆ, બી. એ. એલએલ. બી. સોલીસીટર.
„ ઉમેદચંદ ડી. બરોડીઆ, બી. એ.
„ હીરાલાલ હાસચંદ દલાલ બાર–એટ–લૉ.

## -સુચનાઓ-

૧ આ પત્રમાં પ્રકટ થતા લેખો માટે તે તે લેખના લેખકોજ સર્વ રીતે જોખમદાર છે

૨ અભ્યાસ મનન અને શોધ-ખોળના પરિણામે લખાયેલા લેખો વાર્તાઓ અને નિબંધોને સ્થાન મળશે.

૩ લેખો કાગળની એક બાજુએ શાહીથી લખી મોકલવા.

૪ લેખોની શૈલી, ભાષા વિગેરે માટે લેખકોનું ધ્યાન ' જૈન યુગની નીતિ-રીતિ ' પ્રત્યે ખેંચવામાં આવે છે.

---

પત્રવ્યવહાર:-

તંત્રી—જૈન યુગ.
ઠે. જૈન શ્વેતાંબર કૉ. ઓફીસ
૨૦, પાયધુની–મુંબઈ ૩

# અ......વ......ન......વું.

### શ્રી ' શૌર્યપુર ' તીર્થ કેસ:—

આ તીર્થને લગતા ચાલતા ઝઘડાના કાગળો તપાસી ઘટતી સલાહ આપવા માટે એક સબ કમિટિ તા ૨૨-૧૧-૩૦ ના રોજ નિમવામાં આવેલી હતી. ત્યારબાદ ગયા નાતાલના તહેવારોમાં શ્રીયુત મકનજી જે. મહેતા બાર–એટ–લૉ. ઉપપ્રમુખ કાર્યવાહી સમિતિ તથા નિમાએલ પેટા સમિતિના એક સભ્ય-એમની સલાહ માટે ખાસ આગ્રાના સંઘની માંગણી શ્રીયુત દયાલચંદજી જૌહરી દ્વારા આવતાં તેઓ શ્રી ત્યાં ગયા હતા. આગ્રાથી આશરે ૫૦ માઇલના લાંબે પગ રસ્તે મોટર મારફતે ઉક્ત તીર્થમાં ગયા હતા. સ્થાનિક તપાસ કરી આખો કેસ જોઇ ઘટતી સલાહ-સૂચના આપી હતી.

**શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.** અભ્યાસ ક્રમમાં ફેરફાર કરવા માટે બહાર ગામથી અભિપ્રાયો માંગવામાં આવ્યા છે. કેટલાક સ્થળેથી સૂચનાઓ મલી છે તે ઉપર અભ્યાસ ક્રમ–સબ કમિટી સંપૂર્ણ વિચાર ચલાવી રહી છે. જે બંધુઓએ પોતાના અભિપ્રાયો મોકલી આપ્યા નહીં હોય તેઓને તુરતજ મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે. બોર્ડનો અભ્યાસ ક્રમ સર્વ સ્થળે માન્ય થઇ પડે એ દૃષ્ટિબિંદુ ધ્યાનમાં રાખી સૂચનાઓ મોકલાવવી. અભ્યાસ ક્રમ જાન્યુ-આરી માસ આખરે તૈયાર થઇ જવા દરેક સંભાવના છે. પંજાબ, મારવાડ, મેવાડ. યુ. પી. ના પ્રાંતોમાંના ગૃહસ્થોને પોતાની સૂચના-ઓ તુરત મોકલી આપવા ખાસ ભલામણ છે.

### કાર્યવાહી સમિતિની બેઠક.

તા. ૧૧–૧–૩૧ ના રોજ કાર્યવાહી સમિતિની એક બેઠક શેઠ રવજી સોજપાલના પ્રમુખસ્થાન હેઠળ મલી હતી. જે વખતે ઑલ ઇન્ડીઆ સ્ટેન્ડીંગ કમિટીની મીટીંગ બોલાવવા સંબંધે વિચાર બે માસ સુધી મુલતવી રાખવા ઠરાવવામાં આવ્યું. (૨) શ્રી આબુ તીર્થ સંબંધે અત્યાર સુધી થએલ તાર પત્ર વ્યવહાર તથા સીરોહીના ના. મહારાજા સાહેબ સાથે થએલ વાતચીત વગેરે રજુ કરવામાં આવ્યાં. (૩) વસ્તી ગણત્રી સંબંધે ગઇ બેઠકમાં નિર્ણય થયો હતો કે કમિટિને આ સંબધે હાલ કાંઇ કરવા પણું નથી એ અભિપ્રાયને વળગી રહેવા ઠરાવવામાં આવ્યું.

—શ્રી શત્રુંજય ડુંગરના પ્લાન–સર્વે આદિ કાર્ય માટે અમદાવાદથી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીના વહિવટદાર પ્રતિનિધિઓ પાલીતાણા ગએલા છે એમ જણાયલ છે.

—મુંબઈ સંગ્રામ સમિતિના પ્રમુખ અને કૉન્ફરન્સની સમિતિના સભ્ય શેઠ વીરચંદ પાનાચંદ શાહ, બી. એ. આવતી તા. ૫ ફેબ્રુઆરી લગભગ છૂટવાની વકી છે.

---

**Wanted.**

Immediately an experienced Jain Graduate for a Swetamber Jain Temple as manager LL. B. Preferred. Salary Rs. 70/- to 100/- P. M. according to qualifications. Apply sharp with testimonials to 'J' C/o this paper

**उद्धाविव सर्वसिन्धवः, समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः ।**
**न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**
**-श्री सिद्धसेन दिवाकर.**

અર્થ:-સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે: પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

---

સરિતા સહુ જેમ સાગરે, તુજમાં નાથ! સમાય દૃષ્ટિઓ:
જયમ સાગર ભિન્ન સિન્ધુમાં, ન જણાયે તું વિભક્ત દૃષ્ટિમાં.

**જૈન યુગ.**
તા. ૧૫-૧-૩૧ ગુરૂવાર.

# જૈન સાહિત્ય પ્રદર્શન—અમદાવાદ.

**જૈન** સાહિત્ય પ્રદર્શન દેશવિરતિ આરાધક સમાજના આશરા તળે અમદાવાદમાં ભરવાની જાહેરાત ઘણા વખતથી આવે છે ને પહેલાં જ્ઞાન પંચમીને દિને ભરવાનો વિચાર હતો, પણ તે કાર્ય ટુંક સમયમાં બને તેવું નહોતું તેથી તે ભરવામાં સમય વધુ જોઇએજ અને તે પ્રમાણે સમય ગયો ને પોશ વદ-૧૩ ને દિને, આ અંક પ્રકટ થતાં ખુલ્લું મુકાશે.

રવિવાર તા. ૪-૧-૩૧ ને દિને અમદાવાદમાં તેના એક કાર્યવાહકની પાસેથી ખબર મળી કે સાતસો હસ્તલિખિત પ્રતો ને ૪૦ થી ૫૦ તાડ પ્રતો આવી ગયેલ છે-હજુ પ્રયાસ ચાલુ છે ને હજાર થી પંદરસો પ્રતો બધી થવા સંભવ છે, તેને વિષય પ્રમાણે-ઇતિહાસ, કાવ્ય, આગમ વગેરે ભાગ પાડી ગોઠવવામાં આવશે. દરેક પ્રત કાગળની કોથળીમાં રાખવામાં આવશે ને કોથળીપર તે પ્રતનું નામ આદિ લખવામાં આવશે; ચિત્રવાળા ગ્રંથો આદિનો જુદો વિભાગ છે. આ પ્રમાણે કરવામાં આવ્યું હશે; પરંતુ તે પ્રતો જેને જોવા ઇચ્છા હોય ને તેમાંથી પ્રશસ્તિ વગેરે ઉતારી લેવાની ઇચ્છા હોય તો તેને અને ખાસ કરી 'સ્કૉલર' ને-વિદ્વાનને અભ્યાસીને જોવા દેવામાં યા તેમાંથી ઉતારી લેવાની સગવડ કરી દેવામાં આવશે કે કેમ એ સવાલ પૂછતાં તે સંબંધી તે કંઇ કહી શકે નહિ એમ જણાવ્યું હતું. આ સંબંધી ખુલાસો આ પ્રદર્શનના કાર્યવાહકોએ બહાર પાડવાની જરૂર છે.

પ્રદર્શન લોકો સંખ્યાબંધ આવીને જોઇ જાય, સંખ્યા મોટી જોઇને જણાવે કે જૈનોનું ઘણું સાહિત્ય છે. અને પાંચ પચીશ દિવસ તે ખુલ્લું રહે, પછી તેને સમેટી લેવામાં આવે તેથી પ્રદર્શનની ખરી મહત્તા અને ઉપયોગિતા સિદ્ધ નહિ થાય, તે સિદ્ધ કરવા માટે નીચેની સૂચનાનો અમલ કરવા મારી આગ્રહ પૂર્વક ભલામણ છે:—

૧ જે જે પ્રદર્શનમાં મૂકાય તેની સામાન્ય માર્ગદર્શક માહિતી આપતું અને ખાસ લક્ષ ખેંચનારી વસ્તુઓની મહત્તા સમજાવનારૂં પુસ્તક છપાવી જુજ કિંમતે જોવા આવનાર જનતાને પૂરૂં પાડવું.

૨ સર્વ પ્રદર્શિત સાહિત્યની વિગતવાર વર્ણનાત્મક સૂચી છપાવી બહાર પાડવી.

૩ વિદ્વાનો, અભ્યાસીઓ અને ખાસ સાહિત્યજ્ઞોને નોતરવા અને તેમના બહોળા જ્ઞાનનો લાભ ભાષણો-વ્યાખ્યાનો દ્વારા જનતાને અપાવવો.

૪ તે તે વિદ્વાનો અને સાહિત્યપ્રેમીઓને, કળાવિદોને પ્રદર્શિત સામગ્રીની પૂરી નોંધ કરવા, પોતાને ખપ પૂરતું ઉતારી લેવા વગેરેની સર્વ જાતની સગવડ કરી આપવી.

૫ 'જૈન ગૂર્જર કવિઓ' જે શૈલીપર ગૂજરાતી ભાષાના શતકવાર જૈન કવિઓ લઇને તેની દરેક કૃતિઓને તેના આદિ અને અંત ભાગોની નોંધ કરવામાં આવી છે તે શૈલીપર સંસ્કૃત અને પ્રાકૃત ભાષામાં રચાયેલી કૃતિઓના જૈન ગ્રંથકારોની શતકવાર વર્ણનાત્મક સૂચી તેમની સંપૂર્ણ પ્રશસ્તિઓ મંગલાચરણ સહિત એકઠી કરી તે જ્યાં જ્યાં મળે છે તે ભંડાર, પ્રતની પત્ર સંખ્યા, લેખક પ્રશસ્તિ વગેરે સહિત પ્રકટ કરવામાં આવે તો જૈન સાહિત્યનો અને સાહિત્યકારોનો ઇતિહાસ પૂરો પાડવામાં મહાન્‌માં મહાન્ ફાળો આપી શકાશે.

૬ ઐતિહાસિક ગ્રંથો જે જે હોય તે છપાવી પ્રકટ કરવા.

૭ સુંદર ચિત્રકામની કૃતિઓના ફોટા પાડી તેના બ્લૉકો કરાવી બહાર પાડવા.

આ સૂચનાનો અમલ કરવામાં ભારે પુરૂષાર્થ અને મહાભારત શ્રમ સેવવાની જરૂર છે. તે માટે યોગ્ય કાર્યકર્તાઓને ચુંટી નિયુક્ત કરવામાં આવે, તેમણે એકઠી કરેલ સામગ્રીને પ્રકટ કરવા માટે દ્રવ્યનો વ્યય થાય તોજ આ પ્રદર્શનની સંગીન કિંમત ચિરકાલ સુધી અંકાશે અને તેનું કાર્ય અમર થશે. નહિ તો તે પાંચ પચીશ દહાડાનો તમાસો જેમ તેવાં પ્રદર્શનો થાય છે તેમ લેખાશે.

આ પ્રદર્શન સાહિત્યનુંજ હોઇ તેમાં સાહિત્ય સંબંધીજ કથની હોઈ શકે-એટલે કે સાહિત્યનો કેમ પ્રચાર અને વિચાર થાય, વર્તમાન જમાનામાં જૂના સાહિત્યનો લાભ કેવી રીતે મેળવી શકાય અને જમાનાની જરૂર પ્રમાણે તે સાહિત્યમાંથી નવીન શૈલીપર કેવી રીતે સાહિત્ય ઘડી શકાય તેનોજ ઉહાપોહ, મીમાંસા, અને સદોદિત વિચાર કરવાનું હોય, ત્યાં બીજી ત્રીજી વાત અપ્રસ્તુત અને વિસંવાદી થાય. પક્ષાપક્ષી સાહિત્યમાં હોયજ નહિ. સર્વજનો ત્યાં આવી શકે, ભાગ લઇ શકે અને સાહિત્યની સુગંધનો લાભ ઉઠાવી શકે એ પ્રમાણે પ્રદર્શનના કાર્યવાહકો કરશે અને તેમ હોઇ પક્ષાપક્ષી રાખ્યા વગર સર્વે પોત પોતાનો ફાળો વિના સંકોચે આપશે. જૈન ભંડારો અને તેના સંબંધી શું કરવા યોગ્ય છે તે બીજા લેખમાં જણાવવામાં આવ્યું છે.

—મોહનલાલ દેશાઇ.

# —જૈન ભંડારો.—

શ્વેતાંબર જૈનોએ-જૈન સાધુઓએ ગૂજરાતને સાહિત્યથી સમૃદ્ધ કરવામાં-ઉત્તરથી દક્ષિણ સુધી શોભાવવામાં મોટો ફાળો આપ્યો છે. દરેક ગામને શહેરમાં રહેતા ઉપાશ્રયોમાં ગ્રંથ ભંડારો રાખી સાહિત્યને સાચવી રાખ્યું છે. તે દરેક ભંડારની ટીપ મેળવી કોઇ એક કૃતિ કયાં મળે છે તેની નોધ લેવા ઉપરાંત હાલમાં જે જે પ્રસિદ્ધ ભંડારો છે તેનો સમગ્ર જનતા સહેલાઇથી વિશેષ મુશ્કેલી વગર લાભ લઇ શકે, તે માટે સાર્વજનિક કરાવવા પ્રયાસ સેવવાનો છે; અને જે જે અપ્રસિદ્ધ ભંડાર છે તેની શોધ ખોળ કરી બહાર લાવવાની જરૂર છે.

૧૭ મી ડીસેમ્બરેજ હમણાં પટણા (શ્રી મહાવીર પ્રભુની વિહાર ભૂમિનું એક મુખ્ય નગર) માં ભરાયેલ 'ઑલ-ઈંડિયા ઓરિયેન્ટલ કૉન્ફરન્સ' માં રાયબહાદુર હીરાલાલે પ્રમુખ તરીકે આપેલા વિદ્વત્તાભર્યાં ભાષણમાં ભંડારોની શોધ-ખોળની જરૂર સંબંધી ફકરો ખાસ નોંધવા લાયક છે:—

A thorough exploration of Bhandaras, which the foresight and excellent arrangements of the Jainas have so carefully preserved, has yet to be made. Regarding Pattan Jaina Bhandaras Professor Peterson said: "I Know of no town in India and only a few in the world which can boast of so great a store of documents of such venerable antiquity. They would be the pride and jealously guarded treasure of any University Library in Europe." There are 13,000 manuscripts in Pattan, a descriptive and annotated catalogue of which is in course of preparation.

**અર્થાત્**-જે ભંડારો જૈનોની દીર્ઘદૃષ્ટિ અને તેમના ઉત્કૃષ્ટ પ્રબંધોથી સંભાળપૂર્વક સંરક્ષિત રહ્યા છે તેની સંપૂર્ણ શોધખોળ થવાની છે. પાટણના **જૈન** ભંડારો લઇએ તો તેના સંબંધી પ્રોફેસર પીટર્સને કહ્યું હતું. "મેં હિંદમાં પાટણ જેવું એક પણ શહેર નથી જોયું અને આખા જગત્‌માં કોઇ વિરલજ એવાં શહેરો છે કે જે આટલી બધી ઘણી પ્રાચીનતાવાળા હસ્તલિખિત પ્રતોનો સંગ્રહ ધરાવી શકે છે. આ પ્રતો તો યુરોપની કોઇપણ યુનિવર્સિટીના પુસ્તકાલયનો મગરૂરી લેવા લાયક અને અદેખાઇ આવે એવા રીતે સંગ્રહી સાચવી રાખેલો ખજાનો થઇ શકે તેમ છે." પાટણમાં તેર હજાર હસ્તલિખિત પ્રતો છે કે જેનું વર્ણનાત્મક અને ટીકાવાળું સૂચીપત્ર તૈયાર થાય છે.

આ સૂચીપત્ર મૂળ સ્વર્ગસ્થ સાક્ષર ચિમનલાલ ડાહ્યાભાઈ દલાલે તૈયાર કરેલું અને તેને સુધારી વિસ્તારી સુંદર આકારમાં વિશેષ માહીતી સાથે મૂકવાનું કાર્ય મારા મિત્ર પંડિતવર્ય લાલચંદ ભગવાનદાસ ગાંધીએ તૈયાર કરેલું છે ને તે ગાયકવાડ સરકાર તરફથી તેની પૌર્વાત્ય ગ્રંથમાલામાં છપાતું જાય છે. જેસલમેરના પ્રાચીન ભંડાર માંનાપ્રાચીન ગ્રંથોનું સુચીપત્ર તે બને સાક્ષર ભાઇઓના પ્રયાસને પરિણામેજ તેજ ગ્રંથમાલામાં કયારનું છપાઇ ગયું છે. લીંબડીનો ભંડાર કાઠિયાવાડમાં મોટામાં મોટો છે. તેનું સુચીપત્ર ગ્રંથ અને ગ્રંથકારની નામાવલીને રચ્યા અને લખ્યા સંવત્‌વાળું સાક્ષર મુનિ શ્રી પુણ્યવિજયના મહા પ્રયાસના પરિણામે બહાર પડી ચૂકયું છે; પણ તે ઉપર્યુક્ત બે સૂચીપત્રોની બરોબરી કરી શકે તેમ નથી, છતાંયે તેવું પણ બીજા ભંડારો જેવાકે પ્રવર્ત્તક શ્રીમન્ કાંતિવિજયજીના વડોદરા અને છાણીના ભંડાર, વિજયધર્મસુરિનો હાલ આગ્રામાં રહેલ ભંડાર, વિજયનેમિસુરિનો ખંભાત અને અમદાવાદનો ભંડાર, સુરતમાંના મોહનલાલજી ભંડાર, જૈનાનંદ પુસ્તક ભંડાર, જિનદત્તસુરિ ભંડાર સીમંધર સ્વામીના મંદિરમાંનો ને વડા ચૌટાના ઉપાસરાનો ભંડાર, રાધણપુરના, કચ્છ કોડાયના, કલકત્તા ગુલાબ કુમારી લાયબ્રેરીના આદિ અનેક સ્થળના ભંડારોની ટીપો છપાઇ બહાર પડી નથી. તે દરેક ભંડારના કાર્યવાહકો દ્રવ્યના અભાવે તેમ ન કરી શકતા હોય તો અમદાવાદનું હમણાં ભરાતું સાહિત્ય પ્રદર્શન તે સર્વમાંના ગ્રંથોની ટીપ કરતાં એકી સાથે સૂચીપત્ર કરી શકે. એટલુ તે પ્રદર્શનની સમિતિ કરે તો તેનું તેટલું કાર્ય પણ અવિચળ રહેશે. બાકી જુદે જુદે સ્થળેથી મંગાવેલાં-ભેગાં કરેલાં પુસ્તકો કાગળની કોથળીમાં રાખી તેના પર તેનાં નામાદિનું પ્રદર્શન કરવાથીજ પ્રદર્શન કરવા માટે લીધેલી મહેનત સફળ નહિ થઇ શકે. જે સસ્થાના આશરા નીચે આ પ્રદર્શન ભરાય છે. તે સંસ્થાએ સાહિત્યનું કાર્ય માથે લીધું છે એ તેનાં બધાં કાર્યોમાં એક રચનાત્મક સુંદર કાર્ય ગણાય અને તે ખરેખરૂં રચનાત્મક અને સુંદર કાર્ય વાસ્તવિકપણે કરવામાં આવ્યું છે તે મેં આ લેખમાં તેમજ અન્ય લેખમાં તેને કરેલી સુચનાઓના અમલથીજ સિદ્ધ થઇ શકશે.

— **મોહનલાલ દેશાઈ.**

## આબુનો સાપ્તાહિક કર.

આબુ દેલવાડાનાં આપણાં પવિત્ર તીર્થોની મુલાકાત લેવા જનારને સાત દિવસથી વધુ રોકાણ થાય તો વધારાનો ફરી ફરીને આપવાના કરની માગણી થયાનું જણાવવામાં આવતાં તેમજ જાહેર વર્તમાન પત્રોમાં આવેલી ચર્ચા જોતાં આ કાર્યમાં તપાસ કરી યોગ્ય કરવા માટે એક સબકમિટિ કૉ. ની કાર્ય વાહી સમિતિની તા. ૧૯-૧૨-૩૦ની બેઠક વખતે નિમવામાં આવી હતી. આ કમિટિએ શ્રીમાન્ ગુલાબચંદ ઢઢ્ઢા આપણી કૉન્ફરન્સના એક જનરલ સેક્રેટરીની હાજરીમાં તા. ૨૯-૧૨-૩૦ના રોજ કેટલીક ચર્ચા કરી કેટલોક તાર વ્યવહાર કર્યો હતો. જે અન્યત્ર પ્રકટ કરવામાં આવ્યો છે. ત્યાર બાદ સીરોહીના ના. મહારાજા સાહેબ મુંબઇ પધારતાં સંસ્થાના સ્થાનિક મહામત્રીઓએ તેઓશ્રીની રૂબરૂ મુલકાત એકથી વધારે વખત લીધી હતી, અને તેના પરથી જે નિર્ણય થઈ શકયો છે તે અત્યાર અગાઉ પ્રકટ થયો છે. આ સ્થળે એટલુંજ નોંધવું. જરૂરી છે કે આબુ પર યાત્રાર્થે જનાર બંધુઓ અને બ્હેનોએ કોઇ જાતનો વધારાનો ફરી ફરીને કર આપવાનો નથી.

આ તેમજ બીજી પણ કેટલીક ફરિયાદો છે જે ના. મહારાજા સમક્ષ મુકવામાં આવી છે, અને તે સંબંધે તપાસ કરી સીરોહી પંચ સાથે વિચાર કરી તેનો સંતોષકારક નિવડો આવશે એવી આશા આપવામાં આવી છે.

# —ધર્મ શિક્ષણ.—

ધર્મ શિક્ષણના કોયડાનો સંતોષકારક ઉકેલ લાવવો અતિ વિકટ છે. બીજા વિષયો જીવનના એક અંગને સ્પર્શે છે ત્યારે ધર્મ સારાયે જીવનને સ્પર્શે છે. એટલે ધર્મ શિક્ષણ વધારે અઘરૂ થાય એ સ્વાભાવિક છે.

પ્રથમતો, ધર્મ અને ધાર્મિક જીવન એટલે શું તેનો ખ્યાલ કરવાની જરૂર છે, કારણ કે તેના ઉપર આ વિષયનો ઉકેલ અવલંબે છે.

શુદ્ધ આચરણથી ઉપજતી, કર્મ મળ દૂર કરતી અને તત્ત્વ શ્રદ્ધાન યાને યથાસ્થિત નિર્ધાર વિગેરે મોક્ષ બીજ મેળ-વતી જીવ શુદ્ધિ ધર્મ છે. ધાર્મિક જીવન જીવવું એટલે પ્રાણી માત્ર ઉપર મૈત્રી ભાવ, પોતાથી અધિક ગુણોવાળા ઉપર પ્રમોદ ભાવ, દુઃખી ઉપર દયા ભાવ અને અવિનયી આદિ ઉપર મધ્યસ્થ ભાવ રાખી આચરણ કરવું, તેને બીજી રીતે સમજીએ તો જ્ઞાન, તત્ત્વ શ્રદ્ધાન અને ચારિત્રની એકતા, અવિસંવાદિતા અને શુદ્ધતા એજ ધર્મ છે.

થોડા માસ પહેલાં ડેન્માર્કમાં આવેલા એલ્સીનોર શહેરમાં સમસ્ત જગતના કેળવણીકારોની પરિષદ્ ભરાઇ હતી. તે સમયે શિક્ષણ વિષયક બીજા પ્રશ્નો સાથે ધર્મ શિક્ષણની ચર્ચા પણ ત્યાં થઇ હતી. તે ચર્ચામાંથી કેટલાક ઉપયોગી જણાતા મુદ્દા નીચે આપેલા છે. તે મુદ્દાઓ ઉપર આપણે પણ વિચાર ચલાવવો જરૂરી છેઃ—

'પ્રકૃતિ' મનુષ્ય અને લોકોત્તર વસ્તુઓ સાથે સંવાદી જીવન એ સાચું ધાર્મિક જીવન છે.

બાળકો જન્મની સાથેજ ધાર્મિક અંકુરો લેતાં આવે છે. તેઓમાં ધાર્મિકતા સહજ હોય છે. તે ધાર્મિક અંકુરોને શિક્ષકો અને માબાપો ઉછેરી શકે છે અને પોષી શકે છે.

પ્રભુ, ભગવાન્ જેવું કંઇક તત્ત્વ છે, એવો વિચાર બાળકોને ઘણી નાની ઉમરે આવે છે. 'ભગવાન્ કેવા હશે?' 'ભગવાન્ આ કરી શકે કે નહિં?' આવા આવા પ્રશ્નો નાના બાળકો પુછે છે. આવા પ્રશ્નોના ઉત્તર સામાન્ય રીતે દરેક માબાપ પોતાની માન્યતા મુજબ આપે છે. પરંતુ હાલના ઘણા કેળવણીકારો તો કહે છે કે આવા પ્રશ્નોના ચોક્કસ નિર્ણયાત્મક ઉત્તર ન આપતાં, 'તારા પ્રશ્નો ભારે ઉંડા છે.' 'મોટા માણસોને પણ તેની સુઝ પડતી નથી.' 'યોગ્ય અવ-સરે તે બધું સમજાશે' એવા જવાબ આપવા ઘટે. અને એજ દૃષ્ટિબિન્દુ સાચું લેખાય.

એક વિદ્વાન્ કહે છે કે-'કેવું સુંદર છે!' 'આ સરસ છે!' બાળકોના આવા ઉદ્‌ગારો એના ધાર્મિક વિકાસની સાક્ષી રૂપ છે. અને સૌંદર્યનું પૂજન તેમજ બેડોળ અને કદરૂપી વસ્તુઓ પ્રત્યેનો અણગમો આધ્યાત્મિક વિકાસમાં આવશ્યક છે. તેમાંથી સારા નરસા, ઈષ્ટ અનિષ્ટ વચ્ચેનો ભેદ પારખતાં તે આગળ જતાં શિખે છે. તેથી બાળકોની આસપાસ સૌન્દર્ય યુક્ત વાતાવરણ ખડું કરવાની જરૂર રહે છે.

એક શિક્ષક એવો અભિપ્રાય રજુ કરે છે કે તોફાની છોકરાંઓને કેટલીક વાર એવી રીતે ઠપકો આપવામાં આવે છે કે, ભગવાનને આ નહિ ગમે, પ્રભુ આથી નારાજ થશે.

આથી બાળકોના ચક્ષુ સમીપ પ્રભુ ક્રૂર, વિકરાળ અને ભયાનક રૂપે ખડા થાય છે. પ્રભુ સદા પોલિસનું કાર્ય કરે છે, એવું બાળકોના હૃદયમાં ઠસી જાય છે. જ્યારે જ્યારે તે ભૂલ કરે ત્યારે ત્યારે તે હાજરજ હોય છે અને જ્યારે તે કંઇ સારૂં કામ કરે છે ત્યારે પ્રભુને તે તરફ દૃષ્ટિપાત કરવાની ફુરસદ હોતી નથી, એવી માન્યતા બાળકોના મનમાં ઉત્પન્ન થાય છે. એવાં બાળકો ભયના વાતાવરણમાં ઉછરવાથી, તેમના ભગવાન્ પણ ક્રૂર, વેર લેનારા, અને ક્ષમા ન આપનાર છે; તેમનાં હાથમાં સત્તા આવે ત્યારે તેમના હૃદયમાં અધિષ્ઠાન પામેલા દેવનું અનુકરણ કરીને સર્વત્ર ત્રાસ વર્તાવે છે. આથી બાળકોની સાથે ઉભા થતા નિયમનના પ્રશ્નોમાં ભગવાન્‌ને વચ્ચે લાવ્યા સિવાયજ દરેક પ્રશ્નનો સ્વતંત્ર રીતે ઉકેલ થવો જોઇએ.

પ્રાર્થનાઓમાં ઐહિક વસ્તુઓની માગણી ન હોવી જોઇએ. પરંતુ તે દ્વારા પ્રભુનાં સત્ય સ્વરૂપનું દર્શન કરવાનો પ્રયાસ થવો જોઇએ.

તદ્દન નાના બાળકોની આગળ જુની કથાઓ-વાર્તાઓ કહેવી જોઇએ નહીં. જેમ બને તેમ મોટી ઉમરે એટલે આશરે દશેક વર્ષની ઉમર પછી આવી વાર્તાઓને સ્થાન મળવું જોઇએ.

ટુંકમાં સંપ્રદાયનો આચાર વિચાર ફરજીઆત તરિકે બાળક ઉપર લાદવા કરતાં, એટલે કે 'તારે આમજ માનવું જોઇએ,' 'તને આમજ લાગવું જોઇએ,' 'તારે આવી રીતેજ પ્રાર્થના કરવી જોઇએ' એવું એવું કહેવા કરતાં, તેમજ બાળક સ્વતંત્ર રીતે ધર્મની શોધ કરે એ માટે તેને સંપૂર્ણ અમર્યા-દિત સ્વાતંત્ર્ય આપવા કરતાં, તે બંને અંતિમ માર્ગોનો વચલો રસ્તો બાળકોને બતાવવાની પુરે પુરી જરૂર છે.

ઉપલા મુદ્દાઓ ઉપરાંત આપણે વધુ ચર્ચવાનું એ છે કે–

ધાર્મિક શિક્ષણમાં ક્રિયાકાંડને કઇ જાતનું સ્થાન આપવું?

આપણા ધર્મ શિક્ષણમાં કઇ કઇ ભાષાને કેવું કેવું સ્થાન આપવું?

કઇ ઉમ્મરે સંસ્કૃત પ્રાકૃત સૂત્રો કંઠસ્થ કરાવવાં? કઇ ઉમ્મરે તેના અર્થ ગોખાવવા?

અથવા માતૃભાષામાં ધર્મ શિક્ષણ શરૂ કરી, યોગ્ય ઉમ્મરે સંસ્કૃત પ્રાકૃતના અભ્યાસ સાથેજ તેના સૂત્રો શિખવવા? કયા વ્રતનું જ્ઞાન કંઇ ઉમ્મરે આપવું? કેવા પ્રકારનું ધર્મ શિક્ષણ જીવન ઉપર અસર કરે છે? ધર્મ શિક્ષણમાં ન્યાય શાસ્ત્રને કેવું સ્થાન આપવું?

આ સર્વ મુદ્દા ઉપર ગંભીર પણે ઉહાપોહ કર્યા પછીજ આપણે ચોક્કસ નિર્ણયો ઉપર આવી શકીએ. અને તે માટે મારી સૂચના છે કે આપણાં એજ્યુકેશન બોર્ડે જૈન સમાજના શિક્ષકો, કેળવણી સંસ્થાના સંચાલકો અને કેળવણીમાં રસ લેતાં સ્ત્રી પુરૂષોની એક પરિષદ્ બોલાવવી જોઇએ અને તે માટે યોગ્ય પ્રબંધ કરવો ઘટે. મજકુર પરિષદ્‌માં જે નિબંધો વંચાશે, જે ચર્ચાઓ થશે, અને તેને પરિણામે જે જે નિર્ણયો આવશે તેના પાયા ઉપર આપણો ધર્મ શિક્ષણનો ભાવી ક્રમ ગોઠવાવો જોઇએ. કેવાં પાઠય પુસ્તકો લખાવાં જોઇએ તેનો નિકાલ પણ તે પરિષદ્‌જ કરી શકશે. થીગડાં મારવાથી કંઇ લાભ નથી. આખા પ્રશ્નનો ઉકેલ મૂળથીજ થવો જોઇએ. આશા છે કે આ સૂચના ઉપર ઘટતું ધ્યાન આપવામાં આવે.

ઉ. દે. બ.

# વિ...વિ...ધ...નોં...ધ.

( પરિષદ્ કાર્યાલય-કૉન્ફરન્સ ઑફીસ તરફથી. )

## (Telegram dated 31st December 1930.)

From, The Resident General Secretaries,
Shri Jain Swetamber Conference,
To, 20, Pydhoni, Bombay, 3.

( 1 ) His Highness the Maharajah Saheb Bahadur of Sirohi,
( 2 ) The Chief Minister, Sirohi State.

"It has come to our knowledge that Sirohi Durbar Officials have been recently demanding weekly Chowkidari Tax from pilgrims staying in Dilwara temple's Dharamshallas. In absence of any official notification, we are reluctant to give credence to such reports as we are confident that a far-sighted Ruler of Your Highness' type would not in this age of enlightenment take such an unwarranted and distasteful step. We hope Your Highness will be pleased to allay our anxiety by wiring us the real facts so that the commotion which has been created by the reported demands in our Community may be quieted."

(Reply to the above dated 31st December 1930)

Sirohi 31 Raj. 43 Ranchodbhai Raichand Secretary Jain Conference,
20, pydhoni, Bombay.

"You have been entirely missinformed by mischievous persons and my advise your Community is not to pay any attention to baseless and mischievious rumours which only disturb the peace" Chief Minister.

To,
The Chief Minister, Sirohi.

"Wire received, we are pleased to learn that Jain pilgrims staying over a week have not to pay any extra or recurring Chowkidari tax of which the Jain pilgrims also are being informed and we are thankful to His Highness and hope that you will instruct State Inspectors at Dilwara of this accordingly.
( From ) Ranchodbhai Raichand Jhavery,
Mohanlal BhagwandasS ecretaries,
Jain Conference.

## આબુ તીર્થ સંબંધે અગત્યનો તાર વ્યવહાર.

આબુ તીર્થપર જતા જૈન યાત્રાલુઓ પાસેથી સાપ્તાહિક કર ઉઘરાવવાની જે ફરીયાદો વર્તમાન પત્રોમાં પ્રકટ થયેલી તે તથા યોગ્ય સ્થળેથી મળેલી ખબર ઉપરથી શિરોહીના નામદાર મહારાજા તથા રાજ્યના ચીફ મિનીસ્ટર સાથે થયેલ તાર વ્યવહાર જૈનોની જાણ માટે આ નીચે પ્રકટ કરવામાં આવે છે.

તા. ૨૯-૧૨-૩૦ ના રોજ કરવામાં આવેલ તારઃ-દેલવાડા દહેરાસરની ધર્મશાળામાં રહેતા યાત્રાલુઓ પાસેથી હમણાં ચોકીદારી કર દર અઠવાડીએ વસુલ લેવાની માંગણી શિરોહી રાજ્યના અમલદારો તરફથી કરવામાં આવે છે એમ અમારી જાણમાં આવ્યું છે. કોઇ પણ સત્તાવાર જાહેરાત-નોટીફિકેશનની-ગેર હાજરીમાં આવી હકીકત માનવા અમે તત્પર નથી, કારણ કે આપ નામદાર જેવા દીર્ઘ દૃષ્ટિવાળા રાજ્યકર્તા આ સંસ્કૃતિના જમાનામાં આવું અણઘટતું અરૂચિકર પગલું ભરે નહી એવો અમોને ભરોંસો છે. ખરી હકીકત તારથી જણાવવા આપ નામદાર મહેરબાની કરશો તો અમારી ચિંતા દૂર થશે અને કરની માંગણીઓના રિપોર્ટોથી અમારી કોમમાં ઉભી થએલી અશાંતિ પણ દૂર થશે.

જવાબઃ—ચીફ મિનીસ્ટરનો તા. ૩૧-૧૨-૩૦ નો તારઃ-તોફાની માણસોએ તમને તદ્દન ખોટી હકીકત પૂરી પાડી છે. તમારી કોમને મારી સલાહ છે કે પાયાવગરની અને તોફાની અફવાઓ કે જેથી શાંતિમાં ખલેલ પડે તેના તરફ જરાપણ ધ્યાન આપવું નહીં. ચીફ મિનિસ્ટર.

કૉન્ફરન્સ તરફથી કરવામાં આવેલ તાર તા. ૧-૧-૩૧ ચીફ મિનીસ્ટર શિરોહી.

તાર મળ્યો. એક અઠવાડીયાથી વધારે રોકાનાર જૈન યાત્રાલુઓએ ફરી ફરીને ચોકીદારી અથવા વધારાનો કર આપવો પડતો નથી એમ જાણી અમે ખુશી થયા છીએ. આ ખબર જૈન યાત્રાલુઓને પણ અમે આપીએ છીએ અને અમે નામદાર મહારાજા સાહેબનો આભાર માનીએ છીએ અને આશા રાખીએ છીએ કે આપ પણ દેલવાડાના ઈન્સ્પેક્ટરોને તે મુજબ ખબર આપશો.

## કાર્યવાહી સમિતિની બેઠકો.

( ૧૫-૬-૩૦ થી ૨૨-૧૧-૩૦ સુધી. )

**તા. ૧૫-૬-૩૦ ના દિને** એક બેઠક મળી હતી. તે વખતે સભાનું પ્રમુખસ્થાન શ્રી મકનજી જે. મ્હેતાએ લીધું હતું. સ્થાયી સમિતિના કેટલાક સભાસદોના આવેલ રાજીનામાં તથા જેઓ તરફથી બંધારણ અન્વયે સુ. ભં. ફંડના ફાળાના રૂા. ૫) આવ્યા હતા, ઇત્યાદિ હકીકતો રજુ કરવામાં આવી. જૈન યુગ સંબંધે નિમાએલ કમિટિનો રિપોર્ટ મંજુર કરવામાં આવ્યો. તથા તે સંબંધે સર્વાનુંમતે ઠરાવવામાં આવ્યું

કે "સદરહુ રિપોર્ટ મંજૂર કરવામાં આવે છે અને ઠરાવવામાં આવે છે કે, પાક્ષિક પત્રની જરૂર છે, તેથી તેનું પાક્ષિક પત્ર ચલાવવા માટે ૪ ગૃહસ્થોનું એક તંત્રી સહકારી મંડળ નિમવામાં આવે છે." ( જેને તા. ૧૯-૧૨-૩૦ ની કમિટિમાં 'સલાહકારી મંડળ' એ નામ આપવામાં આવ્યું. ) ત્યાર બાદ દેશની આઝાદીની લડત અંગે સાત ઠરાવો પસાર કરવામાં આવ્યા હતા, જે અન્યત્ર પ્રકટ થઇ ગયા છે.

**તા. ૨૯-૬-૩૦** ના રોજ મળેલી બેઠક વખતે સ્વદેશી પ્રચારને લગતું કાર્ય કરવા માટે એક સમિતિ નિમવામાં આવી હતી, જેના કાર્ય વિષે વખતોવખત જાહેર પત્રો દ્વારા હકીકતો પ્રકટ થઇ ચુકી છે.

**રાજા વિજયસિંહજી અને સાઇમન રિપોર્ટ:—** આ સંબંધે ઠરાવ કરવામાં આવ્યો હતો કે "સાઇમન કમિશનના રિપોર્ટ અંગે અઝીમગંજવાળા રાજા વિજયસિંહજી દુધેડીયા જે હિલચાલ કરે છે, અને 'સ્ટેટસમેનમાં' જે અભિપ્રાય જાહેર કર્યો છે અને તેમાં જણાવ્યું છે કે જૈન કોમને રિપોર્ટમાં કાંઇ સ્થાન આપ્યું નથી તેથી દિલગીરી થાય છે-આ સંબંધી કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિ જાહેર કરે છે કે કોમી મતાધિકાર તત્વના સિદ્ધાન્તથી અમો વિરૂદ્ધ છીએ; કારણ કે તે દેશહિતને ઘણું નુકશાનકારક છે. સાયમન કમિશનનો રિપોર્ટ રાજકીય પ્રગતિ કરનાર છે એમ જે જાહેર કર્યું છે તે બિના માટે પણ આ કાર્યવાહી સમિતિ વિરોધ દર્શાવે છે. જૈન કોમને નામે કાંઇ પણ હીલચાલ કરવાની કે બોલવાની તેઓને કાંઇ સત્તા નથી.' આ ઠરાવની નકલો બંગાલના ગર્વનર, હિંદના વાઇસરૉય, રાજા વિજય સિંહજી તથા જાહેર વર્તમાન પત્રો પર મોકલવામાં આવી હતી.

**તા. ૨૭-૭-૩૦ તથા તા. ૧૮-૮-૩૦** ના રોજ મળેલી બેઠકો વખતે કેટલુંક કારોબારી કામકાજ થયું હતું. તથા જમણવારો બંધ રખાવવાને લગતો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો, **તા. ૩૧-૮-૩૦** ના રોજ ધારાસભાઓની ચુંટણીઓમાં કોઇ પણ રીતે ભાગ ન લેવાને લગતો ઠરાવ થયો હતો.

**તા. ૯-૧૧-૩૦** ના રોજ મળેલી બેઠક વખતે શેઠ છોટાલાલ પ્રેમજીએ રેસીડેન્ટ જનરલ સેક્રેટરી તરીકેના પોતાના હોદ્દાનું આપેલ રાજીનામું રજુ થતાં તેમની કીંમતી સેવાની નોંધ લેવામાં આવી સં. ૧૯૮૬ ની સાલનો હિસાબ તપાસવા માટે છે. શેઠ નરોતમ ભગવાનદાસ શાહની માનદ ઑડીટર તરીકે નિમણુંક કરવામાં આવી.

**તા. ૨૨-૧૧-૩૦** ના દિને મળેલી બેઠક વખતે સ્થાનિક મહામંત્રીની ખાલી પડેલી જગાએ શેઠ મોહનલાલ ભગવાનદાસ ઝવેરી બી. એ. એલએલ. બી. સોલિસિટરની નિમણુંક કરવામાં આવી. શ્રી શૌર્યપુર તીર્થ કેસને લગતા કાગળીઆઓ વાંચી રિપોર્ટ કરવા એક પેટા કમિટિ નિમાઇ હતી. જેમાં શ્રી મકનજી જે. મ્હેતા બાર-એટલૉ, શ્રી ચીનુભાઇ લાલભાઇ શેઠ સોલિસિટર તથા શ્રી મોહનલાલ બી. ઝવેરી, સોલિસિટરની નિમણુંક કરવામાં આવી હતી.

# પત્ર પોથી.

—યાત શ્રી બાલચંદ્રાચાર્ય બામગામથી જણાવે છે કે 'પરિવર્તિત જૈન યુગનો પ્રથમ અંક મલ્યો, વાંચી સંતોષ થયો, માસિકના રૂપમાં કેવળ વિદ્વાનોને માટેજ ઉપયોગી હતું. પણ હવે તો સર્વ સાધારણના પ્રચારમાં આવે એવું સાહિત્ય પણ પ્રકટ કરશે. દેશાઇ, કાપડિયા, દલાલ, બરોડીઆ જેવા ધુરંધર ચાર લેખકો તરફથી વાંચન મળશે તે માટે હવે વિશેષ લાભદાઇ નિવડશે......પત્રની જરૂર ઉન્નતિ થશે.'

* * *

—શ્રી માવજી દામજી શાહ લખે છે-"શ્રી જૈન શ્વે. કૉ. તરફથી પ્રકટ થતાં પાક્ષિક 'જૈન યુગ' નો પ્રથમ અંક મલ્યો છે. કૉન્ફરન્સ તરફથી પૂર્વે 'હેરલ્ડ' અને ત્યાર પછી 'જૈન યુગ' નામે જે માસિક પ્રકટ થતું હતું, તેણેજ પોતાની ગતિને કંઇક વધુ ઝડપી બનાવી હોય તેમ આ પાક્ષિક પત્રના પ્રકાશન પરથી અનુમાન થાય છે. ભવિષ્યમાં તે વધુ પ્રગતિ સાધી સાપ્તાહિકનું રૂપ ધારણ કરી જૈન સમાજમાં ખરેખર જૈન યુગ પ્રકટાવે એવી શુભ ભાવના પૂર્વક 'જૈન યુગ' ની ફતેહ ઇચ્છી વિરમું છું."

* * *

—કવી ભોગીલાલ રતનચંદ લખે છે કે જામનગર જવા બની આવતાં 'જૈન શાળા' ના હૉલમાં જાહેર વ્યાખ્યાન આપ્યું હતું. લોકોની મેદની ઘણી હતી. કૉન્ફરન્સનું ઘટતું પ્રચાર કાર્ય થયું છે.

* * *

—તલાજાથી શ્રી સંઘ જણાવે છે કે ઉપદેશક અમૃતલાલ પ્રચાર કાર્ય માટે આવતાં તેમણે જૈન દેરાસરજીના ચોકમાં તથા શહેરની વચ્ચે આવેલ 'ગાંધી ચોક' માં એમ બે ભાષણો આપ્યાં હતાં. ગામનો શ્રી જૈન સંઘ તથા જૈનેતર પ્રજા બહુ ખુશી થઈ છે. ઉપદેશક મોકલવા માટે કૉન્ફરન્સનો અમે આભાર માનીએ છીએ. અને કૉ. તરફ અમારી સંપૂર્ણ સહાનુભૂતિ છે. સુ. ભં. ફંડ આપેલ છે.

* * *

—કચ્છી વીસા ઓશવાલ જૈન જ્ઞાતિએ પોતાના તા. ૧૮-૧૨-૩૦ ના પત્ર સાથે રૂા. ૫૧-૪-૦ નો ચેક સુ. ભ. ફંડમાં મોકલી આપ્યો છે.

* * *

—શેઠ હીરાચંદ વસનજીએ પોરબંદરથી પ્રતિવર્ષની માફક રૂા. ૧૦૦) ચાલુ સાલમાં મોકલ્યા છે. જેમાં રૂા. ૪૦) સુ. ભં. ફંડ માટે તથા રૂા. ૬૦) એજ્યુકેશન બોર્ડ માટે મોકલ્યા છે.

* * *

—જન એસોશીએશન તરફથી આબુના સાપ્તાહિક કર સંબંધે મળેલી ફરીયાદ પરથી રજપુતાનાના એજન્ટ ટુ ધી ગવર્નર જનરલને તપાસ કરી જૈનોની ચિંતા દૂર કરવા અરજ કરનારો તાર કરવામાં આવ્યાનું જણાવવામાં આવેલ છે.

* * *

**—શ્રી જૈન દવાખાના, પાયધુની મુંબઇ** આ દવાખાનામાં ગયા ડીસેમ્બર માસમાં ૭૭૫ પુરૂષ દર્દીઓ ૭૪૬ સ્ત્રી દર્દીઓ અને ૩૭૭ બાળક દર્દીઓ મલી કુલ્લે ૧૮૯૮ દર્દીઓએ લાભ લીધો હતો. દરરોજની સરેરાશ હાજરી ૬૩ દર્દીની થઇ હતી. બાઇ ડૉકટરે ૨૭૨ સ્ત્રી દર્દીની સારવાર કરી હતી.

## ઉપદેશકોનો પ્રવાસ.

ઉ. અમૃતલાલ વાડીલાલ શાહ ભાવનગરથી તલાજા, પાલિતાણા, સીહોર વિગેરે સ્થળે ગયા હતા, અને કૉન્ફરન્સનું પ્રચાર કાર્ય કર્યું હતું. ભાવનગરમાં નિમાએલ પ્રાંતિક સમિતિની એક પ્રાથમિક બેઠક પણ મળી ગયાનું, અને કેટલુંક અગત્યનું કાર્ય થવાનું તથા સુકૃત ભંડાર ફંડનું કાર્ય ચાલુ હોવાનું જણાવવામાં આવે છે.

ઉ. ભાઇચંદ નિમચંદ શાહ હાલ. અમૃતલાલ વી. શાહની સાથે રહી કાર્ય કરે છે અને તેઓ ભાવનગર ફંડના કાર્ય માટે રોકાએલ છે. ટુંક વખતમાં આગળ પ્રવાસ ચાલુ કરશે.

ઉ. કરસનદાસ વનમાલી શાહ પોતાના પ્રવાસ દરમીઆન સાદરા, બોજા, વરસોડા, ઓરણ તાસપુર, વાગ્રપુર, ધડકણ, ધારીસણા વગેરે ગામોએ ગયા હતા. દરેક સ્થળે કૉન્ફરન્સના ઉદ્દેશો ઠરાવો અને સુકૃત ભંડાર ફંડની યોજના સમજાવતાં આગેવાનોએ સારો ટેકો આપ્યો હતો. અને દરેક ગામે ફંડમાં સારી રકમો ભરી આપી હતી. ઉત્સાહ સારો હતો.

ઉ. વાડીલાલ સાંકલચંદ-જૂન્નર, રીન્નર, સંગમનેર, નાસીક, એવલા વગેરે સ્થળે ગયા હતા. દરેક ગામોએ ઘટતા ઠરાવો કર્યા હતા, અને બાધાઓ લીધી હતી. ભાષણો લોકોએ બહુ રસપૂર્વક સાંભળ્યાં હતાં અને ફંડમાં ઘટતી રકમો ભરી આપી હતી.

## આવતો અંક વી. પી.

આ અંક મળેથી આપને પાક્ષિક જૈન યુગના બે અંકો હસ્તગત થયા હશે. અમારા ચાલુ ગ્રાહકો તથા અન્ય વાંચકોને નિવેદન કરવાનું કે આવતો તા. ૧-૨-૩૧ નો અંક અત્રેથી વી. પી. દ્વારા રવાના કરવામાં આવશે. આપ આ પત્રના ગ્રાહક તરીકે આપનું લવાજમ રૂા. ૨-૦-૦ મોકલી આપશો. યા વી. પી. મલેથી સ્વીકારી લેશો. મ. ઑ. થી લવાજમ મોકલવાથી આપને વી. પી. ખર્ચ ભરવું નહિં પડે, તે તરફ ધ્યાન ખેંચીએ છીએ. કદાપી આપ ગ્રાહક તરીકે રહેવા નજ ઇચ્છતા હો તો અગાઉથી ખબર આપવા તસ્દી લેશો કે જેથી સંસ્થાને ફોકટ વી. પી. ખર્ચમાં ઉતરવું ન પડે.

### સ્ટેન્ડીંગ કમિટિના સભ્યો પ્રત્યે.

બંધારણ અનુસાર ચાલુ સાલ સં. ૧૯૮૭ નો આપનો સુકૃત ભંડાર ફંડનો ફાળો રૂા. ૫) (ઓછામાં ઓછો) હજુ સુધી પરિષદ્ કાર્યાલયમાં મોકલી ન અપાયો હોય તો સત્વરે મોકલી આપવા વિનંતિ કરવામાં આવે છે. આ સબંધે આપને પત્રો લખાયા છે ફરીથી યાદ આપવા રજા લઇએ છીએ. કાર્યવાહી સમિતિએ આ ફાળો ભરી આપવાની મુદત વર્ષ શરૂ થતાં ચાર માસની ઠરાવી છે જે પૂરી થયા પહેલાં આપનો ફાળો અવસ્ય મોકવા પ્રબંધ કરશો.


## શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

### શ્રી સારાભાઇ મગનભાઇ મોદી લોન—સ્કોલરશીપ ફંડ.

આ ફંડમાંથી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સ્ત્રી કે પુરૂષ વિદ્યાર્થીને નીચે જણાવ્યા મુજબ અભ્યાસ કરવા માટે આર્થિક સહાય લોન રૂપે આપવામાં આવે છે.

(૧) માધ્યમિક કેળવણી અંગ્રેજી ચોથા ધોરણની અંગ્રેજી સાતમાં ધોરણ સુધીના અભ્યાસ માટે.
(૨) ટ્રેઇનીંગ સ્કૂલ અથવા કોલેજમાં અભ્યાસ કરી ટ્રેઇન્ડ શિક્ષક થવા માટે.
(૩) મિડવાઇફ કે નર્સ થવા માટે.
(૪) હિસાબી જ્ઞાન Accountancy ટાઇપ રાઇટીંગ, શોર્ટહેન્ડ વિગેરેનો અભ્યાસ કરવા માટે.
(૫) કળાકૌશલ્ય એટલે કે પેઇન્ટીંગ, ડ્રોઇંગ, ફોટોગ્રાફી, ઇજનેરી વિજળી ઇત્યાદિના અભ્યાસ માટે.
(૬) દેશી વૈદકની શાળા કે નેશનલ મેડીકલ કોલેજમાં અભ્યાસ કરવા માટે.

લોન તરીકે મદદ લેનારે મુકરર કરેલ ધાર્મિક અભ્યાસ કરવો પડશે. તથા લિખિત કરાર પત્ર કરી આપવું પડશે અને કમાવાની શરૂઆત થતાં જે મદદ લીધી હોય તે તેના મોકલવાના ખર્ચો સહિત વગર વ્યાજે પાછી વાળવાની છે. વિશેષ જરૂરી વિગતો માટે તથા અરજી પત્રક માટે સેક્રેટરીને ગોવાલીયા ટેંકરોડ,-ગ્રાન્ટરોડ-મુંબઇ લખો.

* સ્ત્રીઓએ લેખીત કરારપત્ર કરી આપવાનું નથી, વળી ટ્રેઇન્ડ શિક્ષક થનાર પુરૂષે તેમજ જેઓ માત્ર ધાર્મિક, સસ્કૃત યા પ્રાકૃતનો અભ્યાસ કરી તે ભાષામાં પુરેપુરા નિષ્ણાત થવા માગશે તેઓએ પણ કરારપત્ર કરી આપવાનું નથી. એટલે કે આ બન્નેએ પૈસા પાછા આપવા કે નહિ તે તેમની મુનસફી ઉપર રહેશે.

## જૈન વિદ્યોત્તેજક સહકારી મંડળ લીમીટેડ,

**સને ૧૯૨૫ ના સાતમાં એકટ પ્રમાણે તા. ૧૩-૧૨-૨૬ ને રોજ રજીસ્ટર થયેલી.**

**હેડઓફીસ:-ટાઉન હોલ સામે-મુંબઇ.**

થાપણ રૂા. ૫,૦૦,૦૦૦, દરેક રૂા. ૨૫) ના વીસ હજાર શેરોમાં વહેંચાયેલી ભરાયેલી થાપણ ૯૪૬૦૦ વસુલ આવેલી થાપણ ૫૪૬૪૦ દર શેરે રૂા. ૫) અરજી સાથે રૂા. ૧૦) એલોટમેન્ટ વખતે, અને રૂા. ૧૦) ત્યાર પછી.

ઉપરોક્ત મંડળમાંથી દરેક લાઇનમાં અહિં તેમજ પરદેશમાં અભ્યાસ કરવા માટે હાલ તુરત મુંબઇ ઇલાકાના ચંચળ બુદ્ધિના શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીઓને અભ્યાસ દરમીયાન છ આનાના વ્યાજે તથા ત્યાર પછી આઠ આનાના વ્યાજે યોગ્ય જામીનગીરીથી અને વીમો ઉતરાવી લોન આપી સહાય કરવામાં આવે છે. વિશેષ હકીકત માટે **ઑનરરી સેક્રેટરીને ટાઉન હોલ સામે, કોટ, મુંબઇ લખવું.**

શેર ભરનારાઓને વધુમાં વધુ ચાર ટકા વ્યાજ આપવાનો નિયમ છે. શેર લેવા ઇચ્છનારે ઉપરના સરનામે લખવું.

卐 जैन युग. 卐

वीर संवत् २४५७. हिन्दी विभाग. ता. १५-१-३१.

## श्री आबु तीर्थ और साप्ताहिक कर.

शेठजी कल्याणजी परमाणंदजी.

सिरोही ( राजपुताना ) नो पत्र.

ता. १-१-१९३१.

श्रीमान् स्थानिक महामंत्री,

श्री जैन श्वेतांबर कॉन्फरन्स, बोम्बे.

आपके दो पत्र ता. ११ व १६ डिसेंबरके आपहुंचे। जवाबमें निवेदन है कि ज्योंही हमको मालुम हुआ कि राजकी तरफसे जो इन्सपेक्टर आबू देलवाडेपर मुंडका वसूली को रहेता है उसने यात्रीयोंसे सात दिनसे जियादा ठहरनेपर जबानी हुक्मसे और मुंडका मांगा, हमने एक तार श्रीजी दरबार साहेब बहादूरकी सेवामें आबूरोड मुकाम भेजा, और एक रिपोर्ट यहांपर रेविन्यु कमिश्नर साहेबको दी है। हम जवाबकी इन्तजारमें थे इसलिए आपको कोई उत्तर नहीं दे सके। चूंके आपकी तरफसे ताकीद होने लगी और शेठ जीवनचन्दजी धरमचन्दजीने यहां आकर और ताकीद की है, इसलिए तार वो रिपोर्टकी नकल वो चीफ मिनीस्टर साहेबकी तरफसे जो मेमो आया उसकी नकल उसके साथ भेजी है

इस दरमियानमें श्री दरबार साहेब बहादूर से रोबरू भी अरज कीई गई, जिसपर फरमाया के संवत् १९३८ के ठहरावके खिलाफ अमल नहीं होगा, और इन्सपेक्टरने बेसमझीसे जो कारवाई यात्रीयोंके साथ की है उसके लिए योग्य किया जावेगा। रियास्तकी तरफसे जवाब आनेका इन्तजार है, मिलनेपर उसकीभी नकल आपको भेज दीई जावेगी। अब नयेसर यात्रीयोंको मुंडके बाबत कोई हरकत नही होगी और बाकीके कामके लिए भी हम पैरवी कर रहे हैं. बादमे लिखेंगे।

सोहुलियतसे काम निपट जावे एसी कोशिशमें हैं-क्योंकि आप जानते हो है कि मामला लम्बा करनेमें कोई फायदा किसोकोभी नहीं हो सक्ता।

फक्त ता० सन. सदर. सही..................मोदी.

मुनिम कारखाना देलवाडा.

पेढी शेठ कल्याणजी परमाणंदजी सिरोही.

## — आवश्यक सूचनाएं. —

कॉन्फरन्सकी स्टेन्डींग कमीटिके सभ्योंसे निवेदन.

कॉन्फरन्सके बंधारण आधीन कमीटिके प्रत्येक सभ्यको प्रतिवर्ष कमसे कम रुपये पांच श्री सुकृत भंडार फंडमें देना चाहिए। यह रकम कार्तिक शुद १ से चार महिने के अंदर मिल जाना चाहिए, अन्यथा कमिटीको अधिकार है कि वो चंदा न आनेसे खाली पडे हुए स्थानपर अन्य नियुक्ति करे। अतः जिन जिन महाशयोंने अभी तक अपना वार्षिक चंदा नहीं भिजाया हो उन्हें शिघ्रही वह भिजवा देनेके लिए विनंति की जाती है।

## — पाठकोंसे निवेदन. —

जैन युगका यह द्वितिय अंक आपकी सेवामें भेजा जा चुका है। हमें विश्वास है कि इस पत्रकी नीति-रीति आदिसे आपको संतोष मिला होगा। आगामी अंक वी. पी. द्वारा आपकी सेवामें भेजा जायगा जिसे स्वीकार अवश्य करेंगे एसी आशा है। यदि ग्राहक बननेकी इच्छा नहीं हो तो कृपया पत्र द्वारा सूचित करें। वी. पी. के खर्चसे बचनेका उपाय-इस अंकके प्राप्त होते ही-लवाजम रु. २) दो भिजवा देना है। वी. पी. नही स्वीकार कर वापिस लोटानेसे संस्थाको फजूल खर्चमें उतरना पडेगा, इसका ध्यान रखें।

श्री धूलचंद बालचंद सैलानासे अपने पत्रमें लिखते हैं कि:-

जैन युगका प्रथम अंक प्राप्त हुआ। सामग्री समयानुकूल है। हिंदी विभाग रखा है, यह देख हर्ष तो हुआ, परंतु साथ हीमे इस विभागके पोषणके लिए लेख आदि आपको मिलते रहेंगे वा नहीं इसके लिए शंका हुई। पंजाब और यू. पी पर आप दृष्टि डालें, वहांसे आपको कुछतो जरूर मिलेगा। मैंभी अपने मित्रोंको लिख देता हूं। 'जैन युग' का डंका प्रत्येक जैनके कानोंतक पहुंचे और यह समाजका श्रेय साधे।

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay 3.

...સાધુઓ પ્રત્યે વર્તન.

॥ नमो तित्थस्स ॥

Regd. No. B 1996.

# જૈન યુગ.

卐

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.)

વાર્ષિક લવાજમ
રૂપીઆ બે.

તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ.
[મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.]

છુટક નકલ
દોઢ આનો.

વર્ષ જુનું ૬ ઠું. નવું ૧ લું. | તા. ૧ લી ફેબ્રુઆરી ૧૯૩૧. | અંક ૩ જો.

– મુખ્ય લેખકો –

શ્રી મોહનલાલ દ. દેશાઈ,
બી. એ. એલએલ. બી.
એડવોકેટ.

„ મોતીચંદ ગિ. કાપડીઆ,
બી. એ. એલએલ. બી.
સોલીસીટર.

„ ઉમેદચંદ ડી. બરોડીઆ,
બી. એ.

„ હીરાલાલ હાલચંદ દલાલ
બાર-એટ-લૉ.

-સુચનાઓ-

૧ આ પત્રમાં પ્રકટ થતા લેખો માટે તે તે લેખના લેખકોજ સર્વ રીતે જોખમદાર છે

૨ અભ્યાસ મનન અને શોધ-ખોળના પરિણામે લખાયેલા લેખો વાર્તાઓ અને નિબંધોને સ્થાન મળશે.

૩ લેખો કાગળની એક બાજુએ શાહીથી લખી મોકલવા.

૪ લેખોની શૈલી, ભાષા વિગેરે માટે લેખકોનું ધ્યાન 'જૈન યુગની નીતિ-રીતિ' પ્રત્યે ખેંચવામાં આવે છે.

૫ આ પત્ર દર મહિનાની પહેલી અને પંદરમીએ પ્રકટ થાય છે.

પત્રવ્યવહાર:-
તંત્રી—જૈન યુગ.
ઠે. જૈન શ્વેતાંબર કૉ. ઓફીસ
૨૦, પાયધુની-મુંબઈ ૩

## અ......વ......ન......વું.

**'સંત શિરોમણી' મહાત્મા ગાંધી** જેઓને રાત્રિના બાર વાગતાના સમયે મહિનાઓ પૂર્વે ગિરફતાર કરવામાં આવ્યા હતા તેઓને તા. ૨૬-૧-૩૧ રાત્રે છોડવામાં આવ્યા છે. હિંદનાં 'ટ્રસ્ટી' હોવાની ધોષણા કરનારા રાજકર્મચારીઓને આખરે સત્ય સૂઝયું જણાય છે કે જ્યાં સુધી મહાત્મા ગાંધી અને કૉંગ્રેસ-રાષ્ટ્રીય મહાસભાના આગેવાનો અને તેને પગલે ચાલતી પ્રજાને મનાવી લેવામાં ન આવે ત્યાં સુધી કોઇ પણ સુધારો આવકારકદાયક યા સ્વીકાર્ય ન થઇ પડે! આથી હિંદના વાઇસરૉયે એક ઢંઢેરો બહાર પાડી ૧૯૩૦ ની જાન્યુઆરીથી મહાસભાની વર્કીંગ કમિટીના બધા સભ્યોને બિન શર્તે છોડી મેલવાનો નિર્ણય કર્યો છે.

**પાર્લમેંટમાં હિંદ:**—ગોલમેજી પરિષદ અંગે વડા પ્રધાને કરેલ નિવેદન અને તેમાં કરવામાં આવેલ કામકાજ સંબંધે ચર્ચાઓ તા. ૨૬-૧-૩૧ ના દિને થતાં વડા પ્રધાને હિંદને સંતોષવા માટે ઘડી કઢાએલી યોજનાનાં ભારોભાર વખાણ કરતાં તેને ટેકો આપવા સભાને અરજ કરી જણાવ્યું કે હવે દમનનો કોયડો ચાલે તેમ નથી! હિમાલયથી કેપ કોમોરીન સુધી તમારા સૈનિકોને દોડાધામ કરવા ધારતા હો તો તમે જાણો! દેશની આઝાદીની લડતનાં પૂરે સુતેલાઓને જાગૃત કર્યા હોય એમ જણાય છે! નીવડે વખાણ!

**'વર્તુલ પરિષદના વર્તુલમાં'** ભ્રમણ કરતાં હિંદના કહેવાતા 'ડેલીગેટો' શું મેળવી શકવા સમર્થ નિવડયા છે તે જાહેર પ્રજાએ અત્યાર અગાઉ જાણી લીધું છે. દેશના સમર્થ વિચારક, નિડર અને આખા દેશનો વિશ્વાસ ધરાવનાર નેતાઓએ અને પ્રજાના મ્હોટા ભાગે પરિણામની કલ્પના સત્ય જેવી કરી હોય તો તેમાં નવાઇ પામવા જેવું નહિ જણાય!

**પેલા રાઉંડ ટેબલીઆઓ** જાણે મ્હોટી ફતેહમારી કરી આવતા હોય તેમ રાષ્ટ્રીય મહાસભાના આગેવાન કાર્યકર્તાઓને તાર કરી સુણાવે છે કે અમે આવતાં સુધી અને આપ સાહેબોને મલતાં સુધી કૉંગ્રેસની વર્કીંગ કમિટીએ મહાશય મેકડોનલ્ડનાં નિવેદન પર કાંઇ પણ નિર્ણય પર આવવું નહિં, એવી વિનંતિ છે. 'મેક' નું નિવેદન એટલે ટુકડો એક હાથે નાંખવો અને 'સલામતી' ની બારીઓ વાટે બીજા હાથે લેવો! ધન્ય, સારી કમાણી કરી!

**શ્રી. મગનલાલ એમ. શાહ:**—સ્ટેન્ડીંગ કમિટીના સભ્ય અને શ્રી જીવદયા મંડલીના માનદ મંત્રી, એમણે પોતાના યુરોપના પ્રવાસ દરમીઆન લંડન ખાતે ત્યાની 'વેજીટેરીઅન સોસાયટી' ના વાર્ષિક મેલાવડા વખતે 'આહાર શુદ્ધિની હિલચાલ' સંબંધે એક મનનીય વ્યાખ્યાન આપ્યું હતું.

**વાંચકો પ્રત્યે:**—આ પત્રનાં વી. પી. સંખ્યાબંધ કરવાનાં હોઇ થોડાં વી. પી. દરેક અંકે કરવામાં આવશે. જેઓને વી. વી. મલ્યું ન હોય તેમણે પોતાનું લવાજમ મ. ઑ. થી મોકલી આપવા તસ્દી લેવી. કે જેથી એ આનાનું ફોકટ ખર્ચ ભોગવવું પડે નહિ.

**उद्‌धाविव सर्वसिन्धव; समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः ।**
**न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**
**-श्री सिद्धसेन दिवाकर.**

અર્થઃ-સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે; પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

સરિતા સહુ જેમ સાગરે, તુજમાં નાથ! સમાય દૃષ્ટિઓ;
જયમ સાગર ભિન્ન સિન્ધુમાં, ન જણાયે તુ વિભક્ત દૃષ્ટિમાં.

જૈન યુગ.
તા. ૧-૨-૩૧ રવિવાર.

# શ્રાવકોનું સાધુઓ પ્રત્યે વર્તન.

**શ્રા**વકોનાં નિત્યકર્મને જૈન ધર્મને અનુસરીને જોઇએ તો તેમાં સાધુઓને પોતાના ધર્મપિતા સમજી તેમને માન આપવા, તેમના પ્રત્યે પૂજ્યભાવ બતાવવા, તેમને આહાર પાણી વહોરાવવા, અને તેમનો સંયમનિર્વાહ થાય તે માટે તેમને ઉપાશ્રય. પુસ્તક, પાત્રાં, અભ્યાસાદિની સર્વ સગવડો પૂરી પાડવાનું નિત્યકર્મ પણ છે એમ તેઓ સમજી તે પ્રમાણે બને તેટલું વર્તે છે. સમ્યકત્વ વગર ભવનો પાર પમાતો નથી તેથી મિથ્યાત્વ પરિહરી મનની શુદ્ધિ રાખી વીતરાગ દેવ કે જેણે સર્વ કર્મનો અંત લાવી સર્વાર્થ સિદ્ધિ-સર્વ બંધમુક્તિ મેળવી છે તેને શ્રાવકોએ આરાધવાના છે, સુગુરૂની નિત્ય સેવા કરવાની છે; અને જીવદયાના મર્મવાળો દાન શીલ તપ અને ભાવના ઉપર રચાયેલો ધર્મ નિશ્ચલ મનથી પાળવાનો છે.

લાવણ્ય સમય નામના સાધુ વિક્રમ સોળમા સૈકાના મધ્યમાં એક સુંદર કવિ અને મર્મજ્ઞ વિચારક થઇ ગયા. તેમણે શ્રાવક વિધિપર વીસ કડીની સ્વાધ્યાય રચી છે તેમાં અરિહંત દેવ, સુગુરૂ અને ધર્મની આરાધના રૂપ સમ્યકત્વને ધરનાર તે શ્રાવક છે એમ જણાવી દેવ અને ધર્મનું સ્વરૂપ બે ચાર કડીઓમાં પતાવી સુગુરૂ ઉપર વિશેષ ભાર મૂકયો છે, તે નોંધવા જેવું છે. સુગુરૂનાં લક્ષણ શું એ પર પોતે જે કહે છે તેને પ્રચલિત ભાષામાં મૂકીશું.

“પંચ મહાવ્રત હીયડે ધરે પાંચ ઇંદ્રી જે વશ કરે
શીલ વ્રત સુધું જે વહે લોક પ્રતિ જોશ નવિ કહે.
છયે કાયની રક્ષા કરે અસૂઝતો આહાર પરિહરે
પંચ સમિતિ ત્રણ ગુપ્તિ સંવરે ગાંઠે ગરથ કિમે નવિ ધરે

અહિંસા સત્ય અચૌર્ય બ્રહ્મચર્ય અને અપરિગ્રહ એ પાંચ મહા વ્રતોને હૈયે ધારીને પાંચે ઇંદ્રિયને વશ કરે, શુદ્ધ શીલ વ્રતને વહે અને લોકોને જોશ-જ્યોતિષ (તારૂં આમ થશે, ભાવ બજારના આવા રહેશે વગેરે) કંઇપણ કહે નહિ, છયે કાયના જીવોની રક્ષા કરે, અને આહાર અસૂઝતો-અકલ્પ્ય વહોરે નહિ-તજે (સર્વ દોષ ટાળીને કલ્પ્ય આહાર લે) પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિથી સંવર કરે અને ગાંઠે પૈસો રાખે નહિ-એ સદ્‌ગુરૂના એટલે સાચા સાધુઓનાં લક્ષણ ટુંકમાં છે. પછી કવિ આગળ વધે છે. શા માટે ગુરૂએ પૈસો ન રાખવો?

જે ગુરૂ ગાંઠે ગરથજ કરે તે નિશ્ચે પિંડ પાપે ભરે
ગરથ ઉપરે વાધે મોહ ગરથ ગયે આણે અંદોહ
રાત્રિ દિવસ મન ગરથેં રમે મુનિવર ચારિત્ર મહિમા ગમે
ગરથેં વાધે કલહ વિવાદ ગરથેં જીવ કરે ઉન્માદ
ગરથ લગે અનરથ ઉપજે ગરથ મન મેલાં નીપજે
ગુરૂ ગરથેં દેહરાં ઉદ્ધરે ચંદન બાળી લીહાલા કરે

—જે ગુરૂ ગાંઠે ગરથ કરે છે તે નિશ્ચયે પોતાનું શરીર પાપથી ભરે છે પૈસા ઉપર મોહ વધે, તે ચાલ્યા જતાં અંદોહ-ગભરાટ કે ચિંતા થાય, દિવસ ને રાત મન તેમાં રમ્યાં કરે તો તેનું ફલ એ આવે છે કે મુનિવર હોય તેનો પણ ચારિત્રનો મહિમા ગમાવી દેવાય છે-નાશ પામે છે. (પૈસો રાખવો, રખાવવો, તેની દ્વારા મનમાન્યાં કામ કરાવવાં, કલેશ ને ઝઘડા ઉપજાવવા, પોતાની વૈરવૃત્તિને પોષવી-એ સર્વ નિંદ્ય છે, આ ભવ અને પરભવમાં અકલ્યાણ સેવવા રૂપ છે; કારણ કે) ગરથના કારણે અનર્થ ઉપજે, તેનાથી મન મેલાં થાય છે. ગુરૂથી તો ગરથ વડે દેહરાંનો ઉદ્ધાર પણ થાય નહિ -તેમ કરવું એ તો ચંદન બાળીને કોલસા કરવા જેવું છે.

આવા નાણાં રાખનાર—રખાવનાર—અનેક ઠેકાણે પોતાના નિમિત્ત કે પોતાના પંડના કામને નિમિત્તે નાણાં ભેગાં જમે કરનાર સાધુઓ આદરને યોગ્ય છે? આના ઉત્તરમાં કવિ જણાવે છે કેઃ—

ગરથ સહિત જે ગુરૂ આદરે તે નિશ્ચેં સવિ કૂડું કરે
મેલું ચીવર જે કાદવે ધુએ તે વલી ઉજ્વલતું જૂએ?
રત્ન વરાંસે પત્થર લીએ અમૃત ઠામે વિષ ઘોળી પીએ
ગજ મૂકી ખર ઉપર ચડે સુખ કારણ કૂઆમાંહિ પડે.

આવા દ્રવ્યવાળા ગુરૂને જે આદર આપે તે બધા નિશ્ચયેં ભુંડું કરે છે. મેલું લુગડું કાદવથી ધોવાથી કદી ઉજળું થાય? એમ કરવું તે તો રત્ન મૂકીને પત્થર લેવા જેવું છે, અમૃતને બદલે ઝેર ઘોળીને પીવા જેવું છે. કુગુરૂને આદર આપનાર તો હાથીને છોડી ગધેડાપર ચડે છે, સુખ લેવા જતાં તો કૂઆમાં પડે છે.

માટે કુગુરૂ કોણ અને સુગુરૂ કોણ તેનો ભેદ એટલે વિવેક કરવાની જરૂર છે. તે દરેકનાં લક્ષણ સમજી સુગુરૂ હોય તેનાં ચરણ સેવવાં; કુગુરૂનો ત્યાગ કરવો. કુગુરૂને આદર આપવો તે તેના કુગુરૂપણાને ઉત્તેજન આપવા બરાબર છે, માટે કવિ કહે છે કેઃ—

વરિ સેવો દૃષ્ટિ વિષ સાપ કુગુરૂ મ સેવો અતિ બહુ પાપ
સાપ મરણ દિયે એકજ વાર કુગુરૂ મરણ દિયે અનંતી વાર
ગળે પત્થર તરવા સંચરે આંખ મીંચી અંધારૂં કરે
કુગુરૂ મુક્તિ કાજે આદરે સવે બોલ તે સાચા કરે.

(અનુસંધાન પૃષ્ટ ૨૨ ઉપર જુઓ.)

# વાતાવરણ વ્યાપાર અને વાણીઓ.

વર્તમાન જીવનમાં ખૂબ ઉંડા ઉતરીને સમજવાનો આ સમય છે. અત્યારે અનેક પ્રકારના વિચાર પ્રવાહો એટલા જોશબંધ ચાલ્યા આવે છે કે જે પ્રજા કે તેનો વિભાગ એને સમજે નહિ અને એના ઉંડાણમાં ઉતરે નહિ તેને ટકવું બહુ ભારે પડે એમ છે. અર્થશાસ્ત્રના બહુ વિશાળ અભ્યાસ વગર ભાવી ઘટનામાં આપણને સ્થાન નથી એ વાત વિચારી ગયા. એટલીજ મહત્વની બાબત સમાજશાસ્ત્રના અભ્યાસની છે. અત્યારે 'સામ્યવાદ' ના વિચારોનો પ્રચાર એટલો બધો થતો જાય છે કે એને બરાબર સમજવાની જરૂર છે. એ સર્વનો આદર કેટલે અંશે કરવો તે જૂદોજ પ્રશ્ન છે, પણ એને સમજ્યા વગર જે શાસન રાષ્ટ્ર કે દેશને દોરવવા પ્રયત્ન કરતા હોય તે અંધારામાં ફાંફાં મારે છે. આપણે વ્યાપારના પ્રશ્નોનો નિર્ણય કરવો અનિવાર્ય છે તેથી અર્થશાસ્ત્રના અને સામ્યવાદના અનેક પ્રશ્નોને અવકાશ આપવો પડશે. એ સર્વ ચર્ચા કરવાનો મુદ્દો વ્યાપારનાં અનેક દૃષ્ટિબિન્દુ આપણી ઉધરતી પ્રજા સમક્ષ રજુ કરવાનો છે. આજે એક દૃષ્ટિકોણ રજુ કરીએ.

વહેંચણીનો વ્યાપાર ( Distributive Trade ) આપણા હાથમાં આ હરીફાઇના જમાનામાં ટકવો ઘણો મુશ્કેલ છે. કારણ કે અન્ય પ્રજાઓ હવે ભણવા લાગી છે, એટલે વ્યાપાર વાણીઆનો એ વાત ટકી રહે તેમ નથી. અને દલાલી-આડત કે વચગાળેના નફા દૂર કરવાનો આદર્શ સામ્યવાદીઓનો છે. તેઓને એમ લાગે છે કે નાણાનું રોકાણ કરનાર કે એક દેશથી બીજે દેશ માલ મોકલનાર કે મંગાવનારને શા માટે નફો મળવો જોઇએ? ઉત્પન્ન કરનાર પાસેથી વાપરનાર સીધો માલ ખરીદે તેમ કરવા પ્રયત્ન કરે છે અને ગમે તેમ કરી વચગાળેના નફા ( Middlemen's Profits ) ઓછા કરવા અને બને તો તદ્દન દૂર કરવા ઇચ્છે છે. આ પરિસ્થિતિ વ્યાપાર ઉપર મદાર બાંધી રહેલી કોમે ખાસ વિચાર કરવા જેવી છે.

દુનિયાના પ્રવાહને ફેરવવો અશક્ય છે, પણ આપણા વ્યાપારની પદ્ધતિઓ ફેરવવી પડશેજ એમાં શક નથી. આપણા હાથમાં જે બજારો હતા અથવા થોડા ઘણા છે તેમાંનો એક પણ અત્યારના સમાજવાદમાં ટકે તેમ નથી. આપણા રૂ, દાણા, કાપડ, ઝવેરાત, કે કરીઆણાના વ્યાપાર આપણા હાથમાં ન રહે તો આપણે શું કરવું? આ સવાલ સમાજની દૃષ્ટિએ વિચારવાનો છે, વર્તમાન દેશ કાળ અને પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વિચારવાનો છે, આપણા સ્વજીવનને માટે વિચારવાનો છે અને આંખો ઉઘાડી રાખીને વિચારવાનો છે.

આપણે પ્રથમ મોટા વ્યાપારની વાત જવા દઇ નાના વ્યાપારથી શરૂઆત કરીએ. કારણ કે નાના વ્યાપારમાં મુડીની મુંઝવણ રહેતી નથી, ધનવાનોની પરાધીનતા રહેતી નથી. અને મોટી ગડમથલ કરવી પડતી નથી. આવા વ્યાપારમાં આપણે જો ઉત્પન્નના ક્ષેત્રમાં પડવા અભ્યાસી ભાઇઓને સમજાવીએ તો તેથી બેવડો લાભ છે. એક તો દેશનું ધન દેશમાં રહે અને સ્વદેશીને ઉત્તેજન મળે અને બીજુ નાના વ્યાપારમાં પ્રમાણમાં નિરવદ્ય ધંધા આપણે પસંદ કરવાનો અવકાશ ખુબ રહે. આથી નાના પાયા ઉપર ઉત્પત્તિના ક્ષેત્ર તરફ આપણું આકર્ષણ વ્યવહાર અને ધર્મની નજરે વધારે રહી શકે અને તેમાં મોટી સંખ્યાના જૈનોને આપણે લાભ કરી કરાવી શકીએ.

અત્યારે લોકરૂચિ 'સ્વદેશી' તરફ ઢળી છે. આપણને સ્વરાજ મોડું કે વહેલું મળશે તે રાજદ્વારી ક્ષેત્રનો વિષય છે, પણ સ્વદેશીની ભાવના હવે જાય તેમ નથી. અત્યારે ફ્રેન્ચ વાયલ પહેરી નીકળનાર શરમાય છે અને અંતે રહી સહી હશે તે ખૂટી પડશે. આપણને નાની મોટી અનેક જરૂરીઆતની ચીજો વાપરવી પડે છે અથવા બીજાને વપરાશ માટે જોઇએ છે. આપણે સોઇ કાંચકીથી માંડીને સવારથી સાંજ સુધીમાં સેંકડો ચીજો વાપરીએ છીએ, પણ તે ક્યાંથી આવે છે તેનો વિચાર કરતા નથી. આપણા ટેબલ પર પડેલી પેન્સીલ, હોલ્ડર, પેન, ખડીઆ, પીવાનાં વાસણો, જમવાનાં વાસણો. બત્તી, કાચ વિગેરે વિગેરે સેંકડો ચીજોનો દરરોજ ખપ પડે છે. એમાંની કોઇ પણ ચીજ આપણે તપાસી તેનો અભ્યાસ કરીએ અને બનાવી પૂરી પાડવા યત્ન કરીએ તો પ્રમાણિક જીવન આપણા માટે શક્ય નથી?

શ્રમજીવી થઇને કામ કરીએ તો 'નિરાશ્રિત' એવો શબ્દ પણ જૈનમાં હોય? આપણે કપડાં તો દરેકને પહેરવાં પડે છે. આપણે દરજીનું કામ શા માટે ન શીખી લઇએ? એ ધંધામાં કાંઈ હીણપત છે? એક સારો 'કટર' રીતસર ભણીને ખાલી કપડાં કાપવાનું કામ કરે તો દર માસે સોથી સવાસો રૂપીઆ ખુશીથી પેદા કરી શકે છે. તે ભણાવવાના ક્લાસો મોજુદ છે. સુતાર કામ સુલભ અને જરૂરી છે. કોઇ ધંધો કરી પ્રમાણિકપણે રોટલી રળવામાં વાંધો નથી. ચાલે ત્યાં સુધી ઓછો સાવદ્ય ધંધો પસંદ કરવાનો છે. પણ વાણીઆનો દિકરો દરજી કે સુતારનું કામ કેમ કરે-એવા અર્થ વગરના અને નિર્બળ વિચાર અત્યારે પાલવે તેમ નથી. કોઇની દયા પર જીવવાને બદલે ગમે તે પ્રમાણિક ધંધો કરવો ઉચિત છે અને તે સમજવાની અત્યારે તે ફરજ છે.

આ હકીકત જરૂર ચર્ચા ઉત્પન્ન કરે તેવી છે, પણ વિચારશીલ ચર્ચાથી ગભરાવાનું કાંઇ કારણ નથી. આખી વણિક કોમ અત્યારે મહા ભયંકર પરિસ્થિતિમાંથી પસાર થાય છે. ભવિષ્ય વધારે આકરૂં અને ભયંકર સ્પષ્ટ દેખાય છે અને વ્યાપાર ગયો એટલે સમાજમાં ધર્મનું સ્થાન નાશ પામે તેમ છે. અત્યારે આપણે નાશને પાટલે બેઠા છીએ, એના કાંઠા પર છીએ. જો વખતસર ચેત્યા નહિ તો આપણામાં સમજણ નહોતી એમ ભવિષ્યની પ્રજા ઇતિહાસમાં લખશે. આ ચિતાર ભય ઉત્પન્ન કરવા આપ્યો નથી. પણ વસ્તુસ્થિતિની બારીક વિચારણાને પરિણામે ભાસ્યો તે આપ્યો છે.

તેથી આપણામાંના જેઓ અત્યારે મહેતાગીરી કે મુત્સદીગારીની નોકરીથી રદ થયા હોય, જેમના ધંધા ધાપા સુકાઇ ગયા હોય, જેઓ મોટી નુકસાની વગર ધંધો ચલાવી શકે તેમ ન હોય અથવા જેઓ નિરૂદ્યમી હોય તેમણે એકદમ

## — ખુલાસાની જરૂર છે.

તીર્થમાલા નામની બુકમાં પ્રસ્તાવના પૃષ્ટ સંખ્યા ૨૧ માં છપાયું છે કે રાજગ્રહીની પાસે ગુણાયા છે તે વાસ્તવિક ગુણાયા નથી માટે હાલમાં ગુણાયા કયાં માનવી જોઇએ.

ગુણાયાની સમીપ શીલવાસક ગુણશીલ હોય તો તે ઇશાન કુણમાં માની શકાય કે નહી? અને એમજ માનીએ તો સંપૂર્ણ ભાગ ઇશાનમાં માનવાથી શું બાધ આવે છે?

ભગવતી સૂત્રમાં પ્રતિપાદિત છે કે ગુણશીલની સમીપ આવેલા વિપુલાચલ પર્વત ઉપર ખંદક મુનિઆદિ અણસણ કરવા ગયા છે. અને કેટલાક મુનિરાજો વિપુલાચલથી ઉતરીને ગુણશીલ ભણી ગયા કહેલા છે, તો એ કથન ગુણાયા માટે બધ બેસતું આવી શકે છે કેમ?

ગુણાયાથી રાજગ્રહી જવાનાં માર્ગ વર્તમાનમાં ઘણાં છે એ બાબત અને રાજગ્રહી–વૈભારગિરીથી પશ્ચિમ દિશામાં છે એ માનવા યોગ્ય ગણાય કે નહી?

ક્ષત્રિય કુંડ ( લચ્છુવાડ ) કયાં છે? કેમ કે ક્ષત્રિય કુંડ માટે વૈશાલી નગરીના સમીપ હોવાનું સાંભળ્યું છે, અને ક્ષત્રિય કુંડ અને બ્રાહ્મણ કુંડ આવી સ્થિતીમાં હતા કે ક્ષત્રિય કુંડથી બહાર જનારાને બ્રાહ્મણ કુંડમાં થઇને જવું પડે એવું ભગવતી સૂત્ર શતક ૯ પૃષ્ટ સંખ્યા ૪૬૧ અને ૪૭૪ માં પ્રતિપાદિત છે અને એ માન્યતા ખરી છે તો બસાડમટ્ટીનો ઉલ્લેખ કરતાં એ બાબત માની શકાય કે નહી? ( બેંગાલમાં બ્રાહ્મણ કુંડ નામના હમણા ઘણાં ગામો છે એ ધ્યાનમાં રાખવું.)

રાજગ્રહીની નિકટ વૃત્તિ–કુલાક સન્નિવેશમાં લચ્છુવાડથી આગલ કુમાર ગામમાં રહીને પ્રભુએ પારણું કર્યું, એ કથન જેટલું સંભવિત ગણાય તેટલું વિશાળ મટ્ટીથી આવવું પણ સંભવિત ગણાય. અને એ પ્રમાણે આવનારને ગંગા નદી વચમાં આવે છે કે નહી અને વચલા કુમાર ગામથી કુણાલા કેટલા માઇલ છેટે ગણાય?

ઉપરોક્ત શંકાનું સમાધાન કોઇ મહાનુભાવ કરશે તો આભારી થઇશ.

છોટી સાદડી,
મેવાડ.

લી૦
**ચંદનમલ નાગોરી.**

---

શ્રમજીવી થઈ જવાની જરૂર છે. **શ્રમ વગર આપણને પારકી દયા પર જીવવાનો અધિકાર નથી અને હાથ લાંબો કરીને માંગવા જેવું અધમ કૃત્ય અન્ય નથી.**

ધંધો કેવો કરવો તેમાં તો ઘણા પ્રશ્નો ઉપસ્થિત થાય છે. આપણને ઉત્પત્તિનો જે ધંધો યોગ્ય લાગે તેમાં જોડાઈ જવું અને એમાં ખોટા ખ્યાલથી કે મિથ્યાભિમાનથી કદિ તણાઇ ન જવું. સ્વજન કુટુંબને માટે અનેક પ્રકારના અપવાદ પણ સેવી શકાય છે તે જેટલા ઓછા બને તેટલા સ્વીકારીને પણ **પ્રત્યેક જૈને તુરત શ્રમજીવી થઇ જવાની** જરૂર છે. અને અમુક ધંધો ન કરવો કે એવી નજીવી ખ્યાલી વાતોને આ સમયમાં બહુ અગત્ય આપવી યોગ્ય નથી. ધંધાની પસંદગી સંબંધી પણ અવકાશે જરૂર વિચાર કરવાની તક હાથ ધરવામાં આવશે.

—મો. ગિ. કા

## — લગનના ખરચમાં ઘટાડો.

જુન્નર કૉન્ફરન્સનું અધિવેશન થયા બાદ મહારાષ્ટ્રના કેટલાએક ગામોના ગ્રુપની એક મીટીંગ મનમાડમાં થઇ હતી. તે વેળા લગ્નના ખરચમાં ઘટાડો શી રીતે થઇ શકે તે બાબતનો વિચાર થયો હતો. લગભગ ૨૦–૨૫ ગામોના પ્રમુખ ગૃહસ્થોએ હાજરી આપી હતી. શેઠ લાલચંદ ખુશાલચંદ બાલાપુરવાલાએ પ્રમુખસ્થાન સ્વીકારેલું હતું. અને કેટલાએક અગત્યના ઠરાવો થયા હતા.

દરેક લગ્નમાં પચંના દાપા તરીકે રૂપીઆ ૩૦૦–૩૫૦ લેવાનો રીવાજ ચાલતો હતો. તેને બદલે રૂા. **૧૦૧** લેવાનો રીવાજ કાયમ કરવામાં આવ્યો હતો. દરેક પક્ષ તરફ ત્રણ ચાર ન્યાતો જમણો ફરજીઆત લેવામાં આવતા હતા, તેને બદલે વર પક્ષ તરફથી એક અને કન્યા પક્ષ તરફથી એક એવા બે જમણોજ ફરજીઆત લેવાનો રીવાજ કાયમ કરવામાં આવ્યો હતો. બીજા પણ કેટલાક પરચુરણ ઠરાવો કરવામાં આવ્યા હતા.

આ કાર્ય એવલાના પ્રમુખ લોકો તરફથી ઉપાડી લેવામાં આવ્યું હતું. અને હાજર રહેલાઓની સ્વાગતા કરવાનું બધું ખર્ચ તેમણે ઉપાડી લીધું હતું તે માટે તેમને ધન્યવાદ ઘટે છે.

જૈન લગ્ન વિધિનો અમલ, વેસ્યાના નાચ ગાણાનો નિષેધ અને બીજા પણ કેટલાએક ખરચમાં કરવો જોઇતો ઘટાડો વિગેરે તેમજ ધાર્મિક અને સામાજીક ખાતાઓના હીસાબોની ચોખવટ, પંચના વહીવટના કાનુનો, જૈન પાઠશાળાઓની વ્યવસ્થા અને કેળવણી માટે વિદ્યાર્થીઓને મદદ આપવી, દરેક ગામમાં ખાસ **જૈન** ધર્મશાળા ખોલવી, જૈનોને મદદ આપવી વિગેરે વિષયો માટે ઘટતું કરવા અમારી કાર્યકર્તાઓને સૂચના છે.

ઠરાવો થયા પછી તેનો અમલ કરવો મુશ્કેલ હોય છે; પણ સારા ભાગ્યે એવલામાં શેઠ છગનદાસ દુલભદાસને ત્યાં પ્રથમ લગ્નનો પ્રસંગ આવ્યો તે વખતે શેઠ પોપટલાલ રૂપચંદ અને શેઠ હરખચંદ લીલાચંદે ખાસ ધ્યાન આપી ઠરાવોનો અમલ બરાબર થાય તેવી ચીવટાઇ રાખી હતી. જેને પરીણામે લોકોમાં સારો સંતોષ ફેલાયો હતો.

માલેગામમાં ઘણા વરસો પેહેલાં આવા સુધારાઓ દાખલ થએલા છે. લગ્નના બધા રીવાજો ફરજીઆત કાઢી નાખી મરજીઆત કરવામાં આવ્યા છે. પંચનું દાપુ રૂા. ૮૧ લેવાય છે, વેશ્યાનું ગાયન નાબુદ થયું છે. વિશેષે કરી મંદીર અને સાધારણ ખાતાના હીસાબોનું સરવૈયું તૈયાર કરી દર વરસે બધા પંચોને બતાવી તે પર સહીઓ લેવાનો રીવાજ કાયમ કરવામાં આવ્યો છે. એ રીવાજ દરેક ગામના પંચે અનુકરણ કરવા લાયક છે.

મહારાષ્ટ્રમાં ઘણા ગામોમાં જૈનોની વસ્તી થોડા થોડા ઘરોની છે તેને લીધે અને અન્ય લોકોના સહવાસથી કેટલાએક રીવાજો કાયમ થઇ ગયા છે, તેમાં જમાનાને અનુસરી ફેરફાર થવાની જરૂર છે.

**'મહારાષ્ટ્રીય જૈન.'**

# વિ...વિ...ધ...નોં...ધ.

( પરિષદ્ કાર્યાલય-કૉન્ફરન્સ ઑફીસ તરફથી. )

## ૧ સીરોહી પંચે રાજ સાથે કરેલો તાર વ્યવહાર.

Copy of telegram dated 13 December 1930 from the Puncha Mahajans of Sirohi to His Highness the Maharajah Dhiraj Maharao Saheb Bahadur, Sirohi State, Abu Road.

"Delwara pilgrims complain seriously against unauthorised demand by Inspector of fresh taxes in contravention of final settlement of Samvat 1938, from one Champaklal of Bombay staying over seven days and consequent stoppage of his entry into Jain temples for worship. Inspector's such actions interfere with religious freedom and hurt pilgrims feelings. Pray order Tehsildar immediately and wire. Panch Mahajans."

Copy of Memorandum No. 139 R. C. dated 15th December 1930, from Brigadier A. R. B. Shuttleworth, Chief Minister, Sirohi Stae to the Punch Mahajans of Sirohi.

"With reference to your telegram dated 15th December 1930, I have been instructed by His Highness to convey to you the fact that the matter is being enquired into and that no further communications on the subject are necessary until you hear further from me."

Copy of Memorandum No. 227 R. C. Dated 10th January 1931, from Brigadier A. R. B. Shuttleworth, Chief Minister Sirohi State to the Punch Mahajans of Sirohi

"In continuation of my Memo No. 139 R. C Dated the 15th December 1930, I am instructed by His Highness to inform you that no fresh rules or regulations have been brought into force at the Delwara temples, Mount Abu, and that the rules laid down in Samvat 1938 and 1918 A. D. are still in force. Champaklal's affair was due to misunderstanding."

## આબુનો સાપ્તાહિક કર.

### શિરોહીના ના૦ મહારાજા સાહેબનો હુકમ.

સિરોહીનાં નામદાર મહારાજા સાહેબની રૂબરૂ મુલાકાતો દરમ્યાન આબુ તીર્થની યાત્રાએ જનાર બંધુઓ અને બ્હેનોએ કોઇપણ જાતનો વધારાનો ફરી ફરીને કર આપવાનો નથી એવા અમારા છેવટના નિવેદન બાદ ના૦ મહારાજા સાહેબે અમોને અંગત ખાત્રી આપેલ તે અન્વયે જે હુકમ સિરોહીના પંચને આપ્યો છે, તેની નકલ આ નીચે સર્વેની જાણમાટે આપવામાં આવે છેઃ—

શિરોહીના પંચ મહાજનને શિરોહીના ચીફ મીનીસ્ટર બ્રીગેડીઅર એ. આર. બી. શટલવર્થ તરફથી મેમો નં. ૨૨૭/ આર. સી. તા. ૧૦-૧-૧૯૩૧ આપણી સાપ્તાહિક કર વિરૂદ્ધની લડતના જવાબમાં મોકલવામાં આવ્યો છે, તે નીચે મુજબઃ—

"તારીખ ૧૫-૧૨-૧૯૩૦ નંબર ૧૩૯/ આર. સી. વાલા મેમોના અનુસંધાનમાં નેક નામદાર મહારાજા સાહેબની સૂચના અનુસાર જણાવવાનું કે માઉંટ આબુ ઉપરના દેલવાડાના મંદિરો માટે કોઇ પણ નવા ધારા ધોરણ અમલમાં મૂકવામાં આવ્યા નથી. અને સંવત્ ૧૯૩૮ તથા સન્ ૧૯૧૮ માં મુકરર થયેલા ધારા ધોરણો હજુ અમલમાં છે. **મી. ચંપકલાલનો કિસ્સો એ ગેર સમજનું પરિણામ હતું.**"

## મહારાષ્ટ્રીય જૈન સંમેલન, પૂના.

શ્રી જુન્નેરમાં જૈન શ્વેતાંબર મહાસભાની બેઠક વેળા અનેક ઉપયોગી ઠરાવો કરવામાં આવ્યા હતા, તેની અમલવારી કેવી રીતે થઇ શકે તે બાબત મહારાષ્ટ્રના પ્રમુખ આગેવાનોનું એક સંમેલન ભરવાનું નક્કી થયા મુજબ જુન્નેર કૉન્ફરન્સના સ્વાગતાધ્યક્ષ શ્રીયુત ચુનીલાલ સરૂપચંદ રાજુરીકરની આગ્રહભરી વિનંતીને માન આપી શુક્રવાર તા. ૩૦-૧-૩૧ ના દિને સંમેલન થવાના સમાચાર મળ્યા છે.

## સાભાર સ્વીકાર.

**—સુચનાઓઃ—**જીનેંદ્ર દર્શન પૂજા અંગે તેમજ દેરાસરના કાર્યવાહકોએ અમલ કરવાની કેટલીક સુચનાઓ-લખી શ્રી મણીલાલ ખુશાલચંદ પરીખ પાલણપુર; અમદાવાદવાળા શાહ જેઠાલાલ ભોગીલાલ હ. લલુભાઇ જેઠાલાલ, રૉયલ વૉચ કંપનીવાળાની આર્થિક સહાયથી છપાવી પ્રસિદ્ધ કરનાર શ્રી વીર વિદ્યોત્તેજક સભા પાલણપુર જરૂર હોય તેમણે, ૦)૦ાાની ટીકીટ મોકલી મંગાવવી.

**—કેલેન્ડરોઃ—**(૧૯૩૧) મેશર્સ ભાઇચંદ અમુલખની કું૦ વિમાના એજંટો. ઠે. ૯ વોલેસ સ્ટ્રીટ, કોટ, મુંબઇ-તથા -મેસર્સ પદમશી કાનજી મુકાદમ હ. શેઠ કાનજી ઉદેશી, માંડવી ભાત બજાર તરફથી કેલેન્ડરો મલ્યાં છે.

**—યોજનાઃ—**શ્રી જૈન બાલમિત્ર મંડળ તરફથી મુંબઇના જૈન વિદ્યાર્થીઓના લાભાર્થે સને ૧૯૩૧ માટેની ધાર્મિક ઇનામી પરિક્ષાની યોજના તેના ઑ. સેક્રેટરીઓ તરફથી મલી છે. ત્રાંબાકાંટો, પાયધુની, મુંબઇ નં. ૩.

( અનુસંધાન પૃષ્ટ ૧૮ થી )

ભલે એકવાર નજર પડે કે ઝેર ચડીને મરણ થાય એવા દૃષ્ટિવિષ સાપને સેવો, પણ કુગુરૂને ન સેવતા-તેનાથી અત્યંત પાપ થાય છે; કારણ કે સાપ તો એક વખત મરણ પમાડે છે, પણ કુગુરૂ તો અનંતીવાર મરણ આપે છે. જેઓ મુક્તિ મેળવવા માટે કુગુરૂનો આદર કરે તેઓ તો ગળામાં પત્થર બાંધી તરવા જનાર અને આંખો મીંચી અંધારૂં સેવનાર જેવી વસ્તુસ્થિતિ ખરેખર કરે છે.

કેટલાક એમ કહે છે કે ગુરૂ ગમે તેવા હોય? આપણે તેનાથી શું? તેણે ગુરૂનો વેષ લીધો છે માટે તેને નમવું, ભજવું, ને તેનો આદર કરવો. આવી માન્યતાવાળા દરેક જમાનામાં હોય છે અને તેથીજ સમાજમાં ને દેશમાં જમાના સુધી ચાલી આવતી ભ્રષ્ટતામાં વધારો થયાં કર્યો છે અને કેટલાક દેશહિતૈષીઓ આવા કુગુરૂઓને દેશના ભારરૂપ માનવા પ્રેરાયા છે. કવિ કહે છે કે આવી માન્યતા રાખનાર તે મૂરખ છે:—

એક મૂરખ કહે સવિ માનીએ
આપણ વેષ ભણી વાંદીએ
વેષ લેઇ વિષ ભક્ષણ કરે
કહો તે જીવે કે એ મરે?

— એક મૂરખ એમ કહે છે કે આપણે તો બધાયને માનવા-આપણે તો તેના વેષને વંદન કરવાનું છે. આવા મુરખને કહેવાનું કે વેષ લઇને વિષનું ભક્ષણ કરે તો જીવંત રહે કે મૃત્યુ પામે? માટે ગુરૂ બની કુગુરૂ થાય તો તેનો નાશ થવો સર્જાયો છે.

કેટલાક દાક્ષિણ્યનો ભાવ બતાવી કહે છે કે તે તો આપણા ગચ્છના છે-આપણા ધર્મના ગુરૂ છે પછી તે ગમે તેવા લખણના હોય તેમાં આપણે શું? આપણે તો તેને આપણા ગુરૂ માનીને આદરવા ઘટે. આવું માનનારા પણ મુરખા છે કારણ કે આપણો સગો દીકરો હોય ને તે ચોરી કરે ને તેને આપણા ઘરમાં રાખીએ તો આપણને રાજ તરફથી શિક્ષા થાય કે નહિ? જરૂર થાય. અગ્નિ આપણે રાખી હોય તો તે આપણું ઘર પણ બાળે અને તે ઘરમાં બીજા આવે તે પણ બળે માટે કુગુરૂને તજો, તજો ને તજો આ વાત ટુંકમાં નીચે પ્રમાણે જણાવી છે:—

એક મુરખ વલી બોલે એમ 'આપણા ગુરૂ લોપી જે કિમ?'
આપણો, બેટો ચોરી કરે ધરિ રાખે તો રાઉલિ ધરે.
અગ્નિ આપણી ઘર પરજળે માંહિ આવે તે સહુયે બળે
ઇંમજાણી કુગુરૂ પરિહરો સાચા ઉપર આદર કરો.

આમ કુગુરૂને તજી સાચા ગુરૂ- સદ્ગુરૂનો આદર કરો, સદ્ગુરૂના આશ્રય વગર નિસ્તાર નથી. તેનાથી સમ્યકત્વ આવશે, તેનાથી અંતરદૃષ્ટિ ખુલશે અને અંધારાનાં પડો ચીરાશે. આત્મજ્ઞાનથી જ઼ધ્ર મુક્તિથશે. આ સમ્યકત્વ-આ શ્રાવક વિધિનો સાર સમજી કવિ અંતે તે પરની સ્વાધ્યાય પૂરી કરે છે કે:—

શ્રાવકને એ સમકિત સાર મુગતિ તણાં ઉઘાડે બાર
**લાવણ્યસમય** મુનિવર ઈમ કહે મુગતિ-વધૂ તસ લીલાં વરે."

છેવટે પ્રાર્થના એ કે સદ્ગુરૂની શોધ ચાલુ રાખો, સદ્ગુરૂ શોધ કર્યાથી ઘણાને મળ્યા છે, આપણ સર્વને કાં તો નજરે દેખાય છે, અને ન દેખાય તો દેખાશે; ન મળ્યા હોય તો સદ્ગુરૂ મળો-સત્વર મળો એમ વાંછો. મળ્યા હોય તો તેના ચરણ કમલમાં સદા રહી આત્મપ્રગતિ સાધો.

ઉપદેશ મીઠી
વાણીથી કરતા
સીંચી શાંતિને
કલેશ સદા હરતા
અતિ દાઝ શાસ-
નની દિલે ધરતા
જગના હિતની
ભાવના આદરતા
એવા ગુરૂની જપું જપ
માળ કયારે સાંપડશે?
શોધ્યા મળ્યા તો મુઝ
ધન્ય સદ્ગુરૂને વદીએ.

—**મોહનલાલ દેશાઇ.**

## વાણિયો.

(સંગ્રાહક—**મોહનલાલ દેશાઇ.**)

વાણિયો વણજ કરે છે રાજ ઓછું આલીને મકલાય-આંકણી
ઘરાગ દેખી ગલિયો થાયે બૈસ્યો બૈસ્યો કરે રે
ત્રાજુડીને ટાક મારે પઇસ્યો ઝુંડી લીયે-વાણિયો૦
વિવાહે ધન વાવરે ને પાલખીઓ લેવા જાય રે
એક બદામની કાજે વાણિયો સો સો ગાલો ખાય-વાણિયો૦
ડોઢ સવાયા કરે બિમણા ઘરમાં ભેલું થાય રે
કરપીનું કોઇ કાજ ન આવે બારે વાટે જાય-વાણિયો૦
વાણિયો દિસંતો વહેવારીઓ ને કોટે સોવન કંડી રે
ધૂત્યાનો જેહને ઢાલ પડ્યો છે એહની વેલ વણઠી-વાણિયો૦
આઇ બાઇ કાકા મામા બોલાવે બહુ માંને રે
મોંનો મીઠો મનનો મેલો જૂઓ એ બગધ્યાન-વાણિયો૦
ઘરાગ દેખી ગેહલો થાઈ હલ ફલ થઇને હરખે રે
લોભે આવ્યું તુસી લીઈ પાપ કરમ નવિ પરખે-વાણિયો૦
અસંખ્યાતા જીવની ઘાતે એક બિદાંમ કમાય રે
આરંભે અભિમાને ખરચે મુહુર મુહુર પૌમાય-વાણિયો૦
પાપ કરતો પાછું ન જુઈ સો સો સમ ખાય રે
કર હો કાંટે જુઠુ બોલે જિમ તિમ ભેલું થાઈ-વાણિયો૦
પાપ કર્યું તે પાસે રહેસ્યે સજ્જન ખાસે હાથ રે
**વિશુદ્ધવિમલ** કહે વીરની વાંણી આવે કમાઇ સાથ-વાણિયો૦

( મુનિ જશવિજય સંગ્રહ. )

---

**कॉन्फरन्सकी स्टेन्डींग कमीटिके सभ्योंसे निवेदन.**

कॉन्फरन्सके बंधारण आधीन कमीटिके प्रत्येक सभ्यको प्रतिवर्ष कमसे कम रुपये पांच श्री सुकृत भंडार फंडमें देना चाहिए। यह रकम कार्तिक शुद १ से चार महिने के अंदर मिल जाना चाहिए, अन्यथा कमिटीको अधिकार है कि वो चंदा न आनेसे खाली पडे हुए स्थानपर अन्य नियुक्ति करे। अतः जिन जिन महाशयोंने अभी तक अपना वार्षिक चंदा नहीं भिजाया हो उन्हें शिघ्रही वह भिजवा देनेके लिए विनंति की जाती है।

**મી. આઇઝેક ફુટ**—વિલાયતમાં વર્તુલ પરિષદને લગતી ચર્ચા વખતે પોતાના ભાષણમાં જણાવ્યું છે કે '**ગાંધીના કારાવાસે હિંદી જેલોને પ્રતિષ્ઠાના ચાંદ સમી બનાવી મુકી છે.**'

## —: ધર્મ શિક્ષણ :—

( ૨ )

ગત અંકમાં આ વિષયને અંગે ધર્મ અને ધાર્મિક જીવનનો સહજ ખ્યાલ આપી, એલ્સીનોર-પરિષદ્‌માં થયેલી ચર્ચાઓના કેટલાક મુદ્દાઓ સાથે આપણા ધર્મના શિક્ષણ સાથે સંબંધ ધરાવતા થોડાકજ મુદ્દાઓ આપી, તે સર્વ ઉપર ચર્ચા ચલાવી, જૈન શિક્ષકો વિગેરેની એક ખાસ પરિષદ્ બોલાવવાની સૂચના કરવામાં આવી હતી. આ સૂચના માટેના વિશેષ કારણે નીચે મુજબ છેઃ—

આ વિષયપરત્વે જૈન અને જૈનેતર વિદ્વાનોના અભિપ્રાયો સને ૧૯૧૦ માં જૈન કૉન્ફરન્સ ઓફીસે પ્રકટ કર્યા પછી અને તે અરસામાં, જૈન કૉન્ફરન્સ હેરલ્ડ ( આ પત્રના પૂર્વ-રૂપમાં ) માં આને અંગે તેમજ તેના અભ્યાસક્રમને અગે અનેક વિદ્વત્તાભર્યા લેખો આવ્યા પછી, જૈન એજ્યુકેશન બોર્ડદ્વારા છેલ્લા બે દાહેકામાં આ વિષયમાં આપણે કેટલું આગળ વધ્યા-એટલે કે ઉપર જણાવેલા અભિપ્રાયો પૈકી કયા અભિપ્રાયો આપણા સમાજે કેટલા પ્રમાણમાં આજ સુધીમાં સ્વીકાર્યા અને તે અનુસાર કંઇપણ પ્રગતિ થઇ કે નહિં, તે સર્વની તપાસ કરવા માટે આવી પરિષદ્ એક મુખ્ય સાધન છે. જુદી જુદી દિશાએથી જુદા જુદા પ્રકારના છૂટા છવાયા પુસ્તકો કે પુસ્તકમાળાઓ પ્રકટ થઈ ચુકી છે. પણ આ પુસ્તકો ધર્મ શિક્ષણ માળાને અંગે કેટલા ઉપયોગી છે તેનું ખરૂં મૂલ્ય તો આવી પરિષદ્‌જ આંકી શકે. વળી ધર્મશિક્ષણ અંગે છૂટા છવાયા અખતરાઓદ્વારા જુદી જુદી વ્યક્તિઓ કે સંસ્થાઓને મળેલા અનુભવો આવી પરિષદ્‌માં રજુ કરી શકાય. અને એ બધા અનુભવોમાંથી સાર ખેંચી આવી પરિષદ્ જે નિર્ણયો સમાજ આગળ મૂકે તેનો સર્વત્ર સ્વીકાર જલ્દી થાય.

આવી પરિષદ્‌માં કેળવણીકારો અને કેળવણી રસિક સજ્જનો, સામાન્ય તેમજ ખાસ ધર્મ વિષયક શિક્ષકો, પરીક્ષકો, અને કેળવણી સંસ્થાઓના સંચાલકોને આમંત્રવામાં આવે. તે નિબંધોની માંગણી કરવામાં આવે, અને આ વિષયના અનેક અંગો ઉપર ચર્ચાઓ કરાવી તે ઉપર ચોક્કસ નિર્ણયો કરવામાં આવે તો જૈન સમાજને ઘણોજ લાભ થવા સંભવ છે.

આવી પરિષદ્ બોલાવવાને જો કોઇપણ સંસ્થા વધારે લાયક હોય તો તે આપણું જૈન એજ્યુકેશન બોર્ડ છે. ચોક્કસ ધોરણો પાડી તેના અભ્યાસક્રમો ગોઠવી, વાર્ષિક ધાર્મિક હરીફાઇની પરીક્ષાઓ અનેક વર્ષો થયાં આ બોર્ડ લે છે અને તે રીતે અને તે અંશે ધર્મ શિક્ષણનો સારો પ્રચાર આ બોર્ડે કર્યો છે. પરંતુ આવી પરીક્ષાઓ માત્રમાંજ અટકવાનું નથી. આપણે તો બહુ આગળ જવાનું છે.

આપણા એજ્યુકેશન બોર્ડે જે ધોરણો પાડી અભ્યાસ-ક્રમ ગોઠવ્યો છે તે ઉપરથી એમ સમજાય છે કે તેને પરિક્ષા દેનારની ઉમ્મર સાથે કે તેના બીજા વિષયોના અભ્યાસના પ્રકાર સાથે તેમજ બીજી જૈન કેળવણી વિષયક સંસ્થાઓના અભ્યાસ ક્રમો સાથે કંઇપણ સંબંધ નથી. બાળ કે કન્યા ધોરણોમાં પણ ઉમ્મર સાથે કેટલો સંબંધ છે તે પણ સ્પષ્ટ નથી. પણ તેના સર્વ ધોરણોના અભ્યાસક્રમ તપાસતાં એટલું તો માલુમ પડે છે કે તેમાં મોટે ભાગે પ્રાકૃત અને સંસ્કૃત પુસ્તકોજ ગોઠવવામાં આવ્યા છે. હવે આ ભાષાઓનો અભ્યાસ આપણે ત્યાં કેવો નહીં જેવો થાય છે તે સવ કોઇને વિદિત છે. તેમ છતાં આ ભાષાઓદ્વારાજ ધર્મશિક્ષણ અત્યારે તો અપાય છે!! તો શું ધર્મશિક્ષણ આપણી માતૃભાષાદ્વારા આપવું અશકય છે? એ પ્રશ્ન કુદરતી રીતે ઉપસ્થિત થાય છે.

આ સંબંધમાં એક વિદ્વાનના નીચલા વિચારો સમજવા જેવા છેઃ—

" આજે આપણે જે ભાષામાં બોલીએ છીએ-વિચારીએ છીએ, ટુંકમાં જીવન જીવીએ છીએ, તે આપણી માતૃભાષા છે, આપણો પ્રાણ અને બળ છે. તે એકનેજ બળવાન બનાવી આપણે તેનાથી શક્તિ મેળવવાની છે. એ બળ મેળવવા માટે દુનીઆની અનેક ભાષાઓમાંથી સારી વસ્તુઓ જેમ ભાષાંતર કરીને લાવીએ તેમજ સંસ્કૃત ( પ્રાકૃત ) માંથી પણ તે લાવીએ."

"ચાલતી ભાષામાં આજે આપણે એક બીજાને સમજવાનું છે. ચાલતી ભાષામાં આજે આપણે આગળ ધપવાનું છે એટલે ચાલતી ભાષામાંજ દૂનીયાનું જુનું નવું બળ આપણે ઉતારવાનું છે. એમાં સંસ્કૃત (પ્રાકૃત) માં રહેલ બળને સમાવી દેવું ઘટે છે." શું હજીએ પ્રાચીન ભાષાના સૂત્રોની ગોખણપટ્ટી માનસ્ શાસ્ત્રની દૃષ્ટિએ બાળકની શક્તિનો ત્રાણ કાઢનારી પદ્ધતિ જણાતી નથી?

ટુંકમાં, વિદ્યાર્થિની ઉમ્મર, અને તેના બીજા વિષયોના અભ્યાસના પ્રકાર સાથે સારો મેળ બની રહે તેવી રીતે માતૃ-ભાષાદ્વારા ધર્મ શિક્ષણ કેવી રીતે આપી શકાય તે પ્રશ્નનો નિકાલ લાવવા માટે તેમજ પોતે જે પરીક્ષાઓ દર વર્ષે લે છે તેનો અભ્યાસ ક્રમ સૂધારી શકાય તે માટે ઉપર સૂચવ્યા મુજબની પરિષદ્ તુરત બોલાવવા માટે આપણું એજ્યુકેશન બોર્ડ ઘટતો પ્રબંધ કરશેજ એવી મારી શ્રદ્ધાભારી આશા છે.

ઉ. દો. બ.

---

है कि प्रत्येक नेता अपने २ कल्पनोंका कदा ग्रही बनना चाहता है और अपने स्वतंत्र, निर्बळ कल्पना शक्ति द्वारा धर्म और समाजोद्धार के महान् यंत्रालय को चलानेका प्रयास करता है, तब सिवाय निष्फ-लता के कुछ भी परिणाम नहीं आता। अगर वो ही नेता सर्व समाजके आत्माओंको एकात्मरुपमें आकर्षित कर एक महान शक्ति बनाकर उक्त कार्यको हाथमें लेलेवे तो अवश्यही उसमे सफलता प्राप्त हो सक्तो है। जैसे पतले २ डोरोंका समूह हाथी जैसे महान् प्राणीको बांध देता है और अनेक अग्नि के कण लोहे जैसे सख्त धातुको भस्म कर देते हैं, इत्यादि सफलता प्राप्त करनेका कारण एक ऐक्यताही है। इस लिये हमे भी अपने धर्म और समाजके उन्नतिके (Problem) कोयडेको (Solve) उकेलने के लिये जगतके (Unity) ऐक्यताके महान् सिद्धांत को मान देना परमावश्यक है।

—रिषभदास बी. जैन.

# जैन युग.

वीर संवत् २४५७. हिन्दी विभाग. ता. १-२-३१.


## ऐक्यताके लिये वीर सन्तानोंसे अपील.

सज्जनो! विश्वके विज्ञानशास्त्र के नियमानुसार प्रत्येक भौतिक पदार्थमें ( Magnetism ) आकर्षण शक्ति रही हुई है, उसी तरह ( Spiritual Science ) अध्यात्म तत्वज्ञान भी कहता है कि हरएक आत्मामें एक प्रकारका ( Magnetism ) भरा हुआ है और इसीलिये एक अध्यात्त तत्ववेत्ता जगत के सर्वोपरी तरण तारण पदको प्राप्त करनेकी प्रवृत्ति करता है तब प्रथम वह अपने आकर्षण शक्ति द्वारा अपने आत्माको विश्वात्मरुप बनाता है, फिर सफलताको प्राप्त करता है। जब तक वह प्रत्येक आत्माको अपनेसे भिन्न समझता है तब तक अपने ध्येय बिन्दुको प्राप्त करना उसके लिये असम्भव रहता है, इसलिये विश्वके महान् विज्ञानवेत्ता वीर प्रभूने विश्वके कल्याण हेतु यह सत्य संदेश जाहिर किया था कि " Regard all creatures as thyself and harm no one " आत्मने प्रति कूलानि परेषां न समाचरेत्। अर्थात प्रत्येक आत्मामें तेराही स्वरुप है, इसलिये सबके साथ प्रेम भाव रखे। इस लिये जैसे चुम्बक आपनेमें अकर्षण शक्ति होते हुए भी जब तक वो लोहे के पास जाकर खडा नहीं होता तब तक अपने शक्तिको कार्यरुपमें नहीं ला सकता, उसी तरह जो समाज, ज्ञाति या देश अपने आधिभौतिक या आध्यात्मिक मार्गमें उन्नति करना चाहता है तो वह जब तक एकात्मरुप (Atmosphere) भाव न बना देता तब तक अपने (Progressive Stage) उन्नत दशाको प्राप्त नहीं कर सक्ता।

कई एकको प्रत्यक्ष प्रमाण द्वारा इस सिद्धांत को निर्विवादित स्वीकार करना पडता है कि जापान, जरमन, अमेरिका आदिदेशों के उन्नति मार्गमें आगे बढनेका केवल कारण देशका एकात्मभाव ( one atmosphere.) था। उन देशके नेताओंने एकही नाद से और एकही तान से देशोन्नति के वाजित्रको बजाया था, न कि प्रत्येक नेताने अपने २ मार्गमें अलग २ प्रवृत्ति की थी। सर्वत्र एक समान देशाभिमान छाया हुआ उन देशोंमें नजर आता है। यही उनके उन्नतिका मूल कारण है। देशाभिमानका एक वर्णन है के जपानसे आनेवाली स्टीमरमें खानेको कुछ नहि मिलनेसे आनेवाले भारत वासीयोंने "जापानकी स्टीमरें कितनी खराब है कि जिनमें खानेको भी कुछ नहीं मिल सक्ता"। ऐसा कहा सो जापान के एक फल बेचनेवाले व्यापारीने सुन लिया, जिसपर उसने उन भारत वासीयोंको खुब फल खिलाकर उनकि भूक बुझाई। और फलोंके बीलके बदलेमें उस व्यापारीने आखर यहि मांगाके "भविष्यमें आप किसीभी देशमें पधारें तो आप ये शब्दही न निकालें कि "जापानकी स्टीमरोंमें खानेको कुछ नहीं मिलता"। देखिये उस देशाभिमानको, के घर लुटाकर भी देशका गौरव रखा।

उक्त उदाहरणसे अब हमे सोचना चहिए कि हम विश्वबन्धु वीरके पुत्र होनेपर भी हमे आधुनिक संसार के एक कोने बैठनेका सम; क्यों प्राप्त हुआ। अरे! हमारे पूर्वजनोने तो जगतके जन समुदायमे "महाजन" जैसे उच्चपद को प्राप्त किया था, उन वीर सन्तानोंकी आज ऐसी अवनत् दशा क्यों? परंतु खेदपूर्वक कहना पडता है कि वीरके उस एकात्मभावरुप सत्य संदेशको भूल गये, और समाजमे क्लेश और द्वेशने भयंकर रुप पकड लिया, यही हमारे अधःपातका मुख्य कारण है।

हम यही नहीं कहते कि समाजको परम कृपाळु महावीर प्रत्ये और उनके पवित्र सेवामे अभाव आ गया है। कदापि नहीं! परन्तु खास कारण यह

( અનુસંધાન પૃષ્ટ ૨૩ ઉપર જુઓ )

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay 3.

...સેનાધિપતિને અંજલી. ॥ नमो तित्थस्स ॥ Regd. No. B 1996.

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.)

વાર્ષિક લવાજમ રૂપીઆ બે.

તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ. [મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.]

છુટક નકલ દોઢ આનો.

વર્ષ જુનું ૬ ઠું. નવું ૧ લું. | તા. ૧૫ મી ફેબ્રુઆરી ૧૯૩૧. | અંક ૪ થો.

- મુખ્ય લેખકો -

શ્રી મોહનલાલ દ. દેશાઈ, બી. એ. એલએલ. બી. એડવોકેટ.

,, મોતીચંદ ગિ. કાપડીઆ, બી. એ. એલએલ. બી. સોલીસીટર.

,, ઉમેદચંદ ડી. બરોડીઆ, બી. એ.

,, હીરાલાલ હાલચંદ દલાલ બાર–એટ–લૉ.

-સુચનાઓ-

૧ આ પત્રમાં પ્રકટ થતા લેખો માટે તે તે લેખના લેખકોજ સર્વ રીતે જોખમદાર છે

૨ અભ્યાસ મનન અને શોધખોળના પરિણામે લખાયેલા લેખો વાર્તાઓ અને નિબંધોને સ્થાન મળશે.

૩ લેખો કાગળની એક બાજુએ શાહીથી લખી મોકલવા.

૪ લેખોની શૈલી, ભાષા વિગેરે માટે લેખકોનું ધ્યાન 'જૈન યુગની નીતિ–રીતિ' પ્રત્યે ખેંચવામાં આવે છે.

૫ આ પત્ર દર મહિનાની પહેલી અને પંદરમીએ પ્રકટ થાય છે.

પત્રવ્યવહાર:–

તંત્રી—જૈન યુગ.

ઠે. જૈન શ્વેતાંબર કૉ. ઓફીસ

૨૦, પાયધુની–મુંબઈ ૩

## — આરામમાંથી પ્રવૃત્તિમાં.

મુંબઇની નવમી વૉર કાઉન્સીલના પ્રમુખ શ્રી વીરચંદ પાનાચંદ શાહ કે જેમને ચાર માસ પર્યંત કારાવાસ સેવવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થતું હતું અને ઉક્ત મુદત દરમીઆન સ્વયંપ્રાપ્ત નિવૃત્તિ ભોગવ્યા બાદ તા ૬ ઠી શુક્રવારે જેલ મુક્ત કરવાથી સવારના ૧૦–૩૦ વાગતે 'ડેકન ક્વીન' મારફતે બોરી બંદર આવી પુગ્યા હતા. તેઓ આ કૉન્ફરન્સની સ્ટે. કમિટીના એક સભ્ય છે તેમજ કૉન્ફરન્સ હસ્તક ચાલતાં એજ્યુકેશન બોર્ડના માનદ મંત્રી હોવા ઉપરાંત અનેક સંસ્થાઓના સેક્રેટરી અને કાર્યકર્તા તરીકે યોજાયેલા હોઈ સમાજ સેવામાં પોતાનો બનતો ફાળો આપી રહ્યા છે. સ્વભાવે સરલ અને સેવા ભાવી હોવાથી તેમનો છૂટકારો થયાં પછી બોરીબંદર સ્ટેશને આવી પુગતાં સંખ્યા બંધ નરનારીઓ તેમને માન આપવા સ્ટેશને હાજર રહ્યાં હતાં. સ્વયંસેવકો એ પણ રાષ્ટ્રધ્વજ સાથે પોતાના યુનિફૉર્મમાં વીરચંદભાઇને માન આપવા હાજરી આપી હતી. મુંબઇ શહેરના જૈન જૈનેતર અગ્રગણ્ય શહેરીઓ સારી સંખ્યામાં હાજરી આપી હતી. હાજર રહેલાઓ પૈકી ઘણા જૈન આગેવાનો અને અન્ય બંધુઓ ઉપરાંત શેઠ સૂરજી વલભદાસ, શ્રી નગીનદાસ માસ્તર, ડૉ. જી. ટી. મોદી વિગેરે હાજર થયા હતા. અને ટ્રેન પ્લૅટફૉર્મમાં આવી પુગતાં તેમને સંખ્યા બંધ હાર તોરા પહેરાવવામાં આવ્યા હતા. પંડિત મોતીલાલ નહેરૂના ખેદજનક અવસાનના ખબર આવેલા હોઇ તેમને માટે વિશેષ સત્કારની થયેલી ગોઠવણ સરઘસ આદિનો કાર્યક્રમ પડતો મેલવામાં આવ્યો હતો. ટુંક વિવેચન તેઓશ્રીએ કર્યા બાદ શાંતિથી સૌ વિખરાયા હતા.



શ્રી. વીરચંદ પાનાચંદ શાહ.

---

**શ્રી પોરબંદર જૈન સંઘ**–ઉપદેશક અમૃતલાલ વાડીલાલ જતાં જાહેર ભાષણ આપ્યું હતું. સુ. ભં. ફંડમાં રૂ. ૧૦૦) મોકલી આપવા નિર્ણય થયો છે.

**उदधाविव सर्वसिन्धव; समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः ।**
**न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**
**-श्री सिद्धसेन दिवाकर.**

અર્થઃ—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે; પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

---

સરિતા સહુ જેમ સાગરે, તુજમાં નાથ! સમાય દૃષ્ટિઓ;
જયમ સાગર ભિન્ન સિન્ધુમાં, ન જણાયે તું વિભક્ત દૃષ્ટિમાં.

**જૈન યુગ.**
તા. ૧૫-૨-૩૧ રવિવાર.

# સમર્થ સેનાધિપતિને અંજળી.

દુનિયામાં જન્મેલા સર્વને એક દિવસ જરૂર જવાનું છે. નામ એનો નાશ નિર્મિત છે. આ સંસારમાં કોનું જીવન સફળ ગણાય એ ખરો પ્રશ્ન છે. ઘણાખરાને માટે આ જન્મ ફેરો સમાનજ થઇ પડે છે અને કેટલાકોને તે વધારે ઉંડા ખાડામાં ઉતારનાર પણ થઇ પડે છે. આજ સારૂં હિંદ **પંડિત મોતીલાલ નહેરૂ**ના અવસાનને લઇને શોકમાં પડી ગયું છે. ગામે ગામ એને માટે સ્વતઃ હડતાલો પડી છે, લાખો મનુષ્યોએ એની સ્મશાન યાત્રામાં શોક સાથે ભાગ લીધો છે, લાખો બ્હેનો ભાઇઓએ જાહેર મીટિંગમાં એના યશોગાન ગાયા છે, સર્વ પત્રકારોએ એના યશોજીવનની તારીફ મુક્ત કંઠે કરી છે. એ સર્વનું રહસ્ય શું? એ સર્વની પછવાડે કઇ ભાવના છે? એમાં કઇ પ્રેરણા પ્રાપ્તવ્ય છે?

પંડિતજી ખરેખર અમીર હતા. એની વાર્ષિક આવક સાધારણ રીતે ચારથી પાંચ લાખની ગણાય. એમનું 'આનંદ ભુવન' એટલે મોટા શહેનશાહોને પણ ઘડિભર વિચારમાં નાખી દે એવા વૈભવનું સ્થાન. એમની મ્હેમાનગીરી ઉમરાવને પણ લજવે તેવી. એમના કપડાં શુદ્ધ વિદેશી. એમનો શોખ વિદેશી. એમની રહેણી કરણી સર્વ યુરોપીય.

આ વૈભવશાળી પ્રખર વિદ્વાન્ પ્રથમ પંકિતના વકીલ મોજ શોખમાં ઉછરેલ મહાપુરૂષને રાષ્ટ્ર વિધાતા શક પ્રભાવી સંત શીરોમણિ સાથે સંબંધ થયો. અને પછી તો પારસમણિ અને લોહનો હિસાબ થયો. સને ૧૯૧૯ પછીનો પંડિતજીનો ઇતિહાસ એટલે એક ઉમરાવ ફકીરી ધારણ કરે ત્યાર પછીની તેની સેવાભાવનાનો ઇતિહાસ ગણાય. એણે વૃદ્ધ વયે યુવાનને શરમાવે એટલા કામો કર્યા. એમની સેવાનો સરવાળો કરી શકાય તેમ નથી ખરો નેતા કઇ વિશાળતાથી કામ કરી શકે એ એમના જીવનમાંથી સમજવા જેવું છે. એમનો છેલ્લો બાર વર્ષનો ઇતિહાસ અનેક દિશાએ ધડો લેવા લાયક અનુકરણીય છે.

લોર્ડ બર્કનહેડે હિંદને ચેલેન્જ કરી કે તમે લોકો ઉચ્છેદક કામ કરો છો. પણ રાજકીય બંધારણમાં કાંઇ પ્રતિપાદક કાર્ય કોઇ બતાવે તેમ છે? એ આહ્વાન પંડિતજીએ સ્વીકાર્યું અને દશ મેંબરોએ જે રિપોર્ટ તૈયાર કર્યો તે 'નેહરૂ રિપોર્ટ' ના નામથી ઓળખાય છે. એ રિપોર્ટ વાંચી મુત્સદ્દિઓએ આંગળીઓ મુખમાં નાખી. એમને જણાયું કે હિંદમાં પણ મુત્સદીઓ પડયા છે. એ આખો રિપોર્ટ પંડિતજીના અતિ ઉંડા રાજદ્વારી અભ્યાસનું પરિણામ હતું એ વાત તે વખતે પણ સમજાઇ હતી.

આવા મહાપુરૂષે વૈભવો છોડી દીધા, આનંદ ભુવન દેશને અર્પણ કરી દીધું, ખાદી ધારણ કરી અને વિષમવ્રતો આદર્યાં. એણે પોતાની સગવડ કે વયનો વિચાર ન કર્યો અને દેશની આઝાદીમાં ઝુકાવ્યું. કલકત્તાએ એમને પાંત્રીશ ઘોડાની ગાડીમાં બેસાડી રાજ્ય વૈભવી માન આપ્યું તેથી એ મલકાયા નહિ અને માન અકરામની માયાવી જાળમાં ફસાયા નહિ. અનન્યચિત્તે એમણે હિંદમૈયાની સેવા કરી અને સખ્ત મંદવાડમાં પણ સ્વદેશ પ્રેમ ભાવને ઉગ્રપણે દાખવ્યો.

સુખચેન, સગવડ, એશઆરામમાં ઉછરેલ એ વયોવૃદ્ધ દેશ નેતાને સરકારે જેલમાં મોકલ્યા. આનંદ ભુવનના વૈભવ માણનારને નાની કોટડીમાં રહેવું પડયું. કારાવાસની અપાર યાતના એણે સેવાભાવે સહન કરી. પણ ફુલની કળી અંદરથી કરમાવા લાગી. મનોબળ ગમે તેટલું મજબૂત હોય તો પણ શરીર તો એનો ધર્મ બજાવેજ. આ વીર નેતાએ ગણગણાટ પણ કર્યો નહિ. દેશહિત ખાતર સર્વ પ્રકારની અગવડો વેઠી અને મંદવાડના ખાટલા પાસે પણ ભારત મૈયાની સ્વતંત્રતાની રચના માટે વિચારણાઓ કરી, મીટિંગો ભરી અને અભિપ્રાયો આપ્યા.

મુંબઇમાં એક પરદેશી કાપડના વ્યાપારી તેમની પાસે ગયા ત્યારે એક પ્રસંગ જણાવા જેવો બન્યો. તે વ્યાપારી કહે કે અત્યારે એક પીકેટીંગથી તેને લાખો રૂપીયાનું નુકસાન થાય છે તેનું શું? પંડિતજીએ જવાબ આપ્યો કે એક પોતાના પુત્ર જવાહીરલાલની કેળવણી ખાતર તેમણે દસ પંદર લાખ રૂપીયા ખર્ચ્યા છે તે તેણે દેશને સોંપ્યા તો વ્યાપારીઓ આટલો ભોગ દેશ મૈયા ખાતર ન આપે? આ જવાબમાં પંડિતજીનું માનસ કેવું ભાવનામય હતું, તે જણાઇ આવે છે. લાખોની કમાણી એક સાધ્ય ખાતર ફેંકી દેનાર, અસાધારણ મુત્સદ્દીગીરીથી ધારાસભાના નેતા તરીકે કાર્ય કરનાર, જરૂર જણાયે એજ ધારાસભાનો ત્યાગ કરનાર, પંડિત જવાહીરલાલ જેવા સુપુત્રને દેશ સેવામાં વગર સંકોચે દોરનાર, આખા કુટુંબના નાના મોટાને જેલમાં જવાની પ્રેરણા કરનાર આ મહાત્માજીના મુખ્ય સેનાધિપતિ મહા વદ ચોથની પ્રભાતે એજ મહાત્માજીની હાજરીમાં ચાલ્યા જાય છે.

અને તેજ રાત્રે મહાત્માજી શું બોલે છે? 'તિલક, દાસબાબુ, લજપતરાય અને મોતીલાલજીના અવસાન સમયે લોકોના ચહેરા ઉપર હું શોક નહિ, પણ આનંદની છાયા ફરકતી નીહાળું છું.' આ માર્મિક વાકયમાં બહુ રહસ્ય છે. આગળ ચાલતાં મહાત્માજી કહે છે કે 'મોતીલાલજીના અવસાનનો અર્થ જે લોકો નહિ સમજી શકે તો જગત આપણને પશુરૂપ લેખશે.' આ વધારે મર્મવાળી હકીકત છે. એનો ઉકેલ

# પંડિત મોતીલાલ નહેરૂને જૈનોની શ્રદ્ધાંજલિ.

## પ્રમુખ નગીનદાસ ટી. માસ્તરના મનનીય વિચારો.

### 'અમીરીમાંથી ફકીરી'

તા. ૯-૨-૩૧ ના દિને રાતના (સ્ટાં. ટા.) ૮ વાગતે શ્રી આદીશ્વરજીની ધર્મશાળામાં જૈનોની એક જાહેર સભા શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ, જૈન એસોસીએશન, સ્વયંસેવક મંડળ, જૈન યુવક સંઘ, જામનગર ઓશવાળ યુવક મંડળ અને શ્રી આદિશ્વરજીના મંદિરના ટ્રસ્ટીઓ તરફથી રાષ્ટ્રના મહાન્ નેતા અને દેશ સેવા માટે અમીરીમાંથી ફકીરી સ્વીકારનાર મહાન્ રાજનીતિજ્ઞ પંડિતવર્ય મોતીલાલ નહેરૂના શોક જનક સ્વર્ગવાસ માટે દિલગીરી પ્રદર્શિત કરવા સારૂ બોલાવવામાં આવી હતી. સભાનાં પ્રમુખસ્થાને શ્રીયુત નગીનદાસ ટી. માસ્તર બી. એ. એલએલ. બી. સોલિસિટર બિરાજ્યા હતા.

શરૂઆતમાં સભા બોલાવનારી પત્રિકા શ્રી મોહનલાલ દેશાઇએ વાંચી સંભળાવી હતી.



શરૂઆત થતાં શ્રી વીરચંદ પાનાચંદ શાહ તથા શ્રીમતી લીલાવતી મુનશીએ પ્રસંગોચિત વિવેચન કરતાં પંડિતજીના જીવન વૃતાન્ત સાથે તેમનાં સેવા અને આત્મભોગપર ખૂબ અજવાળું પાડયું હતું.

### પ્રમુખશ્રીનું વિવેચન.

પ્રમુખ શ્રી નગીનદાસ માસ્તરે જણાવ્યું કે જે વખતે પંડિતજીની દેશને જરૂર હતી તેજ સમયે તેઓ સ્વર્ગે સીધાવ્યા છે એ દુઃખનો વિષય છે. નહેરૂ રિપોર્ટ ઘડનાર એ મહા પુરૂષ બંધારણ ઘડવાને સમયે જીવતા હોત તો એ ઝળહળતું બનત. જે દુર્ભાગ્ય પ્રાપ્ત થયું તેને સહે છુટકો. આપણે તેના જીવનમાંથી પ્રેરણા ઘણી મળે છે અને જેમ ઉંડા ઉતરશો તેમ મળશે. તેમના જેવી ત્યાગવૃત્તિ કેળવો. જનતાની પીડા ટાળવા ભગવાન બુદ્ધે ત્યાગ સ્વીકાર્યો. પંડિતજીની પ્રવૃત્તિ જૂદા ક્ષેત્રમાં હતી અને તેમણે જે જાતનો ત્યાગ કર્યો અને આત્મભોગ આપ્યો તે

---

કરો, એ સંતને સમજવાનો પ્રયાસ કરવા જેવું છે, અને આપણું તે કર્તવ્ય છે.

મોતીલાલજી પોતાની શક્તિથી વધ્યા, કાયદાશાસ્ત્રી તરીકે નામ કાઢયું, હજારોની ફી લીધી, છોડયું ત્યારે સર્વથા છોડી દીધું અને સેવા કરતી વખતે સગવડ વૈભવ કે સગપણનો વિચાર ન કર્યો. એ વિલાયતમાં જન્મ્યા હોત તો વડા પ્રધાન થાત. એણે મહાત્મા પાસેથી પ્રેરણા લીધી તે છોડી નહિ. લોકો એને કોઇવાર ન સમજ્યા ત્યારે પણ એ ડગ્યા નહિ અને આખરે ત્રિરંગી કપડામાં લપેટાઈ હિંદમૈયાનો ધ્વજદંડ ઉંચો રહ્યો છે તે અનુભવી ચાલ્યા ગયા.

સેવાભાવનું આ જીવન છે. મહાત્યાગનું આ દૃષ્ટાંત છે. અદ્‌ભુત મનોદશાનો આ પ્રસંગ છે. સાધ્ય માટે મહાન્ ભોગનો આ વિરલ દાખલો છે. એનો હસનો ચેરો, માર્મિક આંખો, વિપુલ ભવાંઓ અને મર્મગ્રાહી દૃષ્ટિ મુંબઇવાસીઓ તો કદિ ભૂલશે નહિ. આવી સેવા ભાવના અનન્ય શ્રદ્ધા આત્મબળ અને સુંદર ત્યાગ વારંવાર વિચારી જીવન સાથે મેળવવા યોગ્ય છે, જીવવા યોગ્ય છે અને એક રીતે સમજીએ તો મરવા યોગ્ય છે. પરમાત્મા એમના આત્માને શાંતિ સમર્પો. મો. ગિ કાપડીઆ.

અજોડ છે તેમનો ત્યાગ પણ જનતાની પીડા ટાળવા માટે છે તો આપણે કેમ ઉપકાર ભૂલીએ. તેમણે અમીરી છોડી ફકીરી સ્વીકારી તે કોના માટે?. આર્ય ભૂમીમાં આ નવી વાત નથી. માટે તમે પણ તેમના જીવનમાંથી પ્રેરણા મેળવો અને ખાસ કરી તેમની ઇષ્ટ વસ્તુ તરીકે વિદેશી વસ્તુઓનો ત્યાગ કરી સ્વદેશીવ્રત ગ્રહણ કરો તો તેમની શ્રદ્ધાંજલિમાં કાંઇ તર્પણ કર્યું ગણાશે.

### પ્રમુખની જૈનોને સલાહ.

આગળ ચાલતાં તેમણે જણાવ્યું કે એક વખતે તમારા જૈનોમાંથી કેટલાકોને હજુ સ્વદેશીની સૂગ છે કયાંતો પરદેશીનો મોહ છૂટતો ન હોય એવી વાત મ્હારી જાણમાં આવી હતી. હું ધારૂં છું કે તે વાત હવે દૂર થઇ હશે અને સૌ સ્વદેશી વસ્ત્રો પહેરતા હશો. જો હજુ તેમ ન બન્યું હોય તો હું કહીશ કે, પંડિતજીએ અનેક આત્માભોગો અને કારાવાસ સહન કરી મૃત્યુ નજીક આણ્યું તેને માટે તેના ત્યાગની ખાતર પણ સ્વદેશી વ્રત અખ્ત્યાર કરો. આપણે સૈનિક છીએ સીપાઈ છીએ અને લડત લંબાય તો પણ આપણે આપણો ફાળો આ રીતે તો અવશ્ય આપવો બાદ કેટલુંક વિવેચન થયા પછી **શ્રી મોતીચંદ ગિ. કાપડીઆએ** ઠરાવ રજુ કર્યો કે 'રાષ્ટ્રના મહાન્ નેતા અસાધારણ ત્યાગ કરનાર, દેશ સેવા ખાતર અનેક અગવડો સહન કરનાર, કારાવાસમાં વૃદ્ધ ઉમરે જઇ અનેક કષ્ટો સહન કરનાર, અને અસાધારણ કુનેહ, આવડત, અને બુદ્ધિચાતુર્યથી મહાન્ સૈન્યાધિપતિ તરીકે હિંદ મૈયાની સેવા કરનાર પંડિત મોતીલાલ નહેરૂના હિંદની અત્યારની કટોકટીના અવસરે થએલા અવસાનના સમાચાર સાંભળી સમસ્ત હિંદ સાથે જૈન કોમને પણ ભારે દુઃખની લાગણી થઇ છે. પંડિતજીનો ત્યાગ અદ્વિતીય હોઇ પ્રશસાને પાત્ર છે અને તેઓની ધારાસભાની લડત યાદગાર હોવા સાથે તે સભાનો ત્યાગ પણ એટલોજ અર્થ સૂચક છે. એમનું અવસાન થતાં દેશને ન પૂરી શકાય તેવી ખોટ ગઇ છે તેની નોંધ આજની આ સભા અત્યંત ખેદ સાથે લે છે અને તેમના આત્માને શાંતિ ઇચ્છે છે.'

આ ઠરાવની નકલ પ્રમુખશ્રીની સહી સાથે પંડિત જવાહરલાલ નહેરૂ અને મર્હુમનાં અન્ય કુટુંબીજનોના દિલાસા માટે મોકલી આપવી.

આ ઠરાવપર ટેકો આપતાં શ્રી મોહનલાલ દ. દેશાઇ તથા ચિનુભાઇ લાલભાઇ શેઠ એ ઘટતાં વિવેચનો કર્યાં બાદ સર્વેએ ઉભા થઈ શાંતિથી ઠરાવ પસાર કર્યો હતો. બાદ શેઠ રતનચંદ તલકચંદ માસ્તરે પ્રમુખનો આભાર માનવાની દરખાસ્ત મૂકી હતી જેને શ્રી મનસુખલાલ હીરાલાલ લાલને ટેકો આપ્યા બાદ સભા વિસર્જન થઇ હતી.

—જામનગર ઓશવાળ યુવક મંડળની એક સભા તા. ૮-૨-૩૧ ના રોજ પંડિત મોતીલાલ નહેરૂના અવસાન માટે શોક પ્રદર્શિત કરવા મલી હતી. જેમાં દીલગીરીનો ઠરાવ પસાર કરી તે ઠરાવ પંડિત જવાહીરલાલ નહેરૂને મોકલી આપવાનો ઠરાવ થયો હતો.

—શ્રી. ચતુરભાઇ પીતાંબરદાસ સાંગલી જેઓ આ કૉન્ફરન્સના દ. મહારાષ્ટ્રના પ્રાં. સેક્રેટરી છે તેઓ હાલમાં સાંગલી રાજ્યના ઑન. મેજીસ્ટ્રેટ નિમાયા છે. તેઓ સ્થાનિક બોર્ડીંગના પિતા તરીકેનું કાર્ય બજાવી રહ્યા છે. અનેક સામાજીક અને અન્ય જાહેર ખાતાઓમાં પ્રમુખ, ડાઇરેક્ટર સભ્ય તરીકે વિવિધ સેવાઓ બજાવતા રહ્યા છે. આશા છે કે સમાજ સેવાનો વધારે લાભ આપે.

( અનુસંધાન પૃષ્ટ ૨૯ થી )

**શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કૉલરશિપ પ્રાઇઝો**-દર વર્ષે લેવાતી સ્કુલ લીવીંગ પરિક્ષા (મેટ્રીક) માં ઉત્તીર્ણ થનારને જે શરતોએ ઇનામો આપવામાં આવે છે તે મુજબ છેવટે લેવાએલી પરિક્ષામાં પાસ થનારા વિદ્યાર્થી મી. કેશરીચંદ સી. બદામી, જે હાલ શ્રી મહાવીર વિદ્યાલયમાં આગળ અભ્યાસ કરે છે તેને રૂા. ૮૦ ના બે પ્રાઇઝો આપવામાં આવ્યા છે.

**જૈન ગુર્જરકવિઓ પ્રથમ ભાગ**—વડોદરા રાજ્યે સ્ટેટની લાઇબ્રેરીઓ માટે ખરીદવા મંજૂર કરેલ છે અને વિદ્યાધિકારી કચેરી તરફથી પાંચ પ્રતો ખરીદવામાં આવી છે. આ અમૂલ્ય ગ્રન્થનો બીજો ભાગ આશરે એક હજાર પૃષ્ટનો છપાઇ તૈયાર થયો છે જે થોડા સમયમાં પ્રકટ થશે. તેનો ઐતિહાસિક વિભાગ પણ લગભગ છપાઇ રહ્યો છે. પવિત્ર તીર્થ ભૂમિઓને લગતા તેમજ ઐતિહાસિક બાબતોને લગતા બ્લોક ફોટો પણ મૂકવાની તજવીજ ચાલે છે. જેઓ પાસે તેવા બ્લોક તૈયાર હોય તેમણે અમને મોકલી આપવા કૃપા કરવી. ઉપયોગ પૂરો થએ પાછા મોકલાશે તથા દરેક 'પ્રીન્ટ' ની નીચે By Courtesy of...એમ છપાશે. આ પુસ્તકની સાઇઝ ક્રાઉન સોળપેજી છે.

**શ્રી તપગચ્છ સંઘ રાજકોટ**—તરફથી પ્રતિવર્ષ માફક શ્રી સંઘના સુકૃત ભંડાર ફંડના રૂા. ૨૪ાા) પોણી પચીસ સંસ્થાને મોકલી. આપવામાં આવ્યા છે.

## સ્વીકાર અને સમાલોચના.

**જૈન ચિત્રકળાના નમુના:**-(૧) શ્રી નેમનાથ પ્રભુના લગ્નનો વરઘોડો. (૨) શ્રી મહાવીર સ્વામીના સમવસરણની રચના. (૩) શ્રી ત્રિશલા માતાને આવેલ ચૌદ સ્વપ્ન. ત્રણે ચિત્રો વિવિધ રંગોથી ભરપુર આકર્ષક છે. જિનાલય અથવા અન્ય પવિત્ર સ્થળે રાખવા યોગ્ય છે. કિં. અનુક્રમે બાર, બાર અને આઠ આના. પ્રાપ્તિસ્થાન નથમલજી ચોરડીઆ, ૯૪, ચીતપુર રોડ, કલકત્તા.

**શ્રી મહાવીર જૈન વિદ્યાલય**-પંદરમો વાર્ષિક રિપોર્ટ. સમગ્ર ભારતના જૈન વિદ્યાર્થીઓને ધાર્મિક તથા વ્યવહારિક ઉચ્ચ કેળવણી માટે સાધનરૂપ આ સંસ્થા તે દિશામાં જે પ્રગતિ કરી રહી છે તે અનુકરણીય છે. આ સંસ્થાની પ્રગતિ માટે સ્થિતિ સંપન્ન ગૃહસ્થોએ તન, મન, ધનથી પૂર્ણ સહાય આપવી જોઇએ. પ્રાપ્તિસ્થાન—ગોવાલીઆ ટેંક, મુંબઇ ૭.

—શ્રી ગોધારી વિ. શ્રી. જૈન દવાખાનાનો ૧૯૮૫-૧૯૮૬ નો રિપોર્ટ:—મુંબઇના જૈન સમાજના આરોગ્ય માટે રાહત આપનાર આ ચિકિત્સાલયમાં જૈન તેમજ જૈનતરો સારો લાભ લે છે. આરોગ્યના સંરક્ષણ કરતા આવા દવાખાનાની જરૂરીઆત હોઇ તેને સહાય આપવા સમાજની ફરજ છે. આરોગ્યતાના જ્ઞાનપ્રચારાર્થે સીનેમા અને ભાષણો દ્વારા પ્રયત્ન ઉત્તમ છે.

—જૈન પ્રકાશ (રાષ્ટ્રીય અંક) રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં જૈન બંધુઓ જેમણે જેલ સ્વીકારી ભોગ આપેલ છે તેમની છબીઓ અને વિવિધ લેખો આપવામાં આવેલા છે. જૈન સમાજની સેવાનો ઉલ્લેખ કરવામાં અને રાષ્ટ્રીય ભાવનાને પોષવાનો પ્રયાસ સ્તુત્ય ગણાય.

# વિ...વિ...ધ...નોં...ધ.

( પરિષદ્ કાર્યાલય-કૉન્ફરન્સ ઑફીસ તરફથી. )

## મહારાષ્ટ્ર જૈન સમ્મેલન પૂનાઃ—

શેઠ બાલચંદ હીરાચંદ કૉન્ફરન્સના પ્રાં. સેક્રેટરી લખી જણાવે છેઃ—

જુન્નર ખાતે ગએ વરષે જૈન શ્વેતાંબર કૅન્ફરન્સની બેઠક મળી હતી. અને તે વેળા મહારાષ્ટ્રની પ્રાંતીક પરિષદ પણ થઇ હતી તેમાંના ઉપયોગી ઠરાવોનો અમલ શી રીતે થઇ શકે તે બાબત વિચાર કરવાને પુના ખાતે મહારાષ્ટ્રના આગેવાન ગૃહસ્થોની એક મીટીંગ તારીખ ૩૦-૧-૩૧ ના દિને રાતના ૯ વાગે મલી હતી. પુનાના પ્રખ્યાત વેપારી શેઠ મણીલાલ માણેકચંદે પ્રમુખ સ્થાન સ્વીકાર્યું હતું. મેળાવડામાં ૪૦૦ થી ૫૦૦ પ્રતિનિધિઓ અને બાનુઓએ જુદા જુદા લગભગ ૩૦-૪૦ ગામોથી પધાર્યાં હતાં. શરૂઆતમાં મંગલ ગીતો ગવાયા બાદ જૈન શ્વે. કૉ. ના પ્રાંતિક સેક્રેટરી શેઠ બાલાચંદ હિરાચંદે શેઠ ચુનીલાલ સરૂપચંદ જેમણે ભોજન વીગેરેની બધી ગોઠવણ કરી હતી તેમનો ઉપકાર માન્યો હતો. બાદ જુન્નર કૉન્ફરન્સ થયા પછી જૈન કોમમાં આવેલી જાગૃતીવિષે વિસ્તૃત વિવેચન કર્યું હતું. તે મુજબ મહારાષ્ટ્રમાં પણ લગ્નના ખરચો ઓછા કરવા વિગેરે ઠરાવો કેવી રીતે અમલમાં આવ્યા તે બાબત શ્રોતાઓને માહિતી આપી હતી. અને હવેથી આગળ ધાર્મિક અને શારીરિક કેળવણીની ગોઠવણ કરવાની કેટલી આવશ્યકતા છે તે બાબત લંબાણ વિવેચન કર્યું હતું. ધાર્મીક ખાતાઓના હિસાબની ચોખવટ રાખવા બાબત ચરચા કરી. પ્રમુખે પોતાના ભાષણમાં આપણી કોમની ઉન્નિત્તિ કરવા માટે પેટા જ્ઞાતિઓ દૂર કરી સંઘટન કરવા લોકોને સલાહ આપી હતી, તેમજ હાનિકારક રિવાજો દૂર કરી દુઃખી-ભાઇ બેહેનોને મદદ આપવા ધાર્મીક કેળવણી માટે પાઠશાળાઓ સ્થાપવા વીગેરે બાબતોનું વિવેચન કરી જૈન સાહિત્ય પ્રચાર વિગેરે બાબત સારી ચર્ચા કરી હતી. પ્રથમ ઠરાવ. પાઠશાળાઓ અને વ્યાયામશાળાઓ સ્થાપવા બાબત અને સાધારણ દ્રવ્યનો તે તરફ ઉપયોગ કરવામાં કાંઈ જાતની હરકત નથી તે બાબતનો ઠરાવ શેઠ મોતીલાલ વીરચંદે મુકયો હતો, તેને અનુમોદન આપતાં બધાઓએ અસર કારક ભાષણો કર્યાં હતાં. બીજો ઠરાવ. શુદ્ધિ અને સંગઠન બાબતનો શેઠ બાબુલાલ નાનચંદે રજુ કર્યો હતો. જેને અન્ય બંધુઓએ અનુમોદન આપતાં યોગ્ય વિવેચન કર્યું હતું. ત્રીજો ઠરાવ. ધાર્મીક ખાતાઓના હિસાબની ચોખવટ બાબત શેઠ ચંદુલાલ વીરચંદ પુનાવાળાએ રજુ કર્યો હતો, તેને શેઠ ઉત્તમચંદ હંસરાજ પુનાવાળાએ અનુમોદન આપ્યું હતું. બાદ સ્ટેંડીંગ કમિટીની નેમણુક બાબતનો ઠરાવ ભાઇ બાલચંદ હિરાચંદે રજુ કર્યો હતો, અને જેને ભાઇ પોપટલાલ શાહા પુનાવાળાએ અનુમોદન આપ્યું હતું, આ ઠરાવ ઉપર ખુબ ચરચા થઇ હતી, અને સર્વાનુમતે બધા ઠરાવો પાસ થયા હતાં. બાદ સર્વે બંધુઓનો આભાર માન્યો હતો. શ્રી મહાવીર સ્વામીના જય જયકાર વચ્ચે સમેલનનું કામ મોડી રાતે પૂર્ણ થયું હતું.

## શ્રી આબુ તીર્થઃ—

Mr. Ruttonchand Tullockchand Master the Chief Secretary of the Jain Association of India wired to the Hon'ble the Agent to the Governor-General in Rajputana as follows. British Indian Jains visiting Delwara temple complain regarding extra chowkidari tax from pilgrims staying over a week in spite of their already paid usual pilgrimage tax as per arrangement between Durbar and Jain community by which Sirohi Durbar made general notification dated 27 January 1881 and 1 June 1918 kindly enquire immediatly which officers breaks this notification and remove anxiety of all British Jains in India visiting greet Delwara Jain temple at Mount Abu.

**આ તારનો જવાબ નીચેના પત્રથી મલ્યો છે.**

To the Chief Secretary, Jain Association of India, Pydhoni Bombay.

Memorandum No. 129-C./17-S. B. Dated Camp Ajmer, the 28th January 1931 With reference to his telegram dated the 30th. December 1930, the Chief Secretary of the Jain Association of India is informed that no fresh rules or regulations appear to have been brought into force at the Dilwara Temples, Mount Abu, by the Sirohi Durbar.

2, It is therefore requested that before making complaints end allegations in future, the. Jain Association of India may kindly verify their information so that unnecessary correspondence my be obviated.

Sd. C. P. Hancock, Secretary *to the* Hon'ble the Agent to the Governor- General in Rajputana.

**પર્યુષણ પર્વની રજાઓ**–પાળવા બાબત શ્રી કઠોર યુવક મંડળ તરફથી વડોદરા રાજ્યના સત્તાવાળાઓ સાથે પત્ર-વ્યવહાર આદિ સતત પ્રયાસ ચાલુ છે. કૉન્ફરન્સ તરફથી આ કાર્યમાં સંપૂર્ણ મદદ મળે અને લડતનું શુભ પરિણામ મળે એ હેતુથી વડોદરાના ના૦ દિવાન સાહેબને એક લંબાણ પત્ર મોકલી આ રજાઓની જરીઆત સમજાવતાં ઘટતો હુકમ કાઢવા યોગ્ય તજવીજ કરવામાં આવી છે.

# — મંડનના માર્ગે.

શ્વેતાંબર જૈન સમાજમાં શ્રીમતી કૉન્ફરન્સ દેવીનું સ્થાન અનેરૂ છે. એના જેવું પ્રતિનિધિત્વ ધરાવતી અન્ય કોઇ સંસ્થા નથીજ. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી કે એસોસીએશન ઑફ ઇન્ડીઆ જેવી સંસ્થાઓમાં અવશ્ય હિંદના જૂદા જૂદા ભાગોનુ પ્રતિનિધિત્વ છે છતાં એમના ઉદ્દેશ સર્વ-દેશીય ન હોવાથી પરિષદ્ મૈયાનું સ્થાન તેમનાથી લઇ શકાય તેમ નથીજ. ધાર્મિક સામાજીક આર્થિક અને રાજકીય કિંવા રાષ્ટ્રિય રૂપી ભિન્ન ભિન્ન કક્ષાના પ્રશ્નોનું સંમેલન એ મહાદેવીના મંદિરમાંજ યથાવિધિ શકય છે. સારાયે ભારત વર્ષની અગ્રગણ્ય સંસ્થા રાષ્ટ્રિય મહાસભા ( Congress ) ના ખાતમુહૂર્ત પછી થોડા સમયમાં આપણા સમાજની આ મહાસભાના શ્રીગણેશાય થયેલાં છે. માત્ર પ્રગતિના માપે માપતાં આપણું પલ્લુ ઉચુ રહે છે! આમ છતાં ભૂતકાળની સ્મૃતિ ઉથામતાં એ શ્રીમતીનો જે ઇતિહાસ લભ્ય છે તે ઓછો ગૌરવ શાળીતો નજ કહેવાય. એના માચડાપર જૈન સમાજના નામાંકિત પુરૂષો આવી ગયા છે એટલુંજ નહિં પણ સમાજને માર્ગ દર્શક નિવડે તેવા મનનીય વિવેચનો પણ કરી ગયેલા છે. પ્રમાદ નિદ્રામાં પડેલી અને સામાજીક બદીઓમાં એકતાર બનેલી જૈન જનતાની ઉંઘ ઉરાડવામાં અને દેશ કાળને અનુરૂપ સુધારણા બર લાવવામાં આ મહામાયાનો ફાળો સર્વોત્કૃષ્ટ છે.

આનંદનો વિષય તો એ છે કે કેટલાક સંયોગોથી એને સુષુપ્ત દશા પ્રાપ્ત થયેલી, પણ તે મહારાષ્ટ્રવાસી બંધુઓના ખંતીલા પ્રયાસથી અને શિવાજી મહારાજની પવિત્ર જન્મભૂમિના યોગથી દૂર થતાં પુનઃ નવ ચેતનામાં તે નૃત્ય કરી રહી છે. સમયાનુકુળ બંધારણ અને નવલોહીઆના સહકારથી આજે તેણે દ્રઢતાથી પગલાં ભરવા માંડયા છે. હિંદના પ્રત્યેક ખૂણામાં એના સંદેશા પહોંચી ચુકયા છે. દેશની આઝાદીની લડત એનો માર્ગ સાફ કરી રહી છે. જરૂર એની સામે એક 'બાબા વચનં પ્રમાણમ્' કરનાર નાનકડો વર્ગ છે! છતાં એથી તો એ મહાસંસ્થાનો વેગ વૃદ્ધિગંત થઈ રહ્યો છે. સાચુ જોમ સ્પર્ધા વિના જામતું નથીજ. આમ પરિષદ્ વિજયવતી વર્ત્તે છે.

પણ? જરા કહેવાનું છે! એમાં નિરાશા નથી પણ અમર આશા છે. યુવાન હૃદયની એ અભિલાષા છે. આ રહી તે આપણી એટલે ખાસ કરી યુવાન અંતરોની-વચનો ત્યાં સવાલજ નથી કાર્યવાહી-અને તે એજ હોવી જોઇએ કે બંધારણમાં સુચવાયેલા કાનુનો અનુસાર પ્રત્યેક પ્રાંતોમાં એના પેટા શહેરોમાં અને જૈન વસ્તીવાળા દરેક ગામડાઓમાં કૉન્ફરન્સ દેવીના ધામો સ્થાપી દેવા જોઇએ. આ કાર્ય જોકે પરિષદ્‌ના કાર્યવાહકો અને ઉપદેશકો તરફથી સારી રીતે આરંભાઇ ચુકયુ છે. પણ તેમાં વીસમી સદીના, અરે ગાંધી યુગના, અરે સુધારણાના પ્રચંડ ધ્વનિધારકોમાંના દરેક યુવાનોએ પોતાનો ભાગ ભજવવાનો છે. 'સંહતિ કાર્ય સાધિકા' એ સૂત્ર જીવી બતાવવાનું છે. એનાથી જે કાર્યનાં આપણે સર્જન કરીશું એજ આપણો આપણા હરિફોને ઉચિત જવાબ થઇ પડશે. ખંડનના માર્ગમાંથી હાથ ધોઇ નાંખી આપણે આ મંડનનો પન્થ સ્વીકારીશું અને પ્રેમપૂર્વક તેને વળગી રહીશું તો અત્યારની છિન્ન ભિન્ન દશાને-ડોકીયા કરતી દુઃખદસ્થિતિને અલ્પકાળમાંજ મિટાવી શકીશું. આપણું વેરાયેલું બળ એક પાછળ સંગઠિત કરવાની પૂર્ણ આવશ્યક્તા છે. શીવનેરીએ પ્રાણ સંચાર કર્યો છે તો એનો આવશ્યક લાભ ઉઠાવવો એ આપણ દરેકનો ધર્મ છે.

સાચા યુવકો શું એમાંથી પાછળ રહી શકે? પ્રાપ્ત અવસરનો સંપુર્ણ પણે ઉપયોગ કરી લેવાનો નિશ્ચય કરી નિમ્નલિખિત કાર્યો ઉપાડી લેવામાં દરેક પરિષદ્‌વાદી સામેલ થાય. યુવક તો મુખડે હોયજ.

૧ કૉન્ફરન્સના કાનુનો સમજાવી એને અનુરૂપ મંડળ ઉભું કરે.

૨ જુન્નર અધિવેશનના ઠરાવોનો પ્રચાર કરી, જનતામાં રસ પેદા કરી એનો ટુંક રીપોર્ટ પરિષદ્ ઓફીસે મોકલે.

૩ ઠરાવના અમલમાં ઉભી થતી મુશ્કેલી પ્રતિ સંસ્થાના સંચાલકોનું ધ્યાન ખેંચે.

૪ ઠરાવનો ભગ થતો જોઇ ન રહેતાં એ સંબંધમાં સ્વશક્તિ અનુસાર ઘટતુ કરી છુટી પરિષદ્ ઓફીસનું એ પરિસ્થિતિ પર લક્ષ ખેંચે.

૫ પરિષદ્‌ના ઉપદેશકને આમંત્રી પ્રચાર અને સુકૃત ભંડાર ફંડ એકઠું કરવામાં સ્હાય આપે.

૬ પરિષદ વિરૂદ્ધ ફેલાવવામાં આવતા ખોટા આક્ષેપો અને હાથ પગ વગરની ગપો સામે સચટ રદીયા આપી જનતામાં સંસ્થા પ્રત્યેનો સાચો સ્નેહ કાયમ રાખે.

૭ ભાષણ લખાણ દ્વારા સ્હાયતા ચાલુ કરે.

એટલુંજ અવશ્ય હૃદયમાં કોતરી રાખવું કે આ એકજ સંસ્થા છે કે જેનો મોભો રાજ્ય દરબારમાં અને જૈન-જૈનેતર સમાજમાં સર્વ શ્રેષ્ઠ છે. તેથી એની પ્રતિભાને હાનિ પુગે તેવા કાર્યો તો નજ આચરી શકાય. કોઈ બાબતમાં એની કાર્ય-વાહીમાં સુધારવા જેવું લાગે તો એમાં દાખલ થઇને મત કેળવવો ઘટે. **દૂર રહ્યા પથરા ફેંકવાનો ધર્મ સાચા જૈનનો નજ હોય.**

**મોહનલાલ દીપચંદ ચોકસી.**

---

**ઉપદેશક અમૃતલાલ વા. નો પ્રવાસઃ**-ભાવનગરમાં જાહેર વ્યાખ્યાનો આપી પ્રાંતિક કમિટીની સ્થાપના કરી સુકૃત ભંડાર ફંડની શરૂઆત કરાવ્યા બાદ **તલાજા** ગયા ત્યાં બે અસરકારક વિવેચનો 'ગાંધી ચોક'માં કર્યા જાહેર પ્રજાએ સારો લાભ ઉઠાવ્યો હતો. ત્યાંથી **પાલિતાણા** ગયા જ્યાં બે જાહેર ભાષણો આપવામાં આવ્યા. અને ત્યાંની સ્થાનિક ધર્મશાળાઓ અને અન્ય સંસ્થાઓની મુલાકાત લીધી તથા વ્યવસ્થા જોઇ. **શિહોર** જતાં ત્રણ દિવસ ભાષણો આપી પ્રચાર કાર્ય કર્યું. ત્યાંથી **વળા** અને **પછેગામ** થઇ **અમરેલી** ગયા. જ્યાં ભાષણ આપ્યું લોકોનો ઉત્સાહ ઘણો સારો હતો. ત્યાંથી કુંડલા થઇ **પોરબંદર** ગયા. જ્યાં એક જાહેર વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યું હતું. સ્ટે. કમિટીના સભ્ય શેઠ ઝવેરચંદ પરમાણંદ તેમજ શેઠ હીરાચંદ વસનજી વિગેરે એ સારી મદદ કરી અન્ય બંધુઓએ સારી સંખ્યામાં હાજરી આપી હતી. કેટલાક સ્થળેથી સમયાનુસાર યોગ્ય ફાળો સુકૃત ભંડાર ફંડમાં આપવામાં આવ્યો છે. બીજાઓએ ફરીથી આવવા જણાવ્યું છે.

मिल करें तो संभव है कि हमारा एक अति महत्वपूर्ण प्रश्न सहजहीमे हल हो जावे। यह होनेसे हालमें जो तीर्थादिके प्रश्नोके निकालके लिए कठिनाइयां उपस्थित होती हैं वे सब मिट जायगी। एक तीर्थके केसके लिए चंदा (टीप) करनेमे जो दिक्कते पैदा होती है वे नहीं होगी। तीर्थ प्रबन्ध एक कमिटीके सत्ताके आधीन रहेगा, अभीनो एक दूसरेकी ओर मुंह ताकनेका दृश्य होता है वह नहीं रहेगा और हमारे तीर्थोपर जो अनेक प्रकारके गेर–वहिवट–संबन्धी आक्षेप होते हैं वेभी नहीं होगे।

यहां एक सूचना अयोग्य नहीं समझी जायगी। यह 'तीर्थ रक्षक कमिटी' जैन देरासरोंके हिसाब आदि की जांचके लिए सब स्थलोंमे इंस्पेक्टर भैजनेका अवश्य प्रबन्ध करे ओर इंस्पेक्टरके रिपोर्ट पर जांच करवाकर जांच किए गए स्थलके हिसाब, वहिवट आदिमें खामी दिखाइ दे तो उसे सुधारनेका प्रयत्न करे ओर उस कार्यकी रिपोर्ट समाजकी जानकारी के लिए पत्रों और वार्षिक रिपोर्टद्वारा अवश्य प्रकट करें.

## શ્રી જૈન શ્વેતાંબર એજયુકેશન બોર્ડ.

### — વિશાળ કાર્ય ક્ષેત્ર. —

આ સંસ્થાનાં મુખ્ય ત્રણ કાર્યો છે. (૧) ધાર્મિક પરીક્ષા લેવાનું અને ઉત્તીર્ણ તથા વિદ્યાર્થીઓને ઉત્તેજનાર્થે ઈનામો તથા પ્રમાણપત્રો આપવાનું. (૨) જૈન પાઠશાળાઓને મદદ કરવાનું. (૩) માધ્યમિક તથા ઉચ્ચ શિક્ષણ લેતા અને ધાર્મિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓને આપવા વિગેરેનું છે.

પરીક્ષાનાં સ્થળો હાલ વધતાં જાય છે, એટલે પાંચ દસ સ્થળોમાંથી હાલ ૭૦ જેટલે સંખ્યા પહોંચી છે. અને પરીક્ષામાં બેસનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦૦-૧૫૦ માંથી વધતાં હાલ ૧૨૦૦ સુધી ગઇ છે. કન્યા–સ્ત્રી–બાળ–પુરૂષ વિગેરે મળી ૨૬ વિભાગીય ધોરણોની પરીક્ષા લેવાય છે.

અને તેથી જૈન બંધુઓને આગ્રહભરી વિનંતિ કરવામાં આવે છે કે આપ સ્થિતિસંપન્ન હો તો એકી સાથે રૂા. ૧૦૦) સો અથવા વધારે રકમ આપી આજીવન સભ્ય થશો અને નહિ તે ઓછામાં ઓછા વાર્ષિક રૂપીઆ ૫) પાંચ આપી સંસ્થાના સહાયક સભ્ય થશો અને સંસ્થાના કાર્યમાં આપનો સહકાર આપી આભારી કરશો. નહિં તો વર્ષમાં ઓછામાં ઓછા ચાર આના **શ્રી સુકૃત ભંડાર ફંડમાં** તો જરૂર આપશોજી.

વીરચંદ પાનાચંદ શાહ, સૌભાગચંદ ઉમેદચંદ દોશી,
માનદ મંત્રીઓ. ૨૦, પાયધુની, મુંબઇ.


# શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

## શ્રી સારાભાઈ મગનભાઇ મોદી લોન—સ્કોલરશીપ ફંડ.

આ ફંડમાંથી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સ્ત્રી કે પુરૂષ વિદ્યાર્થીને નીચે જણાવ્યા મુજબ અભ્યાસ કરવા માટે આર્થિક સહાય લોન રૂપે આપવામાં આવે છે.

(૧) માધ્યમિક કેળવણી અંગ્રેજી ચોથા ધોરણની અંગ્રેજી સાતમાં ધોરણ સુધીના અભ્યાસ માટે. (૨) ટ્રેઇનીંગ સ્કૂલ અથવા કોલેજમાં અભ્યાસ કરી ટ્રેઇન્ડ શિક્ષક થવા માટે. (૩) મિડવાઇફ કે નર્સ થવા માટે. (૪) હિસાબી જ્ઞાન Accountancy ટાઇપ રાઇટીંગ, શોર્ટહેન્ડ વિગેરેનો અભ્યાસ કરવા માટે. (૫) કળાકૌશલ્ય એટલે કે પેઇન્ટીંગ, ડ્રોઇંગ, ફોટોગ્રાફી, ઇજનેરી વિજળી ઇત્યાદિના અભ્યાસ માટે. (૬) દેશી વૈદ્યકની શાળા કે નેશનલ મેડીકલ કોલેજમાં અભ્યાસ કરવા માટે.

લોન તરીકે મદદ લેનારે મુકરર કરેલ ધાર્મિક અભ્યાસ કરવો પડશે. તથા લિખિત કરાર પત્ર કરી આપવું પડશે. અને કમાવાની શરૂઆત થતાં જે મદદ લીધી હોય તે તેના મોકલવાના ખર્ચા સહિત વગર વ્યાજે પાછી વાળવાની છે. વિશેષ જરૂરી વિગતો માટે તથા અરજી પત્રક માટે સેક્રેટરીને ગોવાલીયા ટેંકરોડ,–ગ્રાન્ટરોડ–મુંબઇ લખો.

* સ્ત્રીઓએ લેખીત કરારપત્ર કરી આપવાનું નથી, વળી ટ્રેઇન્ડ શિક્ષક થનાર પુરૂષે તેમજ જેઓ માત્ર ધાર્મિક, સસ્કૃત યા પ્રાકૃતનો અભ્યાસ કરી તે ભાષામાં પુરેપુરા નિષ્ણાત થવા માગશે તેઓએ પણ કરારપત્ર કરી આપવાનું નથી. એટલે કે આ બન્નેએ પૈસા પાછા આપવા કે નહિ તે તેમની મુનસફી ઉપર રહેશે.

# જૈન વિદ્યોત્તેજક સહકારી મંડળ લીમીટેડ.

**સને ૧૯૨૫ ના સાતમાં એકટ પ્રમાણે તા. ૧૩-૧૨-૨૬ ને રોજ રજીસ્ટર થયેલી.**

**હેડઓફીસ:–ટાઉન હોલ સામે–મુંબઈ.**

થાપણ રૂા. ૫,૦૦,૦૦૦, દરેક રૂા ૨૫) ના વીસ હજાર શેરોમાં વહેંચાયેલી ભરાયેલી થાપણ ૯૪૬૦૦ વસુલ આવેલી થાપણ ૫૪૬૪૦ દર શેરે રૂા. ૫) અરજી સાથે રૂા. ૧૦) એલોટમેન્ટ વખતે, અને રૂા. ૧૦) ત્યાર પછી.

ઉપરોક્ત મંડળમાંથી દરેક લાઇનમાં અહિં તેમજ પરદેશમાં અભ્યાસ કરવા માટે હાલ તુરત મુંબઇ ઇલાકાના ચંચળ બુદ્ધિના શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીઓને અભ્યાસ દરમીયાન છ આનાના વ્યાજે તથા ત્યાર પછી આઠ આનાના વ્યાજે યોગ્ય જામીનગીરીથી અને વીમો ઉતરાવી લોન આપી સહાય કરવામાં આવે છે. વિશેષ હકીકત માટે **ઑનરરી સેક્રેટરીને ટાઉન હોલ સામે, કોટ, મુંબઇ લખવું.**

શેર ભરનારાઓને વધુમાં વધુ ચાર ટકા વ્યાજ આપવાનો નિયમ છે. શેર લેવા ઇચ્છનારે ઉપરના સરનામે લખવું.

## तीर्थ रक्षाका प्रश्न.

( लेखकः—धूलचंद बालचंद जैन. )

तीर्थ रक्षाका प्रश्न समाजके समक्ष विकटरुप लिए पडा हुआ है. जैन समाजके तीर्थोंकी संख्या अन्य समाजोंसे अधिक हो तो आश्चर्य नहीं, कारण जैनोंकी श्रद्धा जन्मसेही उस ओर होती है. वे अपना सर्वस्व उसके पीछे अर्पण करदेनेमें तानिकभी विचार नहीं करते।

भारतवर्षमें एक समय हिन्दु सम्राटोंका राज्य था और उनके राज्यमें जैन तीर्थोंका उद्धार अपार संपति व्यय करके किया जाता था। कितने ही नये तीर्थस्वरुप अनूपम दिव्य मंदिर उस समय निर्माण किये गये थे और उनकी रक्षा के निमित्त अमुक बादशाही दस्तावेजे-सनदें प्राप्त हुई थी। कितनेही हिन्दु राज्यकर्ताओंने मंदिरोंके खर्च आदि की व्यवस्था के लिए जागिर ( *Jagir* ) गांव-आदि मिल्कतथी दोथी; प्रभावशाली जैन धर्म गुरुओंपर संपूर्ण विश्वास रख तीर्थादिकी रक्षाके लिए अनान्य प्रबन्ध किए थे।

आज समय विपरीत नजर आता है। जिन हिन्दु राज्यकर्ताओंके पूर्वजों पर जैन तीर्थोंकी रक्षाका भरोसा रखा गया था उनके वारिशदार (Descendents) आज रक्षणकी जगह भक्षण करनेमेंही अपना धर्म समझ रहें हैं. 'जैन समाज जैसी व्यापारी कोम अपने धंधेसेही फुरसद नहीं पाती तो तीर्थ रक्षाका ध्यान तो उसे कहांसे आने लगा' यह समझ मनमाने हुकुमोंके आधीन एक अथवा दूसरी जाल डालकर युक्तिसे राज्यकर्ता अपना कार्य सिद्ध करनेकी बाजियें रचें उसमें कोई आश्चर्य नहीं।

श्री सिद्धक्षेत्र पालीताणाका प्रश्न समाजकी शायदही किसी व्यक्तिसे अज्ञात रहा होगा. पुरानी सनदोंका उपयोग कहां तक लिया गया यह बतानेकी आवश्यक्ता नहीं है. रुपै ६००००)का वार्षिक टेक्स जैन समाजके आगेवानोने-अमुक नाम मात्रकी शर्तों के लोभमें फसकर-देना कबूल कर तीर्थ रक्षाके कार्यकी जो हंसीकी है यह जैनोंके लिए कहांतक गौरवस्पद है? श्री तारंगाका निकालभी असंतोष जनक रहा. श्री केशरियाजी-धुलेव, श्री पावापुरी, श्री आबूजी, श्री अंतरीक्षजी, श्री शौर्यपूर, श्री मक्सी पार्श्वनाथ, श्री चंद्रप्रभ तीर्थ-(काशीके नजदिक) आदि अनेक तीर्थोंपर एक अथवा दूसरी आपत्तिके बादल छाए हुए हैं जिनकों हटानेके लिए श्वेतांबर जैन समाजने इस समय तक गुजरातानन्तरगत् श्री अमदवादकी आणदजी कल्याणजीकी पेढीपरही छोड रखा हो ऐसा दिखाई देता है। उक्त पेढी बंधारण आदि के बहाने ले इन प्रश्नोंके निकालके लिए जवाबदारी स्वीकार करनेसे विमुख रही है यह अभी तक के अनुभवसे सिद्ध हो चुका है।

जैन कोम एक धनाढय कोम होने परभी अपने तीर्थोंकी रक्षाके लिए असमर्थ सिद्ध हो यह किसी प्रकार ईच्छनीय नहीं है। यह उसके लिए कुछ कम लज्जास्पद नहीं है। लाखों और करोडो का जो समाज एक वा दूसरी धार्मिक मान्यताओंके पीछे व्यय करना साधारण बात समझता है उसके तीर्थ आज पराधीन बनते जावें यह कहां तक सहन हो सकता है? आजतक तो गाढ निद्रामे सो रहे थे जिसका परिणाम प्रत्यक्ष ही है। अब समय उसे छोडनेके लिए आगाही करता है। ए वीर नरो! उठो और तीर्थोंकी रक्षा करो.

रक्षाका प्रश्न गंभीर है। इसके लिए जैन श्वेतांबर कॉन्फरन्स, आणंदजी कल्याणजीकी पेढी, जैन एसोसिएशन आदिके प्रतिनिधि मिल एक संयुक्त स्वतंत्र कमिटी जैन कॉन्फरन्सके सम्मेलनमें नियुक्त करें। इस समितोमें जैनोके सर्व प्रान्तोके प्रबन्धादिका कार्य अधिकसे अधिक दस अन्य सदस्योंकी उस प्रांतकी कमिटी द्वारा लिया जावे. यह कमिटी 'मुख्य तीर्थ रक्षक कमिटी' के आधीन रहे। इस प्रकारकी व्यवस्था यदि जन समाजके अग्रेसर

( અનુસંધાન પેજ ૩૧ ઉપર જુઓ. )

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay 3.

જૈન સાહિત્ય— ॥ नमो तित्थस्स ॥ Regd. No. B 1996.

# જૈન યુગ.
# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.)

વાર્ષિક લવાજમ રૂપીઆ બે.

તંત્રીઃ—હરિલાલ એન. માંકડ બી એ.
[મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.]

છુટક નકલ દોઢ આનો.

વર્ષ જુનું ૬ ઠું. નવું ૧ લું.

તા. ૧ લી માર્ચ ૧૯૩૧.

અંક ૫ મો.

- મુખ્ય લેખકો -

શ્રી મોહનલાલ દ. દેશાઈ, બી. એ. એલએલ. બી. એડવોકેટ.

„ મોતીચંદ ગિ. કાપડીઆ, બી. એ. એલએલ. બી. સોલીસીટર.

„ ઉમેદચંદ ડી. બરોડીઆ, બી. એ.

„ હીરાલાલ હાલચંદ દલાલ બાર–એટ–લૉ.

-સુચનાઓ-

૧ આ પત્રમાં પ્રકટ થતા લેખો માટે તે તે લેખના લેખકોજ સર્વ રીતે જોખમદાર છે

૨ અભ્યાસ મનન અને શોધ-ખોળના પરિણામે લખાયેલા લેખો વાર્તાઓ અને નિબંધોને સ્થાન મળશે.

૩ લેખો કાગળની એક બાજુએ શાહીથી લખી મોકલવા.

૪ લેખોની શૈલી, ભાષા વિગેરે માટે લેખકોનું ધ્યાન 'જૈન યુગની નીતિ–રીતિ' પ્રત્યે ખેંચવામાં આવે છે.

૫ આ પત્ર દર મહિનાની પહેલી અને પંદરમીએ પ્રકટ થાય છે.

પત્રવ્યવહારઃ—

તંત્રી—જૈન યુગ.
ઠે. જૈન શ્વેતાંબર કૉ. ઓફીસ
૨૦, પાયધુની–મુંબઈ ૩

## 'ગાંધી—રાજદ્વારીઓનો ચક્રવર્તી.'

### 'એનો વિજય અદભુત છે. તેનું વ્યક્તિત્વ મહાન છે.'

### મહાત્મા ગાંધીના અમેરીકન ગુણાનુવાદ.

ચિકાગોનું યુનીટી લખે છે કે—'જગતના એક સર્વ શ્રેષ્ઠ સાધુ તરીકે તો ગાંધીને આખી દુનીયા ક્યારનીએ ઓળખી ગઇ છે. પણ તે એક એવોજ જબરો રાજદ્વારી છે એ હજુ થોડાજ સમજ્યા છે.

ગાંધીજીની તોલે જગતનો કયો રાજદ્વારી બેસી શકે છે? જે માણસ રાજના સૂત્રો કુશળ રીતે ધારીને દીર્ઘ દૃષ્ટિથી આવતી કાલનો વિચાર કરીને રાજના હિતની યોજનાઓની આગેવાની લઇ શકે છે એ માણસ ખરેખરો રાજદ્વારી છે.

મહાત્મા ગાંધી રાજદ્વારીપણાના આ લક્ષણો ભારે પ્રમાણમાં બતાવી રહ્યા છે. તેમણે અતિશય દુરંદેશી વાપરીને હિંદની પ્રજાના ભાવીનો વિચાર કર્યો છે. તેમણે એ પ્રજાને સચોટ આગેવાની આપી છે, પોતાનો ક્રમ અતિશય કુશળતા પૂર્વક પાર પાડવાની તેની આવડત અદભુત છે.

સંજોગો અનુસાર પોતાની નીતિ આટલી સરસ રીતે ઘડનારો રાજદ્વારી બીજો કોણ છે?

પ્રેસીડન્ટ હુવર ભીંતની ઓથે ઉભીને લડે છે એ ખરી વાત, પણ ત્યાંથી છુટવાનો રસ્તો તેમને મળતો નથી, રામ્સે મેકડોનલ્ડ વિશાળ સાગરનાં અનેક વિધ મોજાંઓની વચ્ચે આમતેમ ઘસડાયા જાય છે. જર્મનીનો બ્રુઇંગ સરમુખત્યારીની ધાક આપીનેજ માત્ર વિફરેલી જનતાને ખાળી રાખે છે. ઇટલીનો મુસોલીની પ્રજાને પંપાળીને સાચવી રાખે છે. ચીનનો ચેંગ પોતાનાં બાવડાંના બળ ઉપર મુસ્તાક બેઠો છે. સ્ટેલીન અજ્ઞાન પ્રજાને ઘસડી જવા પરજ આધાર રાખે છે.

પણ ગાંધી તો પોતાની બુદ્ધિમતાથી અને તેની અદ્‌ભુત આત્મશક્તિથી સમય જોઇને બધી દિશાઓ વિલોકીને કામ કરે છે, તેની સામેનો પ્રશ્ન ગંભીર છે, તેનો ઉકેલ ભારે મુશ્કેલ છે. છતાં ગાંધીનો ઉપાય હેરત પમાડનારો છે.

જે સત્તા ગાંધીજી કરોડો માણસો ઉપર ચલાવી રહ્યો છે, એ સતા જોઇને થંભી જવાય છે. ગાંધીની ચાલાકી ગજબ જેવી છે, તેનું ડહાપણ અગાધ છે.તેની દ્રષ્ટિ વિશાળ છે.

જગતમાં આજે નેતૃત્વની નાદારી છે. ગાંધી એ બધી નાદારીને વટાવી પોતાનો ડંકો પાડે છે. તેનો વિજય અદ્‌ભુત છે. તેનું વ્યકિતત્ત્વ મહાન છે. તેના અનુયાયીઓ કરોડોને હીસાબેજ ગણવા રહે છે.'

उद्‌धाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः ।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥
-श्री सिद्धसेन दिवाकर.

અર્થ:—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે; પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

સરિતા સહુ જેમ સાગરે, તુજમાં નાથ! સમાય દૃષ્ટિઓ;
જયમ સાગર ભિન્ન સિન્ધુમાં, ન જણાયે તું વિભક્ત દૃષ્ટિમાં.

જૈન યુગ.
તા. ૧-૩-૩૧ રવિવાર.

# જૈન સાહિત્યને અંગે વર્તમાન પરિસ્થિતિ.

જૈન કોમને જે મોટામાં મોટો અમુલ્ય વારસો મળ્યો છે તે તેનું 'સાહિત્ય' છે. એ સાહિત્યને અંગે વર્તમાન પરિસ્થિતિ શી છે તે પર અનેક દિશાએથી લક્ષ આપવાની જરૂર છે. એનાપર બરાબર પરામર્શ કરતાં સમજાઇ શકે તેવું છે કે આપણો મહાન્ વારસો હોવા છતાં આપણે ઘણે અંશે નિર્ધનની સ્થિતિમાં રહ્યા છીએ. વારસાની વસ્તુઓના ઢગલા આપણી સમક્ષ પડ્યા હોય તો તે જાળવી રાખવા માટે આપણે આપણા વડિલ પૂર્વજોનો પાડ માનીએ, પણ સાહિત્યના વિષયમાં ઢગલાની માલીકીથી ધનવાન થવાતું નથી એ વાત હજુ આપણે સમજવાની છે. પૂર્વ કાળના ગૌરવ પર રાચવાના દિવસો ગયા છે. અત્યારે તો આપણી પાસે કોઇપણ ક્ષેત્રમાં 'નગદ' નાણું ઉપયોગમાં લેવાતું કેટલું છે, કેવું છે અને કયા આકારનું છે એ પર આપણાં સધન નિર્ધનપણાનો આધાર રહે છે. આપણી આ ક્ષેત્રની પ્રવર્તમાન દશા વિચારીએ.

જૈન સાહિત્યનો ઇતિહાસ વિચારતાં શ્રાવક વર્ગે સાહિત્યના ક્ષેત્રમાં બે એક અપવાદ સિવાય કાંઈ કાર્ય પૂર્વ કાળમાં કર્યું હોય એમ જણાતું નથી. ધનપાળ પંડિત અને કવિમાં ઋષભદાસ સિવાય જેનું નામ ગણાવી શકાય એવો પ્રબળ શ્રાવક ઓગણીશમી સદીની આખર સુધીમાં થયેલ જાણવામાં નથી. નાના સ્નાત્રો કે દુહાચોપાઇ બનાવ્યા હોય તે કાંઇ ખાસ સ્થાનને કે નામને યોગ્ય નજ ગણાય. આ પરિસ્થિતિનું કારણ શું હશે તે સમજી શકાતું નથી. પણ એ સ્થિતિ બહુ વિચાર કરવા યોગ્ય છે.

વીસમી સદીમાં આવીએ છીએ ત્યાં આખું ધોરણ ફરી જાય છે. શ્રાવકોમાં કેળવણીનો ખુબ પ્રચાર થાય છે અને અનેક વિચારકો લેખકો અને વક્તાઓ મોટી સંખ્યામાં બહાર પડે છે. સાધુઓ પ્રાયઃ પ્રાચીન પદ્ધતિના અભ્યાસક પ્રશંસક અને અનુયાયી હોઇ નવ યુગના સાહિત્યક તરીકે બહાર પડે એ સ્થિતિમાં રહ્યા નહિ. નવ યુગમાં ભણેલા સાધુ થયા નહિ અને એ સર્વને કારણે સાહિત્યના ક્ષેત્રનું સ્થાન સાધુના હાથમાંથી સરી જતું દેખાય છે. જેમણે બે હજાર વર્ષ સુધી એકધારે સાહિત્ય ક્ષેત્રની માલેકી જાળવી તેમની વર્તમાન સાહિત્યને અંગે ખેદકારક પશ્ચાત્ પતન જોતાં જરૂર શોક થાય તેમ છે, પણ તેમાં ઉપાય નથી. આ સંબંધી બહુ થોડા અપવાદ છે, પણ તે એટલા થોડા છે કે એ ક્ષેત્રના સ્વામીત્વને હિસાબે એ બહુ અલ્પ ગણાય.

આ પરિસ્થિતિને લઇને અત્યારે સાહિત્યના વિષયમાં આપણે બહુ પછાત પડતા જઇએ છીએ. આપણા સેંકડો પુસ્તકો છપાય છે, છતાં આપણે સાહિત્યના ક્ષેત્રમાં તદ્દન નિર્ધન છીએ એ અનેક રીતે બતાવી શકાય તેમ છે. એને અંગે બહુ બહુ બાબતો વિચારવાની છે. આપણે એકાદ બાબત આજે વિચારીએ. તમે પ્રકટ થયેલું કોઇપણ જૈન પુસ્તક જુઓ. જો તે મૂળ ગ્રંથ હશે તો તેને એડિટ કરવાની કળાની ગેર હાજરી જોઇ શકશો. પ્રમાણિક મહેનત કરી પાંચ પ્રાંતોમાંથી પ્રત એકઠી કરી પાઠાંતરો નોંધી એની સાથે ઉપોદ્‌ઘાત લેખકના સમયની ચર્ચા વિગેરે અર્વાચિત કોઇ પણ બાબતમાં જોવામાં આવશે નહિ. માત્ર એક કે બે પ્રત પરથી કોઇ શાસ્ત્રી લહીઆ પાસે પ્રેસ કોપી કરાવી તેને છપાવી દીધી હશે. પ્રસ્તાવના હશેજ નહિ અને હશે તો શરમ આવે તેવી રીતે લખી નાખેલી અથવા ભારોભાર સસ્કૃતના ખીચડાથી ખદબદ થયેલી અવ્યવસ્થિત દેખાશે. પુસ્તકની અંદર પ્રુફની ભૂલોનો હિસાબ નહિ. પાનાઓનાં પાના ભરેલ શુદ્ધિ પત્રક અને વર્તમાન શૈલીએ પારાગ્રાફ જાડા પાતળા અક્ષર કે પૂરતાં માર્જીનને બદલે જાણે પંદરમાં સૈકામાં લખાયલી પ્રત હોય તે પદ્ધતિએ છાપેલ ગ્રંથ તમારા હાથમાં પડશે.

ઘણા લેખકોને પ્રત મેળવવામાં ઘણી મુસીબતો પડેલી તેઓ આવા મુદ્રણ કળાના નમુનાને પણ વધાવી લે છે અને તેટલા પુરતી વાત હોય તો યોગ્યજ છે. પણ સાહિત્ય પ્રકાશનને અંગે તો એવી રીતે બહાર પાડેલ પુસ્તકને કાંઇ સ્થાન મળતું નથી.

એક ગ્રંથ છપાવવો હોય તો તેને અંગે શું શું કરવું જોઇએ તેની તો કળા છે. એનો અભ્યાસ કરવાની જરૂર છે. કોઇ સારા ગ્રંથની આદર્શ આવૃત્તિ ( Critical edition ) જોવામાં આવે તો પુસ્તક પ્રકાશન શું છે? કેવું હોઇ શકે? એનો ખ્યાલ આવે. મૂળ ગ્રંથના પ્રકાશનની આ દશા છે. અત્યાર સુધીના મૂળ પ્રકાશનના ગ્રંથોને અંગે બહુ થોડા અપવાદ બાદ કરતાં સાહિત્યના અતિ વિશાળ ક્ષેત્રમાં આપણે જરા અંદર પણ પ્રવેશ કર્યો હોય એમ લાગતું નથી અથવા આપણે હજુ અઢારમી સદીમાં જીવીએ છીએ.

આવડતની ખામીને લીધે, આદર્શ પુસ્તક કેમ થાય તેની બિનઆવડતને લીધે, દશ વર્ષ મહેનત કરી એક પુસ્તક બહાર પાડવા કરતાં દશ વર્ષમાં વીશ પુસ્તકો બહાર પાડવાનો અભખરો લાગવાને કારણે કે બીજા ગમે તે કારણે મૂળ ગ્રંથોના સાહિત્યના પ્રકાશનને અંગે આપણે જે મોટો ભોગ પૈસાનો આપ્યો છે તેનો આપણને ભાગ્યેજ બદલો મળ્યો કહી શકાય?

આટલા ઉપરથી છાપેલ પુસ્તકો મળવા લાગ્યાં છે અને સગવડ થઇ છે તે તદ્દન અલગ બાબત છે. આપણે અત્યારે સાહિત્યની નજરે વિચાર કરીએ છીએ કે આપણે એ ક્ષેત્રમાં કોઇની પાસે મૂળ ગ્રંથો વૈજ્ઞાનિક પદ્ધતિએ તૈયાર કરેલાં તૈયાર છે એમ કહી શકવાની સ્થિતિમાં છીએ. બહુ થોડા અપવાદને નગણીએ તો આ સંબંધમાં આપણું દારિદ્ર આપણે સ્વીકારવુંજ પડે તેમ છે.

આટલો મોટો વારસો મેળવનાર કોમની આ દશા હોય? આ સંબંધમાં અનેક વખત ચર્ચા થઇ છે ધ્યાન ખેંચવામાં આવેલ છે-છતાં અંધકાર હજુ સાર્વત્રિક જણાય છે. અત્યારે લગભગ નાના મોટા દરેક સાધુને ગ્રંથો છપાવવા પર પ્રેમ થયો છે અને તે અતિ આનંદની વાત છે. પણ એની સાથે જનતાને ઉપયોગમાં આવે, ભવિષ્યમાં પ્રતો જોવાની જરૂર ન પડે, ઘણા પાઠો એક સ્થાનકે તૈયાર કરેલા હોય, અને પ્રુફ બરાબર જોવાયા હોય એવી શુદ્ધ આવૃત્તિઓ મેળવવાની આપણી મનઃકામના તો એહરજ રહી છે.

આપણે આગમ પ્રકાશનનો દાખલો લઇએ. એની કોપીઓમાં અર્વાચિન પુસ્તક પ્રકાશનની કથાનું એક અંગ પણ દેખાય છે? એમાં જરૂરી નોટ નહિ દેખાય, પ્રસ્તાવના નહિ, ચર્ચા નહિ, આમુખ કે ઉપોદ્ઘાત નહિ. સૂત્રોની અનુક્રમ નોંધની વર્ગણી નહિ, અઘરા શબ્દના અર્થ નહિ, ભૌગોલિક સ્થળો કે ઐતિહાસિક બાબતનું વર્ગીકરણ નહિ, ગ્રંથનો ટુંકો સાર નહિ, સુંદર અનુક્રમણિકા નહિ, વિષયવાર ગોઠવણ નહિ-માત્ર કોપી ટુ કોપી છપાવી દેવાની ઉતાવળ સિવાય એમાં સફળ પ્રયાસ કે કળા દેખાશે નહિ.

આ સર્વ બાબત ટીકા કરવાના ઇરાદાથી નહિ, પણ પ્રેરણારૂપે લખાય છે. જરા વધારે પ્રયાસે આપણે ખૂબ લાભ લઇએ અને આપી અપાવી શકીએ તેમ છે. અત્યારના ગ્રંથ તે પ્રતની કોપી નજ હોવા ઘટે. થોડું ગાયકવાડ સીરીઝનું કામ જોવાય કે બેએ સંસ્કૃત સીરીઝનાં પુસ્તકો જોવાય તો સાહિત્ય કેમ પ્રકટ થાય તેનો ખ્યાલ આવે.

મૂળ ગ્રંથો માટે આપણી સાહિત્યના ક્ષેત્રમાં આ દશા છે. જરૂર શુધારવા યોગ્ય છે અને સુધરી શકે તેમ છે. સાહિત્યની અનેક દિશાઓમાં આપણે હજુ ખૂબ પછાત છીએ તે આપણે હવે પછી જોશું.

**—મો. ગિ. કાપડીઆ.**

**નવું અધિવેશન**—અખિલ ભારતીય સ્થાયિ સમિતિની બેઠક મેળવવા સંબંધે સંસ્થાની કાર્યવાહી સમિતિએ એક કરતાં વધુ વખત વિચાર કર્યો છે. છેવટ તા. ૧૧-૧-૩૧ ના દને આ બાબતનો વિચાર વર્તમાન પરિસ્થિતિને અંગે બે માસ મુલતવી રાખવા ઠરાવ્યું છે. જે સંયોગ વચ્ચે આ નિર્ણય થયો છે તેમાં ફેરફાર થતાં યા અનુકુળ સંજોગ તે અગાઉ પ્રાપ્ત થતાં અધિવેશન અથવા અખિલ ભારતીય સ્થાયિ સમિતિની બેઠકો સંબંધે ઘટતી ગોઠવણ થશે. દરમીઆન આ પ્રસંગ જલદી ઉપસ્થિત થાય તે માટે પ્રયાસો ચાલુ છે.

લી. શ્રી સંઘ સેવકો,
રણછોડભાઇ રાયચંદ ઝવેરી.
મોહનલાલ બી. ઝવેરી.
સ્થાનિક મહામંત્રીઓ.

# અઢી હજાર વર્ષ પછી—

જૈન સમાજના જીવનમાં સદ્ભાગ્યે અઢી હજાર વર્ષ પછી આ સુંદર સમય આવ્યો છે કે જ્યારે મહાત્મા ગાંધી સંસારને અહિંસાના આ બલથી સ્વતંત્ર, શાન્તી અને જીવન્ત રહેવા શિખવવા ઇચ્છે છે. સંસારમાં શાંતિ સ્થાપવા માટે નેવલ કૉન્ફરન્સ, કેલૉગ પેક્ટ (Kellog Pact) અને લીગ ઑફ નેશન્સ આદિ સર્વ યુક્તિઓ નિષ્ફળ નિવડી છે અને તેથીજ મહાત્મા ગાંધીજીએ આ રક્ત પતન-રહિત યુદ્ધનો આરંભ કરેલો છે. અહિંસારૂપી આ શસ્ત્ર વિજયી નિવડશે તો સંસારમાં માત્ર શાંતિજ સ્થાપન થશે એટલુંજ નહિ પણ આની સફળતાથી જૈન ધર્મનો પ્રચાર સંસારની સર્વ દિશાઓમાં કરી શકાશે. હિંસામાં માનનાર લોકો પણ 'પ્રેમ આખા સસારનો વિજય કરે છે' (Love Conquers all) એ અપૂર્વ ચમત્કારને જોઈ આપણી સાથે જોડાઇ જશે. એથી ઉલટું આપણી અસાવધાની, સ્વાર્થ પરાયણતા, ભીરૂતા, યા સમયાનુકૂલ નહી થવાના સબબસર આ યુદ્ધ સફળ નહીં નિવડે તો અહિંસાના સિદ્ધાંતની હસ્તી ભયમાં આવી પડશે!

જગત્ પ્રથમથીજ અહિંસાની હાંસી કરે છે અને તેને કાયર લોકાના હથીયાર તરીકે માને છે અને તેથીજ વિશેષ કરીને આ યુદ્ધની સફળતામાંજ જૈન સમાજની વિશિષ્ટતા અને ગૌરવ સમાયેલા છે. અકર્મણ્યતાનું કલંક જૈનો ઉપર ચોંટેલું છે તેને હમેશના માટે ભુસી નાંખવા આ સર્વશ્રેષ્ટ અવસર પ્રાપ્ત થએલ છે કેટલાક ભોળા લોકો એમ કહી સંતોષ માને છે કે જૈનો-સંખ્યાના પ્રમાણમાં આ યુદ્ધમાં સારો ફાળો આપી રહયા છે પણ આ માત્ર ભ્રમણાજ છે. આપણે તો અહિંસા ધર્મની સર્વોત્કૃષ્ટતા બતાવવા માટે અધિકાધિક કાર્ય અને બલિદાન આપશું તોજ આપણા પાપોનું પ્રાયશ્ચિત થઇ શકશે. જો આટલું નહીં બને તો શુદ્ધ ખાદી વાપરવાનો અને વિદેશી વસ્તુઓનો સંપૂર્ણ રીતે ત્યાગ કરવાની તો ઘણીજ જરૂરીઆત છે. આ સ્થળે આટલું યાદ રાખવા જરૂર છે કે વિદેશી વસ્તુઓના ત્યાગમાં પ્રતિ હિંસા (સામી હિંસા) વા ધૃણાનો ભાવ લેશ માત્ર પણ નથી. આ કારણથી તેને હિંસાનું નામ કોઇ પણ રીતે આપી શકાતું નથી. એમાં તો સ્વરક્ષા, સ્વાભિમાન, સ્વાધીનતા, સ્વાવલંબન અને આત્મનિર્ભતાનો સિદ્ધાંત છુપાયેલો છે. બસ, જો જિવવા ઇચ્છા હોય, ભુલ સુધારવી હોય, આપણી રહી સહી પ્રતિષ્ઠા સંભાળવી હોય અને વીર પ્રભુના નામને ફરી જગતમાં ફેલાવવા દાવો રાખતાં હો તો સ્વાર્થત્યાગપૂર્વક આત્મભોગ આપવા માટે કટિબદ્ધ થવું જોઇએ.

(લાલા બંસીધર જૈનના ભાષણમાંથી ઉધ્દ્ત.)

**स्वर्गवास**—ता. १४-२-३१ को 'श्वेताम्बर जैन' के सम्पादक बाबू जवाहरलालजी लोढा की धर्म पत्नी श्रीमती रतन कंवरी का स्वर्गवास हो गया। आपकी आयु केवल १८ वर्षकी थी आप बहुतही सुशील, धर्मात्मा और विदुषीथी। आपकी आत्मा को शान्ति लाभ हो।

# —: ધર્મ શિક્ષણ :—

## ( ૩ )

ધર્મ શિક્ષણનો હેતુ શુદ્ધ કર્તવ્યભાવના જગાડવાનો, લાગણીઓને કેળવવાનો અને ચારિત્ર ઉન્નત બનાવવાનો છે. વિદ્યાર્થિઓના વિચારો શુદ્ધ થાય, તેઓમાં સંયમભાવના વધે, તેઓ પરોપકારી, દયાળુ, ક્ષમાવાન્, વિવેકી અને બુદ્ધિશાળી બને તે માટે યોગ્ય ધર્મ શિક્ષણક્રમ ગોઠવાવો જોઇએ.

પ્રથમ તો સામાન્ય-સર્વમાન્ય ધર્મનું અને વિશેષ ધર્મનું શિક્ષણ, એક પછી એક કે કંઇક અંશે સાથે સાથે કેવી રીતે આપવું તે વિષે ઉહાપોહ કરી યોજના ઘડાવી જોઇએ.

સર્વ માન્ય ધર્મના શિક્ષણ સંબંધમાં—

કાશી ખાતે મળેલી એશિયા શિક્ષણ પરિષદે જે કંઇ દિશા સૂચન કર્યું છે. તેમાં નીચલા આઠ મુદ્દા સમાયેલા છે અને તે ખાસ વિચારવા જેવા છે:—

(૧) મહાન્ પુરૂષોનાં ચરિત્રો શિખવવાં. (૨) ખુલ્લા મેદાનોમાં રમવું પર્વતો ઉપર ચડવું, સામાજિક કાર્યો કરવા તરફ લક્ષ દોરવું. (૩) જીવ શાસ્ત્રનું શિક્ષણ. (૪) ગુરૂકુળ પદ્ધતિથી સાદી, સાત્વિક અને શ્રમયુક્ત રહેણીમાં વિદ્યાર્થીઓને પલોટવા. (૫) સર્વ ધર્મોમાં માલુમ પડતાં સામાન્ય તત્ત્વોનું શિક્ષણ. (૬) ધર્મ શિક્ષણ માતૃભાષામાં આપવું. (૭) સામુદાયિક પ્રાર્થના. (૮) અહિંસા, શૌચ, સત્ય, અસ્તેય અને બ્રહ્મચર્ય એ પાંચ મહાગુણોનું બીજારોપણ કરી તે બીજને વિકસાવવાં.

આવાં તત્ત્વો ઉપર ધ્યાન આપી સામાન્ય ધર્મના શિક્ષણનો ક્રમ ગોઠવી, સાથે સાથે વિશેષ ધર્મના શિક્ષણનો ક્રમ યથોચિત ગુંથી પાઠ્યપુસ્તકો રચવામાં આવે તો, કેવાં સુંદર અને સંગીન પરિણામો નીપજે ?

વળી નીચલા વિચારો પણ લક્ષમાં લેવા યોગ્ય છે:—

સાચા ધર્મ શિક્ષણમાં મતાગ્રહને સ્થાનજ નથી. મત સહિષ્ણુતા કે અદ્વેષ ધર્મનો પાયો છે અને તે ગુણને ખીલવવા તરફ મુખ્ય લક્ષ આપવાનું છે.

બુદ્ધિ વિકાસમાં ઉઠતી સ્વાભાવિક વૃત્તિઓને અકાળે મતાગ્રહથી દબાવવામાં આવે તો, ધર્મ વડે થતું સત્ય જ્ઞાન અને પ્રાણી માત્રના કલ્યાણ માટે ઉદ્ભવતી હૃદય ઉંડી લાગણીઓ સ્ફુરી આવે નહીં. તેમજ સ્વસ્વરૂપનું ભાન મેળવી શકાય નહીં. પણ ઉલટું તેથી વિદ્યાર્થી સંકુચિત દૃષ્ટિવાળો અને હૃદયની ખરી લાગણી વિનાનો બની, દાંભિક નિવડી, ધર્મના ખરા રહસ્યનો ઘાતક બનશે.

કાર્યકારણના વિચાર, વિજ્ઞાન અને વર્તમાન યુગની પ્રવૃત્તિઓ સાથે બંધ બેસતી રીતે ધર્મ શિક્ષણ નહી આપવામાં આવે તો ધર્મ વૃત્તિઓ શિથિલ થઇ જવાનો ભય રહે છે.

વળી, શિક્ષકોએ એટલું તો ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે તેઓએ પોતાના અભિપ્રાયે શિષ્યોને ન દોરવા. તેઓમાં પોતાની મેળે અભિપ્રાય ઉગવા દેવો. સારાસાર તોલ કરવાનું તેઓના પર છોડી દેવું. શિક્ષકોએ શિષ્યવર્ગને દોરી, તેમને પોતાને ઉગી શકે એવા અભિપ્રાયોને થંભી ન દેવા.

આ સંબંધમાં શ્રીયુત બેચરદાસ જીવરાજ દોશીના છેલ્લા છાત્રસંમેલન વખતે દર્શાવેલા વિચારો જાણવા જેવા છે:—

"ધર્મનું શિક્ષણ તો મનુષ્યને સ્વતંત્ર બનતાં શિખવે છે. એથી બુદ્ધિ અને અનુભવો વધતાંજ ચાલે છે. અને ખુશામતનું તો એ વિરોધી હોય છે. ત્યારે ચાલુ શિક્ષણ તો સંપ્રદાયની ખુશામતને પોષનારૂં છે."

આ ઉપરાંત, પોતપોતાના ધર્મનું શિક્ષણ માત્ર વિદ્યાર્થીને ધર્મના રીત રીવાજોનો પરિચય થાય એ રીતે એટલે જેમ આપણે ઇતિહાસ શીખવીએ છીએ તેમ હોવું જોઇએ. અને સાથે વિશ્વમૈત્રીનું ધ્યેય રાખીને બીજા બીજા ધર્મોનો પરિચય પણ એ રીતેજ આપવો જોઇએ. બીજા ધર્મ તરફ તિરસ્કાર અને પોતાના ધર્મ તરફ વિશેષ આગ્રહ એ બન્ને મોળાં પડવા જોઇએ. અને વિદ્યાર્થીઓને ધર્મના વિષયમાં જે જે પ્રશ્નો ઉઠે તેનો વિરોધ ન કરતાં શકયતા પ્રમાણે સમાધાન કરવું જોઇએ.

વળી, આપણા વિદ્યાર્થીઓને પોતાની આજીવિકા પ્રાપ્ત કરતાં અને તે પણ પ્રામાણિકપણે પ્રાપ્ત કરતાં શિખવવું એ ધર્મ શિક્ષણનું મંડાણ હોવું જોઇએ. આવું શિક્ષણ અધર્મિક તો નજ લેખાવું જોઇએ. આજીવિકાનું સાધન અને તે પણ ન્યાયસંપન્ન-આ બધા વ્યવહાર-પરમાર્થનું મૂળ છે. આજીવિકા વિના વ્યવહાર નથી અને ન્યાય વિના પરમાર્થ નથી. વિદ્યાર્થીઓ ભવિષ્યમાં પોતાની આજીવિકા પોતાની મેળે પ્રામાણિક પણે મેળવી શકે તેવી કેળવણી તેઓને મળવી જોઇએ. વ્યાપારી, ઔદ્યોગિક અને હુન્નર કળાને લગતી કેળવણીનાં સાધનો આપણા સમાજમાં વધુ પ્રમાણમાં થવાં જોઇએ. અત્યારના કહેવાતા ધર્મી પુરૂષો કાવાદાવાઓ કરે-ઉગ્ર સટોડીઆઓ બને-અન્યાય અને અપ્રમાણિકતા દાખવે તો તે ઉપથી સમજવાનું કે તેઓના તેવા ઉદયમાન કર્મો તો હશેજ પરંતુ સાથે સાથે એમ પણ માની શકાય કે તેઓએ પ્રાપ્ત કરેલું ધર્મ શિક્ષણ અપૂર્ણ અને ખામીવાળું હોવું જોઇએ. આવા આવા અનુભવોનો લાભ લઇ ધર્મ શિક્ષણનો નવો ક્રમ રચવો જોઇએ.

વળી, જૈન સમાજમાં અત્યારે ધર્મને નામે જે ઝગડાઓ ચાલી રહ્યા છે તેનાં બીજ આપણા શિક્ષણ ક્રમમાં ગુપ્તપણે રહેલાં હોવા જોઇએ. તેવાં બીજ શોધી કાઢી, તેને સત્વરે ફેંકી દેવાની ફરજ, આપણા ધર્મોપદેશકો, ધાર્મિક શિક્ષકો અને ધર્મસંસ્થાઓના સંચાલકોની છે, આ ફરજ જો જલદી અદા કરવામાં નહિ આવે તો, કલેશાગ્નિ વધુ ને વધુ પ્રદીપ્ત થઇ દાવાનળ રૂપ ધારણ કરશે, અને મોટો સંહાર કરશે એ માટે સત્વર ચેતવાની જરૂર છે.

ટુંકમાં, અખિલ ભારતમાં સર્વે ધર્મોનું જે મહાસંગઠન અત્યારે થઇ રહ્યું છે તેને અનુરૂપ સર્વમાન્ય ધર્મોનું એકીકરણ કરી તેમજ સમસ્ત જૈન સમાજના જુદા જુદા ગચ્છોનું સંગઠન સંગીન રીતે થઇ ઉપર્યુક્ત મહાસંગઠનને ટેકો આપે તેવી રીતે નીતિનો પાયો રચી ધર્મભાવના સતત જાગ્રત રહે અને તત્વજ્ઞાનની વૃદ્ધિ સાથે સદ્વર્તન ઘડાય અને પવિત્ર ક્રિયાઓ યથાવસરે ભાવપૂર્વક કરી શકાય તે માટે તેનું રહસ્ય જ્ઞાન મળે તેવી રીતે ધર્મશિક્ષણક્રમ ગોઠવવો જોઇએ.

ઉ. દો. બ.

# વિ...વિ...ધ...નોં...ધ.

( પરિષદ્ કાર્યાલય–કૉન્ફરન્સ ઑફીસ તરફથી. )

## પોરબંદરમાં જૈનોની જાહેર સભા.

**ઉપદેશક, અમૃતલાલ વાડીલાલ શાહ** પોતાના પ્રવાસ દરમીઆન પોરબંદર જતાં સ્થાનિક સંઘની એક જાહેર સભા મેળવી હતી. અને કૉન્ફરન્સની અત્યાર સુધીની કાર્યવાહી, બંધારણની વિશિષ્ટતા અને આ મહાસભાની ઉપયોગિતા વગેરે મુદ્દાઓ પર વિવેચન કર્યું હતું. કેળવણી વિષયક કૉન્ફરન્સની પ્રવૃત્તિ અને ધાર્મિક પરીક્ષાઓ તથા સમગ્ર દૃષ્ટિએ કેળવણી પ્રત્યે આજનું વાતાવરણ કેમ ઉભું થયું છે એ બાબે ઉલ્લેખ કર્યા પછી શ્રી શત્રુંજય અને આબુ તીર્થને અંગે કૉ. ની પ્રવૃત્તિઓ અને પરિણામ સંબંધે વિવેચન કર્યું હતું. આવી સંસ્થા પ્રત્યે કદાચ કોઇ વિરોધી ગંદુ પ્રચારકાર્ય કરે તો તેનો સચોટ પ્રત્યુતર આપવા સૌની ફરજ રહે અને ખરી હકીકત સર્વ બંધુઓનાં ધ્યાનમાં રહે તે ખાતર ઘટતી હકીકતો રજુ કરી હતી. દેશની પ્રવૃત્તિના અંગે નવાં બંધારણના ફેરફારે કૉ. કાર્ય કરતી થઇ છે અને તેનાં શું પરિણામો આવ્યાં છે તથા કેટલા બંધુઓએ જેલ નિવાસ સેવ્યો છે વગેરે બાબતો સમજાવી હતી. સમાજ સંગઠન અને એકત્રિત અવાજ રજુ કરી હિંદની બીજી કોમો સાથે ઉભા રહેવા માટે આ સંસ્થાની ઉપયોગિતા સેવા અને જરૂર દેખાડી સર્વેને જણાવ્યું હતું કે કૉન્ફરન્સ એટલે આપણે અને આપણે એટલે કૉન્ફરન્સ એ વાત ધ્યાનમાં રાખી સૌ પોત પોતાથી બનતું કરે એ જરૂરનું છે. છેવટે સુકૃત ભંડાર ફંડની યોજના સમજાવી હતી. બાદ શેઠ હીરાચંદ વસનજીએ પ્રસંગોચિત વિવેચન કર્યું હતું. છેવટે સંઘપતિ શેઠ રીખવદાસ હીરાચંદે જણાવ્યું હતું કે પ્રથમ અપાયા છે તેમ હવેથી દર વર્ષે ફંડ ઉઘરાવી મોકલી આપવામાં આવશે. ચાલુ સાલ માટે રૂપીયા સો તુરતમાં ઉઘરાવી મોકલી આપવા ઠરાવવામાં આવ્યું હતું. ત્યાંથી **ધોરાજી** જતાં ઘટતી હકીકતો રજુ કરી ફંડમાં રૂા. ૨૫) પચીસ મોકલી આપવા ઠરાવ્યું. બાદ **જૂનાગઢ** જતાં જાહેર સભા ગોઠવવામાં આવી હતી અને પ્રતિવર્ષ બીજા લાગાઓની સાથે સુ. ભં. ફંડ પાછલી સાલની માફક ઉઘરાવી મોકલી આપવા ઠરાવ થયો હતો. જે ત્યાંની શેઠ દેવચંદ લખમીચંદની પેઢી મારફતે દર વર્ષે વસુલ_કરવામાં આવે છે. જૂનાગઢથી **માંગરોળ** જતાં ત્યાં પણ શેઠ છોટાલાલ પ્રેમજીની મારફતે ઘટતું પ્રચાર કાર્ય થવાની ગોઠવણ થઇ હતી અને સુ. ભં. ફંડ ચાલુ થતાં રૂા. ૩૨ાા તેજ વખતે એકઠા થયા. વિશેષ માટે ફંડ ચાલુ છે તે સંસ્થાને મોકલી આપવા જણાવવામાં આવેલ છે.

—•—

**વેરાવળના શ્રી સંઘ** તરફથી ઉપદેશક અમૃતલાલ વાડીલાલ જતાં સુકૃત ભંડાર ફંડમાં રૂા. ૨૦૦) બસો આપવાનો ઠરાવ થયો છે; તથા દર વર્ષે પર્યુષણમાં ચાર આના લેખે ઉઘરાવી મોકલી આપવા ઠરાવવામાં આવ્યું છે. જૈનોની એક જાહેર સભા કરવામાં આવી હતી.

## રાધનપુર વીશાશ્રીમાળી સમાજનું સ્તુત્ય પગલું.

( એક ખબર પત્રી તરફથી )

[ રાધનપુરના એક ખબર પત્રીએ જણાવ્યા પ્રમાણે શ્રી. રા. વિ. શ્રી. સમાજે કરેલા સ્તુત્ય નિર્ણયની ભેટ સહર્ષ જૈન સમાજને ચરણે ધરતાં રાધનપુરના ઉક્ત સમાજને ધન્યવાદ આપીએ છીએ. આ પગલું ખરેખર આવકારદાયક છે એટલુંજ નહિ પણ ધડો લેવા લાયક અને સર્વથા અનુકરણીય ગણાય. શરતોમાં હજુ સંકોચ નજરે અવશ્ય ચડે છે. વધુ વિશાળતા દાખવવા હિંમત ધરાઇ હોત તો ઇષ્ટ હતું. સમય અવશ્ય કામ કરશે એમ ઇચ્છીએ.

રાધનપુરના દશાશ્રીમાળી સમાજ કે જેઓનાં અતરે આસપાસ વીસ ઘરો છે. તેઓની તરફથી રાધનપુરના વીશાશ્રીમાળી સમાજને દશાશ્રીમાળી સમાજના આગેવાનોએ પોતાની સાથેનો બેટી વ્યવહારનો રિવાજ નથી તે પડદો ખોલી નાખી બેટી વ્યવહારના દ્વાર ખુલ્લા કરી આપવા માટે અરજ એક મહિના પહેલાં કરેલ. જે ઉપર વિચાર કરવા માટે અત્યાર સુધીમાં વિશાશ્રીમાળી સમાજની ચાર બેઠકો મળેલ. જેમાં અનેક વિષયો ઉપર ચર્ચા કર્યા બાદ સંવત ૧૯૮૭ ના મહા વદ ૯ ગુરૂવારના રોજ મિટીંગમાં તેઓની અરજ મંજુર કરી નીચે બતાવેલી શરતોએ તેઓની સાથેનો બેટી વ્યવહારનો પડદો ખોલી નાખવામાં આવેલ છે.

### શરતો.

૧ સહી કરનાર અરજદારોએ રાધનપુર વિશાશ્રીમાળી સમાજના લગ્નાદિ તમામ રિતરિવાજો પ્રમાણે વર્તવું તેથી બીજી રીતે વર્તવું નહી.

૨ રાધનપુર વિશાશ્રીમાળી સમાજના વહીવટથી બીજી રીતે ગામ પરગામ તેમજ જે સમાજ અથવા તેના ઘરો સાથે આ સમાજે બેટી વ્યવહાર રાખેલો કે ખુલ્લો કરેલો નથી તેવી કોઇ પણ સમાજ કે સમાજના ઘરોમાં પોતાની કોઇ પણ દીકરી કે દીકરીયો સહી કરનાર અરજદારોના ઘરાંણાવાળાએ આપવી કે અપાવવી નહી.

૩ ધાર્મિક સપ્રદાય હાલ જેમ એકત્ર છે તેમજ તપગચ્છની સમાચારીનો હંમેશા કાયમ રાખવો તેમાં કોઇ પણ પ્રસંગે જુદા પડવું નહી

ઉપર મુજબનો પડદો ઉચકી લેવા માટે અત્રેના વકીલ **હરજીવનદાસ દીપચંદભાઇ**એ દરખાસ્ત મુકતાં તેને **શા. લખમીચંદ પ્રેમચંદ** અને **શા. ચીમનલાલ સીરચંદ**ના ટેકાથી સર્વાનુમતે ઠરાવ મંજુર કરવામાં આવ્યો હતો જે મંજુર ઠરાવ દશાશ્રીમાળી સમાજને વાંચી સંભળાવતાં તેઓ તરફથી ઉપલી શરતો કબુલ રાખીને આ આનંદદાયક પ્રસંગની ખુશાલીમાં ગવાર મણ ૫૦૧) ખોડાઢોર પાંજરાપોળમાં અને વિશાશ્રીમાળી સમાજના ગોરને રૂા. ૨૫) ખોડાઢોર પાંજરાપોળના. આ કાર્યમાં કામમાં આવેલ નોકરોને રૂા. ૨૫ તથા માળી જીવાને રૂા. ૧૦) આપવાનું જાહેર કરવામાં આવેલ હતું. જે બાદ સભા મહાવીર સ્વામીજીની જય બોલાવી વીસર્જન કરવામાં આવી હતી.

## શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

પ્રતિવર્ષ લેવામાં આવતી ધાર્મિક પરીક્ષાઓનાં અભ્યાસક્રમમાં ફેરફાર કરવા માટે સ્થાનિક તેમજ બહાર ગામથી અભિપ્રાયો મંગાવી તે ઉપરથી નવીન અભ્યાસક્રમ નક્કી કરવા એક કમીટિ તા. ૯-૧૧-૩૦ ની મેનેજીંગ કમિટીએ નીમી હતી. શેઠ મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, શેઠ મોહનલાલ ભગવાનદાસ ઝવેરી, શેઠ લલ્લુભાઇ કરમચંદ દલાલ, શેઠ જમનાદાસ અમરચંદ ગાંધી, શેઠ મોહનલાલ દ. દેશાઇ અને શેઠ ઉમેદચંદ ડી. બરોડીઆ (તથા મંત્રીઓ,) આ કમિટીના સભ્યો હતા. કમિટીએ બહાર ગામથી તેમજ સ્થાનિક અભિપ્રાયો મંગાવી તે ઉપર વિચાર કરી, વિદ્યાર્થીઓ તેમજ પાઠશાળાને અનુકૂળ પડે અને ધાર્મિક કેળવણીનો વધુ પ્રચાર કેમ થાય તે દૃષ્ટિબિંદુ લક્ષમાં રાખી જે અભ્યાસક્રમ તૈયાર કર્યો હતો તે તા. ૭-૨-૩૧ ની મેનેજીંગ કમિટી સમક્ષ રજુ થતાં પાસ કરવામાં આવ્યો છે. અને તે સન ૧૯૩૧ થી ચાલુ રાખવામાં આવશે. ટુંક સમયમાં તે છપાયેથી જૈન પાઠશાળાઓ વિગેરેને મોકલી આપવામાં આવશે. અભ્યાસક્રમ કમિટીના સભ્યોએ અને શેઠ મોહનલાલ બી. ઝવેરીએ-વખતો વખત પોતાના અમૂલ્ય સમયનો ભોગ આપી જે મહેનત લીધી છે તે બદલ આ સ્થળે આભાર માનવા તક લઇએ છીએ.

ખરીદો અમારી નવી ડીઝાઇનના ઘડીયાળો ખરીદો
અમારૂં જોઇતું કોઇપણ ઘડીયાળ નીચેનું સુંદર દસ ચીજો સાથે ખરીદો અને તમારા પૈસા બચાવો.

—: હાથનું ઘડીયાળ :—



(૨૧૪) રો. ગો. સોનેરી સુંદર ફેન્સી શેપનું સેકન્ડ કાંટાવાળું ચાલવાને માટે અમારી લેખીત ગેરંટીવ રસ ત્રણ સાથે કીં. ફક્ત રૂ. ૬-૦-૦

—: ખીસાનું ઘડીયાળ :—

(૩૫૪) નીકલ સીલવરનું લીવર મશીનનું સુંદર શેપનું સેકન્ડ કાંટાવાળું ચાલવાને માટે અમારી લેખીત ગેરંટી વરસ બે સાથે કીં. ફક્ત રૂ. ૪-૧૦-૦

હીંદુસ્તાનમાં પેકીંગ પોસ્ટેજ માફ.

**ભેટની ચીજો**:-(૧) ઇ. હીરાની વીંટી (૨) ઈ. હીરાનુ કોલર બટન (૩) રો. ગો. ખાસ રાઇટીંગ સેટ પેન (૪) ચપ્પુ (૫) ઘડીયાળ રાખવાનું સુંદર કેસ (૬) રેશમી દોરી અગર પટો (૭) રો. ગો. ખાસ કોલર પીન (૮) શર્ટના મોતીના બટન નંગ ૩ (૯) ફાઉટન પેન અને (૧૦) દાતનું બ્રસ અને અમારૂં રૂ. ૧-૦-૦ ની કીંમતનું ઓર્ડર ફોર્મ નંગ ૧

લખો:—પી. ડી. બ્રધર્સ ઘડીયાળવાળા.
પો. બો. નં. ૩૦૨૬ મુંબઈ, ૩.

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

## શ્રી સારાભાઈ મગનભાઇ મોદી લોન—સ્કોલરશીપ ફંડ.

આ ફંડમાંથી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સ્ત્રી કે પુરૂષ વિદ્યાર્થીને નીચે જણાવ્યા મુજબ અભ્યાસ કરવા માટે આર્થિક સહાય લોન રૂપે આપવામાં આવે છે.

(૧) માધ્યમિક કેળવણી અંગ્રેજી ચોથા ધોરણની અંગ્રેજી સાતમાં ધોરણ સુધીના અભ્યાસ માટે. (૨) ટ્રેઇનીંગ સ્કૂલ અથવા કોલેજમાં અભ્યાસ કરી ટ્રેઇન્ડ શિક્ષક થવા માટે. (૩) મિડવાઇફ કે નર્સ થવા માટે. (૪) હિસાબી જ્ઞાન Accountancy ટાઇપ રાઇટીંગ, શોર્ટહેન્ડ વિગેરેનો અભ્યાસ કરવા માટે. (૫) કળાકૌશલ્ય એટલે કે પેઇન્ટીંગ, ડ્રોઇંગ, ફોટોગ્રાફી, ઇજનેરી વિજળી ઇત્યાદિના અભ્યાસ માટે. (૬) દેશી વૈદ્યકની શાળા કે નેશનલ મેડીકલ કોલેજમાં અભ્યાસ કરવા માટે.

લોન તરીકે મદદ લેનારે મુકરર કરેલ ધાર્મિક અભ્યાસ કરવો પડશે. તથા લિખિત કરાર પત્ર કરી આપવું પડશે. અને કમાવાની શરૂઆત થતાં જે મદદ લીધી હોય તે તેના મોકલવાના ખર્ચા સહિત વગર વ્યાજે પાછી વાળવાની છે. વિશેષ જરૂરી વિગતો માટે તથા અરજી પત્રક માટે સેક્રેટરીને ગોવાલીયા ટેંકરોડ,-ગ્રાન્ટરોડ-મુંબઇ લખો

* સ્ત્રીઓએ લેખીત કરારપત્ર કરી આપવાનું નથી, વળી ટ્રેઇન્ડ શિક્ષક થનાર પુરૂષે તેમજ જેઓ માત્ર ધાર્મિક, સંસ્કૃત યા પ્રાકૃતનો અભ્યાસ કરી તે ભાષામાં પુરેપુરા નિષ્ણાત થવા માગશે તેઓએ પણ કરારપત્ર કરી આપવાનું નથી. એટલે કે આ બન્નેએ પૈસા પાછા આપવા કે નહિ તે તેમની મુનસફી ઉપર રહેશે.

# જૈન વિદ્યોત્તેજક સહકારી મંડળ લીમીટેડ.

**સને ૧૯૨૫ ના સાતમાં એક્ટ પ્રમાણે તા. ૧૩-૧૨-૨૬ ને રોજ રજીસ્ટર થયેલી.**

**હેડઓફીસ:-ટાઉન હોલ સામે-મુંબઈ.**

થાપણ રૂ. ૫,૦૦,૦૦૦, દરેક રૂ. ૨૫) ના વીસ હજાર શેરોમાં વહેંચાયેલી ભરાયેલી થાપણ ૯૪૬૦૦ વસુલ આવેલી થાપણ ૫૪૬૪૦ દર શેરે રૂ. ૫) અરજી સાથે રૂ. ૧૦) એલોટમેન્ટ વખતે, અને રૂ. ૧૦) ત્યાર પછી.

ઉપરોક્ત મંડળમાંથી દરેક લાઇનમાં અહિં તેમજ પરદેશમાં અભ્યાસ કરવા માટે હાલ તુરત મુંબઇ ઇલાકાના ચંચળ બુદ્ધિના શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીઓને અભ્યાસ દરમીયાન છ આનાના વ્યાજે તથા ત્યાર પછી આઠ આનાના વ્યાજે યોગ્ય જામીનગીરીથી અને વીમો ઉતરાવી લોન આપી સહાય કરવામાં આવે છે. વિશેષ હકીકત માટે આંનરરી સેક્રેટરીને ટાઉન હોલ સામે, કોટ, મુંબઇ લખવું.

શેર ભરનારાઓને વધુમાં વધુ ચાર ટકા વ્યાજ આપવાનો નિયમ છે. શેર લેવા ઇચ્છિનારે ઉપરના સરનામે લખવું.

# શ્રી સિદ્ધક્ષેત્રની ધર્મશાળાઓ.

## સત્ય શું ?

[ આ વિષય પરત્વે લેખક નાની મ્હોટી ઘણી બાબતોનો ઉલ્લેખ કરે છે. જણાવવામાં આવેલ વસ્તુસ્થિતિનો પરિચય યાત્રાળુઓને ખરેખર થતો હોય તો માલેકો યા વહીવટકર્તાઓએ સાવધાન રહી જાહેર હિત ખાતર યાત્રાળુઓની મુશ્કેલીઓમિ ટાળવા તત્પર રહેવું ઘટે. —તંત્રી ]

યાત્રાળુઓને ધર્મશાળાની મુશ્કેલીમાં તો જરાયે ફેર પડયો નથી બલ્કે વધ્યો છે. ગઇ કાર્તકી વખતે ફક્ત ત્રણ હજાર માણસો આવ્યા છતાં તેમનો સમાવેશ થયો નહી અને શિયાળાની ઠંડીમાં નાના નાના બચ્ચાંવાલા યાત્રાળુઓને જ્યાં ત્યાં પડી રહેવું પડયું અહીં લગભગ નાની મોટી ૬૫ ધર્મશાળાઓ છે. અગાઉ દસ હજાર યાત્રાળુઓ આવતા હતા, તેને બદલે ત્રણ હજારની નાની સખ્યા પણ મુશ્કેલીમાં મુકાય તે ખરખર શોચનીય છે. હું ગયો ત્યારે તો નવાણું કરનાર વિગેરેની બધી ગણત્રી કરતાં ૪૦૦ થી ૫૦૦ ની સંખ્યા હતી. છતાં પણ યાત્રાળુઓને ધર્મશાળા માટે પોતાના પોટલાં લઇ ફરવું પડતું હતું. ધર્મશાળાઓ ઉપર યાત્રાળુઓનો હક્ક હોવા છતાં ધર્મશાળાના નોકરો તેને બિલકુલ દાદ આપતા નથી. જે યાત્રાળુ શ્રીમંત હોય જેની સાથે નોકર રસોઇયો હોય તેને માટે બધા જાતની સગવડો થઇ જાય છે. એટલુંજ નહી પણ તેવા માણસ માટે ખપ કરતાં પણ વધારે જગ્યા તેને આપવામાં આવે છે કારણ કે આવા શ્રીમંતો પાસેથી નોકરોને સારી આશા રહે છે. આથી ગરીબ યાત્રાળુઓના ન્યાયી અને વ્યાજબી હક્ક ઉપર ત્રાપ પડે છે તેમ કહેવામાં જરાએ ખોટું નથી. દસ પંદર રૂપીયાની નોકરી કરનાર ધર્મશાળાના મુનીમો અત્યારે હજારોપતિ થયા હોય તો તે આ શ્રીમતોનો પ્રતાપ કેમ ન હોય?

વળી સાધુ સાધ્વીઓ પણ વધારે પડતી જગ્યા રોકે છે, એક એક સાધુ અને સાધ્વીજી માટે જુદી જુદી ઓરડીઓ રોકવામાં આવે છે અને તેથી ઘણી જગ્યા રોકાઇ જાય છે. આવા સાધુ સાધ્વીઓ પોતાના ભક્તો પાસેથી મુનીમોને નજરાણા અપાવે છે તેવી વાત બહાર આવી છે ધર્મશાળાના માલીકોની ઉદારતાનો છડેચોક ભંગ થઇ રહ્યો હોય તો તે સબંધી વ્યવસ્થા કરવી તે તેમની પવિત્ર ફરજ છે. અને આવી બાબતોમાં ખાનગી તપાસ થવાની જરૂર છે, વળી કેટલાક વખત ખાલી ઓરડીઓમાં થોડો ઘણો સામાન રાખી તેને તાળાં લગાવી યાત્રાળુઓને છેતરવાના બનાવો પણ બને? મેળા વખતે સેવા કરવા આવનાર **શ્રી મુંબઇ જૈન સ્વયંસેવક મંડળ** હાલમાં આવતું નથી, પણ અહીંની શ્રી જૈન સેવા સમાજ પોતાનાથી બનતું કાર્ય કરે છે, તેમને પણ અનેક મુશ્કેલીઓ નડે છે. આવી પરિસ્થિતિ ધર્મશાળાઓની છે તે ઉપર યોગ્ય લક્ષ આપવા વિનંતી છે.

ધર્મશાળામાંની કેટલીકમાં હમણાં વાસણ ગોદડાંની સગવડ કરવામાં આવી છે, અને તેના માટે લવાજમ નથી, આથી અનેક ફાયદા થાય છે. યાત્રાળુ યાત્રા કરી જવાનો હોય એટલે મુનીમ રસીદ બુકની ચોપડી તેની આગળ ધરે છે, તેમાં શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી માફક જુદા જુદા ખાતાંઓ હોય છે. અને તેથી યાત્રાળુએ લાભ લીધો હોય છે તેથી તેને લાભ આપવાની ફરજ તે માને છે. અને શક્તિ પ્રમાણે તેમાં ભરી આપી ચાલતો થાય છે, તેને શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી સુધી જવાની મહેનત પડતી નથી. પણ આથી શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીની આવકમાં મોટો ઘટાડો થયો છે. સાધારણ ખાતાંમાંની આવક જે વાસણ-ગોદડાંમાંથી ઉભી થતી હતી તે પણ બંધ જેવી થઇ છે. અને ધર્મશાળાના માલીકોને ધર્મશાળાનો જે ખર્ચ માથે પડતો હતો તેના બદલે આવક વધી છે, અને આ રીતે પણ પેઢીની આવકમાં ઘટાડો થાય છે. **એ. વી. શાહ.**

## ગરીબાઇ અને સેવા.

ગરીબાઇ ધારણ કરવા છતાં સમાજમાં ભળવું, સમાજને સાથે લઇ દેશોન્નતિનાં કાર્યો કરવાં, દેશની આગેવાની કરવી અને તે સાથે દારિદ્ર્યનુ વ્રત લઈ ઓછામાં ગુજરાન ચલાવી દ્રવ્યલોભને એકકોરે મુકી દઇ નિઃસ્પૃહતા કેળવવી એ વાત અઘરી છે. વિદ્વાન્ છતાં નમ્ર, ગરીબ છતાં તેજસ્વી અને તપસ્વી છતાં દયાળુ એવા લોકોજ સમાજ ઉપર અને ખાસ કરીને હિંન્દી સમાજ ઉપર પ્રભુત્વ મેળવી શકે છે. ધન મેળવવાની શક્તિ હોવા છતાં જે માણસ ગરીબાઇ પસંદ કરે છે, લાખો રૂપીઆ હાથમાં છતાં જે માણસ પૈસાથી મળતી સગવડો ભોગવવાની લાલચમાં પડતો નથી તેજ માણસ સમાજની સાચી સેવા કરી શકે છે અને પોતે સ્વતંત્ર રહી શકે છે.

**ગોખલેજીને શ્રદ્ધાંજલી**—કાલેલકરના લેખોમાંથી.

## શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

### — વિશાળ કાર્ય ક્ષેત્ર. —

આ સંસ્થાનાં મુખ્ય ત્રણ કાર્યો છે. (૧) **ધાર્મિક પરીક્ષા લેવાનું અને ઉત્તીર્ણ તથા વિદ્યાર્થીઓને ઉત્તેજનાર્થે ઈનામો તથા પ્રમાણપત્રો આપવાનું. (૨) જૈન પાઠશાળાઓને મદદ કરવાનું. (૩) માધ્યમિક તથા ઉચ્ચ શિક્ષણ લેતા અને ધાર્મિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓને આપવા વિગેરેનું છે.**

પરીક્ષાનાં સ્થળો હાલ વધતાં જાય છે, એટલે પાંચ દસ સ્થળોમાંથી હાલ ૭૦ જેટલે સંખ્યા પહોંચી છે. અને પરીક્ષામાં બેસનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦૦-૧૫૦ માંથી વધતાં હાલ ૧૨૦૦ સુધી ગઇ છે. કન્યા-સ્ત્રી-બાળ-પુરૂષ વિગેરે મળી ૨૬ વિભાગીય ધોરણોની પરીક્ષા લેવાય છે.

અને તેથી જૈન બંધુઓને આગ્રહભરી વિનંતિ કરવામાં આવે છે કે આપ સ્થિતિસંપન્ન હો તો એકી સાથે રૂા. ૧૦૦) સો અથવા વધારે રકમ આપી આજીવન સભ્ય થશો અને નહિ તે ઓછામાં ઓછા વાર્ષિક રૂપીઆ ૫) પાંચ આપી સંસ્થાના સહાયક સભ્ય થશો અને સંસ્થાના કાર્યમાં આપનો સહકાર આપી આભારી કરશો. નહિં તો વર્ષમાં ઓછામાં ઓછા ચાર આના **શ્રી સુકૃત ભંડાર ફંડમાં** તો જરૂર આપશોજી.

**વીરચંદ પાનાચંદ શાહ, સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી,**
માનદ મંત્રીઓ. ૨૦, પાયધુની, મુંબઇ.

जैन युग.

वीर संवत् २४५७. हिन्दी विभाग. ता. १-३-३१.

## कविवर श्री कन्हैयालाल जी के भाषण का कुछ अंश.

महावीर के पहिले क्या था ?

संसार में मिथ्यात्व की घटा छाई हुई थी। दुराचार, अत्याचार, वैर, विरोध, और हिंसा की सारे संसार में लहर फैली हुई थी। राजदण्ड क्रूरता के हाथमें पहुंचा हुआ था। धार्मिक भावनाएं शिथिल हो गई थी, संगठन का नाम नहीं था, मिथ्यामत का विचार जोरों से बढ़ रहा था। हवन कुण्ड मूक पशुओं के रुधिर से भरे हुए थे।

महावीर ने क्या किया ?

अखिल देश में ऐसा ही घोर हिंसा का साम्राज्य छाया हुवा था; तब भगवान् महावीर भूतल पर प्रकट हुए। उन्होने विश्व में अत्याचार, हिंसा, द्वेष और ईर्ष्या के विरूद्ध युद्ध छेड़ दिया, मिथ्यामत का खण्डन किया। सत्यका सूर्य चमक उठा, रुधिर की धारा बन्द हो गई, सत्य धर्म की जय हुई और सबके हृदय में विश्व-प्रेम, विश्व-बन्धुत्व और अहिंसा का व्यापक भाव भर गया। भगवान् आजीवन सद्धर्म्म सत् सिद्धान्त और सत्य मार्ग को प्ररूपणा में लगे रहे। ऊंच नीच का भेद मिटा दिया, सब पर साम्य भाव रखने का आदेश दिया। अपने सिद्धान्तोंका सूत्र रूपमें प्रचार किया। भगवान्, औदार्य, प्रेम, और करुणा के आगार थे। उनके हृदय में किसी के लिये कोई भेद भाव न था, राग द्वेष न था। उनकी भुजाएं जिस प्रकार ब्राह्मण आदि द्विजातियों को गले लगाती थी, उसी प्रकार शूद्र और चाण्डालको गले लगाने के लिये खुली हुई थीं। सारे संसार के ऊंच नीच राजा रङ्क, बड़े छोटे उनकी धर्मध्वजा के नीचे समताभाव से आकर खडे होते थे। इस प्रकार संसार में अटल शान्तिका राज्य स्थापित कर ऐक्य मन्त्र का पाठ पढा कर, सभीको ऐक्य सूत्र में बान्ध कर विश्वमें महा मधुर मोहमयी कारूण्य-धारा बहा कर दया और अहिंसा की ध्वजा उड़ा कर विश्व विजयी हो कर भगवान् निर्वाण पद को प्राप्त हुए।

आज हम क्या करते हैं ?

जैन सूत्रों में यत्र तत्र जहां तहां देखिये वहीं समताभाव के सिद्धान्तों पर जोर दिया गया है। प्रत्येक स्थल पर राग-द्वेश-हीनता की महिमा गाई गइ हैं। परन्तु हमने इसे आधुनिक युग में केवल सैद्धान्तिक और सूत्रीक रूप ही दे रक्खा है। इसे केवल शास्त्रोक्त धार्मिक बात समझ कर ही सन्तोष कर लेते हैं कार्यात्मक नहीं बनाते। हम देखते हैं कि जितनी उच्चविभूतियां संसार में अवतीर्ण हुइ हैं उन्होने ही इस नाशकारी भेदभाव को मिटाने का यत्न किया है। उन्होंने ही इस विनाशक भावकी नीन्दा की है। भगवान् महावीर, मर्यादा पुरुषोत्तम श्रीरामचन्द्र, महात्मा बुद्धदेव, महात्मा मोहम्मद और महात्मा इसा तथा प्रस्तुत कालीन महात्मा गांधी सभी भेदभाव छूत अछूत ऊंच-नीच को समदृष्टि से देखने का उपदेश कर गये हैं और करते हैं। परन्तु न जाने इस देश का कैसा दुर्भाग्य है कि हम अपने धर्म्म के नाम पर परस्पर लडते हुए भी अपने धर्म्म नेताओं के आदेश पर नहीं चलते। जिन छोटे छोटे सूक्ष्म सिद्धान्तों पर धार्मिक नेताओं का मतभेद है उन पर परस्पर सिर फोड कर धर्म्म के साथ ही जाति, देश और समाज को रसातल ले जानेके लिये तैयार हैं। परन्तु जिस तत्वकी सारे धार्मिक नेताओं ने एक स्वर से प्रशंसा की है और जो देश जाति और समाज के लिये उन्नति विधायक हैं उस पर विचार करना भी हेय समझते हैं, व्यर्थ समझते है। बात २ पर आज कल गच्छों मे परस्पर दल बन्दियां होती हैं, परस्पर कटु आक्षेप होते हैं। हमे जैनानुयाइयों की यह आपस मे लडते की वीरता देख कर महान् खेद होता है।

( अपूर्ण. )

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay 3.

જૈન ભાવના—

॥ नमो तित्थस्स ॥

Regd. No. B 1996.

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.)

વાર્ષિક લવાજમ
રૂપીઆ બે.

તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ.
[મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.]

છુટક નકલ
દોઢ આનો.

વર્ષ જુનું ૬ ઠું. નવું ૧ લું.

તા. ૧૫ મી માર્ચ ૧૯૩૧.

અંક ૬ ઠો.

– મુખ્ય લેખકો –

શ્રી મોહનલાલ દ. દેશાઈ,
બી. એ. એલએલ. બી.
એડવોકેટ.

,, મોતીચંદ ગિ. કાપડીઆ,
બી. એ. એલએલ. બી.
સોલીસીટર.

,, ઉમેદચંદ ડી. બરોડીઆ,
બી. એ.

,, હીરાલાલ હાલચંદ દલાલ
બાર–એટ–લૉ.

-સુચનાઓ-

૧ આ પત્રમાં પ્રકટ થતા લેખો માટે તે તે લેખના લેખકોજ સર્વ રીતે જોખમદાર છે

૨ અભ્યાસ મનન અને શોધ-ખોળના પરિણામે લખાયેલા લેખો વાર્તાઓ અને નિબંધોને સ્થાન મળશે.

૩ લેખો કાગળની એક બાજુએ શાહીથી લખી મોકલવા.

૪ લેખોની શૈલી, ભાષા વિગેરે માટે લેખકોનું ધ્યાન ' જૈન યુગની નીતિ-રીતિ ' પ્રત્યે ખેંચવામાં આવે છે.

૫ આ પત્ર દર મહિનાની પહેલી અને પંદરમીએ પ્રકટ થાય છે.

પત્રવ્યવહાર:-

તંત્રી—જૈન યુગ.
ઠે. જૈન શ્વેતાંબર કૉ. ઓફીસ
૨૦, પાયધુની–મુંબઈ ૩

## વિવિધ નોંધ અને ચર્ચા.

( અનુસંધાન પૃષ્ઠ ૪૫ થી )

### અહિંસાના ઓજસ્

સ્વાતંત્ર્ય યુદ્ધના રાષ્ટ્રયજ્ઞમાં સંત-શિરોમણી મહાત્મા ગાંધીજીએ અહિંસા રૂપી અમોઘ બળનો ઉપયોગ કરી આજે અણનમ સત્તાઓને જે ઓજસ્ દેખાડયુ છે તેણે અહિંસા–તત્વની સનાતન સત્તા જગત ભરમાં મુગ્ધ બનાવે તે રીતે પુનઃ પુરવાર કરી છે એમા લેશ પણ શંકા નથી. જે સત્તા આજે સમસ્ત જગત્ના એક મોટા ભાગ ઉપર ઉન્નત ગ્રીવાએ પોતાનો સિક્કો બજાવી રહી છે તેને એક ખરો બોધપાઠ શિખવ્યો છે, અને જગત્ એ પરાક્રમી પુરૂષના અતુલ બળથી આજે મુગ્ધ બન્યું છે. મહાત્માજીએ આ અહિંસા તત્વ-પ્રચાર અને તેનાં પ્રાબલ્ય પ્રદર્શન વડે જૈન જગત્ની અણમોલ સેવા બજાવી છે અને જૈન ધર્મનો વિજય ડંકો વગડાવ્યો છે એમ કહેવામાં અતિશયોક્તિ ન ગણાય.

### આ તે વિધવા કે કન્યા ?

જોધપુર રાજ્યના સાંડેરાવ ગામમાં ખુડાલા ગામનો એક રોગી વણિક્ પરણ-વા ગયો, વર–કન્યાની ઇચ્છા નહિ છતાં મોટેરાઓએ ફેરા ફેરવી દીધા. વરરાજા સસરાને ઘેરજ મરણ પામ્યા! પેલી કન્યાને વિધવા ગણી સાસરે વળાવવામાં આવી !! આ તે કન્યા કે વિધવા ? આ નિર્દોષ બાળાની વ્હારે આવી જ્ઞાતિજનો કાંઈ તોડ કાઢે તો સારૂં, નહિતો આ હૃદયદ્રાવક બનાવથી આઘાત પામેલો યુવક વર્ગ જરૂર બંડ ઉઠાવશે, અને પછી જ્ઞાતિના આગેવાનોને વસમું પડશે

---

**વર્કિંગ કમીટીની બેઠક** તારીખ ૧૩–૨–૩૧ ના રોજ રાતના શ્રી. મોતીચંદ ગિ. કાપડીઆના પ્રમુખસ્થાને કો. ઓફિસમાં રાત્રીના ૮ વાગે મળી હતી. નીચે મુજબ કામકાજ થયું છે–

અ. ભા. સ્ટે. કમીટીની બેઠક બોલાવવા સંબંધે વિચાર બીજી બેઠક ઉપર મુલતવી રાખવામાં આવ્યો.

સભાસદો તરફથી સુ. ભં. ફંડના આવેલ ફાળાની વિગતો રજુ થતાં પ્રાં. સેક્રેટરીઓને લખી જણાવવા ઠરાવ્યું કે જેઓનો ફાળો નથી આવ્યો તેમનાં નામો કમીટીના ઠરાવ અન્વયે કમી થતાં હોવાથી નવી નિમણુક એક માસમાં કરવી. જુના સભ્યો ફરી ચુંટાવા ઇચ્છે તો તેમને ફરી નીમવા. કંઈ જવાબ ન મળે તો રે. જ. સે. ઓ તેવી ગોઠવણ બંધારણ અનુસાર કરશે.

શ્રી વીરચંદ પાનાચંદ, પરમાણંદ કાપડીઆ, તથા ચત્રભુજ શિવજી આઝાદીની લડતના અંગે કારાવાસ ભોગવી જેલ મુક્ત થયા બદલ ધન્યવાદનો ઠરાવ કરવામાં આવ્યો.

સ્ટે૦ કમિટીના સભ્યો તથા અંજયુ૦ બોર્ડના સભાસદોને જૈન યુગ વિના લવાજમે આપવા ઠરાવવામાં આવ્યું.

**उदधाविव सर्वसिन्धवः, समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः ।**
**न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**
**-श्री सिद्धसेन दिवाकर.**

અર્થ:-સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે: પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

સરિતા સહુ જેમ સાગરે, તુજમાં નાથ! સમાય દૃષ્ટિઓ:
જયમ સાગર ભિન્ન સિન્ધુમાં, ન જણાયે તું વિભક્ત દૃષ્ટિમાં.


# જૈન યુગ.

તા. ૧૫-૩-૩૧ રવિવાર.


## જૈન ભાવનાના પ્રચાર માટે દિશા સૂચન.

વર્તમાન સમયમાં જૈન ભાવનાના પ્રચાર માટે કેવા પ્રયાસો કરવા આવશ્યક છે તેના નિર્ણય માટે ઘણી બાબત વિચારવા જેવી છે. અત્રે તેમાંની એકનોજ વિચાર કરવામાં આવે છે અને તે જૈન સાહિત્યના પ્રચારની છે.

જૈન સાહિત્યમાં પણ ખાસ કરીને કયા પ્રકારના સાહિત્યનો પ્રચાર થવો જોઇએ એ પહેલાં નક્કી થવું જોઇએ. આપણે સૌ એક રીતે તો બધાયે જૈન સાહિત્યનો પ્રચાર ઇચ્છીએ પરંતુ વિષયવાર મહત્ત્વ વિચારતાં અને જુદા જુદા ધર્મોના આ દિશામાં થતા પ્રયાસો જોતાં આપણું જે લાક્ષણિક સાહિત્ય હોય તેનો પ્રચાર સૌથી પહેલાં થવો જોઇએ. સામાન્ય ભાષામાં કહીએ તો આપણું આગમ સાહિત્ય તે મુખ્યત્વે જૈન-ધર્મનું લાક્ષણિક સાહિત્ય છે. અને તેમાં પણ ઉતરાધ્યયન જેવા કવિત્વપૂર્ણ અને ઉચ્ચ વિચાર તથા આધ્યાત્મિક ભાવ-નાઓથી પરિપૂર્ણ જૈન સાહિત્યના પ્રતિનિધિરૂપ ગ્રંથનો પ્રચાર તો સર્વ ભાષામાં જેમ ગીતાનો, બાઇબલનો કે કુરાનનો થાય છે તે રીતે થાય એ અત્યંત આવશ્યક છે.

જૈનધર્મના સિદ્ધાંતો આકર્ષક સ્વરૂપમાં હોય તો જૈને-તરોમાં પણ પ્રિય થઇ પડે. એવા સ્વરૂપમાં તે શ્રી ઉતરાધ્યયન સૂત્રમાં સમાયેલા છે. આ સૂત્ર વારંવાર જુદે જુદે સ્થળેથી મૂળ માત્ર કે ટીકા સહિત કે ગુજરાતી અનુવાદ સહિત છપાયું છે. તેમજ તેનો અંગ્રેજી અનુવાદ પણ થયો છે. આપણું એ કર્તવ્ય છે કે આ સૂત્ર અથવા એના જેવાજ મહત્વનાં અને આકર્ષક દશવૈકાલિક સૂત્ર જેવા ગ્રંથો પ્રથમ તો હિંદુસ્તાનની સર્વ લોકભાષાઓમાં અનુવાદિત થાય. તેનો અક્ષરશઃ ગુજરાતી અનુવાદ થવો પણ આવશ્યક છે. આ બધા અનુવાદોમાં બીજા ધર્મોનાં આચાર શાસ્ત્રો તથા તત્ત્વજ્ઞાનનાં ગ્રંથોમાંથી અત્યંત વિચાર સામ્યવાળા ઉતારા પણ તુલના માટે સામેલ કરવા જોઇયે, જેથી અમુક સિદ્ધાંતો અમુક વિચારો તથા અમુક ભાવનાઓ તો જન સામાન્યની અને માત્ર એકજ ધર્મની નથી એ સિદ્ધ થાય અને મતસહિષ્ણુતા અને ધાર્મિક ઔદાર્યનો વિકાસ થતાં વિશ્વધર્મના સિદ્ધાંતો તરી આવે અને **वसुधैव कुटुंबकम्** એ પ્રશસ્ત ભાવના સૌ સ્વીકારે.

શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર તથા શ્રી દશવૈકાલિક સૂત્ર તો ઉદાહરણરૂપે છે. તેજ પ્રમાણે આખું આગમ સાહિત્ય આખી દુનીયાની મુખ્ય ભાષાઓમાં અનુવાદિત થાય તો તેથી જૈન ધર્મનો, જૈન તત્ત્વ જ્ઞાનનો જૈન આચારનો તથા ટુંકમાં જૈન ભાવનાનો પ્રચાર અનુપમજ થાય, અને જૈનધર્મ વિશ્વધર્મ થવાની ભૂમિકા તૈયાર થાય. આખું આગમ સાહિત્ય દુનિયાના મુખ્ય મુખ્ય ભાષાઓમાં અનુવાદિત કરવું દુષ્કર લાગે તો પણ એક કે બે ગ્રંથો ઉપર દર્શાવ્યું તેમ જૈનોના લાક્ષણિક કહેવાય તેનો તો બધી મુખ્ય ભાષાઓમાં અનુવાદ થવો જોઇયે.

હવે તેને અંગે અર્ધ માગધી અથવા પ્રાકૃત ભાષાનું શિક્ષણ તથા પ્રચાર પણ અત્યંત આવશ્યક છે. એ તરફ પણ જૈનોનું લક્ષ દોરાય એ અમોને જરૂરી લાગે છે. હજારો સામાન્ય મનુષ્યો કરતાં થોડા પણ જૈન કે જૈનેતર વિદ્વનોના હૃદયમાં જૈન ધર્મ તેની ભાષાના સીધા જ્ઞાન દ્વારા સ્થાન મેળવે તો તેનાં ફળ કેટલાં સારાં નિપજે એ કલ્પનાતીત છે.

બૌદ્ધ ધર્મનું સાહિત્ય તથા તેની પાલી ભાષાના પ્રચારનો ઇતિહાસ જાણનારાઓ એ વાત તુરત કબુલ કરશે. માત્ર ૧૦૦-૫૦ વર્ષ પહેલાં બૌદ્ધ સાહિત્ય તથા પાલી ભાષાનો અભ્યાસ પાશ્ચિમાત્ય વિદ્વાનોએ કરવા માંડયો. તેને લઇને તે વિદ્વાનો ઘણી મ્હોટી સંખ્યામાં બૌદ્ધ ધર્મ તથા સાહિત્ય તરફ ઝુકયા. હર્મન યાકોબી Jacobi તથા Dr. Buhler ડો. બુલ્હર જેવા વિદ્વાનોના પ્રયાસથીજ જૈન ધર્મ એ બૌદ્ધ ધર્મથી સ્વતંત્ર ધર્મ છે એ સાબીત થયું-પાશ્ચિમાત્ય વિદ્વાનોએ સ્વીકાર્યું; અને ત્યારપછી તેઓનું જૈન સાહિત્ય અને અર્ધ માગધી ભાષા તરફ વધુ અને વધુ ધ્યાન ખેંચાયું. પરંતુ એક શોચનીય બિના એ છે કે જે જૈનો ધર્મ માટે પ્રાણ પાથરે છે, તે જૈનો ખાસ અર્ધ માગધી ભાષાના અભ્યાસ માટે જોઇએ તેટલો પણ પ્રયાસ સેવતા નથી; ખરી રીતે કહીએ તો તેની ઉપેક્ષાજ કરે છે. જ્યારે ખુદ જૈનોમાં આવી પરિસ્થિતિ હોય ત્યારે માત્ર જૈનેતરો ત ભાષા શિખે અને જૈન ભાવનાનો પ્રચાર થાય એવી આશા રાખવી નિરર્થક છે. દરેક જૈનની એ પવિત્ર ફરજ હોવી જોઇએ કે તેણે પોતાના ધર્મની ભાષા શીખવી.

આપણા સાહિત્ય પ્રચાર અંગે જૈન ગ્રંથ પ્રકાશક સંસ્થાઓ યોગ્ય દિશામાં પ્રયત્ન આદરે તો ઘણું કરી શકે. પહેલાં તો પ્રસિદ્ધ કરવાના પુસ્તકની પસંદગીમાં તેના સંપાદન કાર્યની પદ્ધતિની પસંદગીમાં તેમજ તે તે વિષયના યોગ્ય વિદ્વાનની સંપાદન કાર્ય માટે પસંદગી કરવામાં આપણામાં આજ કાલ તો અમુક સંસ્થાઓ અમુક વિદ્વાનનીજ તે સંસ્થાના દરેક ગ્રંથના સંપાદન માટે સ્થાયિ પસંદગી કરે છે તેથી વિવિધ વિષયના ગ્રંથનું સંપાદન કાર્ય વિશિષ્ટ રીતે થતું નથી. વળી સંપાદનની પદ્ધતિ પણ હજુ સુધી ઘણે સ્થળે પુરાણીજ

( અનુસંધાન પૃષ્ઠ ૪૪ )

# સતી નંદયંતી

—લેખક—
ધીરજલાલ ટી. શાહ

—પાત્ર પરિચય—

સાગરપોત: પોતનપુર બંદરનો ધનાઢ્ય વેપારી
સમુદ્રદત્ત: સાગરપોતનો પુત્ર
સહદેવ: સમુદ્રદત્તનો મિત્ર
સુરપાળ: સમુદ્રદત્તનો વફાદાર નોકર
પદ્મસિંહ: ભ્રગુપુરનો રાજા
કુલપતિ: સેવાશ્રમના આચાર્ય
લક્ષ્મી: સમુદ્રદત્તની માતા
નંદયંતી: સમુદ્રદત્તની પત્ની
મનોરમા: સહદેવની પત્ની અને નંદયંતીની સખી
સુમતિ: સેવાશ્રમની સાધ્વી

ઉપરાંત ભીલો, પરિજનો, સારથી. અધ્યાપક અને વિદ્યાર્થિઓ.

## અંક ૧ લો.

### પ્રવેશ ૧ લો.

પોતનપુરનો દરીયા કિનારો, સાયંકાળ.

( એક ખડક ઉપર સમુદ્રદત્ત બેઠો છે. )

સમુ૦ ઓ માતા વસુંધરાને વીંટળાઇ વળેલા રત્નાકર ! તારૂં અનહત નાદે ચાલી રહેલું ગાન મારા હૃદયમાં સુતેલા કાંઇ કાંઇ ભાવો જાગ્રત કરે છે. અહા, એવું તે તારાં ગાનમાં શું ભર્યું છે ? અને આ પ્રચંડ નૃત્ય કરતાં તારાં કલ્લોલ મારાં માનસને પણ નૃત્યે ચડાવે છે ! તારા અપાર જળરાશિમાં ઉન્નત મસ્તકે ઉભેલાં સમૃદ્ધ દ્વીપો ને તારા અનંત કિનારે પથરાયેલાં લક્ષ્મીભંડાર સમાં શહેરો તારા અતિથિ થવાને મને નોતરી રહ્યાં ન હોય તેમજ જણાય છે ! ઓ જલ-નિધિ ! આવુ છું. થોડાજ સમયમાં તારી સફર ખેડવાને આવું છું.

( સહદેવ આવે છે )

સહ૦ શા વિચાર તરંગ ચાલા રહ્યા છે ?

સમુ૦ ભાઇ વિચાર એ માનસ સરના તરંગ તો ખરાજ; એ તરંગોથી ભાવિ જીવનની રૂપરેખા દોરી રહ્યો છું.

સહ૦ એ તો હું જાણુંજ છું, જ્યારે જુઓ ત્યારે કાંઇક ગડમથલ ખરી. ઘડીકે તારા મનને નિરાંત નહિ વળવાની.

સમુ૦ સહદેવ ! પિતાજીની લખલૂટ સંપત્તિ વાપરી અમન-ચમન કરતા ક્ષુદ્ર કીટનું જીવન ગાળવું હોય તો આવી ગડમથલ ન હોય. પણ મારે તો આ સુવર્ણમય યૌવનકાળનો ઉપયોગ કરવો છે, મારાજ પુરૂષાર્થથી આગળ વધવું છે, એથી આવી ગડમથલ કર્યા સિવાય કેમ ચાલે ?

સહ૦ એટલે શું ધાર્યું છે ?

સમુ૦ સાગરની સફર. પિતાજીએ પણ પોતાની યુવાનીમાં સાહસભરી સફરો કરીનેજ અઢળક લક્ષ્મી ઉપાર્જન કરી છે.

સહ૦ પણ પિતાજી તને અનુમતિ આપશે ખરા ?

સમુ૦ વિચાર પ્રબળ હશે તો જરૂર મળશે. એ સફરનો લાભ કયાં જાણુતા નથી ?

સહ૦ લાભ જાણવો એ જુદી વાત છે ને રજા આપવી એ જુદી વાત છે. એમનું મન નહિ માને.

સમુ૦ એ જોઇશું પણ તારો શું વિચાર છે ?

સહ૦ મારો વિચાર !

સમુ૦ હા, તારો વિચાર.

સહ૦ મારો વિચાર તો એવો છે કે સાગરની સફર બહુ સારી છે.

સમુ૦ એ હું નથી પૂછતો. તું સાથે આવીશ કે કેમ ?

સહ૦ ભાઇ ! તારો સફરનો વિચાર સાંભળતાંજ મન કૂદા-કૂદ કરવા મંડયું છે પણ મારી મનોરમાનું શું થાય ? એ બિચારી એકલી કેવી રીતે રહે ?

સમુ૦ મનોરમા એકલી કેમ ? શું નંદા નથી ? તે બન્ને સાથે રહેશે.

સહ૦ તો આપણને બીજી કાંઇ ચિંતા નથી.

( પડદા પાછળ )

ભર્યો ભર્યો મ્હેરામણ મીઠડો,
ભર્યો ભર્યો મ્હેરામણ મીઠડો.

( બન્ને સાંભળે છે )

સમુ૦ અરે ! આ તો પેલો સારંગીવાળો આ તરફ આવતો જણાય છે, ચાલો તેનું સાગરગીત સાંભળીએ.

( વૃદ્ધ સારંગીવાળો પોતાની નાની પુત્રી સાથે ગાતો આવેછે)

( રાગ—માલકોશ )

ભર્યો ભર્યો મ્હેરામણ મીઠડો પણ પાણી ન કોઇ પીનાર હો—ભ.
ધખી ધખી ધરણી ધોમ આ પડે પાણી તણા પોકાર હો—ભ.
કોઇ દોડે કુવા કાંઠડલે પણ અધારો તે ઓકાર હો—ભર્યો.
કોઈ ધાતા સરિતા સરવરીએ પણ કાદવનો નહિ પાર હો—ભ.
કોઈ રવડે રણની રેતમાં ત્યાં ઝંઝા નીર અપાર હો—ભર્યો.
નીજ સ્થાને રહીને નિરખો તો પહોંચો સાગર પાર હો—ભર્યો.

સમુ૦ ધન્ય છે તારા સંગીતને, લે ભાઇ આ રૂપીઓ. ( રૂપીઓ આપે છે ) હમેશાં આ ગીત ગાઇને સમા-જને જાગ્રત રાખજે.

( સમુદ્રદત અને સહદેવ જાય છે. )

સારંગીવાળો, પુત્રી } ( ભર્યો ભર્યો મ્હેરામણ મીઠડો ગાતા જાય છે)

### —પ્રવેશ ૨ જો.

સાગરપોત શેઠના ભવ્ય મહેલનું દિવાનખાનું.

( પિતા-પુત્ર વાત કરતા બેઠા છે. )

સાગર૦ ભાઇ ! હમણાં હમણાં તારૂં મન ઉદાસીન કેમ જણાય છે ? શુ શરીર કાંઇ અસ્વસ્થ છે ?

સમુ૦ નહિ પિતાજી.

સાગર૦ તો બીજુ ઉદાસીનતાનું શું કારણ છે ? પરમાત્માની કૃપાથી આપણને એક પણ વસ્તુની ખોટ નથી. શું તારો કાંઇ મનોરથ અધુરો રહી જાય છે ?

સમુ૦ આપની કૃપાથી સઘળી સુખસામગ્રી તૈયાર છે, પણ મારૂં મન એમાં આનંદ અનુભવી શકતું નથી. આપના બાહુબળથી મેળવેલી સંપત્તિનો ઉપભોગ કર્યાજ કરવો એ મને ખુબ સાલે છે. એથી મારો પુરૂષાર્થ હણાઇ જતો જોઉં છું. હું પામર હોઉં તેવુંજ લાગ્યા કરેછે. પિતાજી ! હવે તો વેપાર કરવા સાગરની સફરે નીકળી પડવાનું મન છે.

સાગર૦ નહિ ભાઇ! એવો વિચાર કરીશ નહિ. આ અવસ્થાએ તારા સિવાય મારે કોનું મુખ જોઇને રાજી થવાનું છે! અને તારી મા બિચારી તારા સિવાય ઘડીકે ન રહી શકે !

સમુ૦ આપના સ્નેહનો મને કયાં અનુભવ નથી ? પણ હવે તો આ જીવન અકારૂં થઇ પડયું છે: આપનો પુરૂષાર્થ સંભારતાં મારા આ જીવન તરફ તિરસ્કાર છુટે છે.

સાગર૦ એમ લાગણીને વશ ન થઇ જા. સાગરની સફર એ સહેલ નથી; એ તો જીવતું સાટું છે. એ દરીયાનાં તોફાન, ચાંચીઆઓ સાથેની લડાઇ, અજાણ્યા મુલકોમાં ભટકવું એ કાંઇ સામાન્ય કામ નથી. છતી સંપત્તિએ તને એવું સાહસ ખેડવા કેમ દેવાય ?

સમુ૦ અમે યુવાનો આવા સાહસ નહિ ખેડીએ તો કોણ ખેડશે ? શું આપ જેવા ધનવાનનો પુત્ર થવાથી એવી સફર માટે હું નાલાયક થયો ! પિતાજી ! આપ ખાત્રીથી માનજો કે કોઇપણ જાતની મુશ્કેલીઓ મને ડરાવી નહિ શકે હું પણ તમારોજ પુત્ર છું.

સાગર૦ (મનમાં હર્ષ પામતાં) ભાઇ! તારા વિચાર સાંભળી મન રાજી થાય છે પણ હૃદય કબુલ કરતું નથી.

(લક્ષ્મી પ્રવેશ કરે છે. સમુદ્રદત્ત વંદન કરે છે.)

સાગર૦ સમુદ્રદત્ત પરદેશ જવાનો વિચાર કરે છે.

લક્ષ્મીઃ ના બેટા! એવો વિચાર કરીશ નહિ તારે શી વાતની ખોટ છે તે એવું કરવું પડે!

સમુ૦ માજી આપની કૃપાથી અહિં બધું મળી રહે છે પણ એમાં મારૂં શ્રેય નથી. બીજાની કમાઈ પર આનંદ કરતાં મને શરમ આવે છે.

લક્ષ્મીઃ ગાંડાભાઇ! પિતાની મિલકત તે બીજાની કમાઇ કહેવાય! આવા આવા વિચાર કરી મન નકામું ઉંચું કરે છે!

સમુ૦ આ નકામો વિચાર નથી. પૈસા તો આજ છે ને કાલ નથી અમે મેળવેલી શક્તિ-વિદ્યા એજ ખરૂં ધન છે. જુવાનીના આ વર્ષોમાં જો કાંઇ ન કરીએ તો જીવીએ ત્યાં સુધી સહન કરવું પડે, માટે મારા હિતની ખાતર આપ રજા આપો.

લક્ષ્મી તારા પિતાનો વિચાર છે?

સાગર૦ મારૂં મન તો માનતું નથી.

લક્ષ્મીઃ મારૂં મન પણ માનતું નથી.

સમુ૦ માજી! પિતાજી! આપ જરા લાગણીને કોરે મૂકી મારા હિતનો વિચાર કરો. ત્રણ વર્ષ તો ચપટી વગાડતાં ચાલ્યા જશે ને ફરી ફરી આવી તક નહિ મળે,

(સાગરપોત તથા લક્ષ્મી એક બીજાના મુખ સામું જોઇ રહે છે.)

સાગર૦ શું તારો આ મક્કમ નિર્ણય છે?

સમુ૦ હા પિતાજી હવે મારો એક દિવસ પણ અહિં આનંદમાં નહિ જાય!

સાગર૦ જો એમજ હોય તો સુખેથી જા. પણ અત્યારે તું એકલો જઇશ?

સમુ૦ સહદેવ મારી સાથે આવે છે. અને એ આવતાં મને એકલાનો અનુભવ નહિ થાય.

સાગર૦ તો તો ઠીક.

લક્ષ્મીઃ પણ ભાઇ! આવું સાહસ શા માટે કરે છે?

સમુ૦ માજી! તમારા મને મંગળ આશીર્વાદ હશે તો હું દુઃખી નહિ થઉં માટે આપ આનંદથી રજા આપો.

લક્ષ્મીઃ ભાઇ તારી સફર સુખરૂપ થાય ને વ્હેલો તું પાછો આવ.

(આંખમાં આંસુ આવી જાય છે.) (ચાલુ)

---

( અનુસંધાન પૃષ્ઠ ૪૨ થી )

છે. તુલનાત્મક પદ્ધતિએ વિવેચન કે ટિપ્પણ થતાં નથી, કારણ કે ગ્રંથ પ્રકાશક સંસ્થાઓ લાયક વિદ્વાનની પસંદગી પ્રાયઃ કરતી નથી અથવા તો આવા શ્રમસાધ્ય કાર્ય માટે યોગ્ય ખરચ કરવા તત્પર હોતી નથી.

પુસ્તક પ્રકાશનના ખર્ચના અડસટ્ટામાં જવલેજ સંપાદન માટે યોગ્ય રકમની ગણત્રી કરવામાં આવે છે. ગ્રંથોની પ્રસિદ્ધિ પછી પણ યોગ્ય સ્થળે એટલે યુનિવર્સિટીઓની તેમજ જૈન સાહિત્યનો અભ્યાસ કરાવતી કોલેજોની લાયબ્રેરીઓ તેમજ મુખ્ય જૈન લાયબ્રેરીઓ તથા જ્ઞાનભંડારો તથા જૈન તથા જૈનેતર વિદ્વાનોને ભેટ તે ગ્રંથો મોકલવા જોઇએ. કદાચ તેટલી નકલો ભેટ આપવા તે તે સંસ્થાઓ તૈયાર નહિ હોય તો જૈનેતર સાર્વજનીક સંસ્થાઓમાં તેમજ જૈન સાહિત્યમાં રસ લેતા જૈનેતર વિદ્વાનો અધ્યાપકો, વગેરેને તો અવશ્ય ભેટ તરીકે તે તે ગ્રંથો મોકલાવા જોઇએ. એકજ ઉદાહરણ અત્રે આપવું પૂરતું થશે હાલમાંજ બનારસ હિંદુ યુનિવર્સિટીની લાયબ્રેરીમાં જૈન ગ્રંથો બહુજ જુજ સંખ્યામાં છે. અને ત્યાંના અધિકારીઓ જૈન ગ્રંથો ભેટદ્વારા આપે તોજ સંગ્રહી શકે એમ છે. એવા ખબર એક મિત્ર દ્વારા મળી છે. આપણે જૈન સાહિત્યના શિક્ષણ માટે લાખો રૂપિયા ખર્ચીએ ત્યારે જૈન ગ્રંથ પ્રકાશક સંસ્થાઓ પાસે આવે સ્થળે તો ગ્રંથો ભેટ મોકલે એવા સહકારની જૈન સાહિત્યના પ્રચાર માટે અવશ્ય આશા રાખીએ.

આગમ સાહિત્ય તથા અર્ધમાગધી ભાષાના પ્રચાર જેટલોજ ભારતીય દર્શનોમાં જૈન દર્શનનું સ્થાન જો નિશ્ચલ રાખવું હોય તો જૈન તત્ત્વજ્ઞાન તથા ન્યાય અર્થાત્ સ્યાદ્વાદ સિદ્ધાંતનો અભ્યાસ તથા પ્રચાર આવશ્યક છે. સ્યાદ્વાદ પર તથા જૈન તત્ત્વજ્ઞાન પર સ્વતંત્ર રીતે ભારતીય ભાષાઓમાં ગ્રંથો લખાય એ જરૂરી છે. એ ન બની શકે તો તે દરમ્યાન તત્ત્વજ્ઞાનના તથા ન્યાય ગ્રંથોના અનુવાદો થવા જરૂરી છે. ટુંકામાં કહીયે તો જૈનાગમ સાહિત્ય તાત્વિક સાહિત્ય કે અર્દ્ધ-માગધી ભાષા શિક્ષણના સાધનો જળ તથા વાયુની જેમ સર્વને સુલભ થવાં જોઇએ.

**મોહનલાલ બી. ઝવેરી.**

# વિ વિ ધ નોં ધ અને ચ ર્ચા.

## દેવદ્રવ્ય અંગે ચર્ચા.

[ ચર્ચામાં નોંધાએલા વિચારો લેખકના અંગતજ ગણાય. સ્વીકૃત સિદ્ધાન્ત તરીકે ગણી લેવાની કોઈ ભૂલ ન કરે. —તંત્રી ]

ગત જુન્નેર કોન્ફરન્સની વિષય વિચારિણી સમિતિ આગળ દેવદ્રવ્ય સંબંધમાં નીચલી દરખાસ્ત આવી હતી:—

"દેવદ્રવ્યનો ઉપયોગ શી રીતે કરી શકાય તે વિષે અત્યારસુધી જે સંકેત સ્વીકારવામાં આવ્યો છે તેમાં વર્તમાન કાળની જરૂરિયાતો વિચારતાં જૈનધર્મ તેમજ મંદિરની સંસ્થાના અસ્તિત્વખાતર ફેરફાર કરવાની જરૂર ઉભી થઇ છે એમ અમને લાગેછે અને મંદિર અને મૂર્તિને લગતો ખર્ચ બને તેટલો ઘટાડીને જન કલ્યાણના કોઇપણ કાર્યમાં તે દ્રવ્ય ખરચી શકાય એવી અમે માન્યતા ધરાવીએ છીએ."

બીજી અનેક દરખાસ્તોની માફક, આ દરખાસ્ત પણ વખતના અભાવે પડતી મુકાઇ હતી. પરતુ આ દરખાસ્ત સંબધમાં વિશેષતા એ છે કે કોન્ફરન્સ પહેલાંજ મળેલા યુવક સંમેલને તે દરખાસ્ત પસાર કરી હતી એટલુંજ નહીં પણ તેના સમર્થનમાં એક મનનીય લેખ રા. પરમાણંદે લખ્યો હતો અને તેને મુંબઇ જૈન યુવકસંઘે પ્રસિદ્ધ કર્યો હતો.

આ દરખાસ્તમાં અને ઉપર્યુકત લેખમાં જણાવેલા વિચારો સાથે આખો સમાજ સંમત છે કે નહિ તે પ્રશ્ન બાજુએ મુકીએ તોપણ તેની તરફેણમાં યુવક વર્ગનો ઘણો મોટો ભાગ છે એમાં તો લગારે શંકા જેવું નથીજ. આ પ્રશ્ન જૈન સમાજનો એક સળગતો પ્રશ્ન છે અને તેનો કોન્ફરન્સે વ્હેલો મોડો નીકાલ લાવ્યેજ છુટકો છે.

પ્રસ્તુત લેખમાં જે દલીલો દરખાસ્તની તરફેણમાં આવી છે તે સંગીન યુક્તિવાળી છે એમ તો સ્પષ્ટ સમજાય છે. તેની વિરૂદ્ધમાં કોઇએ કંઇપણ લખ્યું હોય તેમ જાણવામાં નથી. અને હવે પછી મળનારી કોન્ફરન્સ વખતે તેવી દરખાસ્ત વધારે વ્યવસ્થિત રીતે રજુ થશે એ પણ નિર્વિવાદ છે.

આ દરખાસ્ત જો જૈન સમાજ સ્વીકારશે તો, રા૦ પરમાણંદના માનવા મુજબ, દેવદ્રવ્યને મુક્તિ મળશે, જિન-મૂર્તિ મૂળસ્વરૂપને પામશે, દેવમંદિરો સાદાઇ અને પવિત્રતાનાં ધામ બની જશે અને અનેક કલ્યાણવાહી સામાજિક સંસ્થાઓમાં દેવદ્રવ્યના સિંચનથી નવા પ્રાણ પુરાશે.

વળી આ દરખાસ્ત સંબંધમાં અપ્રમાણિકતા કે અધાર્મિકતા જેવું કંઇ નથી. દેવદ્રવ્ય સંકેત પરિવર્તન માગે છે. અને પરિવર્તન સમાજ સ્વીકારે તે પછીજ દેવદ્રવ્યનો ઉપયોગ વિસ્તાર થઇ શકે. સમાજ સંઘ કે મહાસંઘ (કોન્ફરન્સ) ને તેવું સંકેત પરિવર્તન કરવાનો અધિકાર છે. પરંતુ ત્યાંસુધી તો એકઠું થયેલું દ્રવ્ય જે સંકેતથી એકઠું છે તે તે પ્રમાણેજ વાપરવું એમ રા૦ પરમાણંદ સ્પષ્ટ રીતે જણાવેછે એટલે દેવદ્રવ્ય બીજાઓ ખાઈ જશે એવી બીક ને કિંચિત પણ સ્થાન નથી.

દેવદ્રવ્યના ઉપયોગ વિસ્તારમાં જન કલ્યાણનો આદર્શ સ્વીકારવો કે નહિ તે તો સમાજની તે વખતની હૃદય વિશાળતા કે માન્યતા ઉપર આધાર રાખેછે. જિન દેવ નિમિત્તક દ્રવ્યનું ઉપયોગક્ષેત્ર તો જનકલ્યાણ કે જીવકલ્યાણજ હોઇ શકે. 'દુષ્કાળ હોય, મહામારી હોય, અજ્ઞાન નિવારણનું કાર્ય હોય કે દલિતોદ્ધારનું કાર્ય હોય-કોઇપણ જનસેવાના કે પ્રાણી રક્ષાના કાર્યમાં જિનમંદિર પોતાનો હાથ લંબાવી શકે' પરંતુ દેવદ્રવ્યના સંગ્રહના પ્રમાણમાં ક્ષેત્ર મર્યાદિત પણ કરી શકાય. દેવાગમના અભ્યાસ અર્થે, દેવધર્મના પ્રચાર અર્થે, જૈનત્વના વિસ્તાર અર્થે તે તે વિષયોને લગતી સંસ્થાઓમાં દેવદ્રવ્યનું સિંચન પણ કરી શકાય.

ભાવિ કોન્ફરન્સ આ સળગતા પ્રશ્નનો યોગ્ય નીકાલ લાવી શકે તે માટે તે સંબંધી ઘટતી ચર્ચા મધ્યસ્થભાવે આપણા આગેવાનો કરતા રહેશે એવી આશા છે.

ઉ. દો. બ.

---

## જૈનોની જાહેર સભાઓ:—

**માંગરોળ**—ઉપદેશક અમૃતલાલ વાડીલાલ જતાં જાહેર સભા થઇ હતી અને ઠરાવ કરવામાં આવ્યો કે 'આજે મળેલ **શેઠ કેશવજી નેમચંદ**નાં પ્રમુખપણાં હેઠળ શ્રી સંઘની જાહેર સભા કૉન્ફરન્સ પ્રત્યે પોતાની સંપૂર્ણ સહાનુભૂતિ દર્શાવે છે અને શ્રી સુકૃત ભંડાર ફંડમાં દર વર્ષે તેના ઠરાવ મુજબ પોતાથી બનતું કરશે.'

**વેરાવળ** જતાં જાહેર સભા સમક્ષ યોગ્ય વિવેચન થયાં હતાં, બાદ સુકૃત ભંડાર ફંડ દર વર્ષે પર્યુષણમાં ઉઘરાવી મોકલી આપવા ઠરાવ્યું હતું. જે મુજબ રૂ. ૨૦૦) બસો કૉન્ફરન્સ ઑફીસને મોકલી આપવામાં આવ્યા છે. ત્યાંથી—

**પ્રભાસ પાટણ** જતાં થોડાજ વખત પર એક ઉપદેશક જઇ આવેલા હોવા છતાં એક જાહેર સભા મલી હતી. **ઘટતાં** વિવેચનો થયા બાદ ઠરાવ્યુ કે 'તા. ૨૩-૨-૩૧ ના રોજે મળેલ શ્રી સંઘની આ સભા શ્રી જૈ. શ્વે. કૉન્ફરન્સ તરફ પોતાની સંપૂર્ણ સહાનુભૂતિ દર્શાવે છે અને ઠરાવ **કરે** છે કે શ્રી સુ. ભંડાર ફંડનું ઉઘરાણું ચાલુ કરવા માટે દર વર્ષે લાણાદીઠ ચાર આના સાધારણની સાથે વધારે ઉઘરાવવા.' ફંડમાં રૂ. ૨૪॥ થયા હતા. ત્યાંથી ઉપદેશક મજકુર જામનગર, રાજકોટ, વાંકાનેર વગેરે સ્થળે ગયા હતા. ઘટતું પ્રચારકાર્ય થયું છે. (વીગતો હવે પછી)

**દક્ષિણનો પ્રવાસ:**—ઉપદેશક વાડીલાલ સાંકલચંદ શાહ દક્ષિણમાં પ્રવાસે જતાં નીચેના સ્થળોએ ગયા હતા. જુન્નર, પીપલગામ, ખેડગાવ, વડનેર, ચાંદવડ, વાબુરી, અહમદનગર, માલેગાવ, બહાદૂરપુર, પારોલા, સીરસાલા, શીરપુર, જલગામ, બુરાનપુર, પાચોરા. આ દરેક ગામે કૅન્ફરન્સના ઠરાવો અન્વયે ઘટતું વિવેચન કર્યું હતું. અને યોગ્ય ઠરાવો થયા. સુકૃત ભંડાર ફંડમાં સમયાનુસાર રકમો ભરી આ સંસ્થા પ્રત્યે સહાનુભૂતિ દર્શાવી હતી.

ખરીદો અમારી નવી ડીઝાઇનના ઘડીયાળો ખરીદો.
અમારૂં જોઈતું કોઇપણ ઘડીયાળ નીચેનું સુંદર દસ
ચીજો સાથે ખરીદો અને તમારા પૈસા બચાવો.



—: હાથનું ઘડીયાળ :—
(૨૧૪) રો. ગો. સોનેરી સુંદર ફેન્સી શેપનું સેકન્ડ કાંટાવાળું ચાલવાને માટે અમારી લેખીત ગેરંટીવરસ ત્રણ સાથે કીં. ફક્ત રૂા. ૬-૦-૦

—: ખીસાનું ઘડીયાળ :—
(૩૫૪) નીકલ સીલવરનું લીવર મશીનનું સુંદર શેપનું સેકન્ડ કાંટાવાળું ચાલવાને માટે અમારી તલેખી ગેરંટી વરસ બે સાથે કીં. ફક્ત રૂા. ૪-૧૦-૦
હીંદુસ્તાનમાં પેકીંગ પોસ્ટેજ માફ.

**ભેટની ચીજો:**-(૧) ઇ. હીરાની વીંટી (૨) ઈ. હીરાનુ કોલર બટન (૩) રો. ગો. પ્લાસ રાઇટીંગ સેંટ પેન (૪) ચપ્પુ (૫) ઘડીયાળ રાખવાનું સુંદર કેસ (૬) રેશમી દોરી અગર પટો (૭) રો. ગો. પ્લાસ કોલર પીન (૮) શર્ટના મોતીના બટન નંગ ૩ (૯) ફાઉન્ટન પેન અને (૧૦) દાતનું બ્રસ અને અમારૂં રૂા. ૧-૦-૦ ની કીંમતનું ઓર્ડર ફોર્મ નંગ ૧

લખો:—**પી. ડી. બ્રધર્સ ઘડીયાળવાળા.**
પો. બો. નં. ૩૦૨૬, મુંબઈ, ૩.

### પૂના મ્યુનિસિપાલીટીનો સ્તુત્ય ઠરાવ.

શ્રી પોપટલાલ રામચંદ શાહ જણાવે છે કે શ્રી મહાવીર જયંતિનો દિવસ જાહેર તહેવાર તરીકે પાળવા માટે નીચેનો ઠરાવ મ્યુનિસિપાલીટીએ પસાર કર્યો છે. 'ભરતખંડમાં અઢી હજાર વર્ષો પૂર્વે થઇ ગયેલા જગદ્વંદ્ય ભગવાન મહાવીર દેવનો ચોવીસમા જૈન તીર્થંકરનો જન્મ ચૈત્ર શુ. ૧૩ નો થએલ છે, માટે બધી મ્યુનિસિપલ ઓફીસોને મ્યુનિસિપલ સ્કુલોને 'મહાવીર જયંતિ'ની છુટી દરસાલ આપવી.' ઉક્ત મ્યુનિસિપાલીટીના ચેરમેન અને સભ્યોનો આભાર માનવામાં આવ્યો છે.

### એક પ્રાચીન પ્રતિમાજી.

શ્રી નરોતમ બી. શાહ લખી જણાવે છે કે તા. ૨૨ ફેબ્રુઆરી ૧૯૩૧ ના ટાઇમ્સ ઓફ ઇન્ડીઆ ઇલસ્ટ્રેટેડ વીકલીના અંકમાં પાને ૩૮ મે ભગવાન પાર્શ્વનાથની મૂર્તિનો ફોટો અપાયો છે તેના ખોળાની અંદર એક પારસી છોકરો ચોપડી લઇને બેઠેલો બતાવાયો છે તે ચિત્ર ઉપર મથાળું "Interested in Buddha" એવું કરેલું છે. તે ફોટો બુદ્ધનો નથી, પરંતુ ભગવાન પાર્શ્વનાથનોજ છે તે સંબંધી ભાઇશ્રી મોતિચંદ ગિરધરલાલ કાપડીઆ તથા શ્રીયુત ઝવેરી જીવણચંદ સાકરચંદ બન્નેને પુછતાં બન્નેનું માનવું મારી જેમજ છે કે તે પ્રતિમા અતિ પ્રાચીન અને પાર્શ્વનાથનીજ છે. તે પ્રતિમા પદ્માસન નથી, પરંતુ પર્યંકાસન છે અને એવી પ્રતિમાઓ માત્ર અંતરીક્ષ પાર્શ્વનાથ તથા ડભોઇમાં પાર્શ્વનાથની છે એવા પ્રાચીન પ્રતિમા જૈન મંદિરમાંજ હોવી જોઇએ. કોઇ ખાનગી સ્થાનમાં અથવા ગૃહસ્થને ત્યાં ઘટે નહિ. તે સંબંધી વધારે તપાસ થવાની જરૂર છે.

## શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

### શ્રી સારાભાઈ મગનભાઇ મોદી લોન—સ્કોલરશીપ ફંડ.

આ ફંડમાંથી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સ્ત્રી કે પુરૂષ વિદ્યાર્થીને નીચે જણાવ્યા મુજબ અભ્યાસ કરવા માટે આર્થિક સહાય લોન રૂપે આપવામાં આવે છે.

(૧) માધ્યમિક કેળવણી અંગ્રેજી ચોથા ધોરણની અંગ્રેજી સાતમાં ધોરણ સુધીના અભ્યાસ માટે. (૨) ટ્રેઇનીંગ સ્કુલ અથવા કોલેજમાં અભ્યાસ કરી ટ્રેઇન્ડ શિક્ષક થવા માટે. (૩) મિડવાઇફ કે નર્સ થવા માટે. (૪) હિસાબી જ્ઞાન Accountancy ટાઇપ રાઇટીંગ, શોર્ટહેન્ડ વિગેરેનો અભ્યાસ કરવા માટે. (૫) કળાકૌશલ્ય એટલે કે પેઇન્ટીગ, ડ્રોઇંગ, ફોટોગ્રાફી, ઇજનેરી વિજળી ઇત્યાદિના અભ્યાસ માટે. (૬) દેશી વૈદ્યકની શાળા કે નેશનલ મેડીકલ કોલેજમાં અભ્યાસ કરવા માટે.

લોન તરીકે મદદ લેનારે મુકરર કરેલ ધાર્મિક અભ્યાસ કરવો પડશે. તથા લિખિત કરાર પત્ર કરી આપવું પડશે. અને કમાવાની શરૂઆત થતાં જે મદદ લીધી હોય તે તેના મોકલવાના ખર્ચા સહિત વગર વ્યાજે પાછી વાળવાની છે. વિશેષ જરૂરી વિગતો માટે તથા અરજી પત્રક માટે સેક્રેટરીને ગોવાલીયા ટેંકરોડ,-ગ્રાન્ટરોડ-મુંબઇ લખો

* સ્ત્રીઓએ લેખીત કરારપત્ર કરી આપવાનું નથી, વળી ટ્રેઇન્ડ શિક્ષક થનાર પુરૂષે તેમજ જેઓ માત્ર ધાર્મિક, સસ્કૃત યા પ્રાકૃતનો અભ્યાસ કરી તે ભાષામાં પુરેપુરા નિષ્ણાત થવા માગશે તેઓએ પણ કરારપત્ર કરી આપવાનું નથી. એટલે કે આ બન્નેએ પૈસા પાછા આપવા કે નહિ તે તેમની મુનસફી ઉપર રહેશે.

## જૈન વિદ્યોત્તેજક સહકારી મંડળ લીમીટેડ.

### સને ૧૯૨૫ ના સાતમાં એક્ટ પ્રમાણે તા. ૧૩-૧૨-૨૬ ને રોજ રજીસ્ટર થયેલી.

### હેડઓફીસ:-ટાઉન હોલ સામે-મુંબઈ.

થાપણ રૂા. ૫,૦૦,૦૦૦, દરેક રૂા. ૨૫) ના વીસ હજાર શેરોમાં વહેંચાયેલી ભરાયેલી થાપણ ૯૪૬૦૦ વસુલ આવેલી થાપણ ૫૪૬૪૦ દર શેરે રૂા. ૫) અરજી સાથે રૂા. ૧૦) એલોટમેન્ટ વખતે, અને રૂા. ૧૦) ત્યાર પછી.

ઉપરોક્ત મંડળમાંથી દરેક લાઇનમાં અહિં તેમજ પરદેશમાં અભ્યાસ કરવા માટે હાલ તુરત મુંબઇ ઇલાકાના ચંચળ બુદ્ધિના શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીઓને અભ્યાસ દરમીયાન છ આનાના વ્યાજે તથા ત્યાર પછી આઠ આનાના વ્યાજે યોગ્ય જામીનગીરીથી અને વીમો ઉતરાવી લોન આપી સહાય કરવામાં આવે છે. વિશેષ હકીકત માટે ઓનરરી સેક્રેટરીને ટાઉન હોલ સામે, કોટ, મુંબઇ લખવું.

શેર ભરનારાઓને વધુમાં વધુ ચાર ટકા વ્યાજ આપવાનો નિયમ છે. શેર લેવા ઇચ્છનારે ઉપરના સરનામે લખવું.

# સંઘોન્નતિનું કાર્ય.

## આત્મભોગ અને પરમત સહિષ્ણુતા.

( લેખક સદ્‌ગત યોગનિષ્ઠ શ્રીમદ્ **બુદ્ધિસાગર સૂરીશ્વરજી.** )

સંશોધક 'વીરેશ.'

જૈન ચતુર્વિધ મહાસંઘની ઉન્નતિ માટે આચાર્યો, ઉપાધ્યાયો, પ્રવર્તકો સ્થવિરો, પંન્યાસો, સાધુઓ, સાધ્વીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓ આત્મભોગ આપવા યથાશક્તિ સ્વાધિકારતઃ પ્રયત્ન કરે તે બનવા યોગ્ય છે. પરંતુ તેમાં વિશેષ કથ્ય એ છે કે જે જે અંશે કષાયો ઘટશે, તે તે અંશે જૈનધર્મ અને કોમ માટે વિશેષ પ્રગતિનાં કાર્યો કરી શકાશે. જૈનધર્મ અને મહાસંઘની સેવામાં આત્મભોગ આપનારાઓએ મતભેદસહિષ્ણુતા નામનો ગુણ ખીલવવો જોઇએ. ચતુર્વિધ મહાસંઘમાં 'ખોપરી ખોપરી મતિ ન્યારી' ના ન્યાયે અનેક મતભેદો હોય એ સંભવિત છે. તેથી તે મત ભેદો સહન કરીને સર્વની સાથે મળીને કાર્ય કરવાની આત્મશક્તિ પ્રગટાવવી જોઇએ. જે મતભેદને સહન કરી શકતો નથી તે અનેક મતભેદધારક મનુષ્યોની સાથે અમુક બાબતમાં ભેગો મળી કાર્ય કરવાને શક્તિમાન્ થઇ શકતો નથી અને ઉલટું સમ્મેલનના બદલે વિષમતાનું ઉત્થાન કરી લાભને બદલે હાનિ પ્રાપ્ત કરી શકે છે. મતસહિષ્ણુતાવાળો મનુષ્ય મતભેદે ઉદારભાવ રાખીને જૈનકોમ અને જૈનધર્મની સેવામાં આગળ વધી આત્મોન્નતિની સાથે મહાસંઘોન્નતિમાં આત્મભાગ અને આત્મભોગ સમર્પવા વિશેષતઃ સમર્થ થઇ શકે છે. મતભેદને સહ્યાવિના એક બીજાની સાથે હાથોહાથ મિલાવી કાર્ય કરી શકાય નહિ. મતભેદને નહિ સહન કરનાર ક્ષણમાત્રમાં મગજની સમતોલતાને ખોઇ બેસેછે, અને રંગમાં ભંગ પાડી જૈન મહાસંઘની ઉન્નતિમાં વિક્ષેપ નાખેછે અને તેનાનિમિત્તે અન્યોની પાસે વિક્ષેપો નખાવે છે. સ્વાત્મોન્નતિમાં આગળ વધવા માટે મત ભેદોને સહન કરવા પડેછે તો જૈનમહાસંઘ અને જૈનધર્મની ઉન્નતિમાં અનેક મતભેદોને સહન કર્યા વિના એક પગલુ પણ ભરી શકાય નહિ; એમ અવબોધીને જેણે મતભેદસહિષ્ણુતાને ધારણ કરી હોય છે, તેજ જૈન મહાસંઘસેવા-ગચ્છસેવા-સમાજસેવા-મંડલ સેવા વગેરે સેવાઓ કરવાને અધિકારી બનેછે. 'મને માન મળશે' એવી બુદ્ધિ રાખ્યા વિના અનેક વ્યક્તિઓ તરફથી થનાર અપમાનને જે સહન કરેછે, તે જૈનધર્મોન્નતિ માટે આત્મભોગ અર્પવા સમર્થ થાયછે. આ વિશ્વમાં કોઇ એવો મનુષ્ય નહિ હોય કે જેના માટે લોકોના બે મત ન હોય. કોઇ કંઇ કહેશે અને કોઇ કંઇ કહેશે. જૈન કોમની સેવા, સમાજની સેવા આદિ અનેક પ્રશસ્ય સેવા કરનારાઓને દુનિયા તરફથી ઘણું અપમાન સહન કરવું પડેછે. શ્રીમહાવીર પ્રભુને કેટલા ઉપસર્ગ સહન કરવા પડયા છે? છદ્મસ્થાવસ્થામાં વજ્રભૂમિમાં અનાર્યોએ તેમનું અનેક પ્રકારના ખરાબ શબ્દોથી અપમાન કર્યું હતું. ઇશુક્રાઇસ્ત, મહમદ પેગંબર, ગૌતમબુદ્ધ, કલિકાલ સર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્ય વગેરેને અપમાન સહન કરવા પડયાં હતાં. અપમાન સહન કરવાની આત્મશક્તિ પ્રગટયા વિના જૈન કોમ સેવા, જૈન ધર્મ સેવા, દેશસેવા, જ્ઞાનાભ્યાસ સેવા વગેરે અનેક પ્રકારની આવશ્યક પ્રશસ્યસેવામાં એકડગલું માત્ર પણ આગળ વધી શકાવાનું નથી, એમ પરિપૂર્ણ વિશ્વાસ રાખીને આ બાબતમાં પ્રવૃત્તિ કરવી એમ પ્રથમતઃ કથવામાં આવે છે.

માનની ઇચ્છાવાળો મનુષ્ય પ્રમાણિકપણે મહાસંઘની સેવા કરવાને શક્તિમાન્ થઇ શકતો નથી; એટલુંજ નહિ પરંતુ જ્યારે તેને માન મળતું બંધ થાયછે, ત્યારે ઉલટું પોતે કરેલી સેવાને માટે પશ્ચાતાપ કરેછે અને તેનું ચિત્ત ક્ષણમાં સેવાકાર્યથી પાછું ફરેછે. જૈન કોમ અને જૈનધર્મની વૃદ્ધિ થાય એવા હેતુઓની પ્રવૃત્તિમાં નામરૂપની અહંવૃત્તિ તો હૃદયમાં રહેવીજ ન જોઇએ. સેવાધર્મને બદલે માનની ઇચ્છા રાખવાથી આત્મોન્નતિકારક શક્તિઓની પ્રગતિ થતી નથી. સમાજ, સંઘ, મંડલ, ગચ્છ વગેરેની ઉન્નતિમાંપણ નિષ્કામપણે ભાગ લેઇ શકતો નથી. જૈન મહાસંઘની સેવામાં માન ને અપમાન એ બે શું છે એનું કોઇપણ જૈન વ્યક્તિને ભાન રહેવું ન જોઇએ. જૈનસંઘ માટે જે જે કાર્યો કરી શકાય તે કરવાં તે સ્વકિય ધાર્મિક ફર્જ છે. એમ અવબોધીને માન અને અપમાનથી નિર્લેપ રહીને પ્રતિદિન સ્વફર્જમાં પ્રવૃત્ત થવું જોઇએ. અપમાનથી જે મનુષ્ય ક્રોધાદિક ભાવમાં ગરગીન થઇ જાયછે, તે આત્મોન્નતિમાં અને અન્ય મનુષ્યોને ઉન્નતિમાં સહાય આપવાને એક ક્ષણમાત્ર પણ સ્થિર રહી શકતો નથી અપમાનની લાગણીવાળો મનુષ્ય ક્ષણમાત્ર ક્રોધી બને છે અને વૈર ઝેર, ઇર્ષ્યા અને અપમાનનો બદલો વાળવાની બુદ્ધિથી અનેક પ્રકારની સંઘમાં વિક્ષેપ પડે એવી પ્રવૃત્તિ કરે છે શરીરમાં, નામનાં, રૂપમાં હું એવાપણાની વૃત્તિના દૃઢ સંસ્કારો પ્રવર્તેછે, ત્યાં સુધી માન અને અપમાનની લાગણી ઉત્કૃષ્ટ રહેછે. ( અપૂર્ણ ).

## શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

### — વિશાળ કાર્ય ક્ષેત્ર. —

આ સંસ્થાનાં મુખ્ય ત્રણ કાર્યો છે. **(૧) ધાર્મિક પરીક્ષા લેવાનું અને ઉત્તીર્ણ તથા વિદ્યાર્થીઓને ઉત્તેજનાર્થે ઇનામો તથા પ્રમાણપત્રો આપવાનું. (૨) જૈન પાઠશાળાઓને મદદ કરવાનું. (૩) માધ્યમિક તથા ઉચ્ચ શિક્ષણ લેતા અને ધાર્મિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓને આપવા વિગેરેનું છે.**

પરીક્ષાનાં સ્થળો હાલ વધતાં જાય છે, એટલે પાંચ દસ સ્થળોમાંથી હાલ ૭૦ જેટલે સંખ્યા પહોંચી છે. અને પરીક્ષામાં બેસનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦૦-૧૫૦ માંથી વધતાં હાલ ૧૨૦૦ સુધી ગઇ છે. કન્યા-સ્ત્રી-બાળ-પુરૂષ વિગેરે મળી ૨૬ વિભાગીય ધોરણોની પરીક્ષા લેવાય છે.

અને તેથી જૈન બંધુઓને આગ્રહભરી વિનંતિ કરવામાં આવે છે કે આપ સ્થિતિસંપન્ન હો તો એકી સાથે રૂા. ૧૦૦) સો અથવા વધારે રકમ આપી આજીવન સભ્ય થશો અને નહિ તે ઓછામાં ઓછા વાર્ષિક રૂપીઆ ૫) પાંચ આપી સંસ્થાના સહાયક સભ્ય થશો અને સંસ્થાના કાર્યમાં આપનો સહકાર આપી આભારી કરશો. નહિં તો વર્ષમાં ઓછામાં ઓછા ચાર આના **શ્રી સુકૃત ભંડાર ફંડમાં** તો જરૂર આપશોજી.

**વીરચંદ પાનાચંદ શાહ, સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી,**
માનદ મંત્રીઓ. ૨૦, પાયધુની, મુંબઇ.

## कविवर श्री कन्हैयालाल जी के भाषण का कुछ अंश.

( गतअंकसे चालु. )

अजैनों को जैन बनाने का यत्न छोड़ कर एक गच्छ वाले दूसरे सम्प्रदाय वालों को तोड़ फोड़ लेने में ही वीरता समझते हैं, और इस प्रकार जैनी ही जैन शक्ति का ह्रास करते है। आज हम संघटन से कितनी दूर हो गये हैं। जिन आचार्यों के अनुयायी होने का दावा करते हैं, जिन के नाम लेकर गच्छों के झगड़ों पर सिर तोडने और तुडाने को तैयार हो जाते हैं उन्हीं का अच्छे कामों में अनुसरण नहीं करते हैं।

प्यारे भाईयो! प्रचार का, वृद्धि का, उन्नति का तो वही कार्य्य है, उसी से हम जैनत्व का प्रचार कर सकते हैं, उसी से हम अपने त्रिकाल सत्य सिद्धान्तों को देशव्यापी बना सकते हैं, उसी से हम अपनी मृतक तुल्य जाति में नवजीवन संचार कर सकते हैं न कि क्रियाओं का तथा अन्य छोटे छोटे मतभेदों का प्रचार करके। हम कैसे अन्धे होगये हैं कि वृक्ष की जड को न सींच कर पत्तों को पानी देते हैं। जिन महावीर भगवान की अङ्क में राजा रङ्क ऊंच-नीच सभी समभाव से स्थान पाते थे, जिनके पट्टधर और आचार्य, शुद्धि का, सहकारिता का, पारस्परिक ऐक्य का, और भेद-भाव त्यागने का उपदेश देते रहे आज उन जैनियों की इतनी हीनावस्था है, उनका विचार-क्षेत्र इतना संकीर्ण होगया है, उनका हृदय इतना अनुदार है कि वे आपस में भी एक स्थान पर मिल कर बैठ नहीं सकते। जैनेतरों को तो अपने में मिलाने की बात ही क्या है जब कि ओसवाल जाति परस्पर भी रोटी-बेटी का व्यवहार नहीं करती।

जैन साधु-पहिले क्या थे अब क्या हैं—

भगवान महावीर और उनसे पहिले के काल से जैनधर्म में साधु सम्प्रदाय चला आता है। वे ही धर्म के व्यवस्थापक, रक्षक, प्रचारक, उपदेशक और आचार्य होते हैं। त्याग की मूर्तिमान् प्रतिमा माने जाते हैं और त्याग का उद्देश्य ही लक्ष्यमें रखके इस साधु सम्प्रदाय की नीव भी पडी है। जैनधर्म का सच्चा त्याग, आदर्शतप, पूर्ण वीतरागता और निष्काम परोपकारिता इन्हीं लोगों में पाई जाती है परन्तु कलिकाल अथवा पंचम आरे के पाप प्रवाह का इनके कुछ अंश पर भी प्रभाव विना पडे न रहा और गच्छ आम्नाय तथा पार्टी बन्दियों के यही मुख्य नेता बन गये। जो कभी प्रेम और सद्भाव की मूर्ति थे, पवित्र त्याग ही जिनका लक्ष्य था, स्व-परहित-साधन ही जिनका कर्म्म था, धर्म्म की पुनीत भावनाएं फैलाना जिन का ध्येय था, प्रेममय, अहिंसामय शान्ति का प्रचार ही जिनका उद्देश्य था और संसार कल्याण कारी महामंगलमय मुक्ति-पंथ का प्रदर्शन कराना ही जिनका एकमात्र कर्तव्य था उनमें ही आज ईर्ष्या, द्वेष, दम्भ और अहम्मन्यता के भाव दीख पडते हैं।

अब समय परिवर्तित हो रहा है। हमारे सामाजिक नेताओं को आगे बढ कर सामाजिक क्रान्ति आरम्भ कर देनी चाहिए। देश मे जब एक महान शक्ति शाली साम्राज्य के विरुद्ध राष्ट्रिय क्रान्ति उत्पन्न ही नहीं बल्कि आरम्भ भी हो गई है तब क्या हम में इतना भी बल नहीं है कि हम कमसे कम अपने ही सुधारों के लिये सामाजिक क्रान्ति भी आरम्भ कर दे। क्या हम इतने शक्तिहीन और पंगु हो गये हैं कि अपने ही धर्म ध्वजियों द्वारा प्रचार के स्थान में विध्वंस होते देख कर भी जबान नहीं हिला सकेंगे? यदि ऐसा है तो भगवान ही इस जातिकी रक्षा करें।

( अपूर्ण ).

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay 3.

કૉ. નું પ્રચાર કાર્ય—

॥ नमो तित्थस्स ॥

Regd. No. B 1996.

# જૈન 卐 યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.)

વાર્ષિક લવાજમ
રૂપીઆ બે.

તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ.
[મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.]

છુટક નકલ
દોઢ આનો.

વર્ષ જુનું ૬ ઠું. નવું ૧ લું.

તા. ૧૫ લી એપ્રીલ ૧૯૩૧.

અંક ૮ મો.

- મુખ્ય લેખકો -

શ્રી મોહનલાલ દ. દેશાઈ,
બી. એ. એલએલ. બી.
એડવોકેટ.

„ મોતીચંદ ગિ. કાપડીઆ,
બી. એ. એલએલ. બી.
સોલીસીટર.

„ ઉમેદચંદ ડી. બરોડીઆ,
બી. એ.

„ હીરાલાલ હાલચંદ દલાલ
બાર-એટ-લૉ

-સુચનાઓ-

૧ આ પત્રમાં પ્રકટ થતા લેખો માટે તે તે લેખના લેખકોજ સર્વ રીતે જોખમદાર છે.

૨ અભ્યાસ મનન અને શોધ-ખોળના પરિણામે લખાયેલા લેખો વાર્તાઓ અને નિબંધોને સ્થાન મળશે.

૩ લેખો કાગળની એક બાજુએ શાહીથી લખી મોકલવા.

૪ લેખોની શૈલી, ભાષા વિગેરે માટે લેખકોનું ધ્યાન ' જૈન યુગની નીતિ-રીતિ ' પ્રત્યે ખેંચવામાં આવે છે.

૫ આ પત્ર દર મહિનાની પહેલી અને પંદરમીએ પ્રકટ થાય છે.

પત્રવ્યવહાર:-

તંત્રી—જૈન યુગ.
ઠે. જૈન શ્વેતાંબર કૉ. ઓફીસ
૨૦, પાયધુની-મુંબઈ ૩

## અ.......વ.......ન.......વું.

—ગુજરાત વિદ્યાપીઠના પદ્વીદાન સમારંભ પ્રસંગે પ્રવચન કરતાં શ્રી. કાકા કાલેલકરે જણાવ્યું હતું કે ' આજે વિદ્વત્તાની ગણના પાંડિત્યમાં નથી; આજે જે માણસો શાસ્ત્રો જાણે છે તે પંડિતો નથી. ખરા પંડિતો તેઓ છે, જેઓ ખરાં કામો કરી શકે છે જેઓ રાષ્ટ્ર સેવા કરી જાણે છે. આવતી કાલે પણ તેઓજ ખરા સ્નાતક તરીકે ઓળખાઇ રહેશે.'

—**'લૅંકેશાયરનું અરણ્ય રૂદન'**-કાપડ સુતરનાં કારખાનાઓની મંડળીના પ્રમુખ મી. જોન ગ્રે જણાવે છે કે અમારા મંડળની સેંટ્રલ કમિટીની સભા મળી હતી ત્યારે કેટલાક સભાસદોએ કહ્યું હતું કે ' એક માસ પહેલાં જે સ્થાતિ હતી તે કરતાં પણ અત્યારે સ્થિતિ વધારે ખરાબ છે અને હિંદી વેપારીઓએ તેમને ખાત્રી-પૂર્વક એમ જણાવ્યું છે કે બહિષ્કારનું કામ નરમ પડવાને બદલે ઉલટું વધારે તીવ્ર બન્યું છે. હિંદનો સવાલ અભરાઇએ ચડાવી દેઇ શકાય નહિ".

—એમ જણાય છે કે નવા વાઇસરોયના આગમન પછી સીમલામાં ગોળમેજી ડેલીગેટોની સભા મળનાર છે.

—ઇન્ડીપેંડન્ટ લેબર પાર્ટીની કોન્ફરન્સે સર્વ હિંદી કેદીઓને છોડી મુકવાની માગણી કરનારો તેમજ હિંદને પૂર્ણ સ્વરાજ આપવાનો ઠરાવ પસાર કર્યાનું જણાવવામાં આવ્યું છે.

—કેલીફોર્નીયામાં ઓકલેંડ ખાતે ઘણા વર્ષના અખતરા પછી એક વિચિત્ર ઝાડ ઉગાડ્યુ છે કે જેમાં સોળ જાતનાં ફળ આવે છે.

—કલકત્તામાં મુનિશ્રી દર્શનવિયજયજી મહારાજનાં અધ્યક્ષ સ્થાન નીચે દરેક ફિરકાઓ મલીને કોઇ વર્ષે ન ઉજવાએલી હોય તેવી ધામધુમથી નં. ૯૬ કેનીંગ સ્ટ્રીટ તપગચ્છ **જૈન** ઉપાશ્રયના હોલમાં શ્રીમહાવીર જયન્તિ ઉજવવામાં આવી હતી. યોગ્ય વિવેચનો થયાં હતાં.

—શેઠ કસ્તુરભાઇ લાલભાઇનાં પ્રમુખ-સ્થાન હેઠળ તા. ૧૧-૧૨ મીએ માલેગાંવમાં ૫ મી વ્યાપારી પરિષદ ભરાઇ હતી.

—મુંબઇમાં શ્રીમહાવીર જયંતિ ઉત્સવ ઉજવવા શ્રી. લલ્લુભાઇ દીપચંદ ઝવેરીના પ્રમુખપણા હેઠળ જાહેર સભા ભરવામાં આવી હતી.

**ગાંધીજીની આગાહી:**-અમદાવાદમાં મહાત્માજીએ ગુ. વિદ્યાપીઠ પદ્વિદાન પ્રસંગે કહ્યું છે કે 'xxx હું શાંતિ સ્થાપવા મારાથી બનશે તેટલું કરીશ. પરંતુ મને લાગે છે કે પરમેશ્વર આપણી વિરૂદ્ધ છે xx અને તેથી કાયમની શાંતિ નહિં સ્થપાય અને જો આ ભવિષ્યવાણી સાચી પડશે તો ભવિષ્યમાં જે યુદ્ધ મંડાશે તે ગયા યુદ્ધ કરતાં વધારે ભીષણ અને પ્રચંડ હશે, એમાં આપણામાંના ઘણા ખપી જશે.'

**उद्धाविव सर्वसिन्धव: समुदीर्णास्त्वयि नाथ! दृष्टय: ।**
**न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधि:॥**
**-श्री सिद्धसेन दिवाकर.**

અર્થઃ—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે; પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

સરિતા સહુ જેમ સાગરે, તુજમાં નાથ! સમાય દૃષ્ટિઓ;
જયમ સાગર ભિન્ન સિન્ધુમાં, ન જણાયે તું વિભક્ત દૃષ્ટિમાં.


# જૈન યુગ.

તા. ૧૫-૪-૩૧ બુધવાર.


## કૉન્ફરન્સનું પ્રચાર કાર્ય.

કૉન્ફરન્સદેવીના ઉત્પત્તિ કાળથી અદ્યાપિ પર્યન્ત સમયાનુસાર જૂદાં જૂદાં અધિવેશનો જે ઠરાવો પસાર કરે છે તે અંગે સામાન્ય જૈન સમાજને ઘટતી માહિતી આપી જાગૃતિ ઉપસ્થિત કરવા-કાયમ રાખવા અને તેના નિર્ણયો પ્રત્યે ઉહાપોહ કરી સમાજને કેળવવા અને તેનું પાલન કરવા-કરાવવા માટે ઉપદેશકોની ગોઠવણ થએલી છે. આ ઉપદેશકોએ કરેલા પ્રચારથી પણ અત્યાર સુધીમાં ઘણું સંગીનકાર્ય થયું છે એમાં બે મત હોઇ શકે નહિં. હાનિકારક રિવાજો નાબુદ થવા માટે અને કેળવણી પ્રત્યે સમાજની અભિરૂચિ કેળવવા જે પ્રયાસો થયા છે અને થાય છે તેનાં પરિણામો આજે સમાજ સમક્ષ ખડાં છે. આ પ્રચારકાર્યમાં હમેશા એક ખાસ નેમ જાળવવા ઘટતી કાળજી રખાઇ છે અને તે એ કે સમાજને લગતું દરેક રચનાત્મક કાર્ય થવા માટેજ પ્રેરણા કરવી. વિઘાતક પદ્ધતિ કદી આપણી કૉન્ફરન્સે હાથ ધરી નથી. આવા સંજોગો છતાં આજે કૉન્ફરન્સનાં પ્રચાર કાર્યથી કોઇ સ્થળે એચેનો ઉપજે તો તેનું મૂળ ક્યાં છે તે શોધવું મુશ્કેલ હોય તેમ નથી. બીજાઓને બુરા યા હલકા બતાવી પોતાની પ્રતિષ્ઠા વધારવાની નીતિ હમેશાં ભયંકર છે એટલુંજ નહિં પણ પોતાની નબળાઇઓ પરજ આવી નીતિનાં મંડાણ હોઇ શકે એમ કહ્યા વિના ચાલે નહિં.

કૉન્ફરન્સના ઉપદેશકોની સંખ્યા પૂરતી ન હોવાના કારણે સમયસર પ્રતિવર્ષ દરેક વિભાગ—પ્રાન્ત, શહેરોમાં મોકલવા બની શકતું ન હોવાથી સગવડ અને સંખ્યાનું પ્રમાણ ધ્યાનમાં લઇ ક્રમશઃ ચોક્કસ દિશાઓમાં તેઓ પ્રચાર કરે છે. અને તેમને તે રીતે વિભાગવાર યોજવામાં આવે છે; છતાં હમણાં જેઓને આ રચનાત્મક પ્રચાર કાર્ય ખુંચે છે તેઓ યદ્વા તદ્વા લખી નાંખતા અચકાતા નથી.

કૉન્ફરન્સના દીક્ષાના ઠરાવને અંગે સંસ્થાના એક ઉપદેશકે આપેલાં વ્યાખ્યાનથી પોતાના વાડામાં કાંઇ ખળભળાટ થયો હોય તો તેથી એચન શા માટે બનવું જોઇએ? ઉપદેશકો પોતાની સમાજ અને સંસ્થા પ્રત્યે ફરજ બજાવે તેથી તેઓને ઉતારી પાડવા ભગીરથ પ્રયત્ન થાય તેથી લખનાર યા પોતે જેઓના માટે 'ભાડુતી' યા અન્ય રીતે લખે છે તેમનું શું હિત સાધી શકે તેમ છે? સિવાયકે એક પ્રકારની ગેરસમજુતિ પેદા કરવી? આજે આ સંસ્થા સામે યા તેની પ્રવૃત્તિઓ અને ઉદ્દેશો સામે હરેક પ્રકારે ધુળ ઉરાડવાના હેતુથી કે આત્મસંતોષ ખાતર કે ગમે તે કારણે ગમે તે જાતનું સાહિત્ય (?) ઉત્પન્ન અને પ્રકાશન કરવા માટે કેટલું ખર્ચ કરી કેવા કેવા માણસો રોકવામાં આવે છે અને તે કેવા કાર્યો કરે છે તે હકીકતથી સમાજ સારી રીતે વાકેફ થતો જાય છે! આના હિસાબે કૉન્ફરન્સ તરફનું જે પ્રચારકાર્ય ચાલે છે તેની તુલના કરવાનું કાર્ય અમે સમાજના સમજુ વર્ગને સોંપીએ.

આ પ્રચાર કાર્યથી દરેક સ્થળે કોન્ફરન્સના ઠરાવોને સહાનુભૂતિ અને પુષ્ટિ મલે છે એટલુંજ નહિ પણ શાંતિનું વાતાવરણ ફેલાય છે. સ્થળે સ્થળે ઘટતા ઠરાવો કરવામાં આવે છે અને સુકૃત ભંડાર ફંડમાં પણ યોગ્ય ફાળો મલતો રહે છે જેના આંકડા અને હકિકતો વખતો વખત આ પત્ર મારફતે તેમજ રિપોર્ટદ્વારા પ્રકટ કરવામાં આવે છેઃ અને તેની ઉત્પન્નનો અર્ધો હિસ્સો કેલવણીનાં કાર્યમાં એટલે કે શિષ્યવૃત્તિઓ અને ધાર્મિક શિક્ષણ આપતી પાઠશાળાઓને માસિક મદદો આપવાના અને ધાર્મિક પરીક્ષા લેવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

આ વસ્તુસ્થીતિથી સમાજ સંપૂર્ણ રીતે વાકેફ છે અને દરેક રીતે માહીતી આપવા પ્રયાસો કરવામાં આવે છે એ બિના નિર્વિવાદ છે. છતાં આજે કોઇ પણ પ્રકારના ઇરાદાથી સમસ્ત હિંદનું પ્રતિનિધિત્વ ધરાવનારી મહાસંસ્થા સામે ચેડાં કાઢવામાં આવતાં હોય તો તે ખરેખર શોચનીય છે, એટલુજ નહિં પણ સમાજને 'યેન કેન પ્રકારેણ' અવળે માર્ગે દોરવાના પ્રયાસોજ કરવામાં આવે છે એમ કહેવામાં સહેજ પણ અતિશયોક્તિ ન ગણાય.

---

## શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

આ સંસ્થા તરફથી લેવામાં આવતી શેઠ સારાભાઇ મગનભાઇ મોદી પુરૂષવર્ગ અને શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ સ્ત્રીવર્ગ ધાર્મિક હરીફાઇની સંવત્ ૧૯૩૧ ની અને ત્યારપછીની પરીક્ષાઓ નવીન નિર્ણીત થયેલા અભ્યાસક્રમ અનુસારે લેવામાં આવશે. આ અભ્યાસક્રમ પ્રમાણે અભ્યાસ શરૂ કરાવવા સર્વે પાઠશાળાઓના વ્યવસ્થાપકોને જણાવવામાં આવે છે, નવીન અભ્યાસક્રમની કોપી જેઓને ન મળી હોય તેઓએ ઠે. ૨૦ પાયધુની, મુંબઇના સિરનામે પત્ર લખી મંગાવી લેવા.

આવતી પરીક્ષા ડિસેમ્બર ૧૯૩૧ માં લેવામાં આવશે.

લી સેવકો,
વીરચંદ પાનાચંદ શાહ,
સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી,
માનદ મંત્રીઓ.

# વિ વિ ધ નોં ધ અને ચ ર્ચા.

## મહાસભા અને જૈનોનું કર્તવ્ય.

### પંડિત સુખલાલજીનું મનનીય વિવેચન.

તા. ૬-૪-૩૧ ના રોજ શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આશ્રય હેઠળ જૈનોની એક જાહેર સભા મુંબાદેવી કુવારા આગળ શ્રી. અમૃતલાલ દલપતભાઇ શેઠના પ્રમુખ પણા નીચે મળી હતી.

શરૂઆતમાં રાષ્ટ્રિય ગીતો ગવાયા બાદ શ્રી. વીરચંદ પાનાચંદ શાહે "મહાસભા અને જૈનોનું કર્તવ્ય" એ વિષય ઉપર અસરકારક વ્યાખ્યાન આપ્યું હતું, ત્યારબાદ શ્રી. મોતીચંદ ગી. કાપડીઆએ કરાંચી મહાસભામાં પોતાના અનુભવો, અને તે ઉપરથી જૈનોનું શું કર્તવ્ય છે, તેના સ્પષ્ટ મુદ્દાઓ સમજાવ્યા હતા.

બાદ પંડિત સુખલાલજીએ વિવેચન કરતાં જણાવ્યું કે આજે જૈનોને મહાસભા પ્રત્યેનું કર્તવ્ય સમજાવવાનું હજુ બાકી હોય એજ શોચનીય છે. જ્યારે આખો દેશ, એટલુંજ નહિ પણ સમસ્ત જગત્ હિન્દની મહાસભા પ્રત્યે મીટ માંડી રહ્યું હોય તે સમયે આપણને હજુ આપણું કર્તવ્ય એ સમજવું બાકી રહ્યું તેનું મુખ્ય કારણ એજ હોઈ શકે કે આપણામાં ક્યાંક કાંઇ ક્ષતિ છે; અને આ ક્ષતિનું મુખ્ય કારણ મને તો આપણી સંકુચિત મનોદશા અને પરસ્પરનો કલહ લાગે છે. આપણે અહિંસાને જૈનત્વનાં વિશાળ દૃષ્ટિબિન્દુથી જોતા નથી. જ્યારે આપણા સામાયિકને, આપણા તપને, આપણે વિશાળ દૃષ્ટિબિન્દુથી નિરખશું ત્યારે આપણી ખરી અહિંસા આજના યુદ્ધમાં આપણે સ્પષ્ટપણે નિરખી શકીશું. આગળ ચાલતાં તેણે જણાવ્યું કે ઉપાશ્રયના ચાર ખુણામાંજ તપ થઇ શકતું નથી—તપને વિશાળ દૃષ્ટિબિન્દુથી જોશો તો તે આજના પિકેટીંગમાં પણ મૂર્ત સ્વરૂપે દેખાય છે; આજનો ખરો તપસ્વી તો ગણેશશંકર વિદ્યાર્થી છે, કે જેણે પોતાના જીવનની બીલકુલ પરવા કર્યા વિના અન્યના જીવન ઉગારવા વિના વિલંબ પોતાના દેહનું બલીદાન દીધુ.

આજે એક પક્ષ એવો છે કે જેઓ આજની લડતમાં પણ જૈનત્વનો નાશ દેખે છે! તેઓ ખોટી રીતે મારી મચડી અર્થ કરે છે; અને તેમ કરી જૈનોને પરસ્પર લડાવી મારે છે, એમ કહેવા ભાગ્યેજ જરૂર હોય. એમાં મુખ્ય ભાગ કેટલાક સાધુઓ ભજવે છે એમ જણાય તો તેઓને કહેવું ઘટે કે તમારે વઢવું હોય, ઝગડવું હોય તો ખુલ્લા મેદાનમાં ભરત-બાહુબલિ પેઠે લડી લ્યો! નાહકના તમારા ભ્રામક ઉપદેશથી ભોળી જૈન પ્રજાને લડાવી નહિ મારો. ઇત્યાદિ અસરકારક શબ્દોમાં વિવેચન કર્યું હતું.

ત્યાર બાદ **પ્રમુખ શ્રી. અમૃતલાલ શેઠે** ટુંકમાં પણ ઘણાજ જુસ્સાથી જણાવ્યું કે હું એક જૈન તરીકે જન્મવામાં મને ભાગ્યશાળી લેખું છુ, પણ જ્યારે જ્યારે હું જૈનોને લડી મરતા જોઉં છું ત્યારે ત્યારે મારે શરમથી માથું નીચું કરવું પડે છે. આગળ ચાલતાં તેમણે જણાવ્યું કે હું કોઇ પણ પક્ષમાં નથી. ગમે તો શ્વેતાંબર હો, દિગંબર હો, અથવા સ્થાનકવાસી હો—અમુક પંથના હો કે બીજા પંથના હો, પરંતુ અત્યારનું તમારૂં કર્તવ્ય માંહો માંહે લડી એક બીજાના ગળાં કાપવાનું ન હોય, પણ મતભેદો કોરે મૂકી દેશની આઝાદીમાં ખડે પગે તૈયાર થવાનું છે.

ઇત્યાદિ વિવેચન થયા બાદ સભા વિસર્જન થઇ હતી.

---

**'હૃદયની મલિનતા'** ?—આવાં મથાળાં નીચે સ્ફુટ નોંધ અને ચર્ચા હેઠળ શ્રીસ્થંભતીર્થ જૈનમંડળ-તાંબાકાંટા મુંબઇ તરફથી સભ્યોમાટેપ્રગટ થતી 'સમાજસેવક' નામની હસ્તલિખિત પત્રિકામાં જણાવવામાં આવ્યું છે- સાંભળવામાં આવ્યું છે કે જૈન એજ્યુકેશન બોર્ડની પરીક્ષામાં પાસ થનાર વિદ્યાર્થીઓને સર્ટીફીકેટ હજુ સુધી મલ્યા નથી. એ પરીક્ષા શ્રી જૈન કૉન્ફરન્સના આશ્રય હેઠળ ચાલતા ઉપરના બોર્ડ તરફથી હિંદના જુદાજુદા વિભાગોમાં દર વર્ષે લેવાય છે. આ ધાર્મિક પરીક્ષામાં કોઇપણ જાતની પક્ષાપક્ષીને સ્થાન નથી છતાં આશ્ચર્યની વાત એ છે કે ખંભાતના એજંટે શા માટે સર્ટીફીકેટોને દાબી રાખ્યાં હશે? કોઇ કહે છે કે આમાં સાગરજીની ચઢવણી છે, જ્યારે કોઇ કહે છે કે જુન્નર કોન્ફરન્સમાંથી વીલા મોઢે પાછા ફરવું પડયું તેથી આવો રોષ કેલવાય છે, આમ કરવું તે હૃદયની મલિનતાજ સૂચવે છે. ખંભાત સેંટરના એજંટ તરીકે તેમની ફરજ પહેલી તકે પ્રમાણપત્રો વહેચી દેવાની છે...વગેરે, આ હકીકત પ્રકટ થતાં શ્રી એજુ. બોર્ડના મંત્રીજીએ એજંટ સાહેબને પત્ર લખી ખુલાસો પૂછ્યો છે, જેનો પ્રત્યુત્તર હજુ સુધી મલ્યો નથી.

## ઉપદેશકનું પ્રમાણપત્ર.

પગારદાર ઉપદેશકોની ગોઠવણ સામે ચેડાં કાઢનારાઓને સમર્પણ. આ સર્ટીફીકેટ એક તટસ્થ ગૃહસ્થ હમણાંજ લખી મોકલે છે.

મ્હને જણાવતાં આનંદ થાય છે કે ઉપદેશક શ્રીમાન વાડીલાલજી જેવા સમાજ સેવકના પરિચયમાં આવવાનું મ્હને સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે, પુરાણા વિચાર અને રીતિરીવાજમાં સબડતા સમાજ માટે આવા ઉપદેશકનાં તીખાં તમતમતાં ભાષણોનો સતત્ પ્રવાહ જારી રહે તોજ અજ્ઞાન સમાજની કિલષ્ટ બદીઓ માંડમાંડ દૂર થઇ શકે.

ઉપદેશકજીએ પોતાના અહિંના નિવાસ દરમ્યાન અનેક મુશ્કેલીઓ સહન કરીને પણ પોતાનાં બોધક અને સંસ્કારી ભાષણોદ્વારા સમાજના કુરીવાજો નાબુદ કરાવવા જે પ્રયત્ન કર્યા છે તે ખરેખર પ્રશંસનીય કહી શકાય. જોકે આવા જડ પ્રદેશમાં તડને ફડ કાર્યસિદ્ધિ કઠિન હોય છે.

ડીસાકાંપમાં પણ તેમણે સમાજસુધારણા અંગે ધાર્મિક મિશ્રિત યોગ્ય બોધપ્રદ ભાષણ ખાસ મોટર ઠેરાવીને આપવાની કૃપા કરી હતી અને ત્યાંની સમાજને છક્ક કરી નાખી હતી.

તેમના શુભ પ્રયાસોનું સુંદર ફળ આવે એવું હું જરૂર ઇચ્છું એજ.

તા. ૮-૪-૩૧. શિ. મા. કીકાણી,

રવાના શ્રી. જૈ. શ્વે કોન્ફરન્સ તરફ. હેડ માસ્તર, જી. એસ. સ્કુલ.

**દક્ષિણમાં પ્રચારકાર્ય**:-શ્રી મુંબઇની જીવદયા મંડલીના મદદનિશ મંત્રી શ્રી. જયન્તિલાલ માન્કર લખી જણાવે છે કે 'જીવદયાના કામે હું જ્યાં જાઉં છું ત્યાં જૈન સમાજ સાથે વધારે પરિચય રહેતાં પરિષદનાં ધ્યેયને અનુકુળ ચર્ચા તેઓ સાથે મારે થાય છે...આ વખતે પણ ખડકી, પાબલ, કંતુર, તલેગાંવ, ઘોડનદી વગેરે સ્થળે જતાં ચર્ચા થઇ હતી. મારવાડી સમાજમાં કન્યા વિક્રયના કુચાલ માટે ભારપૂર્વક કહેવામાં આવ્યું છે. શેઠ નથમલ મુલચંદ ખડકીવાળા એક મારવાડી વેપારી સમજદાર છે અને સમાજ સુધારણા તરફ તેમનું ધ્યાન ખેંચતાં આ બાબત તેઓએ યોગ્ય કરવા ઇંતેજારી જણાવી છે......'

**શ્રી ઝગડીઆજી તીર્થ**:-શ્રી જૈન દેરાસરજી કારખાનાની પેઢીના કાર્યકર્ત્તાઓ તરફથી જણાવવામાં આવ્યું છે કે આપણાં પવિત્ર દેરાસરજીની પાસેજ માટી પીસવાનું એક કારખાનું તૈયાર થઇ રહ્યું છે; અને તે ચલાવવા માટે પીસ્તાલીશ હૉર્સ પાવરનું એક એંજીન ગોઠવવામાં આવે છે જે વડે બાજુના સાર્વજનિક કુવામાં પંપ મૂકી પાણી ખેંચવામાં આવનાર છે. આવું કારખાનું દેરાસરજીની બાજુમાં ઉભું થાય તેથી ધર્મધ્યાનમાં ખલલ પડે અને પાસેની ધર્મશાળામાં ઉતરનાર યાત્રાળુવર્ગ તેમજ જેઓ તંદુરસ્તી સુધારણાના હેતુસર આવે તેમને બધાને એક મુશ્કેલી ઉભી થાય એ બનવા જોગ છે. આ હકીકત મલતાં રાજપીપલાના ના. મહારાણા સાહબને એક તાર કરવામાં આવ્યો છે, તથા એક લંબાણ અરજી મોકલવામાં આવી છે. અને જૈન સમાજની આ મુશ્કેલી દૂર કરવા આગ્રહપૂર્વક જણાવવામાં આવ્યું છે.

## શું કોન્ફરન્સ દીક્ષા અપાવે છે?

મુંબઇ સમાચારના તા. ૮-૪-૩૧ ના અંકમાં જૈનચર્ચા વાંચી ઉપરની શંકા ઉદ્ભવે તેમ છે. કૉન્ફરન્સના દીક્ષાઅંગે ઠરાવને લક્ષમાં રાખી મારવાડના એક બધુએ જે દીક્ષા મુંબઇમાં લીધેલી તેમાં કૉ. ના મંત્રીએ જે ઉદ્દગારો કાઢયા હતા તેથી કૉન્ફરન્સ તરફથીજ દીક્ષા આપવા-અપાવવામાં આવી હતી. એ લખવું ભૂલ ભરેલું અને જાહેર જનતાને આડે રસ્તે દોરવનારૂં છે. કૉન્ફરન્સે દીક્ષા માટે વિરોધ કર્યો હોય એમ જાણમાં નથી. અયોગ્ય-ચોરી છુપીથી કે પૈસાની લાલચમાં ફસાવી કુટુંબી જનોને રડતા મૂકી જે દીક્ષા આપવામાં આવતી હોય તે કોઇપણ સાચો સમાજ કે શાશન પ્રેમી નજ સાંખી શકે. મુંબઇના ગોડીજીનાજ ઉપાશ્રયમાથી એક કહેવાતા સમર્થ આચાર્યના શિષ્ય ચિત્ત ઉપર વિજય ન મેળવી શકવાથી સ્હેજે પ્રાપ્ત થયેલ લબ્ધીને પણ એક કોરે મૂકી નાસી ગયા હતા તે પછી બીજા અનેક સ્થળે તેવા દાખલાઓ બન્યા છે. હાલમાં ખેડાનો દાખલો તાજોજ છે. વઢવાણના સોમચંદભાઇએ સ્વયં મુનિ બનવા પહેલાં પોતાની અર્ધાંગનાને (પત્નીને) સાધ્વી બનાવી તે કેટલા દિવસ સાધ્વી રહી શકી? એવા અનેક સ્થળે બનેલા દાખલાઓ અયોગ્ય દીક્ષાના પરિણામોજ છે.

કે. એમ. શેઠ.

विक्रम संवत १९८६ मां जे वंधु और वहेने ज्यादा सामयीक कीया होय इसकुं रु. ११ (रुपीया अगीआर) प्रभावना के लिये देनेका इन्तेजार हुं इस लीये सामायीक की विगत साथ पुरा ठेकाणा लीखके लखो. रतिलाल भीखाभाई.
गिरगांव पोष्ट, मुंबई नं. ४.
दरेक जैन पत्र इसका उतारा लो इस लीये विनंती है.

## સ્વીકાર અને સમાલોચના.

(૧) 'વિધવા' સાપ્તાહિક, તંત્રી રા. કાનજી ઉદેશી, ડુંગરી સ્ટ્રીટ, મુંબઇ. આ પત્રનો જન્મ વિધવાઓના ગંભીર પ્રશ્નનો સમાજને દિગ્દર્શન કરાવવા થયો હોય એમ જણાય છે. વિધવાઓની સ્થિતિ ખૂબ ઝીણવટથી તપાસી તેઓ દુઃખી જીવનમાં કેળવણી આપી, હુન્નર-ઉદ્યોગ શિખવી ભરણ પોષણના સાધનો ઉભા કરવા તેમજ ધર્મપ્રેમ ટકાવી રાખવા વિધવા-શ્રાવિકાશ્રમો ઉઘાડવા અનિવાર્ય જરૂર છે તે દિશામાં આપત્ર સમાજનું લક્ષ આકર્ષી યોગ્ય કાર્ય કરે એમ ઇચ્છીશું:—

(૨) જળમંદિર પાવાપુરી-ચિત્ર અને કાવ્ય લેખક, શ્રી. ધીરજલાલ ટોકરશી શાહ, રાયપુર, અમદાવાદ. પ્રભુ મહાવીરના જીવન અને ઉપદેશમાં સમાયેલ રહસ્ય લેખકે કાવ્ય શૈલીમાં સુંદર અને બોધપ્રદ રીતે ઉતારેલ છે. અનુરૂપ ચિત્રો રમ્યતામાં વૃદ્ધિ કરે છે. સાથે નિર્વાણ ભૂમિ જળ મંદિર પાવાપુરી આર્ટ પેપર પર છાપેલ આકર્ષક ચિત્ર. લેખકની શૈલી રૂચીકર જણાય છે. કિંમત બે આના.

(૩) શ્રી દક્ષિણા મૂર્તિભવન-ભાવનગરનો અહેવાલ ૧૯૨૯. (૪) શ્રી જૈન શ્રેયસ્કર મંડળ-મહેસાણાનો રિપોર્ટ સં. ૧૯૮૩ થી ૧૯૮૫ સુધીનો. (૫) પૉકેટ-ડાયરી-શ્રી મદ્રાસ પેંસિલ ફેકટરી તરફથી મેશર્સ ચંપકલાલ એન્ડ કું. દ્વારા પ્રાપ્ત થયેલ. (૬) શ્રી કાલુ ભક્તામર સ્તોત્ર-શ્રી જૈન શ્વે. તેરાપંથી સભા-કલકત્તા. (૭) Sayings of Vijay Dharma Suri અંગ્રેજીમાં અનુવાદક ડૉ. શારલૉટ ક્રૉઝે પી. એચ. ડી. પ્રકાશક શ્રી યશોવિજય જૈન ગ્રંથમાળા-ભાવનગર (૮) An Interpretation of Jain Ethics-a lecture by Dr. Charlotte Crause (૯) The Heritage of the last Arhat a lecture by Dr. Charlotte Crause.

(૧૦) **શ્રી મુંબઇ જૈન યુવક મંડળ પત્રિકા**:- તંત્રી, પાનાભાઇ રૂપચંદ ઝવેરી, મુંબઇ. જૈન પ્રવચન અને વીર શાસનના જ્યુરિસડિકશન-અધિકારમાં જે જે વિષયો આવી નહિં શકતા હશે તે તે વિષયોની ચર્ચા આ પત્રિકા કરશે એમ જણાય છે. પાના (પૃષ્ઠ) ના રૂપને શણગારવા માટે પ્રથમાંકમાં જે વિષયોની ચર્ચા કરી છે તે ઉપરના મન્તવ્યને વધારે દૃઢ બનાવે છે.

(૧૧) શ્રી જૈન તત્વ પ્રવેશક જ્ઞાનમાળા—બીજી આવૃત્તિ મૂલ્ય પઠન પાઠન. સામાયિક, ચૈત્યવંદન આદિ ઉપર લખાયેલા સંક્ષિપ્ત લેખો વાંચન અને મનન કરવા લાયક છે. પરંતુ બાળકોના માનસ તરફ લક્ષ અપાય તો સુધારાને અવકાશ છે. ઠે. જૈન ધર્મ પ્રસારક સભા, ભાવનગર.

# સતી નંદયંતી

ત્રિઅંકી નાટક.

—લેખક—
ધીરજલાલ ટી. શાહ

ગતાંકથી ચાલુ.

—પાત્ર પરિચય—

સાગરપોત: પોતનપુર બંદરનો ધનાઢ્ય વેપારી
સમુદ્રદત્ત: સાગરપોતનો પુત્ર
સહદેવ: સમુદ્રદત્તનો મિત્ર
સુરપાળ: સમુદ્રદત્તનો વફાદાર નોકર
પદ્મસિંહ: ભ્રગુપુરનો રાજા
કુલપતિ: સેવાશ્રમના આચાર્ય
લક્ષ્મી: સમુદ્રદત્તની માતા
નંદયંતી: સમુદ્રદત્તની પત્ની
મનોરમા: સહદેવની પત્ની અને નંદયંતીની સખી
સુમતિ: સેવાશ્રમની સાધ્વી

ઉપરાંત ભીલો, પરિજનો, સારથી. અધ્યાપક અને વિદ્યાર્થિઓ.

—પ્રવેશ ૪ થો.

(સમુદ્રદત્તની ચિત્રશાળાની પરશાળ. બે સખીઓ સાથે વાત કરતી આસન પર બેઠેલી નંદયંતી પ્રવેશ કરે છે. મનોરમાના હાથમાં ખંજરી છે. સારિકાના હાથમાં સારંગી છે. તે બંને નીચેના ગાલીચા પર બેઠી છે.) (રાત્રિ)

નંદ૦ મનોરમા ! આજે કાંઇ ચેન પડતું નથી ! આ ચિત્રશાળા જે અહર્નિશ આનંદ આપતી તે આજે ખાવા ધાય છે.

મનો૦ બ્હેન ! વિયોગના વિચારે તમારૂં મન તપી ગયું છે. મનને જરા બીજા વિચારમાં પરોવો એટલે શાંતિ થાય. સારિકા જરા તારી સારંગી ચલાવ તો !

સા૦ (સારંગી ચલાવતી ગાય છે)

રાગ–ભૂપાલી.

પ્રેમ રસ જીવન ધન જગમાંય,
પ્રેમ રસ જીવન ધન જગમાંય.
રવિ વિન પંકજ કુમુદિની શશી વિન,
મુખ મ્લાન કરી મરડાય–પ્રેમ રસ.
માછલડી જળ વિણ નવિ પળ,
એક શકે ધરી કાય–પ્રેમ રસ.
સારસી સ્નેહ સુધારસ જીવન,
એકલું કેમ જીવાય–પ્રેમ રસ.

નંદ૦ સારિકા ! આ સંગીતથી મારા મનને શાંતિ થવાને બદલે વધારે સંતાપ થાય છે; મારા જીવનનું ધન અત્યારે કયાં હશે ?

મનો૦ નંદયંતી ! આટલું નિર્બલ હૃદય તને શોભે ! મનને સ્વસ્થ કર.

નંદ૦ હું સમજી શકું છું, પણ હૃદય હાથ રહેતું નથી. એ સ્નેહ મૂર્તિનાજ વિચારો મનમાં ઘોળાયા કરે છે.

મનો૦ તો જરા નિદ્રાધીન થા. દુઃખથી ઘવાએલા મનને નિદ્રા જેવું બીજું ઔષધ નથી ! ચાલ સારિકા હવે આપણે જઇએ. નંદયંતી તું સુઇ જા.

નંદ૦ કાલે વ્હેલી આવજે, બ્હેન ! તારા વિના આ દુઃખી હૃદયને બીજું આશ્વાસન નથી, (બંને જાય છે.)

નંદ૦ (સ્વગત) સ્નેહ કેટલો વિચિત્ર છે ? તેનું બંધન મધુર છે. તેનો વિયોગ દુઃખદાયી છે. સ્વામીનાથનાં મીઠાં સ્મરણથી ભરેલી આ ચિત્રશાળામાં શી રીતે ઉંઘ આવશે ?

(ખંડની અંદર જાય છે, પલંગમાં સુએ છે, ઉંઘ નથી આવતી, થોડી વારમાં બેઠી થાય છે, સ્વામીનાથનું સ્મરણ કરતી ધીમુંધીમું ગાય છે.)

રાગ–વાગેશ્વરી.

પ્રિય એ પ્રેમ કેમ ભૂલાય ! (૨)
મિલનની એ મધુર યામિની દીધો સ્નેહ કોલ.
જીવન સહચરી કરીને રાખું, કયાં છે તુમ એ બોલ–પ્રિય એ.
ચંદ્રિકાની ઉપવન ક્રીડા, વસત સાંજ વિહાર.
રંગભુવનની રસભરી ગાતો, કરે પ્રચંડ પ્રહાર–પ્રિય એ૦
વિરહ હતો કરવો યદિ સ્વામી ! કીધો સ્નેહ શુ કામ !
ક્ષણ ક્ષણ વરસ સમી આ લાગે, શાંતિ નહિ કે ઠામ–પ્રિય એ૦
નિરખું જયાં જયાં સ્વામી ! ત્યાં ત્યાં, તવ પ્રતિમા દેખાય.
ગાત્રે ગાત્રે લાગે અગ્નિ, પ્રજળે મારી કાય–પ્રિય એ૦

(ચિત્રશાળાના દરવાજા આગળ એક કાંબળી ઓઢી સમુદ્રદત્ત આવે છે.

સમુ૦ (ધીમેથી) કોણ છે પહેરા પર !

પહે૦ કોણ–શેઠજી ?

સમુ૦ ચૂપ સૂરપાળ ! હું તારી શેઠાણીને મળવા આવ્યો છું.

પહે૦ પણ અત્યારે કયાંથી ?

સમુ૦ હું વ્હાણ પરથી આવું છું. ચાલ બારી ઊઘાડ. (સૂરપાળ ધીમેથી બારી ઉઘાડે છે, સમુદ્રદત્ત અંદર જાય છે. પરસાળમાં ઉભો રહે છે, નંદયંતી શું કરે છે તે જૂએ છે.)

નંદ૦ (ધીમેથી) નાથ ! જતી વખતે બધાને મળ્યા ને હુંજ એક અભાગિણી એવી કે મને ન મળ્યા ! આટલો સ્નેહ કરી વિયોગ કરતાં જરાયે વિચાર ન કર્યો ?

સમુ૦ અહા ! નંદાનું હૃદય આટલું સ્નેહાર્દ્ર હશે તેની મને કલ્પના પણ ન હતી.

નંદ૦ અરે આ પલંગ, આ દીપિકા, આ વીંઝણો ફરી ફરીને મગજમાં એકજ વિચાર લાવ્યા કરે છે ! અહિં મારાથી નહિંજ સૂવાય. ચાલ આ અશોક વનમાં જઇ આરામ કરૂં.

(ઉઠીને પાસેના અશોક વનમાં જાય છે, સમુદ્રદત્ત પણ પાછળ લપાતો લપાતો જાય છે.)

નંદ૦ અહા ધવલ ચંદ્રિકા ! દિવસ ભરના પરિશ્રમથી તપ્ત થયેલા માનવી ને પશુ પંખી પર તારી અમી વૃષ્ટિ કેટલી શાંતિ પાથરે છે ! તારા તેજમાં ન્હાતાં આ

વન વૃક્ષો લતાઓ પણ કેટલી ગાઢ શાંતિ અનુભવતાં જણાય છે! જરૂર તારા સ્નાનથી મારૂં સંતપ્ત હૃદય પણ શાંતિ પામશે.

(બાગના ચોતરા પર આરસનું આસન છે ત્યાં આડી થાય છે.)

નંદ૦ (થોડી વારે) હં ચંદ્રિકા! તું પણ ઠગારી છે! જગતભરને શાંતિ આપનારી તું મને કાં સંતાપે છે? તારી સાક્ષીએ અનુભવેલા એ સ્નેહીના સ્નેહ અત્યારે કાં યાદ કરાવે છે! તું મને અહિં નહિંજ ઉંઘવા દે. ચાલ તો પેલી અશોક ઘટામાં જાઉં.

(ઉઠીને અશોક વૃક્ષની ઘટામાં આવે છે ત્યાં હિંડોળો બાંધેલો છે.)

નંદ૦ (હિંડોળાને ઉદ્દેશીને) પ્રિય! હિંડોળા! આજ સુધી તેં મને ખુબ આનંદ આપ્યો છે, આજે પણ ભલો થઇ મને નિદ્રાધીન કરી શાંતિ આપ.

(હિંડોળા પર સુએ છે થોડી વારે બેઠી થઇ જાય છે.)

અરે હિંડોળા! તેં પણ શું બધાની સાથે સંપ કર્યો છે? તમે બધા આજે મને એકલીને જોઇને કેમ સતાવો છો?

(આંખમાંથી આંસુ પડે છે એજ વખતે સમુદ્રદત્ત ઘટામાંથી બહાર આવે છે ને હિંડોળાની પાછળ ઉભો રહે છે.)

સમુ૦ આ શું પ્રિયા?

નંદ૦ (પાછળ જોઇને) આપ અત્યારે ક્યાંથી?

સમુ૦ તને મળવાજ. તારૂં હૃદય આટલું ઢીલું હશે તેની મને કલ્પનાજ નહિ.

નંદ૦ નાથ! બધું સમજાય છે પણ સહન થતું નથી.

સમુ૦ પ્રિયે! સંયોગ ને વિયોગ તો જગતના સર્વ પ્રાણી માટે નિર્માયેલાંજ છે અને એમાંયે અમારા જેવા યુવાનોએ તો એક વખત પૃથ્વીના પડ પર ફરી વળ્યા વિના–સાગર માત્ર ડોળ્યા વિના કેમ ચાલે?

નંદ૦ પણ એ વખતે અમારા હૃદયની શી સ્થિતિ થાય?

સમુ૦ તારે તારૂં હૃદય હાથ રાખવું, તું પણ એક સાહસિક યુવકની યોગ્ય સહચરી છે તે સિદ્ધ કરી આપવું, અત્યારનું મિલન પણ થોડી ઘડીનુંજ છે.

નંદ૦ તો નાથ! મને સાથે ન લઇ જઇ શકો?

સમુ૦ નહિ. તેને માટે હજી તારી તૈયારી નથી. અમારે તો ગમે તેવા બેટોમાં રખડવાનું હોય, ગમે તેવા જંગલીઓની અંદર પણ ભટકવાનું હોય, તારા આવવાથી અમારો પગ બંધાઇ જાય.

નંદ૦ તો આપને ભારરૂપ થવા ઇચ્છતી નથી. હું ઘેર રહી હંમેશા પરમાત્માની પ્રાર્થના કરીશ કે આવા સાહસમાં તે તમને સાથ આપે.

સમુ૦ પ્રિયે! આર્ય બાળાને એજ શોભે. જેમ આર્ય પુરૂષ પ્રેમ ને સત્યની મૂર્તિ તેમજ આર્યબાળા સ્નેહ સેવા ને સહનશીળતાની મૂર્તિ.

(હિંડોળા પર બેસે છે.)

દેવી! જતી વખતે તને ન મળાયું તેથી જરાયે ઓછું લાવીશ નહિ. આ હૃદયમાં તારૂં સ્થાન ક્યાં છે તે શી રીતે બતાવું? (ભેટે છે.)


## શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

— વિશાળ કાર્ય ક્ષેત્ર. —

આ સંસ્થાનાં મુખ્ય ત્રણ કાર્યો છે. (૧) ધાર્મિક **પરીક્ષા લેવાનું અને ઉત્તીર્ણ તથા વિદ્યાર્થીઓને ઉત્તેજનાર્થે ઈનામો તથા પ્રમાણપત્રો આપવાનું. (૨) જૈન પાઠશાળાઓને મદદ કરવાનું. (૩) માધ્યમિક તથા ઉચ્ચ શિક્ષણ લેતા અને ધાર્મિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓને આપવા વિગેરેનું છે.**

પરીક્ષાનાં સ્થળો હાલ વધતાં જાય છે, એટલે પાંચ દસ સ્થળોમાંથી હાલ ૭૦ જેટલે સંખ્યા પહોંચી છે. અને પરીક્ષામાં બેસનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦૦-૧૫૦ માંથી વધતાં હાલ ૧૨૦૦ સુધી ગઇ છે. કન્યા–સ્ત્રી–બાળ–પુરૂષ વિગેરે મળી ૨૬ વિભાગીય ધોરણોની પરીક્ષા લેવાય છે.

અને તેથી જૈન બંધુઓને આગ્રહભરી વિનંતિ કરવામાં આવે છે કે આપ સ્થિતિસંપન્ન હો તો એકી સાથે રૂા. ૧૦૦) સો અથવા વધારે રકમ આપી આજીવન સભ્ય થશો અને નહિ તે ઓછામાં ઓછા વાર્ષિક રૂપીઆ ૫) પાંચ આપી સંસ્થાના સહાયક સભ્ય થશો અને સંસ્થાના કાર્યમાં આપનો સહકાર આપી આભારી કરશો. નહિં તો વર્ષમાં ઓછામાં ઓછા ચાર આના **શ્રી સુકૃત ભંડાર ફંડમાં** તો જરૂર આપશોજી.

**વીરચંદ પાનાચંદ શાહ, સૌભાગચંદ ઉમેદચંદ દોશી,**
માનદ મંત્રીઓ. ૨૦, પાયધુની, મુંબઇ.

ખરીદો અમારા નવી ડીઝાઇનના ઘડીયાળો ખરીદ..
અમારૂં જોઈતું કોઇપણ ઘડીયાળ નીચેનું સુંદર દસ ચીજો સાથે ખરીદો અને તમારા પૈસા બચાવો.



—: હાથનું ઘડીયાળ :—

(૨૧૪) રો. ગો. સોનેરી સુંદર ફેન્સી શેપનું સેકન્ડ કાંટાવાળું ચાલવાને માટે અમારી લેખીત ગેરંટી વરસ ત્રણ સાથે કીં. ફક્ત રૂા. ૬-૦-૦

**—: ખીસાનું ઘડીયાળ :—**

(૩૫૪) નીકલ સીલવરનું લીવર મશીનનું સુંદર શેપનું સેકન્ડ કાંટાવાળું ચાલવાને માટે અમારી તલેખી ગેરંટી વરસ બે સાથે કીં. ફક્ત રૂા. ૪-૧૦-૦

હીંદુસ્તાનમાં પેકીંગ પોસ્ટેજ માફ.

**ભેટની ચીજો:**–(૧) ઇ. હીરાની વીંટી (૨) ઇ. હીરાનુ કોલર બટન (૩) રો. ગો. ખાસ રાઇટીંગ સેટ પેન (૪) ચપ્પુ (૫) ઘડીયાળ રાખવાનું સુંદર કેસ (૬) રેશમી દોરી અગર પટો (૭) રો. ગો. ખાસ કોલર પીન (૮) શર્ટના મોતીના બટન નંગ ૩ (૯) ફાઉટન પેન અને (૧૦) દાતનું બ્રસ અને અમારૂ રૂા. ૧-૦-૦ ની કીંમતનું ઓર્ડર ફોર્મ નંગ ૧

લખો:—**પી. ડી. બ્રધર્સ ઘડીયાળવાળા**
પો. બો. નં. ૩૦૨૬ મુંબઈ, ૩.

# રાધનપુર દશાશ્રીમાલી સમાજનો ખુલાસો.

જૈન પત્રના તા. ૮-૩-૩૧ ના અંકમાં ' રાધનપુરીનો ખુલાસો " એ હેડીંગ નીચે તથા વીરસાશનના તા. ૧૩-૩-૩૧ ના અંકમાં " ખુલાસો " એ હેડીંગ નીચે જે બીના આવેલી છે તે તદન બીન પાયાદાર, અને ઉપજાવી કાઢેલી હોવા સાથે સત્યથી વેગલી છે તેટલુંજ નહિ પણ અમારા સમાજને ઉતારી પાડવા માટે કોઇ વિઘ્ન સંતોષીએ તે પેપરોમાં મોકલાવેલ એ સંભવિત છે, જેથી બીજાઓમાં ગેરસમજ ઉત્પન્ન ન થાય તે ખાતર નીચેનો ખુલાસો આપ આપના પત્રમાં આપવા મહેરબાની કરશોજી.

આપના પેપરમાં " અમારા સાથે કન્યા વ્યવહાર ખુલ્લો થાય તો સાતસો ઘરોમાંથી સાડા છસો ઘરો વિરૂદ્ધ હતા તેથી નગરશેઠે અમારી અરજ' નામંજુર કરેલ છે, " તેવા સમાચાર છે. તે તદન ખોટા છે, બલકે અમોએ વીસા શ્રીમાલી સમાજને પોસ માસમાં અમારા સમાજ સાથે બેટી વ્યવહાર ખુલ્લો કરી આપવા અરજ કરેલ જે ઉપરથી તે સમાજના જુદાજુદા વખતે ચાર બેઠકો મેળવી અંતમાં મહા વદી ૯ ની બેઠકમાં અમારા સમાજ સાથેનો બેટીવ્યવહાર ખુલ્લો કરવાનો વીસા શ્રીમાલી સમાજે ઠરાવ કરેલ છે જે આપના પેપરમાં " બેટી વ્યવહારની વીશાલતા " ના હેડીંગ નીચે પ્રસિદ્ધ થઇ ગએલ છે અને તે અનવયે સગપણ કરીને પણ ઠરાવ અમલમાં મુકાયેલ છે તેટલુંજ નહિ પણ સાડા છસો ઘરો વિરૂદ્ધ પડવાની વાત તદન ઉપજાવી કાઢેલી છે બલકે અત્રેના બધા આગેવાનો સાથે પબલીક મળીને અમારી બાબતનો મહા વદી ૯ નો ઠરાવ સર્વાનુમતે કરેલ છે.

નગર શેઠે અમારી અરજ નામંજુર કર્યાની વાત તો તદન જુઠી છે કારણકે જો તેમ હોય તો કાંતો અમારી અરજી અમોને પાછી મળવી જોઇએ અગર નામંજુર કરેલ બાબતની લેખીત યા મૌખીક ખબર મલવી જોઇએ જે હજુ સુધી પણ અમોને મલેલ નથી તેટલુંજ નહિ પણ અમારી અરજી નામજુર થએલ છે તેવું રાધનપુરમાં પણ કોઇ જાણતું નથી બલકે ઉપર મુજબ થએલ ઠરાવનો અમલ પણ થઇ ગએલ છે.

વળી આપના પેપરમાં " જે કોઇ વીસાશ્રીમાળી દશાશ્રીમાળીની ન્યાત સાથે કન્યાની લેવડદેવડ કરશે તેના ઘર સાથે કન્યા વ્યવહાર બંધ કરવાનો ઠરાવ કર્યાનું જણાવો છો તો તે ઠરાવ વીસાશ્રીમાળી સમાજે તો કરેલોજ નથી પણ કદાચ વ્યક્તીગત અમુક માણસોએ કરેલો હોય તો તે ઠરાવ સમાજનો ગણી શકાય નહિ.

મસાલીયા શીવલાલ નાહાલચંદ સહી દા. પોતે.
ભુદરદાસ લવજી સહી દા. ચીમનલાલ
શા. નરોતમ રીખવચંદ સહી
શા. મનસુખલાલ નીહાલચંદ સહી દા. મણીલાલ
વકીલ ચુનાલાલ મયાચંદ સહી દા. પોતે.
દશાશ્રીમાળી સમાજના આગેવાનો.


## શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

### શ્રી સારાભાઈ મગનભાઇ મોદી લોન—સ્કોલરશીપ ફંડ.

આ ફંડમાંથી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સ્ત્રી કે પુરૂષ વિદ્યાર્થીને નીચે જણાવ્યા મુજબ અભ્યાસ કરવા માટે આર્થિક સહાય લોન રૂપે આપવામાં આવે છે.

(૧) માધ્યમિક કેળવણી અંગ્રેજી ચોથા ધોરણની અંગ્રેજી સાતમાં ધોરણ સુધીના અભ્યાસ માટે. (૨) ટ્રેઇનીંગ સ્કૂલ અથવા કોલેજમાં અભ્યાસ કરી ટ્રેઇન્ડ શિક્ષક થવા માટે. (૩) મિડવાઇફ કે નર્સ થવા માટે. (૪) હિસાબી જ્ઞાન Accountancy ટાઇપ રાઇટીંગ, શોર્ટહેન્ડ વિગેરેનો અભ્યાસ કરવા માટે. (૫) કળાકૌશલ્ય એટલે કે પેઇન્ટીંગ, ડ્રોઇંગ, ફોટોગ્રાફી, ઇજનેરી વિજળી ઇત્યાદિના અભ્યાસ માટે. (૬) દેશી વૈદ્યકની શાળા કે નેશનલ મેડીકલ કોલેજમાં અભ્યાસ કરવા માટે.

લોન તરીકે મદદ લેનારે મુકરર કરેલ ધાર્મિક અભ્યાસ કરવો પડશે. તથા લિખિત કરાર પત્ર કરી આપવું પડશે. અને કમાવાની શરૂઆત થતાં જે મદદ લીધી હોય તે તેના મોકલવાના ખર્ચા સહિત વગર વ્યાજે પાછી વાળવાની છે. વિશેષ જરૂરી વિગતો માટે તથા અરજી પત્રક માટે સેક્રેટરીને ગોવાલીયા ટેંકરોડ,-ગ્રાન્ટરોડ-મુંબઇ લખો

* સ્ત્રીઓએ લેખીત કરારપત્ર કરી આપવાનું નથી, વળી ટ્રેઇન્ડ શિક્ષક થનાર પુરૂષે તેમજ જેઓ માત્ર ધાર્મિક, સંસ્કૃત યા પ્રાકૃતનો અભ્યાસ કરી તે ભાષામાં પુરેપુરા નિષ્ણાત થવા માગશે તેઓએ પણ કરારપત્ર કરી આપવાનું નથી. એટલે કે આ બન્નેએ પૈસા પાછા આપવા કે નહિ તે તેમની મુનસફી ઉપર રહેશે.

## જૈન વિદ્યોત્તેજક સહકારી મંડળ લીમીટેડ.

### સને ૧૯૨૫ ના સાતમાં એકટ પ્રમાણે તા. ૧૩-૧૨-૨૬ ને રોજ રજીસ્ટર થયેલી.

### હેડઓફીસ:-ટાઉન હોલ સામે-મુંબઈ.

થાપણ રૂા. ૫,૦૦,૦૦૦, દરેક રૂા. ૨૫) ના વીસ હજાર શેરોમાં વહેંચાયેલી ભરાયેલી થાપણ ૯૪૬૦૦ વસુલ આવેલી થાપણ ૫૪૬૪૦ દર શેરે રૂા. ૫) અરજી સાથે રૂા. ૧૦) એલોટમેન્ટ વખતે, અને રૂા. ૧૦) ત્યાર પછી.

ઉપરોક્ત મંડળમાંથી દરેક લાઇનમાં અહિં તેમજ પરદેશમાં અભ્યાસ કરવા માટે હાલ તુરત મુંબઇ ઇલાકાના ચંચળ બુદ્ધિના શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીઓને અભ્યાસ દરમીયાન છ આનાના વ્યાજે તથા ત્યાર પછી આઠ આનાના વ્યાજે યોગ્ય જામીનગીરીથી અને વીમો ઉતરાવી લોન આપી મદદ કરવામાં આવે છે. વિશેષ હકીકત માટે ઑનરરી સેક્રેટરીને ટાઉન હોલ સામે, કોટ, મુંબઇ લખવું.

શેર ભરનારાઓને વધુમાં વધુ ચાર ટકા વ્યાજ આપવાનો નિયમ છે. શેર લેવા ઇચ્છનારે ઉપરના સરનામે લખવું.

# जैन युग.

वीर संवत् २४५७. हिन्दी विभाग. ता. १५-४-३१.


## कविवर श्री कन्हैयालाल जी के भाषण का कुछ अंश.

( गतांक ६ से चालु. )

### युवकों से—

प्यारे युवको ! आप हमारी आशाओं के उज्ज्वल आलोक हैं, हमारी जाति की निधि के दैदीप्यमान रत्न हैं, हमारी भावी उन्नतिके साधन हैं और कुप्रथा, कुनियमन एवं कुरीतियों के अन्धकार से आच्छादित सामाजिक वातावरण के उज्ज्वल प्रकाश हैं। आप के तेजोमय रूपको देख कर ही हम अपने हृदय जुड़ाते हैं और आशा ही नहीं विश्वास करते हैं कि आप ही हमारे लुप्तप्राय प्राचीन गौरव को पुनरुज्जीवित कर सकते हैं। आप देख रहे हैं कि भारतीय राष्ट्रीय क्रान्ति में आज देश के नवयुवक आगे आकर किस प्रकार अपने सुखोंका बलिदान कर रहे हैं, किस प्रकार राजसी महलों और ठाठों को लात मार कर त्याग-भावना से ओत-प्रोत होकर सर्वस्व को देश की बलि-वेदी पर चढा रहे हैं। कर्त्तव्य के सामने आज उन्होंने अपनी सुकुमार, सुकोमल, सुषमामयी मनोवृत्तियों का हनन कर दिया है और कर्म्मक्षेत्र में वीर बन कर कूद पड़े हैं तब क्या हमारे नवयुवक इस उन्नति की दौड में किसी से पीछे रह जायेंगे ? और अग्रगी होकर बद्ध परिकर होकर जातीय रण-संघर्षमें न कूद पड़ेंगे ?

नहीं, हम कभी अपने युवकों से ऐसी आशा नहीं कर सकते। हम यह ध्यान में भी नहीं ला सकते कि उन्नति के इस नवयुग में, जीवन की इस दौड में जब देश की उज्ज्वल नवीन आशाएं अपनी कर्मण्यता और मनस्विता का ऐसा ज्वलन्त-उदाहरण प्रत्यक्ष रख रही हैं तब भी हमारी आशाएं तन्द्रावस्था में ऊंघती रहेंगी। प्रत्येक देश जाति और समाज की उन्नति का मूलमन्त्र है उसके युवकों की जागृति। और उन्हीं पर जातीय, सामाजिक और राजनैतिक उथल-पुथल हुवा करती हैं। यदि आज देश की नव-शक्तियां जागृत न होती तो यह राष्ट्रीय क्रान्ति कदापि सम्भव न थी। इसी प्रकार जब तक हमारी जाति के युवकों में जागृति, त्याग और बलिदान के भावों का समावेश नहीं होगा तब तक हमारी यह चीख-पुकार केवल अरण्य-रोदन रहेगी और हमारी उन्नति की आशा आकाश कुसुम। अतएव अब हमारी दृष्टि आप पर ही केन्द्रीभूत है, हमारी उत्सुक आंखें आप ही की ओर देख रही हैं और हमारी हृदयों में यह दृढ विश्वास है कि अपनी जाति की हित-रक्षा में तथा उसके उन्नति साधन में आप किसी प्रकार के भी त्याग तथा बलिदान करने में न हिचकेंगे और जाति में अपनी जागृति से ऐसा अभूतपूर्व नव-जीवन भर देंगे कि जिसकी गाथा जातीयता के भावी इतिहास में स्वर्णाक्षरो में अङ्कित रहेगी, जिसकी छटा संसार प्रेममय दृष्टि से देखेगा और जिससे हमारे मन एवं प्राण अलौकिक अनिर्वचनीय तथा अकथनीय आनन्द से अभिभूत हो उठेंगे।

इसलिये आओ ! कर्मक्षेत्रमें आओ। जीवनका रहस्य सीखो, उन्नति का मन्त्र फूंको, नवविधानका शंख बजाओ और अपनी सामाजिक कुप्रथा और प्राचीन कुरुढियों का अन्त कर दो। दकियानूसी खयालो को ठुकरादो, उदार भाव ग्रहण कर जा कुरीतियां हमारी जडों पर अघात कर रही हैं जिनमें व्यर्थ व्यय तथा श्रम और आडम्बर के अतिरिक्त कोई सार नहीं है, जिन्होंने हमारे दाम्पत्य-जीवन को नष्ट कर दिया है, जिनसे हमारा समाज प्रजनन शक्ति से क्षीण और दुर्बल हो गया है, जिनसे हमारी मानसिक शारीरिक और मेधावी शक्तियों का ह्रास हो गया है, जिनसे हमारा समाज मातृ-जाति के अभिशापों का पात्र हो उठा है उनका अन्त करदो, उनको नष्ट-भ्रष्ट कर दो और हमें दिखा दो कि उन्नति केवल सभा सोसाइटियोंके प्रस्ताव पास करने में नहीं है बल्कि हम लोगों की नव-जागृति और उत्साहपूर्ण कार्यों में है। (अपूर्ण)

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay 3.

વીર સં૦ અને કૉન્ફરન્સ.

॥ नमो तित्थस्स ॥

Regd. No. B 1996.

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.)

વાર્ષિક લવાજમ રૂપીઆ બે.

તંત્રીઃ—હરિલાલ એન. માંકડ બી. એ.
[મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.]

છુટક નકલ દોઢ આનો.

વર્ષ જુનું ૬ ઠું. નવું ૧ લું.

તા. ૧લી મે ૧૯૩૧.

અંક ૯ મો.

- મુખ્ય લેખકો -

શ્રી મોહનલાલ દ. દેશાઈ, બી. એ. એલએલ. બી. એડવોકેટ.

,, મોતીચંદ ગિ. કાપડીઆ, બી. એ. એલએલ. બી. સોલીસીટર.

,, ઉમેદચંદ ડી. બરોડીઆ, બી. એ.

,, હીરાલાલ હાલચંદ દલાલ બાર-એટ-લૉ.

-સુચનાઓ-

૧ આ પત્રમાં પ્રકટ થતા લેખો માટે તે તે લેખના લેખકોજ સર્વ રીતે જોખમદાર છે.

૨ અભ્યાસ મનન અને શોધ-ખોળના પરિણામે લખાયેલા લેખો વાર્તાઓ અને નિબંધોને સ્થાન મળશે.

૩ લેખો કાગળની એક બાજુએ શાહીથી લખી મોકલવા.

૪ લેખોની શૈલી, ભાષા વિગેરે માટે લેખકોનું ધ્યાન 'જૈન યુગની નીતિ-રીતિ' પ્રત્યે ખેંચવામાં આવે છે.

૫ આ પત્ર દર મહિનાની પહેલી અને પંદરમીએ પ્રકટ થાય છે.

પત્રવ્યવહારઃ-

તંત્રી—જૈન યુગ.
ઠે. જૈન શ્વેતાંબર કૉ. ઓફીસ
૨૦, પાયધુની-મુંબઈ ૩

## દોસ્ત ! 'વીરશાસન' હવે તો કંઈક સમજ ?

"**વીરશાશન**" પોતાના તા. ૧૭-૪-૩૧ ના અંકમાં શ્રીમતી કોન્ફરન્સ અને તેના મુખપત્ર સંબંધમાં અણુઘટતી ટીકા કરે છે. જેની આંખમાં પીળું તે સર્વત્ર પીળુંજ દેખે છે. પત્રકાર દોસ્ત, હવે તો કંઇક સમજ! તારૂં પત્રકારિત્વ તો હવે સુધાર? 'ખાડો ખોદે તે પડે' એ કહેવત ભૂલી ગયો લાગે છે, તે કંઇક યાદ કર! મિથ્યા પ્રલાપ અને અસંબદ્ધ શબ્દસંગ્રહ એ કંઈ સમાલોચના ગણાય કે?

'ગુરૂભકિતનો નાશ અને દેવદ્રવ્યની વૃદ્ધિની અટકાયત કરવાની એની નેમ છે' એવો અસત્ય આરોપ આ પત્ર ઉપર મુકવો એજ મિથ્યા પ્રલાપ. 'આવી નેમ છે' એમ પુરવાર કરી આપો તો તમે ગુરૂ ને હું ચેલો થવા બંધાઉં છું; નહિતો તમારે તમારૂં પત્ર બંધ કરવા બંધાતું. આ ખુલ્લો પડકાર છે, હોંશિયાર તૈયાર થા?

વળી 'શાસ્ત્રોના સિદ્ધાંતો પરથી ભોળી જનતાનો વિશ્વાસ ઉઠાડવાની એની પેરવી છે' એ બીજો આરોપ છે, ભાઇબંધ, તારી આંખો ખુલ્લી કરીને જો? હમણાંજ વઢવાણકાંપમાં એક સાધુએ વ્યાખ્યાનમાં કહ્યું હતું કે સમકિતી અધર્મી છે; શ્રદ્ધા ઉઠાડવાની, સિદ્ધાંતો પલટાવી નાંખવાની પેરવી તે આનું નામ. આવી પેરવીને ઉત્તેજન આપવું એ તમારૂં કામ-એ સમાજ સારીરીતે જાણે છે. પગ આગળનો રેલો જુઓ અને પછીજ બીજાના ઉપર નજર કરો તો ઠીક.

ભાઇબંધ! મુખપત્ર ઉપર આવા આવા આરોપો મુકી તેની માતા ઉપર દંભ સેવવાનો ગંભીર આરોપ તમારા તરફથી મુકાય તે તો અતિશય અણછાજતું છે. માતૃભક્તિ કે પિતૃભક્તિનો તમને શું ખ્યાલ હોય!! 'માબાપને ખાડામાં નાખો' એવું બોલનારા ઉપદેશકોના અનુયાયીઓ **માતૃસેવાની** કિંમત કયાંથી સમજી શકે? '**જૈનયુગ**' ની માતા શ્રીમતી કોન્ફરન્સદેવી એજ આ યુગની શાસનદેવી છે; તેની નિંદા કરનારને તેનું ફળ અચુક મળશે એ દેવીને 'મૃત્યુ વધુ પસંદ છે' એમ કહેવું એ મિથ્યા આક્ષેપ છે. એ દેવીએ તો આખા સમાજને જાગ્રત કર્યો છે અને હજી ચિરકાળ તેમ કર્યાજ કરશે. તે દેવીએ દીક્ષાદેવીનું અપમાન કર્યુંજ નથી, માત્ર અયોગ્ય રીતે દીક્ષા લેનાર અને આપનારને યોગ્ય રીતે સલાહ આપતી રહે છે. માટે એ બન્ને દેવીઓનું અપમાન કરતાં હવે તો હે ભાઈબંધ, અટક, જો, વિચાર, અને સમજ !! પ્રભુ તેને સદ્બુદ્ધિ આપો. અને સાચી પત્રકારિતાનું સ્વરૂપ તેને સમજાવો. આમીન.

U. D. B.

उदधाविव सर्वसिन्धव; समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः ।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥
-श्री सिद्धसेन दिवाकर.

અર્થ:-સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે; પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

---

સરિતા સહુ જેમ સાગરે, તુજમાં નાથ! સમાય દૃષ્ટિઓ;
જયમ સાગર ભિન્ન સિન્ધુમાં, ન જણાયે તું વિભક્ત દૃષ્ટિમાં.

જૈન યુગ.
તા. ૧-૫-૩૧ શુક્રવાર.

# વિશ્વ વ્યાપી વીરસંદેશ અને કોન્ફરન્સ.

ઘણા સ્નેહીઓ એમ પૂછે છે કે કોન્ફરન્સનું અધિવેશન કેમ કરતા નથી? આ પ્રશ્ન સહજ છે, પણ તેનો ઉત્તર એટલો સહજ નથી. પ્રથમ તો આપણે એકજ વાતનો વિચાર કરીએ કે જેટલા માણસો પ્રશ્ન પૂછવા આતુર છે, તેટલા કામ કરવા તૈયાર છે? થાય છે એમ કે દરેક સવાલ પૂછનાર કોન્ફરન્સ ભરવાની જવાબદારી પોતાના સિવાય બીજા સર્વ ઉપર છે એમ સમજીનેજ સવાલ કરે છે. મનુષ્ય સ્વભાવની એ પણ એક બલિહારી છે કે સવાલ પૂછવામાં રસ લેનાર પોતાને જાણે એ વાત સાથે કોઇ રીતે લાગતું વળગતું નજ હોય એમજ માની બેસે છે. પોતાની ફરજનો વિચાર કરવા કરતાં અન્યની ફરજનો ખ્યાલ જનતાને વધારેજ રહે છે અને તેજ કારણે જ્યારે ભાષણ કે ઉપદેશ આપવા હોય ત્યારે દરેક પહોળા પહોળા થઇ જાય છે, પણ વર્તન વખતે ઘણાંના ધોરણ બદલાઇ જાય છે. કોઇપણ વ્યકિત તેના ઉપદેશ ઉપરથી જાતે કેવી હશે એમ ધારવામાં જેટલું ખોટું પરિણામ કોઇવાર આવે છે તેટલુંજ આવા સવાલ પૂછનારની સંખ્યા આતુર છે એમ માનવામાં સ્ખલના થવાનો સંભવ ખરો.

કોન્ફરન્સ એટલે શું? એ કાંઇ બહારનું મંડળ નથી. આપણે એની પાસે હક્ક લેવા જવાના નથી. આપણો અને એનો એકાંગી ભાવ છે. આપણે સર્વ કાંઇ કરીએ તો તે કોન્ફરન્સનું કાર્ય. આપણે બેસી રહીએ તો કોન્ફરન્સ ચાલે નહિ. આપણે ચલાવીએ તોજ તે ચાલે અને આગળ ધપે તેથી 'કોન્ફરન્સનું અધિવેશન કેમ કરતા નથી?' એમ સવાલ કરવાનો કોઈ જૈનનો હક્ક કે અધિકાર નથી. આપણે તો એમ છે કે કોન્ફરન્સનું અધિવેશન થાય તો તેમાં ભાગ લેવો છે અથવા તેનો અહેવાલ વાંચવો છે, પણ આપણા પોતા સિવાય સર્વેએ એને બોલાવવી જોઇએ એમ ધારીએ છીએ. આ અકિંચિતકર સ્થિતિ અયોગ્ય છે, પણ વિચાર કરવાથી સુસાધ્ય છે. કોમનો મોટો ભાગ-ઘણો મોટો ભાગ કોન્ફરન્સ માટે તલસી રહ્યો છે. એને અત્યારની પ્રગતિમય પરિસ્થિતિમાં બેસી રહેવું યોગ્ય લાગતું નથી. કોમના પ્રશ્નો, તીર્થના પ્રશ્નો, સાહિત્યના પ્રશ્નો, અહિંસાના પ્રશ્નો, ઔદ્યોગિક, આર્થિક, ધાર્મિક અને કેળવણીના વિષયની ચર્ચા દરેકને બહુ ગમે છે એને એમ લાગે છે કે એવાં અનેક પ્રશ્નો જૂદા જૂદા દ્રષ્ટિબિંદુઓથી વ્યવહારૂ આકારમાં ચર્ચાવાની અત્યારે બહુ જરૂર છે. અત્યારે પ્રગતિમય જમાનામાં બેસી રહેવું અને એક વિચારને પકાવતાં દશ વર્ષ લાગે એ વાત પાલવે તેમ નથી. અત્યારે આપણી કોમ સામે એટલા પ્રશ્નો પડયા છે અને વખતો વખત એટલા નવા ઉઠતા જાય છે કે એના સંબંધમાં પ્રમાદ સેવવો બોજે તેમ નથી. એ પ્રશ્નની ચર્ચા કરનાર સંસ્થાને કયું નામ આપવું તેનો સવાલ નથી. પણ ચર્ચા કર્યા વગર બેસી રહેવાની વાત કોઇ સહજ અલ્પવિચારક હોય તે પણ સ્વીકારે તેમ નથી.

જૈન ધર્મને અને જૈન કોમને અમુક પ્રશ્નો ખાસ લાગુ પડે છે. એને પોતાના ખાસ પ્રશ્નોનો નિર્વાહ અને નિકાલ કરવોજ રહ્યો. એક વાત એણે લક્ષ્યમાં રાખવાની છે અને તે એ કે રાષ્ટ્રને વિરોધ થાય, રાષ્ટ્રહિત બગડે એવી રીતે કોઈપણ પ્રશ્નનો નિકાલ કરવો ન જોઇએ. હિંદ દેશ એટલો વિશાળ છે કે ત્યાં અનેક પ્રકારના ઉન્નિતિ સાધક માર્ગો દોરવી શકાય, ચર્ચી શકાય અને અમલમાં મૂકી શકાય, પણ દેશની મહાસભા જે માર્ગ દોરવે તેનાથી તેનો વિરોધ કોઇપણ પ્રકારે ન હોવો જોઇએ. આટલું સાદું સત્ય લક્ષ્યમાં રાખવાની ખાસ જરૂર છે જેથી પ્રમાદ ન થાય.

હાલમાં કોઇકોઇ મનુષ્યો જૈનની મહાસભા માટે અતિ તુચ્છ ભાષામાં લેખો લખે છે. તેવાઓની સંખ્યા અતિ અલ્પ છે, લગભગ નગણતરીમાં લેવા જેટલી છે, છતાં એના વિચારમાં કેટલો વિરોધ છે તે તેઓજ સમજતા નથી. આવેશને વશ થઇ જવામાં અને ઝનુની ઉપદેશો ઝીલવામાં જ્યાં વિવેકનો નાશ થઈ જાય ત્યાં દલીલને ભાગ્યેજ અવકાશ રહે છે. આપણે કોન્ફરન્સ શબ્દ સાથે ખાસ સંબંધ નથી, પણ જેઓ એની મરણ સમાધિ થઇ ગઇ માનતા હોય, જેઓ એને ખલાસ થઈ ગયેલી ગણતા હોય તેઓ પોતાનાં સંભાષણો અને મુખપત્રોમાં એનાંજ ગીત ગાવા બેસે અને રડતાં રડતાં પણ એને સંભારે, તે બતાવે છે કે જૈન કોન્ફરન્સનો આખી કોમપર કેવો પ્રભાવ છે. એ પ્રભાવ એણે કરેલી સેવા અને ભવિષ્યમાં કરવાની શકયતાને આધીન છે. અત્યાર સુધીની કોન્ફરન્સની સેવાનો ઇતિહાસ જૈન કોમના દફતરે સોનાને અક્ષરે લખાઈ ચૂકેલો છે.

છતાં આપણે પૂર્વ કાળના ગૌરવ ઉપર રાચવાનું નથી. આપણે તો અત્યારે જે અનેક પ્રશ્નો ઉપસ્થિત થાય છે તેને ન્યાય આપવાનો છે. તે કાર્ય આપણે યોગ્ય રીતે કર્યું છે અને કરશું કે કેમ તેની વિચારણા અને તેનો નિર્ણય આપણે ઇતિહાસકારો ઉપર રાખીએ. આપણું કર્તવ્ય આપણો પાઠ

સારી રીતે ભજવી જવાનું છે. કોન્ફરન્સના કાર્યમાં વિઘ્નની કલ્પના કરી અટકવાની જરૂર નથી. એવી સંસ્થાઓને વિચારકની કક્ષામાંજ રાખવી ઘટે વિચાર કરનારને 'પક્ષ હોયજ નહિ. મજબૂત દલીલ કરનાર અને બહુમતીમાં માનનારને આ નવયુગમાં માર્ગ સરળ, સીધો અને સ્પષ્ટ છે. કોન્ફરન્સે અમલી કાર્ય કરવા કરતાં વિચારક-માર્ગદર્શક તરીકેનું કાર્ય વધારે કરવાનું છે. સમસ્ત કોમવ્યાપી સંસ્થા હોય તે વિચારીનેજ દોરવી શકે અને વિચાર સ્પષ્ટતા થઈ ગયા પછી અમલ તો સ્વતઃ આવેજ છે. એ કાર્ય નાની ઉપસંસ્થાઓ કરે.

અત્યારે ખરેખર વિચાર કરવાનો સમય છે. દેશમાં વિચાર કરવાની બાબતો વધી છે તેની સાથેજ વિચારક્ષેત્ર પણ મર્યાદા વગર વધતું જાય છે અને તે માટેના સાધનો પણ ખુબ વધતા જાય છે. જૈન સમાજ માટે સુવર્ણયુગ ઉગે છે. એની અહિંસા અત્યારે રાજકારણમાં દાખલ થતી જાય છે. કદાચ દુનિયાની મોટી ધુંચવણનો નિકાલ જૈનની અહિંસાજ કરશે લીગ ઓફ નેશન્સ એનો સ્વીકાર કરે તો જૈનને મંદિરે સોનાની ઘંટડીઓ વાગે એ સર્વ થશે એવાં ચિન્હો અત્યારે દેખાય છે. સેવાભાવ જાગૃત થયો છે. અનેક જૈનો જુદાં જુદાં ક્ષેત્રોમાં આવડત અને અનુકૂળતા પ્રમાણે સેવા કરતા રહ્યા છે. અને જનતા અત્યારે તદ્દન નવીન માર્ગે પ્રગતિ કરી રહી છે. એવાં વખતમાં કોઈ નિર્માલ્ય ઝગડાઓ ઉપસ્થિત કરી જૈન કોમનું ધ્યાન બાજુએ ખેંચવા માગે તો કોમે એનો ભોગ નજ થવું. આતો વીરપરમાત્માનો ત્રિકાળાબાધિત રાજમાર્ગ છે. એનો ઇજારો કોઇને ત્યાં ગયો નથી અને જવાનો નથી વિચાર પ્રાબલ્ય વધારવું અને શાસનના ડંકા વગાડવા. નિરાશ થવાનું કારણ નથી આપણે ઉદયકાળની સન્મુખ ઉભા છીએ. આપણી પ્રગતિ આપણા વેગ ઉપરજ આધાર રાખે છે. એને સ્થીર અને સ્પષ્ટ કરનાર જો કોઇ સંસ્થા હોય તો તે આ મહાદેવીજ છે. વિચારયુગ-જ્ઞાનકાળની એ મહા પ્રભાવવતી સંસ્થાને દીપાવવી અને ધપાવવી એ પ્રત્યેક જૈનની ફરજ છે એમ કહેવાની ભાગ્યેજ જરૂર હોય.

જુદા જુદા નામો નીચે પ્રગતિના કાર્ય કરી રહેલી અનેક નવયુગની સંસ્થાઓ આ મહાન ઝુંડા નીચે વધારે વિકાસ પામશે એમાં શંકા નથી. વિચારબળ ખૂબ વધતું જાય છે. અને કાર્ય કરવાનો એજ માર્ગ છે. વિચાર વગર ક્રિયા નથી અને આવેશ ધુન કે ઝનુન એ વિચાર નથી, પણ ઉદ્રેક છે કોન્ફરન્સ દેવી વિજયવતી છે, રહી છે અને રહેશે એમ ઇચ્છી આપણે કાર્યધુરા ઉપાડી લઇએ. આપણી શક્તિ અને આપણા જવાબ ઉપર ભવિષ્ય લટકે છે. બહારથી કોઇ આવવાનું નથી, આપવાનું નથી, પ્રેરણા કરવાનું નથી. આપણો વિજય આપણા હાથમાંજ છે. માટે કાર્ય ઉપાડીલો અને આગળ ધપો. આ નવયુગને તો પ્રેરણા માત્રનીજ જરૂર છે સેવાભાવી વીરો બેસી રહેશે નહિ. વીરના ડંકા વિશ્વવ્યાપી કરવા એ આપણું કર્તવ્ય છે અને અત્યારે સાધ્યકોટિમાં આવતું જાય છે.

મો. ગિ. કા.

# ધર્મ શિક્ષણ.

આજકાલ જૈન સમાજમાં ધર્મ શિક્ષણના આરંભમાંજ બાળકોએ અને મોટે ભાગે શિક્ષકોએ પણ નહીં શિખેલી એવી પ્રાકૃત સંસ્કૃત ભાષાઓમાં રચાયેલાં પ્રતિક્રમણ સૂત્રો પ્રાયઃ બાળકોને મુખપાઠ કરાવવામાં આવે છે જાણે કે તે સુત્રો ધાર્મિક અભ્યાસક્રમની પ્રવેશિકા ન હોય!

આ પ્રતિક્રમણ ક્રિયા સંબંધમાં 'સુધારક જૈન યુવકોના સરદાર' શ્રીયુત પરમાનંદ કુંવરજી કાપડીઆએ એક વખત લખ્યું છે કેઃ—

"જૈનોના ધાર્મિક જીવનમાં જેટલું સ્થાન પૂજા ભોગવે છે, તેટલુંજ અગત્યનું સ્થાન પ્રતિક્રમણ ભોગવે છે. મૂર્તિપૂજક યા અમૂર્તિપૂજકને પણ પ્રતિક્રમણ સ્વીકાર્ય અને આદરણીય છે. વસ્તુતઃ આત્મીય જીવનની નિયમિત પર્યાલોચના કરવી, ભૂલોને માટે પશ્ચાતાપ કરતા રહેવું અને આગળ વધવા આત્મ પ્રગતિ સાધવા-માટે આવશ્યક આત્મબળ પ્રાપ્ત કરતા રહેવું- આ જૈન ધર્મનું ખરૂં રહસ્ય છે. આવી ઉન્નત આશયોથી ભરેલી પ્રતિક્રમણ ક્રિયા પણ **રસહીન અને કેટલેક ઠેકાણે પુનરાવૃતિની પરંપરા જેવી** દેખાય છે, તેમાં મોટો ફેરફાર કરવાની જરૂર છે. ઉક્ત દોષને લીધે શિક્ષિત જૈનોને પ્રતિક્રમણ પ્રત્યે અરૂચિ વધતી જાય છે. જે કળા વિહીનતા જૈનોના ધાર્મિક જીવનનાં અન્ય અંગોમાં જોવામાં આવે છે. તેજ કળા વિહીનતા પ્રતિક્રમણની ઘટનામાં જોવામાં આવે છે. પ્રતિક્રમણમાં કેટલીક સાધારણ લાગતી અથવા પુનરાવૃત્તિ જેવી જણાતી બાબતો કાઢી નાંખી, પ્રચલિત ભાષામાં રચાયેલાં ઇશ્વર સ્તુતિનાં તેમજ આત્મ ચિન્તવનને લગતાં સુન્દર પદ્યોને સ્થાન આપવામાં આવે તો સહેજે પ્રતિક્રમણ ઉપર લોકોને પક્ષપાત વધે, તેનું રહસ્ય બરાબર સમજાતાં પ્રતિક્રમણ વધારે ઉપયોગી થઇ શકે અને આત્માનું અનુરંજન તેમજ ઉદ્ધાર-ઉભયને સહેલાઇથી સાધી શકાય. અલબત્ત એ સ્પષ્ટ છે કે એ કામ શાસ્ત્ર વિશારદ આચાર્ય તેમજ સાધુઓનું છે. પ્રતિમણ બહુ મહત્વની ક્રિયા હોઇને તેમાં ફેરફાર કરવા, અમુક સૂત્રો કાઢી નાંખવા, બીજા સુત્રો દાખલ કરવા અથવા તો **પ્રચલિત ભાષામાં નવાં સૂત્રો બનાવવાં** વિગેરે બાબતો સાધુ મુનિરાજના પ્રદેશની છે અને તેઓ કરેતોજ સર્વમાન્ય બની શકે. આમ હોવાથી સદ્ધર્મરક્ષક સાધુજનોને મારૂં સવિનય વિજ્ઞાપન છે કે નીરસ બનતી જતી અને તેથીજ જૈનોના જીવનમાંથી લુપ્ત બનતી જતી પ્રતિક્રમણ ક્રિયાનો ઉદ્ધાર કરવા-તેને રસવતી બનાવવા સુંદર, સરળ, સુગ્રાહ્ય કાવ્યો પદ્યો તેમજ સૂત્રોથી સુગ્રથિત કરવા સત્વર પ્રવૃત્ત બનવાની ખાસ જરૂર છે."

ભાઇ પરમાનંદના આ મનનીય વિચારોમાંથી ધર્મશિક્ષણની પ્રવેશિકારૂપ માની લીધેલી પ્રતિક્રમણ ક્રિયાની હાલની પરિસ્થિતિનું વાસ્તવિક વર્ણન છે. આધુનિક ક્રિયા-અરૂચિ-રસહીનતા-કળાવિહીનતાનાં મૂળ આપણાં ધર્મશિક્ષણની અશાસ્ત્રીય પદ્ધતિમાં છે. પ્રતિક્રમણ ક્રિયામાં ફેરફાર કરવા માટેની ભાઇ પરમાનંદની અપીલ હાલતો જંગલમાં રડવા જેવી જણાય છે. પરંતુ આશા અમર છે. અને કોઇ યુગ પ્રધાનના શુભ હસ્તે તે કાર્ય અવશ્ય થશે. પણ તે માંગલિક સમય સુધી તો તેજ પ્રતિક્રમણનાં સૂત્રો અને તેજ વિધિઓ શીખવવી રહી.

તે પ્રતિક્રમણ સૂત્રોનું શિક્ષણ કેવી રીતે અને કઇ ઉમ્મરે આપવું જોઇએ તે સંબંધી ચર્ચા આગળ ઉપર કરીશું. હાલતો, આપણી ચાલુ શિક્ષણ પદ્ધતિ વિષે કંઇક ઉહાપોહ કરી તેને લગતા ત્રણેક અભિપ્રાયો ટાંકીશું.

જૈન સમાજમાં જન્મ લેતા બાળકોમાં જૈન ધર્મ પ્રત્યે અદ્વેષ હોયજ—સ્વાભાવિક પ્રેમની લાગણી હોયજ એમ માની લઇએ. પણ તે અદ્વેષ કે પ્રેમ હાલની શિક્ષણ પદ્ધતિથી વૃદ્ધિ પામે છે કે કેમ તે આપણે તપાસવાનું રહ્યું. ધર્મ શિક્ષણ લેતા વિદ્યાર્થીઓમાં ધાર્મિક શિક્ષણ પ્રત્યે અણગમો થતો હોય, કંટાળો આવતો હોય, (મીઠી પ્રભાવનાઓ મળવા છતાં) ધાર્મિક જ્ઞાન લેવામાં હોંસ વધતી જોવામાં ન આવે, ટુંકામાં તેઓને રસ ન પડે, રૂચિ ન વધે તો, શિક્ષણ પદ્ધતિની કે શિક્ષણ ક્રમની ખામી નહીં તો બીજું શું સમજવું? **ધર્મ શિક્ષણથી જો ધર્મ રૂચિ, ધર્મ પ્રેમ કે ધર્મ જીજ્ઞાસા વિકસે નહીં તો પછી વિચારમાં પરિવર્તન કરાવી આચાર ઉપર તે કયાંથી અસર નીપજાવી શકે?**

આપણી કેળવણીની એક મહાસંસ્થા—શ્રી મહાવીર જૈન વિદ્યાલયના બારમા વાર્ષિક રીપોર્ટના પરિશિષ્ટ નં. ૧૨ માં આપેલા તે સંસ્થાના તે વખતના ઓનરરી સુપ્રિન્ટેન્ડન્ટ ડો. નગીનદાસ જગજીવનદાસ શાહ બી. એ. પીએચ. ડી. ના પોતાના રીપોર્ટમાં ધાર્મિક શિક્ષણ ક્રમ સંબંધી જે ઉમદા વિચારો જણાવેલા છે તે નીચે મુજબ છે.

"ધાર્મિક ક્લાસના સંબધમાં એક બે બાબત આપની સમક્ષ રજુ કરવા માગું છું," વિદ્યાર્થીઓ બની શકે તેટલો રસ લે છે પરંતુ કોઇ કારણસર એક કલાક અપાતાં ધાર્મિક શિક્ષણમાંથી જોઇએ તેટલો લાભ તેઓ ઉઠાવી શકતા નથી. અને દિલગીરી સાથે જણાવવું પડે છે કે તે શિક્ષણથી વિચારમાં પરિવર્તન થઇ આચાર ઉપર કંઇ અસર થઈ હોય એમ દેખાતું નથી. આચાર-વિચારનો પરસ્પર અસંબંધ અને નાગરિક તેમજ સામાજિક ફરજો સંબંધી શિક્ષણનો અભાવ એ હાલની કેળવણીની પદ્ધતિની ખાસ ખામીઓ ગણાય છે. તે બને ત્યાં સુધી દુર થાય એવો આપણા ધાર્મિક શિક્ષણનો મુખ્ય ઉદ્દેશ હોવો જોઇએ અને તેને યોગ્ય અભ્યાસક્રમનો પ્રબંધ થવો જરૂરી છે. વળી અન્ય દર્શનનો તુલનાત્મક દ્રષ્ટિએ સમન્વય થવો જોઇએ અને તેથી દરેકની વિશિષ્ટતાઓ સમજી શકાશે. કેટલાક જીંદગીના ગૂઢ પ્રશ્નો સંબંધી વિચાર કરવા પૂરતી પણ વિદ્યાર્થીઓની બુદ્ધિનો વિકાસ થવાની ખાસ જરૂર છે. તે ઉપરાંત પાશ્ચાત્ય નાગરિક તેમજ સામાજીક જીવન સંબંધી વિચાર સાથે આપણા ધર્મના તેમજ સમાજના સિદ્ધાંતોની તુલના કરી, સમાનતા પૂરવાર કરીને, આચારની વિશુદ્ધતા થાય તે ઉપર ખાસ લક્ષ્ય આપવું જોઇએ. મને ખાત્રી છે કે આવા પ્રશ્નોમાં વિદ્યાર્થીઓ રસ પૂર્વક અને ઉત્સાહથી ભાગ લેશે."

કોઠારી મગનલાલ ભુરાભાઇ જૈન શ્વે. મૂર્તિપૂજક વિદ્યાર્થી ભુવનના છેલ્લા રીપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કેઃ—ધાર્મિક શિક્ષણનો અભાવ એ વર્તમાન સરકારી કેળવણીની ઉણપ છે. **જૈન** સમાજમાં સ્થળે સ્થળે ચાલતી પાઠશાળાઓ; એ ઉણુપ દૂર કરવા માટે જૈન સમાજે સ્થાપી છે, તેમાં (જો કે) ધાર્મિક શિક્ષણ ખરી શિક્ષણપદ્ધતિપર યોજાયું નથી. તેને લગતાં પાઠ્ય પુસ્તકો નથી એ શોચનીય તો છેજ.

એક વિદ્વાન્ તો એટલે સુધી કહે છે કે ચાલુ ધમ શિક્ષણ બુદ્ધિ અને અનુભવોનું લિલામ કરાવે એવું છે.

આવા ઘણા અભિપ્રાયો આપી શકાય પરંતુ અત્યારે તો આ ત્રણ અભિપ્રાયો પુરાત છે. હવે આપણે ખરી શિક્ષણ પદ્ધતિ તરફ વળીએ. ખરી પદ્ધતિમાં દરેક પ્રકારનું શિક્ષણ હેતુની સમજુતી પૂર્વક આપવું જોઇએ. કેવળ આજ્ઞાવાહી શિક્ષણના પરિણામો અનિષ્ટ આવે છે. ધર્મનીતીનું શિક્ષણ પોપટીઉં થઇ જાય નહીં પરંતુ હૃદયમાં, જીવનમાં ઉતરે એવી જીવંત રીતિથી શિક્ષણ આપવું જોઇએ.

હવે પ્રશ્ન એ થાય છે કે આપણી ચાલુ પદ્ધતિ શું ઉપલા સિદ્ધાંતોને અનુસરે છે? કે આપણે તો હજી જ્યાં ને ત્યાં. એજ જુની પ્રણાલિકા—એજ ગોખણ પટ્ટી બાળવયની સ્મરણ શક્તિ પાસેથી એટલું બધું ભારે કામ લેવું કે વિચાર શક્તિ અને સમજણ શક્તિ ખીલવાજ ન પામે. અને વિચારણા—સમજણ વગર રસહીનતા રહે કે વધે એમાં આશ્ચર્ય જેવું કંઇ નથી.

**ઉ. દો. બ.**

---

(અનુસંધાન પૃષ્ટ ૭૦ નું ચાલુ)

સૂધી જરનું જોર હશે, વાણી અસાધારણ જોશવાળી હશે અને સમાજને બીજું કાંઇ નવીન નહિ જડે ત્યાંસૂધી રામવિજયજીનો પ્રભાવ પડશે એમ દેખાય છે, પરંતુ ખાત્રી રાખવી કે એક દિવસ તેમને પણ પોતાના હાલના નિયમો ફેરવવા પડશે. ભગવાન મહાવીર નગ્ન વિચરતા હતા, પણ હાલના સાધુઓ કપડાં સહિત વિચરે છે. એ સમયધર્મ નથી તો બીજું શું? તેઓ ઉદ્યાનમાંજ રહેતા હતા, તેને બદલે હાલ ગામોમાંજ રહેવાય છે, ઉદ્યાનમાં બીલકુલ નહિ, એ સમયનો પ્રતાપ નથી? માત્ર એકજ વખત બપોરના બાર વાગે આહાર પાણી લેવાનો, તેને બદલે હાલ સવારમાં ચાપાણી, દૂધ, બપોરે અને સાંજે આહાર એ બધું સમય વર્તવાપણું નથી તો શું છે? પોલીસપાર્ટી સાથે રાખીને નગર પ્રવેશ કરવો પડે તે સમય ધર્મ નહિ તો બીજુ શું કહેવાય?

ઓલ ઇન્ડીયા યંગમેન્સ જૈન સોસાયટીના મેળાવડાના પ્રમુખ રા. રણછોડદાસ કહે છે કે બહુમતિ ને લઘુમતિ ન વિચારી શકાય પરંતુ મારા માનવા અને સમજવા પ્રમાણે જૈન ધર્મ એકજ ઉપદેશ આપે છે કે જેનાથી વધારે લાભ અને ઓછી હાનિ હોય તેવા રીતે વર્તવું એ ઇષ્ટ છે. બહુમતિને દાબી દઇને કામ લઇ શકાય એ આ જમાનો નથી. થોડા વખત માટે પોતાના ડિંડિં વગાડવાનું બની શકે, પરંતુ વખતની સામે મોરચો કાયમ માટે માંડી શકાય એ બનેજ નહિ.

કોન્ફરન્સ જાહેર સમાજમાં, સરકારમાં અને સામાન્ય રીતે સર્વ ઠેકાણે જે પ્રતિષ્ઠા પામે છે તે પ્રતિષ્ઠા નવપદ આરાધક સમાજ, જૈન યંગમેન્સ સોસાયટી અથવા દેશવિરતિ આરાધક સમાજ મેળવતાં બહુ વખત લેશે. જો કે હું તો પ્રમાણિકપણે માનું છું કે એવો સંભવજ નથી. શેઠ આણંદજી કલ્યાણજીની પેઢીને માટે પહેલાં કોન્ફરન્સ હરીફ થશે એમ મનાતું હતું, પણ તે ખોટી ભ્રમણા હતી, તેને માટે ખરીહ રિફાઇ તો હવે યંગમેન્સ સોસાયટી સાથે થશે એમ મને ભણકારા થાય છે. પ્રભુ! રામવિજયજી મહારાજને સન્મતિ આપો, અને વધુ વિક્ષેપ કરતાં અટકાવો એટલીજ નમ્ર હૃદયની પ્રાર્થના છે.

**એન. બી. શાહ.**

# વિ વિ ધ નોં ધ અને ચ ર્ચા.

## સંગઠન પ્રયોગ અને નવયુગ કર્તવ્ય.

અત્યંત ખેદનો વિષય છે કે અત્યારે સમસ્ત હિંદનો વિચારક વર્ગ 'સંગઠન'ની યોજનામાં જોડાઇ રહ્યો છે અને તેના માર્ગ શોધે છે ત્યારે જૈનોનો એક અતિ નાનો વિભાગ જૈન કોમમાં કલહ કઇ રીતે વધે અને ભાગલા કેમ પડે તેને માટે તનતોડ મહેનત કરી રહ્યો છે. એક બોલવાની કળામાં સહજ કૌશલ્ય મદારી એમના વર્ગના સર્વને રમાડે છે અને તેઓ ધર્મના બ્હાના નીચે મહા અધર્મ સેવી રહ્યા છે. એમની વાણીમાં સંયમ નથી, એમના આચારમાં નિયમન નથી, એમની દોડધામમાં વ્યવસ્થા નથી, એમના કથનમાં શાંતિ નથી, એમના વાતાવરણમાં દીર્ઘ દ્રષ્ટિ નથી, એમની હાકલમાં અક્કલ નથી, એમની વિચારણામાં અનેકાંતનું તત્ત્વ નથી, એમની દોરવણીમાં વિવેક નથી, એમના વર્ચસ્વમાં કળા નથી, એમના ગમનાગમનમાં પદ્ધતિ નથી. આખો જીવન પ્રવાહ જોઇએ તો કેંદ્ર થવાના વલખા અને તે સ્થાન ન મળે તો ગમે તે કરી નાખવાની ભયંકર માથાકુટ સિવાય એમાં એકપણ સુસંબદ્ધ વિચાર દેખાતો નથી અને દલીલને અભાવે ગાળીપ્રદાન, બહિષ્કાર અને ધમકીઓ સિવાય કાંઇ દેખાતું નથી જૈન ધર્મને છાજે તેવી આ મનોદશા ન હોય. અંધશ્રદ્ધાળુઓને દોરવવામાં પણ જે પરસ્પર અવિરોધ જોઇએ એના ફાંફા દેખાય છે. જૈન ઇતિહાસમાં આવા અનેક ધૂમકેતુઓ આવ્યા છે, પણ ઇતિહાસે એની નોંધ સરખી પણ કરવાની દરકાર કરી નથી. બીજી વાત તો અંગત છે, પણ અત્યારે જતી કરવા યોગ્ય છે. ખટપટ દોડધામ અને પ્રલોભનોના ઇતિહાસ લખાશે ત્યારે જૈન કોમ સમસમી ઉઠશે, પણ આ બે વિભાગ પાડવાની મનોદશા કેવી તીવ્ર? અને જૈન કોમ એને કેમ સહન કરી શકે એ પણ મહાન પ્રશ્ન છે. અને આ સર્વ ધર્મના બ્હાના નીચે? અરે! એક સામાન્ય બાબતમાંથી કઇ હદે વાત ઉતરતી જાય છે!! અતિખેદ થાય તેવા ષડ્યંત્રો ગોઠવાય અને જૈન કોમ જોઇ રહે એ તો પાલવે તેવી વાત નથી. અત્યારે સંગઠન કરવાનો વખત છે. અત્યારે ગચ્છના ભેદો ભૂલી જવાના છે. અત્યારે નાના નાના ભેદો વિસારી મૂકવાના છે. અત્યારે તો સ્થાનકવાસી, દિગંબરી અને આપણે સર્વ એક પ્રભુને પૂજનારા છીએ એ વાતને મુખ્ય કરવાની છે. ત્યારે દુકાનદારીઓ માંડી બેસી જવું અને વિવેક વગર અવ્યવસ્થિત હાંકે જવું એ બોજે તેવો આ વખત નથી. અત્યારે જૈન કોમ એવી સ્થિતિમાં વર્તે છે કે એને જૂગજૂગના કલહો પાલવે નહિ. એને ધર્મને નામે થયેલા ઝગડાઓ નિરર્થક હતા અને અત્યારે તો તેનો કાંઈ અર્થજ નથી એમ શીખવવું જોઇએ. એને બદલે એને ઘોળી ઘોળીને વિરોધના ઝેર પાવામાં આવે, એના કલહો વધારવામાં નવયુગના છાપાઓનો ગમે તેવી રીતે આશ્રય મેળવી દુરૂપયોગ કરવામાં આવે અને સભાસ્થાનેથી ગૃહસ્થના મુખમાં ન શોભે તેવા ગાળીપ્રદાનો કરવામાં ભદ્રજનો પાસે ધર્માભિમાન બતાવવાની અતિ તુચ્છ મનોદશા બતાવાય ત્યાં જૈનત્વનો સવાલજ રહેતો નથી. યુરોપનો મધ્યકાળનો ઇતિહાસ વાંચ્યો હશે તે પ્રાચીન પદ્ધતિની પોપશાહીએ મારેલા ફુંફાડાનો એમાં રંગરાગ જોશે. જનતાને એકજ વાત કહેવાની છે. આવા ધર્માંધ મુલ્લાઓથી જરા પણ ગભરાવાનું નથી. જેમ અત્યારે નોકરશાહી જતાં જતાં પોતાનો રંગ બતાવતી જાય છે તેમ અત્યારે જૈન પોપો પોતાના છેલ્લા શ્વાસોશ્વાસ લેતાં એમનો તરફના પૂજ્યભાવ અને સદ્વૃત્તિનો દુરૂપયોગ કેટલી હદે થઇશ કે છે એનો ભાસ કરાવતા જાય છે. એમનામાં રચનાત્મક એક કામ કરવાની તાકાત આવડત કે અક્કલ નથી. માત્ર ગાલીપ્રદાન એ એમનું આધાર દલીલ તત્ત્વ છે અને અસમંજસ વાણી એ એનો માત્ર સંગ્રહીત ખજાનો છે. નવા વિચાર કરનારને ભાંડવા એ એમનો યુગધર્મ છે, અને પંદરમી સોળમી સદીના કદાગ્રહો જીવતા કરી એના ઉપર મદાર બાંધવો એમનો દુરાશાપાસ છે. એમને ખેદ હોય તો એકજ છે કે એમનો 'હાજી હા' કરનારો વર્ગ ઘટતો જાય છે. કોઇપણ રીતે કેળવણી ઘટે એ એમનો જીવન સંદેશ છે. પ્રકાશથી એ ભય પામે છે અને નવયુગથી એ નાસે છે. એમના કોડ એટલા છે કે એ ચાલે તો યુનિવર્સિટિઓને ઉખેડી નાખે, શોધખોળને પુળો લગાડી દે, વાંચન વિચારણને દાહ મૂકી આપે અને ભસ્મગ્રહનુ બરાબર ભાન કરાવે. સૌરાષ્ટ્રમાં સાધુને ઉભા રહેવાનું સ્થાન ન રહે એવી એમની વાગ્ધારા નિષ્ફળ થવાની છે. સાધુને હજુ અગાઉ જેટલુંજ માન મળશે, પણ તે ચારિત્રવાન સાચા સાધુને મળશે. ખટપટીઆ ધમાલી ઘમંડી અહંભાવીને હવે સ્થાન મળવાના નથી

જનતાને એક વિજ્ઞપ્તિ કરવાની છે. જરાપણ ગભરાયા વગર થોડો વખત જોયા કરો. ભદ્રજનોને ભરમાવનાર બીન અનુભવી કેવો આત્મઘાત કરે છે તે જુઓ. જૈન ધર્મનો વિજય જરૂર થવાનો છે, ઉદય કાળની સન્મુખ આપણે આવી પહોંચ્યા છીએ અને મોટા મોટા શીખરો પણ ગડગડી ગયા છે. આપણે ખુબ વાણી સંયમ રાખવો. રચનાત્મક કાર્ય બને તેટલું કર્યે જવું અને સુંદર ભવિષ્ય માટે રાહ જોવી. અત્યારના સર્વ વિચાર ભેદોનું પર્યવસાન એકજ રીતે શકય છે. અંધકાર માટે વલખા મારનારને અંતે **પ્રકાશ**નો સ્વીકાર કરવોજ પડશે. આપણે વાણી સંયમ ખૂબ રાખવો અને **સગઠન**ની તક આવે તો જવા ન દેવી બાકી તો ભારત વર્ષનો વર્તમાન ઇતિહાસ ખૂબ પોકારીને કહી રહ્યો છે કે અંતે સત્ય ધર્મનોજ વિજય છે. મહાત્માને ગાળો દેનારને મેં ખુબ સાંભળ્યા છે, પણ અંતે તે સમજ્યા છે અને દીર્ઘ દ્રષ્ટિના **પ્રકાશ** આગળ નમી ગયા છે. જૈન ધર્મનું ભવિષ્ય ઉજ્વળ છે અને તેને દીપાવવું એ નવયુગના હાથમાં છે. મૌલાનાઓના ગાંડપણથી ગભરાવાનું નથી, પણ કેળવણીને વધારવામાં પચ્છા ન પડવું અત્યારના ભદ્ર લોકના પુત્રો તો નવયુગનાજ પાણી પીવાના છે અને અસાધ્ય વ્યાધિવાળાને નવકાર સંભળાવવા એ આપણો ધર્મ છે. કેટલાક ડાકતરોની પદ્ધતિ પ્રમાણે છેલ્લી ઘડી સુધી 'ઇન્જેકશનો' આપ્યા કરવાની વાત ઇષ્ટ નથી. પરમાત્માનું નામ એવા વ્યાધિવાળાને અને સંભળાવનારને બન્નેને હિતકર છે.

મો. ગિ. કા.

# બે મેળાવડાઓ.

શ્રી અમદાવાદ ખાતે ઑલ ઇન્ડીઆ (!) યંગ મેન્સ જૈન સોસાયટી તથા દેશ વિરતિ ધર્મારાધક સમાજ એ બન્ને સંસ્થાઓના મેળાવડા ચૈત્ર વદ ૧૩. ૧૪ તથા અમાસના દિવસે થઇ ગયા. પરિણામ જોઇએ તો માત્ર એટલુંજ દેખાય છે કે જૈન શ્વેતાંબર કોન્ફરન્સને તથા જૈન યુવક સંઘને બની શકે તેટલું હલકું બતાવવાનો યત્ન થયો, થોડાએક રૂપિઆ ભંડોળમાં ઉમેરાયા અને આત્મશ્લાઘાથી સંતોષ મેળવી શકાયો કે અમારી બન્ને સંસ્થાઓ ઉત્તમમાં ઉત્તમ કામ કરી રહી છે. મુનિ રામવિજયજી, સાગરાનંદજી, શ્રી લબ્ધિવિજયજી તથા તેમના જેવા મત ધરાવતા બીજા સાધુઓ અને કોન્ફરન્સના મંતવ્ય વચ્ચે એક ભેદ છે. કોન્ફરન્સ પ્રમાણિકપણે માને છે કે જૈનોનો ઉદ્ધાર એ જૈન ધર્મનો ઉદ્ધાર છે અને જૈનોની પડતી સ્થિતિ એ જૈન ધર્મની પડતી સ્થિતિ છે. બીજો પક્ષ માને છે કે દીક્ષા એજ એક જૈન ધર્મના ઉદ્ધારનું સાધન છે, દીક્ષા વિના જૈન ધર્મનો બીજો ઉદ્ધારજ નથી, જૈનોને સહાય કરીને સંસારમાં આગળ પડતા બનાવવા એ પાપનું કારણ છે, દીક્ષા માટે ગમે તે રીતે ચોરી છુપીથી, નસાડી ભગાડીને, માબાપ અથવા સ્રીની પરવાનગી વિના આપી દેવી એજ ઇષ્ટ છે. હવે આ બે મતમાં ખરૂં કોણ છે એ ભવિષ્યનો જમાનો નકી કરશેજ, અત્યારે મુનિરાજ રામવિજયજી પોતાના ભાડુતી, પગારદાર લેખકો, અને વાજીંત્ર માટે ગમે તેટલા ધમપછાડા કરે, પરંતુ આચાર્ય શ્રી આત્મારામજી સદ્‌ગત મુનિરાજ શ્રી શાંતિવિજયજીને કહેતા કે ભગાડીને દીક્ષા આપવી એ ચોરીજ છે અને એવી દીક્ષા જૈન શાસનમાં ઇષ્ટ ગણાય નહિ, એ કહેવું આખરે સત્ય થશે. એમ મને તો લાગે છે. શ્રી આત્મારામજી મહારાજ બહુ દીર્ઘદર્શી હતા. મુનિરાજ શ્રી વૃદ્ધિચંદ્રજી તેમના ગુરૂભાઇ, જેમણે ભાવનગરમાં વૃદ્ધાવસ્થાને કારણે ઘણો લાંબો સમય સ્થિરતા કરી હતી, તેઓ પણ સમયના જાણકાર હતા, તેમણે પણ કદી આવો નિયમ સ્વિકાર્યો નહોતો-હાલ તુરતને માટે પૈસાના જોરથી, વર્તમાનપત્રોને કાબુમાં રાખીને અથવા પોતાના ઘરના સાપ્તાહિકો દ્વારા રામવિજયજીનો પક્ષ ગમે તેટલું જોર કરી જાય, પરંતુ આખરે સત્ય તરીજ નીકળે છે અને કુદરતની એ ગહન ગતિ છે કે ધીરજનાં ફળ હમેશાં મીઠાં હોય છે. અત્યારસુધી કોન્ફરન્સની કાર્યવાહી જોશો તો જણાશે કે પુસ્તકોદ્ધાર માટે, તીર્થોદ્ધાર માટે, કેળવણી માટે, દેવદ્રવ્ય સચવાઇ રહે તે માટે હિસાબ તપાસણી ખાતું રાખીને, અને જૈન એજ્યુકેશન બોર્ડ દ્વારા પાઠશાળાઓ તથા ધાર્મિક શિક્ષણ સંસ્થાઓને મદદ આપીને કોન્ફરન્સે કેવું સંગીન કાર્ય કર્યું છે. આજ અમદાવાદ શહેરમાં કોન્ફરન્સ ભરાણી ત્યારે ત્યાંના ભવ્ય મેળાવડા સન્મુખ કેવાં ઉત્તમ કામો થયાં હતાં. અત્યારે મુનિ રામવિજયજીનો પક્ષ પેટ ભરીને ગાળો દેવાને ટેવાયેલો છે, તે પ્રમાણે ભલે દઇ લે, પણ સંગીન કામ કરી બતાવે ત્યારે ખરી શાબાશી ઘટી શકે.

મુનિ રામવિજયજીના પક્ષને ટેકો આપનાર બિચારા ભોળા જીવોને પોતાના પગપર કુહાડો લાગશે ત્યારેજ ખબર પડશે કે જૈનો વિના સાધુ સંસ્થા ટકી શકવાની છેજ નહિ. જે ડાળપર બેસવું છે એજ ડાળને તોડી નાખવી છે તે કેટલો વખત ચાલી શકશે.

કોન્ફરન્સને કોઇ વ્યક્તિ પરત્વે દ્વેષ અથવા વિરોધ છેજ નહિ. માત્ર રામવિજયજી આદિ જે સાધુ સમુદાય દીક્ષા માટે બંધન રહિત રહેવા માગે છે તે નિયમને માટેજ વિરોધ છે.

જુન્નર કોન્ફરન્સ માટે અત્યાર સુધીમાં એટલું બધું લખાઇ ગયું છે કે વધારે બચાવની જરૂર નથી, પરંતુ રામપક્ષનો એકજ સિદ્ધાંત છે કે અસત્યને પણ કેળવ્યા કરવું અને તેમાંથી સામા પક્ષને હાર આપવાને બનતો યત્ન કરવો. વિશ્વમાં સત્ય અમર છે, થોડો વખત ભલે અસત્ય ફાવી જાય, પરંતુ છેવટે તો સત્યજ તરી નીકળશે.

વઢવાણમાં સંમેલન ભરી શકાયાં નહિ, એ રાણી સાહેબના સ્વર્ગવાસનું કારણ ખરૂં, પરંતુ સાંભળવા પ્રમાણે દીવાન સાહેબ રા. ભીમજીભાઇએ ખાનગી રીતે કહેવરાવ્યુ હતું કે હું અત્રે ભરવા દઇને તોફાનનું કારણ થવા દઇશ નહિ.

જૈન યંગમેન્સ. સોસાયટીના પ્રમુખ તરીકે બાબુ મીશ્રીલાલજીનું નામ પહેલાં બહાર પાડયું હતું પણ કોણ જાણે કેવાએ કારણસર તેઓને બદલે માંગરોળ નીવાસી શેર બજારના દલાલ શેઠ રણછોડદાસ શેષકરણને પ્રમુખ નીમવા પડયા. જુન્નર કોન્ફરન્સના પ્રમુખના ભાષણ માટે ટીકા કરનારાઓને એટલુંજ પૂછીએ કે શેઠ રણછોડદાસ આવું ભાષણ લખી શકે અથવા તેમની આવી શક્તિ છે?

મુનિ રામવિજયજીને ટાઉન હોલમાંથી લાલબાગ જતાં સાથે પોલીસ પહેરા નીચે જવું પડયું હતું તેવીજ રીતે અમદાવાદમાં દાખલ થતી વખતે પોલીસ રક્ષણ નીચેજ દાખલ થવું પડયું એ બતાવે છે કે જૈન ધર્મના સાધુઓ કેવી કોટીએ પહોંચ્યા છે? સાધુઓને આવી સ્થિતિમાં મૂકાવાની જરૂર હોય ખરી?

અત્યારે બે પક્ષ પડી જવાની સ્થિતિ ઉભી થઇ છે. જૈન ધર્મને ભારે આઘાત અને ધક્કો પહોંચે એવી કઢંગી સ્થિતિમાંથી બચાવવાની મુખ્ય ફરજ વયોવૃદ્ધ આચાર્ય દાનવિજયજી તથા આચાર્ય આનંદસાગરજીની હોય એમ મને લાગે છે. પક્ષો વધારવા એ યુવાન રામવિજયજીને શોભે પરંતુ વૃદ્ધ આચાર્યોએ એમાં સહાયક થવું એ કોઇપણ રીતે ઇષ્ટ લાગતું નથી.

રામવિજયજીનો પક્ષ પોતાને શાસનપ્રેમી કહેવડાવે છે, એટલે શું બીજા શાસનપ્રેમી નથી? શાસનનો પ્રેમ એમનેજ વર્યો છે? શું એ ખરો પ્રેમ છે કે સત્તાને માટે લોલુપી દંભ છે? રામવિજયજીના દીક્ષાના સિદ્ધાંતને નહિ સ્વીકારનારા શું શાસનદ્રોહી છે? સાધુઓને નાસ્તિક કહી શકાય? પૂજ્યપાદ આચાર્યશ્રી આત્મારામજીના પદ સેવક આચાર્ય શ્રી વિજયવલ્લભસૂરિને કયા નિયમથી નાસ્તિક કહી શકાય? તેઓની જેવા માત્ર દશજ દ્રવ્યનો હમેશાં ઉપયોગ કરનારા સાધુઓ રામસૈન્યમાં કેટલા છે? તેમની જેવા નિરભિમાની, શાંત અને ગમે તે ભોગે ઝગડાથી દૂર નાસનારા રામસૈન્યમાં કેટલા છે? દાવાનળ સળગાવવો હોય તો રામસૈન્ય ભારે સામગ્રી ધરાવે છે એની ના નહિ. શ્રીમાન પડખીયા મળેલા હોવાથી જયાં-

( અનુસંધાન પૃષ્ઠ ૬૮ ઉપર )

## શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

**— વિશાળ કાર્ય ક્ષેત્ર. —**

આ સંસ્થાનાં મુખ્ય ત્રણ કાર્યો છે. **(૧) ધાર્મિક પરીક્ષા લેવાનું અને ઉત્તીર્ણ તથા વિદ્યાર્થીઓને ઉત્તેજનાર્થે ઈનામો તથા પ્રમાણપત્રો આપવાનું. (૨) જૈન પાઠશાળાઓને મદદ કરવાનું. (૩) માધ્યમિક તથા ઉચ્ચ શિક્ષણ લેતા અને ધાર્મિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિઓને આપવા વિગેરેનું છે.**

પરીક્ષાનાં સ્થળો હાલ વધતાં જાય છે, એટલે પાંચ દસ સ્થળોમાંથી હાલ ૭૦ જેટલે સંખ્યા પહોંચી છે. અને પરીક્ષામાં બેસનારા વિદ્યાર્થીઓની સંખ્યા ૧૦૦-૧૫૦ માંથી વધતાં હાલ ૧૨૦૦ સુધી ગઇ છે. કન્યા-સ્ત્રી-બાળ-પુરૂષ વિગેરે મળી ૨૬ વિભાગીય ધોરણોની પરીક્ષા લેવાય છે.

અને તેથી જૈન બંધુઓને આગ્રહભરી વિનંતિ કરવામાં આવે છે કે આપ સ્થિતિસંપન્ન હો તો એકી સાથે રૂ. ૧૦૦) સો અથવા વધારે રકમ આપી આજીવન સભ્ય થશો અને નહિ તે ઓછામાં ઓછા વાર્ષિક રૂપીઆ ૫) પાંચ આપી સંસ્થાના સહાયક સભ્ય થશો અને સંસ્થાના કાર્યમાં આપનો સહકાર આપી આભારી કરશો. નહિં તો વર્ષમાં ઓછામાં ઓછા ચાર આના **શ્રી સુકૃત ભંડાર ફંડમાં** તો જરૂર આપશોજી.

**વીરચંદ પાનાચંદ શાહ, સૌભાગચંદ ઉમેદચંદ દોશી,**
માનદ મંત્રીઓ. ૨૦, પાયધુની, મુંબઇ.


ખરીદો અમારા નવી ડીઝાઇનના ઘડીયાળો ખરીદો.. અમારૂં જોઈતું કોઇપણ ઘડીયાળ નીચેનું સુંદર દસ ચીજો સાથે ખરીદો અને તમારા પૈસા બચાવો.



—: હાથનું ઘડીયાળ :—
(૨૧૪) રો. ગો. સોનેરી સુંદર ફેન્સી શેપનું સેકન્ડ કાંટાવાળું ચાલવાને માટે અમારી લેખીત ગેરંટીવ રસ ત્રણ સાથે કીં. ફક્ત રૂા. ૬-૦-૦

**—: ખીસાનું ઘડીયાળ :—**
(૩૫૪) નીકલ સીલવરનું લીવર મશીનનું સુંદર શેપનું સેકન્ડ કાંટાવાળું ચાલવાને માટે અમારી તલેખી ગેરંટી વરસ બે સાથે કીં. ફક્ત રૂા. ૪-૧૦-૦
હીંદુસ્તાનમાં પેકીંગ પોસ્ટેજ માફ.

**ભેટની ચીજો:**-(૧) ઇ. હીરાની વીંટી (૨) ઈ. હીરાનુ કોલર બટન (૩) રો. ગો. બ્રાસ રાઇટીંગ સેંટ પેન (૪) ચપ્પુ (૫) ઘડીયાળ રાખવાનું સુંદર કેસ (૬) રેશમી દોરી અગર પટા (૭) રો. ગો. બ્રાસ કોલર પીન (૮) શર્ટના મોતીના બટન નંગ ૩ (૯) ફાઉંટન પેન અને (૧૦) દાતનું બ્રસ અને અમારૂં રૂા. ૧-૦-૦ ની કીંમતનું ઓર્ડર ફોર્મ નંગ ૧

લખો:—**પી. ડી. બ્રધર્સ ઘડીયાળવાળા**
પો. બો. નં. ૩૦૨૬ મુંબઈ, ૩.


## શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

### શ્રી સારાભાઈ મગનભાઇ મોદી લોન—સ્કોલરશીપ ફંડ.

આ ફંડમાંથી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સ્ત્રી કે પુરૂષ વિદ્યાર્થીને નીચે જણાવ્યા મુજબ અભ્યાસ કરવા માટે આર્થિક સહાય લોન રૂપે આપવામાં આવે છે.

(૧) માધ્યમિક કેળવણી અંગ્રેજી ચોથા ધોરણની અંગ્રેજી સાતમાં ધોરણ સુધીના અભ્યાસ માટે. (૨) ટ્રેઇનીંગ સ્કૂલ અથવા કોલેજમાં અભ્યાસ કરી ટ્રેઇન્ડ શિક્ષક થવા માટે. (૩) મિડવાઇફ કે નર્સ થવા માટે. (૪) હિસાબી જ્ઞાન Accountancy ટાઇપ રાઇટીંગ, શોર્ટહેન્ડ વિગેરેનો અભ્યાસ કરવા માટે. (૫) કળાકૌશલ્ય એટલે કે પેઇન્ટીંગ, ડ્રોઇંગ, ફોટોગ્રાફી, ઇજનેરી વિજળી ઇત્યાદિના અભ્યાસ માટે. (૬) દેશી વૈદ્યકની શાળા કે નેશનલ મેડીકલ કોલેજમાં અભ્યાસ કરવા માટે.

લોન તરીકે મદદ લેનારે મુકરર કરેલ ધાર્મિક અભ્યાસ કરવો પડશે. તથા લિખિત કરાર પત્ર કરી આપવું પડશે. અને કમાવાની શરૂઆત થતાં જે મદદ લીધી હોય તે તેના મોકલવાના ખર્ચા સહિત વગર વ્યાજે પાછી વાળવાની છે. વિશેષ જરૂરી વિગતો માટે તથા અરજી પત્રક માટે સેક્રેટરીને **ગોવાલીયા ટેંકરોડ,-ગ્રાન્ટરોડ-મુંબઇ** લખો.

* સ્ત્રીઓએ લેખીત કરારપત્ર કરી આપવાનું નથી, વળી ટ્રેઇન્ડ શિક્ષક થનાર પુરૂષે તેમજ જેઓ માત્ર ધાર્મિક, સંસ્કૃત યા પ્રાકૃતનો અભ્યાસ કરી તે ભાષામાં પુરેપુરા નિષ્ણાત થવા માગશે તેઓએ પણ કરારપત્ર કરી આપવાનું નથી. એટલે કે આ બન્નેએ પૈસા પાછા આપવા કે નહિ તે તેમની મુનસફી ઉપર રહેશે.

## જૈન વિદ્યોત્તેજક સહકારી મંડળ લીમીટેડ.

**સને ૧૯૨૫ ના સાતમાં એક્ટ પ્રમાણે તા. ૧૩-૧૨-૨૬ ને રોજ રજીસ્ટર થયેલી.**

હેડઓફીસ:-ટાઉન હૉલ સામે-મુંબઈ.

થાપણ રૂા. ૫,૦૦,૦૦૦, દરેક રૂા. ૨૫) ના વીસ હજાર શેરોમાં વહેંચાયેલી ભરાયેલી થાપણ ૯૪૬૦૦ વસુલ આવેલી થાપણ ૫૪૬૪૦ દર શેરે રૂા. ૫) અરજી સાથે રૂા. ૧૦) એલોટમેન્ટ વખતે, અને રૂા. ૧૦) ત્યાર પછી.

ઉપરોક્ત મંડળમાંથી દરેક લાઇનમાં અહિં તેમજ પરદેશમાં અભ્યાસ કરવા માટે હાલ તુરત મુંબઇ ઇલાકાના ચંચળ બુદ્ધિના શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીઓને અભ્યાસ દરમીયાન છ આનાના વ્યાજે તથા ત્યાર પછી આઠ આનાના વ્યાજે યોગ્ય જામીનગીરીથી અને વીમો ઉતરાવી લોન આપી સહાય કરવામાં આવે છે. વિશેષ હકીકત માટે **ઑનરરી સેક્રેટરીને ટાઉન હૉલ સામે, કોટ, મુંબઇ લખવું.**

શેર ભરનારાઓને વધુમાં વધુ ચાર ટકા વ્યાજ આપવાનો નિયમ છે. શેર લેવા ઇચ્છનારે ઉપરના સરનામે લખવું.

जैन युग.

वीर संवत् २४५७. हिन्दी विभाग. ता. १-५-३१.

## जैनधर्म और केशर.

लेखक—पं. इश्वरलाल जैन विशारद हि. रत्न.

पाठकोंको यह भभीभांति विदित है कि जैन मंदिरोंमें केशरका उपयोग बहुतायत से किया जाता है, परन्तु हमें इस पर बहुत कुछ विचार करनेका है, इस सम्बधमें तीन प्रश्न हो सकते है.

(१) एक तो यह कि जिनेन्द्र देव के पूजन के लिये शास्त्रानुसार केशर चढाना उचित है या नहीं।

(२) दुसरा यदि उचित है तो उसका उल्लेख कहां है, और वह केशर कैसा होना चाहिये।

(३) तीसरा यदि केशर चढाना उचित नहीं, तो हमें क्या चढाना चाहिये ?

प्रश्न तीनोंही उपयुक्त और विचारणीय है. जैन समाज में अधिकांश व्यक्ति लकीरके फकीर बनकर अपने पूर्वजों और साथियों को जसे करते देखा है; बराबर वैसा करते चले जा रहे हैं। उसमें अपनो बुद्धिसे विचार करनेकी गुंजाइश नही रखी।

परन्तु हां। यहीतो एक टेडा प्रश्न है ? कि "क्या हमारे पूर्वज मूर्ख थे ? हमारे बाप दादे सभी अमुक बात करते है, फिर उसमें ऐसे कुतर्क वितर्क क्यों ?

परन्तु यह कहा जाता है 'हठधर्म'। पूर्वोक्त बात वही कहेंगे, जो पूरे लकीरके फकीर और स्पष्ट शब्दोंमें कहा जाय तो अन्ध विश्वास के पोषक हो चुके हैं, अपने पूर्वजों कोई गल्ती नहीं होतीथी, ऐसा कोइभी दावा नहीं कर सकता और न हो यह दावा किया जा सकता है ?

सौभाग्यवश समाजमें कभी कभी जागृतिके चिन्ह मालूम होते हैं। युवक चाहते हैं, कि हम सभी बातोंका वास्तविक तत्व जाने, और यहि युवकों को चाहिये, कि प्रत्येक बातको अपनी बुद्धिकी कसोटी पर रगड कर वास्तविक तत्वकी खोज करें।

केशर चढाना अथवा न चढाना इसके विचार करनेसे पूर्व हमें यह सोचना चाहिये कि पूजा किस लिये है ? और उसके लिये कोन कोनसे साधन आवश्यक है ?

जैनधर्मकी सभी क्रियायें मात्र संसारसे छुटकारा पानेके लिये है, जिसमे हम पूजाकोभी मोक्षका एक साधन कह सकते हैं।

दुसरी बात यहभी स्पष्टही है कि जैनधर्मकी सभी क्रियायें, सिद्धान्त, विचार ऐसे हैं जो कि हमें हिन्सासे रोकते, और अहिंसाकी ओर ले जानेवाले ह।

पूजनमे हमे इन बातोका खास ध्यान रखना होगा कि हम इस क्रियामे हिंसाके भागो नहीं होते, अथवा मोह से कर्म बंधन तो नही करते, अहिंसा धर्मको छोडकर हिन्साकी-ओर तो नहीं जा रहे ? और दुसर बात यह है कि शास्त्रकी मर्यादाका उल्लंघन तो नहीं कर रहे !

केसरके सम्बन्धमे हमे इन्हीं बातोपर विचार कर जाना होगा। यदि हम शास्त्रीय द्रष्टिसे इस पर विचार करे तो भी शास्त्रोको तीन विभागोमे विभक्त करके हम ऐसे विचार करसकते हैं।

एक—मूल सूत्र ग्रन्थोंसे,
दुसरे—प्राचीन आचार्यकृत ग्रन्थोंसे,
तीसरा—अर्वाचीन (नवीन) ग्रंन्थोंसे,

मूल सूत्रोंमें पूजाका वर्णन श्री रायपसेणी सूत्र, श्रीज्ञातासूत्र, और श्री जीवाभिगम आदि सूत्रो मे उपलब्ध है; उनमे भी प्रथम बात तो यह अवश्य देखी गइ है; कि उनमे कीसी वस्तुके विषयमे ऐसा विधान अथवा आग्रह नहीं, कि अमुक वस्तु अवश्य होतीही चाहिये। कहनेका तात्पर्य यह है कि उनमें पूजनकी सामग्रियोका वर्णन खूब होते हुए भी कहीं पर यह नहीं कहा गया, कि अमुक वस्तु अवश्य होनी हि चाहिये, अथवा किसी चीजके न होनेपर पूजन क्रिया अधूरी है या पूजन ही न किया जाय।

(अपूर्ण.)

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay 3.

હાલના મેળાવડા.

॥ नमो तित्थस्स ॥

Regd. No. B 1996.

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.)

વાર્ષિક લવાજમ
રૂપીઆ બે.

તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ.
[મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.]

છુટક નકલ
દોઢ આનો.

વર્ષ જુનું ૬ ઠું. નવું ૧ લું.

તા. ૧૫ મી મે ૧૯૩૧.

અંક ૧૦ મો.

- મુખ્ય લેખકો -
શ્રી મોહનલાલ દ. દેશાઈ,
બી. એ. એલએલ. બી.
એડવોકેટ.
,, મોતીચંદ ગિ. કાપડીઆ,
બી. એ. એલએલ. બી.
સોલીસીટર.
,, ઉમેદચંદ ડી. બરોડીઆ,
બી. એ.
,, હીરાલાલ હાલચંદ દલાલ
બાર-એટ-લૉ.

-સુચનાઓ-

૧ આ પત્રમાં પ્રકટ થતા લેખો માટે તે તે લેખના લેખકોજ સર્વ રીતે જોખમદાર છે

૨ અભ્યાસ મનન અને શોધ-ખોળના પરિણામે લખાયેલા લેખો વાર્તાઓ અને નિબંધોને સ્થાન મળશે.

૩ લેખો કાગળની એક બાજુએ શાહીથી લખી મોકલવા.

૪ લેખોની શૈલી, ભાષા વિગેરે માટે લેખકોનું ધ્યાન ' જૈન યુગની નીતિ-રીતિ ' પ્રત્યે ખેંચવામાં આવે છે.

૫ આ પત્ર દર મહિનાની પહેલી અને પંદરમીએ પ્રકટ થાય છે.

પત્રવ્યવહાર:-
તંત્રી—જૈન યુગ.
ઠે. જૈન શ્વેતાંબર કૉ. ઓફીસ
૨૦, પાયધુની-મુંબઈ ૩

## એક પ્રાચીન પ્રતિમાજી.

"જૈન યુગ" ના તા. ૧૫ માર્ચના અંકમાં જે પ્રતિમાજી માટે લખવામાં આવ્યું હતું, તે પ્રતિમાજીનો ફોટો મોકલનારનું નામ મેળવવા ઇલસ્ટ્રેટેડ વીકલીના અધિપતિને લખતાં, તેણે તે કાગળ ફોટો મોકલનાર પર મોકલી આપ્યો હતો. તે ફોટો મોકલનાર મીસ પીલુ જહાંગીરજી તાતા તરફથી આપણા પત્રનો નીચે પ્રમાણે ખુલાસો મળ્યો છે:-

પ્રતિમાજી બીજાપુરના મ્યુઝીયમ (સંગ્રહસ્થાન) માં છે. એક ખુણામાં હોવાથી બહુ અંધારૂં પ્રતિમાજીની આસપાસ માલૂમ પડતાં ફ્લેશ લાઇટથી ફોટો લીધેલો છે. પશ્ચિમ વિભાગના આર્કીયોલોજીકલ સર્વેના સુપ્રીન્ટેન્ડેન્ટ મી. સુકથનકર એમ. એ. પી. એચ. ડી. એ બીજાપુર મ્યુઝીયમ માટે એક નાની બૂક બહાર પાડેલી છે તેમાં લખ્યું છે કે "મૂર્તિ ૩ ફુટ ૯॥ ઈંચ ઉંચી છે. સાત ફણાનો સર્પ માથાપર છે અને દિગંબર સંપ્રદાયની છે. છાતીના મધ્ય ભાગમાં શ્રીવત્સનું ચિન્હ છે. સર્પની ફણો મૂર્તિના પાછલા ભાગમાં આવેલી છે. એમ કહેવાય છે કે મૂર્તિ તૂટી ગયેલી નાસિકા સહિત મળી હતી. અને તૂટી ગયેલો ભાગ બરાબર બંધબેસતો કરવા માટે માથાનો આગલો આખો ભાગ ફરીથી કોતરીને બનાવવામાં આવ્યો હતો-મૂર્તિ પર શક ૧૨૩૨ ની સાલનો લેખ છે. લેખમાં બે શ્લોક લખેલા છે. મલ્લિદેવના પુત્ર કૃષ્ણદેવ મહિપાળ અને તેની પત્ની યશોદાએ આ પ્રતિમાની પ્રતિષ્ઠા કરી હતી. સંગ્રહસ્થાનમાં એક બીજી પ્રતિમાં પણ (સી ૪) તેજ તારીખની મળે છે અને તેમાં પણ વૈશાક શુદ ૬ સોમવાર જણાવાયો છે. બન્ને પ્રતિમાઓ ક્યાંથી મળી તે સંબંધી માહિતી નથી."

ઉપરના ખુલાસાથી જણાશે કે પ્રતિમાજી ઓછામાં ઓછા ૬૫૦ વર્ષના પ્રાચીન પ્રતિષ્ઠિત છે. વિશેષ તપાસમાં કાંઇ જણાશે તો આગળ ઉપર જાહેર કરવામાં આવશે. [કોન્ફરન્સ કાર્યાલય]

---

—શ્રી જૈન દવાખાના મુંબઇમાં એપ્રિલ માસમાં કુલ ૧૬૧૫ દર્દીઓએ લાભ લીધો હતો. સરેરાસ દૈનિક હાજરી ૫૪.

—કલકત્તા ખાતે તા. ૨૬ મી મે થી ૨૯ મી મે સુધી મળનારા **हिंदी साहित्य सम्मेलन** ના મંત્રી શ્રી પુરણચંદ નહાર નિમાયા છે.

—પાટણ જૈન મંડળ બોર્ડીંગનો વાર્ષિક મેળાવડો શેઠ વીરચંદ પાનાચંદ શાહના પ્રમુખપદે તા. ૨ જી એ થયો હતો.

**દાદાની વર્ષગાંઠ**—તીર્થાધિરાજ શ્રી શત્રુંજયના મૂળ નાયક શ્રી આદેશ્વરદાદાની ૪૦૦ મી વર્ષગાંઠ વૈશાખ વદ ૬ ને દિવસે હિંદભરમાં ઘટતી રીતે ઉજવવામાં આવી હતી.

**उद्धाविव सर्वसिन्धवः, समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः ।**
**न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**
**-श्री सिद्धसेन दिवाकर.**

અર્થ:-સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે: પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

સરિતા સહુ જેમ સાગરે, તુજમાં નાથ! સમાય દૃષ્ટિઓ:
જ્યમ સાગર ભિન્ન સિન્ધુમાં, ન જણાયે તું વિભક્ત દૃષ્ટિમાં.


# જૈન યુગ.

તા. ૧૫-૫-૩૧ શુક્રવાર.


## હાલના મેળાવડા.

જૈનોના પાટનગર અમદાવાદમાં ચાલુ માસમાં મેળાવડાઓ થયા. તેને સંમેલન કહેવરાવવાનો મોહ કેટલાકને લાગ્યો છે. એ સાધારણ મેળાવડાનો મોટા હેડીંગો સાથે અહેવાલ પ્રકટ કરાવનારના કૌશલ્યને ધન્યવાદ ઘટે છે. પણ એવા પ્રયત્ન કરનારે એક વાત ધ્યાનમાં રાખવાની છે કે આપણે અત્યારે અંધ યુગમાં રહેતા નથી. જ્ઞાનકાળમાં જનતાને પાટા બંધાવવા મુશ્કેલ છે. એ મેળાવડાના કોઇ કોઇ અંગો ઉપર દૃષ્ટિપાત નાખવો ઉચિત ગણાય, કારણ કે ભોળા લોકો કેટલીક વાર બાહ્ય દેખાવથી આડે રસ્તે દોરવાઇ જાય છે.

ધર્મદૃષ્ટિ એ, ધર્મની વૃદ્ધિ માટે, પરમાત્માનો સંદેશ જગતને પહોંચાડવા માટે અને આપણામાં જડ ઘાલીબેઠેલ કુરૂઢિઓ અને કુસંસ્કારો દૂર કરવાના શુદ્ધ આશયથી, આપણી સાંસારિક નૈતિક આર્થિક ધાર્મિક પ્રગતિના વિશુદ્ધ માર્ગ શોધવા અને તેનો બનતો અમલ કરવા આપણને વિવિધ પ્રયત્નો કરવાની બહુ જરૂર છે અને એવા પ્રયત્નો જુદી જુદી દિશાએથી થઇ તેને વધાવી લેવાની ફરજ પ્રત્યેક સમજુની ગણાય. પણ જ્યાં આશયમાં ફેરફાર હોય, પ્રગતિને બદલે પશ્ચાદ્ ગતિ કરવાની વાતો હોય, કેળવણી જેવા સર્વ સંમત વિષયમાં પ્રત્યક્ષ વિરોધ હોય, ગૃહસ્થાશ્રમને યોગ્ય સ્થાન અપાવવાનાં પ્રયત્ન ઉપર સજ્જડ અંકુશ મુકવામાં ધર્મ મનાતો હોય, ત્યાં સહૃદય જૈન જરૂર વિચારમાં પડી ગયા વગર રહી શકે નહિ.

સદર મેળાવડાઓનો જે અહેવાલ છાપામાં પ્રકટ થયો છે, તે વાંચતાં ઘણી ખેદકારક ઘટના બની છે, જૈન કોમને શરમાવે તેવા ઉદગારો નીકળ્યા છે, સેવાભાળી યુવકોને પાછા હઠાવનારા વિચારો પ્રકટ થયા છે અને વ્યવસ્થા વિવેક અને પ્રગતિને નમસ્કાર કરવાના દુઃખદ પ્રસંગો દેખાયા છે. એ વિચારતાં દુઃખ થાય તેવું છે.

આખો અહેવાલ વાંચતાં જાણે આપણે કયા યુગમાં જીવીએ છીએ તેનો ખ્યાલ આવતો નથી. દેશમાં ગત વર્ષમાં આટલી સખત હીલચાલો થઇ, અહિંસાના અને સત્યના આંદોલનો યુરોપ અને અમેરિકા સુધી પહોંચ્યા અને સેવાભાવી ભાઇઓ અને બ્હેનોએ લાઠીઓ ખાધી, તેઓ જેલમાં ગયા અને છેવટે સુલેહ થઇ અને અહિંસાનો વિજય થયો, એ વાત જાણે બનીજ ન હોય એમ એ સંબંધી કાંઇ ઉલ્લેખ કે ઠરાવ મળેજ નહિ. જાણે દેશ સાથે જૈન કોમના આ નાના વિભાગને કાંઇ લેવા દેવાજ ન હોય, જાણે મહાત્માજીનું નામ કોઇ ઠેકાણે આવી જાય તો એ વર્ગ ભડકી ઉઠે કે અભડાઇ જાય-આવી મનોદશા આ યુગમાં ન પાલવે. વર્તમાન યુદ્ધને, વર્તમાન યુદ્ધ વિરામને અને ભાવી યુદ્ધને જૈન કોમ સાથે સીધો સંબંધ છે. એના સેવાભાવી જેલગામીને ઉત્સાહ પ્રેરક બે શબ્દો વાપર્યા હોત તો ફરજ જ બજાવી કહેવાત.

અને આ યુગમાં મેળાવડો થાય જેમાં દેશસેવા અને ધર્મસેવાનો સમન્વય કરતા ન આવડે તો એ પ્રાણી આ યુગમાં હોય એમ કોઇ માને નહિ. મહાત્માજી જેવી વ્યક્તિ માટે એક ઠરાવ ન આવે કે આપણા અનેક સ્વયંસેવકોને પ્રેરણા ન અપાય કે ત્યાગ કરનારને ઉત્સાહ ન અપાય એવા મેળાવડાને આ યુગમાં સ્થાન ન હોય.

આ આખો વર્તમાન યુગ અને એના અધિષ્ઠાતા મહાત્માજીને ઇરાદા પૂર્વક વીસારવામાં આવ્યા હોય એવો ભાસ થાય છે. આંગણે બનતા બનાવને ભૂલાય તો નહિજ, પણ તે તરફ ઉપેક્ષા હોય તો ઉઘાડી રીતે કહેવાની હિમત નથી આવી એટલી નિર્બળતા માટે નોંધ લેવાની જરૂર તો ખરીજ.

સોમાયટીના પ્રમુખને નામે વંચાયલું આખું ભાષણ બહુ નિરાશ કરનારૂં છે. એમાં વર્તમાન વાતાવરણનો વિચાર કરવા પ્રયત્ન થયો છે. પણ વિચાર કરનાર આંખો બંધ રાખીને ચાલતા હશે કે વિચારશક્તિ ઘરેણે મૂકી હશે, તેથી દેશમાં અને ખૂદ રાજનગરમાં કયું વાતાવરણ વર્તે છે તે દેખાયું નથી. એને બદલે એ વિરૂપ દૃષ્ટાને મુનિસંસ્થા તોડવાનું વાતાવરણ દેખાયું છે. જ્યારે આપણે ઉલટા કાચમાં જોઇએ ત્યારે આવુંજ દેખાય છે જોનારની નજર ઉપર અને પૂર્વબદ્ધ વિચાર ઉપરજ પરિણામ અવલંબે છે.

એમની તુચ્છ ભાષાને બાજુ ઉપર મુકીએ તો વાતાવરણની તુલના કરવામાં એ મહાશય સજ્જડ થાપ ખાઇ ગયા છે. મુનિસંસ્થા તોડવાનું વાતાવરણ કદાચ એ નાના વર્ગમાં વર્તતું હશે તે વાતાવરણમાં દેખાયું હશે-કારણ કે નહીતો 'સગવડપંથી' અને 'જમાનાવાદ' અને 'પાપદિશા' જેવા વિચારો શુદ્ધ સંસ્કારમાં હોયજ નહિ. વાતાવરણનો બરાબર તોલ કરવાની જરૂર છે અને તે આજે તો ચારે તરફ થાય છે. વિચારકો એટલુંજ કહે છે કે આવા વિચાર બતાવનારા

જૈનો કયા વાતાવરણમાં રહે છે એજ તેમની મુંઝવણનો વિષય છે. અત્યારનું પશ્ચાત્‌ગામી વિક્ષેપક વિભાગ પાડનાર અને જૈનોને ગુંડાશાહીમાં ઉતારનાર વાતાવરણ જેમ જલ્દી દૂર થાય તેમ તેનો ઉદ્ધાર સન્મુખ આવે. આ વિચાર દીર્ઘ અવલોકનકારનો છે. શાસનસેવા માટે સર્વ તૈયાર છે. પણ ગુંડાશાહી જોવામાં અને તેવું વાતાવરણ થતું જોવામાં સમજણવાલા મનથી દુઃખી થાય છે, અને એવા નિરસ વાતાવરણમાંથી કોમ જેમ બને તેમ જલ્દી છૂટે એવું હૃદયથી ઇચ્છે છે. એવું વાતાવરણ તૈયાર કરવા માટે 'બંબાવાળાઓ' જન્મી ચૂકયા છે, એ હકીકત જણાવવાની ભાગ્યેજ જરૂર હોય. દુઃખની વાત એ છે કે આ બંબાવાળાથી અકળાઇ ગયેલા પોતે બંબાવાળા થવાના કોડ મનમાં ધરવા લાગ્યા છે, પણ બંબાની સુંઢ ઝાલતા ન આવડે તો બંબાવાળો પ્રથમ પાણીમાં તરબોળ થાય છે અને છતાં ન છોડે તો એના જલના જોસમાં થાપ્પડ ખાઇ પડે છે એ વાત 'બંબા-વાળા' થવાના કોડમાં ભૂલાઈ ગઈ છે.

ક્રાંતિ શબ્દ સાંભળીને ઘેલા થઇ ગયેલા એ 'યંગ મેનો' કેવા નાટકમાં પડી ગયા છે તે પણ ખેદ કરાવે તેવું છે. કોઈના લેખનો એક નાનો ટુકડો નહિ, પણ એક વાકયનો નાનો ભાગ સંબંધ વગર લેવો, તેના ઉપર તદ્દન ભ્રમણાત્મક ઇમારત બાંધવી અને પછી ક્રાંતિનો અભિપ્રાય દર્શાવનારને નીંદવો એ પદ્ધતિ સુલભ છે. ટીકા કરનાર જાણે છે કે જનતા અસલ લેખો કયાં જોવાની છે, અને લોકોમાં ટીખલ ઉભું કરવું તે તો સહેલ છે. છતાં જવાબદાર સંસ્થા એક વ્યક્તિના કોઇ વિચારથી બંધાઇ જતી નથી એમ જાહેરાત કરે, એને છુપાવવી અને પિછોડીમાં પથ્થર મારવા—આમાં ગૃહસ્થાઇ ન ગણાય, શોભા ન ગણાય. બળવાખોર બનવાનું કોણે કહ્યું છે? કયા સંબંધમાં કહ્યું છે? જરા ખ્યાલ કરવા જેવું છે. નાસ્તિક અને ધર્મ દ્રોહી અને એવા એવા શબ્દના ઉપયોગથી અર્થ સિદ્ધિ થતી હોય તો એ આખી વિચાર સરણી આ સોળમી સદીના 'યંગ મેનો' ને મુબારક હો. એમનો ભાષા પ્રયોગ આ કાળમાં અશકય છે, એમનો વિચાર પ્રવાહ મોટા નૈયાયિકને પણ મુંઝવે તેવા છલ અને હેત્વાભાસોથી ભરેલો છે અને એમનોમાં દોરવણી, કે કાર્યક્રમ જેવી ચીજજ નથી. આવા અવ્યવસ્થિત વિચારોને માટે ટીકા પણ શું કરવી?

એ ભાષણમાં એક યુક્તિ સરસ છે. પંચાંગી સહિત આગમ ગ્રંથોને વફાદાર રહેવાની વાતો કરવી, લોકોત્તર જૈન શાસનના વખાણ કરવા, સવી જીવ કરૂં શાસન રસીની મહત્તા બતાવવી—અને આવા સ્વાંગનીએ અવ્યવસ્થિત ઠેકાણા વગરના ઉશ્કેરનારા અને ભદ્રજનો જે ઉન્માર્ગે દોરનારા વિચારો બતાવવામાં જૈન દર્શનનું સજ્જડ અપમાન છે. વર્તમાન યુગ એની પૂર્વ જ્ઞાન સમૃદ્ધિ માટે અતિ માન ધરાવે છે, એ આગમને પૂજ્ય માને છે, એ જૈન શાસનને લોકોત્તર માને છે અને એના ડંકા દેશે દેશે વાગે તે ઇચ્છે છે. પણ એ સર્વની અંદર એ વિશાળતા જુએ છે, એ મહાન સત્ય જુએ છે. એ દેશ કાળને ઓળખીને વાત કરે છે, એ જૈનની અહિંસાને સારા વિશ્વમાં ફેલાવવા પ્રયત્ન કરે છે અને એ જૈન શાસનના નય પ્રમાણ અને અનેકાંત સ્વરૂપને બરાબર બતાવે છે. એ આગમના આશ્રય નીચે છુપાયલા માનભાવને પોષવા દે નહિ, એ લોકોત્તર જૈન શાસનના નામ નીચે દુકાનદારીઓ નભાવવા દે નહિ, એ શાસન રસિક કરવાના બ્હાના નીચે ભેદ ભાવ પડાવી ગચ્છના ભેદો અને ઉપગચ્છના પટ્ટધારી-ઓના ઝગડામાં રસ લે નહિ. જૈન શાસ્ત્રને વિશ્વ ધર્મ બનાવે પણ એ ભદ્રજનોને હથિયાર લેતા કરે નહિ, કરવાનો ઉપદેશ દે નહિ, કરનારને સારા ગણે નહિ.

'માધ્યસ્થ' ભાવની વિચારણામાં ભાષણ લખનારે મગજનો કાબુ ગુમાવી દીધો જણાય છે. પરમત સહિષ્ણુતાને બદલે. અંશ સત્યના સ્વીકારને બદલે એણે માધ્યસ્થના આશ્રય નીચે ખરો અભિનિવેશ મિથ્યાત્વ ભાવ પોષ્યો છે. અને "શ્રી મહાવીર વિષે અપક્ષપાત અને કપિલ વિષે અદ્વેષ હોવાનું કહ્યું છે. એ વસ્તુને એમ સુચવે છે કે આપણે મહાવીર નામના પૂજારી નથી, મહાવીરના ગુણોના પૂજારી છીએ. અર્થાત્ આપણને એ પરમાત્માના ગુણોનો રાગ છે. એમનો વ્યક્તિગત નહિજ" આ વાકય લખીને શ્રીહરિભદ્ર-સૂરિનું અને આખા જૈન શાસનનો ખરેખર વિપર્યાસ કરી દીધો છે. હરિભદ્રસૂરિ તો ત્યાં સ્પષ્ટ કહે છે કે 'જેનું યુક્તિ-મદ વચન હોય તેનો પરિગ્રહ—સ્વીકાર કરવો' એટલે કપિલનું વચન યુક્તિવાળું હોય તો તેનો પણ સ્વીકાર શ્રીહરિભદ્રસૂરિ કરે. આને બદલે પરમાત્માના ગુણો અને વ્યક્તિગતનો અસ્વીકાર અને આવી સર્વ વાતો કયા ભેજામાંથી નીકળી?

ત્યારપછી ધાર્મિક શિક્ષણનો પ્રશ્ન ચર્ચતાં પણ કેળવણી ઉપરજ પ્રહાર કર્યો છે. જાણે **કેળવણી** ના વિષય સાથે બારમો ચંદ્રમા હોય એવો ગ્રહ લાગી ગયો છે અને પછી અવ્યવસ્થિત ટીકા કરવામાં અને પારિભાષિક શબ્દકોષ દ્વારા કેળવાયલા ઉપર વૈર વાળવાની લાલચમાં વિવેક વીસરાઇ ગયો છે. પણ ધાર્મિક કેળવણીનો વિષય આમ ચેડાં કાઢવા માટે વપરાય નહિ, એ ગંભીર વિષય ચર્ચતા મગજ ઠેકાણે રાખવાની જરૂર હતી.

પછી તો ઉજમણા સ્વામીવત્સલ વિગેરે મનગમતી વાત કરી છે, પણ એમાં સમય ધર્મની જે વિપુલતા વિશાળતા અને દોરવણી જોઇએ તેની ઝીણવટનો ગંધ નથી. સંસ્થાઓ સંબંધી બોલતાં પાછા ગાળાગાળીમાં ઉતરી ગયા છે. પ્રમુખના ભાષણમાં રાષ્ટ્રભાવનો વિચાર પણ નથી, રાજકીય ક્ષેત્રમાં ચંચુ પ્રવેશ પણ નથી, અહિંસા કદાચ રાજકીય થઇ ગઇ, એટલે એનું નામ તો નથી પણ જીવદયાનો પણ ઉચ્ચાર નથી અને અંતિમ અભિલાષામાં પણ બે મીઠા શબ્દો બોલવાને બદલે 'ધર્મદ્રોહીઓ આપણા માર્ગ રૂંધી રહ્યા છે' એવી કલ્પિત વાતો કરવી પડી છે.

આવા મેળાવડા કરવાથી કઇ જાતનો લાભ મનાયો હશે તે સમજાતુ નથી. જો એથી કોન્ફરન્સની પ્રતિષ્ઠા નરમ પડવાનો ખ્યાલ હોય તો તેમાં મોટી ભૂલ થઇ તેને હવે તેઓ જોઇ શકયા હશે. જો નવયુગને આવાં ડહોળાં પાણી પાવાં હોય તો તમારે આંગણે આવા શબ્દ પ્રયોગ જોઇ સમજુ હોય તો ઉભો રહે નહિ એ સમજાવવાની જરૂર નથી. જો તમે માત્ર ગાડરીઆને દોરવા આવા મેળાવડા કરતા હો તો એ વર્ગ તો હવે ખલાસ થતો જાય છે એ તમારે નવું

જાણવાનું નથી. અત્યારે તો જ્ઞાનભાનુ ઉગ્યો છે અને રાત્રીના નિશાચરો નાસવા માંડયા છે. તમે પણ બને તો આ મહા-પ્રકાશના તાપનો લાભ લો, ન બને તો મુંગા રહો. જૈન ધર્મથી લોકો દૂર થાય, એના આચાર તરફ દૂરથી અંગુલી દર્શન થાય, એને ઉપર ટપકેનો ધર્મ કહેવામાં આવે અને કરીને એના સાધુઓના મહાત્યાગની પ્રશંસાને બદલે ખાસ એ બેચાર ખટપટીઆ ખાતર આખી સંસ્થા ન વગોવાય એવી પરિસ્થિતિ ઉત્પન્ન કરવાનું કાર્ય વિવેકી જૈન તો ન કરે. યાદ રાખજો કે કોન્ફરન્સ દેવી તો તમારે માટે પ્રત્યેક પગલે અનુકરણીય છે અને તમે તેની નિંદા કરવા જતાં પણ તેને અપનાવી છે. તમારાં ભાષણો અને ઠરાવો આ નજરે વાંચજો, તો તેમાં તમે એ મહાદેવીનો ભવ્ય ઝમકાટ ઠામ ઠામ જોશો. એજ એની સફળતા છે. મો. ગિ. કા.


તૈયાર છે! 卐 સત્વરે મંગાવો!

**'શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૨.'**

**આશરે ૧૦૦૦ પૃષ્ઠનો દલદાર ગ્રંથ**

**કિંમત ત્રણ રૂપીઆ.**

સંગ્રાહક:-**જૈન સાક્ષર શ્રી મોહનલાલ દ. દેશાઈ,**
બી. એ. એલ. એલ. બી; એડવોકેટ.

પ્રાપ્તિસ્થાન:-**શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ.**
૨૦, પાયધુની, મુંબઈ ૩.


(અનુસંધાન પૃષ્ઠ ૮૦ થી)

પણ ડંખતું નથી? આ તે સાધુ પુરૂષનું વર્તન છે કે કેવા પુરૂષનું છે? મહાવીર ભગવાનના ભેખનો ડોળ કરી ગુરૂના હાથે થયેલા ઠરાવને ધોળીને પી જઇ વારંવાર વ્યાખ્યાનમાં ઓથો બતાવી ધર્મના બ્હાને જનતાને ઉશ્કેરી ખોટા માર્ગે દોરી કલેશાગ્નિના તણખા ઉડાડી હોલીઓ સળગાવો છો, તે તમને છાજે છે? ગુરૂની આજ્ઞા માથે ચડાવવી એ પ્રથમ તમારો ધર્મ છે. "ડાહી સાસરે ન જાય અને ઘેલીને શીખા-મણ દે," એ પ્રમાણે તમારી શીખામણ રહેવા દો. તમારી જાતનું ભાન લાવો, ગુરૂની આજ્ઞાનો ભંગ કરીને કેટલું બધું પાપ બાંધી રહ્યા છે? જો દીક્ષાના ઠરાવ માટે જૈન કોન્ફરન્સ બહિષ્કારને પાત્ર થતી હોય તો તમારા સંઘાડાના તમામ સાધુઓ કે જેમણે દીક્ષાના ઠરાવ ઉપર સહીઓ કરી છે તે બધાજ બહિષ્કારને પાત્ર છે એ શું તમને નથી સમજાતું? ઠંડા કાળજે આ હકીકત ધ્યાનમાં લો, દ્વેષ અને ક્રોધથી ન દોરવાઓ! ક્રોધ અને દ્વેષથી તો નરકનો માર્ગ ખુલ્લો થાય છે. પન્યાસ શ્રી રામવિજયજી! શાંતિ ધારણ કરી વિચાર કરો. તમારા પગ તળેજ આગ સળગેલી છે. સોસાઇટીને ખોટે રસ્તે ન દોરો. અવધી થઇ છે. તમારી શીખવણીનાં માઠાં પરિણામ જૈન જનતાને સોસવાનાં છે. તમારે તો મુસાભાઇને વા ને પાણી છે પારકા પૈસે તાગડ-ધીંના કરવાના છે. તમે જ્યારે તમારૂંજ જોતા નથી ત્યારે તમારી આંખો ઉઘાડવા આટલું લખવાની જરૂર પડી છે. માટે ખોટું લાગે તો માફ કરશો. કારણ કે ખરી વાતનેજ ખાર હોય છે.

હવે હું આચાર્ય શ્રી સાગરાનંદસૂરિને પુછું કે "આણામાં હોય તે સંઘ, બાકી હાડકાંના માળા" એમ વારંવાર વ્યાખ્યાનમાં ભાર દઇને કહો છો તો તમારી અયોગ્ય દીક્ષાની પ્રવૃત્તિના સહભાગી આચાર્ય શ્રી દાનવિજયજી તથા શ્રી પ્રેમવિજયજી તથા શ્રી રામવિજયજી વીગેરે તેમના સમુદાયના સાધુઓ, ગુરૂએ કરેલા ઠરાવનો ભંગ કરી આજ્ઞાનું ઉલ્લંઘન કરી ગુરૂનું અપમાન કરે છે તો તેમને હાડ-કાંના માળાની કોટીમાં મુકી શકાય? જરાપણ પક્ષ કર્યા શીવાય ન્યાય આપો. મુનિ રામવિજયજીને જેવું લખ્યું તેવું તમને ન લખી શકુ પરંતુ આટલા પૂરતો ન્યાય આપવાને માટે તો તમને જરૂર લખી શકું.

ખાત્રી છે કે ઉપરની હકીકત જનતા, આચાર્યો, સાધુઓ, તટસ્થ ગૃહસ્થો અને સોસાઇટીના સંચાલકો ધ્યાનમાં લેશે, અને મને ન્યાય આપશે. (અપૂર્ણ.)

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

## શેઠ મેઘજી સોજપાળ ઉચ્ચ ધાર્મિક શિક્ષણ સહાયક ફંડ.

શ્રી મહાવીર જૈન વિદ્યાલયમાં ઉપરના ફંડની યોજના અનુસાર 'શેઠ મેઘજી સોજપાળ ઉચ્ચ ધાર્મિક શિક્ષણશાળા' આવતા જુન માસથી ખોલવામાં આવશે. એ શાળામાં કલકત્તા સંસ્કૃત એસોસિએશન તરફથી લેવાતી જૈન ન્યાય તીર્થની પ્રથમા, મધ્યમા તથા ઉપાધિની પરીક્ષાઓ માટેના વર્ગો તેમજ મુંબઇ યુનિવર્સીટીના ફર્સ્ટ ઇયરથી (પહેલા વરસથી) માંડી એમ. એ સુધીના અર્ધ માગધીના અભ્યાસ માટેના વર્ગો હાલમાં રાખવામાં આવશે.

વિદ્યાલયમાં રહી કૉલેજના શિક્ષણ સાથે અથવા માત્ર ન્યાયતીર્થની પરીક્ષાઓ માટે અભ્યાસ કરવા ઇચ્છતા વિદ્યા-ર્થીઓને વિદ્યાલયમાં દાખલ કરવામાં આવશે. વિદ્યાલયમાં ન રહેતા બહારના જૈન તેમજ જૈનેતર વિદ્યાર્થીઓને આ ફંડની યોજના તેમજ વિદ્યાલયના ધારા ધોરણ અનુસાર શેઠ મેઘજી સોજપાળ ઉચ્ચ ધાર્મિક શિક્ષણ શાળામાં અભ્યાસ કરાવવા ગોઠવણ કરવામાં આવી છે. ઉક્ત શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને રૂા. ૧૦) અને તેથી વધુ રકમની માસિક સ્કૉલરશિપો-વિદ્યાર્થીવૃતિઓ મોટી સંખ્યામાં યોગ્યતા પ્રમાણે રોકડી આપવામાં આવશે, અને વિદ્યાલયના વિદ્યાર્થી પાસેના લ્હેણાપેટે ને વસુલ લેવામાં આવશે નહિ. જૈન વ્યાકરણતીર્થ માટેના વર્ગો પણ પૂરતી સંખ્યામાં અરજીઓ આવેથી ખોલ-વામાં આવશે.

ઉમેદવારોએ અરજીનું ફૉર્મ મંગાવી જેમ બને તેમ તાકીદે અરજીઓ મોકલી આપવી. જરૂર લાગે તો વધુ વિગત માટે ખુલાસો મંગાવવો.

**મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.**
તા. ૧૧ મે ૧૯૩૧. ઑનરરી સેક્રેટરી.
**ગોવાલીઆ ટેંક, મુંબઇ ૭.**

# વિ વિ ધ નોં ધ અને ચ ર્ચા.

## દિક્ષા વિરોધ—મુનિનિંદા !

વર્તમાન કાળમાં આપણે એવા સંયોગોમાં રહીએ છીએ કે વખતો વખત પુનરાવર્તનને ભોગે પણ કેટલાક ખુલાસા અવાર નવાર કરવાજ પડે. અત્યારે આપણે પરિવર્તન કાળમાં છીએ. આપણી પ્રાચીન સંસ્કૃતિ અને પાશ્ચાત્ય સંસ્કૃતિનો અત્યારે મેળાપ થાય છે તે વખતે સામસામા આંદોલનો આવે તેને બરાબર યથાસ્થાન ઘટાવી આપણે પચાવવા ગોઠવવા પડે. તેમ ન કરીએ તો કાંતો આપણે સાધ્યને છોડી દૂર ચાલ્યા જઇએ અથવા અવ્યવસ્થામાં પડી જઇએ. સમન્વય કરવો એ જૈન શાસનની મોટી ચાવી છે. અને વિધાયક નેતાઓ સર્વ કાળમાં તે કરતા આવ્યા છે. જે કોમ સિદ્ધસેન દિવાકરને સંસ્કૃત કૃતિ કરવા માટે સંઘ બહાર મૂકી શકે, તેજ કોમના આચાર્યો એક બે સૈકા બાદ સંસ્કૃતના સેંકડો ગ્રંથો લખે એ એ કોમના નય-અપેક્ષાવાદની વિશિષ્ટતા છે. ચૈત્યવાસને દૂર કરવા ભગીરથ પ્રયત્ન કરનાર કોમને પોપશાહી દૂર કરવા તેવોજ પ્રયત્ન કરવો પડે તેમ છે. એ સર્વ પ્રયત્નો અત્યારે વેગથી ચાલી રહ્યા છે.

તે વખતે ઘણી ગેરસમજુતી થાય તેવું પ્રચાર કાર્ય ચાલે છે તેથી કોઇ કોઇ ખુલાસા અવાર નવાર કરવાજ પડે છે. એક હકીકત એ લાવવામાં આવે છે કે નવીનો મુનિનિંદા કરે છે. બરાબર ઉંડા ઉતરનાર સમજશે કે નવયુગના મુદ્દા હમેશાં તત્ત્વને પકડે છે, તેઓના ઝગડા 'પ્રીન્સીપલ'ના હોય છે, તેઓ અંગત આક્ષેપમાં માનતા નથી અને તે રીતે કોમનો કે ધર્મનો ઉદ્યોત અશકય છે તે સમજે છે. આખી કોમના હિતનો પ્રશ્ન આવે ત્યાં અમુક વ્યક્તિના વિચારથી જૂદા પડવું એમાં 'નિંદા'નો સવાલજ હોય નહિ. મને અમુક મહારાજ માટે ગમે તેટલું તેમના જ્ઞાનને અંગે માન હોય, પણ જો તેઓ આખા કેળવણીના પ્રશ્નને ગેરવાજબી રીતે તોડી પાડતા મને જણાય તો મારી ફરજ છે કે મારે તેમને સત્ય સ્વરૂપ જાહેર રીતે બતાવી આપવું. છતાં મારો તેમના તરફનો અમુક માનનો વિચાર હોય તેમાં ફેર પડે નહિ. પ્રાયઃ હું જે ભાષામાં લેખો લખું છુ તેમાં કડવાશ કે નિંદાને અવકાશ રહેતો નથી, છતાં છદ્મસ્થ પણા ઉપર સર્વથા વિજય મેળવવાનો દાવો બેહુદો ગણાય. આશય કદિ નિંદાનો હોય નહિ. કોમના પ્રશ્નની વિચારણામાં આ તત્ત્વ સર્વ ચર્ચા કરનારે ધ્યાનમાં રાખવાનું છે. હું તે મહારાજને અગાઉ જેટલુંજ માન આપું, પણ પ્રમાણિક અભિપ્રાયભેદ તેટલાજ જોરથી રજુ કરૂં. આમાં નિંદાનો સવાલજ ન હોવો જોઇએ.

પ્રાચીન પદ્ધતિએ ઉછરેલા જુવાન વૃદ્ધો આ વાત સમજી શકતા નથી અને વાતને અંગત બનાવી દે છે એ વાત ખરી છે, પણ એ માટે આપણે દીલગીરજ થઇએ. છતાં આપણે તો કદિ અંગત નજ થઇએ. મહાત્માજી લેંકેશાયરને જડમૂળમાંથી ઉખેડવા તૈયાર થયા છે, છતાં એને પ્રીતિશો તરફ દ્વેષ નથી એ જેમ એમના મુદ્દાઓમાં તરી આવે છે તે રીતિ આપણે કદિ ન વિસારવી. કવચિત આવેશ આવી જાય તો સમય મળતાં કે સૂચના મળતાં તે સુધારી લેવી અને જાહેરમાં ક્ષમાયાચના કરવામાં પણ શરમાવું નહિ.

આ દૃષ્ટિએ જોવાશે તો નવયુગનો કોઇ લેખક મુનિનિંદા કરે છે એમ જણાશે નહિ. મુનિના મતથી એ જરૂર જૂદો પડશે. એને મુનિઓના ઇતિહાસના અલ્પ જ્ઞાન, અનુભવની ઓછાંશ, દુનિયાના ધર્મોના વિકાસનું અજ્ઞાન અને એવા એવા બીજા કારણોને માટે ખેદ થશે અને કવચિત એ કારણે એ રૌદ્ર પદ્ધતિ પણ સ્વીકારશે. એમાં આશય નિંદાનો હોતો નથી. એમાં સામાજીક સુવ્યવસ્થાનું સાધ્ય હોય છે અને પ્રાચીનોને યથાસ્થાને બેસાડી દેવાની આદરણીય પણ જરૂરી વૃત્તિ હોય છે. પ્રગત થતા વાતાવરણમાં ચર્ચાની ખૂબ જરૂર છે. સામા વિચારવાળા ધર્મદ્રોહી વિરોધી વિગેરે ગમે તેવાં ઉપનામો આપે તેથી ગભરાવાની જરૂર નથી. અત્યારે તો પૂર્ણ જોરશોરથી આગળ ધપવાનું છે. અંગત ન થવા દેવું, પણ અમુક સ્થાનથી ગભરાવાની જરૂર નથી. મુનિનિંદાનો આક્ષેપ ઉભો કરેલો છે, ખોટો છે, અસ્થાને છે, ભોળાને ભરમાવનારો છે.

એજ પ્રમાણે દિક્ષાવિરોધનો બાહુ ભયંકર છે. નવયુગનો કોઇપણ માણસ યોગ્ય દિક્ષાની સામે પડયો નથી. એ તો સચ્ચારિત્ર શીલની પાસે ભક્તિથી ભાવથી ઉમળકાથી શીર ઝુકાવે છે, એ સાધુઓને પૂજ્ય સ્થાન આપે છે અને એ જૈન ધર્મની વિશાળતા બરાબર સમજે છે. એ સાધુવર્ગના સ્થિતિ રક્ષક ગુણની કિંમત બરાબર સમજે છે પણ એ દુકાનદારીની જમાવટની વિરૂદ્ધ છે. સાધુને નામે સાધ્વાભાસો ચરી ખાય એ એની આંખમાં ખુંચે છે અને અપત્ય મમત્વ મોચનમાં એ માનતો હોય, તપાસ કર્યા વગર ગમે તેને પવિત્ર વર્ગમાં સંખ્યા વધારવા ખાતર દાખલ કરનાર તરફ વાજબી શંકાની નજરે જુએ છે. પ્રત્યેક જૈનને સાધુ તરફ અદ્ભુત માન હોય છે, અન્ય કોમના ગુરૂવર્ગ કરતાં આ વર્ગ કેટલો ઉચ્ચ છે તે એ સમજે છે, પણ ધમંડી અભિમાની કોમ બળનો મુદ્દો ન સમજનાર અને સંઘમાં ગમે તે ભોગે ટુકડા કરાવનારને ફેંકી દેવા ઇચ્છે છે. એનામાં એ ચારિત્ર ગુણની સ્થીરતા જોતો નથી, દીર્ઘદૃષ્ટિની ભવ્યતા જોતો નથી, પ્રત્યેક પ્રસંગે વધતી જતી પ્રગતિનાં સોપાન જોતો નથી. એ સાધુઓની નિંદા, દિક્ષાના પતિતોની કબુલીઆતો અને બે કલાક વ્યાખ્યાન વાચવા સિવાયનાં વખતનો સાધુઓ તરફથી થતો દુર્વ્યય જોઇ કળી ઉઠે છે, પણ એ દિક્ષાનો વિરોધી નથી. અમુક આવિર્ભાવો જે વિચાર કરવાથી તુરત ત્યાજ્યની કક્ષામાં આવી જાય તેવા છે તેનો ખરેખર વિરોધી છે અને એવા વિરોધ શ્રાવકે ઘણીવાર કરવા પડયા છે. સોળમી સદીમાં તેમજ થયું હતું, ચૈત્યવાસ ઉડાવ્યો ત્યારે એમજ થયું હતું, અને શ્રીપૂજ્યોની પાટ ઉપાડી ત્યારે આ વિક્રમની વીસમી સદીની શરૂઆતમાં પણ એમજ થયું હતું.

ઉપરાંત નવીન વર્ગે ભાષા માટે ખુબ લક્ષ રાખવું. પ્રત્યેક વાકયમાં ઉશ્કેરણી કરનાર ભાષા પ્રાચીનો વાપરે છે તેના ભોગ થવું નહિ, તેમને ગમતી રમત રમી ધર્મને ગૌરવહીન કરવો નહિ અને જ્યારે જરૂર જણાય ત્યારે ખુલાસા કર્યા કરવા. મુદ્દાની વાત એકજ છે. વિધિ માર્ગને અંગે દેશકાળ ખુબ જોવા, સમય ધર્મ વિચારવો, વખતને પ્રતિકૂળ હોય તેવું ન કરવું અને સાધ્ય કદિ ચૂકવું નહિ. સમય સુંદર છે અને ભવિષ્ય ઝળહળતું જણાય છે. જનતા ભોળવાઇને ભાગ ન પાડે એ ચિત્તમાં વિચાર્યા કરવું, બાકી છેવટે સત્યનો જય છે અને વીર પરમાત્માના શાસનની વિશિષ્ટતા પ્રગટરીતે આગળ વધવાનીજ છે. અત્યારે ગૃહ કલેશ ઉભો કરનાર પ્રાચીનો અમુક હેતુએ જાગ્યા છે, તેવા તો વચ્ચેના અંધયુગમાં હતા. અત્યારે તેમને કોઇ સાંભળે તેમ નથી. જરાપણ ગભરાવું નહિ, પણ ભાષા કે વિચારદર્શનમાં ગૃહસ્થાઇ છોડવી નહિ અને એમની ભાષાનું કદિ અનુકરણ કરવું નહિ. જરૂર જણાતા ખુલાસાઓ દરેક વિચારકે લેખકે અને વકતાએ કરવા અને પોતાની જાતને ગૌણ રાખવી. અનંત સંસારમાં આપણે તે કોણ? કાર્ય કરવું, ફરજ બજાવવી અને વખત થાય ત્યારે ખમી ખમાવી રસ્તે પડી જવું. કોઇ સહૃદય જૈનનો દિવસ ઉગ્યો નથી કે મુનિની નિંદા કરે કે દિક્ષાનો વિરોધ કરે. શું થયું છે તે જોવામાટે જ્ઞાન ચક્ષુની જરૂર છે. એ જેને હશે તે સમજી શકયા હશે, અને વર્તમાન પ્રયત્નોતે ઉઘાડવા માટેનાજ જણાય છે. સર્વ સારાવાનાં થશે. સંઘનું ભાવી હજુ ભવ્ય છે. **મો. ગ. કા.**


ખરીદો અમારા નવી ડીઝાઇનના ઘડીયાળો ખરીદો.. અમારૂં જોઇતું કોઇપણ ઘડીયાળ નીચેનું સુંદર દસ ચીજો સાથે ખરીદો અને તમારા પસા બચાવો.

—: હાથનું ઘડીયાળ :—



(૨૧૪) રો. ગો. સોનેરી સુંદર ફેન્સી શેપનું સેકન્ડ કાંટાવાળું ચાલવાને માટે અમારી લેખીત ગેરંટીવ રસ ત્રણ સાથે કીં. ફકત રૂા. ૬-૦-૦

—: ખીસાનું ઘડીયાળ :—

(૩૫૪) નીકલ સીલવરનું લીવર મશીનનું સુંદર શેપનું સેકન્ડ કાંટાવાળું ચાલવાને માટે અમારી તલેખી ગેરંટી વરસ બે સાથે કીં. ફકત રૂા. ૪-૧૦-૦

હીંદુસ્તાનમાં પેકીંગ પોસ્ટેજ માફ.

**ભેટની ચીજો:**-(૧) ઇ. હીરાની વીંટી (૨) ઈ. હીરાનુ કોલર બટન (૩) રો. ગો. પ્લાસ રાઇટીંગ સેટ પેન (૪) ચપ્પુ (૫) ઘડીયાળ રાખવાનું સુંદર કેસ (૬) રેશમી દોરી અગર પટા (૭) રો. ગો. પ્લાસ કોલર પીન (૮) શર્ટના મોતીના બટન નંગ ૩ (૯) ફાઉટન પેન અને (૧૦) દાતનુ બ્રસ અને અમારૂં રૂા. ૧-૦-૦ ની કીંમતનું ઓર્ડર ફોર્મ નંગ ૧

લખો:—**પી. ડી. બ્રધર્સ ઘડીયાળવાળા**
પો. બો. નં. ૩૦૨૬ મુંબઈ, ૩.



# શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

## શ્રી સારાભાઈ મગનભાઇ મોદી લોન—સ્કોલરશીપ ફંડ.

આ ફંડમાંથી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સ્ત્રી કે પુરૂષ વિદ્યાર્થીને નીચે જણાવ્યા મુજબ અભ્યાસ કરવા માટે આર્થિક સહાય લોન રૂપે આપવામાં આવે છે.

(૧) માધ્યમિક કેળવણી અંગ્રેજી ચોથા ધોરણની અંગ્રેજી સાતમાં ધોરણ સુધીના અભ્યાસ માટે. (૨) ટ્રેઇનીંગ સ્કૂલ અથવા કોલેજમાં અભ્યાસ કરી ટ્રેઇન્ડ શિક્ષક થવા માટે. (૩) મિડવાઇફ કે નર્સ થવા માટે. (૪) હિસાબી જ્ઞાન Accountancy ટાઇપ રાઇટીંગ, શોર્ટહેન્ડ વિગેરેનો અભ્યાસ કરવા માટે. (૫) કળાકૌશલ્ય એટલે કે પેઇન્ટીગ, ડ્રોઇંગ, ફોટોગ્રાફી, ઇજનેરી વિજળી ઇત્યાદિના અભ્યાસ માટે. (૬) દેશી વૈદ્યકની શાળા કે નેશનલ મેડીકલ કોલેજમાં અભ્યાસ કરવા માટે.

લોન તરીકે મદદ લેનારે મુકરર કરેલ ધાર્મિક અભ્યાસ કરવો પડશે. તથા લિખિત કરાર પત્ર કરી આપવું પડશે. અને કમાવાની શરૂઆત થતાં જે મદદ લીધી હોય તે તેના મોકલવાના ખર્ચા સહિત વગર વ્યાજે પાછી વાળવાની છે. વિશેષ જરૂરી વિગતો માટે તથા અરજી પત્રક માટે સેક્રેટરીને ગોવાલીયા ટેંકરોડ,-ગ્રાન્ટરોડ-મુંબઇ લખો

* સ્ત્રીઓએ લેખીત કરારપત્ર કરી આપવાનું નથી, વળી ટ્રેઇન્ડ શિક્ષક થનાર પુરૂષે તેમજ જેઓ માત્ર ધાર્મિક, સંસ્કૃત યા પ્રાકૃતનો અભ્યાસ કરી તે ભાષામાં પુરેપુરા નિષ્ણાત થવા માગશે તેઓએ પણ કરારપત્ર કરી આપવાનું નથી. એટલે કે આ બન્નેએ પૈસા પાછા આપવા કે નહિ તે તેમની મુનસફી ઉપર રહેશે.

# જૈન વિદ્યોત્તેજક સહકારી મંડળ લીમીટેડ.

**સને ૧૯૨૫ ના સાતમાં એકટ પ્રમાણે તા. ૧૩-૧૨-૨૬ ને રોજ રજીસ્ટર થયેલી.**

**હેડઓફીસ:-ટાઉન હોલ સામે-મુંબઈ.**

થાપણ રૂા. ૫,૦૦,૦૦૦, દરેક રૂા. ૨૫) ના વીસ હજાર શેરોમાં વહેંચાયેલી ભરાયેલી થાપણ ૯૪૬૦૦ વસુલ આવેલી થાપણ ૫૪૬૪૦ દર શેરે રૂા. ૫) અરજી સાથે રૂા. ૧૦) એલોટમેન્ટ વખતે, અને રૂા. ૧૦) ત્યાર પછી.

ઉપરોક્ત મંડળમાંથી દરેક લાઇનમાં અહિં તેમજ પરદેશમાં અભ્યાસ કરવા માટે હાલ તુરત મુંબઇ ઇલાકાના ચંચળ બુદ્ધિના શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીઓને અભ્યાસ દરમીયાન છ આનાના વ્યાજે તથા ત્યાર પછી આઠ આનાના વ્યાજે યોગ્ય જામીનગીરીથી અને વીમો ઉતરાવી લોન આપી સહાય કરવામાં આવે છે. વિશેષ હકીકત માટે ઓનરરી સેક્રેટરીને ટાઉન હોલ સામે, કોટ, મુંબઇ લખવું.

શેર ભરનારાઓને વધુમાં વધુ ચાર ટકા વ્યાજ આપવાનો નિયમ છે. શેર લેવા ઇચ્છનારે ઉપરના સરનામે લખવું.

# ધર્મ શિક્ષણ.

૬

શ્રીયુત મોહનલાલ દલીચંદ દેસાઇએ પોતાના "જૈન કાવ્ય પ્રવેશ" નામક ગ્રંથની પ્રસ્તાવનામાં "ધાર્મિક અભ્યાસક્રમ" અંગે સુંદરરીતે સમજાવ્યું છે. તેનો સાર નીચે મુજબ છેઃ—

બાળવર્ગથી ગુજરાતી ત્રીજા ધોરણ સુધીના એટલે કે ૫ થી ૮ વરસના વિદ્યાર્થીઓને સમજ શક્તિ તદ્દન ખીલવ-સ્થામાં હોય છે. તેને ભાષા જ્ઞાન થયેલું હોતું નથી તેથી આ વર્ષોમાં ધાર્મિક શિક્ષણ માત્ર મ્હોંએથી અને પરોક્ષ રીતે અપાવું જોઇએ.

ગુજરાતી ચોથા ધોરણથી સાતમા સુધી અથવા તો ઇંગ્રેજી ત્રીજા ધોરણ સુધીના એટલે કે ૯ થી ૧૨ વર્ષ ના વિદ્યાર્થીઓમાં સમજશક્તિના અંકુરા ફુટે છે, નૈતિક ટેવો કેટલેક અંશે બંધાઇ શકે છે, માટે એ સમયમાં કથાઓ દ્વારા ધર્મજિજ્ઞાસા પ્રદીપ્ત કરવી તથા માર્ગાનુસારી ગુણોનું-સામાન્ય નીતિનું-વિદ્યાર્થીની ગ્રહણ-ધારણ શક્તિ અનુસાર સરળ રીતે શિક્ષણ આપવાનું છે. અત્રે નીતિનો ઉપદેશ પ્રાધાન્યપણે આપવો જોઇએ, અને ધાર્મિક સિદ્ધાંતો ગૌણપણે રહેવા જોઇએ.

અંગ્રેજી ધોરણ ચોથાથી મેટ્રિક સુધીના એટલે કે ૧૩ થી ૧૬ વરસની ઉમરના વિદ્યાર્થીઓ પોતાના માટે સ્વતંત્રપણે કાંઇક વિચાર કરવાનો આરંભ કરે છે સારાસાર સમજવાની શક્તિ-વિવેક બુદ્ધિ થોડી ઘણી ખીલે છે. ધર્મ શિક્ષણની ખરેખરી શરૂઆત અત્રે થઇ શકે તેમ છે.

આ વિચારોને અનુસરતો એક ક્રમ જૈન કોન્ફરન્સ હેરલ્ડ પુસ્તક ૬ અંક ૭-૮ પૃષ્ઠ ૭૭-૮૮ માં તેના 'ધર્મનીતિ કેળવણી'ના ખાસ વિભાગમાં આપવામાં આવેલો છે અને "જૈન કાવ્યપ્રવેશ"માં પણ તે આખો ક્રમ જોડવામાં આવ્યો છે. બાળવર્ગથી તે મેટ્રીક સુધીના વિદ્યાર્થીઓને ક્રમપૂર્વક ધર્મનું જ્ઞાન થાય અને ઉત્તરોત્તર સરળથી ગહન પર જવાય તે રીતે તે ક્રમ ગોઠવેલો છે. આ ક્રમને અનુસરીનેજ "જૈન કાવ્ય પ્રવેશ" નામનો ઉપયોગી સંગ્રહ શ્રીયુત દેશાઇએ યોજેલો.

ઉપર જણાવેલા ક્રમમાં ધોરણવાર શિખવવાના વિષયો તથા પુસ્તકોના નામ આપવામાં આવ્યા છે તેમજ વધુ સમ-જણુ માટે ફુટનોટ વિસ્તારથી આપેલી છે.

આ ક્રમને અંતે ઉપસંહાર કરવામાં આવ્યો છે તેનો સાર નીચે મુજબ છેઃ—

શિયળ સંબંધી વાતો નીચેના ધોરણોમાં વિદ્યાર્થી આગળ મુકવામાં નહિ આવે તે માટે અમે ખાસ સંભાળ લીધી છે. વળી તેવા ધોરણોમાં Mere theology—બાળવયના બાળકોને નિરૂપયોગી અને તેમનાથી ન સમજી શકાય તેવા સૂત્રો—લાદવાનો યત્ન કર્યો નથી, પણ તેમનામાં દંભ ન વધે અને તેમનું વર્તન—Character ઘડાય તે વિષે ખાસ લક્ષ આપેલ છે. અને ધર્મશિક્ષણ જેમ બને તેમ સરળ અને રસિક કરવા પ્રયાસ કરેલ છે. શિક્ષણની ખરેખરી કસોટી "quantity" નહિ પણ "Quality" "કેટલું" નહિ પણ "કેવું" ઉપર રહેલી છે. તેમાંજ તેની સાર્થકતા-સફળતા છે.

સ્વર્ગસ્થ ભાઇ ગોવિંદજી મૂળજી મ્હેપાણીના શ્રમ, અભ્યાસ અને અનુભવને મજકુર ક્રમ મૂખ્યત્વે કરીને આભારી છે.

ખરી શિક્ષણ પદ્ધતિને અનુસરીને આશરે વીસ વરસ ઉપર ગોઠવાયેલો અભ્યાસક્રમ ખોરંભે પડી ગયો તે માટે ખેદ થાય એ સ્વાભાવિક છે. અમુક પુસ્તક કે પુસ્તકના કર્તા સંબંધે સંપ્રદાય દૃષ્ટિથી વાંધો લેવો એ એક વાત છે, પરંતુ જે સિદ્ધાંતો ઉપર તે ક્રમ ગોઠવાયો છે તે સિદ્ધાંતો માનનીય-છે સ્વીકારવા લાયક છે એ તો કોઇથી ના પાડી શકાય તેમ નથી. આ સિદ્ધાંતોને બાજુએ મુકી, સંપ્રદાય બદ્ધ રૂઢિનેજ વળગી રહેવાના આગ્રહને લઇને હજીયે આપણી ધર્મ શિક્ષણ પદ્ધતિ સુધારીશું નહિ તો, વિદ્યાર્થી વર્તન આજના કરતાંયે વધારે બગડશે. દંભ, અનાસ્થા, અને ધર્માભ્યાસ તરફની અપ્રીતિ વધતી જશે અને પરિણામો વધારે ગંભીર આવશે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને અનુસરીને તે માટે સત્વેળા ચેતવાની જરૂર છે અને તે માટેજ ધર્મ-શિક્ષણ પરિષદ્ ભરાવવાની હું વારંવાર સૂચના કરી રહ્યો છું.

આ લેખમાળાના બીજા લેખમાં કહેવામાં આવેલું છે કે જુદી જુદી દિશાએથી જુદા જુદા પ્રકારના છુટાછવાયાં પુસ્તકો કે પુસ્તકમાળાઓ પ્રકટ થઇ ચુકેલ છે અગાઉ પંડિત લાલન તથા પાલીતાણાના જૈન વિદ્યાપ્રસારક વર્ગ તરફથી વાંચનમાળાઓ બહાર પડી હતી. ત્યાર બાદ મ્હેસાણાના શ્રી જૈન શ્રેયસ્કર મંડળ તરફથી જૈન શિક્ષણવાળાની બાળપોથી, પહેલી, બીજી અને ત્રીજી ચોપડીઓ બહાર પડી છે. આ છેલ્લા પુસ્તકોની અનુક્રમે પાંચ, ત્રણ, બે અને બે આવૃત્તિઓ પણ થઇ છે અને તેની કુલ નકલ બાવન હજાર નીકળી ચુકી છે. શ્રી જૈન શ્રેયસ્કર મંડળ તરફથી ગ્રાંટ લેતી લગભગ એસી જૈનશાળાઓ તથા બીજી પણ શાળાઓ અને સ્કુલોમાં તે પાઠ્ય પુસ્તકો તરીકે ચાલે છે.

આ માળાઓ સંબંધે થયેલા પ્રયાસો પ્રશંસનીય છે અને તે છુટા છવાયા સર્વ અખતરાઓ દ્વારા મળતા અનુભવોનો આપણે લાભ લેવાનો છે. એ બધા અનુભવોમાંથી સાર ખેંચી એક એવી શિક્ષણમાળા આપણે તો તૈયાર કરવાની છે કે જે શિક્ષણ શાસ્ત્રદૃષ્ટિએ દોષવિનાની હોય અને એવી ધર્મ શિક્ષણ માળાથીજ જૈન સમાજમાં ધર્મ શિક્ષણ ઉંચા પાયા ઉપર આવી શકશે.

ઉ. દો. બ.

---

**શેઠ નેમચંદ પીતાંબરદાસ શાહ મિયાગામ નિવાસીના** દુઃખજનક અવસાનની નોંધ દીલગિરી સાથે લઇએ છીએ. મર્હુમ, **કોન્ફરન્સની** સ્ટેન્ડીંગ કમીટીના સભ્ય હતા. તેઓ અનેક ધાર્મિક સંસ્થાઓના કાર્યમાં ઉત્સાહ થી ભાગ લેતા હતા. તેમના આત્માને શાંતિ ઇચ્છીએ છીએ.

# યંગમેન્સ જૈન સોસાઈટીના સંમેલન! ઉપર દષ્ટિપાત.

## મુનિ રામવિજયજીને ધર્મદ્રોહી અને શાસન વિરોધી કેમ ન માનવા?

### જનતા ન્યાય આપશે?

લેખકઃ—શા. મહાસુખભાઇ ચુનીલાલ—વીસનગર.

પોતાની જાતને ધર્મી અને શાસન પ્રેમી તરીકે ઓળખાવનાર યંગમેન્સ જૈન સોસાઇટીના સુરતમાં મળેલા પહેલા સંમેલન! ના પ્રમુખ શેઠ બકુભાઇ મણીલાલે પોતાના ભાષણમાં મુક્ત કંઠે જણાવ્યું હતું કે "પૂજ્ય સાધુ સંસ્થામાં કુસંપે ઘર ઘાલ્યું છે, એકલ વિહારી સ્વચ્છંદી સાધુઓની સંખ્યા વધતી જાય છે. કેટલાક પતિત સાધુઓ ધર્મના નામે અધર્મ ઉપદેશી રહ્યા છે." આ તેમનું પ્રવચન સાધુ સંસ્થાને કેટલું બધું કલંક લગાડનારૂ છે તે હું પ્રથમ જણાવી ગયો છું. સાધુ સંસ્થાનું આવું હડહડતું અપમાન થાય છતાં ધર્મી અને શાસન પ્રેમી સોસાઇટી તેને વધાવી લે એ નવાઇ જેવી વાત છે!! તે શબ્દો તો ખુદ સોસાઇટીના પક્ષના સાધુઓને પણ મહા કલકરૂપ છે. પણ આપખુદીના નીશામાં પોતાની ભૂલ કયાંથી જડે? મેરૂ પર્વત જેવડી પોતાની ભૂલ જોતા નથી અને પારકાની ભૂલો શોધવા મંડી પડે છે.

જુન્નેરમાં મળેલી જૈન કોન્ફરન્સે અયોગ્ય દીક્ષાના બનાવો ધ્યાનમાં લઇ ઠરાવ રૂપે જણાવ્યું કે "દીક્ષા સંબંધી આ કોન્ફરન્સનો એવો અભિપ્રાય છે કે દીક્ષા લેનારને તેનાં માતાપિતા આદિ અંગત સગાંઓ તથા જે સ્થળે દીક્ષા આપવાની હોય ત્યાંના શ્રી સંઘની સંમતીથી યોગ્ય જાહેરાત પછી દીક્ષા આપવી." આ શબ્દો સોસાઇટીની ન્યાય દૃષ્ટિએ ધર્મનું અને સાધુસંસ્થાનું નીકંદન કાઢનાર જણાઇ આવ્યા. કેવી અજબ તેમની ન્યાયદૃષ્ટિ?! સુરતના પ્રમુખનું ભાષણ કે જેમાં સાધુ સંસ્થાને હડહડતું કલંક લગાડવામાં આવે છે તેને તાળીઓના અવાજ વચ્ચે વધાવી લેવામાં આવે છે અને જુન્નેર કોન્ફરન્સનો ઠરાવ જે માત્ર અભિપ્રાય રૂપે જણાવી સુધારો કરવા દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવ ધ્યાનમાં રાખી સૂચન કરે તેનો તિરસ્કાર કરી આખી જૈન કોન્ફરન્સનો બહિષ્કાર કરવામાં આવે છે-અરે તેથી આગળ વધીને બહિષ્કાર કરનારને ધન્યવાદ આપવામાં આવે છે. છે કાંઇ ન્યાયનો ઢંગ ધડો?

મારા પ્રિય વાચકો! યંગમેન્સ જૈન સોસાઇટીની નીર્ણય આપવાની પદ્ધતિ કેટલી બધી અન્યાયી, દ્વેષી અને જનતાને અવળે માર્ગે દોરનારી છે તેની ખાત્રી આટલાથી થતી ન હોય તો નીચેની હકીકત ધ્યાનમાં લો—

સંવત ૧૯૬૮ માં વડોદરામાં આચાર્ય શ્રી વિજય કમળસૂરિના પ્રમુખપણા નીચે સાધુ સંમેલન મળ્યુ હતું જેમાં અયોગ્ય દીક્ષા સંબંધી નીચે પ્રમાણે બે ઠરાવો થયા હતા—

(૧) જેને દીક્ષા આપવી હોય તેની ઓછામાં ઓછી એક મહીનાની મુદત સુધી યથાશક્તિ પરીક્ષા કરી તેનાં સંબંધી માતા પીતા ભાઇ સ્ત્રી વીગેરેને રજીસ્ટર્ડ કાગળથી ખબર આપવાનો રીવાજ આપણા સાધુઓએ રાખવો. તેમજ દીક્ષા નિમિત્તે આપણી પાસે જે વખતે આવે તેજ-વખતે તેના સંબંધીઓને રજીસ્ટર્ડ કાગળથી તેની પાસે ખબર અપાવવાનો ઉપયોગ રાખવો (ઠરાવ ૨૦ મો)

(૨) આજકાલ કેટલાક સાધુઓ શિષ્ય કરવા દેશ કાળ વિરૂદ્ધ વર્તન ચલાવે છે, જેથી શાસનની હેલના થવાના અનેક પ્રસંગો પ્રાપ્ત થાય છે તેમજ મુનિઓને કોઇ કોઇ વખત અનેક મુશ્કેલીઓમાં ઉતરવું પડે છે. જેથી આ સંમેલન આવી રીતે દીક્ષા આપી શિષ્યો કરવાની પદ્ધતિને તેમજ તેવી રીતે દીક્ષા લેનાર તથા આપનાર, અપાવનાર માટે અત્યંત નાપસંદગી જાહેર કરે છે. અને ઠરાવ કરે છે કે આપણા સમુદાયના સાધુઓ પૈકી કોઇએ પણ આવી ખટપટમાં ઉતરવું નહીં અને જે મુની આવી ખટપટમાં પડશે તેને માટે આચાર્યજી મહારાજ સખત વિચાર કરશે. (ઠરાવ ૨૩ મો વાંચો આત્માનંદ પ્રકાશ પુસ્તક ૯ અંક ૧૨ અને કૉન્ફરન્સ હેરલ્ડ પુ. ૯ અંક ૮) (આ હકીકત મારી અમૃતસરિતાની પ્રસ્તાવનામાં સવિસ્તર મુકી છે.)

આ ઠરાવો ઉપર યંગમેન્સ જૈન સોસાઇટીના પ્રેરક મુનિ રામવિજયજીના ગુરૂના ગુરૂ દાનવિજયજીની તેમજ તેમના સંઘાડાના આશરે પચાસ સાધુઓની સહીઓ થયેલી છે.

હું વાચકોને નમ્રતાથી પણ આગ્રહપૂર્વક વીનંતી કરૂં છું કે ઉપર દર્શાવેલો દીક્ષા સંબંધી જુન્નેર કોન્ફરન્સનો ઠરાવ વાંચો અને સાધુ સંમેલનના આ ઠરાવ વાંચો. જો જુન્નેર કોન્ફરન્સના દીક્ષાના ઠરાવથી જૈન કોન્ફરન્સ બહિષ્કારને પાત્ર થતી હોય તો સાધુ સંમેલનના ઠરાવથી સાધુસંસ્થા કેવા ભયંકર ગુન્હાને પાત્ર થાય છે તે નક્કી કરો. તેના ઉપર સહીઓ કરનાર પૈકી ખુદ આચાર્ય દાનવિજયજી પણ છે. તો વિચાર કરો કે તે ઠરાવ ઉપર સહીઓ કરનાર સાધુઓના શિષ્યો મુનિ પ્રેમવિજયજી અને મુનિ રામવિજયજી જે મોટો ધર્મનો ઝુંડો ઉપાડી ધર્મ ધર્મ ધર્મ કરી રહ્યા છે તે કેવા ગુન્હાને પાત્ર થાય છે તે નિષ્પક્ષપાતે સાફ સાફ કહી બતાવો. તેઓ તેમના ગુરૂઓની આજ્ઞાનું ઉલ્લંઘન કરી તેમનું હડ હડતું અપમાન કરી રહ્યા છે. આ તેમનું વર્તન ધર્મ-દ્રોહ અને શાસનદ્રોહ બરાબર માની શકવાને જરાપણ શંકા નથી. કાચના ઘરમાં બેસી બીજા તરફ પથર ફેંકવાથી કેવું ગંભીર પરિણામ આવે છે તેનો ખ્યાલ કરો.

મુનિશ્રી રામવિજયજીને પુછું છું કે સાધુસંસ્થામાં તમારા ગુરૂના હાથે થયેલા ઠરાવો ઉપર તમારા ગુરૂઓની અને તમારા સંઘાડાના સાધુઓની સહીઓ થઇ છે તેને ઠોકરે મારી ગુરૂની આજ્ઞાનો ભંગ કરતાં તમારૂં હૃદય જરા-

(અનુસંધાન પૃષ્ઠ ૭૬ ઉપર)

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay 3.

ઉચ્ચ ધાર્મિક શિક્ષણ.

॥ नमो तित्थस्स ॥

Regd. No. B 1996.

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.)

| વર્ષિક લવાજમ | તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ. | છુટક નકલ |
| --- | --- | --- |
| રૂપીઆ બે. | [મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.] | દોઢ આનો. |

વર્ષ જુનું ૬ ઠું. નવું ૧ લું. — તા. ૧૫ મી જુન ૧૯૩૧. — અંક ૧૨ મો.

- મુખ્ય લેખકો -

શ્રી મોહનલાલ દ. દેશાઈ, બી. એ. એલએલ. બી. એડવોકેટ.

,, મોતીચંદ ગિ. કાપડીઆ, બી. એ. એલએલ. બી. સોલીસીટર.

,, ઉમેદચંદ ડી. બરોડીઆ, બી. એ.

,, હીરાલાલ હાલચંદ દલાલ બાર-એટ-લૉ.

-સુચનાઓ-

૧ આ પત્રમાં પ્રકટ થતા લેખો માટે તે તે લેખના લેખકોજ સર્વ રીતે જોખમદાર છે.

૨ અભ્યાસ મનન અને શોધખોળના પરિણામે લખાયેલા લેખો વાર્તાઓ અને નિબંધોને સ્થાન મળશે.

૩ લેખો કાગળની એક બાજુએ શાહીથી લખી મોકલવા.

૪ લેખોની શૈલી, ભાષા વિગેરે માટે લેખકોનું ધ્યાન 'જૈન યુગની નીતિ-રીતિ' પ્રત્યે ખેંચવામાં આવે છે.

૫ આ પત્ર દર મહિનાની પહેલી અને પંદરમીએ પ્રકટ થાય છે.

પત્રવ્યવહાર:-

તંત્રી—જૈન યુગ.

ઠે. જૈન શ્વેતાંબર કૉ. ઓફીસ

૨૦, પાયધુની-મુંબઈ ૩

## વસમી વિદાય.

પરદેશી પંખી સમ પુત્રી જન્મ ધર્યો મુજ ધામ;
પાળી પોષી ઉછેરી ત્યાં તો મઇ ઉડી પર ઠામ.

દુઃખ એ કેમે નવ સહેવાય;
આંસુ આ નયને નવ સુકાય.
ખરે મન મારૂં બહુ મુંઝાય;
શોક દિલ ભરતી સમ વધી જાય.

સ્મરણ કરાવે માત આજ તુજ, **કેવી વિષમ વિદાય!**
જાણે જ્યોતિ ઉતરી નભથી, વીજ ઝબૂકી જાય.

પુત્રી! તું પરવશ આજે થાય;
અન્યના બંધનમાં બંધાય.
લૂંટજે રસ જીવનની લ્હાણ;
સોંપજે પ્રિય દુઃખે પ્રિય પ્રાણ.

જીવન ઘડતર એવું ઘડજે, પ્રસરે પ્રેમ સુવાસ;
અજવાળે તું ઉભય કુળને, એ અંતર અભિલાષ.

સાચવે સાસુનાં સન્માન;
સગાંનાં સહજે સહુ અપમાન.
સમજજે મેવા એ મિષ્ટાન્ન;
વિનયથી વધશે તારાં માન.

દેવસમા સ્વામી સંગે તુજ જીવન પન્થ ઉજાળ;
સુખ દુઃખમાં સમતા રાખીને બનજે બહુ પ્રેમાળ.

રિદ્ધિ ને સિદ્ધિમય હો વાસ;
ધર્મમય જીવન શ્વાસોચ્છ્વાસ.
અંતરે **વીર** પ્રભુની યાદ;
આપું આ અંતિમ આશીર્વાદ.

૨૭ મે ૧૯૩૧ — મ૦ દ૦ દેશાઈ.

**उद्धाविव सर्वसिन्धवः, समुदीर्णास्त्वयि नाथ ! दृष्टयः ।**
**न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**
**-श्री सिद्धसेन दिवाकर.**

અર્થઃ-સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે: પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

સરિતા સહુ જેમ સાગરે, તુજમાં નાથ! સમાય દૃષ્ટિઓ;
જયમ સાગર ભિન્ન સિન્ધુમાં, ન જણાયે તું વિભક્ત દૃષ્ટિમાં.


# જૈન યુગ.

તા. ૧૫-૬-૩૧ સોમવાર.


## ઉચ્ચ ધાર્મિક શિક્ષણ.

### શેઠ મેઘજી સોજપાળની મોટી સખાવત.

જુન્નેરની જૈન શ્વે. કૉન્ફરન્સના પ્રમુખ તરીકે શેઠ રવજી સોજપાળનું નામ પ્રસિદ્ધ થયું છે. તેમના ભાઇ શેઠ મેઘજી સોજપાળે ત્રીસ હજાર રૂપીઆની મોટી સખાવત શ્રી મહાવીર જૈન વિદ્યાલયને ચરણે ધરી છે અને તે એવી રીતે કે તે સંબંધી એક ખાસ યોજના ઘડી તેનો અમલ બરાબર તે વિદ્યાલય કરે. શ્રી મહાવીર જૈન વિદ્યાલયની વ્યવસ્થા તેની કાર્યવાહક સમિતિ એટલા સારા પ્રમાણમાં અત્યાર સુધી કરી શકી છે કે તેથી આખી જૈન શ્વે. સમાજમાં તે વ્યવસ્થા માટે સારો વિશ્વાસ બેસી ગયો છે અને તેજ કારણે મેઘજી શેઠે ઉક્ત સંસ્થાનો આશ્રય લીધો છે. આનું અનુકરણ અન્ય સખી શ્રીમંતો કરશે.

આ યોજનાનું નામ 'શેઠ મેઘજી સોજપાળ ઉચ્ચ ધાર્મિક શિક્ષણ સહાયક ફંડ' રાખી તેમાં ઉચ્ચ ધાર્મિક કેળવણીનો પ્રચાર કરવાનો ઉદ્દેશ રાખ્યો છે. તેમાં મુખ્યત્વે બે વ્યવસ્થા છે. (૧) કલકત્તાની જૈન ન્યાયતીર્થ આદિની પરીક્ષામાં પાસ થાય તે માટેનું, (૨) મુંબઇ યુનિવર્સિટિમાં બી. એ. ને એમ. એ. સુધીના કૉલેજના શિક્ષણ સુધીમાં જે જૈન અભ્યાસક્રમ રાખેલ હોય તેની પરીક્ષામાં પાસ થાય તે માટેનું શિક્ષણ આપવું. તે શિક્ષણ માટે જે અનુકૂળતાઓ જોઇએ જેવી કે તે માટેની શાળા, શિક્ષક, અને શિષ્યવૃત્તિઓ પૂરી પાડવામાં આવી છે. વિદ્યાલયના મકાનમાં તે શાળા રહેશે. તેમાં કાર્ય કર્તા ધાર્મિક શિક્ષક પંડીત દરબારીલાલ એક ઉચી કોટિના વિદ્વાન્ અને વિચારક છે તે વિદ્યાલય પૂરા પાડશે ને તે ઉપરાંત જરૂર પડે તો અન્ય શિક્ષકો પણ આ ફંડમાંથી મેળવી શકાશે. વિશેષમાં આ ઉપરાંત બનારસ હિંદુ વિદ્યાપીઠ, ગુજરાત વિદ્યાપીઠ, શાંતિનિકેતન આદિ સંસ્થાઓમાંથી લેવાતી પરિક્ષા માટે લાયક વિદ્યાર્થીઓ ઉત્પન્ન કરવાનો વિસ્તાર આ યોજનામાં રાખવામાં આવ્યો છે. શ્રી મહાવીર જૈન વિદ્યાલયે આ ફંડ લઇ તેની યોજનામાં મકાનને શિક્ષકની સહાય આપવા ઉપરાંત તેમાં લાયક અને ઉચ્ચ પ્રતિના વિદ્યાર્થીઓ કે જે અંગ્રેજીમાં વ્યવહારિક શિક્ષણવાળા ન હોય છતાં પણ પોતાની બોર્ડીંગમાં દાખલ કરવાનો પ્રબંધ કરવાનું સ્વીકાર્યું છે, આ યોજના આ રીતે તૈયાર થઇ સ્વીકારાઇ છે. તેમાં આપણી કૉન્ફરન્સના એક રેસિ૦ જનરલ સેક્રેટરી રા. મોહનલાલ ઝવેરીની મહેનત ખાસ હતી અને રહેશે. તે માટે તેઓ ધન્યવાદને પાત્ર છે.

આ યોજના સંબંધી વિચારતાં જણાય છે કે દિગંબર સમાજમાં ન્યાય, વ્યાકરણ આદિમાં નિષ્ણાત થયેલા પંડિતોની સંખ્યા ઘણી છે, જયારે શ્વે૦ સમાજમાં અતિ અલ્પ છે. આવા પંડિતો શ્વે૦ સમાજમાં વિશેષ થાય તેવા હેતુથી જૈન ન્યાયતીર્થ જેવી પરીક્ષાઓ માટે સાનુકૂળતાઓ આ યોજના દ્વારા કરવામાં આવી છે. આને પરિણામે શ્વે૦ સમાજમાં વિશેષ પંડિતો થાય પણ તેની સાથે તે વિશેષ સમભાવવાળા ઉદાર વૃત્તિના જ્ઞાન પિપાસાવાળા થાય તે ખાસ જરૂરનું છે. માત્ર પડિતો દિગંબર સમાજમાં ઉત્પન્ન થયા છે તેવા પેદા કરવાથી ત્યાં જેમ પંડિત પાર્ટી અને બાબુ પાર્ટી (અંગ્રેજી ભણેલાની) વચ્ચે યુદ્ધ ચાલ્યા કરે છે તેવું શ્વે૦ સમાજમાં થવાના ભયને પહેલેથીજ દૂર કરવાના ચાંપતા ઉપાય લેવાની જરૂર છે આ માટે ઉંચી પ્રગતિની ભાવનાવાળા શિક્ષકો દ્વારા શિક્ષણ અપાય, તે સાથે તેમને અંગ્રેજી ભાષાનું પણ જ્ઞાન અપાય અને અન્ય દર્શનોને સમજવાનું તેમના સિદ્ધાંતો સાથે જૈન ધાર્મિક સિદ્ધાંતોનો સમન્વય કરવાનું પણ જ્ઞાન અપાય એ અમને અતિઇષ્ટ લાગે છે. આ ઉપરાંત હાલમાં જે જૈન શાળાઓ અને પાઠશાળાઓ ચાલે છે તેને માટે લાયક શિક્ષકો મળતા નથી તો આ યોજના દ્વારા ઉત્પન્ન થતા પંડિતો તેવા શિક્ષકોની ગરજ પૂરી પાડે તે પણ કરવાની જરૂર છે.

આ યોજના બરાબર પાર પડે તો અને ઉપર જણાવ્યા પ્રમાણેની દૃષ્ટિથી કાર્ય લેવાય તો તેનાં પરિણામો ઘણાં દૂરદર્શી અને હિતાવહ આવશે એ નિર્વિવાદ છે. કોઇપણ ફિરકાનો જૈન યા તો જૈનેતર આ યોજના અંગે ચાલતી શાળાનો લાભ લઇ શકે તેમ છે એટલુંજ નહિ પરંતુ અન્ય દર્શનોના સિદ્ધાંતોનો સમભાવથી અભ્યાસ સાથે સમન્વય કરવાથી ઝનુન, ધર્માંધતા, તિરસ્કાર, કટ્ટરતા, રૂઢિચુસ્તતા નીકળી જઇ રાષ્ટ્રની પ્રગતિમાં સારો ફાળો આપી શકાશે. અત્યારનો જમાનો ધર્મોની એકતા કરવાનો નથી પરંતુ દરેક ધર્મના અનુયાયી પોતાનો ધર્મ પાળવા સાથે અન્ય ધર્મના અનુયાયીઓ સાથે એક તરીકે, ભ્રાતૃભાવથી સંપમાં રહી શકે એ રીતે દિલની એકતા કરવાનો આ યુગ છે. ઉચ્ચ ધાર્મિક શિક્ષણ ત્યારેજ અપાયું ને લેવાયું કહી શકાય કે આ દિલની એકતાનું સ્વરૂપ રગેરગમાં વ્યાપી થાય.

આ યોજનાના જન્મદાતા એક શ્વે૦ મૂર્તિપૂજક છે અને તેને અમલમાં મૂકવાનું કાર્ય એક શ્વે૦ મૂર્તિપૂજક સંસ્થાએ લીધું છે તેથી એમ સમજવાનું નથી કે આ યોજનાનો લાભ મૂર્તિપૂજકોને માટેજ સર્વાંસે છે. દરેક સંસ્થાનો કાર્ય વ્યવહાર તેના જન્મદાતા યા ઉત્પાદકો એટલે નાણા

આપનારના વિચારબળ પર ચાલે છે અને તે કારણેજ શ્રી મહાવીર જૈન વિદ્યાલય અત્યારે મૂર્તિપૂજકો માટે ચાલે છે તેનો અભિલાષ તો બધા ફિરકાના જૈનોને માટે એક જૈન કોલેજ કાઢવાનો છે, તેનું ટ્રસ્ટડીડ બહોળા અવકાશવાળું છે. હજુ પણ અમૂર્તિપૂજકોની સખાવતનો ઝરો તે સંસ્થા કે તેવી સંસ્થા માટે પૂરો વહે તો તે સંસ્થા પોતાના ચાલુ કાર્ય વ્યવહાર સાથે અમૂર્તિપૂજકોને સ્થાન આપી શકે. હાલ જે સ્થિતિ છે તેટલા માટે શ્રી મહાવીર જૈન વિદ્યાલયનું નામ 'શ્રી મ૦ જૈન મૂર્તિપૂજક વિદ્યાલય' રાખવું ઘટે એવું સ્થાનકવાસી જૈન કોન્ફરન્સના મુખપત્ર 'જૈન પ્રકાશ' નું વક્તવ્ય છે તે ઉચિત નથી. એમ તો તે 'જૈન પ્રકાશ' નું નામ પણ 'સ્થા૦ જૈન પ્રકાશ' રાખવાનું કોઇ કહી શકે. મને એ દલીલ માન્ય નથી. સર્વ વિચારકનું એ મંતવ્ય છે કે સંકોચ વૃત્તિનો ત્યાગ કરવાની જરૂર છે, વાડાઓ કાઢી નાંખવાની જરૂર છે, સમગ્ર જૈન સમાજ એક થઈ જ્યાં તેના ધાર્મિક સવાલ ઉપસ્થિત થાય ત્યાં એકજ વ્યક્તિ તરીકે પડકાર કરી શકે અને દેશના સાર્વજનિક કાર્યમાં હિંદીજ તરીકે ઉભો રહી શકે એમ થવું જોઇએ.

આ સર્વ વાડાઓનો નાશ એકદમ થઇ ન શકે તો તે સર્વમાં રહીને પણ તેમાં રહેનારાઓનાં દિલોની એકતા તો થવીજ ઘટે. આનું નામ ઉચી ધાર્મિક વૃત્તિ છે. તે લાવવા માટે ઉંચા ધાર્મિક શિક્ષણનો અભ્યાસ કરવો ઘટે. તે અભ્યાસ માટે સાનુકૂળતા પ્રાપ્ત કરી આપનાર શેઠ મેઘજીભાઇને પુનઃ અભિનંદન આપવામાં આવે છે. હવે તેમની યોજનાને ખરા ધાર્મિક ભાવ અને સાચી વ્યવસ્થાથી પાર પાડવાનું કાર્ય શ્રી મહાવીર જૈન વિદ્યાલયના કાર્યવાહકો સંતોષ કારક રીતે કરે એ આપણે ઇચ્છી શું. તેમ થશે તો આશા છે કે શેઠ મેઘજીભાઇ એક લાખ રૂપીઆ સુધીની સખાત કરવામાં પોતાનો હાથ લંબાવે.

—**મોહનલાલ દ. દેશાઈ.**

## શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ તરફથી

**શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કૅાલરશિપ ( પ્રાઇઝ ) દરેક રૂપીઆ ૪૦) નું.**

**છેલ્લી મેટ્રીકયુલેશનની પરીક્ષામાં ફતેહચંદ નિવડેલા જૈન વિદ્યાર્થીઓ માટે.**

મર્હુમ શેઠ ફકીરચંદ પ્રેમચંદના નામથી સોંપવામાં આવેલા ફંડમાંથી કૉન્ફરન્સ ઑફીસ તરફથી એક સ્કૅાલરશિપ છેલ્લી મેટ્રીકયુલેશનની પરીક્ષામાં-સંસ્કૃત વિષયમાં સૌથી ઉંચા નંબરે પાસ થનાર જૈનને, તેમજ બીજી સ્કૅાલરશિપ સુરતના રહેવાસી અને કુલ્લે સૌથી વધારે માર્કસ મેળવનાર જૈનને આપવા માટે નક્કી કરવામાં આવ્યું છે. એ સ્કૅાલરશિપોનો લાભ લેવા ઇચ્છનાર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક વિદ્યાર્થીઓએ -માર્કસ વગેરે સર્વ વિગત સાથે-નીચેના સ્થળે તા. ૧૫-૭-૩૧ સુધીમાં અરજી કરવી.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ,<br>
૨૦, પાયધુની, મુંબઇ ૩.<br>
તા. ૧૨—૬—૧૯૩૧.

**શા૦ રણછોડભાઇ રાયચંદ ઝવેરી**<br>
**મોહનલાલ ભગવાનદાસ ઝવેરી** સોલિસિટર.<br>
રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

# શ્રી જૈન શ્વેતાંબર એજયુકેશન બોર્ડ.

## અપીલ.

આ સંસ્થાના ઉદ્દેશોથી ભાગ્યેજ કોઇ વ્યક્તિ અજાણ હશે. જૈન સમાજમાં આ સંસ્થા આજે ૨૨ વર્ષથી ધાર્મિક અને વ્યવહારિક કેળવણીના ઉત્તેજનાર્થે (૧) હિંદુસ્થાનના જુદા જુદા ભાગોમાં ૭૦ થી પણ અધિક સેન્ટરોમાં ધાર્મિક **પરિક્ષા** લઈ ઉત્તિર્ણ થયેલા બાળક-બાલીકાઓને ઇનામો તથા પ્રમાણ પત્રો આપવાનું. (૨) જૈન **પાઠશાળાઓને** મદદ આપવાનું, (૩) માધ્યમિક તથા ઉચ્ચ શિક્ષણ લેતા અને ધાર્મિક સંસ્થાઓમાં અભ્યાસ કરતા **વિદ્યાર્થી**ઓને **સ્કાલરશિપો** આપવા વગેરેનું કાર્ય ઘણીજ સુંદર રીતે બજાવી રહી છે. આજે ધાર્મિક પરિક્ષાઓમાં **૧૨૦૦** જેટલા બાળક-બાલીકાઓ બેસે છે તે ઉપરથી આ સંસ્થા ધાર્મિકજ્ઞાન પ્રચાર અંગે જે સેવા બજાવી રહી છે તેનો ખ્યાલ સ્હેજે આવી શકશે.

આવી ઉત્તમ સંસ્થાને અપનાવવાની દરેક જૈન બંધુની પવિત્ર ફરજ છે. સમાજના બાલક-બાલીકાઓને અજ્ઞાન રૂપી અંધકારમાંથી કાઢી ધાર્મિક અને વ્યવહારિક શિક્ષણ આપવા-અપાવવામાં મદદ કરવાથી પુણ્ય ઉપાર્જન ઉપરાંત સમાજ અને ધર્મની સર્વોત્કૃષ્ટ સેવા બજાવી શકાય છે.

આ વર્ષે અમોને જણાવતા ખેદ થાય છે કે બોર્ડ પાસે પૂરતા ફંડના સાધનોના અભાવે પાઠશાળાઓ અને વિદ્યાર્થીઓને મદદ આપી શકાય એવી સ્થિતિ નથી. પાઠશાળાઓ અને વિદ્યાર્થીઓને મદદ આપવાની ઘણીજ જરૂર છે અને તેઓને નિરાશ ન કરવા પડે તે હેતુથી આ અપીલ આપ સમક્ષ રજુ કરવામાં આવે છે.

આ કાર્ય માટે રૂ. ૧૫૦૦ થી ૨૦૦૦) ની અત્યાવશ્યકતા છે. "ટીપે ટીપે સરોવર ભરાય" એ ન્યાયે આપ આ કાર્ય માટે જરૂરીઆતને ધ્યાનમાં રાખી સારી રકમ ભરી-ભરાવી અગણિત પુણ્ય ઉપાર્જન કરશોજી.

આશા છે કે સમાજના શ્રીમંત અને વિદ્વાનો આ અપીલ લક્ષમાં લઇ આ ફંડમાં તન, મન અને ધનથી અવશ્ય સહાય આપશે.

મદદ મોકલવાનું ઠેકાણું:— લી. શ્રી સંઘ સેવકો,

ઑનરરી સેક્રેટરીઓ,<br>
શ્રી જૈન શ્વે૦ એજયુકેશન બોર્ડ.<br>
૨૦, પાયધુની, ગોડીજીની ચાલ,<br>
મુંબઇ, ૩.

**વીરચંદ પાનાચંદ શાહ**<br>
**સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી.**<br>
માનદ મંત્રીઓ.

નીચેની રકમો આપવા-અપાવવા વચન મળ્યા છે.

**૧૦૧) શેઠ મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ.**<br>
**૧૦૧) શેઠ જમનાદાસ અમરચંદ ગાંધી.**<br>
**૧૦૧) શેઠ વીરચંદ પાનાચંદ શાહ.**

## જાહેર સૂચના.

**'જૈન તીર્થોના સચિત્ર ઇતિહાસ' ના ગ્રાહકોને—**

આ મહત્ત્વભર્યું પુસ્તક પ્રાચીન પ્રામાણિક શોધખોળ પૂર્વક તૈયાર થઇ રહ્યું છે અને છપાય છે. વિલંબ થવો સ્વાભાવિક છે એટલે તેના ગ્રાહકોએ ધીરજ રાખવી. પરિપૂર્ણ પ્રકટ થઇ જશે ત્યારે અમ્હે જાહેર કરીશું અને ગ્રાહકોના કર-કમલમાં સાદર ધરીશું.

તા. ૭-૬-૩૧<br>
પાલણપુર.

નિવેદક—<br>
**નાથાલાલ છગનલાલ શાહ.**

# સમાજના ધરાર પટેલો વિચારશો કે?

દેશમાં જે પરિવર્તન થઇ રહ્યું છે એથી ભાગ્યેજ કોઇ અપરિચિત હોઇ શકે. વળી એની અસર આપણા ઉપર પણ જરૂર થવાનીજ. જો જૈન સમાજને જીવંત તરિકે એ આગામી પરિવર્તનમાં ટકવું હોય તો તેના ધગાર પટેલોએ કુંભકર્ણની નિદ્રા પરહરી, જ્ઞાતિના સંકુચિત વાડામાંથી બહાર આવી કુલીનતાને નામે ઉભા કરેલા ખોટા ડોળોને કાયમને માટે તિલાંજળી આપી સંગઠનના કાર્યમાં કુચ કરવીજ જોઇએ આ વાત દરેકે વિચારી લેવાની છે-પછી તે શ્રાવક હોય કે સાધુ હોય! નાના નાના એટલા ભેદ પ્રભેદ ને તડા કે ટોળામાં આપણી સમાજ છિન્નભિન્ન થઇ ગઇ છે કે એ પર નજર પહોંચાડતા ઘડી ભર થંભી જવાય છે ધર્મની બડી બડી વાતો કરનારા આપણે વાત વાતમાં આગળ પંચાંગી અનુસાર વર્તન કરવાના બણગા ફુંકનાર આપણા ત્યાગીઓ જરા ઉંડા ઉતરી જોશે તો જણાશે કે પરમાત્માના 'સ્વામીભાઇ' ના સગપણનો આપણે પ્રચલિત વાડાઓમાં વહેંચાઇ જઇ કેટલી હદે દુરપયોગ કર્યો છે! આ સંબંધમાં શ્રીમદ્ વિજયાનંદ-સૂરિના નિમ્ન વાકયોજ બસ છે. **જૈન** ધર્મ વિષયિક પ્રશ્નોત્તર પા. ૧૪

ઉત્તરઃ-" જિતને મનુષ્ય જૈન ધર્મ પાલ તે હોવે તિન સર્વ કે સાથ અપને ભાઇ કરતાં ભી અધિક પિયાર કરના ચાહિયે. યહ કથન શ્રદ્ધાદિન કૃત્ય ગ્રંથમેં હૈ ઔર તિનોકી જાતીયાં જેકર લોક વ્યવહાર અસ્પૃસ્ય ન હોવેં તદા તિનકે સાથ ખાને પીનેકી જૈન શાસ્ત્રાનુસાર કુછ અડચણ માલુમ નહી હોતી હૈ...કયોંકિ જબ શ્રી મહાવીરજીએ ૭૦ વર્ષ પીછે શ્રી રત્નપ્રભસૂરિજીને...ઉપકેશપટ્ટન નામક નગર વસાયા તિસ-નગરમેં સવા લક્ષ આદમીયાંકો રત્નપ્રભસૂરિને શ્રાવક ધર્મમે સ્થાપ્યા તિસ સમય તિનકે અઠારહ ગોત્ર સ્થાપન કરે......યેહ અઠારહી જૈની હોનેસે પરસ્પર પુત્ર પુત્રીકા વિવાહ કરને લગે ઔર પરસ્પર ખાનેપીને લગે ઇનમેં કિતને ગોત્રોવાળે રજપૂતથે ઔર કિતને બ્રાહ્મણ ઔર બનિયે ભી થે ઇસ વાસ્તે જેકર **જૈન** શાસ્ત્રસેં યહકામ વિરૂદ્ધ હોતા તો આચાર્ય મહારાજ શ્રી રત્નપ્રભસૂરિજી ઇન સર્વકો એકઠે ન કરતે. ઇસી રીતીસેં પીછે પોરવાડ ઓસવાળાદિ વંશ આપનકર ગયે હૈ, અન્ય કેઇ અડચણ તો નહિં હૈ પરંતુ ઇસ કાળકે વૈસ્ય લોક અપને સમાન કિસી દુસરિ જાતિ વાલેકો નહિ સમજતે હૈ યહ અડચણ હૈ" જૈન શાસ્ત્રમેં નો જિસકામકે કરનેસેં ધર્મમેં દુષણ લગે સો બાતકી મનાઈ હૈ"

આમ સીધી વાત નજર સામે હોવા છતાં આજે લાડવા શ્રીમાળી આદિના ને ઓસવાળ પોરવાળ કે શ્રીમાળીના દશાવીશાના ઝઘડા ચલાવનાર આપણા સિવાય બીજા કોણ છે? સંઘ જમણમાં કચ્છી બંધુઓ સબંધી પણ પૂર્વે આવાજ ભેદોમાં આપણે રમતા હતા. હજુ આજે પણ કેટલાક સ્થળોમાં એના આસ્તિત્વ ખુણે ખાંચરે દ્રષ્ટિગોચર થાય છે સમાન ધર્મની સાથે જ્યાં આટલો ભેદભાવ વર્તતો હોય ત્યાં ઇતર કોમમાંથી ભાગ્યેજ કોઇ જૈન ધર્મી બનવા ઇચ્છા કરે. શું આપણા આવા વર્તનને આપણે પ્રભુની આજ્ઞા અનુસાર કહી શકીશું કે? આ સંબંધમાં કોઇ આગમનો ટેકો છે કે? આપણે ન્યાતો વાડાને ગૌણ કરી પ્રભુશ્રીના સંઘના તો હજી પુનર્વિધાન કરવાના છે. ત્યાં દિન ઉગ્યે આસ્તિક નાસ્તિક કે શાસન પ્રેમના કલહ ઉપસ્થિત કરનારા શાસનનો કેવા પ્રકારે વિજય વાવટો ફરકાવે છે તે જરા શાંતચિત્તે વિચારશે? પહેલી તકે યુવાન કે પ્રૌઢે આ રૂઢિ રાક્ષસીના બંધનોને જડમુળથી કાપી નાંખી સમાન ધર્મીનો અખંડ સંઘ સર્જન કરવાનો આરંભ કરી દેવાની જરૂર છે. સમયના એપર જરૂર આશી-વાંદ વરસશે.

**મોહનલાલ દીપચંદ ચોકસી**

---

( અનુસંધાન પૃષ્ટ ૯૪ થી )

most influential Hindu Sabhas in Gujarat. When the sacred temples of the Jains, at places such as Gupta Prayag ( Kathiawar ), Kudchi (Maharashtra) were in danger. the Hindu Sabha took up the question as its own and wholeheartedly assisted the Jains in getting their grievances redressed, This clearly shows that nobody has ever dreamt that the Jains are a different Community from that of the Hindus. Jainism is not a seperate religion or faith but only a sect hence the Jains are without the least doubt part and parcel of the great Hindu Community. The seperate columns devoted to them in the Census reports imply nothing more than the mentioning of so many other castes and creeds in the Hindu Society. Intermarrigaes between the Jains and the Sanatanists are a matter of every day occurance especially in Gujarat.

Under these circumstances, the Bombay Presidency Hindu Sabha sincerely believes that the particular section of the Hindus at Mombasa referred to above will not persist in alienating their brethren, the Jains, by sticking to their mistaken beliefs and ideas.

I could have communicated this opinion of our Sabha directly to those Hindus had I known the name of their organization and its address. You are therefore requested to forward this to their leader without any delay and oblige.

Yours truly,

Sd./ S. S. Navre.

Secretary, B. P. Hindu Sabha.

---

**ઉપદેશક વાડીલાલ સાકલચંદ** વીજાંપુર પ્રાંત તરફ કૉન્ફરન્સના પ્રચાર કાર્યોર્થે પ્રવાસ કરે છે.

# વિ વિ ધ નોં ધ અને ચ ર્ચા.

## જૈન સમિતિ-મોંબાસા—

આ સમિતિ તરફથી તેના માનદ મંત્રી શ્રીયુત આર. એમ. શાહ તરફથી તા ૧૨-૫-૩૧ નો લખાયેલ અંગ્રેજીપત્ર મળ્યો હતો જેમાં જણાવવામાં આવ્યા પ્રમાણે ત્યાંના કેટલાક હિંદુઓએ જૈનો હિંદુ નથી એવી જાતની 'ચેલેંજ' કરી હોવાની ફરીયાદ સાથે પોતાનો અભિપ્રાય આપતાં જે પત્ર લખ્યો છે તે તથા અન્ય પત્ર વ્યવહાર આ નીચે આપવામાં આવ્યો છે. આ પત્ર વ્યવહાર અગત્યનો કોઈ માર્ગદર્શક નિવડે અને નિરર્થક સંઘર્ષણ ઉભું ન થાય એમ માની યથાસ્થિત છાપવામાં આવ્યો છે.

Shri Jain Samiti, Post Box No. 21,
MOMBASA, 12th May 1931.

To,
The Resident General Secretaries, The Jain Swetamber Conference, Bombay.

Gentlemen:-I am directed by the local Jain Samiti to request you to furnish me the necessary information on the following points:-

(1) Is the Jain Community absolutely apart from the Hindu Community like the Parsis or Sikhs? (2) If not, then are the Jains part of the Hindu population and can they be called Hindus? (3) Does the All-India Census return of the Jains effect their position as Hindus and can it be based on that score that the Jains are entirely a different Community? (4) In almost all the cases the Jains belong to certain castes of the Hindus such as Banias etc and therefore they should be Hindus but how could it reconcile with the former question?

I may inform you that a Section of the Hindus of Mombasa have challenged the local Jains that they are not Hindus and I therefore beg you to let know how we should meet this menance. In the judgment of my Samiti the Jains are properly Hindus as a race and the part of the Hindu Community, however, they may differ in their religious beliefs. Your considered opinion will be of great help to my Samiti. Please return the answer be the mail leaving Bombay on the 3rd June for East Africa. With anticipatory thanks, Yours faithfully.

Sd./ R. M. Shah.
Honorary Secretary,
Shri Jain Samiti, Mombasa.

કૉન્ફરન્સ તરફથી તા. ૧ જૂન ૧૯૩૧ ના રોજ લખાયેલ જવાબ:—

To,
R. M. Shah Esquire,
Honorary Secretary, Shri Jain Samiti,
P. O. No. 21, MOMBASA.

Dear Sir,.

With reference to your letter dated 12th May 1931, we beg to address you as under:-

We are very much astonished at the stand taken be the section of the Hindus at Mombasa which is in direct contravention of the well defined and settled objects of the Hindu Mahasabha-a printed copy whereof is enclosed herewith.

We fully endorse the view of your Samiti that the Jains are properly Hindus as a race and part of the Hindu Community, howso-ever they may differ in their religious beliefs. To support the said view we beg also to enclose a copy of the resolutions passed by the 13th Session of this Conference and have to draw your special attention to the resolution No. 12, which clearly states that the Jains form an integral part of the Hiudu Community and as such a demand is made in 12 (Gha घ) to enlist Jains as Hindu voters for election purposes. The demand for seperate columns in some cases is specially intended and urged for with a view only to ascertain the exact position of the Community in such respects as increase or decrease of population and spread of education.

It will be of additional support to our aforesaid view to draw your attention to the order of the Commissioner C. D. Poona, who after prolonged correspondence with this Office and the Government of India was obliged to accept the position of the Jains as Hindus in the case of Cantonment Elections where it was not so formerly. Copy of the final order is enclosed herewith.

In all other cases Jains are already considered as Hindus for election purposes.

The local authorities of the Hindu Mahasabha having been moved on this point, are also communicating to their agents in Mombasa supporting our view point and a copy of the said communication is also enclosed herewith for your information.

The Hindu Mahasabha and Pundit Madan Mohan Malaviya strongly maintain that the Hindus, Jains and Buddhists are the three subdivisions of the one Aryan race and a reference to this fact was made in the speeches made at the Session of the said Sabha held in Benares in the Samvat year 1979 (copy whereof being locally unavailable could not be sent). Not only this but both Jainism and Buddhism are as truly Indian religions as Hinduism which is not the case with the Moslem, Parsi or Christian religions.

It may also be stated that in some parts of Gujarat & Kathiawar even now instances of intermarriages between Jains, Vaishnavas and others are to be found in numbers and in some cases Jains and Vaishnavas form one caste such as Dasha Shrimali in the district surrounding Junagadh and Mangrol.

It is really a matter for pity and regret for the section of Hindus there-although they are our brethern-they still persist in such squabbles in these days of enlightenment, progress unity and solidarity. We believe the efforts of the Hindu Mahasabha will correct their attitude if it still be persistent.

The answers therefore to your four querries inorder are. (1) No (2) By race YES. (3) No (4) By race JAINS are Hindus and the Government of India with a view to let the Community know its position has granted seperate columns in the census returns.

We shall thank you to let us know, by return mail, the result of your endeavours.

Yours faithfully,
(Sd) **Mohanlal B. Jhaveri.**
Resident General Secretary.

Encs. 4.

**બામ્બે પ્રેસિડેન્સી હિંદુ સભાનો પત્ર:—**

The Bombay Presidency Hindu Sabha
Custom House Road, Hari Building, Fort,
Bombay, 30th May 1931.

To,
R. M. Shah Esquire,
Hon. Secretary, Shri Jain Samiti,
P. O. No. 21. MOMBASA.
(British East Africa)

Dear Sir,

The Bombay Presidency Hindu Sabha was much astonished when it was brought to its notice that a section of the Hindus at Mombasa is opposed to the inclusion of the local Jains in the Hindu Community. This attitude is not only entirely opposed to the prevailing public opinion in India but also determinental to the interests of the Hindu Community as a whole. This Sabha hopes that this is merely due to the ignorance of that section regarding the historical development of the Hindu Society for many centuries past and not to mischievous machinations of some interested hidden hand.

Hinduism is a ervy broad term comprising various sects such as Sanatanists. the Arya Samajists, the Jains the Sikhs, the Buddhists, the Lingayats and others. The Hindu Mahasabha, the largest all-India Hindu organization, has made this point clear at the very outset in its objects when a defining the term "Hindu." Great and learned leaders like Pundit Madan Mohan Malaviya, the late Lala Lajpatrai and Swami Shraddhanandji were responsible for this defination which was afterwards endorsed more than once in the sessions of the Hindu-Maha-Sabha. Its correctness was upto this time never questioned either by the Orthodox Hindus or by the Jains. Hundreds of Jains were allowed to enroll themselves as Members of the Hindu Mahasabha. The late Mr. Purshottamdas Shah, who was mercilessly murdered by Mohammadans in the Godhra riots of 1928 was a Jain and at the same time President of one of the

(અનુસંધાન પૃષ્ઠ ૯૨ ઉપર જુઓ.)

( अनुसंधान पृष्ठ ९६ से )

कई परीक्षक कास्मीर के केशर को पवित्र और शुद्ध बतलाते हैं। इस विषय में विचार करनेकी बात है कि कास्मीर में जितना केशर उत्पन्न होता है उससे अधीक—कई गुना—हमारे जैन मंदिरों मे काम आता है। अजैन मंदिरों में और खान पानकी सामग्रीयों में भी उसका उपयोग होता है। इस परसे हम यह कैसे मानलें कि हमे शुद्ध केशर मिलता है?

शुद्ध, अशुद्ध से तात्पर्य यह है कि केशरमे रंग लाने के लिए तरह तरह के पूट खून आदि के दिये जाते है, जिससे अहिंसा धर्मके अनुयायीओं के लिए वह छूने के लायक वस्तु भी नहीं रहती।

पूजा की सामग्री मे सर्वथा शुद्धता का ख्याल रखना अवश्य है। केशर यदि शुद्ध न मिलता हो तो और किसी सुघन्धित वस्तुसे काम निकाल सकते है, गुलाब की जगह चमेलीका फूल काममे लिया जासकता है। गरज यह कि केशर का आग्रह नहीं, किसीभी सुगन्धित, शुद्ध पदार्थका व्यवहार मे लाने का शास्त्रोमे विधानहै। अंतः यदि केशर शुद्ध नही मिलता हो तो हमे चंदन इस्तेमालमे लाना चाहिए।

चंदन सफेद होता है, केशर लाल होता है। रंगका मोह श्रावक कभी न करे। रंगीन पदार्थों के उपयोग से धर्म नहीं होता।

अशुद्ध केशर मिलने के कारण कइ एक स्थानों मे केशरका उपयोग मे लाना बंद करने मे आया है। अहिंसा धर्म पालक, जैन बंधुओ को इस विषय विचार कर यादिधार्मिक दृष्टि से ठीक दिखाई दे तो केशर की जगह चंदन इस्तेमाल मे लानेका निश्चय करना चाहिये।

—हिं रत्न पंडित ईश्वरलाल जैन, मुलतान.


તૈયાર છે! 卐 સત્વરે મંગાવો!

## 'શ્રી જૈન ગુર્જર કવીઓ ભાગ ૨.'

આશરે ૧૦૦૦ પૃષ્ટનો દલદાર ગ્રંથ

### કિંમત ત્રણ રૂપીઆ.

સંગ્રાહક:-જૈન સાક્ષર શ્રી મોહનલાલ દ. દેશાઈ, બી. એ. એલ. એલ. બી; એડવોકેટ.

પ્રાપ્તિસ્થાન:-શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ. ૨૦, પાયધુની, મુંબઈ ૩.

## શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

### શ્રી સારાભાઈ મગનભાઇ મોદી લોન—સ્કોલરશીપ ફંડ.

આ ફંડમાંથી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સ્ત્રી કે પુરૂષ વિદ્યાર્થીને નીચે જણાવ્યા મુજબ અભ્યાસ કરવા માટે આર્થિક સહાય લોન રૂપે આપવામાં આવે છે.

(૧) માધ્યમિક કેળવણી અંગ્રેજી ચોથા ધોરણની અંગ્રેજી સાતમાં ધોરણ સુધીના અભ્યાસ માટે. (૨) ટ્રેઇનીંગ સ્કૂલ અથવા કોલેજમાં અભ્યાસ કરી ટ્રેઇન્ડ શિક્ષક થવા માટે. (૩) મિડવાઇફ કે નર્સ થવા માટે. (૪) હિસાબી જ્ઞાન Accountancy ટાઇપ રાઇટીંગ, શોર્ટહેન્ડ વિગેરેનો અભ્યાસ કરવા માટે. (૫) કળાકૌશલ્ય એટલે કે પેઇન્ટીંગ, ડ્રોઇંગ, ફોટોગ્રાફી, ઇજનેરી વિજળી ઇત્યાદિના અભ્યાસ માટે. (૬) દેશી વૈદ્યકની શાળા કે નેશનલ મેડીકલ કોલેજમાં અભ્યાસ કરવા માટે.

લોન તરીકે મદદ લેનારે મુકરર કરેલ ધાર્મિક અભ્યાસ કરવો પડસે. તથા લિખિત કરાર પત્ર કરી આપવું પડશે. અને કમાવાની શરૂઆત થતાં જે મદદ લીધી હોય તે તેના મોકલવાના ખર્ચા સહિત વગર વ્યાજે પાછી વાળવાની છે. વિશેષ જરૂરી વિગતો માટે તથા અરજી પત્રક માટે સેક્રેટરીને ગોવાલીયા ટેંકરોડ,-ગ્રાન્ટરોડ-મુંબઇ લખો.

* સ્ત્રીઓએ લેખીત કરારપત્ર કરી આપવાનું નથી, વળી ટ્રેઇન્ડ શિક્ષક થનાર પુરૂષે તેમજ જેઓ માત્ર ધાર્મિક, સંસ્કૃત યા પ્રાકૃતનો અભ્યાસ કરી તે ભાષામાં પુરેપુરા નિષ્ણાત થવા માગશે તેઓએ પણ કરારપત્ર કરી આપવાનું નથી. એટલે કે આ બન્નેએ પૈસા પાછા આપવા કે નહિ તે તેમની મુનસફી ઉપર રહેશે.

## જૈન વિદ્યોત્તેજક સહકારી મંડળ લીમીટેડ.

### સને ૧૯૨૫ ના સાતમાં એકટ પ્રમાણે તા. ૧૩-૧૨-૨૬ ને રોજ રજીસ્ટર થયેલી.

### હેડઓફીસ:-ટાઉન હોલ સામે-મુંબઈ.

થાપણ રૂા. ૫,૦૦,૦૦૦, દરેક રૂા. ૨૫) ના વીસ હજાર શેરોમાં વહેંચાયેલી ભરાયેલી થાપણ ૯૪૬૦૦ વસુલ આવેલી થાપણ ૫૪૬૪૦ દર શેરે રૂા. ૫) અરજી સાથે રૂા. ૧૦) એલોટમેન્ટ વખતે, અને રૂા. ૧૦) ત્યાર પછી.

ઉપરોક્ત મંડળમાંથી દરેક લાઇનમાં અહિં તેમજ પરદેશમાં અભ્યાસ કરવા માટે હાલ તુરત મુંબઇ ઇલાકાના ચંચળ બુદ્ધિના શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીઓને અભ્યાસ દરમીયાન છ આનાના વ્યાજે તથા ત્યાર પછી આઠ આનાના વ્યાજે યોગ્ય જામીનગીરીથી અને વીમો ઉતરાવી લોન આપી સહાય કરવામાં આવે છે. વિશેષ હકીકત માટે ઓનરરી સેક્રેટરીને ટાઉન હોલ સામે, કોટ, મુંબઇ લખવું.

શેર ભરનારાઓને વધુમાં વધુ ચાર ટકા વ્યાજ આપવાનો નિયમ છે. શેર લેવા ઇચ્છનારે ઉપરના સરનામે લખવું.

# जैन युग.

वीर संवत् २४५७. हिन्दी विभाग. ता. १५-६-३१.

## जैन धर्म और केशर.

( गतांक ९ से आगे. )

मूल सूत्र में जिनेन्द्र देवपर चढाने योग्य बहुतसे सुगन्धित पदार्थों के नाम हैं, जिससे यह स्पष्ट है कि हम यह आग्रह नहीं कर सकते कि पूजन में केशरही चढाया जाय।

अब बात यह है कि उन सामग्रियों मे भी केशरका नाम कहीं है वा नहीं? यह बात उन सूत्रों के पाठ उद्धृत करने परही विचारी जा सकती है। तो भी इतना निश्चित ही है कि केशर चढानाही चाहिए यह उल्लेख नहीं पाया जाता।

प्राचीन आचार्य कृत ग्रन्थों मे से श्री उमास्वाति कृत × ( जो लगभग ८ वीं शताब्दि में हुए हैं ) "पूजा प्रकरण" खास पूजन विधि आदि के संबन्ध में है, परन्तु उस ग्रन्थ के भी पास न होनेसे उसके आधार पर विशेष नहीं लिख सकता।

अर्वाचीन ग्रन्थों के विषय में यह कहा जासकता है कि प्राय: सभीने केशर शब्दका उपयोग किया है, और आजकल नई बनाइ जानेवाली पूजाओं के पाठों मे केशर शब्दका प्रयोग बहुतायत से पाया जाता है। परन्तु इन पूजाओं के रचयिताओं पर हमारी आधुनिक प्रणालीकी ही अधिक छाप है, जिसके कारण उनका ऐसी वस्तुओंका समावेश करना एक स्वभाविक बात है। यह छाप इतनी प्रबल है कि वह विचार के लिए कोई स्थान ही नहीं रखती।

आज कल प्राय: यह देखा जाता है कि कई व्यक्ति मात्र चंदन चढाते हुए भी मुंह–से उच्चारण करते हैं, "केशर चंदन यजामहे स्वाहा." यह क्या है? सब वातावरण की प्रबल छाप जो कि हमें यह नहीं सोचने देती कि हम क्या कह रहे हैं और क्या कर रहे है।

अर्वाचीन ग्रथों मे यह भी शंका हो सकती है कि उनमें नई नई वस्तुओं के लिए नये नये नाम समावेशित किये हों, इस लिए हमको प्रमाग ग्रन्थ मानना और उनसे केशर पूजाका होना सिद्ध करना खटकनेवाली बात है।

हां! यह सबको मानना होगा कि अच्छी चीजको ग्रहण करना और बुरी चीजको छोडना हमारे कर्तव्य और विवेकपर ही अवलम्बित है।

नोट:– × कितनेही ऐतिहासज्ञों के मतसे उमास्वातिजी पहेली शताब्दि मे हुए है। तंत्री:—जैन युग.

केशर * शब्दका प्राचीन ग्रंथो में भले ही नाम मिलता हो, परन्तु उससे कोई यह सिद्ध नहीं कर सकता कि यदि अपवित्र और अशुद्ध केशर मिलती हो तोभी उससे पूजन करना युक्त है।

पूर्वोक्त बातों से यह तो निश्चितही है कि यह आग्रह नहीं किया जासकता कि केशरही चढाना चाहिये।

अब बात यह है कि यदि केशर चढाया जाय तो कैसा और न चढाया जाय तो और क्या चढाया जाय।

इन दोनों प्रश्नोका उत्तर वर्तमान अवस्था को देख करही दिया जासकता है, इसके लिये अतीतकालकी कोई बात बाधक नहीं हो सकती। द्रव्य, क्षेत्र, काल, भावानुसार परिवर्तन होते आये हैं और होते चले जायंगे। भले ही शास्त्रों मे पूर्वकाल केशरका विधान मिले, पर यदि हमें शुद्ध केशर नहीं मिलता हो तो उसका हम कदापि इस्तमाल न करें।

हम जानते हैं कि पूजाओंमे हम कस्तूरी जैसे शब्दोंका प्रयोग करते हैं, तोभी कहीं कस्तूरी चढाई जाती हो ऐसा नहीं देखा गया।

यह तो मानना पडेगा कि आज कल केशर मिलता अवश्य है परन्तु संशय इस बातका है कि वह शुद्ध है या अशुद्ध?

आज कल चारों ओर से यही अवाज सुनाई देती है कि केशर शुद्ध मिलता ही नहीं। ऐसे संयोगो में बजारमे बिकने वाली केशर की शुद्धता–अशुद्धता का कोइ प्रमाण जबतक नहीं मिले तबतक उसे चढानेका हमें अधिकार नहीं हो–सकता।

( अनुसंधान पृष्ट ९५ उपर )

* प्राचीन और अर्वाचीन ग्रंथो में केशरके अर्थ में कुंकुम, और काश्मीरज शब्दका प्रयोग होता दिखाई देता है। तंत्री:—जैन युग.

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay 3.

Regd. No. B 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.)

વર્ષિક લવાજમ
રૂપીઆ બે.

તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ.
[મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.]

છુટક નકલ
દોઢ આનો.

વર્ષ જુનું ૬ ઠું. નવું ૧ લું.

તા. ૧ લી જુલાઈ ૧૯૩૧.

અંક ૧૩ મો.

- મુખ્ય લેખકો -
શ્રી મોહનલાલ દ. દેશાઈ,
બી. એ. એલએલ. બી.
એડવોકેટ.
,, મોતીચંદ ગિ. કાપડીઆ,
બી. એ. એલએલ. બી.
સોલીસીટર.
,, ઉમેદચંદ ડી. બરોડીઆ,
બી. એ.
,, હીરાલાલ હાલચંદ દલાલ
બાર-એટ-લૉ

-સુચનાઓ-

૧ આ પત્રમાં પ્રકટ થતા લેખો માટે તે તે લેખના લેખકોજ સર્વ રીતે જોખમદાર છે.
૨ અભ્યાસ મનન અને શોધ-ખોળના પરિણામે લખાયેલા લેખો વાર્તાઓ અને નિબંધોને સ્થાન મળશે.
૩ લેખો કાગળની એક બાજુએ શાહીથી લખી મોકલવા.
૪ લેખોની શૈલી, ભાષા વિગેરે માટે લેખકોનું ધ્યાન 'જૈન યુગની નીતિ-રીતિ' પ્રત્યે ખેંચવામાં આવે છે.
૫ આ પત્ર દર મહિનાની પહેલી અને પંદરમીએ પ્રકટ થાય છે.

પત્રવ્યવહાર:-
તંત્રી—જૈન યુગ.
ઠે. જૈન શ્વેતાંબર કૉ. ઓફીસ
૨૦, પાયધુની-મુંબઈ ૩

## રાષ્ટ્ર ભાગ્ય ઘડનાર.

દિવ્ય ભૂમિનો અડગ યોગી જો આ યુગ સરજનહાર,
પ્રગતિ આંદોલન કરનારો રાષ્ટ્ર ભાગ્ય ઘડનાર;

જન્મથી સત્ય શસ્ત્ર સજનાર,
અહિંસા આલંબન આધાર;
સ્વાનુભવ કથનોનો કથનાર,
કરાવે યાદ ઇશ અવતાર. ૧

તેજસ્વી ગુણીયલ ગૂજરાતે સ્થાપ્યો સંત વિહાર,
તપ પુંજે અંજાયું જગ સહુ કેવો આ ચમકાર!

પ્રાણ પર દુઃખે પાથરનાર,
દેહને શ્રમથી બહુ દમનાર;
શાસ્ત્રથી શોધ્યા સત્ત્વ વિચાર,
બોલવું આચરવું નિર્ધાર. ૨

ટૉલસ્ટોય રસ્કીન વિચાર્યાં નીચોવ્યો જગ સાર,
રાજચંદ્ર જીવન અભ્યાસે મન બળ પ્રાપ્ત અપાર;

વેદ સમ વાણીનો વદનાર,
ઉતારી ગીતા અંતર દ્વાર;
મહાવ્રત સવિશેષ ધરનાર,
જાણેકે વીર અંશ અવતાર. ૩

નસ નસ ચેતન રસ પોષક છે નવ જીવન સંચાર,
જડ ઉખેડી જીર્ણ રૂઢિ ત્યાં આર્ય ઉચ્ચ સંસ્કાર;

કર્યો છે અધમ કોમ ઉદ્ધાર,
બાળ વિધવા દુઃખ ભાગીદાર;
હિંદુ મુસલીમ સંધિ કરનાર,
વીર એ પર દુઃખ ભંજનહાર. ૪

યુદ્ધ રચાયું આ અવનિ પર અજબ વ્યૂહ રચનાર,
જન્મ સિદ્ધ હક સંપ્રાપ્તિમાં મરણ લગી લડનાર;

(અનુસંધાન પૃષ્ઠ ૧૦૨ ઉપર.)

**उद्धाविव सर्वसिन्धवः, समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः ।**
**न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**
**-श्री सिद्धसेन दिवाकर.**

અર્થઃ-સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે; પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

સરિતા સહુ જેમ સાગરે, તુજમાં નાથ! સમાય દૃષ્ટિઓ:
જયમ સાગર ભિન્ન સિન્ધુમાં, ન જણાયે તું વિભક્ત દૃષ્ટિમાં.


# જૈન યુગ.

તા. ૧-૭-૩૧ બુધવાર.


## પ્રાન્તિક પરિષદો.

ગત પક્ષના અંતે દક્ષિણ મહારાષ્ટ્રમાં બે પરિષદો મલી ચુકી છે અને આવી પરિષદો મેળવવા અને તે દ્વારા સમાજ હિતના પ્રશ્નો સમગ્ર દૃષ્ટિએ તેમજ ખાસ કરી તેજ પ્રાન્તની દૃષ્ટિએ ચર્ચવા અને જાગૃતિ કાયમ રાખી અંતિમ ધ્યેયને આ પ્રવૃત્તિ મારફતે પહોંચી વળવા મહારાષ્ટ્રીય બંધુઓ કેટલી કાળજી અને ચીવટાઇ રાખે છે તે કહેવાની ભાગ્યેજ જરૂર હોય. તેઓ લગભગ નિયમિત રીતે આવાં અધિવેશનો મેળવી શકયા છે એજ તેમની કર્તવ્ય બુદ્ધિની સાબીતિ છે. મહારાષ્ટ્રીય બંધુઓની આ ખંત પ્રશંસાપાત્ર છે એટલુંજ નહિં પણ સર્વથા અનુકરણીય છે.

શ્રી દક્ષિણ મહારાષ્ટ્ર જૈન શ્વે. પ્રાન્તિક પરિષદના પ્રમુખસ્થાને વિદ્વાન્ બંધુ શ્રી મકનજી મ્હેતાની વરણી થઇ હતી અને સમાજ તેમજ દેશની ચાલુ પરિસ્થિતિને અંગે તેમણે જે સ્વતંત્ર વિચારો નિડરપણે રજુ કર્યાં છે તેનો પુખ્તપણે વિચાર કરી ઘટતા ઠરાવો કરવાનો પ્રસંગ આવાં સંમેલનનાં પ્રસંગો ન યોજાય તો શકય નથી અને તેથીજ આવાં સંમેલનોના ઉત્પાદકો અને કાર્યવાહકો પોતાના અમૂલ્ય સમયને ભોગે પાર પાડવા હામભીડે તો તે બદલ તેમને ખરેખર અભિનંદન ઘટે.

શ્રી મહેતાનાં ભાષણમાં દેશની આઝાદીની સત્ય અને અહિંસાના મૂળભૂત સિદ્ધાન્તો પર રચાએલી લડત, વ્યાપારને લગતા સ્વદેશી બેન્કો વિમા કંપનીઓ, સ્વદેશીની ભાવના યુક્ત રેંટીઆ પ્રવૃત્તિ અને ખાદીની ખાનદાની વગેરે જૈન કોમને તેમજ સમસ્ત દેશને લગતા પ્રશ્નો ચર્ચાયા ઉપરાંત વિશિષ્ટ રીતે કોમને લગતા પ્રશ્નો પરત્વે પણ પોતાના સ્પષ્ટ વિચારો વ્યક્ત કરવાનું તેઓ ચૂકયા નથી.

જૈન કોમમાં ત્રણે ફિરકાઓના ઐકય વિષે શ્રી મહેતા કહે છે કે 'ત્રણે ફિરકા એક થાય તેનાજ પ્રયત્નો કરવા જોઇએ. મૂર્તિપૂજકને સ્થાનકવાસી બનાવવામાં અને સ્થાકવાસીઓને મૂર્તિપૂજકો બનાવવામાં મુનિ મહારાજો અંદર અંદર લડી મરી લાખો રૂપીઆનો ખર્ચ કરે છે તે સમાજને માટે કોઇ પણ રીતે ઇચ્છવા યોગ્ય નથી.' આગળ ચાલતાં તેઓ કહે છે કે 'દરેક ફિરકામાં કેળવણીની જૂદી જૂદી સંસ્થાઓ છે તે એક થવી જોઇએ. જૈન સાહિત્યનો ફેલાવો કરવા માટે ત્રણે ફિરકાએ સાથે મળી કામ લેવું જોઇએ.' ભારપૂર્વક કહેવું ઘટે કે ત્રણે ફિરકાઓના સર્વ સામાન્ય હિતના પ્રશ્નોમાં આગેવાનો એકત્ર મલી અંતઃકરણ પૂર્વક પ્રયાસો કરે તો કાર્ય ઘણું થઇ શકે તેમ છે અને ત્યારેજ શ્રી મકનજીભાઇનું આ વકતવ્ય ફલિત થાય. 'એ અપૂર્વ અવસર કયારે આવે'!

આ ઉપરાંત દીક્ષાનો પ્રશ્ન જે આજે સમાજને ગુંગળાવી રહ્યો છે તે સંબંધે તેમના વિચારો ઘણા અર્થ ભર્યા છે અને નિડર રીતે મૂકાએલા છે. જે ઝગડાખોરી દીક્ષાના નામે ચાલી રહી છે 'તેની ચર્ચાઓ જોતાં નિરર્થક ઝગડાઓ પોષનારાઓનું એ કર્તવ્ય હોય એમ કહ્યા વિના ચાલતું નથી' તેઓ કહે છે કે 'પવિત્ર દીક્ષા અંગીકાર કરવા-કરાવવા સામે કોઇ પણ સાચા જૈનને વાંધો હોઇ શકે નહિં; છતાં હાલ જે એક ન્હાનો પક્ષ ઉભો થયો છે તે એક યા બીજા બ્હાને સાચા જૈનને ન છાજે તેવી રીતે... પ્રગતિ ઇચ્છનારાઓ પ્રત્યે પોતાના રોષનાં પોટલાં ખાલી કરે છે. અને જૈન સમાજમાં ભારે અશાંતિનું વાતાવરણ પોષી રહ્યો છે...જે મતભેદ જોવામાં આવે છે તે મુખ્યતયા દીક્ષા આપવાની નીતિ રીતિ અને પાત્રની યોગ્યાયોગ્યતા માટે જણાય છે...અયોગ્ય દીક્ષાઓની પાછળ છુપાએલ ઘેલછા એ એક જૈન કોમને શરમાવનારી ને જૈન ધર્મને હિણપત લગાડનારી ખરેજ કહેવાય.' આ વિચારો રૂઢી ચુસ્તોને મજબૂત જવાબ પૂરો પાડે છે અને પ્રગતિ ઇચ્છનારા દીક્ષાના વીરોધીઓ નથી એમ પણ સાથે સાથેજ જાહેર કરે છે. જૈનો જમાનાની સાથે જીવવા માંગતા હોય તો ધર્માંધ જમાનાનાં જીવન ગાળનારાઓને ચરણે મુંબઇ સમાચારના તંત્રી સ્થાનેથી તા. ૧૬ મી જુને દર્શાવાએલા વિચારો ધરવા જોઇએ કે 'જૈન જેવી વ્યવહાર કુશળ વ્યાપારી કોમ જેણે એક સમયે ગુજરાતનું રાજ્યતંત્ર ચલાવ્યું હતું તે એ સંબંધે સંતોષકારક નિરાકરણ ન કરતાં અત્યારના જાગૃતિ યુગને નહિં પણ ધર્માંધ જમાનાને છાજે તેવી રીતે અંદર અંદર લડી નાણાં અને શક્તિની બરબાદી કરી નબળી પડતી જાય છે તે અત્યંત શોચનિય છે.'

શ્રી મહિલા પરિષદના પ્રમુખસ્થાનેથી શ્રીમતી સૌ૦ ગુલાબ બ્હેનનું વક્તવ્ય આજની જાગૃત થએલી સ્ત્રી શકિતનું પૂરૂં ભાન કરાવે તેવું છે અને શ્રાવિકા સમાજના પ્રશ્નો પર પૂરો પ્રકાશ પાડે છે એટલુંજ નહિ પણ એ જાગૃત થએલી સ્ત્રી શક્તિ તેના જરૂરી હક્કોનું પાલન માંગે છે એ તેમના નેતૃત્વ નીચે પસાર થએલા ઠરાવો જે અન્યત્ર પ્રકટ થયા છે તે પરથી અને તેમના વ્યકત થએલા જુસ્સાદાર અને મક્કમ વિચારોમાં તરવરતા જોઇ શકાય તેમ છે. જૈન સમાજ સબડતી દશા હવે વધુ વખત ચલાવી નહિં શકે એ વાત નિર્વિવાદ છે. અને તેથીજ સમાજના કૂટ પ્રશ્નો અને પ્રગતિના માર્ગો વિચારી તેનો સત્વરે નિર્ણય અને અમલ કરવાની જવાબદારી સમાજના આગેવાનોની તેમજ સમાજના પ્રત્યેક અંગની રહે છે.

# શ્રી દ. મ. જૈન શ્વેતાંબર પ્રાં. પરિષદ.

## અધિવેશન ૭ મું—સાંગલી.

તા. ૧૨-૧૩ જુન ૧૯૩૧.

ઉપરોક્ત પરિષદ શેઠ બાપુભાઇ રતનચંદની જીનીંગ ફેક્ટરીની જગ્યામાં ભરવામાં આવી હતી. સ્વાગતાધ્યક્ષ શેઠ બાપુભાઇ રતનચંદે પોતાનાં ભાષણમાં જૈન ધર્મનો સંક્ષિપ્ત ઇતિહાસ વર્તમાન પરિસ્થિતિ અને સુધારણા કરવાના ઉપાયો થોડા શબ્દોમાં સૂચવ્યા હતા ત્યારબાદ શ્રી૰ મકનજી જે. મહેતા. B. A. LL. B. Bar at law મુંબઇ એઓએ પરિષદનું અધ્યક્ષસ્થાન સ્વીકારી પોતાના ભાષણમાં જણાવ્યું કે લીગ ઑફ નેશન્સ કરતાં પૂજ્ય ગાંધીજીનું સ્થાન ઉંચુ છે. દેશની સ્વતંત્રતામાંજ સામાજીક ઉન્નતિ છે આર્થિક ઉન્નતિ માટે રાજ્યકીય સ્વતંત્રતા આવશ્યક છે. આદિમાંજ સ્વરાજ્ય



મહિલા પરિષદ્‌ના પ્રમુખ—
**શ્રીમતી ગુલાબ બ્હેન મહેતા.**



પ્રાંતિક પરિષદ્‌ના પ્રમુખ—
**શ્રીયુત મકનજી જે. મહેતા.**
બાર-એટ-લૉ.

છે. પરદેશી કપડામાં અમારા દેશની દરિદ્રતા રહેલી છે. અને તેથી હજારો ભારતવાસીઓ પેટ પુરતા અન્નને પણ પામતા નથી. મૂખ્ય ધંધા તરીકે ચરખાનો સ્વીકાર અને તેમાંજ ગરીબોનો આનંદ અને અન્ન ભરેલા છે-બૅંકો કાઢવી-વીમા કંપનીઓ તથા સ્વદેશી વહાણવટાને ઉત્તેજન આપવું-સ્વદેશી વસ્તુઓ વાપરવી-કૅટલ પ્રૅાટેકશન બીલ અમલમાં લાવી ખેતીને ઉત્તેજન આપવું વિગેરે બાબતો તેઓએ પોતાના ભાષણમાં અસરકારક રીતે સ્પષ્ટ કરી હતી. વળી તેઓએ આગળ બોલતાં જણાવ્યું કે સંસ્થાની દેશી પ્રજાના હક્કોનું સંરક્ષણ જો સ્વરાજ્ય ઘટનામાં ન થાય તો એવી રાજ્ય ઘટના કોઇ કબૂલ ન કરે-અને સ્ત્રીઓને પણ સામાજીક અને રાજ્યકિય બાબતોમાં યોગ્ય સ્થાન મળવું જોઇએ.

સ્વાગતાધ્યક્ષ શેઠ બાપુભાઇ રતનચંદ તથા પ્રમુખ કાર્યકર્તા શેઠ ચતુરભાઇ પિતાંબર એઓ પોતાનો વ્યવસાય છોડી પરિષદને યશસ્વી કરવાના હેતુથી એક માસ થયાં અથાગ પરિશ્રમ ઉઠાવી રહ્યા હતા.

## શ્રી દ. મ. જૈન શ્વેતાંબર પ્રાં. પરિષદ્.

### અધિવેશન ૭ મું—સાંગલી.

### — પાસ થયેલા ઠરાવો. —

ઠરાવ ૧.

રાષ્ટ્રપતિ પંડીત મોતીલાલ નેહરૂ જેઓની અનન્ય દેશભક્તિ તેમજ માતૃભૂમિની સ્વતંત્રતા માટે કરેલુ અવિશ્રાંત પરિશ્રમ અને અસિમ સ્વાર્થત્યાગ માટે શ્રી દ. મ. જૈન શ્વેતાંબર પ્રાં. પરિષદ હાર્દિક સન્માનની લાગણી ધરાવે છે. તેઓશ્રીના આ રાષ્ટ્રીય જંગના કટોકટીના પ્રસંગે સ્વર્ગવાસથી આ ભારત વર્ષને એક ન પૂરી પાડી શકાય તેવી ભારે ખોટ પડી છે. તેથી આ સભા દિલગીરી પ્રદર્શિત કરે છે અને પંડીત જવાહરલાલજી તેમજ તેમના અન્ય કુટુંબીયો તરફ દિલસોજી બતાવી સહાનુભૂતિ દર્શાવે છે

**પ્રમુખ સ્થાનેથી.**

ઠરાવ ૨.

ભારતની સ્વતંત્રતા મેળવવા માટે મહાત્મા ગાંધીજીએ જે મહાભારત કાર્ય અહિંસા અને સત્યના પાયા ઉપર ચલાવેલ છે તે માટે આ સભા સંપૂર્ણ સહાનુભૂતિ સાથે મહાત્માજીનું અપૂર્વ ગૌરવ કરે છે. અને તેઓના ભવિષ્યના કાર્યક્રમમાં ભાગ લેવા જૈન સમાજને આગ્રહ પૂર્વક વિનંતિ કરે છે.

**પ્રમુખ સ્થાનેથી.**

ઠરાવ ૩.

હિંદની આઝાદીની લડતમાં હજારો બંધુ ભગિનીઓએ પોતાના સુખ વૈભવોને ઠોકરે મારી દેશના માટે કારાગ્રહવાસ સહન કરેલ છે અને જેઓએ પોતાના પ્રાણ દેશ સેવામાંજ

અર્પણ કરેલા છે તેઓ માટે આ સભા અંતઃકરણપૂર્વક સન્માનની લાગણી ધરાવે છે. અને જૈન બંધુ ભગિનિઓએ આ લડતમાં જે કંઇ ફાળો આપેલો છે તે માટે આ સભા તેઓનું અભિનંદન કરે છે.

**પ્રમુખ સ્થાનેથી.**

**ઠરાવ ૪.**

દક્ષિણ વિભાગમાં સાધુ મુનિરાજો ઘણા ઓછા પ્રમાણમાં વિહાર કરતા હોવાથી ગુજરાત કે બીજા પ્રદેશ જેવું ધાર્મિક વાતાવરણ આ દેશમાં ન રહી શકે એ સ્વભાવિક છે તેથી એ ત્રુટી પૂરી પાડવા માટે અને જૈનત્વની ભાવના સદોદિત જાગૃત રાખવા માટે આ સભા શ્રી અખીલ ભારત જૈન શ્વેતાંબર કૉન્ફરન્સને પોતાના તરફથી બે ઉપદેશકો આ વિભાગમાં કાયમ રાખવા વિનંતિ કરે છે.

**પ્રમુખ સ્થાનેથી.**

**ઠરાવ ૫.**

દરેક જૈન કન્યા તથા કુમારને ધાર્મિક શિક્ષણ આપવા અને દરેક ગામમાં પાઠશાળાઓ સ્થાપવા અને વિદ્યાર્થીઓને ઉત્તેજન આપવા આ સ્કૉલરશીપો અને ઇનામો આપવા આ કોન્ફરન્સ દરેક ગામના સંઘોને ભલામણ કરે છે.

ઠરાવ મૂકનાર શેઠ ગીરધરલાલ કાળીદાસ. અનુમોદન સૌ૦ રંગુબેન. ચુનીલાલ છગનલાલ. રવચંદ તુળજારામ શાહ.

**ઠરાવ ૬.**

સ્વદેશી બૅન્ક વિમા કંપની અને વહાણની કંપનીઓની આવશ્યકતા આ કોન્ફરન્સ સ્વીકારે છે. અને જૈન બંધુઓને આગ્રહ પૂર્વક ભલામણ કરે છે કે સ્વદેશી બૅન્ક વિમા કંપની અને વહાણ કંપનીને ઉત્તેજન આપવું.

ઠરાવ મૂકનાર શેઠ બાલચંદ હીરાચંદ. અનુમોદન શેઠ કીસનદાસ ભૂખણદાસ. શેઠ ગીરધરલાલ કાળીદાસ.

**ઠરાવ ૭.**

સોલાપુરના મર્હૂમ મલ્લાપા ધનશેટ્ટી આદિ ૪ વ્યક્તિઓ તરફ લોકમતની અવગણના કરીને બ્રીટીશ સરકારે ફાંસીની શિક્ષા કરી અન્યાય કરેલ છે તે માટે આ સભા તીવ્ર નિષેધ વ્યક્ત કરે છે. એજ પ્રમાણે લાહોર કાવત્રા કેસના ફાંસીએ ચઢાવેલા ભગતસિંહ અને તેના સાથીઓએ સ્વીકારેલો માર્ગ નાપસંદ હોવા છતાં માતૃભૂમિ તરફ હાર્દિક પ્રેમ બતાવી પ્રાણ સ્વાર્પિન કર્યા બદલ આ સભા તેઓનું અભિનંદન કરે છે.

ઠરાવ મૂકનાર શેઠ મોતીલાલ વીરચંદ. અનુમોદન શેઠ ગણપત છગનલાલ. શેઠ દલીચંદ રતનચંદ ભાઉ પાયગોંડા પાટીલ.

**ઠરાવ ૮.**

સામાજીક કુરીવાજોને તોડી નાખવા સંબંધેના ઠરાવોના પ્રત્યેક કૉન્ફરન્સની બેઠકમાં પસાર થયા હોવા છતાં કીર્તિ અને સ્વાર્થની ખાતર પરિષદના ઠરાવનું ઉલ્લંઘન કરનારનું આ સભા તિરસ્કારપૂર્વક નિષેધ કરે છે અને હવે પછીથી જાહેર કરે છે કે બાળ લગ્નો વૃદ્ધ લગ્નો કન્યાવિક્રય અને રૂઢિ અનુસારે થતો અનાવશ્યક ખર્ચ તથા પરિષદે નિષેધેલી બાબતોનો આશ્રય લેનારને સમાજ દ્રોહી ગણવો. અને દરેક ભાગના નેતાઓને તથા પંચોને આ સભા ઉપરની બાબતો ધ્યાનમાં લેવા ઉપરાંત લગ્નના ક્ષેત્ર વિસ્તૃત કરી પેટા જ્ઞાતિ તોડી કન્યાનો લેવડ દેવડનો વહિવટ શરૂ કરવા ભલામણ કરે છે.

ઠરાવ મૂકનાર શ્રી શીવજી દેવસિંહ. અનુમોદન શેઠ ડુંગરશી અમથારામ. શ્રી પાનબ્હેન કુમારી

**ઠરાવ ૯.**

હાલમાં જૈનોની ઘટતી જતી સંખ્યા તથા વધતી નબળાઇના કારણોમાં સૌથી પ્રધાન કારણ શરીર પ્રકૃતિ તરફ રખાતી બેદરકારી છે. તે ધ્યાનમાં લઇ દરેક ગામમાં તાલીમખાના અખાડાઓ સ્થાપન કરી નિયમિત નમસ્કાર વિગેરે શારિરીક વ્યાયામ લેવા દરેકને ભલામણ કરે છે. તેમજ બ્હેનોએ પણ આપણી માફક વ્યાયામ લેવો એમ ભલામણ કરે છે.

ઠરાવ મૂકનાર શ્રી મગનલાલ માધવજી ગાંધી. B. A. LL B. ચિકોડી. અનુમોદન શેઠ ગણપત પદમચંદ. રા. ધોંડજી પાટીલ.

**ઠરાવ ૧૦.**

દક્ષિણમાં વસતા જૈન શ્વેતાંબર સમાજની સર્વ બાજુથી સંપૂર્ણ માહિતી મેળવવા માટે વસ્તિ પત્રક કરવું ઘણુંજ આવશ્યક છે. તેથી એક પગારી માણસ રાખી જેમ બને તેમ જલ્દી કરવા આ કોન્ફરન્સની કાર્યકારી કમિટી વ્યવસ્થા કરે.

ઠરાવ મૂકનાર શ્રી ગોવિંદ રામચંદ B. A. તાસગામ. અનુમોદન શેઠ વાલચંદ ઉમેદચંદ.

**ઠરાવ ૧૧.**

એકસંબા શ્રી પંચ મહાજને લગ્ન બાબત નીચેના ઠરાવો કરેલા છે. તે માટે આ સભા તે પંચભાઇઓનું અભિનંદન કરે છે તથા દરેક ગામના પંચ ભાઇઓ આ ઠરાવને અનુસરી શકય તેટલા ઓછા ખર્ચમાં લગ્ન પાર પાડશે એમ આ પરિષદ ઇચ્છે છે.

(૧) હાલની પરિસ્થિતિને અનુસરી દરેક પરિસ્થિતિના માણસોને પોતાના લગ્ન માટે અડચણ ન પડે તેટલા માટે લગ્ન સમારંભ ફક્ત ૩ દિવસમાં પૂરો કરે તથા મહાજનના સામે, ધણી જે સૂચના કરે તો સામાની ઇચ્છાનુસાર જમણ લેવામાં આવે.

ઠરાવ મૂકનાર શેઠ નેમચંદ જેઠારામ. અનુમોદન શેઠ નેમચંદ વિઠ્ઠલચંદ. શેઠ લાલચંદ દેવચંદ.

**ઠરાવ ૧૨.**

જૈન કોમ વ્યાપારી હોવાના લીધે હૂન્નર ઉદ્યોગ અને વિજ્ઞાન વિષયક કેળવણી તરફ ખાસ લક્ષ આપવું જરૂરનું છે. અને તે માટે જૈન શ્રીમંતોએ વિદ્યાર્થી માટે શિષ્યવૃત્તિઓ ઇનામો વિગેરે આપી ઉત્તેજન આપવા આ કોન્ફરન્સ ભલામણ કરે છે.

સાંગલી જૈન શ્વેતાંબર બોર્ડીંગને આર્થીક મદદ આપવા આ કોન્ફરન્સ આગ્રહ પૂર્વક વિનંતિ કરે છે.

ઠરાવ મૂકનાર શેઠ ચતુરભાઇ પિતાંબર સાંગલી અનુમોદન પ્રૉ૦ પુરાણિક. શેઠ દિપચંદ ભાયચંદ B. A. LL. B. શ્રી સૌ૦ ગુલાબબ્હેન મહેતા મુંબઇ. પ્રૉ૦ સુરૂ.

# શ્રી દ. મ. જૈન શ્વેતાંબર મહિલા પરિષદ.

## અધિવેશન ૭ મું—સાંગલી.

### — પાસ થયેલા ઠરાવો. —

અધ્યક્ષ:—શ્રી સૌ૦ ગુલાબ બ્હેન મહેતા—મુંબઇ.

**ઠરાવ ૧.**

આઝાદીના ધર્મ યુદ્ધમાં આબાલ વૃદ્ધે આપેલા સુંદર આત્મભોગોની આ પરિષદ સહર્ષ નોંધ લે છે અને જે જૈન ભાઇ બ્હેનોએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પોતાનો ફાળો આપ્યો છે તેઓને અભિનંદન આપે છે અને આશા રાખે છે કે ભવિષ્યમાં જરૂર પડે. જૈન જનતા પોતાનો ફાળો એના કરતાં યોગ્ય રીતે આપવામાં મગરૂરી માનશે.

**ઠરાવ ૨.**

બીન જરૂરી ખર્ચો કરવાના અને એવા કઢંગા રીવાજોને આ પરિષદ સખ્ત રીતે વખોડી કાઢે છે. અને પ્રત્યેક બ્હેનોને કોઇપણ સંજોગોમાં સમાજ કે સંજોગોના દબાણને આધિન થઇ કોઇપણ પ્રકારે વર્તનમાં ન મુકવાની ભલામણ કરે છે.

**ઠરાવ ૩.**

જૈન સમાજની ઉન્નતિ અને જૈનત્વની જાહોજલાલી સાથે ઉત્તમ પ્રજા જનોની પ્રાપ્તિ કરવા માટે સ્ત્રી શિક્ષણ એક આવશ્યક અને મહત્વનું અંગ છે તેથી સ્ત્રીઓને ઉદ્યોગિક નૈતિક તેમજ ધાર્મિક કેળવણી આપવાની આ સભા આવશ્યકતા જુએ છે અને હરએક જગ્યાએ જૈન શાળાઓ ખોલી ધાર્મિક શિક્ષણનો સ્ત્રીઓ માટે પ્રબંધ કરવા ભલામણ કરે છે.

**ઠરાવ ૪.**

બાળ લગ્નથી સ્ત્રીઓના સામાજીક જીવનનો ધ્વંસ થતો સારદા બીલના કાયદાથી અટકાવ થતો હોવાથી આ સભા અંતઃકરણપૂર્વક તેને ટેકો આપી આદર પૂર્વક સ્વીકારે છે. તથા હિઝ હાઇનેસ શ્રીમંત અપ્પા સાહેબ પટવર્ધન ચીફ સાહેબ સાંગલીને આ સભા પ્રજા જીવનના વિકાસ અને શારિરીક ઉન્નતિ માટે આ કાયદાની અમલ બજાવણી સાંગલી સંસ્થાનમાં જેમ બને તેમ જલ્દી કરવાની કૃપા કરે એમ ઇચ્છે છે.

આ ઠરાવની ૧ કોપી શ્રીમંત ચિફ સાહેબને મોકલવા આ સભાના સેક્રેટરીને સત્તા આપવામાં આવે છે.

**ઠરાવ ૫.**

ભવિષ્યના બંધારણમાં સ્ત્રી પુરૂષના સમાન હક્કનો જે ખરડો મહાત્માજી આગળ અગ્રગણ્ય સ્ત્રી સંસ્થાઓએ મોકલાવેલ છે. તેને આ પરિષદ ખરા અંતઃકરણથી અનુમોદન આપે છે. અને બ્હેનોએ બાન શરતે આપેલા આત્મભોગો પછી પણ જો સ્ત્રી પુરૂષના હક્કોમાં કોઇપણ પ્રકારનો ફેર રખાશે તો તે બંધારણ ભારતની સ્ત્રીઓ તો માન્ય નહીજ રાખી શકે.

આ ઠરાવ મહાત્માજી તેમજ બીજી હિંદી પ્રતિનિધિઓ લંડન જાય તે પહેલાં તેમના ઉપર મોકલાવી આપવાની પ્રમુખશ્રીને સત્તા આપે છે

---

**ઠરાવ ૧૩.**

જૈન સંપ્રદાયના શ્વેતાંબર દિગંબર અને સ્થાનકવાસી એ ત્રણ ફીરકાઓને એકત્ર કરી સાથે મળી જવાના ઠરાવો પ્રત્યેક સંપ્રદાયની કોન્ફરન્સમાં થયેલા છે છતાં અસરકારક પરિણામ નહીં જણાયાથી આ સભા પ્રત્યેક સંપ્રદાયની કોન્ફરન્સને અને નેતાઓને વિનંતિ કરે છે કે ચાલુ પરિસ્થિતિ મુજબ આ કાર્યક્ષેત્રને વધારે–જેમ બને તેમ જલ્દી સામાજીક ધાર્મિક અને રાષ્ટ્રીય કાર્યમાં સંઘટ્ટીત થઇ એકમતથી ચાલવાનો પ્રબંધ કરે.

ઠરાવ મૂકનાર:–શેઠ પોપટલાલ રામચંદ. અનુમોદન રા. બાળગૌંડા ભૂજગૌંડા પાટીલ. રા. બાળાપા ચંદાપા છાપતે.

**ઠરાવ ૧૪.**

સાંગલી નિવાસી શ્રી૦ રા. રા. શેઠ ચતુરભાઇ પીતાંબર જેઓ આ સભા તરફથી ચાલતી દ. મ. જૈન શ્વેતાંબર બોર્ડીંગની સેવા તન–મન–ધનથી છેલ્લા ૧૬ વર્ષ લગભગના લાંબા વખતથી બજાવી રહ્યા છે. અને જૈન સંપ્રદાયના પ્રત્યેક કાર્યોમાં નિઃસ્વાર્થ વૃત્તિથી સક્રીય કાર્ય કરે છે તે બદલ આ સભા તેમની કદર કરે છે.

સાંગલી સંસ્થાનમાં તેઓએ મ્યુનિસિપાલીટીના પ્રેસિડેન્ટ તરીકે કામ કરી પ્રજા અને રાજ્ય બન્નેના પ્રેમ અને વિશ્વાસને પાત્ર બન્યા છે અને સાંગલી સંસ્થાનમાં ઓનરરી મેજીસ્ટ્રેટના પ્રથમ ચુંટણીમાં તેઓ નિમાયા છે તેથી આ સભા તેઓના બહુમાન સાથે ગૌરવથા અભિનંદન કરે છે અને તે બાબત શ્રીમંત સરકાર ચીફ સાહેબ સાંગલીનો ઉપકાર માને છે. **પ્રમુખ સ્થાનેથી.**

**ઠરાવ ૧૫.**

આ સભા પ્રત્યેક જૈન બંધુઓને રાષ્ટ્રની તેમજ ધર્મની દ્રષ્ટિએ વિચાર કરી ભલામણ કરે છે કે બને ત્યાં સુધી પરદેશી માલનો ઉપયોગ ન કરતાં સ્વદેશી માલનેજ ઉત્તેજન આપવું અને કપડામાં ખાસ કરીને શુદ્ધ ખાદી વાપરવી.

ઠરાવ મૂકનાર–શેઠ ગણપતલાલ પદમચંદ. અનુમોદન શેઠ રવચંદ તુળજારામ. કુમારી પાનાબ્હેન. શીવજી દેવિસિંહ.

**ઠરાવ ૧૬.**

દ. મ. જૈન શ્વેતાંબર પ્રાન્તિક પરિષદની તેમજ દ. મ. જૈન શ્વે. બોર્ડીંગની મેનેજીંગ કમિટિ તથા બોર્ડીંગની ફંડ વસૂલ કમિટિની અંદર ફેરફાર કરી સભ્યો નીમવામાં આવ્યા છે.

ઠરાવ મુકનાર શેઠ બાળારામ ગૌતમચંદ. અનુમોદન શેઠ વાલચંદ ઉમેદચંદ

**ઠરાવ ૧૭.**

દ. મ. જૈન શ્વેતાંબર પ્રાન્તિક પરિષદનો રીપોર્ટ તથા હિસાબ સંવત્ ૧૯૮૫ ના પોષ વદ ૧ થી સવત્ ૧૯૮૭ ના જેઠ વદ ૭ સુધીનો આ સભા મંજુર કરે છે.

ઠરાવ મુકનાર–શેઠ નાનચંદ ભાયચંદ. અનુમોદન શેઠ લીલાચંદ ખેમચંદ.

ઠરાવ ૬.

આર્થિક સ્વતંત્રતા માટે દેશને પહેરવાના કપડાથી માંડી નાની સરખી ગૃહ ઉપયોગી ચિજો પણ દેશમાંજ ઉત્પન્ન કરવાની ખાસ જરૂર છે. અને તેને ઉતેજન આપવા માટે હરકોઇની માત્ર સ્વદેશી વસ્તુઓ વાપરવાની ફરજ છે-એમ આ પરિષદ માને છે. અને આશા રાખે છે કે ઘરમાં-વ્યવહારમાં અને દેરાસરોમાં પણ સર્વત્ર અને સર્વાંશે સ્વદેશી ચિજોજ વાપરવાની પ્રત્યેક જૈન ભાઈ બ્હેન પ્રતિજ્ઞા લેશે.

### સાંગલીના મહારાણીની સહાનુભુતી.

મહિલા પરિષદની બેઠકમાં શ્રીમંત સૌ૦ મહારાણી સરકાર સાંગલી એઓએ મુલાકાત આપી સ્ત્રી શિક્ષણ તથા હાલની રાજકિય પરિસ્થિતિમાં સ્ત્રીયોનું સ્થાન એ વિષય ઉપર અસરકારક રીતે લગભગ પોણો કલાક ભાષણ આપ્યું હતું.

# શ્રી જૈન શ્વેતાંબર એજયુકેશન બોર્ડ.

### અપીલ.

આ સંસ્થાના ઉદ્દેશોથી ભાગ્યેજ કોઇ વ્યક્તિ અજાણ હશે. જૈન સમાજમા આ સંસ્થા આજે ૨૨ વર્ષથા ધાર્મિક અને વ્યવહારિક કેળવણીના ઉત્તેજનાર્થે, (૧) હિંદુસ્થાનના જુદા જુદા ભાગોમાં ૭૦ થી પણ અધિક સેન્ટરોમાં ધાર્મિક **પરિક્ષા** લઇ ઉત્તિર્ણ થયેલા બાળક-બાલિકાઓને ઈનામો તથા પ્રમાણ પત્રો આપવાનું. (૨) જૈન **પાઠશાળાઓને** મદદ આપવાનું (૩) માધ્યમિક તથા ઉચ્ચ શિક્ષણ લેતા અને ધાામક સંસ્થાઓમાં અભ્યાસ કરતા **વિદ્યાર્થીઓને સ્કાલરશિપો** આપવા વગેરેનું કાર્ય ઘણીજ સુંદર રીતે બજાવી રહી છે. આજે ધાર્મિક પરિક્ષાઓમાં **૧૨૦૦** જેટલા બાળક-બાલીકાઓ બેસે છે તે ઉપરથી આ સંસ્થા ધાર્મિકજ્ઞાન પ્રચાર અંગે જે સેવા બજાવી રહી છે તેનો ખ્યાલ સ્હેજે આવી શકશે.

આવી ઉત્તમ સંસ્થાને અપનાવવાની દરેક જૈન બંધુની પવિત્ર ફરજ છે. સમાજના બાલક-બાલિકાઓને અજ્ઞાન રૂપી અંધકારમાંથી કાઢી ધાર્મિક અને વ્યવહારિક શિક્ષણ આપવા-અપાવવામાં મદદ કરવાથી પુણ્ય ઉપાર્જન ઉપરાંત સમાજ અને ધર્મની સર્વોત્કૃષ્ટ સેવા બજાવી શકાય છે.

આ વર્ષે અમોને જણાવતા ખેદ થાય છે કે બોર્ડ પાસે પૂરતાં ફંડના સાધનોના અભાવે પાઠશાળાઓ અને વિદ્યાર્થીઓને મદદ આપી શકાય એવી સ્થિતિ નથી. પાઠશાળાઓ અને વિદ્યાર્થીઓને મદદ આપવાની ઘણીજ જરૂર છે અને તેઓને નિરાશ ન કરવા પડે તે હેતુથી આ અપીલ આપ સમક્ષ રજુ કરવામાં આવે છે.

આ કાર્ય માટે રૂા. ૧૫૦૦ થી ૨૦૦૦) ની અત્યાવશ્યકતા છે. "ટીપે ટીપે સરોવર ભરાય" એ ન્યાયે આપ આ કાર્ય માટે જરૂરીઆતને ધ્યાનમાં રાખી સારી રકમ ભરી-ભરાવી અગણિત પુણ્ય ઉપાર્જન કરશોજી.

મદદ મોકલવાનુ ઠેકાણું:-ઑનરરી સેક્રેટરીઓ.
શ્રી જૈન શ્વે૦ એજ્યુકેશન બોર્ડ.
૨૦, પાયધુની, ગોડીજીની ચાલ, મુંબઇ, ૩.

( અનુસંધાન પૃષ્ઠ ૯૭ થી )

પડ્યો જ્યાં પ્રાણવાન પડકાર,
પ્રજાએ દીધો ત્યાં પ્રતિકાર;
ઉતાર્યા યોદ્ધા અપર પાર,
ઘવાયાં બાળવૃદ્ધ નરનાર. ૫
સત્તા મદ સંહાર્યો 'જી'એ સત્યાગ્રહ હથિયાર,
ડગમગતી સરકાર શોધવા ચાલી ત્યાં સહકાર;
દ્વેષ જેના દિલમાં ન લગાર,
પ્રેમથી સહુને એ જીતનાર:
સત્યથી રજ પણ નવ ખસનાર,
લડત આ અંતિમની લડનાર. ૬
'સત્ય એજ ઇશ્વર' જાણે છે સર્વ ધર્મનો સાર,
પંથ પ્રવર્તક આ દર્શનનો જાયે ભવજળ પાર;
જીવન લાંબું દેને કિરતાર,
હિંદનો હૈયા કેરો હાર;
જગવશે જન્મભૂમિ જયકાર,
નમે અમ મસ્તક સર્વ પ્રકાર. ૭

તા. ૨-૬-૩૧. મ. દ. દેશાઈ.

તૈયાર છે ! 卐 સત્વરે મંગાવો !

## 'શ્રી જૈન ગૂર્જર કવિઓ ભાગ ૨.'

આશરે ૧૦૦૦ પૃષ્ઠનો દલદાર ગ્રંથ

## કિંમત ત્રણ રૂપીઆ.

સંગ્રાહક:-જૈન સાક્ષર **શ્રી મોહનલાલ દ. દેશાઈ,**
બી. એ. એલએલ. બી; એડવોકેટ.

પ્રાપ્તિસ્થાન:-શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ.
૨૦, પાયધુની, મુંબઈ ૩.

### શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ તરફથી

શેઠ ફકીરચંદ પ્રેમચંદ શ્કૉલરશિપ ( પ્રાઇઝ )
દરેક રૂપીઆ ૪૦) નું.
છેલ્લી મેટ્રીકયુલેશનની પરીક્ષામાં ફતેહમંદ નિવડેલા
જૈન વિદ્યાર્થીઓ માટે.

મર્હુમ શેઠ ફકીરચંદ પ્રેમચંદના નામથી સોંપવામાં આવેલા ફંડમાંથી કોન્ફરન્સ ઓફીસ તરફથી એક સ્કોલરશિપ છેલ્લી મેટ્રીકયુલેશનની પરીક્ષામાં-સંસ્કૃત વિષયમાં સૌથી ઉંચા નંબરે પાસ થનાર જૈનને, તેમજ બીજી સ્કોલરશિપ સુરતના રહેવાસી અને કુલ્લે સૌથી વધારે માર્કસ મેળવનાર જૈનને આપવા માટે નક્કી કરવામાં આવ્યું છે. એ સ્કોલરશિપોનો લાભ લેવા ઇચ્છનાર જૈન શ્વેતાંબર મુર્તિપૂજક વિદ્યાર્થીઓએ -માર્કસ વગેરે સર્વ વિગત સાથે-નીચેના સ્થળે તા. ૧૫-૭-૩૧ સુધીમાં અરજી કરવી

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ,
૨૦, પાયધુની, મુંબઇ ૩.
તા. ૧૨—૬—૩૧.

**શાહ રણછોડભાઇ રાયચંદ ઝવેરી**
**મોહનલાલ ભગવાનદાસ ઝવેરી** સોલિસિટર.
રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

## જૈન ગ્રેજ્યુએટ બાનુને અભિનંદન.

લાડવા શ્રી. જ્ઞાતિના પ્રથમ જૈન ગ્રેજ્યુએટ ભરૂચના બ્હેન વિદ્યાગૌરી જેઓ આ વર્ષે મુંબઇ યુનિવર્સીટીની બી. એ. ની પરીક્ષામાં પસાર થયા થયા છે તેઓને અભિનંદન આપવાનો એક મેળાવડો શ્રીયુત મોતીચંદ ગિ. કાપડીઆ સોલિસિટરના પ્રમુખપણા હેઠલ તા. ૨૮ મી એ થયો હતો. આ બ્હેને અભ્યાસમાં કરેલ પ્રગતિને અનુકરણ કરવા પ્રાસંગિક વિવેચનો થયા હતા, અને લાડુઆ શ્રી. જ્ઞાતિ તરફથી એક માનપત્ર આપવામાં આવ્યું હતું. પ્રમુખશ્રીએ કોમી અન્યાય દૂર કરવા ખાસ આગ્રહ કર્યો હતો.

### —કૉન્ફરન્સનું પ્રચાર કાર્ય.

—ઉપદેશક વાડીલાલ સાંકલચંદ હાલ વીજાપુર તાલુકામાં પ્રચારકાર્ય અર્થે જતાં જનતામાં સારી જાગૃતિ હોવાનું જણાવે છે.

—મી. અમૃતલાલ વાડીલાલ શાહ પાટણ તરફ છે, તેઓએ ત્યાં ચૌદ ભાષણો જુદા જુદા સ્થળોએ આપ્યાં છે, અને દરેક વખતે આશરે બએ હજાર માણસોએ હાજરી આપી છે. ત્યાંથી રવાના થઈ તેઓ અન્ય સ્થળે જરૂરી પ્રચારાર્થે પ્રવાસ કરશે.

—મી કરસનદાસ વનમાલી શાહ હાલ ઇડર હીમતનગર તરફ પ્રવાસ કરે છે.

—મી. ભાઇચંદ નીમચંદ શાહ હાલ ઝાલવાડ તરફ છે. દરેક સ્થળે લોકોમાં સારી જાગૃતિ છે. સુકૃત ભંડાર ફંડમાં યોગ્ય ફાળો મળતો રહે છે.


# ઘડીયાળો.

**અમારા ઘડીયાળોને પ્રખ્યાતીમાં લાવવા સારૂજ**

**ફક્ત તા. ૩૧ ઓગસ્ટ ૧૯૩૧ સુધીજ તદન ઓછા ભાવ.**

—: હાથના ઘડીયાળો :—

(૧૫૩) રો. ગો. સોનેરી ફેન્સી શેપનું સેકન્ડ કાંટાવાળું ચાલવાને માટે અમારી લેખીત ગેરંટી વર્ષ ચાર સાથે કીંમત ફક્ત રૂા. ૪-૮-૦

(૧૬૦) નીકલ સીલવરનું લીવર મશીન જાડા કાચવાળું સુંદર ક્રીસ્ટલ શેપનું ચાલવાને માટે અમારી લેખીત ગેરંટી વર્ષ ચાર સાથે કીંમત ફકત રૂા. ૪-૧૦-૦

—: ખીસાના ઘડીયાળો :—

(૨૪૧) નીકલ સીલવરનું લીવર મશીન સુંદર ચપટા શેપનું અમારી એક વર્ષની લેખીત ગેરંટી સાથે કીં. રૂા. ૨-૮-૦

(૨૪૫) નીકલ સીલવરનું લીવર મશીન સુંદર રાઉન્ડ ક્રીસ્ટલ શેપનું સેકન્ડ કાંટાવાળું ચાલવાને માટે અમારી લેખીત ગેરંટી વર્ષ ત્રણ સાથે કીંમત ફકત રૂા. ૩-૮-૦

પેકીંગ તથા પોસ્ટેજ દરેક પારસલ દીઠ રૂા. ૦-૫-૦ વધારે.

ઉપરના ઓછા ભાવ ફકત ઉપર લખેલી મુદત સુધીજ અમારી જાહેર ખબર સારૂજ રાખવામાં આવેલા છે.

**પી. ડી. બ્રધર્સ ઘડીયાળવાલા.**

પો. બો. નં. ૩૦૨૬, મુંબઇ ૩.



# શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

**શ્રી સારાભાઈ મગનભાઇ મોદી લોન—સ્કોલરશીપ ફંડ.**

આ ફંડમાંથી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સ્ત્રી કે પુરૂષ વિદ્યાર્થીને નીચે જણાવ્યા મુજબ અભ્યાસ કરવા માટે આર્થિક સહાય લોન રૂપે આપવામાં આવે છે.

(૧) માધ્યમિક કેળવણી અંગ્રેજી ચોથા ધોરણની અંગ્રેજી સાતમાં ધોરણ સુધીના અભ્યાસ માટે. (૨) ટ્રેઇનીંગ સ્કૂલ અથવા કોલેજમાં અભ્યાસ કરી ટ્રેઇન્ડ શિક્ષક થવા માટે. (૩) મિડવાઇફ કે નર્સ થવા માટે. (૪) હિસાબી જ્ઞાન Accountancy ટાઇપ રાઇટીંગ, શોર્ટહેન્ડ વિગેરેનો અભ્યાસ કરવા માટે. (૫) કળાકૌશલ્ય એટલે કે પેઇન્ટીગ, ડ્રોઇંગ, ફોટોગ્રાફી, ઇજનેરી વિજળી ઇત્યાદિના અભ્યાસ માટે. (૬) દેશી વૈદ્યકની શાળા કે નેશનલ મેડીકલ કોલેજમાં અભ્યાસ કરવા માટે.

લોન તરીકે મદદ લેનારે મુકરર કરેલ ધાર્મિક અભ્યાસ કરવો પડસે. તથા લિખિત કરાર પત્ર કરી આપવું પડશે. અને કમાવાની શરૂઆત થતાં જે મદદ લીધી હોય તે તેના મોકલવાના ખર્ચા સહિત વગર વ્યાજે પાછી વાળવાની છે. વિશેષ જરૂરી વિગતો માટે તથા અરજી પત્રક માટે સેક્રેટરીને ગોવાલીયા ટેંકરોડ,-ગ્રાન્ટરોડ-મુંબઇ લખો.

* સ્ત્રીઓએ લેખીત કરારપત્ર કરી આપવાનું નથી, વળી ટ્રેઇન્ડ શિક્ષક થનાર પુરૂષે તેમજ જેઓ માત્ર ધાર્મિક, સંસ્કૃત યા પ્રાકૃતનો અભ્યાસ કરી તે ભાષામાં પુરેપુરા નિષ્ણાત થવા માગશે તેઓએ પણ કરારપત્ર કરી આપવાનું નથી. એટલે કે આ બન્નેએ પૈસા પાછા આપવા કે નહિ તે તેમની મુનસફી ઉપર રહેશે.

# જૈન વિદ્યોત્તેજક સહકારી મંડળ લીમીટેડ.

**સને ૧૯૨૫ ના સાતમાં એકટ પ્રમાણે તા. ૧૩-૧૨-૨૬ ને રોજ રજીસ્ટર થયેલી.**

**હેડઓફીસ:-ટાઉન હેલ સામે-મુંબઈ.**

થાપણ રૂા. ૫,૦૦,૦૦૦, દરેક રૂા. ૨૫) ના વીસ હજાર શેરોમાં વહેંચાયેલી ભરાયેલી થાપણ ૯૪૬૦૦ વસુલ આવેલી થાપણ ૫૪૬૪૦ દર શેરે રૂા. ૫) અરજી સાથે રૂા. ૧૦) એલોટમેન્ટ વખતે, અને રૂા. ૧૦) ત્યાર પછી.

ઉપરોક્ત મંડળમાંથી દરેક લાઇનમાં અહિં તેમજ પરદેશમાં અભ્યાસ કરવા માટે હાલ તુરત મુંબઇ ઇલાકાના ચંચળ બુદ્ધિના શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન વિદ્યાર્થીઓને અભ્યાસ દરમીયાન છ આનાના વ્યાજે તથા ત્યાર પછી આઠ આનાના વ્યાજે યોગ્ય જામીનગીરીથી અને વીમો ઉતરાવી લોન આપી સહાય કરવામાં આવે છે. વિશેષ હકીકત માટે ઑનરરી સેક્રેટરીને ટાઉન હોલ સામે, કોટ, મુંબઇ લખવું.

શેર ભરનારાઓને વધુમાં વધુ ચાર ટકા વ્યાજ આપવાનો નિયમ છે. શેર લેવા ઇચ્છનારે ઉપરના સરનામે લખવું.

# શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

## તેના નામમાં શું ફેરફાર કરવા યોગ્ય છે?

જૈન પ્રકાશના તંત્રી સાહેબ,

આપે 'રા. દેશાઇ ફરી વિચારે!' એવા મારા નામથી અંગત ઉદ્દેશીને કરેલા મથાળાની પ્રાસંગિક નોંધ તા. ૨૧-૬-૩૧ ના અંકમાં મારા આ પત્રના ૩૧-૫-૩૧ ના એક લેખમાં કરેલ નાના કથનના લાંબા ઉત્તરરૂપે લખી છે તેનો ઉત્તર આપવાની જરૂર રહેતી નથી. તેમાં છેવટે કરેલ આગ્રહ પ્રમાણે મારે ફરી ફરી વિચાર કરી મારો અભિપ્રાય પુનઃ જાહેર કરવાનું રહેતું નથી. મેં અભિપ્રાય આપીજ દીધો છે. એક વ્યાજબી પણ હળવો તાણો કર્યો ત્યાં એક લાંબી નોંધ જે રીતે આપે લખી છે તે મારા અધીનમત પ્રમાણે મારૂં વક્તવ્ય સમજ્યા વગરની છે તે જરા ટુંકમાં દર્શાવું છું.

૧ સંસ્થા કે પત્રનું નામ આમ રાખવું કે તેમ રાખવું જોઇએ એ સંબંધી લખતાં 'મને એ દલીલ માન્ય નથી' એ મારા શબ્દો આપની ધ્યાન બહાર રહ્યા છે.

૨ આમ છતાં પાછા આપની દલીલ પર આવીએ. નામ પર -'જૈન પ્રકાશ' એ નામ કેમ ટુંકું કરવામાં આવ્યું તે પર-આપે વિવેચન કર્યું છે, તો હવે તેજ પ્રમાણે કહી શકાય કે 'સ્થા૦ જૈન કૉન્ફરન્સ પ્રકાશ' નું લાંબુ નામ મૂકી દઇને એ ટુંકું નામ પછી રાખ્યું તો 'શ્રી મહાવીર જૈન મૂર્તિપૂજક વિદ્યાલય' એ લાંબું નામ થાય તેને બદલે પહેલેથી 'શ્રી મ૦ જૈન વિદ્યાલય' એ ટુંકું નામ ધારો કે રખાયું હોય તો તેમાં આપને વાંધો નજ હોવો જોઇએ-તેમજ વધુ સ્પષ્ટ કરવા માટે આપના મંતવ્ય પ્રમાણે, આ દિગંબર સંસ્થાપે નથી તો તેનો પણ ટાળો કરવા માટે, 'શ્રી મહાવીર શ્વે૦ મૂ૦ જૈન વિદ્યાલય' રાખવું ઘટે. હજુ પણ પુનઃ કહું છું કે મને આ દલીલ માન્ય નથી.

૩ વિશેષમાં જણાવું છું કે શ્રી મહાવીર જૈન વિદ્યાલય એટલું નામ સાર્થક છે. તેમાં બહોળો અને પુષ્કળ અવકાશ છે કે જે અવકાશને કાલક્રમે સ્થાન આપવાનું પ્રાયઃ બની શકે.

૪ 'અમૂર્તિપૂજકોનો સખાવતનો ઝરો પૂરો વહે તો'-એ મારા શબ્દોમાંથી 'પૂરો' શબ્દ પકડીને બહુ થોડો પણ સખાવતનો તે (શ્રી મ૦ જૈ૦ વિ૦) ના તરફ વહ્યો છે એ હું કબૂલી લઉં છું' એવું આપનું અનુમાન યોગ્ય નથી. તે સંસ્થા પ્રત્યેની મદદમાં તેમનો ફાળો ભાગ્યેજ છે.

૫ ક્યા સજ્જન દાનીએ સવા લાખની રકમ ક્યાં ભેદ વગર અર્પણ કરી છે તેની મને ખબર નથી. તેમ હોય તો તે દાનીને મારા હાર્દિક અભિનંદન છે. આવી કે આથી વધારે રકમ પ્રસ્તુત સસ્થા પ્રત્યે અમુક યોજના પૂર્વક અર્પણ કરનાર નીકળી આવે તો તેનો સહાનુભૂતિ ભર્યો વિચાર આ સંસ્થાના કાર્યવાહકોનો મોટો ભાગ જરૂર કરે એમ હું ધારૂં છું. 'અપૂર્વ અવસર એવો ક્યારે આવશે?'

૬ દિલની એકતા સંબધીનું મારૂં કથન ત્રણે ફિરકાની એકત્ર સંસ્થાઓ સ્થાપવાની દિશામાં મૂર્તિમંત કરવા મને આપે જણાવ્યું તો તેનો અર્થ તે સ્થાપવા જેટલી સખાવત કરવાનો થતો હોય તો તે મારી આર્થિક સ્થિતિની બહારની વાત છે; એ માટે તો પુનઃ મારે કહેવાનું પ્રાપ્ત થાય છે કે એવા વિચાર ધરાવનાર શ્રીમંતો પોતાની સખાવતનો પૂરો-અતિ વિશાલ ઝરો વહેવડાવે તો તે વિચાર બરાબર મૂર્તિમંત થાય. મારે માટે તો અત્યારે એટલુંજ કહી શકું કે તેમાં મારી શક્તિ અને બુદ્ધિ અનુસાર ફાળો આપવા હું પ્રયત્નશીલ રહીશ. અત્યારે તો આટલું કથન કરી શકું છું. આપને માટે એવું કથન કરવું યોગ્ય લાગે તો તેનું કથન કરશો અને તેથી વધુ આગળ જઇ શકો તો આપને મારા અભિનંદન.

૭ "જૈનોના ત્રણે ફિરકાઓને જેમાં સ્થાન ન હોય તેવી સંસ્થાઓ 'જૈન' ના વિશાળ નામથી નભે એ વસ્તુ સામે અમારો પ્રમાણિક વિરોધ છે"-એ આપનું મંતવ્ય હોય તો ભલે હો. તદનુસાર વર્તશો. મને 'વિરોધ' નથી-'વિરોધ' હોય તો તેવી સંસ્થા સાથે લેશ પણ સહકાર હૃદયપર હાથ મૂકી આપી ન શકું. 'જૈન'ના વિશાળ નામમાં સર્વ ફિરકાઓ હોય-આવી મળે, વિશેષમાં 'સવી જીવ કરૂં શાસનરસી' એ ભાવના પ્રદીપ્ત કરીને દરેક જૈન અને જૈન સંસ્થા જૈનત્વનો પ્રચાર અને વિસ્તાર કરતાં થાય એ હું અવશ્ય ઇચ્છું. એકની ઇચ્છા કે એકના અભિપ્રાયથી સમુદાયનું ચક્ર તુરતજ ફરી જતું નથી. તેને સમય સંજોગ સામગ્રી અને સમુદાયબળની સહાય જોઇએ. એ સામુદાયિક બળ ઉત્પન્ન કરવાની ચળવળમાં આપણો પ્રયત્ન નિમિત્ત ભૂત થાઓ એ વાંછનાપૂર્વક હાલ તો વિરમું છું.

તા. ૨૬-૬-૩૧. —મોહનલાલ દ. દેશાઇ.

---

## શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

### જૈન પાઠશાળાઓ અને વિદ્યાર્થીઓ માટે અગત્યનું.

આ વર્ષે બોર્ડની નાણા સંબધી સ્થિતિ લક્ષમાં રાખી જૈન વિદ્યાર્થીઓને સ્કોલરશિપો આપવાનું બંધ રાખવામાં આવેલ હતું પરંતુ સ્કોલરશિપ માટે વિદ્યાર્થીઓ તરફથી વિશેષ પ્રમાણમાં માંગણી આવવાથી અમોએ એક અપીલ ફંડ માટે બહાર પાડી છે તે દરમ્યાન જે વિદ્યાર્થીઓને સ્કોલરશિપની જરૂર હોય તેઓએ નીચેના સિરનામેથી છાપેલ ફાર્મ મંગાવી તા. ૧૦ જુલાઇ ૧૯૩૧ સુધીમાં અરજી મોકલી આપવી.

પાઠશાળાના વ્યવસ્થાપકોએ મદદ માટેની અરજીઓ તા ૧૦-૭-૩૧ સુધીમાં મલી શકે તેવી રીતે છાપેલ ફાર્મ મંગાવી અત્રે મોકલી આપવી. મદદ એકજ વર્ષ માટે મંજુર કરવામાં આવે છે તે તરફ લક્ષ ખેંચીએ છીએ.

ઉપરોક્ત મુદત પછી અરજીઓ સ્વીકારવામાં આવશે નહીં.

માનદ મંત્રીઓ જૈન શ્વે૦ એજ્યુકેશન બોર્ડ.

તા. ૧૫-૬-૩૧ ૨૦, પાયધુની—મુંબઇ ૩.

---

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay 3.

Regd. No. B 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.)

વાર્ષિક લવાજમ
રૂપીઆ બે.

તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ.
[મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.]

છુટક નકલ
દોઢ આનો.

વર્ષ જુનું ૬ ઠું. નવું ૧ લું. | તા. ૧૫ મી જુલાઈ ૧૯૩૧. | અંક ૧૪ મો.

- મુખ્ય લેખકો -

શ્રી મોહનલાલ દ. દેશાઈ,
બી. એ. એલએલ. બી.
એડવોકેટ.

,, મોતીચંદ ગિ. કાપડીઆ,
બી. એ. એલએલ. બી.
સોલીસીટર.

,, ઉમેદચંદ ડી. બરોડીઆ,
બી. એ.

,, હીરાલાલ હાલચંદ દલાલ
બાર-એટ-લૉ.

-સુચનાઓ-

૧ આ પત્રમાં પ્રકટ થતા લેખો માટે તે તે લેખના લેખકોજ સર્વ રીતે જોખમદાર છે.

૨ અભ્યાસ મનન અને શોધ-ખોળના પરિણામે લખાયેલા લેખો વાર્તાઓ અને નિબંધોને સ્થાન મળશે.

૩ લેખો કાગળની એક બાજુએ શાહીથી લખી મોકલવા.

૪ લેખોની શૈલી, ભાષા વિગેરે માટે લેખકોનું ધ્યાન 'જૈન યુગની નીતિ-રીતિ' પ્રત્યે ખેંચવામાં આવે છે.

૫ આ પત્ર દર મહિનાની પહેલી અને પંદરમીએ પ્રકટ થાય છે.

પત્રવ્યવહાર:-

તંત્રી—જૈન યુગ.
ઠે. જૈન શ્વેતાંબર કૉ. ઓફીસ
૨૦, પાયધુની-મુંબઈ ૩

## કદર ક્યારે થાય

'અજ્ઞાન રહેવું એ પણ એક મહા પાપ છે. જેટલું જ્ઞાન આપણી આકલન-શક્તિની અંદર આવી શકે અથવા જેટલું જ્ઞાન જીવનયાત્રાને માટે આવશ્યક હોય તેટલું ન મેળવવું એ સંઘદ્રોહ અથવા સમાજદ્રોહજ ગણાય ખાસ કરીને જેમના ઉપર અનેક લોકોને દોરવાની ફરજ આવી પડી છે, જેઓ સમાજના આગેવાન કે નેતા ગણાય છે તેઓ જો દુનિયાની સ્થિતિથી, હાલના સામાજીક આદર્શથી અને દુનિયા આગળના મહાન સવાલોથી વાકેફ ન રહે તો તેમને સમાજઘાત કર્યાનું પાપ લાગે. હિંદુ સમાજમાં રાજા અને સાધુ એ બન્ને વર્ગ સમાજની આગેવાની કરતાં આવેલા છે. એક શ્રીમન્ત હોય છે, જ્યારે બીજો અકિંચન હોય છે. એકનો પરિવાર મોટો છે, જ્યારે બીજો પરિવાર વગરનો હોય છે. એક સત્તા વડે કામ કરે છે, બીજો સત્ય વડે. એકમાં હોય છે પ્રભુત્વ, બીજામાં હોય છે વૈરાગ્ય. આવા પરસ્પર ભિન્ન જીવનવાળા અને પરસ્પર ભિન્ન આદર્શવાળા વર્ગના હાથમાં સમાજની આગેવાની સોંપી પ્રાચીન કાળમાં સમાજ વ્યવસ્થાપકોએ સામાજીક ઉન્નતિનો રસ્તો સુરક્ષિત કર્યો હતો. પણ દુર્ભાગ્યે આ બન્ને વર્ગને પોતાની સંપૂર્ણતાનો ભ્રમ નડ્યો. બન્ને વર્ગે અજ્ઞાન રહેવાનું પાપ કર્યું અને સમાજદ્રોહ તેમને માથે આવી પડ્યો. સાધુઓ ષડ્દર્શન પ્રવીણ ભલે થાય, દશગ્રન્થ તેમણે મ્હોડે ભલે કર્યાં હોય, પણ જ્યાં સુધી તેઓ જગતની પરિસ્થિતિ સમજે નહિ, સમાજની નાડ ક્યાં છે તે પારખે નહિં અને ઉન્નતિનો રસ્તો કઈ દિશામાં છે તે સમાજની ભાષામાં સમાજને કહી શકે નહિ ત્યાં સુધી તેઓ અજ્ઞાનજ છે. સ્વામી વિવેકાનન્દ અથવા સ્વામી રામતીર્થ જેવા સાધુઓની આટલી કદર થઈ તેનું કારણ એ કે તેઓ પોતાની સામાજીક ફરજ ઓળખતા હતા.'

(કાલેલકરના લેખોમાંથી ઉધૃત.)

**उदधाविव सर्वसिन्धवः, समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः ।**
**न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**
**-श्री सिद्धसेन दिवाकर.**

અર્થ:—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે; પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

સરિતા સહુ જેમ સાગરે, તુજમાં નાથ! સમાય દૃષ્ટિઓ;
જયમ સાગર ભિન્ન સિન્ધુમાં, ન જણાયે તું વિભક્ત દૃષ્ટિમાં.

**જૈન યુગ.**
તા. ૧૫-૭-૩૧ બુધવાર.

# જૈન 'મીનીએચર યુનિવર્સીટી' ની મહત્વાકાંક્ષા.

જૈન મીનીએચર યુનિવર્સીટી એટલે આપણું કૉન્ફરન્સ હસ્તક ચાલતું શિક્ષણ પ્રસારક મંડલ—જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ. આ બોર્ડ મારફતે પ્રતિવર્ષ લેવામાં આવતી ધાર્મિક હરિફાઇની ગત ડીસેંબરમાં લેવાએલી પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થીઓને આપવાનાં ઇનામો પ્રમાણપત્રો માટે એક સંમેલન ગત રવિવાર તા. ૧૨-૭-૩૧ ના રોજ યોજાયું હતું, જેનો અહેવાલ અન્યત્ર પ્રકટ કરવામાં આવ્યો છે. આ મંડલની કાર્યવાહી રજુ કરતાં તેના માનદ મંત્રી શ્રી વીરચંદ પાનાચંદ શાહે જે હકીકતો જણાવી તે જોતાં સમય અને સંજોગને અનુસરી જે કાર્યપ્રગતિ થઇ છે તે બદલ મંડલને ધન્યવાદ ઘટે છે. સભામાં રજુ થએલા આંકડાઓ જોતાં ઉત્તરોત્તર ધાર્મિક કેલવણી ને બોર્ડનો અભ્યાસક્રમ તૈયાર કરનાર વિદ્યાર્થીઓની સંખ્યા સો દોઢસોથી વધી બારસોની થઇ છે અને પરીક્ષાનાં મથકો પણ વધીને પોણોસો જેટલાં થયાં છે. આ કાર્ય પાછળ તેમજ વ્યવહારિક કેલવણી માટે શિષ્યવૃત્તિઓ અને પાઠશાળાઓને અપાતી માસિક મદદોનો વિચાર કરતાં સં. ૧૯૮૧ થી ૮૭ સુધીનાજ આંકડાઓ તપાસીએ તો બોર્ડદ્વારા ધાર્મિક અને વ્યવહારિક કેલવણી પાછળ રૂા. વીશ હજાર જેટલી રકમ લગભગ ખર્ચાઇ છે.

આ હકીકત વિચારતાં બોર્ડનું કાર્ય સ્તુત્ય ગણાય. પરંતુ હજુ આ કાર્ય માટે ક્ષેત્ર વિશાળ છે તે જોતાં માત્ર પારોગામાં પેહેલી પુણી જેવુંજ ગણાય. એટલે આ મંડલ અને તેના મંત્રીઓએ હજુ કમ્મર કસીને કાર્યમાં જોડાવું જરૂરી છે, જે વાત શ્રી મંત્રીજીએ પણ પ્રવાસાદિ કાર્ય ઉપાડી સત્વરે હાથ ધરવા અને આ મંડળને જૈનોની એક 'મિનીએચર યુનિવર્સીટી' નું અપાએલું ઉપનામ સાર્થક કરવાની હામ ભીડી છે એટલે આશા રાખીએ કે મંડલ વિશેષ પ્રગતિ સાધે. આ સંબંધે પ્રાસંગિક વિવેચનકારો પૈકી શ્રી મોહનલાલ દેશાઇએ કાઢેલા ઉદ્ગારો ખાસ નોંધવા યોગ્ય છે. તેમણે જણાવ્યું હતું કે 'જૈન કોમની ધાર્મિક અને વ્યવહારિક કેલવણીની સંસ્થાઓ અને તત્ વિષયક કેન્દ્રિત સંસ્થા અને એવા આ બોર્ડની સ્થાપનાથીજ મહારા કોડ હતા. પણ હજુ તે પુરા થયા નથી.' શ્રી દેશાઇની આ ભાવનાને મૂર્ત સ્વરૂપ આપવાને અલબત સમય અને સંજોગની અનુકૂળતા અવશ્ય જોઇએ, પરંતુ રાષ્ટ્રને માટે અતુલ ભોગ આપતા આપણા બંધુ આ મંડળના મંત્રીપદે બિરાજતા હોઇ કોમને આ મંડલ દ્વારા સંપૂર્ણ લાભ એમ ઇચ્છવું એ વધારે પડતું નજ ગણાય. એકવીશ વર્ષ જેવી યુવાની ઉષ્મા ભોગવતી કેલવણીની આ સંસ્થામાં જાગૃતિના કિરણો જોઇએ નહિ તો એ પણ કોમની એક કમનસીબીજ ગણાય!

'જૈન' પત્રના અધિપતિ મહાશયે સંમેલન સમક્ષ કેલવણીને સોંઘી બનાવવા માટે જે સૂચના રજુ કરી હતી તે પણ ખરેખર વિચારવા જેવી છે. આજે જીવન કલહ વધ્યો છે, ખાવાનાં પણ ઘણે સ્થળે વાખા પડે છે અને કેલવણી વ્યવહારિક અને ધાર્મિક કેલવણી મોંઘી થતી જાય છે એવી સાર્વત્રિક બુમ સંભળાય ત્યારે આ વિચારો પરત્વે પણ અવશ્ય ધ્યાન દેવું ઘટે.

મંત્રીજી તથા અન્ય વક્તાઓએ આ મંડળની આર્થિક સંકડામણની ચોંકાવનારી હકીક્તો રજુ કરી તે વિચારતાં ભારપૂર્વક કહેવું જોઇએ કે બોર્ડની આવી અભિલાષાઓ અને મહત્વાકાંક્ષાઓને પોષી કેલવણીનાં આ મહદ્ કાર્યને ઉત્તેજવા માટે શ્રીમન્તોએ પણ ભોગ આપવો જરૂરી છે.

શેઠ શ્રી મેઘજી સોજપાળને પ્રમુખસ્થાન લેવા માટે મંત્રીઓ તરફથી વિજ્ઞપ્તિ થતાં બોર્ડના આંતરિક વહીવટ કાર્ય પદ્ધતિ અને એકંદર કાર્યવાહીનો ખ્યાલ લેવા શેઠશ્રીની જીજ્ઞાસા ઉત્પન્ન થઇ. એ વાતનો નિર્દેષ થયો છે તે બિના તેમજ એવી જીજ્ઞાસા તૃપ્ત થતાં શ્રી મેઘજી શેઠે પાંચ વર્ષ સુધી પ્રતિવર્ષ પાંચસે રૂપીઆની રકમ સ્ત્રી વર્ગનાં ઇનામો પોતા તરફથી આપવાની દર્શાવેલ ઉદારતા જોતાં શેઠશ્રીને સહજ ધન્યવાદ અપાય એમાં નવાઇ નહિં. વ્યવસ્થિત કેળવણીનાં કાર્યો અને સંસ્થાઓ પ્રત્યે તેમનો કેવો પ્રેમ છે એ બિના શ્રી મહાવીર વિદ્યાલયને કરેલ ભેટથી સાબિત થઇ ચૂકી છે. શેઠ શ્રી સારાભાઈ મોદી બી. એ. એમના તરફથી આ બોર્ડદ્વારા પુરૂષ વર્ગનાં ઇનામો છેલ્લાં ચાર વર્ષ થયા અપાય છે અને તેમની આપેલી મુદત પણ હવે તુર્તમાંજ પૂરી થવા જાય છે, એટલે શ્રી સારાભાઇ જેઓ વિદ્યાલય, ગુરૂકુળ આદિ કેળવણીની સંસ્થાઓ પ્રત્યે ઉદાર હાથ લંબાવતા રહ્યા છે તેઓ પણ આ બોર્ડને વિશેષ લાભ આપે એમ ઇચ્છીએ તો વધારે પડતું નજ ગણાય.

આપણા અન્ય શ્રીમંત બંધુઓ આ વાતનું અનુકરણ કરે અને કેળવણી મંડળના સભ્યો અને અન્ય બંધુઓ સહકાર કરી બોર્ડની આ પ્રવૃત્તિને ઉચ્ચત્તમ કોટિએ પહોંચાડવા સમર્થ બને તોજ જૈન કોમની મિનિએચર યુનિવર્સીટીની મહત્વાકાંક્ષા ફલિભૂત થાય.

# શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ—વાર્ષિક ઇનામી સંમેલન.

## શેઠ મેઘજી સોજપાલની જાહેર થએલી સખાવત.

## મંત્રીજીની 'મીનીએચર યુનિવર્સીટીની' ભાવના.

શ્રી મુંબઇ માંગરોળ જૈન સભાના હૉલમાં તારીખ ૧૨-૭-૩૧ રવિવારના દિને સદરહુ બોર્ડ તરફથી ગત ડીસેંબર માસમાં ધાર્મિક હરીફાઇની લેવાએલી પરીક્ષાઓમાં ઉત્તીર્ણ થએલ વિદ્યાર્થીઓને ઇનામો અને પ્રમાણ પત્રો આપવાનો એક મેલાવડો થયો હતો. શરૂઆતમાં મેલાવડાને લગતી નોટીસ બોર્ડના મંત્રી શ્રી વીરચંદ પાનાચંદ શાહે વાંચ્યા બાદ શેઠ છોટાલાલ પ્રેમજીએ શેઠ **મેઘજી સોજપાળનો** ટુંક પરિચય આપતાં તેમને પ્રમુખસ્થાન આપવાની દરખાસ્ત સભા સમક્ષ રજુ કરી હતી જેને શેઠ પ્રેમજી નાગરદાસે ટેકો આપ્યા બાદ શેઠશ્રીએ પ્રમુસ્થાન લીધું હતું.

### મંત્રીજીએ રિપોર્ટ

રજુ કરતાં એજ્યુકેશન બોર્ડની ઉત્પત્તિથી અત્યાર સુધીના કામકાજની ટુંક હકીકતો રજુ કરતાં જણાવ્યું કે આ બોર્ડે ઘણી પ્રગતિ કરી છે અને આજે આશરે બારસો વિદ્યાર્થીઓ આખા હિંદમાંથી આ ધાર્મિક પરીક્ષામાં બેસે છે, પરંતુ દિલગીરી છે કે જેમ સંખ્યા વધે છે તેમ આર્થિક સ્થિતિ જોતાં અમને ભય ઉપજે છે. દર્દી સાજો થાય અને ભુખ ઉઘડે ત્યારે ખાવા માગે અને ખાવાનુ ન હોય તો તેની જેવી સ્થિતિ થાય તેવીજ બોર્ડની હાલત આજે છે. છતાં પણ કાર્ય ચાલુજ છે અને સંતોષકારક છે એમ રજુ થતા આંકડાઓ જોતાં આપને લાગશેજ. આજે મહાવીર વિદ્યાલય, સાંગલી બોર્ડીંગ અને અનેક બીજાં છાત્રાલયો ઉભાં થયાં છે તે ન હોત તો જૈન કોમની સ્થિતિ કેવી થાત તેનો ખ્યાલ કરવો ઘટે છે. હજુ બોર્ડે ઘણું કરવાનું છે વાંચન શ્રેણીનું કાર્ય પણ હાથ ધરવું જરૂરી છે પણ પૈસાનો પ્રશ્ન આજે બધી સંસ્થાઓને મુઝવે છે.

**શેઠ મેઘજી સોજપાળની રૂા. ૨૫૦૦) ની સખાવત.** સારે નસીબે શેઠશ્રીને પ્રમુખસ્થાનની વિનંતિ કરી તે વખતે બોર્ડની કાર્યવાહી કામકાજની રીત ભાત કેવી પ્રગતિ થઇ છે તે તેમજ વિદ્યાર્થીઓને અપાતી શિષ્યવૃત્તિ અને પાઠશાળાઓને અપાતી માસિક મદદો સંબંધે હકીકતો સમજાવી ત્યારે અમારી સંસ્થાની આર્થિક હાલત જોતાંજ તેમણે તે સમજી લીધી અને હમણાંજ તેઓ શ્રીએ મને જાહેરાત કરવા ના કહેવા છતાં બીજાઓ ધડો લ્યે તે માટે જાહેર કરૂં છું કે પાંચ વર્ષ સુધી સ્ત્રી વર્ગના ઇનામો માટે દર વર્ષે રૂા. ૫૦૦) પાંચસો પાંચ વર્ષ સુધી આપવા તેઓશ્રીએ વચન આપ્યું છે. અત્યાર સુધી આ ઇનામો 'કોન્ફરન્સના સ્ત્રી વર્ગ' ના ઇનામો તરીકે આપવામાં આવતાં તેને બદલે હવે તેઓ શ્રીનું મુબારક નામ જોડવામાં આવશે. ત્યારબાદ ગામડાઓમાં પણ પાઠશાળા મારફતે કેમ કેળવણી અપાય છે વગેરે જણાવતાં જૈનોની પરિસ્થીતિ વિષે ટુંક વિવેચન કર્યા બાદ ઇનામોની ગામવાર રકમ જાહેર કરી હતી અને છેવટે બોર્ડ એક મિનિએચર યુનિવર્સીટી જૈનો માટે છે અને તેથી તેનું કાર્ય વિશેષ ખીલે એમ ઇચ્છતાં પોતે પણ બનતા પ્રયાસ કરવા ઇચ્છા દર્શાવી હતી.

**શ્રી મોતીચંદ** ગિ. કાપડીઆએ શરૂઆતમાં શેઠ શ્રીની ઉદારતાને વધાવી લેતાં જણાવ્યું કે કેટલાકો કીર્તિના ભૂખ્યા હોય છે તેમને પોત્તાની સખાવતની જાહેરાત કેમ વધે તે જોવા ઇચ્છા હોય છે. શેઠ મેઘજીભાઇ તેથી જુદાજ માનસના છે એવો મ્હારો અનુભવ પણ વિદ્યાલયને માટે તેમણે ત્રીસ હજાર જેવડી રકમ આપી ત્યારે થયો હતો. આવા આત્માઓને ધન્યવાદ ઘટે છે. બાદ તેમણે ધાર્મિક અભ્યાસની જરૂરીઆત વિશિષ્ટ પણે બતાવતાં જણાવ્યું કે ધર્મના જ્ઞાનવિના આપણે જૈનત્વ ટકાવી શકીએ નહિં. જેમ ગ્રેજ્યુએટ દરેક લાઇનમાં અવકાશ મળે સોંસરવો નિકળે તેમ બોર્ડના પદ્ધતિસર અભ્યાસક્રમમાંથી પસાર થયેલ સર્વથા નિષ્ણાત ધારે તો સત્વરે થઇ શકે. આજે આપણે નિરર્થક ઝઘડાઓમાં પડી કરવાનું ભૂલી ગયા છીએ. કેળવણીપર રચાએલ સાધુ સંસ્થા પણ ચિરકાળ ટકી શકે. આ સંસ્થાને આપણી કેળવણીની કેંદ્ર સંસ્થા તરીકે બનાવવી જોઇએ. શ્રી **મોહનલાલ બી. ઝવેરીએ** અભ્યાસક્રમની વિગતો સમજાવી હતી અને દરેક વર્ગમાં ગોઠવાએલાં પુસ્તકો વિષે સમજ આપતાં પ્રાકૃત અને સંસ્કૃત અભ્યાસની જરૂરીઆત સમજાવી હતી. અને જણાવ્યું કે એવી પણ ગોઠવણ છે કે જે પાઠશાળામાંથી પ્રાકૃતની પરીક્ષામાં અમુક વિદ્યાર્થીઓ પાસ થાય તો તે પાઠશાળાને ચોકસ મદદ આપવી. આનો લાભ હજુ લેવાયો નથી તે ખેદનો વિષય છે. ત્યારબાદ શ્રી **મોહનલાલ દેશાઇએ** બોર્ડના કામકાજ માટે બોલતાં જણાવ્યું કે જેવું જોઇએ તેવું કાર્ય હજુ થયું નથી અને મંત્રીઓ, શ્રીમન્તો તથા ગ્રેજ્યુએટોએ હજુ ઘણું કરવું જરૂરી છે. બોર્ડ એક કેળવણીના ક્ષેત્ર માટે કોમની કેન્દ્રીભૂત સંસ્થા બને એમ ઇચ્છું છું. ત્યારબાદ શ્રી **દેવચંદ દામજી** "જૈન" પત્રના તંત્રીજીએ આ બોર્ડનો મંજુર થએલ અભ્યાસક્રમ ઓછો ખર્ચાળ બને તે સંબંધે પોતાની યોજના સમજાવી હતી. શ્રી **માવજી દામજી શાહે** કેટલીક સૂચનાઓ રજુ કર્યા બાદ ઇનામો અને પ્રમાણ પત્રો વહેંચી આપવામાં આવ્યા. છેવટે **પંડિત શાંતિલાલે** યોગ્ય શિક્ષકો મેળવવા સૂચન કર્યા બાદ **પંડિત પાનાચંદ ખુશાલભાઇએ** લંબાણથી એક બીજાઓએ સહકાર કરી ઉત્સાહ કાયમ રાખી, કાર્ય કર્તાઓ વિદ્વાનો અને શ્રીમન્તોએ વિશેષ કાર્ય કરવાની જરૂર બતાવી હતી. છેવટે **પ્રમુખશ્રીએ ઉપસંહાર** કરતાં પોતાના સખાવતો માટે મનાએલ ઉપકાર બિન જરૂરી જણાવી તે દિશામાં પોતાને લઇ જનાર શ્રી મોહનલાલ ઝવેરીનો વિદ્યાલયની યોજના માટે અને શ્રી વીરચંદ પાનાચંદ શાહનો બોર્ડ માટે ભોગ આપી રસ્તો દેખાડયા બદલ આભાર માન્યો હતો અને કેળવણીના કાર્યને વિશેષ પ્રગતિમાન બનાવવા સૂચના કરી હતી.

છેવટે પ્રમુખ શ્રીના આભારની દરખાસ્તને શેઠ **સારાભાઈ મોદીએ** ટેકો આપતાં સત્કાર્યોમાં પ્રેરણા શું કરે છે તે જણાવ્યા બાદ પ્રમુખશ્રીનો આભાર માન્યો હતો. અને સભા વિસર્જન થઇ હતી.

# શેઠ મે. સો. ધાર્મિક શિક્ષણ યોજના પરથી ઉપજતા વિચાર.

[ પંડિત બહેચરદાસ. ]

શેઠ મેઘજી સોજપાળ શિક્ષણ સહાયક ફંડની યોજના વાંચી ગયો તે વિષે મારૂં વકતવ્ય નીચે પ્રમાણે છેઃ—

(૧) મેટ્રિક કે વિનીત પાસ થયેલ વિદ્યાર્થી ન્યાય તીર્થની પરીક્ષા આપશે તો તે તેની જાત માટે અને સમાજ માટે વધારે સફળ થઇ શકશે. સારૂં ગુજરાતી અને ઠીક ઠીક અંગ્રેજી નહિ જાણનાર વિદ્યાર્થી પરીક્ષામાં બેસીને પાસ તો થઇ શકશે પણ એ યુગધર્મ નહિ સમજી શકે, તેથી તેની જાત માટે અને સમાજ માટે અકિંચિત્કર નિવડશે એમ મને લાગે છે. માટે આ ફંડના વ્યવસ્થાપકો મેટ્રિક કે વિનીત થયેલાઓનેજ ન્યાયતીર્થ કે વ્યાકરણતીર્થના ઉમેદવારો ગણવાનો નિયમ રાખશે તો વધારે ઉચિત થશે.

(૨) રાષ્ટ્રીય કે અરાષ્ટ્રીય વિદ્યાપીઠોમાં જે અર્ધમાગધીનો કે જૈન શાસ્ત્રોનો અભ્યાસક્રમ ચાલે છે તેની યાદી તૈયાર કરીને ફંડનાં વ્યવસ્થાપકોએ બહાર પાડવી જોઇએ જેથી ઉમેદવારો અભ્યાસ ક્રમની પસંદગી કરી શકે.

(૩) તે તે વિદ્યાપીઠોમાં ચાલતા અભ્યાસક્રમના પુસ્તકો નવી ઢબે તૈયાર કરાવવાં જોઇએ. નવી ઢબે એટલે કે મૂળ શુદ્ધપાઠ, તેનું સહેલી ભાષામાં વિવેચન, તુલનાત્મક પાઠાંતરો અને ટિપ્પણો, શબ્દકોશ, ઉપોદ્ઘાત, અને ગ્રન્થના વિષયને સમજાવે એવો "ઇન્ડેકસ" (Index) એટલું દરેક પુસ્તકમાં અવશ્ય હોવું જોઇએ. આવાં પુસ્તકો તૈયાર કર્યાં શિવાય વિદ્યાર્થી આ અભ્યાસક્રમ તરફ ખેંચાશે નહિં. માટે એ તરફ ખાસ ફંડના વ્યવસ્થાપકોનું ધ્યાન ખેંચું છું.

ગૂજરાત વિદ્યાપિઠ આ ઢબનાં આગમો કાઢવા પ્રયત્ન કરે છે, પણ હાલ તુરત તે મૂલપાઠ શિવાય માત્ર અનુવાદ, ટિપણી ને 'ઇન્ડેકસ' (Index) વાળાં પુસ્તકો તૈયાર કરે છે. જો કોઈ જૈન સંસ્થા એ કામ ઉપાડે તો એ ઘણું સુંદર છે. ન ઉપાડી શકે તો વિદ્યાપીઠને એ માટે આર્થિક સહાય કરે તો વિદ્યાપીઠ એ કામ જરૂર કરી આપશે.

(૪) અભ્યાસક્રમનાં જે આગમો અત્યારે જે રૂપમાં મુદ્રિત થયેલાં છે તે પણ વિદ્યાર્થીને ભણવા મળતાં નથી એ માટે પણ વ્યવસ્થાપકોએ એ આગમો મેળવી આપવા જરૂર કોશિશ કરવી જોઇએ.

(૫) પ્રત્યેક વિદ્યાપીઠમાં અર્ધમાગધીના અભ્યાસક્રમ માટે તેને નિષ્ણાત ખાસ અધ્યાપક હોવો જોઇએ તેવી વ્યવસ્થા લાગવનથી તે તે વિદ્યાપીઠોમાં કરાવવી જોઇએ.

(૬) બની શકે તો વિદ્યાપીઠો કે એસોશિએશનોની પરીક્ષાઓ કરતાં આપણે જાતે તે તે પરીક્ષાના ગ્રન્થો નક્કી કરીને તેના ઉમેદવારો મેળવાય તે પણ ઉત્તમ છે.

વ્યાકરણની પરીક્ષા, ન્યાયની પરીક્ષા, જૈન સાહિત્યની પરિક્ષા, પ્રાકૃતની પરીક્ષા, આગમની પરીક્ષા, દ્રવ્યાનુયોગની પરીક્ષા, ચરણકરણાનુયોગની પરીક્ષા, ધર્મકથાનુ યોગની પરીક્ષા, ગણિતાનુયોગની પરીક્ષા, તથા કર્મશાસ્ત્રની પરીક્ષા, આવી પરીક્ષાઓ યોજવી જોઇએ. તેમાં પણ દરેક પરીક્ષાઓ માટે, પ્રવેશ; મધ્યમ અને પદવીની પરીક્ષા એમ ત્રણ ત્રણ વિભાગ કરીને ગ્રન્થો ગોઠવવા જોઇએ. હું માનું છું કે પ્રત્યેક પરીક્ષા માટે પાંચ વર્ષ જેટલો લાંબો અભ્યાસક્રમ રાખ્યો હોય તો વિદ્યાર્થી જરૂર નિષ્ણાત થઇ શકશે.

આ બધી પરીક્ષાઓ વિશાલ દૃષ્ટિને લક્ષમાં રાખીને યોજવી જોઇએ, જેથી વિદ્યાર્થીની દૃષ્ટિ વિશાળ થાય અને સાંપ્રદાયિક અસ્મિતા ઓછી થઇ વસ્તુસ્વરૂપનું ભાન થાય.

હવે પછીના જમાનામાં જો આપણે આવા વિદ્યાર્થીઓ ઉત્પન્ન કરીશું તોજ ભગવાન મહાવીરના શાસનનું તેજ આપણે પ્રકટાવી શકીશું અને ટકાવી શકીશું.

ફરી વાર યાદી આપું છું કે કોઇ પરીક્ષાનો ઉમેદવાર મેટ્રિક કે વિનીત હોય તે ન ભૂલાય. અત્યારે થાય છે તેમ ગમે તે વિદ્યાર્થી ગોખી ગોખીને ન્યાય તીર્થ કે વ્યાકરણ તીર્થ થઇ જાય છે તેવા જો આપણે કરીશું તો આપણે વેદીયાનો સંઘ ઉભો કર્યાં શિવાય બીજું કાંઈ કરી શકશું નહિ.

આ વિષે વિશેષ સૂજશે તેમ લખતો રહીશ. અને એજ્યુકેશન બોર્ડ વિષે પણ વહેલામાં વહેલુ લખી મોકલીશ.

પ્રીતમનગર અમદાવાદ તા. ૨૦-૬-૩૧.

# કૉન્ફરન્સનું પ્રચારકાર્ય.

## અમૃતલાલ વાડીલાલ શાહનો પ્રવાસ.

**ખંભાતઃ**—અત્રેના જૈન યુવક સંઘના આશ્રય નીચે તા. ૧૧-૫-૩૧ ના રોજે શેઠ અંબાલાલ પાનાચંદની ધર્મશાળામાં શેઠ દીપચંદ પાનાચંદના પ્રમુખપણા નીચે "આપણી હાલની પરિસ્થિતિ" એ વિષય ઉપર ભાષણ આપ્યું હતું. સભામાં સાધારણ સારી હાજરી હતી. શ્રી. મોહનલાલ દીપચંદ ચોકસીએ તથા બીજા ગૃહસ્થોએ પણ ટુંક વિવેચનો કર્યાં હતા.

**પાટણઃ**—અહીંના શ્રી સંઘમાં ખૂબ જાગૃત્તિ છે. બીજા શહેરોના કરતાં અહીંના દરેક બંધુઓ અને બ્હેનોમાં ધગશ ઘણી છે. જો કે શ્રી સંઘથી, નહીં જેવો નાનો પક્ષ જુદો પડયો છે કે જે પોતાને 'શાસન રસિક' ના નામથી ઓળખાવે છે. અને જે અયોગ્ય દીક્ષાનો હીમાયતી હોય તેમ જણાય છે. તે પક્ષમાં પણ તેટલીજ જાગૃત્ત છે. બંને પક્ષો પોત પોતાની માન્યતાનુસાર ખૂબ કાર્ય કરી રહ્યા છે. છતાં તેમાં રચનાત્મક કાર્ય નથી.

અહીં જૂદા જૂદા લત્તામાં લગભગ ચૌદભાષણો આપવામાં આવ્યા હતા. દરરોજ આશરે હજાર સ્ત્રીપુરૂષો સભામાં હાજરી આપતા હતા. જૈનેત્તરો પણ આવતા હતા. આપણી ફરજ. (૨) દીક્ષા (૨) મનુષ્ય ધર્મ (૨) કૉન્ફરન્સ અને આપણી ફરજ (૧) શ્રી રામવિજયનું આજનું વ્યાખ્યાન (૧) સાચો ત્યાગ (૧) યુવકોનું કર્તવ્ય (૧) સમય ધર્મ (૧) હાલની પરિસ્થિતિ–ઉપરના વિષયો ઉપર ભાષણો આપવામાં આવ્યા હતા ગોળશેરીમાં દીક્ષાના વિષય ઉપર જ્યારે ભાષણ હતું ત્યારે તો ખાસ 'શાસન રસિક' શ્રી ભોગીલાલ હાલાભાઇ બીજા ગૃહસ્થો સાથે આવ્યા હતા તેમણે પણ દીક્ષાનો આખો વિષય સાંભળ્યો. સભાઓમાં સરકારી અમલદારો તથા મુનસફ સાહેબ વિગેરેએ પણ ભાગ લીધો હતો.

પાટણની જૈન પ્રજામાં આથી અજબ ઉત્સાહ આવ્યો હતો. જો કે કેટલાક વિઘ્ન સંતોષીઓ નવા નવા કિસ્સા ઉભા કરે છે. છતાં કહેવું જોઇએ કે બધાની હૃદય ભાવના છે કે સંપ થાય તો સારૂં. પાટણ થઇ ઉપદેશક વિસનગર, વડનગર અને ખેરાળુ તરફ ગયા છે, જેનો રિપોર્ટ હવે પછી.

# વિ વિ ધ નોં ધ અને ચ ર્ચા.

## માખી કયાં બેસે?—

આ એક જાણીતી લોકોક્તિ છે. માખીનો સ્વભાવજ વિષ્ટા ઉપર બેસવાનો પડી ગયેલો અટલે તેજ સ્થાન શોધી કાઢે. જેમ માખીનું તેમ કેટલાક તેવા સ્વભાવવાળા માણસોનું પણ હોય; અને તે પણ પોતાના સ્વભાવ પ્રમાણે મેલું સ્થાનજ શોધે. કૉન્ફરન્સનાં જૂન્નર અધિવેશને દીક્ષા સંબંધે ઠરાવ કર્યો એટલે તેનો અમલ ન થતો હોય તો તેમાં દોષ તેવી માખીઓનો હોય એમ કેમ ન કહેવાય? કૉન્ફરન્સ સમાજની એક અગ્રણી સંસ્થા છે અને અનેક વિચારવાળાઓ એકઠા મલી એક નિર્ણયપર આવે તે અમલમા મૂકવાની ફરજ સમાજનાં પ્રત્યેક અંગની રહે છે. તે કદાચ ઠરાવ થયાના બળતે દિવસે અમલમાં ન પણ આવે પરંતુ સમાજનું માનસ એ દિશામાં કેળવાય અને પરિણામે અમલ થાય. જો કારોબારી સત્તાનો કોયડો આવી સંસ્થા પાસે હોય તો પણ અનુભવની વાત છે કે 'શારદા એકટ' અને વડોદરા રાજ્યના 'બાળ લગ્ન' નિષેધક કાયદાનો અમલ કેવી રીતે થાય છે? તેમાં શિથિલતા દેખાય છે કે નહિં? શરૂઆત એમજ બને. જો દુનિઆની મ્હોટી સલ્તનતના પોતાનાં અમોઘ બળ છતાં કાયદાનાં ભગના દાખલા જોઇએ છીએ, તો સામાજીક મહાસંસ્થા પરત્વે તેમ બને તો તેમાં આશ્ચર્ય પામવા જેવું કશું નથી. આવા બાળ લગ્ન વિષયક કાયદાઓ ન હતા ત્યારે સમાજની વિચાર દિશા બદલાવી કૉન્ફરન્સે ઠરાવ કર્યા અને છેવટે આને લગતા કાયદા પણ થયા. દીક્ષાના વિષય પરત્વે પણ કદાચ ભવિષ્યમાં એમ કેમ ન બને! 'છડેચોક ભંગ' અગર દીક્ષાના ઠરાવનો અમલ ન થતો હોવાના વિચારે રાચનારાઓનો સ્વભાવ માખીનાં જેવો કેમ ન ગણાય! છતાં હાલ તેવો ઠરાવ પસાર થયા પછી પણ ઠરાવના આશયને અનુકૂળ યોગ્ય જાહેરાતો, મેળાવડાઓ વગેરેની સંખ્યા કયાં વધતી નથી? ખૂદ દિક્ષાના હિમાયતીઓ તરફથી પણ હવે તેમ બનવા લાગ્યું છે. સામાજીક સુધારાની ગતિ હમેશાં મંદ પણ જોઇ શકાય તેવીજ હોય. માત્ર માખીનો સ્વભાવ છૂટવો જોઇએ એટલુંજ જરૂરી છે.

## જૈનો હિંદુ ગણાય કે?—

આ પ્રશ્નનો નિર્ણયાત્મક ઉત્તર કૉન્ફરન્સના જૂન્નર અધિવેશનનો ઠરાવ નં. ૧૨ માથી પૂરો પડે છે એટલુંજ નહિં પણ જૈનો હિંદુકોમનું જાતિ તરીકે એક અંગ છે એ વાત સર્વથા સ્વીકારાએલી છે. છતાં આ પત્રના અંક ૧૨ માં પ્રકટ થએલો પત્ર વ્યવહાર મોંબાસાના કેટલાક આપણા વર્તુલો અને વાડાઓમાંજ સૌભાગ્ય સમજનારા હિંદુભાઇઓના દુરાગ્રહે ઉપસ્થિત કર્યો છે એમ સમજાય છે. આ સંબંધે મુંબઇ પ્રદેશીય હિંદુસભાનો જવાબ જૈન સમિતિને મોકલાએલો છે તે ઘણોજ ડહાપણ ભરેલો છે, માત્ર એક વાત એવી દાખલ થએલી છે કે જેનો અર્થ એમ થાય કે 'જૈન ધર્મ એ જૂદો ધર્મ નથી, પણ માત્ર એક ફાંટો છે.' હિંદુસભાનાં આવા મન્તવ્ય સાથે અમે સહમત હોઇ શકીએ નહિં અને તેથી આ બાબતનો વિરોધ તેમના સમક્ષ રજુ કરવામાં આવતાં સ્થાનિક મંત્રીની રૂબરૂ મુલાકાત દરમીયાન આ હકીકત પૂરી ચર્ચવામાં આવી છે અને ચર્ચા દરમીઆન જણાયું છે કે થએલી ભૂલ સુધારવા માટે કાંઇ અડચણ કર્તા થઇ પડે તેમ નથી આવી બાબતોનો નિર્ણય-ઐક્ય અને સંગઠ્ઠનના જમાનામાં-સાધવા માટે જ્યાં સુધી એક બાજુ સાથે અંદર અંદર વિચાર વિનિમયે સમજુતિનું કાર્ય થતું હોય ત્યાં જાહેર ચર્ચાઓ કે વિરોધના વર્ષાદ કદાચ વિક્ષેપ કર્તા નિવડે એ તદ્દન બનવા જોગ છે. આવા હેતુથીજ વિવાદિત મુદ્દા સંબંધે મૌન સેવાયું હોય તે ઇષ્ટ ગણાશે. અન્યત્ર પ્રકટ થએલ ભાષાન્તર સંબંધે પણ એજ ખુલાસો સમજી લેવો ઘટે. યોગ્ય નિર્ણય આવે સમગ્ર હકીકત સમાજ સમક્ષ અવશ્ય રજુ થશે. જૈન પ્રકાશ અંક ૩૫ માં આ વિષય પરત્વે લખાએલ શ્રી દરબારીલાલ ન્યાયતીર્થનો અગ્રલેખ મનનીય છે.

## શ્રી આત્માનંદ જૈન હાઈસ્કૂલ અંબાલાઃ—

અંબાલા (પંજાબ) ના જૈનોનો કેલવણી પ્રત્યે ઉત્સાહ પ્રશંસનીય છે. હાઇસ્કુલને ચાલુ જમાનાની જરૂરીઆતો પૂરી પડે તેવાં મકાનની ખામી જણાતાં મ્હોટે ખર્ચે એક સુંદર મકાન તેઓએ બંધાવ્યું છે જેની ઉદ્ઘાટન ક્રિયા હમણાં થોડા વખત ઉપરજ થયાના સમાચાર મલ્યા છે. અંબાલા અને પંજાબના આપણા બધુઓ સ્વયં કાર્ય કરનારા, ઉત્સાહી અને વિદ્યાપ્રેમી છે એટલુંજ નહિં પણ તેઓનું સંઘબળ-ઐક્ય દૃષ્ટાંતરૂપ થઈ પડે તેવાં છે. તેઓ ઘણાં ખાતાંઓ ચલાવે છે અને ખાસકરી હંમેશાં નિયમિત રીતે રાતના ફુરસદના સમયે એકત્ર મલી ઘણું કાર્ય કરે છે. એ વાત ખાસ નોંધવા લાયક છે. ગુજરાત-મારવાડ-બંગાલના જેટલા લક્ષ્મીનંદનો કદાચ તેમને ત્યાં ન હોય છતાં આચાર્ય શ્રી વલ્લભવિજયજી મહારાજના પ્રતાપે તેમનું સંઘબળ ઘણું મજબુત છે.

## જૈન કોમમાં બેકારીનો પ્રશ્ન—

ઘણાઓને મુંઝવી રહ્યો છે. અને ધંધા નોકરીઓની ખામીને લઇ ઘણાઓને સહન કરવું પડે છે એ બિના કોમના શ્રીમંત બંધુઓના ખ્યાલ બહાર નજ હોય. એક બંધુ...... થા લખી જણાવે છે કે 'એક જૈન કુટુંબના માણસો તદ્દન નિરાધાર સ્થિતિમાં છે ધધા તેમજ નોકરીના અભાવે તેની મુંઝવણનો પાર નથી અને એ મુઝવણ તેઓ લાંબી મુદત ટકાવી શકે તેમ પણ નથી, તોપણ તે ખાનદાની જાળવી રહ્યા છે પણ તેના ચહેરા જોતાં તે જાળવી શકશે નહિ કારણ કે-જૈન બચ્ચો માગી શકતો નથી. અત્યારે હજારો શ્રીમંતો જૈનોમાં છે તેમાં કોઇ ભામાશાહ કે ઝગડુશાહ જેવો જાગશે તોજ જૈન કોમની હાલની સ્થિતિ છે તેવી ટકાવી રાખશે આખો ભારત વર્ષ જૈન ધર્મી હતો અત્યારે ૩૫ કરોડમાં ફક્ત બાર લાખજ છે તે થવાનાં કારણ તપાસો તો ફક્ત ગરીબાઇ છે. નોકરી નહિ મળવી અને ધંધાનો અભાવ એ બે કારણો છે. માટે એક જૈન કુટુંબની સ્થિતિ ઉપર લક્ષ-આપી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઉપર યોગ્ય મદદ મોકલી આપશે એવી આશા રાખું છું. જૈન.' કોઇ પણ સજ્જન તરફથી મદદ મોકલવામાં આવશે તે આ ભાઇને મોકલી આપવામાં આવશે.

# સ્વીકાર અને સમાલોચના.

**શ્રી દશવૈકાલિક સૂત્રઃ**—પૃષ્ઠ ૧૫૫ છૂટા શબ્દના અર્થ તથા ભાવાર્થ સહિત પ્રકાશક, અમૃતલાલ એન્ડ કુંવરજી સોલ એજન્ટ મેઘજી હીરજી જૈન બુકસેલર, પાયધુની મુંબઇ. કિંમત રૂા. ૨॥. જૂની પદ્ધતિએ સૂત્રમાં આવત છૂટા છૂટા શબ્દોના અર્થ આપવામાં આવ્યા છે. સૂત્રનો સલંગ શબ્દાર્થ આપવામાં આવ્યો નથી તે આપવામાં આવ્યો હોત તો અભ્યાસીઓને મૂલ સૂત્રમાં શું છે અને ટીકામાં શું છે એ જાણવાની તક મળત. ભાવાર્થ ઠીક લખાયો છે, પરંતુ કેટલેક સ્થળે ભાષાનો ફેરફાર સમયના વહેવા સાથે કરવો જોઇએ તે કરવામાં આવ્યો નથી. બહુજ થોડા પ્રયાસે આ કાર્ય થઇ શક્ત. સૂત્ર, શબ્દાર્થ તેમજ ભાવાર્થમાં પણ તેવીજ રીતે વિશેષ શુદ્ધિ લાવી શકાત. અર્વાચીન પદ્ધતિએ, તુલનાત્મક દૃષ્ટિએ ફુટ નોટ મુકવામાં આવી હોત તો આધુનિક અભ્યાસી માટે યોગ્ય થાત, તો પણ સાધારણ રીતે પ્રાકૃતના વિશેષ જ્ઞાનથી વંચિત રહેલા અભ્યાસીઓ માટે આ પુસ્તક ઉપયોગી છે. યુનિવર્સીટિની તેમજ અન્ય પરીક્ષા માટે તૈયારી કરતા વિદ્યાર્થીને પણ ઉપયોગી થઇ પડે એમ છે. ભાવાર્થ એવી શૈલીથી લખાયો છે કે માત્ર ગુજરાતી જાણનાર પણ તે ઉપરથી સૂત્રનો વિષય સરળતાથી સમજી શકે અને સાધુના આચાર શું છે તે જાણી શકે.

**કળાવતી, સતી સુભદ્રા, રતિ સુંદરી, ઋષિદત્તાઃ**–આ ચારે વાર્તાઓ સરલ ભાષામાં ન્હાનાં મ્હોટાં સૌ વાંચી સમજી શકે તે રીતે લખાયેલી છે. ચારિત્ર અને નીતિના બોધપાઠ રસપ્રદ રીતે આખ્યાયિકાઓમાં ગુંથાયેલ છે. સૌએ વાંચવા લાયક છે. લેખકની શૈલિને અનુરૂપ અને વર્તમાન યુગની આવી વાર્તાઓનાં છાપકામની નવીન શૈલિનાં મુદ્રણે પુસ્તકને વધારે આકર્ષક બનાવ્યું હોત. આપણી બધીય પ્રાચીન ધર્મ કથાઓ બાળકો માટે આ પ્રમાણે લખાય એ આવશ્યક છે. થોડા ચિત્રો પણ ઉમેરાય તો બાળકો વિશેષ આકર્ષાય. લેખક—શાહ ધીરજલાલ ટોકરશી રાયપુર, અમદાવાદ. પ્રકાશક જૈન ધર્મ પ્રસારક સભા ભાવનગર. કિં. ૦-૧-૦ લેખક અને પ્રકાશકના પ્રયાસો સ્તુત્ય છે.

**જૈન ધર્મ.**—પ્રકાશક જૈન ધર્મ પ્રસારક સભા ભાવનગર, કિંમત ૧-૮-૦ જર્મન પ્રોફેસર હેલ્મુટ ગ્લાજેનાપે જૈન ધર્મ વિષે જર્મન ભાષામાં લખેલાં પુસ્તકનો આ અનુવાદ છે. જૈન ધર્મના સિદ્ધાંતો ઇતિહાસ આદિ અનેક બાબતોનું એક અન્ય દેશીય તટસ્થની દૃષ્ટિએ સારૂં નિરૂપણ થયું છે. જૈન તેમજ જૈનેતરો અને જીજ્ઞાસુઓને વાંચવા યોગ્ય છે. કેટલીક હકીકતો અને કથનો ચર્ચાસ્પદ છે. કેટલેક સ્થળે ગ્રંથકારને માહિતી આપનારાની કલ્પનાથી રંગાયલા અનુમાનો દોરાયા છે. કર્તા ભાષાંતર 'પાટીદાર' ના તંત્રી શ્રી નરસિંહભાઇ ઇશ્વરભાઇ પટેલે સમગ્ર રીતે વિચારતાં અનુવાદ સારો કર્યો છે, પરંતુ જૈન પરિભાષાનાં પૂરા અભ્યાસની ખામી ક્વચિત્ તરી આવે છે. છતાં તેમનો આ પ્રયાસ ધન્યવાદને પાત્ર છે. પુસ્તક અવશ્ય વાંચવા લાયક છે. જીજ્ઞાસુઓને ઘણે અંશે તૃપ્ત કરે તેવું છે.

**બાળ હિત પત્રિકાઃ**—તંદુરસ્તીનો પ્રશ્ન અને ખાસ કરી બાળકોની સારવાર અને ઉછેરનો પ્રશ્ન કોમને માટે અગત્યનો છે. આ બાબત પરત્વે જૈન સેનીટરી એસોસીએશનની પ્રવૃત્તિ જાણીતી છે. બાળકોનું મરણ પ્રમાણ ભયંકર છે તે જોતાં સદરહુ એસોસીએશન તરફથી પ્રકટ થયેલી પત્રિકા આવકારદાયક છે. આ મંડળ પોતાની આ પ્રવૃત્તિ ચાલુ રાખે અને સમાજ તેની ભાવનાં ઝીલે એ ઇષ્ટ છે. આ પત્રિકા વિદ્વાન ડૉકરોએ તૈયાર કરેલા ચોપાનીઆના સારરૂપે પ્રકટ થએલી છે અને બાળ ઉછેર તેમજ બાળકો અને માતાઓના આરોગ્ય માટે સારી માહિતી આપે છે. દરેકે વાંચવા લાયક અને પ્રચાર કરવા યોગ્ય છે. પ્રકાશક જૈન સેનીટરી એસોસીએશનની આરોગ્ય પ્રચારક કમિટી, મુંબઈ.

**સિન્દૂર પ્રકરઃ**—(શ્રી સોમપ્રભસૂરિ કૃત) પ્રયોજક માવજી દામજી શાહ. પ્રકાશક ઝવેરી મણીલાલ સૂરજમલની કું. નં. ૧૧ ધનજી સ્ટ્રીટ, મુંબઇ. પોસ્ટેજનો દોઢ આનો મોકલવાથી વાંચવા ઇચ્છનારને ભેટ આપવામાં આવે છે. આ પુસ્તકની આ ત્રીજી આવૃત્તિ પ્રકટ થઇ છે. બાબુ પૂરનચંદ પન્નાલાલ જૈન હાઈસ્કૂલના અંગ્રેજી ધોરણ છઠ્ઠા અને સાતમા માટે ધાર્મિક પાઠ્ય પુસ્તક તરીકે પહેલાં મંજૂર થયેલું હતું. ઉપયોગી સુભાષિતની સંકળના આ કાવ્યમાં કરવામાં આવી છે. શ્લોકોની કક્કાવારી અનુક્રમણિકા અને શબ્દકોષ પણ સાથેજ અપાયેલાં છે. છેવટે કથાઓ યોજવામાં પ્રયોજકે વિશેષ ધ્યાન આપ્યું હોત તો વધારે સારી શૈલિમાં તથા રસપ્રદ રીતે લખી શકાત.

**વિજય ધર્મસૂરિનાં વચનામૃતો**—સંગ્રાહક અને પ્રકાશક માવજી દામજી શાહ, ઘાટકુપર, મુંબઇ વચનામૃતોની આવૃત્તિ બીજી. મૂલ્ય ૦-૧-૦ જૈનાચાર્ય શ્રી વિજય ધર્મસૂરિના વચનામૃતોનો આ ગુજરાતીમાં સંગ્રહ છે અને તેમાં બ્રહ્મચર્ય વિષેનો ઉપદેશ ધ્યાન ખેંચનારો થઇ પડે તેવો છે.

**ધી જૈન એસોસીએશન ઓફ ઇન્ડીઆનો** સંવત ૧૯૮૧ થી ૧૯૮૫ સુધીનો પાંચ વર્ષનો સંયુક્ત રિપોર્ટ પ્રસિદ્ધ કર્તા શ્રી રતનચંદ તલકચંદ માસ્તર (માનદ મંત્રી) રિપોર્ટવાળા સમય દરમીયાન જૈન તહેવારોની યાદી તથા સરકારી બિલો સંબંધે અભિપ્રાયો અપાયાનું કાર્ય થયું છે. યથાશક્ય સ્કૉલરશિપો અપાઇ છે. લાઇફ મેંબરો ૧૪ તથા અન્ય સભાસદોની સંખ્યા ૧૦૬ ની છે એમ જણાવવામાં આવ્યું છે યાદી પ્રકટ થઇ જણાતી નથી. 'આ સંસ્થાને વધારે પ્રાણવાન્ અને વિશેષ કાર્ય કરતી બનાવવાની જરૂર' માનદ મંત્રી તરફથી દર્શાવવામાં આવી છે તો તે બર લાવવા સત્વર પ્રયત્ન થશે એમ ઇચ્છીએ.

તૈયાર છે! સત્વરે મંગાવો!

'શ્રી જૈન ગૂર્જર કવિઓ ભાગ ૨.'

આશરે ૧૦૦૦ પૃષ્ઠનો દલદાર ગ્રંથ

કિંમત ત્રણ રૂપીઆ.

સંગ્રાહકઃ-જૈન સાક્ષર શ્રી મોહનલાલ દ. દેશાઈ,
બી. એ. એલએલ. બી; એડવોકેટ.

પ્રાપ્તિસ્થાનઃ-શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ.
૨૦, પાયધુની, મુંબઈ ૩.

# જ્ઞાનની આશાતના.

[ એક સંવાદ.]

લેખકઃ-રા. પોપટલાલ પુંજાભાઈ શાહ, બી એ. વાંકાનેર.

'શેઠ સાહેબ! પણ એ આપણી કોમના વિદ્વાન છે, બિચારા દુઃખી છે. આપ એને આટલી મદદ કરશો તો જ્ઞાન પૂજા થશે.'

'તમે બધા નવા નવા અર્થ કાઢયાં કરો. એવી જ્ઞાન-પૂજા કરવા અમે નવરા નથી.'

'હશે, પણ એક રંક વિદ્વાનને એથી કાંઇક આશરો મળશે.'

'શું એ ગરીબ છે? મિજાજ તો માતો નથી. જુઓને એના ઉપરી સાથે પણ એને કયાં બને છે? નહિતો હવે નિશાળની નોકરી, એમાં તે કયો બળદ ઉહાડવોતો?'

'સાહેબ! એ બાબતમાં તો આપણે-નકામી માથાકૂટ શા માટે કરવી? બાકી સાચું તો સગી માનેય કયાં ગમે છે?'

'હવે એ નોકરીમાં સાચું ખોટું કયાં કરવું પડે છે?'

'સાહેબ, એ તો મામલામાં હોય તે માટી, આપણા ગામડાના લોકો પણ કહેશે કે 'અધમ નોકરી,' તેમાં વળા બુદ્ધિહીન અધિકારી નીચે, ખોટા તોરી અમલદાર હેઠે નોકરી કરનાર બુદ્ધિશાળી અને સાચા બોલા નોકરના કેવા હાલ હવાલ થાય છે તે તો તે નોકરજ જાણે.'

'એ ગમે તેમ હો, પણ એનો સ્વભાવ આકરો તો ખરોજ.'

'સાચક તો છેજ. પણ એની સાથે આપણે શું કામ છે? હું તો આપને વિનતિ કરૂં છું કે આપ તેને જરૂર મદદ કરો આપણી કોમના વિદ્વાનની કિંમત આપણે નહિ કરીએ તો કોણ કરશે? આપને ત્યાં લગ્ન પ્રસંગ છે, તેમાં જ્ઞાનની લ્હાણી કરવાનો અવસર ઉજવાય, જ્ઞાનયજ્ઞ થાય અને વળી ગરીબને ઉત્તેજન મળે. કાંઇક કરો. વળી આ નવો ચીલો પડશે, તેની સ્થિતિ દયા જનક છે.'

'એનાં કર્મ.'

'હાજી, આપની વાત સાચીજ છે. કરમેજ એ ગામ-ડાનો ગરીબ વિદ્યાર્થી થોડું ઘણું ભણ્યો, શહેરમાં આવ્યો, મેટ્રીક થયો અને વળી થોડું ઘણું લખવા શીખ્યો. પણ એનાં કર્મ એને આવાં સાહિત્યશૂન્ય ગામમાં લઇ અવ્યાં એ તો ખરૂંજ. પણ, આપ કૃપા કરો તો એ પણ સહધર્મી ભાઈ છે, સહધર્મી-વાત્સલ્યનું પુણ્ય થશે, એનું કુટુંબ બિચારૂં બહુ દુઃખી છે.'

'તે હું શું કરૂં? મહેરબાની કરીને માથાફોડ ન કરો. તમે આવ્યા છો તો બે રૂપિયા લઇ જાઓ.'

'એમ તો હું પણ ન લઉં. એ પણ ન સ્વીકારે. આપ એનાં પુસ્તકો ખરીદો. આપ પ્રભાવના કરી શકશો અને એને પૈસા મળી જશે.'

'તે ખપતાં નથી?'

'જી ના.'

'તો છપાવ્યાં શું કામ?'

'એને ખબર નહિ. વળી વહેવારૂ પણ નહિ'

'હા. કોઇને અર્પણ પત્રિકા દીધી નહિ હોય, કોઇનાં વખાણ કર્યાં નહિ હોય, કોઇના ઉપકારની લીટીએ લખે તો ને?'

'અરે! એમે કયાં દી વળે છે? ઘણીવાર એમાં પણ લેખકો છેતરાઇ જાય છે.'

'ત્યારે પુસ્તકો ઘરની જગ્યા રોકતાં હશે.'

'ના, એતો વળી મારે ત્યાં રાખી લીધાં છે એટલે એ ઉપાધિ નથી. પણ આપ દયા કરો તો.'........

'ના હવે મારૂં માથું પકવો માં. મહેરબાની કરીને પધારો, મારે કામ છે, માફ કરજો.'

વૃદ્ધ માબાપની માંડ માંડ સેવા કરી; તેમને અન્ન ભેળાં કર્યાં. તે પણ દીકરાનું થોડુંક સુખ જોઇને પ્રભુપદ પામ્યાં. નિખાલસ, સાચાબોલો શિક્ષક આગળ વધી શકયો નહિ. ઉદ્ધત અને અધમ અધિકારે તેની કિંમત કરી નહિ. બિચારો શરમાળ ટુંકા પગારમાંજ જીવન જીવવા લાગ્યો. માબાપે લફરૂં લગાડેલું, તે પણ કરમે કાંઇક કપાતર નીકળ્યું, સંસાર પરિવાર વધ્યો, પણ કમાણી વધી નહિ. લેખનની ધૂનમાં એક બે પુસ્તકો લખીને છપાવી નાંખ્યાં, પણ પૈસોય પેદા થયો નહિ, છપામણી પણ માથે પડી.

કેળવણી ખાતાની નોકરીમાં પેન્શનરો ઓછાજ હોય છે. પોતાની વિદ્યા પારકા કોઠામાં ઘાલવી, ચેતન ઉપર કામ કરવાની કલા સાધના કરવી, એ કેટલી કઠણ છે તે લાગણી-હીનને સમજાય એવી વાત નથી.

ભણાવવાની ચિંતા, કઠણ નોકરી, અને પોષણની પીડામાં એનું શરીર નબળું પડયું, અને શરદીમાંથી તાવ તથા ઉધરસ લાગુ પડયાં.

ડૉકટર ને વૈદ્યની જલદ દવાઓએ પૈસાનાં પાણી કર્યાં, પણ એનો રોગ મટવાને બદલે વધ્યો, સાદા રોગમાંથી ક્ષય થયો સાચી પરીક્ષા વિના, શુદ્ધ ચિકિત્સા વિના, દેશી કે વિલાયતી, ગોખેલું વૈદુ આજ કેટલાની પ્રાણ હાનિ કરી રહ્યું હશે?

શિક્ષક ગયો. વિમો ઉતરાવ્યો નહતો, ખાવા નહતું, એક વિધવાને ચાર પાંચ છોકરાં. થોડાક પૈસા અને કાંઈક નાક નમણ હતું તે પણ દવા દારૂમાં ખરચાઇ ગયું. પેટનો ખાડો પૂરવાનાં પણ સાંસાં થઇ પડયાં, ખાપણના પૈસા પણ ન મળે, બીચારાંને ઉપર આભ ને નીચે ધરતી.

* * * *

'અરેરે! હેં! બિચારો ગુજરી ગયો? ભારે ભુંડું થયુ અકરોકેર થઇ ગયો.'

'હા જી.'

'સ્વભાવે આકરો, ધર્મમાં બહુ સમજે નહિ. પણ બિચારાના બૈરાં છોકરાં રખડયાં.'

'જી હા.'

'જોયું? કાંઇક સેવાપૂજા કરતો હોત, સામાયિક પડીકમણું કરતો હોત, તો કોકને પણ એના તરફ લાગણી થાત. પણ ધરમમાં જીવજ નહિને!'

'કોણ કહે છે કે એને ધર્મક્રિયામાં જીવ નહતો? ફક્ત તેનો આડંબર તેને હતો નહિ; વળી એ પણ ખરૂં કે એને એવી ધમોદા દયાની બહુ દરકાર નહતી. મેં આપને પણ એનાં પુસ્તકો ખરીદી લઇનેજ મદદ કરવાનું કહ્યું હતું. કારણ કે એ મફતની મદદ તો લે એવા હતાજ નહિ. પણ હશે! હવે એતો ગયા. બિચારાને બાળવાને લાકડાએ ન મળે.' (અપૂર્ણ)

जैन युग.

वीर संवत् २४५७. हिन्दी विभाग. ता. १५-७-३१.

## — सप्तभंगी. —

लेखकः—साहित्यरत्न पंडित दरबारीलाल न्यायतीर्थ.

एक समय मैं विद्यालयके छात्रोंको स्याद्वादका परिचय दे रहा था। स्याद्वादके व्याख्यानमें बारबार सप्तभंगीका नाम आया। एक विनोदशील विद्यार्थीने पूछा "आप बारबार, "भंगी-भंगी" क्या कहते हैं; जैन शास्त्रोंमें क्या भंगी कीभी जरूरत है?"

जैसी विनोदपूर्ण भाषामें प्रश्न पूछा गया था अगर उत्तर उसी तरह न दिया जाय तो उसका कुछ फल न होगा। उत्तर इस ढंगसे दिया जाना चाहिये जिससे विनोदभी हो, शास्त्रानुकूल उत्तरभी हो तथा कॉलेजके छात्रोंके लिये रूचिकरभी हो। मैंने कहा—

हां! जैन शास्त्रोंमें भंगीकीभी जरूरत है। आप जानते हो कि भंगीका काम सफाई करना है। अगर किसी शहरमें भंगी न हो तो वह शहर चार दिनमें बास उठेगा उसकी सडकें गदली हो जायगी। उन परसे रस्ता चलना मुश्किल हो जायगा। जब इन छोटी छोटी सडकोंके लिये भंगीकी जरूरत है तो मोक्षकी सडक (मोक्ष मार्ग) के लिये भंगीकी जरूरत क्यों न होगी? भगवान् महावीरने मोक्षके लिए जो सडक बनाईथी उसकी सफाई करनेके लिए उनने सप्तभंगी नियुक्त किये थे। उनकाही उल्लेख यहां सप्तभंगी शब्दसे किया गया है।

विद्यार्थी मुस्कराये। मेरे उत्तरने उनके विनोदको तात्विकरुप दे दिया। विद्यार्थी तो उस विनोदको भूल गये परन्तु मुझे कभी कभी इसका स्मरण हो ही जाता है। बात तो हंसीकी है परन्तु इस हंसीमे कैसा कठोर सत्य छिपा है! अगर हमने सप्तभंगीकी पर्वाह की होती तो आज हमारी यह दशा न होती। हम रुढियोंके गुलाम न होते, हम सडे हुए कपडेके समान चिथडे चिथडे होकर अनेक सम्प्रदायोंमें न बंट जाते। हम जैन कुलमें पैदा होकर जैनत्वसे विमुख न होते।

सप्तभंगीमें मुख्य भंग दो हैं—'अस्ति' और 'नास्ति' प्रत्येक वस्तु अपने द्रव्य क्षेत्र काल भावसे अस्तिरुप है और परद्रव्य क्षेत्र काल भावसे नास्तिरुप है। यह बात कितनी सरल और अनुभवगम्य है कि एक बच्चाभी इसे स्वीकार कर सकता है। मोहन जिस समय चौपाटीपर है उस समय वह कोटमें नहीं है इस सीधीसी बातको कौन न स्वीकार करेगा? चौपाटीकी अपेक्षा मोहन है कोटकी अपेक्षा नहीं है यही तो स्याद्वाद है। यही जैन धर्मकी विशेषता है।

कहा जा सकता है कि इस सीधीसी बातको तो दुनिया स्वीकार करती है इसमें जैन धर्मकी विशेषता क्या हो गई? ऐसे प्रश्नकर्ताको मालूम नहीं है कि यह सीधीसी बात दुनियाके बहुत कम आदमी समझते हैं। चौपाटी और कोटमें होने न होनेकी बातमें लोगोंको भले ही इतराज न हो परन्तु जब यही छोटीसी बात गम्भीर विषयोंमें पहुंचती है तब लोगोंको इसकी महत्ता मालूम हो जाती है। उस समय अगर लोग इस छोटीसी बातका विरोध न करें और यथा शक्ति उसके अनुसार चलने लगें तो आजभी मर्त्यलोक इतना सुखमय हो सकता है कि स्वर्गलोकको भी इसे देखकर ईर्ष्या होने लगे।

आज समाजमें और राष्ट्रमें जितनी अशान्ति नजर आती है वह इसी छोटीसी बातको न समझनेका परिणाम है। अगर आज लोगोंसे कहा जाय कि हमारे बाप दादेके समयमें जो नियम हितकर थे वे आज अहितकर हो सकते हैं। अगर उनसे कहा जाय कि किसी समय उपजातियों (अवान्तर जातियों) से भले ही लाभ हुआ हो परन्तु आज नहीं है, किसी समयके लिये पर्दा की प्रथा अच्छी होगी परन्तु आज नहीं है, किसी समय अमुक बात लाभकारकथी आज नहीं है तो इन सब बातोंको माननेके लिए वे तैयार न होंगे। उत्तर न सूझनेसे वे या तो चुप रह जांयगे या धुडकिया दिखायंगे परन्तु स्याद्वादके अनुसार चलनेके लिये तैयार कभी न होंगे।

(अपूर्ण.)

मारवाड-मेवाड के लिए

उपदेशक,

श्री गिरजाशंकर ज. पंडितकी नियुक्ति हुई है। वे अल्प समयमें ही उस तरफ प्रवासके लिए निकलेंगे।

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay 3.

॥ नमो तित्थस्स ॥

Regd. No. B 1996.

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.)

વાર્ષિક લવાજમ રૂપીઆ બે.

તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ [મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.]

છુટક નકલ દોઢ આનો.

વર્ષ જીનું ૬ ઠું } નવું ૧ લું.

તા. ૧ લી ઑગષ્ટ ૧૯૩૧

અંક ૧૫ મો.

- મુખ્ય લેખકો -

શ્રી મોહનલાલ દ. દેશાઈ, બી. એ. એલએલ. બી. એડવોકેટ.

,, મોતીચંદ ગિ. કાપડીઆ, બી. એ. એલએલ. બી. સોલીસીટર.

,, ઉમેદચંદ ડી. બરોડીઆ, બી. એ.

,, હીરાલાલ હાલચંદ દલાલ બાર-એટ-લૉ.

-સુચનાઓ-

૧ આ પત્રમાં પ્રકટ થતા લેખો માટે તે તે લેખના લેખકોજ સર્વ રીતે જોખમદાર છે.

૨ અભ્યાસ મનન અને શોધખોળના પરિણામે લખાયેલા લેખો વાર્તાઓ અને નિબંધોને સ્થાન મળશે.

૩ લેખો કાગળની એક બાજુએ શાહીથી લખી મોકલવા.

૪ લેખોની શૈલી, ભાષા વિગેરે માટે લેખકોનું ધ્યાન 'જૈન યુગની નીતિ-રીતિ' પ્રત્યે ખેંચવામાં આવે છે.

૫ આ પત્ર દર મહિનાની પહેલી અને પંદરમીએ પ્રકટ થાય છે.

પત્રવ્યવહાર:-

તંત્રી—જૈન યુગ.
ઠે. જૈન શ્વેતાંબર કૉ. ઓફીસ
૨૦, પાયધુની-મુંબઈ ૩

## વેરાવળની ખુનરેજી!

### કાર્યવાહી સમિતિની બેઠક.

આ સંસ્થાની કાર્યવાહી સમિતિની એક બેઠક તા. ૧૯-૭-૩૧ રવિવાર ના રોજ કેટલાંક કારોબારી કામકાજ માટે સંસ્થાની ઓફીસમાં બપોરના (સ્ટાં ટા.) ૩-૦ વાગતે શ્રી મોતીચંદ ગિ. કાપડીઆનાં પ્રમુખસ્થાન હેઠળ મલી હતી. જે વખતે વેરાવળ હત્યાકાંડના હિંદુવટની ખાતર ભોગ બનેલા આપણા સમાજના જાણીતા આગેવાન શેઠ ગોવિંદજી ખુશાલભાઇના ખેદજનક અવસાનના સમાચાર મલતાં નીચેનો ઠરાવ કરી કમિટીનું કામકાજ મુલતવી રહ્યું હતું. "આપણી સ્થાયી સમિતિના સોરઠ વિભાગના એક જાણીતા સભ્ય તથા આપણી ઘણી જાહેર સંસ્થાઓના એક આગેવાન કાર્યકર્તા શેઠ ગોવિંદજી ખુશાલના વેરાવળમાં મુસલમાનોને હાથે થએલા અકાળ અવસાન થવાના દુઃખદ સમાચાર સાંભળી આજે મળેલી જૈન કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિની સભા અત્યંત દિલગીરી જાહેર કરે છે અને તેમના અવસાનથી સમાજને મોટી ખોટ પડી છે તેની નોંધ લે છે તથા સદ્દગતના આત્માને શાંતિ ઇચ્છે છે અને તેમના કુટુંબ પ્રત્યે હાર્દિક સહાનુભુતિ જાહેર કરે છે અને આજની સભાનું કામકાજ તેમના પ્રત્યે શોકની લાગણી દર્શાવવા બંધ રાખવાનું ઠરાવે છે."

હિંદુવટની ખાતર—



સદ્દગત શેઠ ગોવિંદજી ખુશાલભાઈ.

**અગત્યના તાર વ્યવહાર:**—જુનાગઢના નામદાર નવાબ સાહેબ, દિવાન સાહેબ, વેસ્ટર્ન ઇ. સ્ટેટસના એ. જી. જી. તથા નામદાર વાઇસરૉયને નીચે મુજબ તારો તા. ૨-૭-૩૧ ના દિને સવારમાં કરવામાં આવ્યા હતા. (અનુસંધાન પૃષ્ઠ ૧૧૫ ઉપર)

**उद्धाविव सर्वसिन्धवः, समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः ।**
**न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**
**-श्री सिद्धसेन दिवाकर.**

અર્થ:-સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે: પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

સરિતા સહુ જેમ સાગરે, તુજમાં નાથ! સમાય દૃષ્ટિઓ;
જયમ સાગર ભિન્ન સિન્ધુમાં, ન જણાયે તું વિભક્ત દૃષ્ટિમાં.

**જૈન યુગ.**
તા. ૧-૮-૩૧ શનીવાર.

# સમાજ સત્ત્વ પ્રતીષ્ઠા.

અત્યારે સમાજનો મુખ્ય પ્રશ્ન 'સત્ત્વ' પ્રાપ્ત કરવાનો છે. પ્રત્યેક વ્યક્તિ પોતાનો વિકાસ ઇચ્છે છે તેનું સાધન સત્ત્વ છે. વ્યક્તિત્વની કિંમત સત્ત્વ ઉપર અવલંબે છે. એ સત્ત્વ એટલે હૃદયનું બળ. એમાં સ્થૂળ બળનો સવાલ નથી. એમાં કોઇપર વિજય પ્રાપ્ત કરવાનો સવાલ નથી. એમાં હિંસક લડાઇને સ્થાન નથી. એમાં તમોગુણના એક પણ આવિષ્કારને અવકાશ નથી. 'સત્ત્વ' માં અનંત શક્તિનો પ્રત્યક્ષ આવિર્ભાવ હોવા છતાં એમાં સત્ત્વગુણનોજ વિકાસ હોય છે.

શક્તિનો આવિર્ભાવ કરી શકાય અને છતાં પ્રકૃતિ સાત્ત્વિક રહી શકે એ બાબતમાં જરા વ્યાઘાત લાગે તેવું છે, પણ તેમાં માત્ર મનુષ્ય સ્વભાવના ઉંડા અભ્યાસમાં ઉતરવાનીજ જરૂર છે. શત્રુને મારી નાખવામાં જે શુરાતનનો ખપ પડે છે તે કરતાં ઘણા વધારે શૌર્યની જરૂરીઆત-ક્ષમા કરવામાં પડે છે. સામાન્ય વ્યવહારમાં ઉછરેલા કદાચ લડાઇમાં ચઢનારા શૂરવીર યોદ્ધાઓને 'શૂર' નું બિરૂદ આપે, કદાચ તેનાં નામો યાદ પણ કરે, કદાચ તેનાં નામનાં પુતળાં કે પાટીઆં રચાવે તે તેમના વ્યવહારથી ઉચિત ગણાય, પણ એ સામાન્ય ભૂમિકાથી જરા ઉંચા ચઢી જોઇએ તો ક્રોધનો પ્રસંગ આવે તે ગળી જાય, સામાને નુકસાન કરવાના સંકલ્પથી પણ કંપી ઉઠે, પોતાની પ્રશંસા સાંભળી પરસેવાથી ભરાઇ જાય, દંભ કે કપટ એની જીવનચર્યામાંજ ન હોય આવા પ્રકારનું માનસ થઇ જવું એમાં ઘણી વધારે શક્તિની જરૂર પડે છે. સ્થૂળ બળ કરતાં મન ઉપર અસાધારણ કાબુ હોય તોજ હૃદયમાં આ ભાવને સ્થાન મળે છે.

આ હૃદયબળ પ્રાપ્ત કરવાનો પ્રયાસ પણ થઇ શકે છે. શાસ્ત્રકાર કહે છે કે જ્ઞાન, વિજ્ઞાન, ધૈર્ય, સ્મૃતિ અને સમાધિ એ સત્ત્વ વૃદ્ધિના ઉપાય છે; બ્રહ્મચર્ય, દયા, દાન, નિઃસ્પૃહત્વ, તપ અને ઉદાસીનતા સત્ત્વ વધારવાના હેતુઓ છે. આ ઉપાય અને હેતુ ખૂબ વિચારવા જેવા છે અને તેનું જેમ જેમ પરિશીલન કરવામાં આવે તેમ તેમ 'સત્ત્વ' ખરેખર વધતું જાય છે.

અત્યારે આપણામાં ખરા સત્ત્વનો અભાવ નથી તો અલ્પભાવ તો છેજ. એનું ખરૂં કારણ એના ઉપાય તરફ આપણું દુર્લક્ષ છે. આપણે હજુ બાહ્ય ભાવમાં ખુબ રસ લઇએ છીએ. છાપામાં શું આવ્યું તેની જેટલી ચિંતા રાખીએ છીએ તેટલીજ ચિંતા અંતર અવાજ શું કહે છે તે માટે રાખતા હોઇએ અને સામે જોવાને બદલે પગ નીચે અથવા ગળાની નીચે-અંદર જોવા જતા હોઇએ તો અપ્રતિહત 'સત્ત્વ' જરૂર વધતું જાય અને અંતે આપણે સાધ્યે ન પહોંચી જઇએ તો માર્ગે તો જરૂર ચઢી જઇએ.

આવી વસ્તુનું વાસ્તવિક જ્ઞાન થાય તેવા જ્ઞાનની ખૂબ જરૂર છે. જ્ઞાન વગર તો આપણો આરોજ નથી. ખોટા લીટા દોરતા હશું તો કોઈ દિવસ એકડા દોરાઇ જશે, પણ જેને લીટા પણ દોરવા નથી તેને તો એકડો દોરાઇ જવાનો અવકાશ કે સંભવ પણ પ્રાપ્તવ્ય નથી. સત્ત્વ પ્રાપ્ત કરવા માટે મગજને ખૂબ કેળવવાની જરૂર છે. એનામાં સંગ્રાહક શક્તિ, વિવેચન શક્તિ, પૃથક્કરણ શક્તિ અને વિવેક શક્તિ જ્યારે આવે ત્યારેજ તે વસ્તુને વસ્તુગતે ઓળખી શકે. આ પ્રકારના જ્ઞાન વગર સત્ત્વ પ્રાપ્તિને માર્ગે ચઢવું લગભગ અશક્ય છે. આપણે વિચારવું ઘટે કે આપણે અત્યારે એ માર્ગે છીએ?

અત્યારે આપણો સમાજ કેવી બાબતની ચર્ચા કરે છે? એનું નૈતિક વાતાવરણ કેટલું ક્ષુબ્ધ બની ગયું છે? એની ચર્ચાઓમાં સભ્યતા અને મર્યાદાને કેટલું સ્થાન છે? એની વિચારણાઓમાં વિકાસ ઉન્નતિ અને પ્રગતિના તત્ત્વો કેટલાં છે? જેમ વ્યક્તિનું વ્યક્તિત્વ પડે છે તેમ સમાજનું પણ વ્યક્તિત્વ પડે છે. એના જવાબદાર આગેવાનોની વિચારને ઝોક આપવાની શક્તિ આવડત અને તાકાત ઉપર સમાજના વ્યક્તિત્વ તરીકે સત્ત્વનો ઘણો આધાર રહે છે.

જ્ઞાન કરતાં પણ વિજ્ઞાનમાં અનેક પારિભાષિક જ્ઞાનનો સમાવેશ થાય છે. અત્યારના સાયન્સનો અભ્યાસ વિજ્ઞાનના કયા વિભાગમાં આવે તે ખાસ વિચારવા યોગ્ય છે. વિજ્ઞાનનું પરિશીલન સત્ત્વશુદ્ધિ અને વૃદ્ધિમાં ઘણો અગત્યનો ભાગ બજાવે છે એ વાત બહુ વિચાર વગર બેસે તેમ નથી. પણ શાસ્ત્રકાર એ બાબતમાં વગર અપવાદે સહમત છે.

અત્યારે જૈન સમાજ જે વાતાવરણમાં તેમાં છે તેને 'સત્ત્વ' ની જરૂર છે. તેની પાસે અનેક ઉપરછલ્લા વિચારો બતાવવામાં આવે છે. દરેક બાબતની અસર 'સત્ત્વ' વૃદ્ધિને અંગે કેટલી થશે તેની જો શીશી મૂકતાં આવડે તો કોઇ પણ બાબતમાં ફેંસલો આપવામાં અગવડ પડે તેમ નથી. વાત એજ છે કે જે કોઇ રીતે સમાજમાં 'સત્ત્વ' વધે, સમાજનું વ્યક્તિત્વ વિશિષ્ટપણે પ્રકટ થાય અને એનામાં સહિષ્ણુભાવ આવે, એના કષાયોની મંદતા પ્રાપ્ત થાય એવા સર્વ માર્ગ ગ્રાહ્ય છે. એમાં રાજસી અથવા તામસી માર્ગો ગમે તેટલા આકર્ષક લાગે તો પણ તે ત્યાજ્ય છે અને એનો ઉત્કર્ષ સાધવાના નિર્દિષ્ટ માર્ગો જરૂર સ્વીકાર્ય છે.

આ 'સત્વ' ને સમજવું બહુ મુશ્કેલ છે. વ્યવહાર દૃષ્ટિએ એમાં ઘણીવાર ઉતાવળ કરી જવાય તેમ છે તેથી

બહુ સાવચેત રહેવું. સમાજનાં અંગોને સુદૃઢ સુવ્યવસ્થિત અને સ્વચ્છ કરવાના સન્માર્ગો જરૂર આચરવા યોગ્ય છે, છતાં તેમાં પણ વિવેક રાખવાનો છે. પરિસ્થિતિથી જે માર્ગો કંટકમય લાગતા હોય તે માત્ર આપત્તિધર્મ તરીકે આદરવાનો સમય ચાલ્યો ગયો છે. અત્યારે દુનિયાનો મોટો ભાગ આંતરધર્મ (Spiritulism) તરફ વળતો જાય છે. એ ધર્મમાં 'સત્વ' ની રક્ષા વૃદ્ધિ પ્રગતિ અને પ્રાપ્તિનેજ સ્થાન મળશે. આપણે ઉપલકીઆ ધર્મ કરતાં સત્વ વૃદ્ધિના માર્ગ તરફ કેટલા વૃદ્ધિ કરી શકીએ તે પર આપણા વિકાસનો આધાર રહે છે. દુનિયાના ધર્મ–વિશ્વધર્મ તરીકે આ માર્ગો આપણે દળી શકીએ તો આપણા ત્રિકાલાબાધિત મૂલ્ય સૂત્રોને આપણે દુનિયા પાસે રજુ કરી શકીએ તેમ છે. એમાં ઝગડો તોફાનને સ્થાન નહિ હોય. એમાં સ્થાન પ્રાપ્તિ–પદવીના મોહાદિને સ્થાન નહિ હોય. એમાં અવ્યવસ્થિત વિચારોને સ્થાન નહિ હોય સમાજ અને વ્યકિતના સત્વની સાચી વૃદ્ધિ કેમ થાય એ એક વિચારણાજ આપણને વર્તમાન મુંઝવણમાંથી કાઢી શકશે એવો રચનાત્મક વિચારકોને ઘણા વિચારોને પરિણામે કરેલો નિર્ણય છે. આપણે તે સમજવા પચાવવા અને જીવવા પ્રયત્ન કરીએ.

આમાંથી 'સત્વ' શું હોય, કયાં હોય, કોને હોય, કયારે હોય અને હોય તો તેનું પરિણામ શું આવે તે શોધવાનું વિચારકે–વાચકે કરવાનું છે. આ લેખમાંથી તે પ્રાપ્ય છે. અંદર–હૃદયમાં જોવાથી તે મળશે. ન જડે તો આખી દુનિયામાં શોધવાથી ને મળે તેમ નથી. એને શોધી તે માર્ગે વિકાસ કરવાના પ્રયાસમાં જીવન સાફલ્ય છે. **મો. ગિ. કા.**

---

( અનુસંધાન પૃ. ૧૧૩ ઉપરથી. )

Extremely grieved to hear about the Muslims murdering leading Hindus including Seth Govindji Khushal, a leading Jain and Doctor Gordhandas at Verawal Junagadh State stop Situation at Verawal reported serious stop Independent inquiry necessary culprits sh uld be brought to book immediately stop full protect.on to Hindus at Verawal should be given promptly stop.

**જૈન એસોસીએશન ઓફ ઇન્ડીયાઃ**—તરફથી પણ આ મતલબનો તાર કરવામાં આવ્યો હતો.

**એ. જી. જી. તથા વાઇસરોયને તારઃ**—મુંબઇમાં તા. ૨૩–૭–૩૧ ના રોજ મળેલી જૈનોની જાહેર સભાનો ઠરાવ એ. જી. જી રાજકોટ, તથા ના. વાઇસરોયને સિમલા નીચે મુજબ તારથી શ્રી કૉન્ફરન્સ ઑફીસ તરફથી પહોંચાડવામાં આવ્યો છે.

Bombay Jains in public meeting assembled resolved to request His Excellency the Viceroy and the Agent to the Governor General Western India States Agency, to institute immediate and independent inquiry regarding murder several Hindus and perpetration of other atrocities at Veraval, Junagadh State, to take necessary steps with a view to bring real culprits to book and give full protection to Hindu subjects ot the State immediately.

# પ્ર...કી...ર્ણ.

**જૈનોની જાહેર સભા**—શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ અને અન્ય તેર સંસ્થાઓના સંયુકત આશ્રય હેઠળ તા. ૨૩–૭–૩૧ ગુરૂવારે રાતના સદ્ગત શેઠ ગોવિંદજી ખુશાલભાઇના અવસાન બદલ શોક પ્રદર્શિત કરવા અને યોગ્ય ઠરાવો કરવા માટે જૈનોની એક જંગી સભા મલી હતી. પ્રમુખસ્થાને શ્રીયુત જમનાદાસ એમ મહેતા બાર એટ. લો. બિરાજ્યા હતા. યોગ્ય વિવેચનો થયાં હતાં અને નીચેના ઠરાવો સભામાં પસાર થયા હતા.

૧ મુંબઇમાં મળેલી જૈનોની આજની જાહેર સભા ઠરાવ કરે છે કે, આપણી સમાજના આગેવાન કાર્યકર્તા શેઠ ગોવિંદજી ખુશાલભાઇ તથા ડૉ. ગોરધનદાસ વગેરે અન્ય હિંદુ નેતાઓનાં વેરાવળ ખાતે ઉશ્કેરણીનું કાંઇપણ કારણ મલ્યા સિવાય કેટલાક મુસલમાનોએ છરી વડે કુર્પીણરીતે ખુન કર્યાં છે તેથી આપણી કોમને સખ્ત આઘાત થયો છે અને તેથી પોતાની તીવ્ર શોકની લાગણી પ્રદર્શિત કરે છે; જે બંધુઓ આ હુમલાને પરિણામે અવસાન પામ્યા છે તેમજ જેઓ ઘાયલ થયા છે તેમના કુટુંબો પ્રત્યે હાર્દિક સહાનુભુતિ જાહેર કરે છે અને સદ્ગતના આત્માને શાંતિ ઇચ્છે છે; તેમજ જુનાગઢ સ્ટેટના નામદાર નવાબ સાહેબને વિનતિ કરે છે કે તેઓના રાજ્યમાં જે સંજોગો તથા વ્યક્તિઓ આ ખુનોમાં કારણભુત હોય તેની સત્વરે સ્વતંત્ર તપાસ કરી ગુન્હેગારોને યોગ્ય નસીયતે પહોંચાડી તે રાજ્યની હિંદુની કોમને નિર્ભય કરવા તાકીદનાં પગલાં લે.

૨. મુંબઇમાં મળેલી જૈનોની આજની જાહેરસભા નામદાર વાઇસરોય તથા એજંટ ટુ ધી ગવર્નર જનરલ (વેસ્ટર્ન ઇન્ડીયા સ્ટેટસ) ને વિનતિ કરે છે કે તેઓએ વેરાવળમાં હિંદુઓનાં થએલાં ખુન તથા અન્ય અત્યાચારોની સત્વર સ્વતંત્ર તપાસ કરી ગુન્હેગારોને ઘટતે ફેજે પહોંચાડવા તાકીદે પગલાં ભરશે અને જુનાગઢ રાજ્યની હિંદુ કોમને યોગ્ય સંરક્ષણ સત્વરે આપશે.

૩ આજરોજ મળેલ જૈનોની આ સભા એમ ચોક્કસ માને છે કે આ અને આવા અત્યાચારોની પાછળ કેટલાક સ્વાર્થી અને ઝનુની માણસોનું યોજનાપૂર્વકનું સંગઠિત બળ છે અને તેથી બન્ને કોમો વચ્ચે બેદીલી પેદા થાય છે; તો મુસલમાન કોમના ડાહ્યા સમજુ અને દીર્ઘદ્રષ્ટિવાળા ગૃહસ્થોને આ સભા આગ્રહપુર્વક વિનંતિ કરે છે કે એઓ એમના સ્વાર્થાન્ધ અને ખોટા ઝનુની ભાઇઓ જે ખોટે માર્ગે દોરાવાયા છે એમને સમજાવે અને હિન્દની બન્ને કોમ વચ્ચે થતાં બેદીલી અને વૈમનસ્ય અટકાવવા પ્રયત્ન કરે.

**શ્રી મહાવીર જૈન વિદ્યાલયઃ**—આ સંસ્થાના ટ્રેઝરર, ટ્રસ્ટી, પેટ્રન અને વ્યવસ્થાપક સમિતીના સભ્ય શેઠ ગોવીંદજી ખુશાલભાઇ જેઓ જૈન કોમના અનેક કાર્યમાં બહુ રસથી ભાગ લેતા હતા, જેમના અવિશ્રાન્ત પ્રયત્ને અનેક સંસ્થાઓને પોષણ મળતુ હતું. અને જેઓ જૈફ ઉમરે પણ યુવાન જેટલું કાર્ય ધર્મભાવનાથી કરતા હતા અને જેઓ આ સંસ્થાના કાર્યમાં તન મન ધનથી રસ લેતા હતા તેમના અચાનક અકાળ અવસાનના સમાચારથી આ સંસ્થાની વ્યવસ્થાપક સમિતિ જેની સાથે તેઓ વર્ષોથી જોડાયલા હતા તેમને બહુ ખેદ થાય છે. તેઓના આત્માને શાંતિ ઇચ્છી તેઓની અપ્રતિમ સેવાની નોંધ આજની મિટીંગ અત્યંત ખેદની લાગણી સાથે લે છે અને સદ્ગતના કુટુમ્બીઓને દિલાસો આપે છે.

# —શાસનના ઈજારદારોને સમર્પણ!

ચાર દિવાલની અંદર બેસી સ્વામીવાત્સલ્યને નામે અને શાસ્ત્રના ઓઠા નીચે મન ગમની વાતો કરનારા મહાનુભાવોને 'જૈન ધર્મ વિષયક પ્રશ્નોત્તર' નાના પુસ્તકમાં પૂજ્યપાદ શ્રી આત્મારામજી મહારાજ શું કહે છે તે વાંચવાની તસ્દી લેવા અને શાસનની સાચી સેવાની ધગશ હોય તો આદરેલી જાળ બાજીને સંકેલી લેવા પ્રાર્થના છે.

પાનુ ૧૩૫.

પ્રશ્ન ૧૪૭ ઇસ કાલમેં જો જૈની અપને પુસ્તક કિસીકો નહિ દિખાતે હૈ, યહ કામ અચ્છા હૈ વા નહી?

ઉત્તર જો જૈની લોક અપને પુસ્તક બહુત યત્નસેં રખતે હૈ, યહતો બહુત અચ્છા કામ કરતે હે પરંતુ જૈસલમેરમેં જો ભંડાર બંધ કર છોડા હૈ, ઔર કોઇ ઉસકી ખબર નહી લેતા હૈ, કયા જાને વે પુસ્તક મટ્ટી હો ગયે હૈ કે શેષ કુછ રહ ગયે હૈ. ઇસ હેતુસેં તો હમ ઇસ કાળકે જૈનમતીયોં કો બહુત નાલાયક સમઝતે હૈં.

પ્ર૦ ૧૪૮ કયા જૈની લોકોં કે પાસ ધન નહિ હય, જિસસેં વે લોક અપને મતકે અતિ ઉત્તમ પુસ્તકોંકા ઉદ્ધાર નહી કરવાતે હય?

ઉ૦ ધનતો બહુત હે, પરંતુ જૈની લોકોકી દો ઇંદ્રિય બહુત જબરદસ્ત હો ગઇ હે, ઇસ વાસ્તે જ્ઞાન ભંડારકી કોઇભી ચિંતા નહી કરતા હે.

પ્ર૦ ૧૪૯ વે દોનો ઇંદ્રિયો કૌનસી હય જો જ્ઞાનકા ઉદ્ધાર નહી હોને દેતી હે?

ઉ૦ એકતો નાક ઔ દુસરી જિવ્હા, કયોં કિ નાકકે વાસ્તે અર્થાત્ અપની નામદારી કે વાસ્તે લાખો રૂપઇએ લગાકે જિન મંદિર બનવાને ચલે જાતે હય, ઔર જિવ્હા કે વાંસ્તે ખાનેમેં લાખો રૂપીઆ ખરચ કરતે હય, ચૂરમે આદિક કે લડુઓકી ખબર લીયે જાતે હય. પરંતુ જીર્ણ ભંડાર કે ઉદ્ધાર કરણેકી બાતતો કયા જાને સ્વપ્ન મે ભી કરતે હોવેંગે કે નહી.

પ્ર૦ ૧૫૦ કયા જિન મંદિર ઔર સાહમ્મિવચ્છલ કરને મે પાપ હે, જો આપ નિષેધ કરતે હો?

ઉ૦ જિન મંદિર બનવાનેકા ઔર સાહમ્મિવચ્છલ કરનેકા ફલ તો સ્વર્ગ ઔર મોક્ષકા હે. પરંતુ જિનેશ્વર દેવને તો ઐસે કહા કિ જો ધર્મક્ષેત્ર બિગડતા હોવે તિસકી સાર સંભાર પહિલે કરની ચાહિયે, ઇસ વાસ્તે ઇસ કાલમેં જ્ઞાન ભંડાર બિગડતા હય, પહિલે તિસકા ઉદ્ધાર કરના ચાહિયે. જિન મંદિર તો ફેરભી બન શકતે હય, પરંતુ જે કર પુસ્તક જાતે રહેંગે તો ફેર કોન બના શકેગા!

પ્ર૦ ૧૫૧ જિન મંદિર બનવાના ઔર સાહમિવચ્છલ કરના કિસરીતકા કરના ચાહિયે?

ઉ૦ જિસ ગામકે લોક ધનહીન હોવેં જિન મંદિર ન બના શકે ઔર જિન માર્ગ કે ભક્ત હોવે, તિસ જગે અવશ્ય જિન મંદિર કરાનાં ચાહિયે ઔર શ્રાવકકા પુત્ર ધનહીન હોવે તિસકો કિસીકા રૂજગારમેં લગાકે તિસકે કુટુંબકા પોષણ હોવે એસે કરે, તથા જિસ કામમેં સિદાતા હોવે તિસમેં મદત કરે. યહ સાહમિવચ્છલ હય, પરંતુ યહ ન સમઝનાં કે હમ કિસી જગે જિન મંદિર બનાનેકા ઔર બનિયે લોકો કે જમાવને રૂપ સાહમિવચ્છળકા નિષેધ કરતે હે, પરતુ નામના કે વાસ્તે જિન મંદિર બનવાને મેં અલ્પ ફળ કહતે હે ઔર ઇસ ગામ કે બનીયોને ઉસ ગામ કે બનીયોં કે જિમાયા ઔર ઉસ ગામ વાલોનેં ઇસ ગામ કે બનિયોં કો જિમાયા પરંતુ સાહમ્મિકો સાહાય્ય કરનેકી બુદ્ધિસે નહિ તિસકો હમ સાહમ્મિવચ્છલ નહી માનતે હે.

વાંચક મહાશયો આ પ્રશ્નોત્તર ઉપરથી સૂરિ મહારાજનું કથન કેટલું પ્રમાણિક અને શાસ્ત્રોક્ત છે તે સહજ સમજી સમજી શકશે. જૈનધર્મ અને જૈન સમાજ માટે જે મહાત્માને હૃદયે આટલી હદે દાઝ હોય તેજ તેમાં રહેલ રહસ્ય સંપૂર્ણ પણે અવધારી શકે, તેથી તો તેઓ સાહેબે-કેવળ રૂઢ અર્થને ન વળગી રહેતા અભણો તરફના અપવાદની પરવા કર્યા વગર સાચે સાચી વાત સ્પષ્ટ શબ્દોમાં કહી દીધી છે. અફસોસની વાત એટલીજ છે કે તેમના સંતાનનો દાવો કરનારા અને તેમનાજ નામે ચરી ખાનારા, કેટલાક તેમનાજ સંઘાડાના સાધુઓએ દીર્ઘદ્રષ્ટિ ગુરૂના વચનોને અવગણી બકવાદ કરી રહ્યા છે કે—"સાધુ તે સીદાતા સારૂ ફંડ કરાવે કે? જિન મંદિર બનાવવાની વાત વેળા બીજુ કહે કે? અરે દેશપર ગમે તેવો પ્રસંગ કે આપત્તિ આવી હોય તો પણ સ્વામી વાત્સલ્ય થવાજ જોઇએ! શીરા ઉડવાજ જોઇએ! ભલે પછી વધી પડતા તે વેચવો પડે અગર તો રાંધી રસોઇ બીજે દિને ગંધાઇ રહે?"

અરે ત્યાગના નામે રાગડા તાણવામાં અને નસાડવા ભગાડવાની અને સુંદર શબ્દોમાં એવી હલકી પ્રવૃત્તિનો બચાવ કરવાની ખટપટમાં એ કહેવાના સન્માર્ગી! સાધુ મહારાજોને જ્ઞાન-ભંડારના ઉદ્ધારની કે જૈન સમાજની બગડતી જતી સ્થિતિની વાત કયાંથી યાદ પણ આવ! ભક્તિ ઘેલા ઉપાસકોના ધન આજે નાકના સારૂ ઉખર ભૂમિમાં ખરચાઇ રહ્યા છે!

—ચોકસી


# ઘડીયાળો.

**અમારા ઘડીયાળોને પ્રખ્યાતીમાં લાવવા સારૂજ**

**ફક્ત તા. ૩૧ ઓગસ્ટ ૧૯૩૧ સુધીજ તદન ઓછા ભાવ.**

**—: હાથના ઘડીયાળો :—**

(૧૫૩) રો. ગો. સોનેરી ફેન્સી શેપનું સેકન્ડ કાંટાવાળું ચાલવાને માટે અમારી લેખીત ગેરંટી વર્ષ ચાર સાથે કીંમત ફક્ત રૂા. ૪-૮-૦

(૧૬૦) નીકલ સીલવરનું લીવર મશીન જાડા કાચવાળું સુંદર ક્રીસ્ટલ શેપનું ચાલવાને માટે અમારી લેખીત ગેરંટી વર્ષ ચાર સાથે કીંમત ફકત રૂા. ૪-૧૦-૦

**—: ખીસાના ઘડીયાળો :—**

(૨૪૧) નીકલ સીલવરનુ લીવર મશીન સુંદર ચપટા શેપનું અમારી એક વર્ષની લેખીત ગેરંટી સાથે કીં. રૂા ૨-૮-૦

(૨૪૫) નીકલ સીલવરનું લીવર મશીન સુંદર રાઉન્ડ ક્રીસ્ટલ શેપનું સેકન્ડ કાંટાવાળું ચાલવાને માટે અમારી લેખીત ગેરંટી વર્ષ ત્રણ સાથે કીંમત ફકત રૂા. ૩-૮-૦

પેકીંગ તથા પોસ્ટેજ દરેક પારસલ દીઠ રૂા. ૦-૫-૦ વધારે.

ઉપરના ઓછા ભાવ ફકત ઉપર લખેલી મુદત સુધીજ અમારી જાહેર ખબર સારૂજ રાખવામાં આવેલા છે.

**પી. ડી. બ્રધર્સ ઘડીયાળવાલા.**

પો. બો. નં. ૩૦૨૧, મુંબઇ ૩.

# વિ વિ ધ નોં ધ અને ચ ર્ચા.

## જૈન સાહિત્ય વર્તમાન—

**એમ એ. માં જૈન ગ્રેજ્યુએટ**—શ્રી મહાવીર જૈન વિદ્યાલયના વિદ્યાર્થી રહી ગ્રેજ્યુએટ થયેલાં ખેડાવાસી રા. ચીમનલાલ ભાઇલાલ શેઠે એમ. એ. ની ડીગ્રી માટે અણહિલવાડના ચૌલુકયરાજાઓ (મૂળરાજથી ભીમદેવ બીજા સુધીના) પર નિબંધ સેંટઝેવિયર કોલેજના પ્રોફેસર ફાધર હેરાસની નીચે કામ કરી અનેક ગ્રંથોનો અભ્યાસ કરી લખી મોકલ્યો હતો અને પરિણામે તેમને ફર્સ્ટકલાસ માર્ક મળ્યા છે ને એમ. એ. ની પદવીધારી થયા છે. આ નિબંધ ઉક્ત વિષયપર લખવામાં આવ્યો છે તેમાં મુખ્યત્વે જૈનોનો તત્કાલીન ઇતિહાસ છે કારણ કે તે વખતે મંત્રીઓ-મહામાત્યો-દંડનાયક એટલે સેનાપતિઓ જૈનો હતા. તે આઠ ભાગમાં છે. તેમાં ખાસ કરી શ્રી હેમચંદ્રાચાર્ય અને કુમારપાલ પર એક ભાગ લખીને મૂકવામાં આવ્યો છે. વિમલશાહ અને વસ્તુપાલ તેજપાલની જ્વલંત કારકીર્દીપર પણ વિસ્તારમાં લખ્યું છે. આ નિબંધથી ઘણી બાબતો પર પ્રકાશ પડશે.

## આગમાદિનાં અંગ્રેજી ભાષાંતર—

શ્રીયુત સી. એન. પટવર્ધન નામના એક દક્ષિણી બ્રાહ્મણ ગ્રેજ્યુએટ હાલ લંડનમાં છે તેમણે આગમોદય સમિતિ વાળા નંદિસૂત્ર અને ગાયકવાડ ઓ૦ સીરીઝમાં પ્રકટ થએલ સોમપ્રભસૂરિ કૃત કુમારપાલ પ્રતિબોધના અંગ્રેજીમાં ભાષાંતર કર્યાં છે, તે જણાવે છે કે નંદિસૂત્રમાં જ્ઞાનનો વિષય ચર્ચવામાં આવેલ છે અને તેનું ભાષાંતર અંગ્રેજીમાં છપાતાં પ્રાચીન જૈનોએ જ્ઞાન સંબંધી સત્યો બહાર પાડવામાં જે મહા પ્રયાસ કર્યો છે તેનું સારૂં દર્શન આલમને કરાવી શકાશે. કુમારપાલ પ્રતિબોધમાં ઘણી મૌલિક કથાઓ છે. બીજી કાલ્પનિક કથાઓ ઉદ્દભવી તેની બે સૈકાઓ અગાઉ તે ગ્રંથ રચાયો હોવાથી તે પ્રકારનો તે પહેલવહેલો ગ્રંથ લેખાશે. તેનું મૂલ્ય બૌધ્ધ જાતક કથાઓ જેટલું અંકાશે. જાતક કથાઓ કરતાં આ ગ્રંથની કથાઓની વિશેષતા એ છે કે તે કથાઓ મોટે ભાગે મૌલિક ( Original ) છે અને ઘણી બાબતોમાં આખી દુનિયાની સરસમાં સરસ કાલ્પનિક કથાઓના અગ્રસ્થાને ( forerunners ) છે. ભાષાંતર એક અંગ્રેજ વિદ્વાનની સલાહથી કરેલ છે. ભાષા છૂટી સ્વતંત્ર અને મૂળના ભાવાર્થને અનુરૂપ છે. જ્યાં જરૂર હોય ત્યાં ટિપ્પણી ઉમેરેલ છે અને ઉમેરવામાં આવશે. કુમારપાલ પ્રતિબોધની કથાઓ સાથે અન્ય કથાઓની સરખામણી કરી તેની વિશિષ્ટતા સમજાવેલી છે. નંદિસૂત્રનું ભાષાંતર લગભગ બસોથી અઢીસો ક્વૉર્ટો પૃષ્ટોનું અને કુ૦ પ્ર૦ નું તેનાથી ડબલ કદ થશે. નંદિસૂત્રનું ભાષાંતર ઈંગ્લંડમાં છપાવતાં મોંઘાઈ હોવાના કારણે લગભગ રૂ. ૧૫૦૦ થશે. આ હકીકત ભાષાંતરકારના હસ્તાક્ષરમાં ભાઇ મગનલાલ મૂલચંદ ઈંગ્લંડ ગયેલા ત્યાંથી મોકલી આપી હતી તે પ્રકટ કરતાં આનંદ થાય છે. આ ભાષાંતર કેવા થયાં છે તે જોઇ તપાસી સારાં અને ઉપયોગી જણાય તો તેને પ્રકટ કરવાં ઘટે એમ જૈન એ૦ ઓફ ઇંડીયા, તેમજ બીજી સંસ્થાઓને મારી ભલામણ છે.

**— મોહનલાલ દેશાઇ.**

## જૈન ગૂર્જર કવિઓ-બીજો ભાગ.

**(૧) પંડિત શ્રી લાલચંદ ભગવાનદાસ ગાંધી** જૈન પંડિત ઓરિયન્ટલ ઇન્ટિટયૂટ કોઠીપોળ વડોદરા—આપનો 'જૈન ગૂર્જર કવિઓ' ભાગ ૨ જો **દળદાર ગ્રંથ** કો. ઓફીસદ્વારા મ્હને ભેટ મળી ગયો છે, આપના એ ભગીરથ પરિશ્રમ માટે સર્વ કોઇ ઇતિહાસ પ્રેમી અને સાહિત્ય પ્રેમી ધન્યવાદ ઉચ્ચારે એ સ્વાભાવિક છે. તા. ૬-૭-૩૧.

**(૨) પ્રોફે૦ બલવન્તરાય કલ્યાણરાય ઠાકોર** વડોદરા-જૈન ગૂર્જર કવિઓ બીજો ભાગ પ્રત ૧ ગઇ કાલે મળી તે માટે ત્હમને જેટલો ધન્યવાદ આપિયે તેટલો ઓછો જો કે આગલા સૈકાઓમાંથી જેમ જેમ આ તર્ફ-વર્તમાનમાં-આવો છો તેમ તેમ કામની મુશ્કેલી અને અગત્ય બને ઓછો. કોન્ફરન્સના મંત્રી સાહેબોનો ઉપકાર માનું છું. આવી ચોપડીઓ વિદ્વાનો અને સંસ્થાઓને વિના મૂલ્યે મોટી સંખ્યામાં ભેટ આપવાની એમની નીતિ વિષે રા. રા. પંડિત લાલચંદ જે પ્રશંસા વચનો લખે છે તે યથાયોગ્ય છે. યુરોપમાં પણ આવી ચોપડીઓ યુનિવર્સિટીઓ લાયબ્રેરીઓ તજજ્ઞ પ્રોફેસરો આદિમાં વ્હેંચાય છે. પ્રાસ્તાવિક અને ઐતિહાસિક પ્રકરણો જુદા ગ્રંથ રૂપે બ્હાર પાડવાનો નિર્ણયજ ઉત્તમ છે.

જૂના પુસ્તકો જેમ વધુ જગાઓ વચ્ચે વ્હેંચાઇ ગયેલાં હોય તેમ તેમની કીંજા અને તેમના નાશનો ભય વધારે, તેમનો ઉપયોગ કરવામાં વિદ્વાનોને મુશ્કેલીઓ વધારે વગેરે દેખીતું છે, પરંતુ આ બાબતમાં જૈન લોકમત જ્યાં સુધી સુજ્ઞ બની અર્વાચીન મનોદશાવાળો ના થાય ત્યાં લગી ઉપાયજ નથી. લીમડીની આખી યાદી છપાઇ છે, પાટણ જેસલમેરની છપાય છે ( જો કે આખી નહીં ) તેમ બીજા મોટા ભંડારોના છપાય તો પણ ઘણી સરલતા વધે, કૉન્ફરન્સ મંત્રીઓ ધારે તો આ કાર્યપણ કટકે કટકે ઉપાડી શકે, અને કચ્છ? ત્યાના સંગ્રહોનું શું? તા. ૭-૭-૩૧.

**(૩) પંડિત બેચરદાસ**—પ્રીતમનગર અમદાવાદ.

આપણી કૉન્ફરન્સે મોહનભાઇના ગૂર્જર કવિઓના બે ભાગો બહાર પાડીને સાહિત્યની કિંમતી સેવા કરી છે. હું તો ઇચ્છું છું કે તે આપણું કેળવણી ખાતું ચલાવે છે એવી રીતે પ્રકાશન ખાતું ચલાવે તો ઘણું સરસ કામ કરી શકે. ગૂર્જર કવિઓના બન્ને ભાગો એટલા બધા વિશાળ છે એથી એની સમાલોચના મારી આંખ કરી શકે એમ નથી છતાંય એટલું કહેવું આવશ્યક છે કે એ મોહનભાઇનો સંગ્રહ ઘણો કિંમતી છે. છતાં મોહનભાઇને એક વિનંતિ કરૂં છું કે તેઓ જે કાંઇ સંગ્રહ કરે તેમાં વધુ ચોકસાઇ લાવવા કાળજી રાખે. પાટીદારના તંત્રીની સમાલોચનાનો છેવટનો પેરેગ્રાફ જરૂર તેઓ ધ્યાનમાં લે. તા. ૧૧-૭-૩૧.

**(૪) શ્રી પૂર્ણચંદ્ર નહાર**—૪૮ ઇંડીયન મિરર સ્ટ્રીટ, કલકત્તા.

The author Mr. Desai is doing a good deal of substantial work in furtherance of

( અનુસંધાન પૃષ્ઠ ૧૧૯ ઉપરથી )

'ત્યારે શું કરૂં?'

'છાણાં લાકડાં મંગાવીએ.'

પણ કયાંથી? શેના?'

'એતો થઇ રહેશે. ભાઇ! તારે મુંઝાવું નહિ. તારે માથે કાંઇ નહિ પડે પછી?'

'ના એમ મારે નથી કરવું. મારે કોઇની દયા નથી જોઇતી. કોઇનું દાન મારે નથી લેવું.'

'પણ હું એ પુસ્તકો વેચાતાં લઉં તો?'

'તો ભલે. પણ મારા ઉપર ઉપકાર કરવા નહિ.'

'ના ભાઈ ના તારા પર ઉપકાર કરવા નહિ. ચાલ હું પુસ્તકો લઇને તને બળતણ જેટલા પૈસા દઉં છું. પછી હરકત છે?'

'ના. એમ નહિ. એ પુસ્તકો મફત નથી આવ્યાં.'

'ત્યારે!'

'પડતર કિંમ્મત વિના હું નહિ આપું.'

'લે ત્યારે સો રૂપિયા આપીશ.'

'ના એની કિમ્મત અઢીસો રૂપીયા પડશે.'

'ઠીક ભાઇ! લે આ અઢીસો રૂપિયા રોકડા.'

શેઠે અઢીસો રૂપીયાની નોટો લહેરચંદના હાથમાં આપી કહ્યું:—

'લહેરચંદભાઇ! આ પુસ્તકોનું ગાડું મારે ઘેર મોકલો અને તે ઘેર ઠલવી, તેમાં જોઇતાં સર્પણાં મંગાવો.'

'જી સારૂં.'

શેઠ ધર્મ પુસ્તકોની અશાતના થતી અટકાવવા આવ્યા હતા, એટલે તેમને શરમે ભરમે આભડવા પણ આવવું પડયું. પોતે વિચારમાં પડી ગયા અને શિક્ષકના શબ સામું જોયું. શબના મોઢા ઉપરથી લુગડું ખસી ગયું હતું. પણ ચહેરા ઉપર એની એજ શાંતિ ને નીડરતા રમતાં હતાં. શેઠને એમાં ઘડીક ઉગ્રતા ભાસી પણ થોડીવારમાં એ શાંત મુદ્રાએ શેઠનું હૈયું હલાવ્યું.

'આહા કેવો સાચો ને શાંત માણસ?'

આંખોમાંથી બે આંસુ સરી પડયાં અને મોઢેથી બોલી જવાયું.

'સાચો ધર્મ શો હશે?'

ઉત્તરમાં લહેરચંદનું ખડખડાટ હાસ્ય સંભળાઇ રહ્યું.

## ઉપદેશકોનો પ્રવાસ—

**મારવાડ માલવા વિભાગ:**—માટે પ્રચારક તરીકે ગિરજાશંકર જ. પંડિત જેઓ જૈનધર્મના પૂરા અભ્યાસી હોવા ઉપરાંત સર્વન્ટ ઑફ ઇન્ડીઆ સોસાયટી જેવાં સેવા સમાજોમાં પ્રચાર તરીકે કાર્ય છે તેમની નિમણુંક કરવામાં આવી છે, અને તેઓ પોતાનો પ્રવાસ શરૂ કર્યો છે.

**ઉત્તર ગુજરાત-કડી-વિજાપુર:**—વિભાગમાં ઉપદેશક વાડીલાલ સાંકલચંદ શાહ પ્રવાસ કરતાં પામોલ કોરવાડા, કુકરવાડા, ટીંટોદણ, બિલોદરા, સમૌ ગયા હતા. ભાષણો આપતાં સારી જાગૃતિ જણાય છે. ઘટતા ઠરાવો થાય છે.

**કાઠીયાવાડ-વિભાગમાં:**—ઉપદેશક ભાઈચંદ નિમચંદ પાટડી, બજાણા વગેરે તરફ થઇ બોટાદ તરફ ગયા છે.

**ઇડર-મહિકાંઠા વિભાગમા:**-મી. કરસનદાસ વનમાલી હિંમતનગર-ઇલોલ-ખેડબ્રહ્મા વગેરે સ્થળે ગયા હતા ત્યાંથી લુણાવાડા-ગોધરા થઇ વડોદરા ગયા છે.

દરેક સ્થળેથી પ્રચારકાર્ય થવા ઉપરાંત સુકૃત ભંડાર ફંડમાં ઘટતો ફાળો મળતો રહે છે.

## એક ચર્ચા—

રા. રા. સંપાદક 'જૈન યુગ' મુંબઇ.

સાહેબ,

નિવેદન કે, 'જૈન યુગ' ના ગતાંકમાં શેઠ મેઘજી સોજપાલની યોજનાને અંગે પ્રકટ થયેલ વિચારો પૈકી નીચેની બાબતને અંગે મારા વિચારો રજુ કરૂં છું:—

વિનીત અગર મેટ્રિક થયેલ હોય તેજ 'ન્યાયતીર્થ'ની પરીક્ષા આપી શકે તેવું કશું બંધન કરવાની મને જરૂર જણાતી નથી, 'ન્યાયતીર્થ'નો અભ્યાસક્રમ એટલો સરલ નથી કે, ગમે તે વ્યક્તિ ગોખણપટ્ટી કરવાથી 'ન્યાયતીર્થ' બની બેસે. 'ન્યાયતીર્થની ઉપાધિ માટે પ્રવેશ, મધ્યમ અને પદવીનાં ધોરણો કલકતાની સંસ્કૃત એસોસીએશન તરફથી રાખવામાં આવેલા હોઇ ત્રણ વર્ષ પસાર થયાંપછીજ ન્યાય, વ્યાકરણ, સાહિત્ય, કાવ્ય વગેરે પૃથક્ પૃથક્ વિષયના તીર્થ થઇ શકાય છે. સાધારણ સંસ્કૃત ભણેલ વ્યક્તિ આવી ઉંચી પરીક્ષા આપવાની હિંમતજ કરી શકશે નહિ, ઓછામાં ઓછા સંસ્કૃત માર્ગોપદેશિકાના બન્ને ભાગો તૈયાર કર્યા પછી જરા તરા સંસ્કૃતમાં ઉંડી ઉતરેલ વ્યક્તિજ આવી પરીક્ષા આપવા વિચાર કરી શકશે. તેથી સદ્દહુ પરીક્ષા માટે મેટ્રિક કે વિનીત* જેવાં કોઇ બારાનું ચોકઠું જડવાનું દુરસ્ત નહિ ધારતાં ખુદ કલકત્તાની સંસ્કૃત એસોસીએશન પણ કોઇપણ વિષયના ત્રણ વર્ષના ધોરણસર ક્રમિક અભ્યાસ કરી પરીક્ષા આપનારને ઉક્ત 'પદવી અર્પણ કરે છે.

વિનીત અને મેટ્રિકનું બારૂં નહિ રાખવાથી સદ્દહુ યોજનાના પરિણામે વેદિયાનો સંઘ ઉભો થવા પામે તેવો મને કશો ભય જણાતો નથી. વેદીયાપણું એ વ્યવહાર જ્ઞાનનો અભાવ અથવા વ્યવહાર કુશલતાનું અજ્ઞાન સૂચવતી વસ્તુ છે. મેટ્રિક અગર વિનીત થયા પછી 'પદવી' સંપાદન કરનારા વેદિયા નહિ રહેવા પામે તેની કોઇ ખાત્રી આપી શકશે?

આપના ગતાંકમાં આ વિષયપરત્વે પ્રકટ થયેલા બધા વિચારો ઘણા ઉપયોગી હોવાથી તેનો અવશ્ય અમલ થવો ઘટે છે, એટલું નમ્ર નિવેદન કરી સદ્દહુ યોજનાના વિચારકો યોગ્ય વિચાર કર્યા પછીજ કોઇ નિર્ણય ઉપર આવશે તેવું સૂચન કરી આ નિવેદન પુરૂં કરૂં છું.

લિ૦ આપનો,

ઘાટકોપર. તા. ૨૪-૭-૩૧ શુક્ર. —માવજી દામજી શાહ.

*સદ્દહુ પરીક્ષાનો ઉમેદવાર અંગ્રેજી ભાષાનું આવશ્યક જ્ઞાન જરૂર ધરાવતો હોવો જોઇએ એ વાતને પૂરતું વજન આપવાનો મારો આગ્રહ છે. હેતુ એ છે કે, અંગ્રેજી ભાષાનાં જ્ઞાનથી ઉમેદવાર અંગ્રેજી ભાષામાં યોજવામાં આવેલા તત્ત્વજ્ઞાનના ગ્રંથોનો અભ્યાસ તુલનાત્મક દૃષ્ટિએ કરી શકે.

**મા. દા. શાહ.**

the cause of Vernacular Jain Literature, my humble opinion on the work will be sent later on.

—કર્તા મિ. દેશાઇ દેશી ભાષાના જૈન સાહિત્યના હિતને વધારવાનું અતિ મંગાન-નક્કર કાર્ય કરે છે, આ ગ્રંથ વિષે મારો નમ્ર અભિપ્રાય હવે પછી મોકલવામાં આવશે.

તા૦ ૧૨-૭-૩૧

# જ્ઞાનની આશાતના.

[ એક સંવાદ.]

લેખક:-રા. પોપટલાલ પુંજાભાઈ શાહ, બી. એ. વાંકાનેર.

( અનુસંધાન ગતાંક પૃષ્ટ ૧૧૧ ઉપરથી ચાલુ. )

શેઠની નજર બીજે ઠેકાણે હતી અને વિચાર ત્રીજે સ્થાને ભમતા હતા. ત્યાં "ઓ...ઓ......" ની પોકગાણ પડી અને તે તરફ તેની નજર ગઇ. શબ જોઇને પોતે વિચારમાં પડી ગયા. પળવાર પછી પૂછ્યું, "હેં શું કહ્યું?" "જી! શબને બાળવાને લાકડાં પણ નથી"

"તે એટલું કોઇને નથી મળતું? લ્યો......"

"જી. છોકરો કોઇની એમ મદદ લેવા સાફ ના પાડે છે."

શેઠની નજર સ્મશાનના માર્ગ તરફથી હતી. એક ગાડું તે તરફ ધીમે ધીમે જતું હતું. શેઠે પૂછ્યું, 'લહેરચંદ! આ ગાડું સ્મશાન તરફ જાય છે ને?'

લહેરચંદે ઉભા થઇ તે તરફ નજર કરીને કહ્યું:—

'જી હા. પણ એને માથે કપડું ઢાંકયું છે.'

'એટલે?'

'એટલે એમાં લાકડાં નથી. એ જાય છે તો સ્મશાન તરફ અને વળી એજ શબ પાછળ.'

'તમે શું કહો છો!'

'એ ગાડામાં લાકડાં નથી, પણ જે છે તે એ શબ સાથે બળીને શબને બાળશે.'

'એટલે કાંઇક તો હશે ને? એનાએ પૈસા તો બેઠા હશે ને?'

'જી, એના પૈસા કોઇએ આપેલા નથી. હમણાં બેઠા નથી.'

'તમે શું કહો છો?'

'આપને કહેવા જેવું નથી'

'છે શું? કહો તો ખરા?'

'આપ ગુસ્સે થશો.'

'ના ના નહિ થાઉં. કહો તો ખરા. કાંઇક નવી વાત લાગે છે?'

'ત્યારે કહું?'

'હા, હા, કહો ને. શું છે એ ગાડામાં? એને માથે લુગડું કેમ ઢાંકયું છે?'

'એ પુસ્તકો છે.'

'હેં એનાથી શબને અગ્નિદાહ દેશે?'

'બીજું શું કરે?'

'અરેરે! શો અધર્મ? પાંચમો આરો કઠણ કહ્યો છે તે ખરૂં છે. નહીં તો ચોપડીઓ બાળવાની કુમતિ કયાંથી સૂઝે?'

'અને વળી જે પુસ્તકોમાં ભગવાનના મંગળ નામ છે તે બાળવાની મતિ સૂઝે એનું નામ પામર દશા તો ખરીજને.'

'હેં? શું જ્ઞાનની આશાતના કરશે?'

'જી હા, મેં તો ઘણું કહ્યું પણ એનો મોટો છોકરો જરા જીદ્દી છે. તે એકનો બે થયો નહિ. તે તો કહે કે મારે તો એ ચોપડીઓ બાળી મૂકવી છે.'

'પણ કોઇને ખબર નથી?'

'ના મનેજ ખબર છે.'

'ત્યારે તમે તેને અટકાવ્યો નહિ.'

'મે તો ખૂબ કહ્યું, મદદ આપવાની ઇચ્છા બતાવી, પુસ્તકો આપવાની ખૂબ આનાકાની કરી, પણ એની મિલ્કતની એને ના કેમ પડાય?'

'પણ આવું પાપ?'

'શું કરીએ? કોઇને આડો હાથ દેવાય છે? છોકરો કહે કે છાણાં લાકડાં નથી કે તે લેવાના પૈસા નથી; વળી મારે કોઇની પાસેથી થોડીકે મદદ લઇને દેણું કરવું નથી. કે દયાનું દાન લેવું નથી પુસ્તકો નકામાં છે, માટે એનેજ બાળી દેવાં છે.'

'શેઠજી! લેખકનું શબ તેનાં પ્રિય પુસ્તકો સાથે બળશે એ પણ એનાં સદ્‌ભાગ્ય.'

'તમે પણ આમજ કહેશો? જ્ઞાનને બળાવ!'

'શું કરવુ? એટલુંય મન વાળવું ને?'

'પણ કંઇ ઉપાય નથી?'

'જી ના.'

'શું જ્ઞાનની આશાતના ટાળવાનો કાંઇ ઉપાય નથી?'

'આપને કાંઇક સૂઝેને સૂચવો તો કહો તેમ કરૂં.'

'બીજું તો શું પણ હું એ પુસ્તકો ખરીદી લઉં તો?'

'તો વળી છોકરો કાંઇક સમજે તો ચાલો. આપને તો જ્ઞાન સેવાનું પુણ્ય થશે'

નદીને કાંઠે સ્મશાન ભૂમિ હતી. નહોતા ત્યાં ઓરડા કે નહોતી ત્યાં વાંચનશાળા. નદી કીનારે ઉઘાડા મેદાનમાં અગ્નિદાહ દેવાતો અને પછી ત્યાં ડાઘુઓ નહાતા શબ ત્યાં આવી પહોંચ્યું અને છાણાં લાકડાં હજી આવેલ ન હોવાથી ડાઘુઓએ તેને હળવેથી હેઠું મૂકયું. થોડી વારમાં એક ગાડું આવતું દેખાયું.'

ડાઘુઓ વાતે વળગ્યા હતા. મરનારના સ્નેહીઓની આંખ ભીની હતી, છોકરાં બિચારાં કેમે કર્યાં છાનાં રહેતાં ન હતાં. સ્નેહીઓ જેમ જેમ તેમને છાનાં રાખવાનું કરતા હતા તેમ તેમના હૈયાં વધુ ભરાતાં અને એમ એ નબાપાના રૂદનશ્વાસ આખી સ્મશાન ભૂમિને રોવરાવી રહી હતી. નદીનું પાણી પણ રૂદનનાં ડુસકાં સંભળાવી રહ્યું હતું. ત્યાં ગાડું આવી પહોંચ્યું અને થોડાક ખખડવાટ ડાઘુઓ ઉઠયા, ઉપર લાકડાં હતાંતે નીચે નાંખ્યાં અને જુએ તો નીચે ચોપડીઓ ખડકેલી દીઠી.

'અરે આ શું?

'મોટો છોકરો રાતી આંખે ગાડાભણી જોઇ રહ્યો અને બોલ્યો........એ અગ્નિદાહ દેવાની સામગ્રી.'

'અરે પુસ્તકો છે. એને બાળવાં છે?

'હા હા.'

'ગાંડો થયો કે શું?'

'ના ડાહ્યો છું. જેના ભોગ લાગ્યા હોય તે શિક્ષક થાય, અને વળી પૂરા પાપ કર્યાં હોય તો લેખક થાય છાણાં લાકડાં નથી માટે એજ છાણાં લાકડાં. એમાં બાપાએ થોડાક પૈસા વેડફયા તો હવે એનો એટલો તો ઉપયોગ થવા દ્યો.'

'હવે એમ તે થતું હશે?

( અનુસંધાન પૃષ્ઠ ૧૧૮ ઉપર જુઓ. )

# जैन युग.

वीर संवत् २४५७. हिन्दी विभाग. ता. १-८-३१.

## सप्तभंगी.

( गतांक पृष्ट ११२ से चालू. )

अगर हम यह समझ जांय कि एक मनुष्यके लिये जो हितकर है दुसरेको वही अहितकर हो सकता है। एक मनुष्यको मूर्ति देखकर भक्ति नहीं पैदा होती एकको एक तरहकी मूर्तिमें भक्ति पैदा होती है, दूसरेको दूसरी तरहकी मूर्तिमें भक्ति पैदा होती है, किसीको पूजामें आनन्द आता है, किसीको स्वाध्यायमें, किसीको अन्य तपस्यादिक में। जिस मनुष्यको जिस कार्यमें लाभ है, वह उसी कार्यको करता है। उस मनुष्यको उस कार्यमें धर्म 'अस्ति' है और दूसरे कार्यमें धर्म 'नास्ति' है। इस तरह जुदे जुदे द्रव्यकी अपेक्षा धर्ममें अस्ति और नास्ति है। जुदे जुदे क्षेत्रकी अपेक्षा धर्म अस्ति भी है और नास्ति भी है, इसी तरह कालकी अपेक्षा धर्म भी अस्ति है और कहीं नास्ति है। भावकी अपेक्षाभी कहींपर धर्म अस्तिरुप है और कहींपर नास्तिरुप है।

जुदी जुदी अपेक्षासे धर्म कुछ जुदा नहीं हो जाता। धर्म तो एक है—सार्वत्रिक और सार्वकालिक है, परन्तु उसका कौनसा रुप, किस समयके लिये, किस जगहके लिये लाभकारी है यही बात विचारणीय है। धर्मके अनेक रुपोंमेसे धर्मको अनेक मान लेना केसी भयंकर भूल है।

एक वैद्य एक रोगीको जो दवाई देता है क्या वही दवाई सभी रोगीयोंके लिये काम आ सकती है। जो औषधि एक ऋतुमे काम करती है वही दूसरी ऋतुमे काम नहीं करती, वात प्रकृतिवालेको जो औषधि लाभदायक है वह पित्त-प्रकृतिवालेको हानिकारक भी हो सकती है। इस तरह अनेक तरहकी औषधियोंके होनेपरभी वैद्यक शास्त्र अनेक नहीं हो जाते।

मानव शरीरमे जितने तरहकी भिन्नताएं है आत्माके परिणामोंमे उससे अधिक भिन्नताए है। जब शारिरीक चिकित्सा अनेक तरहकी हो करके भी वैद्यकशास्त्रमें भेद नहीं हो जाता तब आध्यात्मिक चिकित्सा अनेक तरहकी हो तो धर्ममें भेद क्यों मानना चाहिये। जिस मनुष्यको जो चिकित्सा प्रकृतिके अनुकूल है उसके लिये वही ठीक है। अगर हम अपेक्षाको न समझकर चिकित्साका विचार न करेंगे तो संसारकी सभी चिकित्सा निंदनीय ठहरेंगी।

हमें धर्माधर्म और कर्तव्या कर्तव्य के विचारमें स्याद्वादसे काम लेना चाहिये। अच्छेसे अच्छा कार्य अपात्रके लिये अकार्य है। जो जिस कार्यके योग्य है उसे वही धर्म है। एक आदमी मुनिजीवन के अनुसार नहीं रह सकता उसे दीक्षा देना और उसका दीक्षा लेना धर्म विरुद्ध है।

अगर हम स्याद्वादको समझ जांय तो आस्तिक और नास्तिक, श्वेताम्बर और दिगम्बर, मूर्तिपूजक और अमूर्तिपूजक, हिन्दू और मुसलमान, सुधारक और रुढीचूस्तको लडने झगडनेकी क्या आवश्यक्ता रहे। खासकर जो लोग स्याद्वादके मानने वाले हैं उन्हें तो साम्प्रदायिकतासे बिल्कुल दूर रहना चाहिये। वे अपना व्यवहार भले ही ओर दूसरेके विचारोंके लिये उनके हृदयमें आदर ही होना चाहिये। जब 'अस्ति भंग'भी स्याद्वादका एक अंग है और नास्ति भंगभी स्याद्वादका एक अंग है तब आस्तिक और नास्तिकका झगडा क्यो?

असली बात यह है कि जिस दिन हमने सप्तभंगीका त्याग किया उस दिनसे मोक्षमार्गकी सफाई होना बन्द हो गया। यहां तककि रास्ता, कचरेसे इतना भरगया है कि मालूमही नहीं होता कि पथ कौन है और कुपथ कौन है? अगर सप्तभंगीसे काम लेना हम शुरु करदें तो कल्याणका मार्ग हमें साफ साफ नजर आने लगे। उस समय हमारी सारी शक्ति साथियोंसे लडनेमे नहीं मार्ग तय करनेमे आगे बढनेमे ही लगे।

— साहित्यरत्न दरबारीलाल न्यायतीर्थ.

## आत्मानंद जैन गुरुकुल गुजरानवाला.

इस संस्थामें दाखिल होनेवाले विद्यार्थीयोंसे पढ़ाई और रहनेकी फी बिल्कुल नहीं ली जाती कपडे-भोजनका खर्च बहुत थोडा है। हुन्नर और दस्तकारी भी सिखाई जाती है। विशेष समाचारके लिए पत्र व्यवहार करें।

कीर्तिप्रशाद जैन, मानद् अधिष्ठाता गुरुकुल.

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay 3.

હિંદનું નાવ—

॥ नमो तित्थस्स ॥

Regd. No. B 1996.

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.)

વાર્ષિક લવાજમ રૂપીઆ બે.

તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ. [મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.]

છુટક નકલ દોઢ આનો.

વર્ષ જુનું ૬ ઠું. નવું ૧ લું.

તા. ૧૫ મી ઑગષ્ટ ૧૯૩૧.

અંક ૧૬ મો.

- મુખ્ય લેખકો -

શ્રી મોહનલાલ દ. દેશાઈ, બી. એ. એલએલ. બી. એડવોકેટ.

„ મોતીચંદ ગિ. કાપડીઆ, બી. એ. એલએલ. બી. સોલીસીટર.

„ ઉમેદચંદ ડી. બરોડીઆ, બી. એ.

„ હીરાલાલ હાલચંદ દલાલ બાર-એટ-લૉ.

-સુચનાઓ-

૧ આ પત્રમાં પ્રકટ થતા લેખો માટે તે તે લેખના લેખકોજ સર્વ રીતે જોખમદાર છે.

૨ અભ્યાસ મનન અને શોધખોળના પરિણામે લખાયેલા લેખો વાર્તાઓ અને નિબંધોને સ્થાન મળશે.

૩ લેખો કાગળની એક બાજુએ શાહીથી લખી મોકલવા.

૪ લેખોની શૈલી, ભાષા વિગેરે માટે લેખકોનું ધ્યાન 'જૈન યુગની નીતિ-રીતિ' પ્રત્યે ખેંચવામાં આવે છે.

૫ આ પત્ર દર મહિનાની પહેલી અને પંદરમીએ પ્રકટ થાય છે.

પત્રવ્યવહાર:-

તંત્રી—જૈન યુગ.

ઠે. જૈન શ્વેતાંબર કૉ. ઓફીસ

૨૦, પાયધુની-મુંબઈ ૩

## 'અહિંસા સફળ થશે તો'—

### મહાસભા સમિતિમાં મહાત્માજીનું મનનીય વ્યાખ્યાન.

તા. ૭-૮-૩૧ ના દિને મુંબઇમાં મહાવીર જૈન વિદ્યાલયમાં અખિલ હિંદ મહાસભા સમિતિની ઐતિહાસિક બેઠક મળી હતી. શરૂઆતમાં ગઇ સભાની કાર્યવાહી મંજુર થઇ અને લંડનની શાખાને રદ કરવાનો ઠરાવ કેટલીક ચર્ચા પછી મુલતવી રાખવામાં આવ્યો હતો.

તે પછી ગવર્નર પર અને જજ ગાર્લીક પર થયેલા હુમલાને વખોડી કહાડનારો અગત્યનો ઠરાવ મહાત્માજીએ સભા સમક્ષ રજુ કર્યો ને તેના સમર્થનમાં એક પ્રેરક ભાષણ આપ્યું.

**મહાત્માજીનું ભાષણ.**

'તેમણે ઠરાવમાં દર્શાવ્યો છે તે કરતાં અનેકગણો અગ્નિ આ બનાવોથી મારા હૃદયમાં બળી રહ્યો છે એમ જણાવી સૌને નિખાલસ દિલે ઠરાવ પર વિચાર કરવા આગ્રહ કર્યો હતો. તેમણે મહાસભાનુ ધ્યેય શાંતિ ને અહિંસાનું છે એમ કહી જીભ અને હૃદયની વાતમાં ફરક ન હોય એ માટે આગ્રહ કર્યો હતો.

તે પછી તેમણે કહ્યું કે જે માણસ ખુન કરે છે તેને આપણે ભાઇ ગણીએ, તેની અસર મહાસભા પર પડવા દઇએ, તો તેનાં કાર્યના પરિણામની જવાબદારી પણ આપણે લેવી જોઇએ. ભગતસિંહની કુરબાની ઉપર હું મોહ્યો હતો તેથી કરાંચીમાં એનો ઠરાવ મેં ઘડયો. પણ એનું બુરૂં પરિણામ આવ્યું છે અને આજે હું એકરાર કરૂં છું કે એનાં વખાણ કરવામાં મેં ગંભીર ભૂલ કરી છે. મહાસભા પાસે કામ કઢાવી લેવાની દાનતથી મેં એમ કર્યું એવો આક્ષેપ નિરાધાર છે. સારા જગતના સામ્રાજ્ય માટે પણ હું એવું કામ નહીં કરૂં.

અહિંસા તમારી તો પૉલીસી છે, પણ એ તો મારા પ્રાણ છે, મારો ધર્મ છે. ચાલાકીઓ કરતાં મને નથી આવડતું ને જીંદગીમાં મેં ચાલાકી કરી નથી. સંધિથી દેશને ફાયદો છે એમ હું માનું છું તેથીજ દેશને તે અપનાવવા કહી રહ્યો છું. બાકી ગોળમેજીની મારે મન મોટી કિંમત નથી. હું મહાસભા સાથે ચાલબાજી કરવા નથી માંગતો.

કેટલાક કહે છે કે તમે આવા જુવાનોને નિંદો છો તો સરકારને કેમ નહી? પણ એમ કહેનારા ભૂલે છે. મહાસભા તો વર્ષોથી આ સલ્તનતને મીટાવવાના પ્રયત્ન કરી રહી છે અને એને મીટાવી દેવી એને તો મહાસભાએ ધર્મ માની લીધો છે. આ સલ્તનત બુરી છે. એની બુરાઈ વર્ણવવા મારી ભાષામાં શબ્દો નથી.

આપણે આવાં કૃત્યો તરફ આંખ મીંચામણાં કરીએ તે નહી ચાલે. જગત તો અહિંસાને ચકિત દૃષ્ટિએ જોઇ રહ્યુ છે એ અહિંસા સફળ થશે તો એથી જગત ન્યાલ થઇ જવાનું છે. હૉટસનને મારવા જનારા અમને પહેલાં કાં નથી મારતા? ખુનની આબોહવાથી ખાના ખરાબી થવાની છે.' (જૈન પ્રકાશમાંથી.)

उद्धाविव सर्वसिन्धवः, समुदीर्णास्त्वयि नाथ ! दृष्टयः ।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥
-श्री सिद्धसेन दिवाकर.

અર્થ:-સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે: પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

સરિતા સહુ જેમ સાગરે, તુજમાં નાથ! સમાય દૃષ્ટિઓ:
ન્યમ સાગર ભિન્ન સિન્ધુમાં, ન જણાયે તું વિભક્ત દૃષ્ટિમાં.

જૈન યુગ.
તા. ૧૫-૮-૩૧ શનીવાર.

# હિંદનું નાવ—

આજે સમસ્ત વિશ્વ હિંદ પ્રત્યે-તેના તેત્રીશ કોટી પ્રજાના તારણહાર પુણ્યશ્લોક મહાત્મા ગાંધી પ્રત્યે મીટ માંડી રહ્યું છે. પાશ્ચાત્ય સંસ્કૃતિના ઉપાસકો અહિંસાના આ અજોડ અખતરા પરત્વે કુતુહલની દૃષ્ટિએ નિરખી રહ્યા છે તેવે સમયે મહાત્માજીની કસોટી અણનમ સત્તાશાહી કરી રહી હોય તેવી ખબરો પ્રગટ થતી રહે છે. આવી કટોકટીમાંથી પસાર થતાં હિંદનું નાવ આજે ચકડોળે ચડયું છે એમ જાણી આશા કે નિરાશા વચ્ચે જગત્ પણ ઝોકા ખાય એ સ્વભાવિકજ છે.

ચાલુ પક્ષમાં હિંદની માનીતી એ મહાસભાની કાર્યવાહી સમિતિની એક યાદગાર બેઠક મણિ ભુવનમાં અને તેનાજ અનુસંધાનમાં અખિલ હિંદ મહાસભા સમિતિની ઐતિહાસિક બેઠક આપણા શ્રી મહાવીર જૈન વિદ્યાલયના વિશાળ હૉલમાં મલી હતી. તેના ઠરાવોથી અત્યાર અગાઉ પ્રજા વાકેફ થઇ ચુકી છે. અને તેનીજ સાથે સંબંધ ધરાવતા મહાત્માશ્રીના લંડન ગોળમેજીમાં ભાગ લેવાના પ્રશ્ને આજે દિવસો થયા પ્રજાને વિસ્ફારિત નયને રાહ જોવડાવી તેનો આખરી નિર્ણય જાણી પ્રજાને જેની આગાહી મલી ચુકી હતી તેણે દરેક અફસોસ અનુભવ્યો હોય અને સત્તાશાહીના ઘમંડે મત્ત બનેલા સીવીલ સર્વિસમાંહેના કારોબારીઓ અને હાકેમોની વિચાર પૂર્વકની સંકલનાને પરિણામે મહાત્માજીને એમ કહેવા ફરજ પડી હોય કે 'હું લંડન જનાર નથી તેથી મારી ઉપર સખ્ત ફટકો પડયો છે' તો તેમાં આશ્ચર્ય પામવા જેવું શું છે?

સંધીના પાલન માટે મ૦ ગાંધીજીએ સેવેલા અનેક પ્રયાસો અને ઉઠાવેલી જહેમતો છતાં સિમલાની શીતલ ટેકરીના 'ગોરા દેવો' અને 'ગણેશ ખિંડ' ના ગણેશોની પાસે હિંદના ઉદ્ધાર માટે એ સંત ધકેલાયા છતાં આજે શાના ગણેશ મંડાયા છે તે પ્રજા વિચારી લેશે. મહાત્માજીને છેવટનો જે જવાબ સંધીના કહેવાતા સરકારી ભંગ સંબંધે અપાએલો જણાય છે તેને બધા પ્રજા પ્રકટ થએલા અહેવાલોએ અસંતોષકારક ગણી કાઢયો હોઇ તા. ૧૩ ના રોજ બપોર પછી નાં૦ વાઇસરૉયના મજકુર જવાબ પર અંતિમ નિર્ણય માટે મળેલી મહાસભાની કાર્યવાહી સમિતિ એવા નિર્ણય પર આવી છે કે 'ગાંધી અરવિન કરારને વળગી રહીને તેમજ પ્રજાકીય લાભો માટે મહાસભા ગોળમેજી પરિષદમાં ભાગ લઇ શકે નહિ અને તેને ભાગ લેવો પણ જોઇએ નહિ.' આ ઠરાવ સમિતિએ ઘણાં સાધનો અને સંધિ ભંગના કિસ્સાઓ તપાસ્યા પછી કર્યો હોય એમાં કાંઇ શક નથી. આ સ્થિતિ ઉપસ્થિત કરવા બદલ કોનો કેટલો દોષ છે એ વાતનો નિર્ણય તો ત્યારે થઇ શકે કે જ્યારે મહાસભા આ સંબંધે સરકાર સાથેનો પત્રવ્યવહાર પ્રકટ કરે. જે હકીકતો અત્યાર અગાઉ પ્રકટ થઇ છે તે ખરી હોય તો કહેવું જોઇએ કે મહેસુલી કાયદાના બહાના હેઠળ સત્તાધીશોએ એક કરૂણ પ્રસંગ ઉભો કર્યો છે અને પોતાની મુત્સદ્દીગીરીનો શંખ ફુંક્યો છે!

હિંદનું ભાવિ આજે ચકડોળે ચડયું છે પણ તારણહાર સમર્થ છે અને પ્રભુ તેમને કસોટીમાંથી પાર ઉતારવા અમોઘ બળ, સામર્થ્ય અને સ્વાસ્થ્ય અર્પે.

## વર્તમાન સમાચાર.

—વેરાવળમાં મુસલમાનોના હાથે છરી વડે કરૂણ રીતે શેઠ ગોવિંદજી ખુશાલભાઇ તથા અન્ય હિંદુઓના થએલા અવસાન બદલ ઠેક ઠેકાણે શોક સભાઓ, ઠરાવો અને લાગતા વળગતાઓ તરફ તાર વગેરે થયાના સમાચારો મલતા રહ્યા છે તે પૈકી દીલ્હી, આગરા, કલકત્તા, ખંડવા, જુન્નર વગેરે સ્થળો તેમજ પંજાબ આત્માનંદ જૈન મહાસભા તરફથી તેવા ઠરાવો થયાના સમાચાર મલ્યા છે. મામલો હજુ સુધર્યો નથી જણાતો.

—વડોદરા રાજ્ય તરફથી સંન્યાસ દીક્ષા પ્રતિબંધક નિબંધનો એક ખરડો બહાર પડયો છે.

—બીજી ગોળમેજ પરિષદમાં હવે મહાત્માજી જનાર ન હોવાથી શ્રીમતી સરોજની નાયડુ તથા પંડિત માલવીઆજીએ પોતાની પેસેજ રદ કરાવી છે.

—મહાસભાએ નિમેલી 'કરજ કમિટી' ના રિપોર્ટના બીજા ભાગમાં આપણા જૈન બધુ પ્રો૦ કે. ટી. શાહે. ૧૧૧ પાનાં જેટલી લંબાણ રીતે જાહેર દેવાની બારીક સમીક્ષા કરી છે તેમાં બ્રિટન સામે પ્રો૦ શાહના હિસાબે ૯૨૪ કરોડનો હિંદનો દાવો રજુ કરવામાં આવ્યો છે.

—આજે તા. ૧૫ મી ના વર્તમાન પત્રોએ મહાત્માજીનો સરકાર સાથે થએલો પત્ર વ્યવહાર પ્રકટ કર્યો છે.

'A good thing to remember
And a better thing to do
Is work with the Construction gang,
Not with the wrecking crew.'
—Unknown.

# વિવિધ નોંધ અને ચર્ચા.

**કાર્યવાહી સમિતિની બેઠક**—સંસ્થાની ઑફીસમાં તા. ૫-૮-૩૧ ના રોજ શ્રી રતનચંદ તલકચંદ માસ્તરનાં પ્રમુખપણાં હેઠળ મલી હતી જે વખતે કૉન્ફરન્સનો સં. ૧૯૮૬ ની સાલનો ઑડીટ થએલો આવક જાવકનો હિસાબ તથા સરવાયું રજુ થતાં સર્વાનુમતે પસાર કરવામાં આવ્યાં. સદરહુ હિસાબ પૈકી સરવાયું (સં. ૧૯૮૬) આ અંકમાં અન્યત્ર પ્રકટ કરવામાં આવ્યું છે. આવક જાવકનો હિસાબ સ્થળ સંકોચના કારણે આવતા અંકમાં પ્રસિદ્ધ થશે.

૨. સં. ૧૯૮૭ ની સાલનો અષાઢ માસ સુધીનો હિસાબ રજુ કરવામાં આવ્યો હતો જેની નોંધ લેવામાં આવી.

૩. જુન્નર અધિવેશનનો રિપોર્ટ વહેંચવા સંબંધે ચર્ચા થતાં ઠરાવવામાં આવ્યું કે આ સંબંધે હવે પછીની મીટીંગ વખતે ચર્ચા કરી નિર્ણય કરવો.

૪. શ્રી બનારસ જૈન શ્વે. તીર્થ મેનેજીંગ કમિટી તરફથી ચંદ્રાવતીજી તીર્થ સરકારી રક્ષણ હેઠળ લેવા માટેનાં કરારનામાનો ડ્રાફ્ટ જે ત્યાંના કલેકટરે સદરહુ કમિટીને મોકલી આપ્યો છે અને જે કેટલાક સમય અગાઉ સંસ્થાની કમિટીના અભિપ્રાય માટે મોકલવામાં આવ્યો હતો તે અંગે મંગાવેલ ખુલાસા તથા સ્થળ-દેરાસરજી અને જમીનો વગેરેનો નકશો મંગાવવામાં આવતાં જે હકીકતો મલી હતી તે રજુ થતાં બાકી રહેતી વિગત તુરત મોકલી આપવા માટે પત્ર લખવામાં આવ્યાની હકીકત જાહેર કરવામાં આવી.

૫. મુંબઇમાં ઘણે પ્રસંગે સ્થાનિક જૈનોની જાહેર સભાઓ બોલાવવા પ્રસંગ આવે ત્યારે કયું ધોરણ અખત્યાર કરવું એ સંબંધે ચર્ચા થતાં સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું કે "મુંબઈમાં જૈનોની જાહેર સભા સમગ્ર જૈન કોમના પ્રશ્નોના સબંધમાં બોલાવવાની જ્યારે પણ જરૂર જણાય ત્યારે કોન્ફરન્સે પોતાનાજ નામે તેવી સભા બોલાવવી."

૬. સ્થાનિક મહા મંત્રીઓએ અગત્યના રજુ કરવાનાં કામ કાજની બાબતમાં મારવાડ પ્રાંતિક ઑફીસ તરફથી આવેલ પત્ર સલાહ માટે કમિટી સમક્ષ રજુ કર્યો હતો જેમાં જણાવ્યા મુજબ મારવાડમાં કૉન્ફરન્સ તરફથી સતત પ્રચાર કરી સુ. ભં. ફંડમાં આવક થાય યા નહિં તો પણ કાર્ય ચાલુ રાખવા માટે આગ્રહ કરવામાં આવ્યો હતો તે સંબંધે કમિટી તરફથી સૂચના કરવામાં આવી કે મારવાડમાં કાર્ય ચાલુ રાખવું અને ત્યાંની કમિટીના મંત્રી પ્રવાસ કરે તો તે ખર્ચ પણ સંસ્થાએ આપવું.

૭. શ્રી કેશરીઆનાથજીનો ફોટો મેડલ-ચાંદની આકૃતિમાં લખનૌમાં વેચાતો જોવામાં આવે છે તે સબંધે સલાહ માંગનારો બા૦ કપુરચંદ જૈનનો આવેલ પત્ર રજુ થતાં ઠરાવવામાં આવ્યું કે તે સબંધે વિશેષ ચર્ચા કર્યા પછી અભિપ્રાય મોકલવો ઠીક છે.

**ઉપદેશકોનો પ્રવાસઃ—**

મી૦ અમૃતલાલ વાડીલાલ શાહ જણાવે છે કે પાટણ શહેરમાં જૂદા જૂદા સ્થળે ભાષણો આપી કૉન્ફરન્સ તરફ સારી સહાનુભૂતિ મેળવી ત્યાર બાદ વીસનગર, વડનગર, ખેરાલુ, મેસાણા, ઊંઝા, ઉનાવા, સિદ્ધપુર, ધીણોજ, રણુજ અને મણુંદ વિગેરે ગામોમાં પ્રવાસ કર્યો.

કૉન્ફરન્સના પ્રચાર કાર્ય અંગે તથા તેના ઠરાવો વિગેરે ઉપર ભાષણો આપ્યાં તથા શ્રી સુકૃત ભંડાર ફંડની યોજનાનો અમલ કરવા તે યોજનાના લાભો સમજાવ્યા. ઘણા ગામોએ પર્યુષણ પર્વમાં ફંડ ઉઘરાવીને મોકલી આપવા ખુશી જણાવી.

ઉંઝામાં ચાતુર્માસ કરવા મુનિશ્રી મોહનલાલજી મહારાજના સંઘાડાના મુનિશ્રી કલ્યાણમુનિ વિગેરે ચાર ઠાણા આવેલા છે. તેમના આશ્રય નીચે 'સાચો ત્યાગ' 'ઐક્યતા' હાલની પરિસ્થિતિ-તથા કૉન્ફરન્સ અને શ્રી સંઘની ફરજ વિગેરે વિષયો ઉપર ભાષણો આપ્યાં. દીક્ષા સંબંધી ઠીક ચર્ચા થઇ.

ઉનાવામાં પાયચંદ ગચ્છના મુનિશ્રી જગતચંદ્રજી આદિ ઠાણા ત્રણ હતા. ત્યાં પણ તેમના વ્યાખ્યાનમાંજ ભાષણો આપ્યાં. મહારાજ સાહેબે પણ 'સાધુ ધર્મ' ઉપર સારૂં વિવેચન કર્યું હતું. અને હાલની અયોગ્ય દીક્ષા પ્રવૃત્તિને સખ્ત શબ્દોમાં વખોડી કાઢી હતી.

રણુંજના સંઘે પાટણના જૈન સંઘના જેવો ઠરાવ અયોગ્ય દીક્ષા સંબંધી કર્યો છે. અને ઘણા ગામો આવી અયોગ્ય દીક્ષાની પ્રવૃત્તિને વખોડી કાઢે છે. ઉંઝાએ તો ખાસ કરીને તેવી દીક્ષા પોતાના ગામમાં થતી અટકાવી હતી.

**મારવાડ વિભાગમાં પ્રવાસ**—શરૂ કરતાં પંડિત ગિરજાશંકર ખરેડી, ખુડાલા, ફાલના, રાણી ઉમેદપુર વગેરે સ્થળે ગયા હતા. મારવાડના પ્રાંતિક વિભાગ ઓફીસના મંત્રી શ્રી નિહાલચંદજી જૈન પણ કેટલેક સ્થળે સાથે ફર્યા હતા. ઘટતું પ્રચાર કાર્ય થયું છે.

**ઉત્તર ગુજરાતમાં પ્રવાસ** કરતાં ઉપદેશક વાડીલાલ સાંકલચંદ શાહ આજોલ, વીદરોલ, માણેકપુર, પુંધરા, મહુડી, સરદારપુર વગેરે ગામોએ ગયા અને દરેક ગામે ભાષણો આપતાં જાગૃતિ ઉત્પન્ન થયાનું જણાવવામાં આવે છે.

**કન્વેશન સુકૃત ભંડાર ફંડ**માં ભરી આપેલ રૂા. ૫૦૧) અંકે પાંચસે એક શ્રી આદીશ્વરજીના દેરાસરજીના ટ્રસ્ટી સાહેબોને યાદ આપતાં તેઓ સાહેબ તરફથી સદરહુ રકમ ભરી આપવામાં આવી છે.

**શ્રી જૈન શ્વે. એજ્યુકેશન બોર્ડ:**—મારફતે ૧૯૩૦ ની સાલમાં લેવાએલી ધાર્મિક હરીફાઇની ઈનામી પરીક્ષામાં 'સેંટર' વાર નીચે મુજબ ઇનામો આપવામાં આવ્યાં છે.

અમદાવાદ ૧૩૬) ભાવનગર ૧૦૬।। મહેસાણા ૫૫।। ઇડર ૧૦૩) છાણી ૭૦) પાલીતાણા ૭૯।। આમોદ ૧૭।। પાદરા ૧૦) ઉંઝા ૫।। ચાણસ્મા ૩૦) લિંબડી ૧) સમૌ ૨) સુરત ૧૬।। કઠોર ૨) ટાણા ૫) બ્યાવર ૯૮) ભરૂચ ૪) ડીસા ૨) પાટણ ૩૪) મહુધા ૧) મુંબઇ ૩૦) બિકાનેર ૨૫) જુનાગઢ ૧૦) કુલ રૂપીઆ ૮૪૪).

(અનુસંધાન પૃષ્ટ ૧૨૭ ઉપર જુવો)

# श्री जैन श्वे. कॉन्फरन्स. आवक जावकनो हिसाब तथा सरवायुं.

## श्री जैन श्वेतांबर कॉन्फरन्सनुं सं. १९८६ ना आसो वद ०)) सुधीनुं सरवायुं.

ज

**२४८६३-६-८ श्री खाताओ—**

४५८३-२-७ श्री कॉन्फरन्स निभाव फंड खाते जमा
५२९६-१५-९ श्री पुस्तकोद्धार फंड खाते जमा
१०००६-७-१० श्री बीजी कॉन्फरन्स रिसेप्शन कमिटी फंड खाते जमा
४९७६-१२-६ श्री शत्रुंजय प्रचारकार्य फंड खाते जमा

२४८६३-६-८

**२६५४९-१४-९ श्री व्यक्तिगत खाताओ**

८४५९-०-९ श्री जैन श्वे. एज्युकेशन बोर्ड खाते जमा
३५७६-७-६ शेठ फकीरचंद प्रेमचंद स्कॉलरशिप प्राइझफंड खाते जमा
१३४२९-३-३ श्री बनारस हिंदु युनिवर्सीटी जैनचेर आदि मदद फंड खाते जमा
२१०-२-६ श्रीअणघटता आक्षेपो माटेना फंड खाते
४६९-१४-० रा. नाथालाल छगनलाल खाते जमा
४८-७-० श्री धन्नुलालजी सूचंती खाते जमा
३२५-०-० उपदेशकोना पगार खाते जमा
२८-१३-९ श्री पी. एल. वैद्य खाते जमा
२-१४-० रा. वाडीलाल मगनलाल वैद्य खाते जमा

२६५४९-१४-९

५१४१३-५-५

I have examined the cash book, ledger & the vouchers. I have obtained all the explanation I demanded and to the best of my knowledge, the above balance sheet truly represents the Condition of the Conference as at Aso Vad 30th S. Y. 1986. I have seen the receipt of the securities lying with the Bank of India Ltd. & the Imperial Bank of India.

Sd./ Narottam Bhagvandas Shah.

Hony. Auditor. 3-8-1931.

उ

**२९७५-०-० श्री खाताओ—**

९५१-३-३ श्री जैन युग मासिक खाते
३८५-६-० श्री जैन गूर्जर कविओ भाग २ खाते
७२३-१०-३ श्री डेडस्टॉक फरनीचर खाते
१४३-८-० श्री लाईब्रेरी खाते
४२३-७-० श्री न्यायावतार खाते
३४७-१३-६ उथलेक लेणा खाते

२९७५-०-०

**१४३८-११-३ श्री व्यक्तिगत ल्हेण खाते**

९२-१-६ उपदेशक वाडीलाल सांकलचंद खाते
११८-९-६ उपदेशक करसनदास वनमाली खाते
१५६-२-० शेठ मूलचंद आशाराम झवेरी खाते
५०४-१५-६ मी. माणेकलाल डी. मोदी खाते
१७३-४-६ श्री डायमंड ज्यु. प्रिन्टींग प्रेस खाते
२५-६-६ उपदेशक भाईचंद निमचंद खाते
२४-८-० शेठ जीवणलाल कपुराजी खाते
१६-३-० श्री जैनधर्म प्रसारक सभा भावनगर खा.
३४-३-६ रा. शंभुलाल जगशी खाते
१६५-१२-३ श्री कीर्तीप्रसादजी खाते
१३-१२-० शेठ छोटालाल प्रेमजी खाते
८-१२-० शेठ मगीलाल खुशालचंद पारी खाते
१०५-१-० स्वदेशी प्रचार समिति खाते

१४३८-११-३

**४६९९९-१२-२ श्री सीक्युरीटीओ तथा रोकड खाते**

१३१८-४-२ बेंक ऑफ इन्डीआ चालु खाते
६७६-१४-० बेंक ऑफ इन्डीआ सेविंग्स बेंक खाते
७०१-२-११ इम्पीरीयल बेंकना चालु खाते
५०००-०-० बेंक ऑफ इन्डीआ बुलीअन एक्स. ब्रांच फीक्स्ड डी. खाते
५०००-०-० बेंक ऑफ इन्डीआ हेड ऑफीस फीक्स्ड डी. खाते
१००००-०-० सीटी इंप्रुवमेन्ट ट्रस्ट बोंड खाते
७५००-०-० साडा त्रण टकानी लोन खाते
९४६३-१५-७ साडा त्रण टकानी १९००-०१ नी लोन खाते फेसवेल्यु रु. ११५०० नी
३०००-०-० त्रण टकानी लोन खाते
४०००-०-० पोस्टल केश सर्टीफीकेट खाते
३३९-५-६ श्री पुरांत

४६९९९-१२-२

५१४१३-५-५

# સતી નંદયંતી

ત્રિઅંકી નાટક.

—લેખક—
ધીરજલાલ ટી. શાહ.

—પાત્ર પરિચય—

સાગરપોત: પોતનપુર બંદરનો ધનાઢ્ય વેપારી
સમુદ્રદત્ત: સાગરપોતનો પુત્ર
સહદેવ: સમુદ્રદત્તનો મિત્ર
સુરપાળ: સમુદ્રદત્તનો વફાદાર નોકર
પદ્મસિંહ: ભૃગુપુરનો રાજા
કુલપતિ: સેવાશ્રમના આચાર્ય
લક્ષ્મી: સમુદ્રદત્તની માતા
નંદયંતી: સમુદ્રદત્તની પત્ની
મનોરમા: સહદેવની પત્ની અને નંદયંતીની સખી
સુમતિ: સેવાશ્રમની સાધ્વી

ઉપરાંત ભીલો, પરિજનો, સારથી, અધ્યાપક અને વિદ્યાર્થીઓ.

( અંક ૮ પૃ. ૬૧ થી ચાલુ. )

## —પ્રવેશ ૫ મો.

( નંદયંતી દેવમંદિરના ખંડમાં ધવલ વસ્ત્ર પહેરી ઉભી ઉભી પ્રાર્થના કરે છે. )

નંદ૦ હે મંગળમય આનંદસ્વરૂપ પરમાત્મન્! સાગરમાં સાહસ ભરી સફર કરતાં મારા પ્રિયતમની રક્ષા કરજો. એ સ્નેહમૂર્તિને ગમે તેવા સંકટો સામે બાથ ભીડવાની શક્તિ આપજો. મુસ્કેલીઓમાંથી માર્ગ કાઢવાનું ધૈર્ય આપજો. અને હે. પરમપુરૂષ! મને પણ આ દિવસો કાંઈક સુકૃતમાં પસાર થાય તેવી શક્તિ આપજો.

( નંદયંતી બહાર આવે છે. )

મનો૦ નિદ્રા તો સુખે આવી હતી ને!

નંદ૦ કાલની રાત જીવનમાં કદી વિસરાશે નહિ!

મનો૦ કેમ એટલું બધું શું હતું?

નંદ૦ એનું વર્ણન હું શું કરૂં? જાણે કોઇ સ્વપ્નમાંથીજ પસાર થઇ ન હોઉં એમ લાગે છે!

મનો૦ પણ વાત તો કર શું બન્યું હતું?

નંદ૦ વિરહ વ્યથાએ ઉગ્રસ્વરૂપ પકડયું, કોઇ પણ રીતે મને ચેન ન પડયું.

મનો૦ અરે ઘેલી! જરા બાગમાં ફરવું હતું–તેના શીતળ પવનથી ને પુષ્પની સુવાસથી મન શાંત થાત.

નંદ૦ મેં પણ એમજ માન્યું હતું. પણ એ માન્યતા ઉલટી ઠરી. એ ચંદ્રિકાએ, એ આશોપાલવની ઘટા કે હિંડોળાએ મને ભારે વ્યથા કરી. પ્રતિક્ષણે એમનુંજ સ્મરણ કરાવ્યા કર્યું.

મનો૦ પછી?

નંદ૦ પછી તો મારાથી ન રહેવાયું. ખુબ રડવું આવ્યું.

મનો૦ અને શું એમ રડીરડીનેજ રાત પસાર કરી?

નંદ૦ ના મનોરમા, પછી તો ખુબ આનંદ થયો. તેમણે આવી મને છાની રાખી!

મનો૦ શું કહે છે? એ કયાંથી?

નંદ૦ એ પણ મને મળવાને અધીરા થયા હતા.

મનો૦ આ તો સરખે સરખાની જોડ છે. હું તો એવા વિચારો કરી કાંઇ મનને સંતાપતી નથી. હવે શું કરીશ?

નંદ૦ તેમના કાલના સમાગમે મારા મનમાં ભારે પરિવર્તન કર્યું છે. હવે તો હું બને તેટલો સમય પ્રભુ ભક્તિમાં ને કાંઇક સારા કામમાં ગાળીશ, મનને મજબુત રાખીશ.

મનો૦ ચાલ હવે તો જમવાનો સમય થયો.

( બંને જાય છે. )

## —પ્રવેશ ૬ ઠો.

( સાગરપોત તથા લક્ષ્મી વાતો કરતાં બેઠાં છે. )

લક્ષ્મી તમને કાંઇ વહુમાં હમણાં ફેરફાર લાગે છે?

સાગ૦ હા હમણાં હમણાં તે સેવા પૂજામાં વધારે વખત ગાળે છે.

લક્ષ્મી ત્યારે હવે આંખ ઉઘાડીને જો જો. વ્યાપારનાજ કામમાં બધો વખત મગ્ન થઇ આમ કુટુંબની ઉપેક્ષા કરો તે ઠીક નહિ.

સાગ૦ પણ છે શું મને કહે તો ખરી?

લક્ષ્મી માગ મોઢે શું કહું? તમારી આંખેજ જો જો ને?

સાગ૦ તું કહે તો ખરી, પછી મારી આંખ્યે જોઇશ.

લક્ષ્મી વહુ ગર્ભવતી છે.

સાગ૦ હે!!!

લક્ષ્મી હા સમુદ્રદત્ત ગયો ત્યારે તો તે ઋતુમતી હતી.

સાગ૦ (વિચારમાં પડીને) હા પ્રભો! આ શું! કુળવાનની કન્યામાં આ શો દોષ?

લક્ષ્મી નાથ! સ્ત્રીઓનાં ચરિત્ર તમને ન સમજાય. દુરાચાર કરવાથી ગર્ભ રહ્યો એટલે સેવા પૂજાનો ડોળ વધારે કરવા લાગી છે. પણ પાપ પ્રગટ થયા વિના થોડું રહે?

સાગ૦ અરે તેના માબાપ તો સાત પેઢીના ખાનદાન છે, અને તેની કન્યામાં આ શું?

લક્ષ્મી તમે તેના પેટ સામું જો જો. ગર્ભ પ્રગટ થવા માંડયો છે!

સાગ૦ તો શું કરવું? એને પિયર મોકલી દઇશું?

લક્ષ્મી એ તો જેવું આપણને એવું એનાં માબાપને. બિચારાં એનાં માબાપને શા માટે ફજેત કરવા? એનાં કર્મનાં ફળ એ એકલી ભોગવે એવું કરો.

સાગ૦ એવું તે શું થાય?

લક્ષ્મી જંગલમાં મૂકી આવો.

સાગ૦ અરે! એ તો બિચારી ફુલ જેવી છે! એણે ટાઢતડકો કયારે જોયો છે?

લક્ષ્મી પણ આવા કર્મ કરે તો તેનું ફળ પણ ભોગવવું પડે. આપણાથી કાંઇ આ દુરાચાર સાંખી શકાય?

સાગ૦ જોઉં છું. મને તેના ગર્ભની ખાતરી કરવા દે. જો એમ હશે તો કઠણ હૃદયે પણ એ કામ કરવું પડશે. હે ભગવાન્! એકતો પુત્રનો વિયોગ ને તેમાં આ ઉપાધિ!

## — પ્રવેશ ૭ મો

(નંદયંતી ને મનોરમા બેઠાં છે–દૂર એક ભિક્ષુક ગીત ગાય છે તે સાંભળે છે.)

રાગ કાફી.

કર્મતણી ગત ન્યારી! જગતમાં કર્મતણી ગત ન્યારી!
રવિ શશીને નિત્ય ભ્રમણ કરાવે દુઃખ નહિં એથી કારી
ભૂપ હરિચંદ રાજ ગુમાવ્યું તારાદે નીચ પની હારી–કર્મતણી૦
પાંડવ બાર વરસ વનવાસે દ્રૌપદી દ્યુતમાં હારી
રાજ્ય દિને રઘુવીર વનવાસે ચાલ્યા વલ્કલ ધારી–કર્મતણી૦
મહાસતી જગમાં સીતા જેવી પતિને પ્રાણ પિયારી
ધોબી વચને જંગલ છોડી, કષ્ટ સહ્યાં અતિ ભારી–કર્મતણી૦
ચંદનબાળા અતિ સુકુમાળા, રૂપવતી રાજકુમારી
ભર્યા બજારે તે વેચાઇ, ચંપા નગર મઝારી–કર્મતણી૦

મનો૦ નંદયંતી! આ ભિક્ષુક કેવું ગાય છે! હૃદય હલાવી નાંખે છે હો!

નંદ૦ બેન! આ ગીત ગાઇ ભિક્ષુક જન સમાજની મહાન્ સેવા કરે છે. મદમાં ઉછળતા માનવીઓને શું આ શબ્દો સાચી વસ્તુસ્થીતિનું ભાન નથી કરાવતા?

મનો૦ ખરેખર! ગમે તેવું ગુમાન હોય તે પણ ગળી જાય. માણસની આજ સ્થીતિ કેવી હોય છે ને કાલે કેવી થાય છે!

નંદ૦ મનોરમા! મને પણ હવે કાલની ભવિષ્યની ચિંતા થાય છે.

મનો૦ એનું કારણ?

નંદ૦ કારણ એજ કે પ્રિય મિલનની રાત્રિએ હું ગર્ભવતી થઇ છું અને વિદૂર ભૂમિમાં જેમ રત્ન વધે તેમ આ ગર્ભ તો વધતો જાય છે. બીજાઓ મારા માટે શું ધારશે?

મનો૦ નંદયંતી! તું નિર્દોષ છે તો બીજાના અભિપ્રાયની શા માટે પરવા કરે છે?

નંદ૦ પણ સાસુ સસરાના મનમાં શું વિચારો આવશે?

મનો૦ એવી ચિંતા કરીશ નહિં. તે શું સત્ય હકીકત નહિં જાણે?

નંદ૦ અહા! જો એવું થાય તો કેવું સારૂં પણ એ શી રીતે આ બધું જાણશે?

મનો૦ વખત આવે એ બધું જાણશે. નકામી ચિંતા કરી દુઃખી થઇશ નહિં. હવે તો આનદમાં રહે કે ગર્ભપર ખરાબ અસર ન થાય. ચાલ ઘડીક આ ઉપવનમાં ફરીએ.

---


તૈયાર છે! 卐 સત્વરે મંગાવો!

## 'શ્રી જૈન ગૂર્જર કવિઓ ભાગ ૨.'

**આશરે ૧૦૦૦ પૃષ્ઠનો દલદાર ગ્રંથ**

**કિંમત ત્રણ રૂપીઆ.**

સંગ્રાહક:–જૈન સાક્ષર **શ્રી મોહનલાલ દ. દેશાઈ,**
બી. એ. એલએલ. બી; એડવોકેટ.

પ્રાપ્તિસ્થાન:–શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ.
૨૦, પાયધુની, મુંબઈ ૩.


## "જૈન યુવકોને."

વીર પૂત્રો આપણે આપણા વડીલોને શાંત અને વિનંતિ રૂપે સમજાવો; કારણ કે ઉતાવળ અને દમદાટીથી કાંઇ કાર્ય પાર પડતું નથી. આજે જૈન કોમમાં ધર્મ અને કોમના બહાને ઝગડાઓ થાય છે, આપણા ધર્મની હેલણા થાય છે, રિદ્ધિ સિદ્ધિ નાશ પામતી જાય છે. એક કાળે આખો ભારત વર્ષ જૈનમય હતો, ત્યારે આજે તેત્રીસ ક્રોડમાં બાર લાખની સંખ્યામાં આપણે છીએ. જો આવીજ રીતે કોમમાં કુસંપ અને ઝઘડા ચાલુ રહેશે, તો જરૂર આપણી કોમનો ક્ષય થશે, કારણ કે ભારતવર્ષની વસ્તી પાસે આપણી સંખ્યા શાકના વઘાર જેટલી છે, જુવાનો, આજે જમાનો બદલાયો છે. મહાન મગજ શક્તિવાળા પણ કલ્પી નથી શકતા કે ભવિષ્યમાં મનુષ્યની બુદ્ધિનો વિકાસ કેટલી હદ સુધી પહોંચશે. માટે આવા સમયમાં જૈન નવયુવકોનું પ્રધાન કર્તવ્ય છે કે તેમણે પોતાની બુદ્ધિનો પ્રયોગ પોતાને માટે કરી પોતાના જૈન સમાજને સંગઠિત કરીને તેના ગૌરવને જે જે કુપ્રથાઓ અને કુરૂઢીઓથી જે કલંક લાગે છે, તે સર્વને સંગઠિત સ્વરૂપમાં રચનાત્મક કાર્ય કરી નાબુદ કરવી જોઇએ. તેને સમાજના ઉચ્ચ આદર્શો કર્તવ્યો અને સિદ્ધાંતોને વિશ્વ સન્મુખ રાખવા જોઇએ. માટે યુવકો, હવે રચનાત્મક કાર્ય કરી દેખાડો અને તેમ કરશો. તોજ તમારૂં શ્રેય થશે કારણ કે આ જમાનામાં ઉપર પ્રમાણે અમલમાં મૂકયા સિવાય તમારૂં ટકુ ચાલવાનું નથી.

લી૦ સેવક,
**શેઠ અમીચંદ કરસનજી.**


# ઘડીયાળો.

**અમારા ઘડીયાળોને પ્રખ્યાતીમાં લાવવા સારૂજ**
**ફક્ત તા. ૩૧ ઓગસ્ટ ૧૯૩૧ સુધીજ તદન ઓછા ભાવ.**

**—: હાથના ઘડીયાળો :—**

(૧૫૩) રો. ગો. સોનેરી ફેન્સી શેપનું સેકન્ડ કાંટાવાળું ચાલવાને માટે અમારી લેખીત ગેરંટી વર્ષ ચાર સાથે કીંમત ફક્ત રૂા. ૪–૮–૦

(૧૬૦) નીકલ સીલવરનું લીવર મશીન જાડા કાચવાળું સુંદર ક્રીસ્ટલ શેપનું ચાલવાને માટે અમારી લેખીત ગેરંટી વર્ષ ચાર સાથે કીંમત ફકત રૂા. ૪–૧૦–૦

**—: ખીસાના ઘડીયાળો :—**

(૨૪૧) નીકલ સીલવરનુ લીવર મશીન સુંદર ચપટા શેપનું અમારી એક વર્ષની લેખીત ગેરંટી સાથે કીં. રૂા. ૨-૮-૦

(૨૪૫) નીકલ સીલવરનું લીવર મશીન સુંદર રાઉન્ડ ક્રીસ્ટલ શેપનું સેકન્ડ કાંટાવાળું ચાલવાને માટે અમારી લેખીત ગેરંટી વર્ષ ત્રણ સાથે કીંમત ફકત રૂા. ૩–૮–૦

પેકીંગ તથા પોસ્ટેજ દરેક પારસલ દીઠ રૂા. ૦–૫–૦ વધારે.

ઉપરના ઓછા ભાવ ફકત ઉપર લખેલી મુદત સુધીજ અમારી જાહેર ખબર સારૂજ રાખવામાં આવેલા છે.

**પી. ડી. બ્રધર્સ ઘડીયાળવાલા.**
પો. બો. નં. ૩૦૨૧, મુંબઇ ૩.

( અનુસંધાન પૃ. ૧૨૩ ઉપરથી ચાલુ )

પુરૂષ ધોરણના ઇનામો માટે રૂા. ૫૦૦) શેઠ સારાભાઇ મગનભાઇ મોદી તરફથી તથા સ્ત્રી ધોરણ ૫) ના ઇનામો માટે રૂા. ૬૦) શેઠ હીરાચંદ વસનજી શાહ પોરબંદર તરફથી મલ્યા છે આ પરીક્ષામાં કુલે પુરૂષ વર્ગમાં ૬૩૩ તથા સ્ત્રી વર્ગમાં ૪૩૭ મલી કુલ ૧૦૭૦ વિદ્યાર્થીઓ બેઠા હતા.

**સ્વ. ભગુભાઇ ફ. કારભારી સ્કૉલરશિપ**–શ્રી મુંબઇ માંગરોળ જૈન સભા તરફથી શ્રી જૈન શ્વેતાંબર વિદ્યાર્થીઓ જેઓ પ્રીવિયસની પરીક્ષા પાસ કરી કમર્શિયલ કોલેજમાં અભ્યાસ કરવા માંગતા હોય તેઓમાં સર્વથી ઉંચે નંબર પાસ થનાર વિદ્યાર્થીને ઉક્ત સ્કોલરશિપ રૂા. ૮૦) ની આપવાની છે. ઉમેદવારોએ પ્રીવિયસની પરિક્ષાના માર્કસ સાથેની અરજીઓ સભાના સેક્રેટરી ઉપર ૩૧-૮-૩૧ સુધીમાં મોકલી આપવી. ૨૦, પાયધુની, મુંબઇ ૩.

**પાઠશાળાઓ તથા વિદ્યાર્થીઓને મદદ**–શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડના મંત્રી શ્રી સૌભાગ્યચંદ ઉ. દોશી જણાવે છે કે આ વર્ષે બોર્ડના આર્થિક સંજોગોને લક્ષમાં રાખી જૈન વિદ્યાર્થીઓને સ્કોલરશિપ તથા પાઠશાળાઓને મદદ આપવા સંસ્થાના મંત્રીઓ કેટલાક ગૃહસ્થોને ફંડમાં રકમ ભરાવવા રૂબરૂ મળ્યા હતા. અને તેના પરિણામે શ્રીયુત શેઠ મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ, શેઠ પાનાચંદ માવજી, શેઠ રણછોડભાઇ રાયચંદ ઝવેરી, શેઠ જમનાદાસ અમરચંદ ગાંધી, શેઠ હીરાલાલ અમૃતલાલ શાહ અને શેઠ વીરચંદ પાનાચંદ શાહે દરેકે રૂા. ૧૦૧) આપવા અપાવવાના વચનો આપ્યા હતા અને તે બદલ તેમનો આભાર માનીએ છીએ.

ઉપરોક્ત વચનો મળ્યા પછી બોર્ડની મેનેજીંગ કમિટીમાં સ્કોલરશિપ અને મદદ માટે આવેલી અરજીઓ રજુ થતાં શેઠ વલ્લભદાસ ફુલચંદ મહેતા અને માનદ મંત્રીઓ-એ ત્રણેની એક પેટા-કમિટી તેના નિર્ણય માટે નિમવામાં આવી હતી તદનુસાર સન ૧૯૩૧-૩૨ માટે નીચે મુજબ સ્કોલરશિપો અને પાઠશાળાઓને મદદ મંજુર કરવામાં આવી છે.

### પાઠશાળાઓને મદદ.

શ્રી વિજયનેમીસૂરી જૈન પાઠશાળા મહુવા વાર્ષિક રૂા. ૨૪), શ્રી રતનજી ખીમજી જૈન પાઠશાળા, વરળ રૂા. ૨૪) શ્રી મણીવિજયજી જૈન પાઠશાળા સાદડી રૂા. ૨૪), જૈન પાઠશાળા, કડી રૂા. ૨૪), જૈન પાઠશાળા, દેવગાણા રૂા. ૨૪) મુક્તિવિજયજી જૈન કન્યાશાળા, બોરસદ રૂા. ૨૪), કર્પૂરવિજયજી જૈન પાઠશાળા, સમૌ રૂા. ૨૪), જૈન પાઠશાળા, ટાણા રૂા. ૨૪), જૈન પાઠશાળા, આમોદ રૂા. ૨૪), જુન્નર જૈન પાઠશાળા રૂા. ૨૪), બુદ્ધિસાગરજી જૈન પાઠશાળા, આજોલ રૂા. ૨૪), ધર્મ વિજયજી જૈન પાઠશાળા, ધોળકા રૂા. ૨૪), જૈન પાઠશાળા, ત્રાપજ રૂા. ૨૪), જૈન પાઠશાળા, મહુધા રૂા. ૨૪), જૈન પાઠશાળા દેહગામ રૂા ૨૪), મોતીવિજયજી જૈન પાઠશાળા, કંથરાવી રૂા. ૨૪), જૈન પાઠશાળા, કઠોર, રૂા. ૨૪), જૈન પાઠશાળા, બોટાદ રૂા. ૨૪), જૈન પાઠશાળા, ચોટીલા રૂા. ૨૪), જૈન પાઠશાળા, માલીઆ રૂા. ૨૪), કુલ ૨૦ પાઠશાળાઓને વાર્ષિક રૂા. ૪૮૦).

**સ્કૉલરશિપો**—ડાડમચંદ મોતીલાલ સલગીઆ, પ્રતાપગઢ, ઇન્ટર સાઇન્સ વાર્ષિક રૂા. ૩૬), વૃદ્ધિચંદ મિશરીમલજી પોરવાડ, રતલામ, ઇન્ટર, વા. રૂા. ૩૬), કેશવલાલ પ્રેમજી પારેખ, અમરેલી, ઇન્ટર આર્ટસ રૂા. ૩૬), હઠીચંદ જીવણલાલ દોશી, મહુવા, સીનીયર બી. એ. રૂા. ૩૬), રમણિકલાલ છોટાલાલ દોશી, મહુવા, જુનીયર બી. એ. રૂા. ૩૬), કુબેરદાસ કમળશી કોઠારી, ગુંદેરણ, ફર્સ્ટ ઇયર આર્ટસ રૂા. ૩૬), કાંતીલાલ ગટોરદાસ શાહ, પાદરા, ફર્સ્ટ ઇયર આર્ટસ રૂા. ૩૬), પોપટલાલ રવજી સલોત કંથારીયા, ફર્સ્ટ ઇયર આર્ટસ રૂા. ૩૬), ઝવેરચંદ હંસરાજ દોશી, મહુવા. ઇન્ટર આર્ટસ રૂા. ૩૬), પ્રતાપરાય મગનલાલ દોશી, મહુવા, ફર્સ્ટ ઇયર આર્ટસ રૂા. ૩૬), હરખચંદ બાવચંદ દોશી, ભાદરોડ, ઇન્ટર સાઇન્સ રૂા. ૩૬), પી. એલ. ભંડારી, ઝાબુઆ, બી. કૉમ રૂા. ૩૬), જેસંગલાલ લાલચંદ જાખાના અં. ધોરણ ૭ રૂા. ૨૪), પ્રતાપચંદ લોઢા, આગરા, કલાસ ૭ રૂા. ૨૪), રતીલાલ મગનલાલ શાહ, બોરસદ, અં. ધોરણ ૫ રૂા. ૨૪), બાબુભાઇ મગનલાલ કાપડીઆ, સુરત, અં. ધો. ૫ રૂા. ૨૪) પુનમચંદ બાવચંદ દોશી, મહુવા, અં. ધોરણ ૭ રૂા. ૨૪) વસંતલાલ વી. કબાડી, પરતાપગર કલાસ ૬ રૂા. ૨૪), કુલ ૧૮ વિદ્યાર્થીઓને વાર્ષિક રૂા. ૫૭૬) ની સ્કોલરશિપો.

**લાઈફ મેમ્બરો**—શ્રીયુત શેઠ મેઘજી સોજપાલ, શેઠ મોહનલાલ ભગવાનદાસ ઝવેરી, સોલિસિટર અને શેઠ મોહનલાલ દલીચંદ દેશાઇ, એડવોકેટ–એ ત્રણે મહાશયોએ બોર્ડના લાઇફ મેમ્બરો તરીકે નામ નોંધાવવા કૃપા કરી છે.

---

( अनुसंधान पृष्ठ १२८ से चालु )

नाम पत्र पढेंगे। बीसवीं शताब्दी में आज कल जब कि अखिल भारतवर्षीय हिन्दु महा सभा हिन्दु जाति का संघठन कर रही है और हिन्दु नेता एकता का नाद बजा २ कर आर्य्य जाति को जागृत कर रहे हैं मोंबासा के भोले हिन्दु मूर्खता से जैनो को हिन्दु जाति से बहिष्कार कर रहे हैं। हमें पूर्ण आशा है कि मोंबासा के हिन्दु भाई अपनी हठ धर्म्मी को छोड कर आर्य्य जाति के शुभ चिन्तक होने का सबूत देंगे।

जैनों को अपने प्राचीन इतिहास और सभ्यता पर उतना ही नाज़ है जितना कि बौद्ध और वैदिक धर्मियों को। जैनों ने अपने आर्ट लिट्रेचर और तत्वविज्ञान से देश और जाति की किसी से कम सेवा नहीं की है। भारतवर्ष के जैनी अपने पूर्वजों की वीरता, धीरता, तप, संयम आत्मशक्ति, और सद्गुणों का अभिमान रखते हैं और इस समय भी देश और जाति की सेवा में हाथ बटा रहे है। जैनों ने आज तक यह मिथ्या बात कभी स्वीकार नहीं की कि जैन धर्म्म वैदिक या बौद्ध धर्म की शाखा है। प्रत्युत इस बात को सदा सिद्ध किया है और सिद्ध करने को सदा तय्यार रहते है कि जैन धर्म जिसकी नींव सत्य और अहिंसा पर स्थापित है अनादि है जैन, बौद्ध और वैदिक धर्म्म हिन्दु जाति की प्रबल भुजायें हैं।

श्री 'आत्मानंद' सें उद्धृत.

# जैन युग.

वीर संवत् २४५७. हिन्दी विभाग. ता. १५-८-३१.


## ❀ जैन और हिन्दु जाति. ❀

हमारा भारतवर्ष एक प्राचीन और विशाल देश है जो कि आरम्भ से ही तर्क वितर्क दृष्टि में विख्यात है। बहुत प्राचीन:समय से जैन, बौद्ध और वैदिक धर्म भारतवर्ष में प्रचलित हैं। धार्मिक विचारों में कुछ मतभेद होते हुए भी एक ही जाति (Race) से सम्बन्ध रखते हैं। भारतवर्ष को आर्य्यावर्त भी कहते हैं। इस लिये इस देश के वासियों को भारतीय या आर्य्य कहा जाता हैं। तीनों ही धर्मो के शास्त्रों में आज्ञा है कि युक्तियुक्त बात को स्वीकार करो। इसलिये प्रत्येक भारतीय को अपने मानसिक भावों के प्रचार का पूर्ण अधिकार है इसी कारण साम्प्रदायिक झगडे भी होते रहे, ऐतिहासिक दृष्टि से भी जाहर है कि मतभेद के कारण छः दर्शनं (शास्त्र) रचे गये। समय के प्रभाव से राग-द्वेष के कारण साम्प्रदायिक झगड़े बढ़ते गए और आर्य्य जाति ने जोड़ की फिलासफी को त्यज कर तोड की फिलासफी का प्रचार किया। जिस प्रकार एक बीज से उत्पन्न हुवा विशाल वृक्ष भिन्न २ तनों में विभक्त होकर भी एक ही वृक्ष कहलाता है इसी तरह एक ही आर्य्य जाति से सम्बन्ध रखने वाले भिन्न २ धर्मों के अनुयायी होते हुए भी आर्य्य कहलाने के अधिकारी है।

आज कल आर्यों का दूसरा नाम हिन्दु और आर्य्यावर्त का हिन्दोस्तान प्रचलित हो रहा है। हिन्दु शब्द ईरानी भाषा का है जा कि सिन्धू शब्द से अपभ्रंश होकर हिन्दु शब्द बन गया है। सिन्धू नदि के उस पार रहने वाले अर्थात आर्य्यावर्त में रहने वाले हिन्दु कहलाए। आहिस्ता २ आर्य्य जाती जिस में जैन, बौद्ध वैदिक धर्मी सम्मिलित हैं हिन्दु कहलाने लगे। समय के प्रभाव से जैन बौद्धों की संख्या भारतवर्ष में बहुत कम होगई। हिन्दु जाति में प्रायःवैदिक धर्म्मी ही रह गए। यही कारण है कि आम जो भारतीय इतिहास से अपरिचित है वैदिक धर्म्मियों को ही हिन्दु मानने लगी। रूढियों को भी धर्म समझने वाले मूर्ख लोगों ने यहाँ तक तंगदिली दिखाई कि आर्य्य समाज ब्रह्म समाज वैदिक धर्म के अनुयायियों को भी हिन्दु जाति से खाज कर दिया। जैसे पौराणकों में शैव, वैष्णव और शाक्तिक सम्प्रदायों को भी अपौराणक नहीं कहा जाता तैसे ही धर्म में मतभेद के कारण किसी आर्य्य को अनार्य्य नहीं कहा जा सकता।

हिन्दु शब्द समष्टि रूप से एक विशाल जाति का बोधक हैं जो पुनर् जन्म, परलोक और परमात्मा को मानें। बौद्ध वैदिक धर्म्मी तीनों ही अपनी २ तत फिलासफी के अनुसार पुनर् जन्म, परलोक और परमात्मा को मानते है जैसे शरीर के अंग भिन्न २ होते हुए भी समष्टि रूप से शरीर कहलाता है इस तरह जैन बौध और वैदिक धर्म्मी अन्तर रखते हुए भी समष्टि रूप से हिन्दु ही हैं। Webster Dictionary में भी हिन्दु शब्द का अर्थ हिन्दोस्तान के प्राचीन वासियें से है। नसल के तौर पर वह लोग जो आर्य्यन और ड्रेविडियन कौम से सम्बन्ध रखते है हिन्दु कहलाते हैं। केवल संकुचित दृष्टि से ही यहाँ हिन्दु शब्द का अर्थ धार्म्मिक विचारों से लिया जाता है वहाँ हिन्दु का अर्थ वैदिक धर्म ही किया जाता है।

हिन्दु जाति में जैनी सम्मिलित है या नहीं यह प्रश्न समय २ पर उठता रहा है। जैन धर्म और वैदिक धर्म के विद्वानों ने धार्म्मिक सामाजिक राजनैतिक विचार से इस प्रश्न पर अपने २ भाव प्रकट किये हैं। बहुत वाद विवाद के पश्चात् हिन्दु महा सभा ने हिन्दु शब्द का अर्थ इस प्रकार स्वीकार किया हैं हिन्दु से मुराद वह जन है जो किसी ऐसे धर्म का अनुयायी हो जो धर्म भारतवर्ष में उत्पन्न हुवा हो। इस में सनातनी, आर्य्य सभाजी, जैन, सिक्ख ब्रह्म आदि सम्मिलित हैं। महा मना पंडित मदन मोहन मालविया जी जैसे प्रसिद्ध व्यक्तियों का जोरदार अभिप्राय है कि जैन बौद्ध और वैदिक धर्म्मो एक ही जाति की शाखाऐ है। पन्जाब प्रान्त में कही २ जैनो और वैदिक धर्म्मियों का परस्पर रोटी बेटी का सम्बन्ध भी देखा जाता हैं। रहन सहन तो विशेषतया एक जैसा ही हैं। जहाँ २ हिन्दु सभाए स्थापित हैं वहाँ २ जैनी आर्य्य समाजी सनातन धर्म्मी सभी मिल कर बडी २ जिम्मेदारी काम कर रहे हैं। इसी पत्र में किसी दूसरे स्थान पर पाठक श्री जैन सम्मति मोंबासा के मानद मन्त्री आर. एम. शाह का श्वेताम्बर जैन कानफ्रेंस बम्बई के

(अनुसंधान पृष्ठ १२७ उपर)

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay 3.

Regd. No. B 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.)

વાર્ષિક લવાજમ
રૂપીઆ બે.

તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ.
[મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.]

છુટક નકલ
દોઢ આનો.

વર્ષ જુનું ૬ ઠું. નવું ૧ લું.

તા. ૧૫ મી સપ્ટેમ્બર ૧૯૩૧.

અંક ૧૮ મો.

- મુખ્ય લેખકો -

શ્રી મોહનલાલ દ. દેશાઈ, બી. એ. એલએલ. બી. એડવોકેટ.

„ મોતીચંદ ગિ. કાપડીઆ, બી. એ. એલએલ. બી. સોલીસીટર.

„ ઉમેદચંદ ડી. બરોડીઆ, બી. એ.

„ હીરાલાલ હાલચંદ દલાલ બાર-એટ-લૉ

-સુચનાઓ-

૧ આ પત્રમાં પ્રકટ થતા લેખો માટે તે તે લેખના લેખકોજ સર્વ રીતે જોખમદાર છે.

૨ અભ્યાસ મનન અને શોધ-ખોળના પરિણામે લખાયેલા લેખો વાર્તાઓ અને નિબંધોને સ્થાન મળશે.

૩ લેખો કાગળની એક બાજુએ શાહીથી લખી મોકલવા.

૪ લેખોની શૈલી, ભાષા વિગેરે માટે લેખકોનું ધ્યાન 'જૈન યુગની નીતિ-રીતિ' પ્રત્યે ખેંચવામાં આવે છે.

૫ આ પત્ર દર મહિનાની પહેલી અને પંદરમીએ પ્રકટ થાય છે.

પત્રવ્યવહાર:-

તંત્રી—જૈન યુગ.
ઠે. જૈન શ્વેતાંબર કૉ. ઓફીસ
૨૦, પાયધુની-મુંબઈ ૩

## પ્ર..........કી..........ર્ણ.

—મહાત્માજી વિલાયત પહોંચતાં રસ્તે એડનથી 'ફોકસ્ટોન' ઉતરતાં સુધી અનેક સ્થળે એમને અપૂર્વ સ્વાગત મળ્યું હતું. દરેક સ્થળે જનતાની મેદની પણ તેટલીજ અપૂર્વ હતી.

—તા. ૧૩ મી સપ્ટેમ્બરે મહાત્માજીએ કીંગસ્લી હોલમાંથી અમેરીકા માટે એક ભાષણ બ્રૉડકાસ્ટ કર્યું હતું, જે સાંભળી અમેરીકનો ચકિત થઇ ગયા છે, મહાત્માજીના અંગ્રેજી ભાષાના કાબુ માટે મુક્ત કંઠે પ્રશંસા કરવામાં આવી હતી.

—વિલાયતની જનતા મહાત્માજીના દર્શનાતુર હોઇ જ્યાં તક મળે છે ત્યાં ટોળાંજ એકઠાં થાય છે, તેથી તેમની સલામતી માટે પોલીસનો ખાસ બંદોબસ્ત રાખવામાં આવ્યાનું જણાય છે.

—હિન્દની અશાંતિ દુર કરવા માટે મહાત્માજી એકલાજ સમર્થ છે એમ એક મતે તા. ૧૪ મીની ફેડરલ સ્ટ્રકચર કમીટી વખતના ભાષણોમાં સ્વીકારવામાં આવ્યું છે ! કોમી ઝગડાઓનો પણ તેઓશ્રી નીવેડો લાવી શકશે એમ મુસલમાનોએ પણ સ્વીકાર્યાનું જણાય છે.

—લંડનમાં બ્રીટીશ સરકારે નોકરોના પગારમાં ૪૫ લાખ પાઉંડ, લશ્કર સેના ખર્ચમાં ૫૦ લાખ પા. શિક્ષાખર્ચમાં ૧ કરોડ પા. અને બેકારોને મદદ આપવામાં અઢી કરોડ પાઉંડના ખર્ચ કમી કર્યાં છે પહેલી અકટોબરથી આ ધોરણ અમલમાં આવશે. ખુદ શહેનશાહે પોતાના સીવીલ લીસ્ટમાં મ્હોટો કાપ મૂકયો છે.

—તા. ૧૫ મી સપ્ટેમ્બરે ફેડરેશન સમિતિમાં વ્યાખ્યાન કરતાં મહાત્માજીએ જણાવ્યું હતું કે હિન્દને પ્રેમગ્રંથીથી બાંધી રાખવાથી બ્રીટનને ઘણો ફાયદો થશે. સંપૂર્ણ સ્વતંત્રતા વિના કોન્ગ્રેસને સંતોષ નહી થાય. પરિષદમાં મ્હારી હાજરી મ્હને નિરર્થક જણાશે તો હું ચાલતો થઇશ.

—શેઠ ફકીરચંદ પ્રેમચંદ સ્કોલરશિપ પ્રાઇઝ-કોન્ફરન્સ ઓફીસ મારફતે દરસાલ રૂા. ૪૦) ચાલીસનાં બે ઇનામો આપવામાં આવે છે, તે પૈકી ચાલુ વર્ષે સંસ્કૃતમાં સૌથી વધારે માર્કો મેળવનાર તરીકે શ્રી મહાવીર વિદ્યાલયમાં રહી અભ્યાસ કરતા વિદ્યાર્થી મી. નગીનદાસ વાડલદાસ શાહને આપવામાં આપ્યું છે. ( સંસ્કૃત માર્ક ૭૮ ) બીજું ઇનામ સુરતના વતની અને કુલમે સૌથી વધુ માર્ક મેળવનાર તરીકે ( માર્ક ૩૫૩ ) મી. રણછોડભાઇ રાયચંદ શાહને આપવાનું નક્કી કરવામાં આવ્યું છે.

—શિવપુરી ( ગ્વાલીયર ) માં આ• શ્રી વિજયધર્મસૂરિ મહારાજની નવમી જયંતિ તથા વીરતત્વ પ્રકાશક મંડળનો વાર્ષિકોત્સવ તથા પદપ્રદાન મહોત્સવ આવતી ભાદ્રપદ શુદ ૧૪ થી શરૂ થશે.

—ચાલુ માસમાં પંજાબની શ્રી આત્માનંદ જૈન મહાસભાનું વાર્ષિક સંમેલન પટ્ટી મુકામે તા. ૨૬-૨૭-૨૮ ના રોજ મળનાર છે.

**उद्धाविव सर्वसिन्धवः समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः ।**
**न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**
**-श्री सिद्धसेन दिवाकर.**

અર્થ:—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે: પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

સરિતા સહુ જેમ સાગરે, તુજમાં નાથ! સમાય દૃષ્ટિઓ:
જયમ સાગર ભિન્ન સિન્ધુમાં, ન જણાયે તું વિભક્ત દૃષ્ટિમાં

જૈન યુગ.
તા. ૧૫-૯-૩૧ મંગળવાર.

# વિકાસને પંથે શ્રીમતી.

કૉન્ફરન્સનું સાચુ સ્વરૂપ સમજ્યા વગર કેટલાક માણસો એનાં પર ટીકા કરવા લાગી જાય છે, તેમને એનું આખું બંધારણ એનો ઉદ્દેશ અને એના સાધ્ય સમજવા સૂચના કરવી પ્રાસંગિક ગણાશે. નિર્વિવાદ રીતે અત્યારે જૈન કોમનું પ્રતિનિધિ મંડળ 'કૉન્ફરન્સ' છે. અમુક વ્યક્તિઓ પોતાના અંગત કારણે એના વિરૂદ્ધ પ્રચારકાર્ય કરી રહ્યા છે, એનું મૂળ કારણ શોધવામાં જરા પણ મુસિબત પડે તેમ નથી. એવો તદ્દન ગણ્યા ગાંઠયા મનષ્યોનો મતભેદ તો કોઇ પણ સંસ્થા માટે જરૂર રહેવાનોજ છે. એવી સામાન્ય વિરૂદ્ધતા બાદ કરતાં કૉન્ફરન્સ પોતાનું પ્રતિનિધિત્વ જાળવી શકી છે.

કૉન્ફરન્સનો ઉદ્દેશ જૈન કોમનાં કાર્યોને વ્યવસ્થિત સ્વરૂપે મૂકવાની સુચના કરવાનો છે. એનું ધ્યેય વિચાર વાતાવરણને કેળવવાનું છે અને એની ટુંક મુદતમાં એણે કેવા વ્યવસ્થિત ફેરફારો કરી બતાવ્યા છે તેનો ઇતિહાસ જૈન કોમના ઇતિહાસમાં સદૈવ નોંધાઇ રહેશે.

આવા મંડળને પ્રચલિત વિચારોને વ્યવસ્થિત રૂપ આપવાનું કાર્ય કરવાનું હોય છે. એ વ્યવસ્થિતતા પ્રાપ્ત કરવા એણે વિચારબળ કેળવવું પડે છે અને તેની સાથે વિચારોનું વિશ્લેષણ પૃથક્કરણ અને એક રૂપ આપવું પડે છે. આ કાર્યમાં મુસીબત છે તેમ મજા છે. અગાઉ જનતાને એક લાકડે દોરવી શકાતી હતી, એક આગેવાન શેઠીઓ કે એક વાચાળ સાધુ સંઘને દોરવી શકતા હતા. એ યુગ અત્યારે નથી. અત્યારે જનતા પોતાની જવાબદારી સમજતી થઈ છે. અત્યારે લોકોને પોતાના વિચાર બળની કિંમત છે. અત્યારે સ્વતંત્ર વિચાર કરવાનાં સાધનો અભ્યાસ અને આવડત લોકોને સાંપડી ગયાં છે. એવા સમયમાં વિચાર બળને સમજવાની જેમની તાકાત ન હોય અથવા હજુ જેમનું માનસ પૂર્વકાળના ગાડરોને દોરવવામાં નેતૃત્વ માનતું હોય તેઓ ગમે તેવી અસમંજસ વાતો કરે પણ હવે એવા આક્ષેપોથી જનતા દોરવાય તેમ નથી.

દુઃખનો વિષય એ છે કે જ્યારે દલીલો ખૂટી પડે છે ત્યારે ગાળાગાળી આપવાની વાતો આવે છે. દલીલના વાંધા તો સ્થિતિચુસ્તોમાં પૂર્વકાળથી આપણે એટલા જોતા આવ્યા છીએ કે એમને આંખો ઉઘાડવામાં પણ પાપનો પ્રાગ્ભાર દેખાય છે. આ વિચારદશા આ વીસમી સદીમાં ન નભે. જે વખતે લોકો લગભગ અજાણ હતા ત્યારે તેને ગમે તેવા લફરાં વળગાડી દેવામાં આવ્યાં છે. અત્યારે તો એની પણ નિરીક્ષણા થાય છે, ચર્ચા થાય છે, ક્ષીરને ગૃહણ કરવામાં આવે છે, નીરને ફેંકી દેવામાં આવે છે અને સભ્યતા વિવેક અને સજ્જનતા સમજવામાં આવે છે

હજુ 'ક્ષીર' ને ગૃહણ કરીજ શકાય છે કે નહિ એ કહેવું મુશ્કેલ ગણાય પણ ક્ષીર અને નીરનો ભેદ પાડવા જેટલી બુદ્ધિ સંપત્તિ પ્રાપ્ત થઇ છે એમાં કોઇથી ના કહી શકાય તેમ નથી. એવા સમયમાં આંખો બંધ કરવાના ઉપદેશ આપવા, દલીલોની ગેરહાજરીમાં ગાળોના વર્ષાદ વર્ષાવવા અને અવ્યવસ્થિત વિચારો રહી સહી ગયેલા પુરાણપ્રિય લોકો ઉપર લાદવા એ સત્તાને જાળવી રાખવાના છેલ્લા છેલ્લા પાસાઓ છે. વિચારક મુમુક્ષુ એ બાલિશ જીર્ણદંભી તુચ્છ ચેષ્ટાઓ તરફ હસે છે અને અરૂણોદય થઇ ગયા પછી હવે તો સૂર્ય ઉદયની રાહજ જુએ છે. જેમ અરૂણોદય ઘુવડોને ગમતો નથી એ જાણીતી હકીકત છે તેમ આપણામાંના તેવા સ્વભાવના અંધકારપ્રિય સ્થિતિચુસ્તો પણ એ પ્રકાશનાં સાધનો બંધ કરવા ખૂબ આતુર છે. એનું ચાલે તો સૂર્યને અટકાવી દે. ઘુવડને અંધકારમાંજ મજા છે તેમ કેળવણીનાં સાધનોને તોડી પાડવાની, પ્રકાશના પ્રસંગોને દૂર કરવાની અને ચોતરફ અંધકાર પ્રવર્તતો જોવાની એ અધકાર પ્રિય ટોળાની મનિષા છે! એને પરિપૂર્ણ કરવા એણે અકથ્ય વેદના સહન કરી. પણ આ નવ યુગનો પ્રકાશસ્ત્રોત પૂર જોસથી આગળ ધપે રહ્યો છે. હજુ મંત્ર વિચારણા કરી એને અટકાવવા પ્રયાસ થાય છે. અંધકારમાં દંભીઓ સભાઓ કરી યોજના કરે છે, પણ બહાર આવી પ્રકાશ જુએ છે એટલે પાછા લાજી મરે છે.

કૉન્ફરન્સ તો પ્રકાશ યુગને પથે પડી છે. એના ચાલકો પ્રકાશના પુજારી છે. એના આંગણા જ્ઞાનપર્વથી પૂજયલા સદાવંદિત છે. એનું ભવિષ્ય સદા જવલંત છે. એની આશા નવયુગમાં છે. એનો પ્રકાશ દંભ કષાયના નાશમાં છે. એનું ધ્યેય સનાતન જૈન ધર્મની સત્યસ્વરૂપે પુનઃસ્થાપનામાં છે. એનો વિજયદુર્ગ એ અંધકારપ્રિય ગાડરીઆ પ્રવાહમાં તણાનારાઓના નાશમાં નથી, પણ એને વ્યવહારદક્ષ અને સાચા જૈન બનાવવામાં છે. અતિ અદામ્ય જીર્ણદુર્ગધારીઓ પણ નવીન પરિસ્થિતિને તાબે થતા જાય છે, પ્રકાશને માન આપતા જાય છે અને ત્રિકાલાબાધિત સત્યનો સ્વીકાર કરતા જાય છે, એ ભગવતી દેવીનો મહાન વિજય છે, રસ્તો સાફ થતો જાય છે, છતાં હઠ આગ્રહ અને મમતા છોડાવાં મુશ્કેલ છે અને છતાં પણ એને થોડે વધતે અંશે છોડવાજ પડે છે.

શ્રીમતી દેવી શાસન સામ્રાજ્ઞી, પ્રચુર ભક્તિ હૃદયા, પૂર્ણ પ્રેમ વત્સલા એની ગતિ ઉદય પ્રકાશને અનુરૂપ કરશે એટલે કચરા સાફ થતા જશે અને પૂર્ણ સ્વચ્છતા આવશે. અત્યારે કચરા સાફ થવાનો વિધિ ચાલી રહ્યો છે, વિચારબળ

મહાન કાર્યો કરી રહેલ છે એને વિધિનિષેધના નિર્માલ્ય ઝગડામાંથી કોમને ઉંચે લાવી એ શ્રીમતી અત્યારે તત્વજ્ઞાનને ઓવારે સર્વને લઇ ચાલે છે. હવે એનો પૂરબહાર પ્રકાશમાન થતો જાય છે, એના મંદસ્વર તીવ્ર બનતા જાય છે, એની ભાવના ફલપુલવતી બનતી જાય છે. જૈન શાસન જયવંતુ વર્તે છે. કચરો સાફ થતા આકાર જરૂર ફરશે, ફરવાની ફેરવવાની અનિવાર્ય જરૂર છે, પણ પછી જે મહા ઉદય થશે તે જગતને આશ્ચર્યચકિત કરશે, હજારોને એના તરફ દોરશે અને વિશ્વમાં એની નિર્મલજ્યોતિ વિહરતાં અત્યારનું ઝાંખું પડતું જતું કૂપમંડુકત્વ સર્વથા દૂર થશે. કચરો સાફ થાય તે વખતે વંટોળીઆ ધૂળના ઉડે તેથી ગભરાવાનું કારણ નથી. એ પરિસ્થિતિ કચરો સાફ થતી વખત અનિવાર્ય છે. શાસ્ત્રમાં વાંચીએ છીએ કે પાંચમા આરામાં પણ 'ઉદય' થવાના છે. આપણે એવા ઉદય કાળની સન્મુખ–નજીક આવતા જઇએ છીએ.

હવે દેવીએ વધારે શૌર્યશાલી થવાની જરૂર છે. એનો એક પણ સંદેશો નિષ્ફળ ગયો નથી, એનો એક પણ પ્રયાસ ખાલી ગયો નથી. અત્યારે એને ખુબ મગરૂબ થવાનું કારણ છે. ચારિત્ર રાજના સામ્રાજ્ય થતા જાય છે, દંભ ગોટાળીઆપણું અને અજ્ઞાન ઉપર હડતાળો પડવા લાગી છે અને સત્ય અહિંસા અને બ્રહ્મચર્ય અપરિગ્રહના વાયરા વાય છે. આખી દુનીયાનું–સારા હિંદનું મહાન પરિવર્તન થઇ રહેલ છે અને એને અનુરૂપ સર્વ સામગ્રી આ દેવી પાસે તૈયાર છે. દેવી! ખુબ માલજો, શાંતિથી આગળ વધજો અને મર્મપૂર આંખોથી જોઇ લેશો કે હવે તમારોજ યુગ આવે છે. નવયુગમાં તમનેજ સ્થાન છે. કદાચ તમારો આકાર કદિ બદલાશે, પણ તમે મૂકેલી ભાવનાઓ તો વેગવતીજ થશે. પોષણ પામશે અને સારા વિશ્વમાં ફેલાશે. અત્યારે સર્વ પ્રકારે તમારે આનંદ માનવાનો દિવસ છે. તમે અમર છે, અમર રહેવાના છો અને અમરથી આશિર્વાદ પામેલા છો. તમને કોઇ 'ગાળી' આપે, તમને કોઇ–'દ્રોહી' કહે તો એની દયા ખાઓ તેવાજ તમે છે. તમે એને જવાબ નજ દો અને એવી તમારી ભાષા પણ નજ હોય. એ તો ગાળીવાળા ગાળીઓજ આપે, તમારા ખમીરમાં એની ગણના નજ હોય. જેને ભગવાનના શાસનની પરવા નથી, જેને દરેક દિવસે જૈનો ઓછા કરવાજ છે તે તમને ગાળોજ દે. એમ કરે ત્યારે તો એમના માન વધે. તમારે એ નાશ પામતા અને નાશને કાંઠે બેઠેલા વર્ગની ગણના નજ હોય. તમારો વિજય-નિર્ધાર છે અને તમે પ્રેમ સ્વરૂપે સર્વ સંગ્રહ કરી ભૂલેલા સ્થિતિ ચુસ્તોને પણ તમારામાજ સમાવશો એ વિશ્વપ્રેમની તમારી ભાવના છે.

મો. ગિ. કા.

---

# જૈન સમાજ પ્રત્યે જૈન પરિષદ્.

આપ પધાર્યાં આ પરિષદ્માં, સજ્જન ને સન્નાર;
ભાવ ભક્તિ ઉર ઉલ્લાસે અમ, કરીએ તમ સત્કાર.
અમારાં મોંઘેરાં મહેમાન,
ગાઇએ યશ ગૌરવ ગુણગાન;
આપને ચરણે છે જ સમાજ,
ચડયું મધ દરિયે જૈન જહાજ; ૧

ઘન વાદળ દુઃખનાં ઘેરાયાં, વરસે અનરાધાર;
જળરાં વમળે જો સપડાયું, નવ બચશે નિર્ધાર.
ઓળખો યુગ ઉત્ક્રાન્તિ કાળ,
વ્યાપી છે બેકારી વિકરાળ;
ગરીબી ભૂખમરો ઉભરાય,
કોમની સંખ્યા ઘટતી જાય; ૨

જૈન ધર્મ અહિંસામય પણ, થાતું પાપ અમાપ;
પુષ્પ કળી રેંસાય પ્રજાની, કયમ લાગે નવ શ્રાપ?
પુત્રી જ્યાં પૈસાથી વેચાય,
નાત પાપી પણ નવ શરમાય;
ગાય સમ દોરે ત્યાં દોરાય,
દયાની હિંસા કેમ ખમાય? ૩

વિધવા વધતી જાય કોમમાં, અનુકંપા ઉભરાય;
વિણ અપરાધે કુમળી કળીઓ, અણુવિકસી ચગદાય.
ખુણામાં રહી રહી પસ્તાય.
અહો, દુઃખમય જીવન કયમ જાય?
આપમાં જીવન પલટો થાય?
દુઃખનો કાયમ અંત લવાય. ૪

આ યુગ સાધુ આચાર્યોમાં, કલેશ અશાંતિ અપાર;
દીક્ષા ઉત્સવના વરઝોળા, ચડયા રાજ દરબાર.
નસાડયાં નાનાં કોમળ બાળ,
જણાવી જૂઠી જગ જંજાળ;
ભોળવ્યા દીક્ષા લેવા કાજ,
પામવા તીર્થંકર પદ રાજ. ૫

વેર ઝેર વિખવાદ વિશેષે, વેગે વધતાં જાય;
અમ સાચી ફરિયાદ કોમની, કેમ કરી ઓકાય?
ઠરાવો પાસ કર્યે શું થાય?
પાપ ભાષણથી નવ ધોવાય;
દેહનાં દેવાં પડશે દાન,
કરી તમ તન, મન, ધન કુરબાન. ૬

તેજસ્વી પણ દીન બાળકો, અંધારે અથડાય;
ગુરૂકુલ, આશ્રમ જ્ઞાનનાં સ્થાપો, સાચું હીર જણાય.
ભણાવો વિદ્યા ભણતર ખાસ,
ધર્મનો હો ઉંડો અભ્યાસ;
ભૂલશો નવ, એ ભાવિ સમાજ,
અમીની નજરે જોજો આજ. ૭

દ્રવ્ય, ક્ષેત્ર ને કાળ, ભાવથી, આંદોલન પરખાય;
વણિક બુદ્ધિ બળ, નીતિ, સંપ સહ, હૃદય રંગ ભેળાય.
સરસ અતિ સુંદર કાર્ય સધાય,
ચુસ્ત રૂઢીના બંધન છેદાય;
સંઘનું બંધારણ બંધાય,
સુધારા ધોરણસર યોજાય. ૮

નૈતિક તંત્ર રચાય રાજસમ, ઉલ્લંઘન નવ થાય;
વીર પ્રભુ શાસન છાયામાં, ભેળાં ભાંડુ થાય.
સંપ-સાંકળથી સહ સંધાય,
સંપથી સંપત પૂર્ણ પમાય;
સંપથી શાંતિ-રાજ સ્થપાય,
સંપથી જય-મંગળ વરતાય. ૯

રાજકોટ તા. ૧-૭-૩૧. મ. દ. દેશાઇ.

# સતી નંદયંતી

ત્રિઅંકી નાટક.

— લેખક —
ધીરજલાલ ટી. શાહ.

— પાત્ર પરિચય —

સાગરપોત: પોતનપુર બંદરનો ધનાઢ્ય વેપારી
સમુદ્રદત્ત: સાગરપોતનો પુત્ર
સહદેવ: સમુદ્રદત્તનો મિત્ર
સુરપાળ: સમુદ્રદત્તનો વફાદાર નોકર
પદ્મસિંહ: ભ્રગુપુરનો રાજા
કુલપતિ: સેવાશ્રમના આચાર્ય
લક્ષ્મી: સમુદ્રદત્તની માતા
નંદયંતી: સમુદ્રદત્તની પત્ની
મનોરમા: સહદેવની પત્ની અને નંદયંતીની સખી
સુમતિ: સેવાશ્રમની સાધ્વી

ઉપરાંત ભીલો, પરિજનો, સારથી, અધ્યાપક અને વિદ્યાર્થીઓ.

( અંક ૧૭ પૃ. ૧૨૬ થી ચાલુ. )

## પ્રવેશ ૮ મો.

( વિંધ્યાટવીમાં ચાલતો રથ. સમય મધ્યાન્હ. )

નિઃકરુણ: કેવું અઘોર જંગલ છે! માર્ગ પણ હવે કેટલો વિકટ થાય છે! આગળ જવાય તેમ નથી. તો ચાલ નંદયંતીને આ જંગલમાંજ મૂકી દઉં. ( પડદો ઉપાડી અંદર જુએ છે ) હા, હજી તો ઘેનમાંજ છે. અભાગી લલના! આવા કુટુંબમાં આવી દુરાચાર કરવાનું ફળ ભોગવ.

( નંદયંતીને રથમાંથી નીચે ઉતારે છે )

નક્કી એની વનપશુઓના હાથે ઉજાણી થશે.

(રથ પાછો ફેરવે છે-થોડીવાર પછી નંદયંતી જાગે છે. )

નંદ૦ આળસ મરડીને બેઠી થતાં-અરે આ શું! આ તો ભયંકર જંગલ છે! શું હું મારા શયનાગારમાં નથી? આ આંખો દગો તો નથી દેતી? આ તો સ્વપ્ન છે કે સાચું? ના-ના આ સ્વપ્ન તો નથીજ. હું બરાબર જાગું છું. આ પક્ષીઓના કિલકિલાટ સંભળાય છે. આ પવનના સુસવાટા સંભળાય છે, પાંદડાઓનો ખડખડ અવાજ પણ સંભળાય છે. ( આજુ બાજુ નજર નાંખે છે ) અરે! આ તો હમણાં કોઇ રથ આવેલો લાગે છે. પણ મને અહિં કોણ અને શા માટે મૂકી ગયું હશે? શું સાસુ સસરાએ તો મારા ચારિત્રથી વ્હેમાઇ આ નહિ કર્યું હોય? ગમે તેમ હોય પણ આ ભયંકર શિક્ષા કરી છે. આવા જંગલમાં તે હું ક્યાં જાઉં? તુંગ વૃક્ષો આકાશ ભણી ઉંચાં વધી હસ્ત સમી શાખાઓ પ્રસારી ચારે બાજુ ભયંકર ઝાડી બનાવી રહ્યા છે. એમાં વેલા ને વલ્લીઓ વીંટળાઇ સૂર્યનાં કિરણો આવતાં પણ બંધ કરે છે. રસ્તો પાંદડાંથી ભરપૂર ને ઝાંખો છે. કોણ જાણે કેવાંએ વનચર પશુઓથી આ જંગલ ઉભરાતું હશે. હે પરમાત્મા! હે જગનાથ! શું મારા ધૈર્યની તો આ કસોટી નથી! તારાથી શું અજાણ્યું છે?

( ઉભી થાય છે. ચાલવા માંડે છે. )

( કાંટામાં વસ્ત્રો ભરાય છે ને ચીરાય છે. પગે લોહી નીકળવા માંડે છે. )

હા તરસ્યે જીવ જાય છે. પણ અહિં પાણીનું એકે ઝરણું નજરે પડતું નથી. આ જંગલમાં આજે ભુખે તરસ્યે પ્રાણનો અંત આવશે એમ લાગે છે! હે પ્રભુ! સહાય થજે.

( ધીમે ધીમે આગલ ચાલે છે. )

## પ્રવેશ ૯ મો.

( એક ખડક પર વિચાર મગ્ન નંદયંતી. ) સંધ્યા.

નંદયંતી. વિંધ્યાદ્રિ! તારા અંગે અંગ કઠિણ શ્યામ ખડકના બનેલા હોવા છતાં તારૂં હૃદય કઠિણ નથી. શ્યામ નથી. તારા વનચર પશુઓ પણ એટલા ઉદાત્ત જણાય છે કે એક નિર્દોષ મનુષ્યપર હુમલો કરતા નથી. તારા આ જંગલોએ પોતાના સ્વાદિષ્ટ ફળ આપીને મારૂં કેવું સ્વાગત કર્યું છે! તારા ખળખળ નાદે વહેતાં ઝરણાઓએ મધુર જળ પાઇને કેવી સેવા બજાવી છે! અને સાસુ સસરાએ જ્યારે ઘર બહાર કાઢી મૂકી ત્યારે તેં તારા વૃક્ષોપર ને ખડક નીચે આશ્રય આપ્યો છે. એ પર્વતરાજ! આ બધું કેમ ભૂલાય! અને તારા વનનો આ રમણીય પ્રદેશ દુઃખ ભૂલાવી કાવ્યમાં વિહાર કરાવે છે.

રાગ આશો માસે શરદ પુનમની રાતજો.

હરિયાળી ભૂમિ સુંદર સોહામણી,
વહી રહ્યા નિર્મળ ઝરણાં સ્વચ્છન્દ જો.
વાતો શીતળ ધીરો ધીરો વાયરો,
ચરી રહ્યા નિર્દોષ હરણનાં વ્રન્દ જો.
પંખેરૂના વિધ વિધ મધુરા ગાનથી,
થઇ રહ્યો છે સઘળે બસ આનંદ જો.
હસતાં સઘળે રંગ બેરંગી ફુલડાં,
કરી ગુંજારવ લઇ રહ્યા રસ ભુંગ જો.
લચી રહ્યા ફળ પકવથી તરૂ સોહામણાં,
પંખેરૂં સહુ તે આનંદે ખાય જો.
જોતાં નજરે રમણીય વનપ્રદેશ આ,
હૃદય કયું આનન્દે નવ ઉભરાય જો.

પણ પર્વતરાજ! આજે ભલો થજે. આ સંધ્યા સુંદરી પોતાનો રંગ બેરંગી શાલુ ઓઢી સઘળે વિચરવાની તૈયારી કરે છે તે વખતે આ નંદાને શું કોઇ સહી સલામત સ્થાન નહીં મળે!

( અનુસંધાન પૃ. ૧૪૪. ઉપર જુવો. )

# संन्यास दीक्षा प्रतिबंधक निबंध अंगे निमाएल पेटा समितिनो—रिपोर्ट अने कार्यवाही समितिए आपेली मंजूरी.

श्री जैन श्वेतांबर कॉन्फरन्सनी कार्यवाही समितिनी ता. २५—८—३१ ना रोज मळेली बेठक वखते निमाएली आ समितिना सभ्यो तरफथी—तेमने सुप्रत थएलां कार्य अंगे नीचे मुजब रिपोर्ट करेलो छे. जे ता. १७—९—३१ ना रोज कार्यवाही समितिए मंजूर कर्यो छे.

कार्यवाही समितिना ठराव अनुसार जाहेर पत्रो-द्वारा अने जैन युग द्वारा बहार पडेल विज्ञापन मारफते स्टेन्डींग कमिटीना सभ्यो तथा अन्य बंधुओने जाण थयाथी तेमज स्टे. कमिटीना सभ्योने लखवामां आवेल पत्रोने परिणामे जे अभिप्रायो प्राप्त थयां छे ते बधा तपासतां तेमज जाहेर वर्तमान पत्रोमां आ खरडाने लगती जे हकीकतो प्रकट थइ छे ते विचारतां अमे सदरहु खरडामां सुधारा वधारा थवा नीचे मुजब निवेदन रजु करीए छीए.

सामान्यतया विचारतां आ बाबतमां श्री संघ योग्य प्रबंध करे अने सर्वे मुनिवर्ग ते प्रमाणे वर्तवा कबूल करे तो आवा धारानी जरूरीआत नथी एम जणाय छे परंतु एम बनवा असंभव जणाय छे एटलुंज नहिं पण जून्नर मुकामे मळेल परिषदे घणोज नरम शब्दोमां अति व्याजबी ठराव दीक्षा सबन्धे कर्यो छे तेनो पण अमल घणे ठेकाणे इरादा पूर्वक नथी करवामां आवेलो ए जोवाय छे ते जोतां अने खरडानो उद्देश जोतां तेने स्वीकारवो पडे ए स्थीति उत्पन्न करवामां आवी छे एटले दरेक हित लक्षमां राखी मळेली सूचनाओ— अभिप्रायो पर विचार करवामां आव्यो छे.

**विरोधः**—मळेला अभिप्रायो पैकी मात्र चार गृहस्थोए विरोध दर्शाव्यो छे, जेमां बे सभ्यो एम जणावे छे के जून्नर अधिवेशन वखते थएल ठरावथी आगळ जवा जरुर नथी अने राज्यनो अंकुश इष्ट नथी. आ बन्ने एक रीते जोतां परिषद्ना ठरावमां मूकाएल अंकुशज स्वीकारवा तैयार छे पण ते अमली नियमन राज्य तरफथी छे माटे स्वीकारवुं इष्ट धारता नथी एम जणाय छे. आ उपरांत उदेपुरना बे सभ्य जणावे छे के 'धर्मना कानून सिवाय बीजा कानून अमे इच्छता नथी; बनवा जोग छे के एकंदर वस्तु स्थीति तेमना ख्यालमां न होवा ने लइ आटलोज टुंक अभिप्राय आप्यो होय.

**सहमतिः**—उपर जणाव्या सिवाय बधा अभिप्रायो आवो कायदो थवा माटे सहमति दर्शावे छे अने विगतोमां केटलाको तरफथी सूचनाओ मळी छे ते ध्यानमां लइ नीचे मुजब अमो रिपोर्ट करीए छीए.

## — विगतो —

**मथाळुंः**—आ निबंधनो आशय सगीरोनी दीक्षा उपर प्रतिबंध मूकवानो होइने तेनो उद्देश तेना मथाळामां स्पष्ट थवो जोइए तेटला माटे अमारी एम सूचना छे के आ निबंधनुं नाम **'सगीर सन्यास-दीक्षा प्रतिबंधक निबंध'** एम राखवुं.

**उम्मरः**—सगीरनी उम्मर केटलाको अढारने बदले एकवीश राखवा सूचना करे छे अने घणाओ ते सबन्धे सूचन करता नथी. अमे आ बाबतमां एवो अभिप्राय रजु करीए छीए के वडोदरा राज्यना पाल्य पालक कायदामां सगीर माटे ठरावेली उमर (१८ तथा २१) आ कायदा सबन्धेना सगीर माटे पण कायम राखवी अने तेमां सुधारो वधारो सूचववा अमे जरुर जोता नथी.

**शिक्षाः**—आ बाबतमां बहुज थोडाए चोकस फेरफार सुचव्यो छे अने ते एके सजानी मुदत ओछी करवी अने ते सख्त न होवी जोइए. बाकीना शिक्षानी जरुरीआत स्वीकारता होवा छतां अभिप्रायोमां अन्य कांइ सुचना करता नथी. आ बाबतमां अमो एवो अभिप्राय धरावीए छीए के सजा घटाडीने छ मास सुधीनी राखवी तथा पहेलो गुन्हो करनारने सादी अने पछीना गुन्हाओ माटे सख्त थवी जोइए. दंडनी रकम सुचवाएली छे तेमां फेरफार घटाडो वधारो कोइ तरफथी सुचवायो नथी अने अमे पण तेमां फेरफार करवा जरुर जोता नथी.

## — अन्य आवश्यक्ताओ —

१ वडोदरा राज्यनो कोइ पण वतनी राज्यनी हद बहार आवी दीक्षा आपे अपावे अगर मदद करे ते राज्यना आ कायदानुं उल्लंघन करे छे एम मनावुं जोइए अने तेने कायदेसर शिक्षा थवी जरुरी छे. जो तेम न बने तो राज्यनो वतनी परहदमां आवी दीक्षाओ आपी अपावी शके अने तेथी खरडानो उद्देश बर न आवतां मार्यो जवा संभव छे. आ सबन्धे केटलाकोए भिती दर्शावी छे तेने अमे व्याजबी धारीए छीए.

२ प्रकरण १ लुं (क) ने अंते एटलुं उमेरवुं के 'सन्यास-दीक्षामां जैनोनी प्राथमिक अगर लघु दीक्षानो पण समावेश थाय छे.' खुलासा तरीके आटलुं उमेरवुं जरुरी धारीए छीए.

३ प्रकरण २ जुं कलम (३) पछी नीचेनो अपवाद दाखल करवो ए धार्मिक दृष्टिए अमने जरुरी लागे छे, अने तेथी ए रीते सुचववा अमारी खास भलामण छे.

**अपवादः**—जो कोइ पण जैन सगीरने ते ज्यांनो वतनी होय त्यांना श्रावक संघे तथा जे स्थळे तेने दीक्षा अपाती होय त्यांना श्रावक संघे तथा तेना माता—पिता—स्त्री आदि

अंगत सगांओ तेमज तेनापर आधार राखतां कुटुंबी जनोनी तेनी दीक्षामां रीतसर लिखित संमति मली छे तथा दीक्षानी योग्य जाहेरात थइ छे एवुं प्रमाण पत्र स्थानिक डिस्ट्रिक्ट–मेजीस्ट्रेट अथवा आ सबन्धे निमाएल न्यायाधिकारी तरफथी मल्या पछी दीक्षा अपाइ हशे तो तेवी दीक्षाने गुन्हो गणवामां आवशे नहिं; परन्तु ते सिवाय आ कायदानी बीजी कलमो तेने पण लागु पडशे. अने जो ते सगीर २१ वर्षनो थया पछी दीक्षित तरीकेज आजीवन चालु रहेवा इच्छे छे एवुं डेकलेरेशन–वडोदरा राज्यमां ज्यांनो वतनी होय ते स्थळना डिस्ट्रीक्ट मेजीस्ट्रेट सुबा साहेब अथवा आ माटे नियत थएल न्यायाधिकारी पासे फाइल करशे तो त्यारथी तेणे सज्ञान पणे दीक्षा लीधी छे एम गणवामां आवशे.'

आ अपवाद दाखल करवाथी कोइपण संस्कारी सगीरनी आध्यात्मिक उन्नतिने आ कायदो अटकावी शकशे नहिं अने कायदानी पाछळ रहेलो उद्देश पण बर आवी शकशे. एटलुंज नहिं पण कोइमां असाधारण बुद्धि सामर्थ्यने परिणामे ते शासनप्रभावक थवानो संभव जणाय ते माटे पण अवकाश रहेशे.

**पुख्त वयनी दीक्षाः**—सबन्धे आ खरडानें लागतुं वळगतुं न होवाथी कांइपण सुचना करवी ए कमिटीनी कार्य दिशानी बहार छे छतां जे अभिप्रायो मल्या छे तेमां घणाओ ए बाबतमां नियमन थाय एम इच्छे छे अने केटलाक एम सुचवे छे के ते सबन्धे राज्य एवो अंकुश मूके के चोकस वय सुधी डीस्ट्रिक्ट मेजीस्ट्रेटनी परवानगी मेळवी दीक्षा आपवी जरुरी छे. आ सुचनानो हेतु एवो जणाय छे के हालमां जे कलेश कुसंप दीक्षाने नामे चाली रह्या छे ते आथी निर्मूळ थाय अने कोममां शांति फेलाय.

## — कार्यवाही समितिनी बेठक —

आ संस्थानी कार्यवाही समितिनी एक बेठक ता. १७-९-३१ गुरुवारना रोज रातना मुं. टा. ७–३० वागते मली हती जे वखते उपरनो सदरहु रिपोर्ट मंजूर करवामां आव्यो छे अने तेथी सर्व संस्थाओ–मंडळो तथा श्री संघो तेमज अन्य बंधुओने विज्ञप्ति करवामां आवे छे के आ रिपोर्ट अने तेनी अंदर सुचवाएल सुधारा वधारा साथे ना. गायकवाड सरकारने कॉन्फरन्स तरफथी मोकली आपवामां आवनार छे तेने संपूर्ण रीते टेको आपवा घटती गोठवण करवी.

ली. श्री संघ सेवको,

**रणछोडभाई रायचंद जवेरी.**

**मोहनलाल भगवानदास झवेरी.**

स्थानिक महामंत्रीओ.

# ટુંકા પંથ.

## ( ૧ )

## જ્ઞાન.

### જ્ઞાન કેનુ નામ?

જ્ઞાન તેનું નામ કે જે હર્ષ શોક વખતે હાજર થાય; અર્થાત હર્ષ શોક થાય નહિં. સમ્યગ્ દૃષ્ટિ હર્ષ શોકાદિ પ્રસંગમાં એ કરાર થાય નહિં. તેમના નિધ્વંસ-પરિણામ થાય નહિં. અજ્ઞાન ઉભુ થાય કે જાણવામાં આવે તરતજ દાબીદે બહુજ જાગૃતિ હોય. ભય અજ્ઞાનનો છે. જેમ સિંહણને સિંહ ચાલ્યો આવતો હોય અને ભય લાગતો નથી પણ જાણે તે કુતરો ચાલ્યો આવતો હોય તેમ સિંહણને લાગે છે તેવી રીતે જ્ઞાની પૌદ્ગલિક સંયોગો સમજે છે. રાજ મળે આનંદ થાય તો તે અજ્ઞાન.

જ્ઞાનીની દશા બહુ અદભુત છે. અજ્ઞાની ગુરૂને પોતાનો શિષ્ય બીજા ધર્મમાં જાય તો તાવ ચઢે છે જ્ઞાની ગુરૂને "આ મારો શિષ્ય છે" એવો ભાવ હોતો નથી. કોઇ કુગુરૂ આશ્રિત જીવ બોધ શ્રવણ અર્થે સદગુરૂ પાસે ગયો હોય અને પછી તે તેના કુગુરૂ પાસે જાય, તો તે કુગુરૂ તે જીવને અનેક વિચિત્ર વિકલ્પો બેસાડી દે છે કે જેથી તે જીવ ફરી સદગુરૂ પાસે જાય નહિ, તે જીવ બિચારાને તો સત, અસત્ વાણીની પરિક્ષા છે નહિં એટલે ભોળવાઇ જાય છે અને સાચા માર્ગથી પડી જાય છે.

શ્રી મહાવીર સ્વામી સમીપે ગોશાલાએ બે સાધુને બાળી નાખ્યાં ત્યારે જો જરા ઐશ્વર્યપણું કરીને સાધુની રક્ષા કરી હોત તો તીર્થંકરપણું ફરી કરવું પડત પણ જેને "હું ગુરૂ છું, મારા શિષ્ય છે" એવી ભાવના નથી તેને કોઇ પ્રકાર કરવો પડતો નથી. "શરીર રક્ષણનો દાતાર નથી, ફક્ત ભાવ ઉપદેશનો દાતાર છું, જો હું રક્ષા કરૂં તો મારે ગોશાલાની રક્ષા કરવી જોઇએ અથવા આખા જગતની રક્ષા કરવી ઘટે" એમ વિચાર્યું.

જ્ઞાનમાં સવળુ ભાસે, અવળુ ન ભાસે જ્ઞાની મોહ પેસવા દેતા વથી. પાણીના એક બીંદુમાં અસંખ્યતા એકેંદ્રી જીવને જાણવાવાળો અને તેની દયા પાળવાવાળો જીવ, પચેંદ્રી જીવના લોહીથી ખરડાએલા વિદેશી કપડામાં ન મોહે. જ્ઞાની ખાદીના ભારથી ન ડરે, એ તો કર્મના ભારથીજ ડરે, જ્ઞાની મેલા કપડાથી ન ડરે, એ તો આત્માને મેલો થતા ડરે.

ઉત્તરાધ્યન કે ભગવતિ સુત્ર મુખ પાઠ કરે જ્ઞાન થાય નહિં પણ તે સમજી તે પ્રમાણે વર્તે તો જ્ઞાન થાય

મને શાથી બંધન થાય છે અને તે શાથી ટળે! એ જાણવા સારૂ શાસ્ત્રો કહેલાં છે.

નહિં ગ્રંથમાંહી જ્ઞાન ભાખ્યું, જ્ઞાન નહિ કવી ચાતુરી,
નહિં મંત્ર તંત્રો જ્ઞાન દાખ્યા, જ્ઞાન નહિ ભાષા ઠરી;
નહિં અન્ય સ્થાને જ્ઞાન ભાખ્યું, જ્ઞાન જ્ઞાનીમાં કળો,
જીનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો.

જ્ઞાનતો તે કે જેનાથી બાહ્ય વૃતિઓ રોકાય છે. પોતાના દુરાગ્રહ ભાવ-કષાય ને તજાય છે. સાચાને સાચુ જાણે છે, જેનાથી આત્મગુણ પ્રગટે તે જ્ઞાન.

**લી૦ પ્રભાશંકર અભેચંદ સંઘાણી.**

જેતલસર જંકશન. (સંશોધક.)

# કૉન્ફરન્સનું પ્રચારકાર્ય.

## મી. અમૃતલાલ વાડીલાલ શાહનો પ્રવાસઃ—

કૉન્ફરન્સના પ્રચાર કાર્યના અંગે મણુંદ, લીંચ, અંબાસણા-જોટાણા-કટોસણ-રામપુરા તથા વીરમગામ. આદિ ગામોમાં પ્રવાસ કર્યો.

**લીંચ**માં પુજ્ય કુમુદવિજયજી મહારાજનું ચાતુર્માસ છે. અહીંના યુવાનોમાં વીસમી સદીની ભાવના છે. યુવાનો હજુ પણ વૃદ્ધોની આજ્ઞા માને છે. કૉન્ફરન્સના કાર્ય સંબંધી ચર્ચા ઠીક થઇ. આ ચર્ચામાં કેટલાક ભાગ લેવાની ઇચ્છા ધરાવતા હતા પણ મળેલ પ્રતિજ્ઞાનો ભય તેમને હતો. ભોળા ભક્તો તો બીજાઓનાં ભાષણ સાંભળવામાં પણ પાપ માને છે.

**અંબાસણ**—અહીં આખા ગામની સભા ભરવામાં આવી હતી અને તેમાં "સ્વદેશીમાં સ્વરાજ" એ વિષય ઉપર ભાષણ આપ્યું હતું. આ ગામમાં સંપ સારો છે. તથા ઘણા લોકો ખાદીમાં ખાનદાની માનનારા છે. જૈનોને કૉન્ફરન્સના ઠરાવો તથા શ્રી સુકૃત ભંડાર ફંડ એ વિષયો સમજાવવામાં આવ્યા હતા. પર્યુષણ પર્વ ઉપર ફંડ મોકલી આપવા શ્રી સંઘે જણાવ્યું હતું.

**જોટાણા**—અહીં અંચળ ગચ્છના મુનિમહારાજ શ્રી રવીચંદ્રજીનાં વ્યાખ્યાનમાં બે ભાષણો આપ્યાં. કૉન્ફરન્સના ઠરાવો તથા સુ૦ ભં૦ ફંડની યોજના સમજાવવામાં આવી. મહારાજ સાહેબે પણ સારૂં અનુમોદન આપ્યું. ફંડને માટે પર્યુષણ પર્વમાં ઉઘરાવી મોકલી આપવા શ્રી સંઘે જણાવ્યું.

**કટોસણ**—અહીં પ્રથમ હતી તેવી વસ્તી રહી નથી. સ્થિતિ પણ સાધારણ રીતે સારી ન ગણાય.

**રામપુરા**—અહીં ચાતુર્માસ મુનિશ્રી સૌભાગ્યવિજયનું છે. મહારાજ સાહેબના વ્યાખ્યાનમાં બે ભાષણો આપ્યાં-અને તેમાં ખાસ કરીને "સ્વામી વાત્સલ" એ મુખ્ય હતું. ફંડ ઉપદેશક મી. ભાયચંભાઇ દ્વારા મોકલાવ્યું છે. કૉન્ફરન્સ તરફ સારો ભાવ છે.

**વીરમગામ**—આ ગામમાં જૈનાચાર્ય શ્રીમદ્ વિજયનેમીસૂરીશ્વરજીના શિષ્ય ઉપાધ્યાયજી મહારાજ ચાર ઠાણા સાથે ચાતુર્માસ છે. તેમના વ્યાખ્યાનમાં ભાષણ કરવાની તેમણે આજ્ઞા આપી-તેથી 'અહિંસા અને સત્ય તથા હાલની પરિસ્થિતિ' એ વિષયો ઉપર ભાષણ આપ્યું. રાત્રે જ્ઞાન ચર્ચા વકીલ મી. છોટાલાલ પરીખ આનંદઘન ચોવીશી ઉપર કરે છે ત્યાં પણ ભાગ લીધો અને સારી રીતે નવતત્વ ઇત્યાદિક ઉપર ચર્ચા થઇ. વેપાર રોજગારની મંદીને લીધે અહીંની સ્થિતિ પણ પ્રથમ જેવી નથી. અહીં પણ મતભેદ થોડો ઘણો જણાય છે. છતાં એક બીજા તે નિભાવી લે છે. પર્યુષણ પર્વ ઉપર સુ૦ ભં૦ ફંડ મોકલવાની સૂચના કરી તે સૂચના માન્ય રાખેલ છે.

## ઉપદેશક કરસનદાસ વનમાલીનો પ્રવાસઃ—

**હીંમતનગર**—અહીં જૈનોના દશબાર ઘર છે દેરાસરજી ભવ્ય વિશાળ અને સુંદર છે અહીં સત્તાવીશી ગામની બોર્ડીંગની વ્યવસ્થા શેઠ ફતેચંદ મોતીચંદ સુંદર રીતે કરી રહ્યા છે. ઉપાશ્રયમાં જૈન સંઘ મેળવી સુકૃત ભંડાર ફંડની યોજના સમજાવતા સંઘે સારી મદદ આપી હતી.

**ઇડર**—અહીં જૈનોના પચાસ ઘર લગભગ છે. બે ત્રણ દેરાસરજીની વ્યવસ્થા સારી ચાલે છે. અહીં સંઘ ભેગો થતા કૉન્ફરન્સના ઉદ્દેશો સમજાવતા સારી રકમ આપી હતી.

**વડાળી**—અહીં જૈનોના સોએક ઘર છે. દેરાસરજીની વ્યવસ્થા ઠીક ચાલે છે. બપોરના સંઘ ભેગો થતા સુકૃત ભંડાર ફંડની યોજના સમજાવતા શેઠ મણીલાલ માધવલાલના પ્રયાસથી સારી રકમ થઇ હતી.

**ખેડબ્રહ્મા**—અહીં જૈનના આઠ દસ ઘર છે. એકસંપી સારી છે, સવારે સંઘ મળતા શેઠ મોહનલાલભાઇ ઉત્સાહથી અને શેઠ કોદરલાલભાઇના ટેકાથી સુકૃત ભંડાર ફંડની રકમ સારી થઇ હતી.

**વેલજપુર**—અહીં જૈનના પચાસેક ઘર છે. દેરાસરજીની વ્યવસ્થા ઠીક છે અહી શેઠ પાનાચંદ ખેમચંદભાઇએ સુકૃત ભંડાર ફંડમાં રકમ ભરી આપી હતી.

**ગોધરા**—અહીં જૈનોના આશરે બસો ઘર છે જેમાં દેરા ખડકીનું પંચ રાત્રે મલ્યુ હતું. કૉન્ફરન્સના ઉદ્દેશો સમજાવ્યા હતા. તેમાં બે ચાર ભાઇઓને ઉંડની વાતોથી શંકા હતી તેને પંચ વચ્ચે સમજાવવાથી દરેકને સારો સંતોષ થયો હતો. અંહી પન્યાસજી મહારાજ ચોમાસુ હોવાથી ધર્મ ઉત્સાહ સારો વધી રહ્યો છે અને આ પંચ તરફથી સુકૃત ભંડાર ફંડમાં સારી રકમ આપી હતી. જ્યારે બીજા પંચના શેઠ વસનજી વણારશીભાઇએ પણ તેમના દરેક ગ્રહસ્થોને બોલાવ્યા હતા તે વખતે સુકૃત ભંડાર ફંડની યોજના સમજાવતા સારી રકમ આપી હતી.


# ઘડીયાળો.

**અમારા ઘડીયાળોને પ્રખ્યાતીમાં લાવવા સારૂજ**

**ફક્ત તા. ૩૧ ઓગસ્ટ ૧૯૩૧ સુધીજ તદન ઓછા ભાવ.**

**—: હાથના ઘડીયાળો :—**

(૧૫૩) રો. ગો. સોનેરી ફેન્સી શેપનું સેકન્ડ કાંટાવાળું ચાલવાને માટે અમારી લેખીત ગેરંટી વર્ષ ચાર સાથે કીંમત ફક્ત રૂા. ૪-૮-૦

(૧૬૦) નીકલ સીલવરનું લીવર મશીન જાડા કાચવાળું સુંદર ક્રીસ્ટલ શેપનું ચાલવાને માટે અમારી લેખીત ગેરંટી વર્ષ ચાર સાથે કીંમત ફક્ત રૂા. ૪-૧૦-૦

**—: ખીસાના ઘડીયાળો :—**

(૨૪૧) નીકલ સીલવરનું લીવર મશીન સુંદર ચપટા શેપનું અમારી એક વર્ષની લેખીત ગેરંટી સાથે કીં. રૂા. ૨-૮-૦

(૨૪૫) નીકલ સીલવરનું લીવર મશીન સુંદર રાઉન્ડ ક્રીસ્ટલ શેપનું સેકન્ડ કાંટાવાળું ચાલવાને માટે અમારી લેખીત ગેરંટી વર્ષ ત્રણ સાથે કીંમત ફક્ત રૂા. ૩-૮-૦

પેકીંગ તથા પોસ્ટેજ દરેક પારસલ દીઠ રૂા. ૦-૫-૦ વધારે.

ઉપરના ઓછા ભાવ ફક્ત ઉપર લખેલી મુદત સુધીજ અમારી જાહેર ખબર સારૂજ રાખવામાં આવેલા છે.

**પી. ડી. બ્રધર્સ ઘડીયાળવાલા.**

પો. બો. નં. ૩૦૨૬, મુંબઇ ૩.

# जैन युग.

वीर संवत् २४५७. हिन्दी विभाग. ता. १५-९-३१.


## श्री आत्मानन्द जैन गुरुकुल पंजाब गुजरांवाला।

श्री आत्मानन्द जैन गुरुकुल पंजाब गुजरांवाला पंजाब भर में अकेली एक एसी संस्था १९२६ से स्थापित है कि जिसका उद्देश्य जातीय शिक्षा है। विद्यार्थी जैन अजैन सभी लिये जाते हैं। वर्तमान शिक्षा पद्धति के प्रभावसे बचाने के लिये इस संस्थाने विद्यार्थियोंकी शिक्षाका एसा प्रबन्ध किया है कि जिससे वि० सादा से सादा जीवन व्यतीय कर सके। परिश्रम स्वभावी हों, ब्रह्मचर्य व्रत पालन कर सकें. उनके विचार और क्रियाओं में सच्चाई शिष्टाचार देशप्रेम धार्मिक सहिष्णुता और विशाल दृष्टि इस प्रकार आजाए कि उनके ये गुण स्वभाववत् जीवन पर्यन्त दिखाई देते रहें। इस संस्थाका माध्यम यद्यापि हिन्दी है तथापि संस्कृत, उर्दू, अंग्रेजीभी पर्याप्त सीमा तक पढाई जाती हैं। विद्यार्थीपर बोझारुप होने वाले विषयोंका भार नहीं डाला जाता। वि० के स्वभाविक झुकावका विचार रख कर उनके लिए सुविधाए पुहचाह जाती हैं। इतिहास बिलकुल राष्ट्रीय दृष्टि कोन से पढाया जाता है। गणित और भूगोलकी उपयोगी जानकारी भी करादी जाती है। वि० गुरुकुलसे निकाल कर सरकारी स्कूलोंसे निकले हुए विद्यार्थ्योंकी भांति निराश हो कर आजीविका के लिये न भटकते फिरें अतः गुरुकुलने वि० के लिये आजकल जिलद साजी, पत्रकार कला, कामर्स (Commerce) और दर्जीकी दस्तकारी और हुन्नर प्रारम्भ से ही सिखलानेका प्रबन्ध किया है। वि० अपनी रूचि तथा शक्तिके अनुसार इन में से एक हुनर या दस्तकारी ले लेता है। गुरुकुलकी अपनी हमाल बनने पर जो कि शीघ्र ही तयार होने वाली है खेती और ड्रायंग अदि की भी बतौर उद्योगके बढौतरी हो जावेगी। वि० को बलवान दृढ विचार और उच्च चारित्रवान बनानेका विशेष प्रयत्न किया जाता है। शिक्षण और रिहायश के लिए कोइ फीस नही ली जाती। अन्य प्रकारके खर्चके लिये प्रारम्भ में केवल ७) सात रुपये मासिक लिये जाते है।

विशेष बुद्धिमान और योग्य विद्यार्थी के लिये मासिक खर्च में रियायए भी की जा सकती है। इस साल गुरुकुलमें नवमी क्लास तक की पढाइ है अगली वर्ष दसवी कक्षा (Matriculation) तक हो जावेगी। जो माता पिता अपने बच्चोंको उच्च शिक्षा देने उनके विचार तथा आचार को स्वच्छ बनाने और उनको स्वतंत्र आजीविका पैदा करने के योग्य बनाने के इच्छुक हों उनको तत्काल अपने बच्चों को इस संस्थामें प्रविष्ट करा देना चाहिये। विद्यार्थी कम से कम आठ वर्षका हो और तीसरी कक्षाकी योग्यता रखता हो। विशेष विवरण गुरुकुल कार्यालय से पत्र व्यवहारद्वारा या स्वयं पधारकर मालुम करनेका कष्ट उठावें।

सेवक, मानद अधिष्टाता,

**श्री आत्मानंद जैन गुरुकुल पंजाब गुजरांवाला.**

---

( અનુસંધાન પૃ. ૧૪૦ ઉપરથી. )

( ચાલવા માંડે છે, થોડું ચાલી ઉભી રહે છે. ) હા! આજનો રસ્તો ખુબ કઠિન છે. નીચે ઉંડી ખીણને ઉપલાણમાં સીધા ખડકો છે. વળી રસ્તામાં આ સુવાળુ ઘાસ છે અને પગતો કહ્યું કરતા નથી (ધીમે ધીમે આગળ ચાલે છે.) (થોડું ચાલીને) હવે તો પગ જરાયે કામ કરતા નથી. શું કરૂં? આવા વિકટ માર્ગમાં રાત્રિ શી રીતે પસાર થાય! દૂર પેલી ખીણમાં વાંસળી વાગતી સભળાય છે. થોડાં ઝુપડાં દેખાય છે. ત્યાં પહોંચી જવાય તો ચિંતા નહિ. (ધીમે ધીમે ચાલે છે.) જરા ઝડપથી ચાલવા દે–નહિ તો રાત્રિ પહેલાં ત્યાં પહોંચવું અશક્ય છે. પણ આ પગ કામ કરતા નથી! (જરા વેગથી ચાલે છે-ઠેસ આવતાં ખીણમાં ગબડી પડે છે.) પ્રભુ......ઉ......સહા......અ......ય. [ અપૂર્ણ. ]


તૈયાર છે! સત્વરે મંગાવો!

**'શ્રી જૈન ગૂર્જર કવિઓ ભાગ ૨.'**

આશરે ૧૦૦૦ પૃષ્ઠનો દલદાર ગ્રંથ

**કિંમત ત્રણ રૂપીઆ.**

ભાદ્રપદ શુદિ ૧૫ સુધી ઘટાડેલી કિં. રૂ. ૨ાા

બન્ને ભાગ સાથે લેનારને કિં. રૂ. ૫ાા

પ્રાપ્તિસ્થાનઃ-શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ.

૨૦, પાયધુની, મુંબઈ ૩.



Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay 3.

Regd. No. B 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.)

વાર્ષિક લવાજમ રૂપીઆ બે. | તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ. [મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.] | છુટક નકલ દોઢ આનો.

વર્ષ જુનું ૬ ઠું, નવું ૧ લું. | તા. ૧ લી અકટોબર ૧૯૩૧. | અંક ૧૯ મો.

- મુખ્ય લેખકો -
શ્રી મોહનલાલ દ. દેશાઈ, બી. એ. એલએલ. બી. એડવોકેટ.
,, મોતીચંદ ગિ. કાપડીઆ, બી. એ. એલએલ. બી. સોલીસીટર.
,, ઉમેદચંદ ડી. બરોડીઆ, બી. એ.
,, હીરાલાલ હાલચંદ દલાલ બાર-એટ-લૉ.

-સુચનાઓ-

૧ આ પત્રમાં પ્રકટ થતા લેખો માટે તે તે લેખના લેખકોજ સર્વ રીતે જોખમદાર છે.
૨ અભ્યાસ મનન અને શોધ-ખોળના પરિણામે લખાયેલા લેખો વાર્તાઓ અને નિબંધોને સ્થાન મળશે.
૩ લેખો કાગળની એક બાજુએ શાહીથી લખી મોકલવા.
૪ લેખોની શૈલી, ભાષા વિગેરે માટે લેખકોનું ધ્યાન 'જૈન યુગની નીતિ-રીતિ' પ્રત્યે ખેંચવામાં આવે છે.
૫ આ પત્ર દર મહિનાની પહેલી અને પંદરમીએ પ્રકટ થાય છે.

પત્રવ્યવહાર:-
તંત્રી—જૈન યુગ.
ઠે. જૈન શ્વેતાંબર કૉ. ઓફીસ
૨૦, પાયધુની-મુંબઈ ૩

## વડોદરાના સંન્યાસ દીક્ષા પ્રતિબંધક નિબંધ અંગે મળેલા કેટલાક જાણવા જોગ અભિપ્રાયો.

## જામનગરના શ્રી જૈન સંઘનો પત્ર.

મે. ધી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ સેક્રેટરી સાહેબ-હજુર.

શ્રી જામનગરથી લિ૰ જૈન શ્વેતાંબર સંઘના જયજીનેંદ્ર વાંચશોજી.

શ્રી વડોદરા રાજ્યે સંન્યાસ દીક્ષા પ્રતિબંધક ધારો કર્યો છે, તે કામ ઘણું સ્તુત્ય છે, સગીરોની દીક્ષાથી ઘણા માઠા પરિણામ આવ્યાં છે, અને આપણા સંઘમાં તેથી મહાન કલેશ, ઉત્પન્ન થયો છે; આ સંબંધમાં અમે વડોદરા ન્યાય મંત્રી સાહેબને-ધારાનાં અનુમોદનમાં તાર આપેલ છે, તે આપને વિદિત કરીએ છીએ. એજ. સં. ૧૯૮૮ હાલારી ભાદરવા શુદ ૧૩ તા. ૨૪-૯-૩૧.

| | |
|---|---|
| શાહ ભોગીલાલ નારાણજી | મોદી શવજી કશલચંદની સહી દા. પોતે |
| શેઠ પ્રજારામ હરખચંદની સહી દા. પોતે | શેઠ છગનલાલ આણંદજીની સહી દા. પોતે |
| મહેતા ટોકરશી પાનાચંદની સહી દા. પોતે | શેઠ પ્રતાપરાય રૂપસી સહી દા. પોતે |
| છગનલાલ ભાણજી દા. પોતે | વ્રજલાલ જેશંગલાલની સહી દા. પોતે |
| ગકીમ છગનલાલ ભગવાનજીની સહી | રતીલાલ લઘુભાઇની સહી દા. પોતે |
| મેતા લક્ષ્મીચંદ સંઘરાજની સહી દા. પોતે | શેઠ પદમશી રવજીની સહી દા. પોતે |
| મેતા લધુ માણેકચંદ દા. પોતે | ચંદુલાલ નેમચંદ |
| કરસનદાસ કસ્તુરચંદ | હેમતલાલ મોનજી દા. પોતે |
| વીકમશી ડાહ્યાલાલની સહી દા. પોતે | અમૃતલાલ પોપટલાલની સહી દા. પોતે |
| ભગવાનજી હેમચંદ | અમૃતલાલ ખેંગાર દા. પોતે |
| સુતરીયા રણછોડભાઇ નેમચંદ | વાડીલાલ લક્ષ્મીચંદ દા. પોતે |
| શા. નેમચંદ માવજીની સહી દા. પોતે | જસરાજ ખેંગાર |
| ઝ. ઝવેરચંદ પ્રાગજી | શામજી જગજીવન |

(અનુસંધાન પૃ. ૧૫૦ ઉપર જુવો)

**उद्धाविव सर्वसिन्धवः, समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः ।**
**न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**
**-श्री सिद्धसेन दिवाकर.**

અર્થઃ—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે: પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

સરિતા સહુ જેમ સાગરે, તુજમાં નાથ! સમાય દૃષ્ટિઓ;
જયમ સાગર ભિન્ન સિન્ધુમાં, ન જણાયે તું વિભક્ત દૃષ્ટિમાં.

જૈન યુગ.
તા. ૧-૧૦-૩૧ ગુરૂવાર.

# સગીર સંન્યાસ—દીક્ષા પ્રતિબંધક નિબંધ.

આ શ્રદ્ધાળુ અને ભક્તિ પરાયણ આર્યવર્તમાં 'સાધુ' અને 'ધર્મ' કે 'શાસ્ત્ર' એ શબ્દો એટલા પવિત્ર ગણાય છે કે એ શબ્દોનું ગૌરવ ઘટાડનારા પુરૂષોના અને પ્રથાઓના સંબંધમાં પણ કંઇ બોલવું એ ખરેખર જોખમ ભર્યું થઇ પડે છે, કારણ કે ગતાનુગતિક લોક એવા બોલવાને પણ 'નિંદા' માને છે અને 'શ્રદ્ધા' તથા 'અંધશ્રદ્ધા,' 'આસ્થા' તથા 'વહેમ,' પવિત્રતા, તથા 'પ્રપંચ' વચ્ચેનો તફાવત સમજવા જેટલી પણ તકલીફમાં ઉતરવા ઇચ્છતા નથી. એવા લોકને તો હરકોઇ ઉપદેશને 'ધર્મ' હરકોઇ વ્યક્તિને 'સાધુ' અને હરકોઇ કૃતિને 'શાસ્ત્ર' માની લઇ એ શ્રમ વગરની માન્યતાથીજ મોક્ષ મળી જશે. એમ કલ્પી લેવાની ટેવ પડી ગઇ છે. આજ કારણથી આ દેશમાં અજ્ઞાન, અશ્રદ્ધા અને અંધશ્રદ્ધા વહેમ. પ્રમાદ, કાયરતા, ભીરૂતા, નિરૂત્સાહ આદિનું જોર વધી પડેલું જોવાય છે. તથાપિ સદ્દભાગ્યે કવાચિત્ કવચિત્ ધર્મશાસ્ત્રોનું રહસ્ય શોધવા અને જનસમાજ સંન્મુખ રજુ કરવા કેટલાક વિચારકો બહાર પડતા જાય છે તેથી, તથા અંધશ્રદ્ધાના સેવનથી નીપજેલાં પરિણામો એકઠાં કરવાની અને તપાસવાની દરકારવાળા કેટલાક જાહેર પુરૂષો, સુધારકો અને રાજદ્વારી નરો પોતાની તપાસથી મળેલી હકીકતો અને આંકડા પ્રજા સમક્ષ રજુ કરવા લાગ્યા છે તેથી, લોકોનું લક્ષ હવે કંઇક વસ્તુસ્વરૂપ વિચારવા પ્રત્યે દોરાવા લાગ્યું છે ખરૂં.

હિંદુસ્તાનમાં જૂદા જૂદા ધર્મના 'ગુરૂ' તરીકે પોતાને ઓળખાવનારા અને પારકી આમદાની પર જીવનારા થોડા ઘણા નહિ પણ **બાવન લાખ** માણસો છે, આમાં ખરૂં પારમાર્થિક ધર્મપરાયણ જીવન ગાળનારા કંચન કામિનીના ત્યાગી વિરલાની સંખ્યા અતિ અલ્પ જણાય છે. બાકીમાં કેટલાક તો માત્ર ભિક્ષાદ્વારાજ મોટા પૈસાદાર થઇ પડયા છે, કેટલાક ખુલ્લી રીતે પોતાની પાસે પૈસો ન રાખે તો પોતાના નામથી પોતાના ભક્તો પાસે ગુપ્ત રીતે પૈસા જમા રખાવતા જણાયા છે. કેટલાક અનીતિના ફેલાવનારા, કેટલાક કલેશના ફેલાવનારા અને કેટલાક તદ્દન અજ્ઞાન દશામાં સબડતા જણાયા છે. જે દેશમાં ગુરૂઓનો મ્હોટો ભાગ આવા હોય તે દેશની આર્થિક, નૈતિક કે આધ્યાત્મિક દશા સુધારવાની આશા શી રીતે રાખી શકાય? આ સ્થિતિને એકદમ દૂર કરવા માટે નસ્તર કે વાઢકામનો પ્રયોગ થઇ શકે એવો હાલમાં સંભવ નથી. જૂદી જૂદી પરિષદોમાં ઠરાવો થાય, જૂદાં જૂદાં સ્થળોએ મોટા વિચારકો—આગેવાનો બળાપાથી આ સંબંધી પોકાર ઉઠાવે છતાં તેથી તેની ખરી અને કાયમની અસર થઇ નથી. બ્રિટિશ સરકાર પરધર્મી હોઇ જો તે કાંઇ કાયદો કરીને આ સ્થિતિ દૂર કરવા ધારે તો પ્રજાજ કકળાટ કરી મૂકે કે સરકારે અમારા ધર્મને લગતી બાબતોમાં હાથ ઘાલવો જોઇએ નહિ. સુધારકો કડવાં પણ લાગણી ભર્યાં વેણો રૂપી નસ્તર ચલાવે છે તો પ્રજાના બે ટુકડા પડી જાય છે અને પરસ્પર કલેશ વધી પડે છે કે જે ઐકયની અત્યંત જરૂરવાળા આજના દેશકાળને બહુ બાધક છે. બીજી બાજુએ મલમપટ્ટા રૂપી સીધા ઉપદેશ કે ઠરાવો માત્રથી પણ કાંઇ આ સ્થિતિ જલ્દી દૂર થાય તેમ નથી. ત્યારે હવે કરવું શું? આ ગંભીર કોયડો છોડવાનો રસ્તો આર્યધર્મી દેશી રાજ્યો પૈકી જોધપુર રાજ્યના રીજંટ નામદાર કર્નલ પ્રતાપસિંહ બહાદુરે સને ૧૯૧૨-૧૩ મા લીધો હતો. તેણે પોતાના રાજ્યમાં કોઇપણ ધર્મની સાધુ દીક્ષા ૨૧ વર્ષની ઉમર થવા પહેલાં આપવા દેવાની મના કરનારો કાયદો ઘડયો અને સાધુનાં નામોનું 'રજીસ્ટર' રાખ્યું. રજીસ્ટરમાં ૭ માસની અંદર નામ નહિ નોંધાવનારને માટે ૭ માસની કેદ અને રૂા. ૧૦૦) નો દંડ ઠરાવ્યો. અને ૨૧ વર્ષની ઉમર થયા અગાઉ કોઇને દીક્ષા આપનાર માટે રૂા. ૧૦૦૦) હજાર દંડ તથા પાંચ વર્ષની કેદની સજા ઠરાવી. આ કાયદો **સર્વ** ધર્મને માટે ઘડાયો, નહિ કે કોઇ **એક** ફિરકા માટે. સાધુ સંખ્યા વધતી અટકાવવા વાસ્તે અને નાની વયના નામધારી સાધુઓને એ રાજ્યમાં દાખલ થતા અટકાવવા માટે આ કાયદાનો ઉદ્દેશ હતો.

આ જોધપુર રાજ્યના કાયદાને વીસેક વર્ષ થયાં ને આ કાયદો ઘડાયો ત્યારે જે કોલાહલ અત્યારે દેખાય છે તેવા પ્રકારનો થયો નહોતો. તે કાયદો રદ થયેલો જાણવામાં નથી. આવી રીતે હમણાં ગાયકવાડ સરકારે સન્યાસ દીક્ષા સગીરને માટે યોગ્ય નથી અને દીક્ષાથી સગીરના કાયદેસર હક્કો રદ થતા હતા તે રદ ન થઈ શકે એ ખાસ ઉપયોગી હકીકતવાળો નિબંધ બહાર પાડી પ્રજાના અભિપ્રાય માગ્યા છે તે સ્તુત્ય પગલું છે. આપણી કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિએ તેનો ઉદ્દેશ સ્વીકારી તે પર પત્રો લખીને સ્ટેંડીંગ કમિટીના સભ્યોના અને જાહેર વર્તમાન દ્વારા સામાન્ય પ્રજાના અભિપ્રાયો મંગાવી નિવેદન ઘડવા માટે એક ઉપ-સમિતિ નીમાઇ હતી, તેના સભ્યો પૈકી મોટા ભાગના નિવેદનને કાર્યવાહી સમિતિએ સંમતિ આપી છે.

આ નિવેદન કરનારા ઉપ-સમિતિના સભ્યોએ બે દૃષ્ટિઓ ધ્યાનમાં રાખી છે. ૧ ધાર્મિક દૃષ્ટિ, ૨ કાયદાની દૃષ્ટિ.

એ ઉપરાંત જુન્નેર કૉન્ફરન્સનો ઠરાવ–તે સંસ્થા અને લોક સાથેનો સંબંધ, સમાજ ક્યાં સુધી જઇ શકે તેમ છે એ વિચારો પણ સાથે સાથે કરવામાં આવ્યા છે એટલે કે પોતાના સ્વતંત્ર વ્યકિતગત અભિપ્રાયને તથા સુધારાના આવેગમય આવેશને સંયમમાં રાખી કામ લેવામાં આવ્યું છે. એ માટે તેમને ધન્યવાદ ઘટે.

નિબંધમાં સગીરને દીક્ષા આપવાનું ગુન્હાહિત ઠરાવ્યું છે જ્યારે જૈન દીક્ષા લેનાર સગીરને જો અમુક ચાર સરતો પાળીને દીક્ષા અપાઇ હોય ત્યારે તેવી દીક્ષાને ગુન્હાહિત ન ગણવી એવો અપવાદ કરવામાં આવ્યો છે તેથી લોકોના મોટા ભાગને સંતોષ થશે. તે અપવાદ જુન્નેર કૉન્ફરન્સના ઠરાવ સાથે તદ્દન સંગત છે. વિશેષતા એટલી કે તે ઠરાવના ત્રણ પ્રતિબંધમાં એક પ્રતિબંધ એ વધાર્યો કે જે ગામનો વતની હોય ત્યાંના સંઘની પણ રજા લેવી. માતા પિતા આદિ સગાની રજામાં સ્ત્રીની રજા પણ સમાય છે તે સ્પષ્ટ કરવામાં આવ્યું. વતનના સંઘની, દીક્ષાસ્થાનના સંઘની, માતા પિતા સ્ત્રી આદિ અંગત સગાંની લિખિત સંમતિ અને યોગ્ગ જાહેરાત થવાની–એ ચાર સરતો સચવાયા પછી તે સચવાઇ છે એવું સ્થાનિક ડિસ્ટ્રિકટ માજીસ્ટ્રેટનું પ્રમાણ પત્ર મેળવી અપાયેલી દીક્ષા ગુન્હો નહિ ગણાય. આવો અપવાદ જૈનો માટે ગાયકવાડ સરકારે કાયદો ઘડતી વખતે કરવો એવો અભિપ્રાય વ્યકત કરવામાં આવ્યો છે તેથી કૉન્ફરન્સ સગીરની કે કોઇની દીક્ષાની વિરૂદ્ધ–વિરોધી નથી એવું તેણે અગાઉ સ્પષ્ટ કર્યું હતું તે હમણાં પુનઃ સ્પષ્ટ કર્યું. યોગ્ય દીક્ષા માટે દીક્ષા લેનારનો જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય, શાસ્ત્રાભ્યાસ, ધર્માચરણ, ઉચ્ચ આદર્શજીવન ગાળવાનો દૃઢ સંકલ્પ આદિ અનેક ગુણોની જરૂર છે, છતાં તે વાત એક બાજુ રાખી સંસારને–સમાજને જેનાથી લાગે વળગે છે તેટલીજ વાતો–સંઘની અને સગાઓની સંમતિ અને યોગ્ય જાહેરાત–એ વાતો જળવાય તો દીક્ષા અપાય તો સમાજ દૃષ્ટિએ કલેશાદિ ઉત્પન્ન ન થતાં શાંતિમય વાતાવરણ બની રહે એ હેતુએ તેવી દીક્ષા યોગ્ય ગણવામાં વાંધા જેવું નથી.

પ્રવચન સારોદ્ધારની ટીકા આદિમાં દીક્ષા લેવાને અયોગ્ય એવા ૧૮ પ્રકારનો એક પ્રકાર 'બાલ' છે તેની વ્યાખ્યા આઠ વર્ષથી ઓછો તે 'બાલ' એમ જણાવ્યું. તેટલી ઉમરના માટે તો સંઘ ને સગાં બંનેની સંમતિ હોય છતાં દીક્ષા ન અપાય. તે ઉમર પછીના અને ૧૬ વર્ષથી પહેલાના બાળકને પંચકલ્પ ચૂર્ણિ અવ્યક્ત–અપ્રતિપન્ન બાળક કહેલ છે. ૧૬ વર્ષથી ઓછી ઉમરનામાં બુદ્ધિ જોઇએ તેવી વ્યક્ત–આવિર્ભૂત થતી નથી અને તેથી તેને તેના માતા પિતાની આજ્ઞા વગર દીક્ષા આપનારને–અપાવનારને સ્તેન એટલે ચોર કહેવામાં આવેલ છે. (પંચકલ્પ ચૂર્ણિનો પાઠ–જુઓ વીરશાસન તા. ૭–૨–૩૦ પૃ. ૨૮૭) પંચકલ્પ સૂત્ર ભાષ્યમાં 'અપડિપુન્નો બાલો સોલ વરિસૂણો'–સોલ વર્ષથી ઓછો તે અપ્રતિપન્ન બાલ છે એમ સ્પષ્ટ જણાવ્યું છે. આ પરથી જણાય છે કે ઉમરલાયક થવા માટે પૂર્વ કાલમાં ૧૬ વર્ષની ઉમ્મર નક્કી કરેલી હતી, અને તે બ્રાહ્મણ સ્મૃતિઓ પરથી જણાશે. હાલ બ્રિટિશ સરકારના રાજ્યમાં તે ઉમર વધારીને ૧૮ વર્ષની અને જેનો પાલક કોર્ટદ્વારા નીમાયેલ હોય તેની ૨૧ વર્ષની ગણી છે; તેથી હાલના કાયદા પ્રમાણે જે સગીર ગણાય તેને માટે તેની ઉમરલાયક થવાની ઉમર આપણે સ્વીકારવીજ ઘટે. તેટલી ઉમર માટે જે હકીકત પૂર્વે ૧૬ વર્ષથી ઓછી ઉમરનાને લાગુ પડતી તે અત્યારે લાગુ પડે. આવા સગીરની દીક્ષાથી તેના હક્કો નિર્મૂળ નહિ થાય એ સ્વીકારેલ છે તે યોગ્ય કરવામાં આવ્યું છે, પરંતુ તે ઉમરલાયક થાય ત્યારે જો 'ડેકલેરેશન' કરે તો 'પ્રવ્રજિત થયેલાના સર્વ હક્કો નાબુદ થાય છે' એ નિયમ તે વખતે લાગુ પડે એ પણ મૂકવામાં આવ્યું છે.

કેટલાક એમ કહી શકે કે કાયદો બધા ધર્મોને માટે છે અને જૈનો તે પૈકીના હોવા છતાં પોતે એમ જણાવે કે અમારી દીક્ષાને એ કાયદો ગુન્હો ન ગણે એવો અપવાદ કરવો તે યોગ્ય નથી અને સરકાર તેવો અપવાદ નજ સ્વીકારે. આના જવાબમાં એવા ભયને કિંચિત્ સ્થાન છે પણ જૈન સમાજમાં સંઘનું બંધારણ છે તેવું કોઇ પણ ધર્મમાં નથી. તે સંઘની માતા પિતા સ્ત્રી આદિની સંમતિ લઇને યોગ્ય જાહેરાત પછી દીક્ષા અપાય તો તે અનર્થકારક ન થાય એવું કહેવાનો જૈનોને હક્ક છે. યોગ્ય અપવાદ તો ગમે તે કાયદાની કલમમાં દાખલ થઇ શકે. હમણાંજ ઇન્દોર રાજ્યમાં સને ૧૯૩૧ નો કાનુન નં. ૪ નો 'નુક્તા કાનુન' ઘડવામાં આવ્યો છે, તેમાં નુક્તા એટલે મૃતભોજન ૧૦૧ કરતાં વધારે માણસોનું કરવા કરાવવાનો કે તેમાં સહાય આપવાનો પ્રતિબંધ કરવામાં આવ્યો છે અને તેનાથી વિરૂદ્ધ ચાલનારને એક હજાર રૂા. દંડ કે એક માસની સાદી સજા કે બન્ને થશે. આમાં પણ અપવાદ મૂકાયો છે કે 'કિંતુ જે શ્રાદ્ધાદિ વિધિ ધર્માનુસાર કરવામાં આવે છે તેનો આ મૃતકભોજમાં સમાવેશ થતો નથી'–વળી ૧૦૧ કરતાં ૪૦૦ સુધી જમાડનાર જીલ્લા જજની રજા લે તો જમાડી શકે. આ સંખ્યામાં સગાં કુટુંબીઓનો સમાવેશ થતો નથી.

કોઇ એમ કહે કે ધાર્મિક બાબતમાં રાજ્યનો હસ્તક્ષેપ ન ઘટે તો તેના જવાબમાં જણાવવાનું કે ધાર્મિક અને સામાજિકની મિશ્રિત બાબતમાં સમાજ જો દૃઢ બંધારણ ન કરી શકે, યા કરેલ બંધારણ પળાવી ન શકે તો સારૂં દૂરદર્શી અને પ્રજાહિત સાચવનારૂં સુરાજ્ય જરૂર હસ્તક્ષેપ કરે એવો તેનો ધર્મ પ્રાપ્ત થાય છે. હિંદુઓ માટે લગ્ન એ ધાર્મિક સંસ્કાર છે અને તે છતાં બાલ લગ્ન પ્રતિબંધક કાયદો ગાયકવાડ સરકારે ઘણાં વર્ષોથી ઘડેલો અમલમાં મૂકયો છે, એટલુંજ નહિ પણ હમણાં 'નષ્ટે મૃતે પ્રવ્રજિતે કલીબે ચ પતિતે પતૌ, પંચસ્વાપત્સુ નારીણાં પતિરન્યો વિધીયતે' એ પરાશર સ્મૃતિના આધારે છૂટા છેડા આપવાનો લગ્ન વિચ્છેદક કાયદો ઘડયો છે. મૃત પાછળ ભોજન કરવું, કરાવવું એ હિંદુઓ માટે ધાર્મિક છે તે પર પણ અંકુશ મૂકવાનું દુરસ્ત ધારી ઇંદોર રાજ્યે ઉપર જણાવ્યા પ્રમાણે કાયદો કર્યો છે. બ્રિટિશ સરકારે પણ હમણાં આખરે 'શારદા એકટ' કરી હિંદુ ધર્મના લગ્ન સંબંધી માન્યતા પર પ્રહાર કર્યો છે, અને અગાઉ વિધવા વિવાહ સંબંધી પણ કાયદો ઘડયો છે. જૈનોએ મર્યાદામાં રહી દીક્ષા સંબંધી કૉન્ફરન્સે ઘડેલો ઠરાવ દરેક સ્થળે પાળી શાંત વાતાવરણ રાખ્યું નહિ અને દીક્ષા સંબંધી અનેક સ્થળોએ કલેશો, મુકદ્દમાબાજી, કકળાટ, અને તેને લીધે અનર્થ પરંપરા વધી તેથી વડોદરા ધારાસભાના

(અનુસંધાન પૃષ્ઠ ૧૫૧ ઉપર જુવો.)

# સતી નંદયંતી

ત્રિઅંકી નાટક.

— લેખક —
ધીરજલાલ ટી. શાહ.

**— પાત્ર પરિચય —**

સાગરપોત: પોતનપુર બંદરનો ધનાઢ્ય વેપારી
સમુદ્રદત્ત: સાગરપોતનો પુત્ર
સહદેવ: સમુદ્રદત્તનો મિત્ર
સુરપાળ: સમુદ્રદત્તનો વફાદાર નોકર
પદ્મસિંહ: ભ્રગુપુરનો રાજા
કુલપતિ: સેવાશ્રમના આચાર્ય
લક્ષ્મી: સમુદ્રદત્તની માતા
નંદયંતી: સમુદ્રદત્તની પત્ની
મનોરમા: સહદેવની પત્ની અને નંદયંતીની સખી
સુમતિ: સેવાશ્રમની સાધ્વી
ઉપરાંત ભીલો, પરિજનો, સારથી, અધ્યાપક અને વિદ્યાર્થીઓ.

( ગતાંકથી ચાલુ. )

## અંક ૨ જો.

### પ્રવેશ ૧ લો.

( વિંદયાદ્રિના એક પહાડનો ઢોળાવ ઉતરતી ભરવાડણો ગીત ગાતી રસ્તો કાપે છે. દૂર ઘાસ પર નંદયંતી બેભાન અવસ્થામાં પડેલી છે. )

બેની ધીમા ચાલો! ધીમા ચાલો,
કાંઇ લાગે છે વસમી વાટ–બેની ધીમાં ચાલો ધીમાં ચાલો.
મીઠડાં તે મહીનાં મટકાંરે માથે–લાગે ઝાઝેરો ભાર બેની ધીમાં॰
બેની વિસામા લ્યો, વિસામા લ્યો,
કાંઇ લાગ્યો ઝાઝેરો થાક, બેની વિસામા લ્યો, વિસામા લ્યો.
આવી લીલુડી ઝાડી રૂડીઆ, મ્હોટી ત્યાં આંબા ડાળ,
બેની વિસામાં લ્યો.
બેની! ભાથાં છોડો ભાથાં છોડો,
કાંઇ લાગી ઝાઝેરી ભુખ–બેની ભાથાં છોડો ભાથાં છોડો.
ખળખળ નાદે ઝરણાં વહતા, પાણીડાં અમૃતસાર–બેની ભાથાં॰
બેની થોડું આ લ્યો, બેની થોડું આ લ્યો.
કાંઈ રાખો અમારાં માન બેની! થોડું આ લ્યો થોડું આ લ્યો,
ભાથાં ભલાંએ ભાવે આરોગો, આવે અમી ઓડકાર–બેની॰

એક ભરવાડણ,
બેન! પેલા પણે કોક માનવી પડેલું જણાય છે.

બીજી॰ અરે અહિં તે કોણ માનવી પડયું હોય. ચલાવો–ચલાવો–આપણું ગીત ચલાવો.
બેની ધીમાં ચાલો ધીમાં ચાલો.

ત્રીજી॰ બેન છે તો કોક માનવી, ચાલો ત્યાં જઇ તપાસ કરીએ.
( બધી ભરવાડણો નંદયંતી પાસે આવે છે. )

પહેલી॰ અરે આ બિચારી કોક વખાની મારી બાઇ અહિં પડી ગયેલી જણાય છે. જુઓ અહિં લોહી લુહાણ થઇ ગઇ છે. એને ખુબ કળ ચડી લાગે છે.

ત્રીજી॰ ચાલો એને આપણા નેહડામાં લઇ જઇએ.

બીજી॰ બિચારી જો આપણે નજરે ન પડી હોત તો વાઘ વરૂ ભરખજ કરી જાત. અહિં કયાંથી આવી ચડી હશે!

પહેલી॰ એ તો સહુનાં નસીબ સાથે હોય છે, હજી એની ઘણી આવરદા બાકી હશે.

( બધા ઉપાડીને જાય છે. નેહડામાં લાવે છે. ભરવાડો તથા ભરવાડણ આજુ બાજુ વીંટળાઇ વળે છે. )

પહેલો ભરવાડઃ—
અરે રામ! કોઇ સારૂં માણસ છે, અહિં કયાંથી આવી ચડયું હશે!

બીજો॰ એ પછી વિચાર કરજો. ખાટલો ઢાળો ને ગોદડું નાંખો.
( બીજા ભરવાડ ખાટલો ઢાળે છે ને ગોદડું નાંખે છે. નંદયંતીને તે પર સુવાડે છે.

બીજી ભરવાડણઃ—
બાઇના વાંસામાં ખુબ છોલાયું છે. ત્યાં હળદર ભરો.

પહેલી॰ અને આખી રાત શેક કરો એટલે કળ વળી જશે.
( એક બાઇ હળદર લાવીને ભરે છે, બીજી માટીની ઠીબમાં થોડા દેવતા લાવે છે. શેક કરવો શરૂ કરે છે. થોડા વખત પછી...... )

નંદ॰ ભાઇ! આપ બધા કોણ છો? અને મારી આજુ બાજુ કેમ વીંટળાઇ વળયા છો?

પહેલો ભરવાડઃ—
બેન! ગભરાશો માં. આ તમારૂંજ ઘર સમજજો.

નંદ॰ પણ હું કયાં છું?

બીજો॰ તમે તમારા ઘરમાંજ છો.

નંદ॰ હું કયા સ્થળે છું?

પેલો॰ તમે વિંધ્યાટવીની એક ખીણમાં છો. આ અમારો નેહડો છે.

પેલી॰ ભરવાડણઃ—
બેન! તમે સુઇ જાવ, હજી તમને આરામ નથી થયો!

નંદ॰ બેન હવે મને કાંઇ નથી. શરીર થોડું દુઃખે છે. પણ ચિંતા કરવા જેવું નથી. ભલી બહેનો! તમારો ઉપકાર હું કયારે વાલીશ?

૩ જી॰ અરે બેન! અમે શું માનવી નથી? એમાં તે શું મોટું કરી નાંખ્યું?

નંદ॰ તમારો ઉપકાર જીવનભર નહીં ભૂલું. ( બોલતાં બોલતાં બંધ થાય છે–દુખાવો વધે છે. )

બીજી॰ ખરેખર! બાઇ કોઇ રતન છે હો?

અપૂર્ણ.

---

'The only reward of virtue is virtue; the only way to have a friend is to be one.'

—Emerson.

# જૈનોને સરદાર વલ્લભભાઇનો પડકાર.

## 'કરોડો ભુખે મરતાઓને રોટી આપો.'

સદ્‌ગત જૈન આચાર્ય શ્રી વિજય ધર્મસુરિજીની નવમી સંવત્સરી ઉજવવા માટે મુંબઇના જૈનોની જાહેર સભા ગયા શુક્રવાર તા. ૨૫-૯-૩૧ સવારના (૮ કલાકે) ટાઉન હૉલમાં રાષ્ટ્રપતિ સરદાર વલ્લભભાઇ પટેલના પ્રમુખપણા નીચે મળી હતી.

શરૂઆતમાં બાળાઓએ પ્રાર્થના કરી હતી.

**મુનિશ્રી ન્યાયવિજયજીનું ભાષણ.**

ન્યાયવિશારદ ન્યાયવિજયજીએ જણાવ્યું કે મહાન જૈનાચાર્યની જયંતી ઉજવવામાં રાષ્ટ્રપતિ સરદાર વલ્લભભાઈ પધારે એ શુભજ ગણાય અને તેથી સોનું ને સુગંધ સાથે મળ્યાં છે. તે પછી આચાર્ય શ્રી વિજય ધર્મસુરિજીની જીંદગીનો ઇતિહાસ જણાવતાં કહ્યું કે કાઠીયાવાડના તેઓ વતની હતા અને બાળપણે જુગાર અને સટ્ટો કરતા હતા. એક વખત જુગારમાં દાગીના ગુમાવી નાખ્યા તે પછી તેમને મા બાપે પુષ્પાંજલી આપી ત્યારથી ૧૯ વરસની ઉમરે તેમને વૈરાગ્ય ઉપજ્યો હતો. આખા હિંદ ઉપરાંત યુરોપ અને અમેરીકામાં પણ તેમની ખ્યાતિ ફેલાઈ રહી છે. અને તેમણે જૈન ધર્મનો ખુબ પ્રચાર કર્યો છે. જૈન ધર્મની ખરી પરિસ્થિતિનો ખ્યાલ આપતાં જણાવ્યું કે જૈન ધર્મ ત્યાગ અને અહિંસા ઉપર રચાયેલો છે. જેના હૃદયમાં જીવદયા અને અહિંસા વસી છે તે ચાહે તો જૈન હો, ઢેડ હો કે ભંગી હો, પણ તેજ સાચો જૈન છે. આત્મ વિકાસમાં ચડે તેવું જીવન ગાળે અહિંસા સત્ય અને સારૂં ચારિત્ર ધરાવે તેજ ઉચ્ચ કોટીનો મનુષ્ય છે. મહાત્મા ગાંધી સાચો જૈન છે. સાચો વીર છે એ મુઠીભર હાડકાનો દરિદ્રનારાયણોનો પ્રતિનિધિ થઇને સમુદ્ર ઓળંગી વીલાયત ગયો છે. વિજય ધર્મસુરિજીને કેટલાક નરેશો નમ્યા છે. બનારસના મહારાજાએ તેમને શાસ્ત્ર વિશારદનું પદ અર્પણ કર્યું હતું. સીલોનની બૌધ પ્રજાને તેમણે જૈન ધર્મનો સંદેશો પહોંચાડ્યો છે. તેમણે જૈન સાહિત્યની પ્રતિષ્ઠા વધારી છે. ફ્રેંચ વિદ્વાન હેલે તેમને છેલે મળ્યો હતો.

છેવટમાં એટલું જણાવીશ કે દેશમાં સંઘટન થવાની જરૂર છે અને આત્મશુદ્ધિ થવાની અને આપણે સર્વેએ પ્રેમમાં બદ્ધ થઇ જવાની જરૂર છે.

**સરદારનું ભાષણ.**

સરદાર વલ્લભભાઇએ ભાષણ કરતાં જણાવ્યું કે આજ ઉત્સવ નિમિતે પ્રમુખસ્થાન લેવા મને કહેવા આવ્યા ત્યારે તે આજ્ઞા મેં માથે ચડાવી. આ પ્રસંગે પ્રમુખસ્થાન લેવાની લાયકાત મારામાં નથી. તે હું જાણું છું છતાં સંઘ તરફથી જે આજ્ઞા થઇ તે જૈન મુનિઓ પણ માથે ચડાવે છે. તો મારા જેવા પામરથી કેમ ના પડાય તેથી મેં આ પ્રમુખસ્થાન લીધું છે. સૌરાષ્ટ્રદેશ રત્નોની ખાણ છે. જગતમાં એવા થોડીક પવિત્ર ભૂમિઓ છે જ્યાં રત્નો પેદા થયા છે. સૌરાષ્ટ્રમાં મુનિ મહારાજ વિજયધર્મસૂરિજી પેદા થયેલા છે તેમના જીવનની રૂપરેખા મુનિજીએ આપી છે. મહાન પુરૂષના ગુણો ગાવા એ આપણું કર્તવ્ય છે. ઇમ્પીરીઅલ બેન્કમાં ઢગલાબંધ નાણાં પડેલા છે પણ તેના ગવર્નરને તો પોતાના પગાર જેટલાજ કામ લાગે છે તેવીજ રીતે જૈન મુનિઓએ વ્યાખ્યાનો સંભળાવી કાન બેરા કુંડ કરી દીધા છે પણ મુનિઓ શું કરે? પુસ્તકો શું કરે? જ્યાં સુધી તમારો અધિકાર કેટલો છે તે નહી સમજો ત્યાં સુધી કશું નથી. મુનિશ્રીનું જીવન આપણી સમક્ષ પડેલું છે. જૈનો તે જાણે છે પણ જેમ બેંકનો કલાર્ક તેની મર્યાદા પ્રમાણે ગ્રહણ કરે તેમ તમને તમારા અધિકાર પ્રમાણે લેવાનું છે જૈન કોમમાં જન્મ નહી થવા છતાં જૈન બેંકમાં બીજાઓ પોતાના નાણાં જમે મુકી રહ્યા છે. જૈન ધર્મ ઈન્દ્રીઓનો નીગ્રહ કરવા કહે છે. જ્યારે આવા મહાન પુરૂષની જન્મ તિથિ ઉજવવા આપણે ભેગા થયા છીએ તો આપણે નિશ્ચય કરવો જોઇએ કે આપણે કંઇકને કંઇક તેને પથે ચાલીશું તોજ સાર્થક છે. નહી તો મારો અને તમારો વખત વ્યર્થ ગયો સમજવો. જો તમને અત્રે બેસવા છતાં બેંક ક્યારે ખુલે તે તરફ દ્રષ્ટિ હોય તો બધું નકામું છે. જૈન ધર્મ દેહરખું નથી.

જૈન ધર્મએ સર્વોપરી ધર્મ ગણાય છે. અહિંસા પરમો ધર્મ એ તેનું મહાન સૂત્ર છે. અહિંસા એ કાયરોનો ધર્મ હોય તો તે સિદ્ધાંતને છોડી દેવો. એ ધર્મના મુખ્ય સિદ્ધાંતના પોકળ પ્રચારને લીધે આપણને કલંક લાગ્યું છે. આજે જગતને અહિંસાનો સિદ્ધાંત શિખવનાર મહાન પુરૂષ મળ્યો છે. તે હિંદનું મહાન ભાગ્ય છે. તેનો બાંધો નબળામાં નબળો માણસ કુસ્તી ખેલે તો તેને દંશ ગુલાંટ ખવડાવી દેવાય તેવો છે. એ **મહાત્મા ગાંધી** આજે જગતમાં જૈન ધર્મની દીપાવી રહ્યા છે. (તાળીઓ) જૈન ધર્મની મોટામાં મોટી વિભુતીએ બતાવી આપ્યું છે કે અહિંસા ધર્મ કાયરોનો ધર્મ નથી પણ બહાદુરોનો ધર્મ છે. સમગ્ર દુનીયાનો નાશ કરવાની તાકાત ધરાવનાર, અસુરી વીદ્યાનો અખુટ ખજાનો ધરાવનાર એવી મહાન સલ્તનત સામે માત્ર આત્માની શક્તિના અવાજથી સામે થઇ હંફાવી આમંત્રણ મેળવ્યું છે, એ હિંમત, એ બહાદુરીનું અનુકરણ કરવું ઉચિત છે.

**ડરપોકોને ચીમકી.**

ચોર આવતાની સાથે ડરી જાય છે, ચાદર માથે ઓઢે છે, તિજોરી લુંટાવા દે છે, પોતાની પરણેતરની કે બેન દીકરીની ઇજ્જત સાચવવાની શકિત નથી એ શું કરી શકશે? અહિંસા પાળનારા જૈન મહાન વીરપુરૂષો હોવા જોઇએ. હું એવું કાંઇ બોલું કે જેથી જૈન કોમમાં ભડ ભડાટ થાય તો તેથી મને દુઃખ થાય માટે હું તે ઝગડામાં પડવા ઇચ્છતો નથી. જૈન ધર્મ દયાનો સાગર છે. હું મુઝાઉં છું કે જૈન આચાર્યોને કલેશ થાય તો? જબરજસ્તિથી દીક્ષા આપનારા જૈનોમાં આવા આચાર્યો પેદા થાય એ શુભ છે? આજની જયંતીવાળા આચાર્ય નાનપણમાં જુગારી હતા તેથી શું? આવા ઝઘડાથી આપણી શોભા નથી. તમારી ઉદારતાનો લાભ લઇ જે કહ્યું તે માટે મને ક્ષમા કરશો.

**જૈન કોમનો સાચો સિપાઇ.**

હું જૈન કોમનો સાચો સિપાઇ થવા ઇચ્છું છું. (તાળીઓ) તે છતાં મારા કહેવામાં દોષ હોય તો ગુસ્સે ના થશો. મારી અજ્ઞાનતા ઉપર તમો ગુસ્સે કેમ થાઓ? લડાઇ

દરમ્યાન અમદાવાદનાં જૈનોએ મને આમંત્રણ આપ્યું. મેં ભાષણ કર્યું પણ તેથી કેટલાકને દુઃખ થયું હતું એમ પાછળથી મને ખબર પડી. આજે તેથી મને એમ થયું કે આજે હું જઇને ત્યાં શું કરીશ. તેમને દુઃખ થશે તો? તેથી મેં નિશ્ચય કર્યો કે હું તો તેમને રાષ્ટ્રધર્મ વિષેજ શીખવી શકું. હું આજે તમારી પાસે જે વસ્તુઓ મુકું છું તે જો વૃદ્ધોને પસંદ ન પડે તો નવજુવાનોએ તે પાળવી એ તેમની ફરજ છે. વળી જુવાનોને હું કહું છું કે તમે જૈન ભંડારમાંથી શક્તિ મેળવી તૈયાર થજો. જૈન ધર્મ પાળી તમે હિંસા કરશો નહિ પણ જૈન ધર્મની રક્ષા કરજો. તમારા દીલમાં દયાનો વાસ હોવો જોઇએ. **આપણા ધર્મના ભાઇઓ ઉપર પ્રેમ નહી હોય તો તમે જગતના જીવો ઉપર દયા શી રીતે દાખવશો?** મેં કહ્યું છે કે જૈન ધર્મ વીરોનો ધર્મ છે અને તેથી કાયરતાનો ગુણ દુર કરવો એ ફરજ છે. બીજી વાત અહિંસાની છે. જૈનો અમદાવાદમાં કુતરાને મારી નાંખતા બચાવવા પશુપક્ષીઓ પાળવા અઢળક ધન ખરચે છે. એ બધુ કરી એટલામાંજ તમારી અહિંસાની સમાપ્તિ થતી હોય તો હું તમારા હિતસ્વી તરીકે કહીશ કે અહિંસાના ધર્મમાં આપણે ભીંત ભુલ્યા છીએ તે ન સુધારીએ તો કેમ ચાલે? આપણા હિંદમાં કરોડો માણસો આપણા ભાઇ બ્હેનો છે. તે કરોડો માણસોને દીવસમાં એક વખત ખાવાનું મળતું નથી.

# સાણંદના જૈનો શું કહે છે?

અમો સાણંદ જૈન સંઘના નીચે સહીઓ કરનારાઓ આ ઉપરથી જણાવીએ છીએ કે વડોદરા સ્ટેટ તરફથી બહાર પાડવામાં આવેલા સગીર સન્યાસ પ્રતિબંધક ખરડાના ઉદ્દેશને અમે સ્વિકારીએ છીએ અને તે સંબંધમાં ઘટતા સુધારા વધારા સુચવી **શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ** તરફથી જે પગલાં ભરવામાં આવે તેને અમો સંપૂર્ણ સંમત છીએ. તા. ૧૧ મી સપ્ટેમ્બર ૧૯૩૧.

હરિલાલ મંગળદાસ મહેતા સહી દા. પોતે
આત્મારામ ખેમચંદ દા. પોતે
કેશવલાલ નાગજીભાઇ સહી દા. પોતે
શાંતીલાલ ધનજીભાઇ ગાંધી દા. પોતે
ડૉકટર વર્ધમાન ગુલાબચંદ દા. પોતે (એમ. બી. બી. એસ.)
શાંતીલાલ વાડીલાલ શાહ દા. પોતે
મેતા મણીલાલ મનસુખભાઇ દા. પોતે
શાહ હરીલાલ મણીલાલ સહી દા. પોતે
બુધાલાલ યુ. મહેતા
મેતા જેઅચંદ માનચંદ સહી દા. પોતે
મેતા કેશવલાલ મનસુખભાઇ દા. પોતે
શા. હકમચંદ પરસોતમ સહી દા. પોતે
અમરતલાલ જેસંગભાઇ સહી દા. પોતે
મહેતા કાન્તિલાલ પદમશી
મહેતા નેમચંદ રાયચંદભાઇ દા. પોતે
સંઘવી વખતચંદ વેલસી સહી દા. પોતે
મહેતા કાન્તિલાલ રાયચંદભાઇ દા. પોતે
મહેતા મણીલાલ મોહનલાલ દા. પોતે
શા. ભાઇચંદ માણેકચંદ સહી
શેઠ શાન્તીલાલ મોહનલાલ સહી
ઓધવજી માવજી દા. પોતે
શા. રવચંદ ચતુરભાઇ સહી દા. પોતે
ગાંધી મોહનલાલ ખેમચંદ દા. પોતે
મણીલાલ મુળચંદ દા. પોતે
નરસીભાઈ જીવરાજ સહી દા. પોતે
શા. કાલીદાસ મકન સહી દા. પોતે
મેતા હીમતલાલ સકરચંદ સહી દા. પોતે
મેતા મંગલદાસ મણીલાલ સહી દા. પોતે
શેઠ છગનલાલ ભીખાભાઇ સહી દા. પોતે
શા. બબાભાઇ પદમશી સહી દા. પોતે
બંગડીઆ હરગોવન જીવણ દા. પોતે
મેતા નાથાલાલ ચુનીભાઈ દા. પોતે
મેતા પરસોતમ હાથીભાઈ સહી દા. પોતે
મેતા કેશવલાલ જેસીંગભાઈ
ગાંધી રાયચંદ હઠીસંગ દા. પોતે
ગાંધી હરીલાલ વાડીલાલ દા. પોતે
શા. હીરાજી વાલાજી
મેતા મગનલાલ કાલીદાસ દા. પોતે
શાહ રતિલાલ ભુરાભાઇ
શાહ હરીલાલ ગણેશ
શા. મોહનલાલ પીતાંબર દા. પોતે
મહેતા નેમચંદ ચુનીલાલ સહી દા. પોતે
સંઘવી ખેમચંદ ટોકરશી સહી દા. પોતે
મહેતા જેસંગભાઇ હઠીસંગ દા. પોતે
મેતા મોહનલાલ ગફલભાઇ દા. પોતે
શા. કાલીદાસ મેઘજીભાઇ
શા. મણીલાલ વાડીલાલ સહી દા. પોતે
મેતા ધનજી મુળચંદ સહી દા. પોતે
ગાંધી મફતલાલ ડાયાભાઇ દા. પોતે
મેતા પોપટલાલ વાડીલાલ
ગાંધી વાડીલાલ ત્રીકમલાલ
ગાંધી ચુનીલાલ ત્રીકમભાઈ દા. પોતે

### જૈન ધર્મ શું શીખવે છે?

આપણો ધર્મ એમ શીખવે છે કે પશુ પક્ષીઓ જાનવરોની રક્ષા કરવી. અને મનુષ્યોની રક્ષા કરવી. અનેક ભાઇઓ અને બ્હેનોને તો ઇજ્જત ઢાંકવા માટે પણ કપડું મળતુંજ નથી. આ જગતમાં અનેક ભાઇઓ અને બ્હેનો અહિંસાનો ધર્મ પાળે છે. આપણે પોતાના વેપાર, પહેરવેશ અને કર્મથી હિંદના કરોડો બ્હેનોને ભુખે મારીએ છીએ. જીવજંતુઓને ધર્મ કરવો એજ ફક્ત અહિંસા નથી. પોતાની ભુલ સુધારો.

### કામધેનુ રેંટીયો.

માહાત્મા ગાંધીએ આ વસ્તુનો ૧૫ વરસ અભ્યાસ કરીને કહ્યું છે કે આપણો કામધેનું જેવો રેંટીયો ચલાવી તેઓની રોજી ચાલું ન કરીએ ત્યાં સુધી અહિંસા ગણાય નહી. તમારો મુખ્ય ધર્મ એ છે કે ગરીબોની તુટી ગયેલી રોજી પાછી આપવી.

### જૈન બ્હેનોને કોણ સમજાવે.

બારીક કપડાં પહેરવાં એ જૈન ધર્મની વિરૂદ્ધ છે તે બ્હેનોને કોણ સમજાવી શકે! આપણે સાધુઓ પાસે સંયમ શીખવા જઇએ છીએ. તો જૈન બ્હેનોનો ધર્મ એ છે કે ઝુપડીમાં રહેનારે કાંતેલી જાડી ખાદીનાં કપડા પહેરવા. જૈન બ્હેનો માને છે કે આપણી પાસે ધન છે તેથી આપણે ગમે તે કપડાં પહેરીએ. જૈન બ્હેનોને મારી નમ્ર પ્રાર્થના છે કે તમારે હાથે વણાયેલું અને હાથે કાંતેલુ કપડુ પહેરવું. કપડાંની કંઇ કીંમત નથી. હાથે વણેલી ખાદી પહેરી શહેનશાહની પાસે આજે તે મહાપુરૂષ ગયો છે.

છેવટે જણાવ્યું કે મેં જેટલી વાતો કરેલી છે તેની ઉપર લાંબો વિચાર કરશો.

# —ચર્ચા પત્ર—

## સાણંદના 'જૈન સંઘના કહેવાતા આગેવાનો' ખુલાસો કરશે કે?

મુંબઇ સમાચારના તા. ૨૮ મી ના અંકમાં ' દીક્ષા પ્રતિબંધ નીબંધ " માટે સાણંદના શ્રી જૈન શ્વે. મુ. સંઘ તરફથી થયેલ કહેવાતા ઠરાવની જે બીના પ્રગટ થયેલી છે. તે માટે ગેરસમજુતી ન ફેલાય તેથી કરીને નીચેનો હેવાલ મોકલી આપવાની અમારી ફરજ જણાવાથી આપના તરફ મોકલેલ છે, જે સત્ય હકીકત આપના ચાલુ પેપરમાં પ્રગટ કરી આભારી કરશો.

"દીક્ષા પ્રતિબંધ નીબંધ" માટેનો થયેલ ઠરાવ શ્રી સાણંદના સમગ્ર સંઘ તરફનો નથી પરંતુ અમુક સોસાયટીના સભ્યો તરફથી થયેલ છે. અને તે ઠરાવમાં સહીયો કરનાર બીન ઉમરના તેમજ સોસાઇટીના લાગતા વળગતા છે.

આ ઠરાવ કરવા માટે શ્રી સાણંદના સંઘે કોઇને કોઈપણ જાતની સત્તા આપેલ નથી તેમ સંઘના નામે ઠરાવ પાસ થયો નથી. તેમ સંઘના મીટીંગ પણ મલી નથી. એ ખરડા સંબંધી જૈન શ્વે. કો. ની વલણને ટેકો આપનારૂં સંખ્યાબંધ સહીયો સાથેનું એક નીવેદન શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ તથા બરોડા સ્ટેટને મોકલી આપેલ છે જે ઉપરથી સત્ય માલૂમ પડે છે કે એવો કોઇપણ ઠરાવ કરવાને કોઇએ શ્રી સંઘને સત્તા આપેલ નથી તેમ તેવા ઠરાવ થયેલ પણ નથી.

નાં. ૧ લા ના સહી કરનાર "આગેવાન ગ્રહસ્થ" સોસાઇટીના પ્રમુખ છે કે જેઓની ફરજ અદા કરવા માટે તેઓની કમીટીના કેટલાક મેમ્બરો તરફથી (શ્રી પાર્શ્વનાથ ભગવાનના દેરાસરમાંથી થયેલ રૂા. ૫૦૦૦) નો માલ ગુમનો) તપાસ કરવા માટે તેઓને પ્રમુખ તરીકે સત્તા સોંપવાનો ઠરાવ થયેલ છતાં તેવા કાર્યમાં ભાગ નહિ લેતાં તેઓએ તેમાંથી "આગેવાન ગ્રહસ્થ" હોવા છતાં રાજીનામું શા માટે આપ્યું અને પાછું પણ ખેંચી લીધું?

નાં. ૨ જા ની સહી કરનાર "આગેવાન ગ્રહસ્થ" પ્રાણલાલ ઉર્ફે પદ્મસાગર મહારાજ કે જેઓ હાલમાં અમદાવાદ આણંદસાગર સુરીજી પાસે રહે છે. અને જેઓના ઉપર તેઓના સાસરીયા પક્ષે બાઇના ભરણ પોષણ માટે માસીક રૂા. ૨૫) મેળવવા અમદાવાદની કોર્ટમાં ફરીયાદ કરેલ છે. તેજ પ્રાણલાલને સુરત મુકામેથી ઉડાવી લાવવામાં મદદગાર બની અમદાવાદ ઉડાવી લાવેલા કે નહી? તેમજ થયેલ ઠરાવ શ્રી સંઘના નામે તેઓની 'આગેવાન ગ્રહસ્થાઇ" નીચે થયેલ છે કે કેમ તેનો ખુલાસો તેઓ બહાર પાડશે? વિશેષમાં તેઓશ્રીના આગેવાન વહીવટ નીચે દેરાસર વિગેરે ખાતાના ધર્માદા ટ્રસ્ટ વહીવટની મીલ્કતમાંથી કેટલા હજારો રૂપીયાની રકમ પોતાના લાગતા વળગતાઓ પાસે ડુબેલા જેવી છે તેનો કાંઇ ખુલાસો કરશે ખરા?

નાં. ૩ ને ૪ થાની સહી કરનાર, "આગેવાન ગૃહસ્થો" જણાવશે કે પોતે આગેવાન કયારથી થયા? એ હોદ્દો કોના તરફથી તેઓને સુપ્રત થયો? તેઓની આગેવાન ગૃહસ્થાઈ નીચે પોતાના હસ્તક કયા કયા પ્રકારના શુભકાર્યો થયા? થયેલ ઠરાવ શ્રી સંઘના નામે કયારે અને કોની આગેવાન ગૃહસ્થાઇ નીચે કયાં મુકામે થયેલો? તેનો ખુલાસો કરશે?

કહેવાતો ઠરાવ રજુ કરનાર સોસાયટીના સેક્રેટરી છે. તેઓ સાહેબના સાળા (વીરમગામવાળા-મણીયાર) કે જેઓ થોડા વખત ઉપર દીક્ષા લેવા માટે શ્રી ભક્તિવિજયજી મહારાજ પાસે હારીજ મુકામે ગયેલા અને ત્યાંથી તેઓના ધર્મકાર્યમાં ભંગ પડાવી ઉડાવી લાવી-પોતાના પાસે હજુ સુધી રાખેલા તેમજ શ્રી ભક્તિવિજયજી મહારાજ વિરૂદ્ધ પણ ઘણાં લેખો જાહેરમાં આપેલા! આ સાહેબ સહી કરવા છતાં પોતાના (સાળાને) કયારે દીક્ષા અપાવશે? તેનો કઇ ખુલાસો કરશે?

તા. ૨૯-૯-૩૧ લી૦ જાણકાર,

---

(અનુસંધાન પૃષ્ઠ ૧૪૭ ઉપરથી)

એક સભ્યે જૈન દીક્ષા પ્રતિબંધક નિબંધ રજુ કરવા ઇચ્છા જણાવી પણ તેવો નિબંધ એક ફિરકા માટે ન કરતાં સમગ્ર ધર્મોમાં સગીરને અપાતી સંન્યાસ-દીક્ષા માટે દરેક ધર્મને લાગુ પડે એવી જાતનો સર્વગ્રાહી નિબંધ ગાયકવાડ સરકારે ઘડવા માટે અનુમતિ આપી ને ઘડાયો તેમાં તે સરકારે પોતાની પ્રજાપ્રત્યેનો ધર્મ બજાવ્યો છે એમ કહી શકાશે કારણ કે તેવા કાયદા વગર પોતાના રાજ્યમાં સંન્યાસ દીક્ષા અંગે થતી અનર્થપરંપરા નાબૂદ નહિ થાય એમ તેનો ચોક્કસ અભિપ્રાય થયો લાગે છે અને એ માટે કારણ આપણા જૈનોએ આપ્યું છે. કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિએ સર્વના વિચારોને તક આપી-ધ્યાનમાં લઇ જે ઠરાવ કર્યો છે તે દરેક સમજુ જૈન સ્વીકારશે.

—મોહનલાલ દ. દેશાઇ.

### ઉપદેશકનો પ્રવાસઃ—

**ગિરજાશંકર જ. પંડિત**—મારવાડમાં **રાણીથી** નિકલી **ખુડાલા** ગયા હતા જ્યાં પ્રાંતિક મંત્રી સાથે પ્રચાર કાર્ય અંગે વિચારણા કરી હતી. ત્યાંથી **શિવગંજ** અને **ઉમેદપુર** જઇ અનુક્રમે શ્રી હર્ષ વિજયજી મહારાજ અને પંન્યાસ શ્રી લલિત વિજયજી મહારાજને મલ્યા હતા. ઉમેદ પાર્શ્વબાલાશ્રમની પણ મુલાકાત લીધી હતી. ત્યાંથી **પાદરલા, કવરાડા,** જઇ સંઘ સમક્ષ મુનિશ્રી સૌભાગ્ય વિજયજીના અધ્યક્ષપણા નીચે કૉન્ફરન્સ સંબંધે વિવેચન કર્યું. **ચાંદરાઇ, થુંબા, અગવરી,** ગુડા અને **હરજી** જઇ સંઘને કૉન્ફરન્સ સંબંધી હકીકતો સમજાવી તેના ઠરાવોના પ્રચાર માટે સભાઓ ભરી ભાષણો આપ્યા હતા. **ચાદરાઇમાં** 'માનવ ધર્મ' અને 'જૈન ધર્મની મહત્તા' એ વિષયો ઉપર અસરકારક ભાષણો થયા હતા. ગુડામાં શ્રી રાજ વિજયજી સાથે જીવદયા જ્ઞાન પ્રસારક મંડળ અને સેવા સમિતિ સંબંધે ચર્ચા કરી જૈન પાઠશાળાના વિદ્યાર્થીઓની પરીક્ષા લઇ ધાર્મિક શિક્ષણ અંગે યોગ્ય સૂચનાઓ કરી હતી. પ્રાંતિક મંત્રી અને શ્રી ભીકમચંદજીએ પણ કેટલાક સ્થળે સાથે આવી કૉન્ફરન્સના કાર્યમાં મદદ કરી હતી.

# जैन युग.

वीर संवत् २४५७. हिन्दी विभाग. ता. १-१०-३१.


## संन्यास दीक्षा प्रतिबंधक निबंध.

### ❀ एक समीक्षा. ❀

समाजमें आज जो अशांति-छिन्न भिन्न दशा दृष्टिगोचर होती है उसका एक कारण दीक्षाकी दुकानदारी है! दीक्षाके दो चार पीठ-दीक्षा पीठोंमे जो समाजको शरमिंदा करनेवाले कृत्य हो रहे हैं उनसे अब शायद ही कोई व्यक्ति अज्ञात होगी? इस दशाकी रोकनेके लिए थोडे वर्षोंसे युवक आगेवान नेता आगाही कर रहे हैं। जुन्नर कॉन्फरन्सके अधिवेशनने इस प्रश्नकी महत्वता स्वीकारकर एक ठहराव पास किया था जिसमें संबन्धी और संघकी सम्मतिके उपरांत योग्य जाहेरातका प्रतिबन्ध रखा था। यह ठहराव कितना आवश्यक और दीर्घ दर्शीथा यह अब समाज समझ सका है। वडोदरा राज्यमें संन्यास दीक्षा प्रतिबंधक निबंध-प्रकाशित किया है और इस प्रकार करनेसे दीक्षा-अयोग्य दीक्षापर प्रतिबंध रख समाजमें शांति फैलानेका एक स्तुत्य कार्य किया है।

वडोदरा राज्यको यह करनेका मौका क्यों प्राप्त हुआ? नाबालिग-सगीरकी मिल्कतकी गेर व्यवस्था नहीं हो और ऐसी अयोग्य दीक्षासे जो अनेक अनर्थ होते हैं वे बंध हो इस हेतुसे कायदा करनेकी जरूरत पडी हो ऐसा मालुम होता है। यदि समाजके नेता अपने घर बैठे इन झगडोका निकाल कर लेते तो आज राज्यकी ऐसे विषयोंमे हस्तक्षेप करनेकी आवश्यक्ता नहीं थी। परन्तु यह नहीं बना। अपने लडकेको चुराकर-भगाकर कोई लेजाता तब राज्यका शरण लेनेका सूझता परन्तु अन्य किसी व्यक्तिके यहां यदि ऐसा बनाव बने तो सब चुप किदी लगा रखते। गुजरात-काठियावाड-मालवा-मेवाडमें दीक्षाए दिलानेके लिए अनर्थ हुए हैं उन सबकाही आज यह परिणाम नहिं है क्या। यदि आजभी हम इस प्रकारके नियमको स्वीकार न करेंगे तो समाजकी नाव न मालुम कहां झोला खाये करेगी-समझ नहीं आता।

इस प्रकारकी परिस्थितिमें हमारा क्या कर्तव्य है। हम सच्चे जैन धर्मके और समाजके सेवक हैं तो हमें दीक्षा विषयक नियम बनाकर उसका स्वीकार साधु-साध्वी-श्रावक श्राविकाओंसे करानेके लिए तनतोड प्रयत्न करना चाहिए। हमारी महासभाने वडोदरा राज्य दीक्षा प्रतिबंधक निबंधके लिए जो सूचनाए की है उनका संपूर्ण समर्थन कर सब जगहसे-संघ और मंडल आदिकी मिटींग कर उन सूचनाओंको पुष्टि मिले इस प्रकार ठहराव पास कर पत्र द्वारा वडोदरा राज्यके न्यायमंत्री पर भेज देना चाहिए।

महासभा-कॉन्फरन्सकी सूचनाए संक्षेपमे यह हैं।

१ कायदेका नाम "सगीर संन्यास दीक्षा प्रतिबंधक निबंध" रखना.

२ सगीरना बालिककी उम्मर वडोदराके कायदेमें ठहराई हुइ रखना. सगीर सूचना ५ अनुसार दीक्षा ले सकेगा.

३ अगर कायदेका कोइ अनादर करे तो शिक्षा होना आवश्यक है. शिक्षा-वडोदरा राज्यने सूचितकी है उससे कम करना.

४ वडोदरा राज्यका वतनी बहार सगीरको दीक्षा दिलावे तो उसे शिक्षा होना चाहिए.

५ जो किसीभी सगीरको वो जहांका वतनी हो वहांके श्री श्रावक संघ या जहां दीक्षा लेना हो वहांका श्री संघ तथा उसके माता-पिता-स्त्री आदि संबन्धीओंकी सम्मति प्राप्त हो और दीक्षाकी योग्य जाहेरात हो तो डिस्ट्रिक्ट मेजीस्ट्रेटके पास इन बातोंकी खात्री कराकर प्रमाणपत्र प्राप्त करे तो वह दीक्षा गुन्हेंमे शामिल नहीं होगी।

उपरोक्त सूचनाए वर्तमान परिस्थितिको देखते अत्यंत आवश्यक हैं। सूचना नंबर ५ से किसीभी प्रकारका आवश्यक्ता से अधिक प्रतिबन्ध दीक्षा लेनेवाले पर सगीर नहीं है यह स्पष्ट ही है। सगीरकोभी दीक्षाके लिए अमुक शर्तोंके पालन करनेपर बंधनसे रहित रखा है। इसमें चुराना-भगाना नहीं हो सके यही मुख्य आशय प्रतीत होता है।

जैन समाज और आगेवान और युवकगण कॉन्फरन्स महादेवीकी सुचनाओंको समझकर उनका समर्थन करे और दीक्षाके आदर्श जीवनको सुंदर और निर्मल बनाकर समाज सेवा करनेमे पीछे नहीं हठे यही प्रार्थना!

**मालवा निवासी.**


Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay 3.

Regd. No. B 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jaina Yuga.

( શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર. )

વાર્ષિક લવાજમ
રૂપીઆ બે.

તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ.
[ મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ. ]

છુટક નકલ
દોઢ આનો.

વર્ષ { જુનું ૬ ઠું. નવું ૧ લું. }

તા. ૧ લી અકટોબર ૧૯૩૧.

{ અંક ૧૯ મો.

- મુખ્ય લેખકો -

શ્રી મોહનલાલ દ. દેશાઈ, બી. એ. એલએલ. બી. એડવોકેટ.

,, મોતીચંદ ગિ. કાપડીઆ, બી. એ. એલએલ. બી. સોલીસીટર.

,, ઉમેદચંદ ડી. બરોડીઆ, બી. એ.

,, હીરાલાલ હાલચંદ દલાલ બાર-એટ-લૉ.

-સુચનાઓ-

૧ આ પત્રમાં પ્રકટ થતા લેખો માટે તે તે લેખના લેખકોજ સર્વ રીતે જોખમદાર છે.

૨ અભ્યાસ મનન અને શોધ-ખોળના પરિણામે લખાયેલા લેખો વાર્તાઓ અને નિબંધોને સ્થાન મળશે.

૩ લેખો કાગળની એક બાજુએ શાહીથી લખી મોકલવા.

૪ લેખોની શૈલી, ભાષા વિગેરે માટે લેખકોનું ધ્યાન ' જૈન યુગની નીતિ-રીતિ ' પ્રત્યે ખેંચવામાં આવે છે.

૫ આ પત્ર દર મહિનાની પહેલી અને પંદરમીએ પ્રકટ થાય છે.

પત્રવ્યવહાર:-

તંત્રી—જૈન યુગ.
ઠે. જૈન શ્વેતાંબર કૉ. ઓફીસ
૨૦, પાયધુની-મુંબઈ ૩

## વડોદરાના સંન્યાસ દીક્ષા પ્રતિબંધક નિબંધ અંગે મળેલા કેટલાક જાણવા જોગ અભિપ્રાયો.

# જામનગરના શ્રી જૈન સંઘનો પત્ર.

મે. ધી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ સેક્રેટરી સાહેબ-હજુર.

શ્રી જામનગરથી લિ૦ જૈન શ્વેતાંબર સંઘના જયજીનેંદ્ર વાંચશોજી.

શ્રી વડોદરા રાજ્યે સંન્યાસ દીક્ષા પ્રતિબંધક ધારો કર્યો છે, તે કામ ઘણું સ્તુત્ય છે, સગીરોની દીક્ષાથી ઘણા માઠા :પરિણામ આવ્યાં છે, અને આપણા સંઘમાં તેથી મહાન કલેશ, ઉત્પન્ન થયો છે; આ સંબંધમાં અમે વડોદરા ન્યાય મંત્રી સાહેબને-ધારાનાં અનુમોદનમાં તાર આપેલ છે, તે આપને વિદિત કરીએ છીએ.: એજ. સં. ૧૯૮૮ હાલારી ભાદરવા શુદ ૧૩ તા. ૨૪-૯-૩૧.

શાહ ભોગીલાલ નારાણજી
શેઠ પ્રજારામ હરખચંદની સહી દા. પોતે
મહેતા ટોકરશી પાનાચંદની સહી દા. પોતે
છગનલાલ ભાણજી દા. પોતે
મકીમ છગનલાલ ભગવાનજીની સહી
મેતા લક્ષ્મીચંદ સંઘરાજની સહી દા. પોતે
મેતા લધુ માણેકચંદ દા. પોતે
કરસનદાસ કસ્તુરચંદ
વીકમશી ડાહ્યાલાલની સહી દા. પોતે
ભગવાનજી હેમચંદ
સુતરીઆ રણછોડભાઇ નેમચંદ
શા. નેમચંદ માવજીની સહી દા. પોતે
ઝ. ઝવેરચંદ પ્રાગજી
મોદી શવજી કશલચંદની સહી દા. પોતે
શેઠ છગનલાલ આણંદજીની સહી દા. પોતે
શેઠ પ્રતાપરાય રૂપસી સહી દા. પોતે
વ્રજલાલ જેશંગલાલની સહી દા. પોતે
રતીલાલ લધુભાઇની સહી દા. પોતે
શેઠ પદમશી રવજીની સહી દા. પોતે
ચંદુલાલ નેમચંદ
હેમતલાલ મોનજી દા. પોતે
અમૃતલાલ પોપટલાલની સહી દા. પોતે
અમૃતલાલ ખેંગાર દા. પોતે
વાડીલાલ ધક્ષ્મીચંદ દા. પોતે
જસરાજ ખેંગાર
શામજી જગજીવન

( અનુસંધાન પૃ ૧૫૦ ઉપર જુવો )

**उद्धाविव सर्वसिन्धवः, समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः।**
**न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**
**-श्री सिद्धसेन दिवाकर.**

અર્થ:-સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે; પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

સરિતા સહુ જેમ સાગરે, તુજમાં નાથ! સમાય દૃષ્ટિઓ;
જયમ સાગર ભિન્ન સિન્ધુમાં, ન જણાયે તું વિભક્ત દૃષ્ટિમાં.

જૈન યુગ.
તા. ૧-૧૦-૩૧ ગુરૂવાર.

# સગીર સંન્યાસ–દીક્ષા પ્રતિબંધક નિબંધ.

આ શ્રદ્ધાળુ અને ભક્તિ પરાયણ આર્યવર્તમાં 'સાધુ' અને 'ધર્મ' કે 'શાસ્ત્ર' એ શબ્દો એટલા પવિત્ર ગણાય છે કે એ શબ્દોનું ગૌરવ ઘટાડનારા પુરૂષોના અને પ્રથાઓના સંબંધમાં પણ કંઇ બોલવું એ ખરેખર જોખમ ભર્યું થઇ પડે છે, કારણ કે ગતાનુગતિક લોક એવા બોલવાને પણ 'નિંદા' માને છે અને 'શ્રદ્ધા' તથા 'અંધશ્રદ્ધા,' 'આસ્થા' તથા 'વહેમ,' પવિત્રતા, તથા 'પ્રપંચ' વચ્ચેનો તફાવત સમજવા જેટલી પણ તકલીફમાં ઉતરવા ઇચ્છતા નથી. એવા લોકને તો હરકોઇ ઉપદેશને 'ધર્મ' હરકોઇ વ્યક્તિને 'સાધુ' અને હરકોઇ કૃતિને 'શાસ્ત્ર' માની લઇ એ શ્રમ વગરની માન્યતાથીજ મોક્ષ મળી જશે. એમ કલ્પી લેવાની ટેવ પડી ગઇ છે. આજ કારણથી આ દેશમાં અજ્ઞાન, અશ્રદ્ધા અને અંધશ્રદ્ધા વહેમ. પ્રમાદ, કાયરતા, ભીરૂતા, નિરૂત્સાહ આદિનું જોર વધી પડેલું જોવાય છે. તથાપિ સદ્ભાગ્યે કવચિત્ કવચિત્ ધર્મશાસ્ત્રોનું રહસ્ય શોધવા અને જનસમાજ સંન્મુખ રજુ કરવા કેટલાક વિચારકો બહાર પડતા જાય છે તેથી, તથા અંધશ્રદ્ધાના સેવનથી નીપજેલાં પરિણામો એકઠાં કરવાની અને તપાસવાની દરકારવાળા કેટલાક જાહેર પુરૂષો, સુધારકો અને રાજદ્વારી નરો પોતાની તપાસથી મળેલી હકીકતો અને આંકડા પ્રજા સમક્ષ રજુ કરવા લાગ્યા છે તેથી, લોકોનું લક્ષ હવે કંઇક વસ્તુસ્વરૂપ વિચારવા પ્રત્યે દોરાવા લાગ્યું છે ખરૂં.

હિંદુસ્તાનમાં જૂદા જૂદા ધર્મના 'ગુરૂ' તરીકે પોતાને ઓળખાવનારા અને પારકી આમદાની પર જીવનારા થોડા ઘણા નહિ પણ **બાવન લાખ** માણસો છે, આમાં ખરૂં પારમાર્થિક ધર્મપરાયણ જીવન ગાળનારા કંચન કામિનીના ત્યાગી વિરલાની સંખ્યા અતિ અલ્પ જણાય છે. બાકીમાં કેટલાક તો માત્ર ભિક્ષાદ્વારાજ મોટા પૈસાદાર થઇ પડ્યા છે, કેટલાક ખુલ્લી રીતે પોતાની પાસે પૈસો ન રાખે તો પોતાના નામથી પોતાના ભક્તો પાસે ગુપ્ત રીતે પૈસા જમા રખાવતા જણાયા છે. કેટલાક અનીતિના ફેલાવનારા, કેટલાક કલેશના ફેલાવનારા અને કેટલાક તદ્દન અજ્ઞાન દશામાં સબડતા જણાયા છે. જે દેશમાં ગુરૂઓનો મ્હોટો ભાગ આવો હોય તે દેશની આર્થિક, નૈતિક કે આધ્યાત્મિક દશા સુધારવાની આશા શી રીતે રાખી શકાય? આ સ્થિતિને એકદમ દૂર કરવા માટે નસ્તર કે વાઢકામનો પ્રયોગ થઇ શકે એવો હાલમાં સંભવ નથી. જૂદી જૂદી પરિષદોમાં ઠરાવો થાય, જૂદાં જૂદાં સ્થળોએ મોટા વિચારકો–આગેવાનો બળાપાથી આ સંબંધી પોકાર ઉઠાવે છતાં તેથી તેની ખરી અને કાયમની અસર થઇ નથી. બ્રિટિશ સરકાર પરધર્મી હોઇ જો તે કાંઇ કાયદો કરીને આ સ્થિતિ દૂર કરવા ધારે તો પ્રજાજ કકળાટ કરી મૂકે કે સરકારે અમારા ધર્મને લગતી બાબતોમાં હાથ ઘાલવો જોઇએ નહિ. સુધારકો કડવાં પણ લાગણી ભર્યાં વેણો રૂપી નસ્તર ચલાવે છે તો પ્રજાના બે ટુકડા પડી જાય છે અને પરસ્પર કલેશ વધી પડે છે કે જે ઐક્યની અત્યંત જરૂરવાળા આજના દેશકાળને બહુ બાધક છે. બીજી બાજુએ મલમપટ્ટા રૂપી સીધા ઉપદેશ કે ઠરાવો માત્રથી પણ કાંઇ આ સ્થિતિ જલ્દી દૂર થાય તેમ નથી. ત્યારે હવે કરવું શુ? આ ગંભીર કોયડો છોડવાનો રસ્તો આર્યધર્મી દેશી રાજ્યો પૈકી જોધપુર રાજ્યના રીજંટ નામદાર કર્નલ પ્રતાપસિંહ બહાદુરે સને ૧૯૧૨-૧૩ મા લીધો હતો. તેણે પોતાના રાજ્યમાં કોઇપણ ધર્મની સાધુ દીક્ષા ૨૧ વર્ષની ઉમર થયા પહેલાં આપવા દેવાની મના કરનારો કાયદો ઘડ્યો અને સાધુનાં નામોનું 'રજીસ્ટર' રાખ્યું. રજીસ્ટરમાં છ માસની અંદર નામ નહિ નોંધાવનારને માટે છ માસની કેદ અને રૂ. ૧૦૦) નો દંડ ઠરાવ્યો. અને ૨૧ વર્ષની ઉમર થયા અગાઉ કોઇને દીક્ષા આપનાર માટે રૂ. ૧૦૦૦) હજાર દંડ તથા પાંચ વર્ષની કેદની સજા ઠરાવી. આ કાયદો **સર્વ** ધર્મને માટે ઘડાયો, નહિ કે કોઇ એક ફિરકા માટે. સાધુ સંખ્યા વધતી અટકાવવા વાસ્તે અને નાની વયના નામધારી સાધુઓને એ રાજ્યમાં દાખલ થતા અટકાવવા માટે આ કાયદાનો ઉદ્દેશ હતો.

આ જોધપુર રાજ્યના કાયદાને વીસેક વર્ષ થયાં ને આ કાયદો ઘડાયો ત્યારે જે કોલાહલ અત્યારે દેખાય છે તેવા પ્રકારનો થયો નહોતો. તે કાયદો રદ થયેલો જાણવામાં નથી. આવી રીતે હમણાં ગાયકવાડ સરકારે સન્યાસ દીક્ષા સગીરને માટે યોગ્ય નથી અને દીક્ષાથી સગીરના કાયદેસર હક્કો રદ થતા હતા તે રદ ન થઈ શકે એ ખાસ ઉપયોગી હકીકતવાળો નિબંધ બહાર પાડી પ્રજાના અભિપ્રાય માગ્યા છે તે સ્તુત્ય પગલું છે. આપણી કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિએ તેનો ઉદ્દેશ સ્વીકારી તે પર પત્રો લખીને સ્ટેડીંગ કમિટીના સભ્યોના અને જાહેર વર્તમાન દ્વારા સામાન્ય પ્રજાના અભિપ્રાયો મંગાવી નિવેદન ઘડવા માટે એક ઉપ-સમિતિ નીમાઇ હતી, તેના સભ્યો પૈકી મોટા ભાગના નિવેદનને કાર્યવાહી સમિતિએ સંમતિ આપી છે.

આ નિવેદન કરનારા ઉપ-સમિતિના સભ્યોએ બે દૃષ્ટિઓ ધ્યાનમાં રાખી છે. ૧ ધાર્મિક દૃષ્ટિ, ૨ કાયદાની દૃષ્ટિ.

એ ઉપરાંત જુન્નેર કૉન્ફરન્સનો ઠરાવ–તે સંસ્થા અને લોક સાથેનો સંબંધ, સમાજ કયાં સુધી જઇ શકે તેમ છે એ વિચારો પણ સાથે સાથે કરવામાં આવ્યા છે એટલે કે પોતાના સ્વતંત્ર વ્યકિતગત અભિપ્રાયને તથા સુધારાના આવેગમય આવેશને સંયમમાં રાખી કામ લેવામાં આવ્યું છે. એ માટે તેમને ધન્યવાદ ઘટે.

નિબંધમાં સગીરને દીક્ષા આપવાનું ગુન્હાહિત ઠરાવ્યું છે જ્યારે જૈન દીક્ષા લેનાર સગીરને જો અમુક ચાર સરતો પાળીને દીક્ષા અપાઇ હોય ત્યારે તેવી દીક્ષાને ગુન્હાહિત ન ગણવી એવો અપવાદ કરવામાં આવ્યો છે તેથી લોકોના મોટા ભાગને સંતોષ થશે. તે અપવાદ જુન્નેર કૉન્ફરન્સના ઠરાવ સાથે તદ્દન સંગત છે. વિશેષતા એટલી કે તે ઠરાવના ત્રણ પ્રતિબંધમાં એક પ્રતિબંધ એ વધાર્યો કે જે ગામનો વતની હોય ત્યાંના સંઘની પણ રજા લેવી. માતા પિતા આદિ સગાની રજામાં સ્ત્રીની રજા પણ સમાય છે તે સ્પષ્ટ કરવામાં આવ્યું. વતનના સંઘની, દીક્ષાસ્થાનના સંઘની, માતા પિતા સ્ત્રી આદિ અંગત સગાંની લિખિત સંમતિ અને યોગ્ય જાહેરાત થવાની–એ ચાર સરતો સચવાયા પછી તે સચવાઇ છે એવું સ્થાનિક ડિસ્ટ્રિકટ માજીસ્ટ્રેટનું પ્રમાણ પત્ર મેળવી અપાયેલી દીક્ષા ગુન્હો નહિ ગણાય. આવો અપવાદ જૈનો માટે ગાયકવાડ સરકારે કાયદો ઘડતી વખતે કરવો એવો અભિપ્રાય વ્યકત કરવામાં આવ્યો છે તેથી કૉન્ફરન્સ સગીરની કે કોઇની દીક્ષાની વિરૂદ્ધ–વિરોધી નથી એવું તેણે અગાઉ સ્પષ્ટ કર્યું હતું તે હમણાં પુનઃ સ્પષ્ટ કર્યું. યોગ્ય દીક્ષા માટે દીક્ષા લેનારનો જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય, શાસ્ત્રાભ્યાસ, ધર્માચરણ, ઉચ્ચ આદર્શજીવન ગાળવાનો દૃઢ સંકલ્પ આદિ અનેક ગુણોની જરૂર છે, છતાં તે વાત એક બાજુ રાખી સંસારને–સમાજને જેનાથી લાગે વળગે છે તેટલીજ વાતો–સંઘની અને સગાઓની સંમતિ અને યોગ્ય જાહેરાત–એ વાતો જળવાય તો દીક્ષા અપાય તો સમાજ દૃષ્ટિએ કલેશાદિ ઉત્પન્ન ન થતાં શાંતિમય વાતાવરણ બની રહે એ હેતુએ તેવી દીક્ષા યોગ્ય ગણવામાં વાંધા જેવું નથી.

પ્રવચન સારોદ્ધારની ટીકા આદિમાં દીક્ષા લેવાને અયોગ્ય એવા ૧૮ પ્રકારનો એક પ્રકાર 'બાલ' છે તેની વ્યાખ્યા આઠ વર્ષથી ઓછો તે 'બાલ' એમ જણાવ્યું. તેટલી ઉમરના માટે તો સંઘ ને સગાં બંનેની સંમતિ હોય છતાં દીક્ષા ન અપાય. તે ઉમર પછીના અને ૧૬ વર્ષથી પહેલાના બાળકને પંચકલ્પ ચૂર્ણિ અવ્યક્ત–અપ્રતિપન્ન બાળક કહેલ છે. ૧૬ વર્ષથી ઓછી ઉમરનામાં બુદ્ધિ જોઇએ તેવી વ્યક્ત–આવિર્ભૂત થતી નથી અને તેથી તેને તેના માતા પિતાની આજ્ઞા વગર દીક્ષા આપનારને–અપાવનારને સ્તેન એટલે ચોર કહેવામાં આવેલ છે. (પંચકલ્પ ચૂર્ણિનો પાઠ–જુઓ વીરશાસન તા. ૭–૨–૩૦ પૃ. ૨૮૭) પંચકલ્પ સૂત્ર ભાષ્યમાં 'અપડિપુન્નો બાલો સોલ વરિસૂણો'–સોલ વર્ષથી ઓછો તે અપ્રતિપન્ન બાલ છે એમ સ્પષ્ટ જણાવ્યું છે. આ પરથી જણાય છે કે ઉમરલાયક થવા માટે પૂર્વ કાલમાં ૧૬ વર્ષની ઉમ્મર નક્કી કરેલી હતી, અને તે બ્રાહ્મણ સ્મૃતિઓ પરથી જણાશે. હાલ બ્રિટિશ સરકારના રાજ્યમાં તે ઉમર વધારીને ૧૮ વર્ષની અને જેનો પાલક કોર્ટદ્વારા નીમાયેલ હોય તેની ૨૧ વર્ષની ગણી છે; તેથી હાલના કાયદા પ્રમાણે જે સગીર ગણાય તેને માટે તેની ઉમરલાયક થવાની ઉમર આપણે સ્વીકારવીજ ઘટે. તેટલી ઉમર માટે જે હકીકત પૂર્વે ૧૬ વર્ષથી ઓછી ઉમરનાને લાગુ પડતી તે અત્યારે લાગુ પડે. આવા સગીરની દીક્ષાથી તેના હક્કો નિર્મૂળ નહિ થાય એ સ્વીકારેલ છે તે યોગ્ય કરવામાં આવ્યું છે, પરંતુ તે ઉમરલાયક થાય ત્યારે જો 'ડેકલેરેશન' કરે તો 'પ્રવ્રજિત થયેલાના સર્વ હક્કો નાબુદ થાય છે' એ નિયમ તે વખતે લાગુ પડે એ પણ મૂકવામાં આવ્યું છે.

કેટલાક એમ કહી શકે કે કાયદો બધા ધર્મોને માટે છે અને જૈનો તે પૈકીના હોવા છતાં પોતે એમ જણાવે કે અમારી દીક્ષાને એ કાયદો ગુન્હો ન ગણે એવો અપવાદ કરવો તે યોગ્ય નથી અને સરકાર તેવો અપવાદ નજ સ્વીકારે. આના જવાબમાં એવા ભયને કિંચિત્ સ્થાન છે પણ જૈન સમાજમાં સંઘનું બંધારણ છે તેવું કોઇ પણ ધર્મમાં નથી. તે સંઘની માતા પિતા સ્ત્રી આદિની સંમતિ લઇને યોગ્ય જાહેરાત પછી દીક્ષા અપાય તો તે અનર્થકારક ન થાય એવું કહેવાનો જૈનોને હક્ક છે. યોગ્ય અપવાદ તો ગમે તે કાયદાની કલમમાં દાખલ થઇ શકે. હમણાંજ ઇન્દોર રાજ્યમાં સને ૧૯૩૧ નો કાનુન નં. ૪ નો 'નુક્તા કાનુન' ઘડવામાં આવ્યો છે, તેમાં નુક્તા એટલે મૃતભોજન ૧૦૧ કરતાં વધારે માણસોનું કરવા કરાવવાનો કે તેમાં સહાય આપવાનો પ્રતિબંધ કરવામાં આવ્યો છે અને તેનાથી વિરૂદ્ધ ચાલનારને એક હજાર રૂા. દંડ કે એક માસની સાદી સજા કે બન્ને થશે. આમાં પણ અપવાદ મૂકાયો છે કે 'કિંતુ જે શ્રાદ્ધાદિ વિધિ ધર્માનુસાર કરવામાં આવે છે તેનો આ મૃતકભોજમાં સમાવેશ થતો નથી'–વળી ૧૦૧ કરતાં ૪૦૦ સુધી જમાડનાર જીલ્લા જજજની રજા લે તો જમાડી શકે. આ સંખ્યામાં સગાં કુટુંબીઓનો સમાવેશ થતો નથી.

કોઇ એમ કહે કે ધાર્મિક બાબતમાં રાજ્યનો હસ્તક્ષેપ ન ઘટે તો તેના જવાબમાં જણાવવાનું કે ધાર્મિક અને સામાજિકની મિશ્રિત બાબતમાં સમાજ જો દૃઢ બંધારણ ન કરી શકે, યા કરેલ બંધારણ પળાવી ન શકે તો સારૂં દૂરદર્શી અને પ્રજાહિત સાચવનારૂં સુરાજ્ય જરૂર હસ્તક્ષેપ કરે એવો તેનો ધર્મ પ્રાપ્ત થાય છે. હિંદુઓ માટે લગ્ન એ ધાર્મિક સંસ્કાર છે અને તે છતાં બાલ લગ્ન પ્રતિબંધક કાયદો ગાયકવાડ સરકારે ઘણાં વર્ષોથી ઘડેલો અમલમાં મૂકયો છે, એટલુંજ નહિ પણ હમણાં 'નષ્ટે મૃતે પ્રવ્રજિતે કલીબે ચ પતિતે પતૌ, પંચસ્વાપત્સુ નારીણાં પતિરન્યો વિધીયતે' એ પરાશર સ્મૃતિના આધારે છૂટા છેડા આપવાનો લગ્ન વિચ્છેદક કાયદો ઘડયો છે. મૃત પાછળ ભોજન કરવું, કરાવવું એ હિંદુઓ માટે ધાર્મિક છે તે પર પણ અંકુશ મૂકવાનું દુરસ્ત ધારી ઇંદોર રાજ્યે ઉપર જણાવ્યા પ્રમાણે કાયદો કર્યો છે. બ્રિટિશ સરકારે પણ હમણાં આખરે 'શારદા એકટ' કરી હિંદુ ધર્મની લગ્ન સંબંધી માન્યતા પર પ્રહાર કર્યો છે, અને અગાઉ વિધવા વિવાહ સંબંધી પણ કાયદો ઘડયો છે. જૈનોએ મર્યાદામાં રહી દીક્ષા સંબંધી કૉન્ફરન્સે ઘડેલો ઠરાવ દરેક સ્થળે પાળી શાંત વાતાવરણ રાખ્યું નહિ અને દીક્ષા સંબંધી અનેક સ્થળોએ કલેશો, મુકદ્દમાબાજી, કકળાટ, અને તેને લીધે અનર્થ પરંપરા વધી તેથી વડોદરા ધારાસભાના

(અનુસંધાન પૃષ્ઠ ૧૫૧ ઉપર જુવો.)

# સતી નંદયંતી

ત્રિઅંકી નાટક.

— લેખક —
ધીરજલાલ ટી. શાહ.

**— પાત્ર પરિચય —**

સાગરપોત: પોતનપુર બંદરનો ધનાઢ્ય વેપારી
સમુદ્રદત્ત: સાગરપોતનો પુત્ર
સહદેવ: સમુદ્રદત્તનો મિત્ર
સુરપાળ: સમુદ્રદત્તનો વફાદાર નોકર
પદ્મસિંહ: ભ્રગુપુરનો રાજા
કુલપતિ: સેવાશ્રમના આચાર્ય
લક્ષ્મી: સમુદ્રદત્તની માતા
નંદયંતી: સમુદ્રદત્તની પત્ની
મનોરમા: સહદેવની પત્ની અને નંદયંતીની સખી
સુમતિ: સેવાશ્રમની સાધ્વી

ઉપરાંત ભીલો, પરિજનો, સારથી, અધ્યાપક અને વિદ્યાર્થીઓ.

( ગતાંકથી ચાલુ. )

## અંક ૨ જો.

### પ્રવેશ ૧ લો.

( વિંદયાદ્રિના એક પહાડનો ઢોળાવ ઉતરતી ભરવાડણો ગીત ગાતી રસ્તો કાપે છે. દૂર ઘાસ પર નંદયંતી બેભાન અવસ્થામાં પડેલી છે. )

બેની ધીમા ચાલો ! ધીમા ચાલો,
કાંઇ લાગે છે વસમી વાટ—બેની ધીમાં ચાલો ધીમાં ચાલો.
મીંડડાં તે મહીનાં મટકાંરે માથે—લાગે ઝાઝેરો ભાર બેની ધીમાં૦
બેની વિસામા લ્યો, વિસામા લ્યો,
કાંઇ લાગ્યો ઝાઝેરો થાક, બેની વિસામા લ્યો, વિસામા લ્યો.
આવી લીલુડી ઝાડી રૂડીઆ, મ્હોટી ત્યાં આંબા ડાળ,
બેની વિસામાં લ્યો.

બેની ! ભાથાં છોડો ભાથાં છોડો,
કાંઇ લાગી ઝાઝેરી ભુખ—બેની ભાથાં છોડો ભાથાં છોડો.
ખળખળ નાદે ઝરણાં વહંતા, પાણીડાં અમૃતસાર—બેની ભાથાં૦
બેની થોડું આ લ્યો, બેની થોડું આ લ્યો.
કાંઈ રાખો અમારાં માન બેની ! થોડું આ લ્યો થોડું આ લ્યો,
ભાથાં ભલાંએ ભાવે આરોગો, આવે અમી ઓડકાર—બેની૦

એક ભરવાડણ,
બેન ! પેલા પણે કોક માનવી પડેલું જણાય છે.

બીજી૦ અરે અહિં તે કોણ માનવી પડયું હોય. ચલાવો—ચલાવો—આપણું ગીત ચલાવો.
બેની ધીમાં ચાલો ધીમાં ચાલો.

ત્રીજી૦ બેન છે તો કોક માનવી, ચાલો ત્યાં જઇ તપાસ કરીએ.
( બધી ભરવાડણો નંદયંતી પાસે આવે છે. )

પહેલી૦ અરે આ બિચારી કોક વખાની મારી બાઇ અહિં પડી ગયેલી જણાય છે. જુઓ અહિં લોહી લુહાણ થઇ ગઇ છે. એને ખુબ કળ ચડી લાગે છે.

ત્રીજી૦ ચાલો એને આપણા નેહડામાં લઇ જઇએ.

બીજી૦ બિચારી જો આપણે નજરે ન પડી હોત તો વાઘ વરૂ ભરખજ કરી જાત. અહિં કયાંથી આવી ચડી હશે !

પહેલી૦ એ તો સહુનાં નસીબ સાથે હોય છે, હજી એની ઘણી આવરદા બાકી હશે.

( બધા ઉપાડીને જાય છે. નેહડામાં લાવે છે. ભરવાડો તથા ભરવાડણ આજુ બાજુ વીંટળાઇ વળે છે. )

પહેલો ભરવાડ:—
અરે રામ ! કોઇ સારૂં માણસ છે, અહિં કયાંથી આવી ચડયું હશે !

બીજો૦ એ પછી વિચાર કરજો. ખાટલો ઢાળો ને ગોદડું નાંખો.
( બીજા ભરવાડ ખાટલો ઢાળે છે ને ગોદડું નાંખે છે. નંદયંતીને તે પર સુવાડે છે.

બીજી ભરવાડણ:—
બાઇના વાંસામાં ખુબ છોલાયું છે. ત્યાં હળદર ભરો.

પહેલી૦ અને આખી રાત શેક કરો એટલે કળ વળી જશે.
( એક બાઇ હળદર લાવીને ભરે છે, બીજી માટીની ઠીબમાં થોડા દેવતા લાવે છે. શેક કરવો શરૂ કરે છે. થોડા વખત પછી...... )

નંદ૦ ભાઇ ! આપ બધા કોણ છો ? અને મારી આજુ બાજુ કેમ વીંટળાઇ વળયા છો ?

પહેલો ભરવાડ:—
બેન ! ગભરાશો માં. આ તમારૂંજ ઘર સમજજો.

નંદ૦ પણ હું કયાં છું ?

બીજો૦ તમે તમારા ઘરમાંજ છો.

નંદ૦ હું કયા સ્થળે છું ?

પેલો૦ તમે વિંધ્યાટવીની એક ખીણમાં છો. આ અમારો નેહડો છે.

પેલી૦ ભરવાડણ:—
બેન ! તમે સુઇ જાવ, હજી તમને આરામ નથી થયો !

નંદ૦ બેન હવે મને કાંઇ નથી. શરીર થોડું દુઃખે છે. પણ ચિંતા કરવા જેવું નથી. ભલી બહેનો ! તમારો ઉપકાર હું કયારે વાલીશ ?

૩ જી૦ અરે બેન ! અમે શું માનવી નથી ? એમાં તે શું મોટું કરી નાંખ્યું ?

નંદ૦ તમારો ઉપકાર જીવનભર નહીં ભૂલું. ( બોલતાં બોલતાં બંધ થાય છે—દુખાવો વધે છે. )

બીજી૦ ખરેખર ! બાઇ કોઇ રતન છે હો ?

અપૂર્ણ.

---

'The only reward of virtue is virtue; the only way to have a friend is to be one.'

—Emerson.

# જૈનોને સરદાર વલ્લભભાઇનો પડકાર.

## 'કરોડો ભુખે મરતાઓને રોટી આપો.'

સદ્‌ગત જૈન આચાર્ય શ્રી વિજય ધર્મસુરિજીની નવમી સંવત્સરી ઉજવવા માટે મુંબઇના જૈનોની જાહેર સભા ગયા શુક્રવાર તા. ૨૫-૯-૩૧ સવારના (૮ કલાકે) ટાઉન હૉલમાં રાષ્ટ્રપતિ સરદાર વલ્લભભાઇ પટેલના પ્રમુખપણા નીચે મળી હતી.

શરૂઆતમાં બાળાઓએ પ્રાર્થના કરી હતી.

**મુનિશ્રી ન્યાયવિજયજીનું ભાષણ.**

ન્યાયવિશારદ ન્યાયવિજયજીએ જણાવ્યું કે મહાન જૈનાચાર્યની જયંતી ઉજવવામાં રાષ્ટ્રપતિ સરદાર વલ્લભભાઈ પધારે એ શુભગ ગણાય અને તેથી સોનું ને સુગંધ સાથે મળ્યાં છે. તે પછી આચાર્ય શ્રી વિજય ધર્મસૂરિજીની જીંદગીનો ઇતિહાસ જણાવતાં કહ્યું કે કાઠીઆવાડના તેઓ વતની હતા અને બાળપણે જુગાર અને સટ્ટો કરતા હતા. એક વખત જુગારમાં દાગીના ગુમાવી નાખ્યા તે પછી તેમને મા બાપે પુષ્પાંજલી આપી ત્યારથી ૧૯ વરસની ઉમરે તેમને વૈરાગ્ય ઉપજ્યો હતો. આખા હિંદ ઉપરાંત યુરોપ અને અમેરીકામાં પણ તેમની ખ્યાતિ ફેલાઈ રહી છે. અને તેમણે જૈન ધર્મનો ખુબ પ્રચાર કર્યો છે. જૈન ધર્મની ખરી પરિસ્થિતિનો ખ્યાલ આપતાં જણાવ્યું કે જૈન ધર્મ ત્યાગ અને અહિંસા ઉપર રચાયેલો છે. જેના હૃદયમાં જીવદયા અને અહિંસા વસી છે તે ચાહે તો જૈન હો, ઢેડ હો કે ભંગી હો, પણ તેજ સાચો જૈન છે. આત્મ વિકાસમાં ચડે તેવું જીવન ગાળે અહિંસા સત્ય અને સારૂં ચારિત્ર ધરાવે તેજ ઉચ્ચ કોટીનો મનુષ્ય છે. મહાત્મા ગાંધી સાચો જૈન છે. સાચો વીર છે એ મુઠીભર હાડકાનો દરિદ્રનારાયણોનો પ્રતિનિધિ થઇને સમુદ્ર ઓળંગી વીલાયત ગયો છે. વિજય ધર્મસૂરિજીને કેટલાક નરેશો નમ્યા છે. બનારસના મહારાજાએ તેમને શાસ્ત્ર વિશારદનું પદ અર્પણ કર્યું હતું. સીલોનની બૌધ પ્રજાને તેમણે જૈન ધર્મનો સંદેશો પહોંચાડયે છે. તેમણે જૈન સાહિત્યની પ્રતિષ્ટા વધારી છે. ફ્રેંચ વિદ્વાન છેલે તેમને છેલે મળ્યો હતો.

છેવટમાં એટલું જણાવીશ કે દેશમાં સંઘટન થવાની જરૂર છે અને આત્મશુદ્ધિ થવાની અને આપણે સર્વેએ પ્રેમમાં બદ્ધ થઇ જવાની જરૂર છે.

**સરદારનું ભાષણ.**

સરદાર વલ્લભભાઇએ ભાષણ કરતાં જણાવ્યું કે આજ ઉત્સવ નિમિતે પ્રમુખસ્થાન લેવા મને કહેવા આવ્યા ત્યારે તે આજ્ઞા મેં માથે ચડાવી. આ પ્રસંગે પ્રમુખસ્થાન લેવાની લાયકાત મારામાં નથી. તે હું જાણું છું છતાં સંઘ તરફથી જે આજ્ઞા થઇ તે જૈન મુનિઓ પણ માથે ચડાવે છે. તો મારા જેવા પામરથી કેમ ના પડાય તેથી મેં આ પ્રમુખસ્થાન લીધું છે. સૌરાષ્ટ્રદેશ રત્નોની ખાણ છે. જગતમાં એવી થોડીક પવિત્ર ભૂમિઓ છે જ્યાં રત્નો પેદા થયા છે. સૌરાષ્ટ્રમાં મુનિ મહારાજ વિજયધર્મસૂરિજી પેદા થયેલા છે તેમના જીવનની રૂપરેખા મુનિજીએ આપી છે. મહાન પુરૂષના ગુણો ગાવા એ આપણું કર્તવ્ય છે. ઇમ્પીરીઅલ બેન્કમાં ઢગલાબંધ નાણાં પડેલા છે પણ તેના ગવર્નરને તો પોતાના પગાર જેટલાજ કામ લાગે છે તેવીજ રીતે જૈન મુનિઓએ વ્યાખ્યાનો સંભળાવી કાન બેરા કુંડ કરી દીધા છે પણ મુનિઓ શું કરે? પુસ્તકો શું કરે? જ્યાં સુધી તમારો અધિકાર કેટલો છે તે નહી સમજો ત્યાં સુધી કશું નથી. મુનિશ્રીનું જીવન આપણી સમક્ષ પડેલું છે. જૈનો તે જાણે છે પણ જેમ બેંકનો કલાર્ક તેની મર્યાદા પ્રમાણે ગ્રહણ કરે તેમ તમને તમારા અધિકાર પ્રમાણે લેવાનું છે જૈન કોમમાં જન્મ નહી થવા છતાં જૈન બેંકમાં બીજાઓ પોતાના નાણાં જમે મુકી રહ્યા છે. જૈન ધર્મ ઈન્દ્રીઓનો નીગ્રહ કરવા કહે છે. જ્યારે આવા મહાન પુરૂષની જન્મ તિથિ ઉજવવા આપણે ભેગા થયા છીએ તો આપણે નિશ્ચય કરવો જોઇએ કે આપણે કંઇકને કંઇક તેને પથે ચાલીશું તોજ સાર્થક છે. નહી તો મારો અને તમારો વખત વ્યર્થ ગયો સમજવો. જો તમને અત્રે બેસવા છતાં બેંક કયારે ખુલે તે તરફ દ્રષ્ટિ હોય તો બધું નકામું છે. જૈન ધર્મ દેહરખું નથી.

જૈન ધર્મએ સર્વોપરી ધર્મ ગણાય છે. અહિંસા પરમો ધર્મ એ તેનું મહાન સૂત્ર છે. અહિંસા એ કાયરોનો ધર્મ હોય તો તે સિદ્ધાંતને છોડી દેવો. એ ધર્મના મુખ્ય સિદ્ધાંતના પોકળ પ્રચારને લીધે આપણને કલંક લાગ્યું છે. આજે જગતને અહિંસાનો સિદ્ધાંત શિખવનાર મહાન પુરૂષ મળ્યો છે. તે હિંદનું મહાન ભાગ્ય છે. તેનો બાંધો નબળામાં નબળો માંણસ કુસ્તી ખેલે તો તેને દંશ ગુલાંટ ખવડાવી દેવાય તેવો છે. એ **મહાત્મા ગાંધી** આજે જગતમાં જૈન ધર્મની દીપાવી રહ્યા છે. (તાળીઓ) જૈન ધર્મની મોટામાં મોટી વિભુતીએ બતાવી આપ્યું છે કે અહિંસા ધર્મ કાયરોનો ધર્મ નથી પણ બહાદુરોનો ધર્મ છે. સમગ્ર દુનીયાનો નાશ કરવાની તાકાત ધરાવનાર, અસુરી વીદ્યાનો અખુટ ખજાનો ધરાવનાર એવી મહાન સલ્તનત સામે માત્ર આત્માની શક્તિના અવાજથી સામે થઇ હંફાવી આમંત્રણ મેળવ્યું છે, એ હિંમત, એ બહાદુરીનું અનુકરણ કરવું ઉચિત છે.

**ડરપોકોને ચીમકી.**

ચોર આવતાની સાથે ડરી જાય છે, ચાદર માથે ઓઢે છે, તિજોરી લુંટાવા દે છે, પોતાની પરણેતરની કે બેન દીકરીની ઇજત સાચવવાની શકિત નથી એ શું કરી શકશે? અહિંસા પાળનારા જૈન મહાન વીરપુરૂષો હોવા જોઇએ. હું એવું કાંઇ બોલું કે જેથી જૈન કોમમાં ભડ ભડાટ થાય તો તેથી મને દુઃખ થાય માટે હું તે ઝગડામાં પડવા ઇચ્છતો નથી. જૈન ધર્મ દયાનો સાગર છે. હું મુઝાઉં છું કે જૈન આચાર્યોને કલેશ થાય તો? જબરજસ્તિથી દીક્ષા આપનારા જૈનોમાં આવા આચાર્યો પેદા થાય એ શુભ છે? આજની જયંતીવાળા આચાર્ય નાનપણમાં જુગારી હતા તેથી શું! આવા ઝઘડાથી આપણી શોભા નથી. તમારી ઉદારતાનો લાભ લઇ જે કહ્યું તે માટે મને ક્ષમા કરશો.

**જૈન કોમનો સાચો સિપાઇ.**

હું જૈન કોમનો સાચો સિપાઇ થવા ઇચ્છું છું. (તાળીઓ) તે છતાં મારા કહેવામાં દોષ હોય તો ગુસ્સે ના થશો. મારી અજ્ઞાનતા ઉપર તમો ગુસ્સે કેમ થાઓ? લડાઇ

દરમ્યાન અમદાવાદનાં જૈનોએ મને આમંત્રણ આપ્યું. મેં ભાષણ કર્યું પણ તેથી કેટલાકને દુઃખ થયું હતું એમ પાછળથી મને ખબર પડી. આજે તેથી મને એમ થયું કે આજે હું જઇને ત્યાં શું કહીશ. તેમને દુઃખ થશે તો? તેથી મેં નિશ્ચય કર્યો કે હું તો તેમને રાષ્ટ્રધર્મ વિષેજ શીખવી શકું. હું આજે તમારી પાસે જે વસ્તુઓ મુકું છું તે જો વૃદ્ધોને પસંદ ન પડે તો નવજુવાનોએ તે પાળવી એ તેમની ફરજ છે. વળી જુવાનોને હું કહું છું કે તમે જૈન ભંડારમાંથી શક્તિ મેળવી તૈયાર થજો. જૈન ધર્મ પાળી તમે હિંસા કરશો નહિ પણ જૈન ધર્મની રક્ષા કરજો. તમારા દીલમાં દયાનો વાસ હોવો જોઇએ. **આપણા ધર્મના ભાઇઓ ઉપર પ્રેમ નહી હોય તો તમે જગતના જીવો ઉપર દયા શી રીતે દાખવશો?** મેં કહ્યું છે કે જૈન ધર્મ વીરોનો ધર્મ છે અને તેથી કાયરતાનો ગુણ દુર કરવો એ ફરજ છે. બીજી વાત અહિંસાની છે. જૈનો અમદાવાદમાં કુતરાને મારી નાંખતા બચાવવા પશુપક્ષીઓ પાળવા અઢલક ધન ખરચે છે. એ બધુ કરી એટલામાંજ તમારી અહિંસાની સમાપ્તિ થતી હોય તો હું તમારા હિતસ્વી તરીકે કહીશ કે અહિંસાના ધર્મમાં આપણે ભીંત ભુલ્યા છીએ તે ન સુધારીએ તો કેમ ચાલે? આપણા હિંદમાં કરોડો માણસો આપણા ભાઇ બ્હેનો છે. તે કરોડો માણસોને દીવસમાં એક વખત ખાવાનું મળતું નથી.

# સાણંદના જૈનો શું કહે છે?

**અમો સાણંદ જૈન સંઘના નીચે સહીઓ કરનારાઓ આ ઉપરથી જણાવીએ છીએ કે વડોદરા સ્ટેટ તરફથી બહાર પાડવામાં આવેલા સગીર સન્યાસ પ્રતિબંધક ખરડાના ઉદ્દેશને અમે સ્વિકારીએ છીએ અને તે સંબંધમાં ઘટતા સુધારા વધારા સુચવી શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ તરફથી જે પગલાં ભરવામાં આવે તેને અમો સંપૂર્ણ સંમત છીએ. તા. ૧૧ મી સપ્ટેમ્બર ૧૯૩૧.**

હરિલાલ મંગળદાસ મહેતા સહી દા. પોતે
આત્મારામ ખેમચંદ દા. પોતે
કેશવલાલ નાગજીભાઇ સહી દા. પોતે
શાંતીલાલ ધનજીભાઇ ગાંધી દા. પોતે
ડોકટર વર્ધમાન ગુલાબચંદ દા. પોતે (એમ. બી. બી. એસ.)
શાંતીલાલ વાડીલાલ શાહ દા. પોતે
મેતા મણીલાલ મનસુખભાઇ દા. પોતે
શાહ હરીલાલ મણીલાલ સહી દા. પોતે
બુધાલાલ યુ. મહેતા
મેતા જેઅચંદ માનચંદ સહી દા. પોતે
મેતા કેશવલાલ મનસુખભાઇ દા. પોતે
શા. હકમચંદ પરસોતમ સહી દા. પોતે
અમરતલાલ જેસંગભાઇ સહી દા. પોતે
મહેતા કાન્તિલાલ પદમશી
મહેતા નેમચંદ રાયચંદભાઇ દા. પોતે
સંઘવી વખતચંદ વલસી સહી દા. પોતે
મહેતા કાન્તિલાલ રાયચંદભાઇ દા. પોતે

મહેતા મણીલાલ મોહનલાલ દા. પોતે
શા. ભાઇચંદ માણેકચંદ સહી
શેઠ શાન્તીલાલ મોહનલાલ સહી
ઓધવજી માવજી દા. પોતે
શા. રવચંદ ચતુરભાઇ સહી દા. પોતે
ગાંધી મોહનલાલ ખેમચંદ દા. પોતે
મણીલાલ મુળચંદ દા. પોતે
નરસીભાઈ જીવરાજ સહી દા. પોતે
શા. કાલીદાસ મકન સહી દા. પોતે
મેતા હીમતલાલ સકરચંદ સહી દા. પોતે
મેતા મંગલદાસ મણીલાલ સહી દા. પોતે
શેઠ છગનલાલ ભીખાભાઇ સહી દા. પોતે
શા. બબાભાઇ પદમશી સહી દા. પોતે
બંગડીઆ હરગોવન જીવણ દા. પોતે
મેતા નાથાલાલ ચુનીભાઈ દા. પોતે
મેતા પરસોતમ હાથીભાઈ સહી દા. પોતે
મેતા કેશવલાલ જેસીંગભાઈ
ગાંધી રાયચંદ હઠીસંગ દા. પોતે

ગાંધી હરીલાલ વાડીલાલ દા. પોતે
શા. હીરાજી વાલાજી
મેતા મગનલાલ કાલીદાસ દા. પોતે
શાહ રતિલાલ ભુરાભાઇ
શાહ હરીલાલ ગણેશ
શા. મોહનલાલ પીતાંબર દા. પોતે
મહેતા નેમચંદ ચુનીલાલ સહી દા. પોતે
સંઘવી ખેમચંદ ટોકરશી સહી દા. પોતે
મહેતા જેસંગભાઇ હઠીસંગ દા. પોતે
મેતા મોહનલાલ ગફલભાઇ દા. પોતે
શા. કાલીદાસ મેઘજીભાઇ
શા. મણીલાલ વાડીલાલ સહી દા. પોતે
મેતા ધનજી મુળચંદ સહી દા. પોતે
ગાંધી મફતલાલ ડાયાભાઇ દા. પોતે
મેતા પોપટલાલ વાડીલાલ
ગાંધી વાડીલાલ ત્રીકમલાલ
ગાંધી ચુનીલાલ ત્રીકમભાઈ દા. પોતે

### જૈન ધર્મ શું શીખવે છે?

આપણો ધર્મ એમ શીખવે છે કે પશુ પક્ષીઓ જાનવરોની રક્ષા કરવી. અને મનુષ્યોની રક્ષા કરવી. અનેક ભાઇઓ અને બ્હેનોને તો ઇજ્જત ઢાંકવા માટે પણ કપડું મળતુંજ નથી. આ જગતમાં અનેક ભાઇઓ અને બ્હેનો અહિંસાનો ધર્મ પાળે છે. આપણે પોતાના વેપાર, પહેરવેશ અને કર્મથી હિંદના કરોડો બ્હેનોને ભુખે મારીએ છીએ. જીવજંતુઓને ધર્મ કરવો એજ ફક્ત અહિંસા નથી. પોતાની ભુલ સુધારો.

### કામધેનુ રેંટીયો.

માહાત્મા ગાંધીએ આ વસ્તુનો ૧૫ વરસ અભ્યાસ કરીને કહ્યું છે કે આપણો કામધેનું જેવો રેંટીયો ચલાવી તેઓની રોજી ચાલું ન કરીએ ત્યાં સુધી અહિંસા ગણાય નહી. તમારો મુખ્ય ધર્મ એ છે કે ગરીબોની તુટી ગયેલી રોજી પાછી આપવી.

### જૈન બ્હેનોને કોણ સમજાવે.

બારીક કપડાં પહેરવાં એ જૈન ધર્મની વિરૂદ્ધ છે તે બ્હેનોને કોણ સમજાવી શકે! આપણે સાધુઓ પાસે સંયમ શીખવા જઇએ છીએ. તો જૈન બ્હેનોનો ધર્મ એ છે કે ઝુપડીમાં રહેનારે કાંતેલી જાડી ખાદીનાં કપડા પહેરવા. જૈન બ્હેનો માને છે કે આપણી પાસે ધન છે તેથી આપણે ગમે તે કપડાં પહેરીએ. જૈન બ્હેનોને મારી નમ્ર પ્રાર્થના છે કે તમારે હાથે વણાયેલું અને હાથે કાંતેલું કપડું પહેરવું. કપડાંની કંઇ કીંમત નથી. હાથે વણેલી ખાદી પહેરી શહેનશાહની પાસે આજે તે મહાપુરૂષ ગયો છે.

છેવટે જણાવ્યું કે મેં જેટલી વાતો કરેલી છે તેની ઉપર લાંબો વિચાર કરશો.

# —ચર્ચા પત્ર—

## સાણંદના 'જૈન સંઘના કહેવાતા આગેવાનો' ખુલાસો કરશે કે ?

મુંબઇ સમાચારના તા. ૨૮ મી ના અંકમાં ' દીક્ષા પ્રતિબંધ નીબંધ " માટે સાણંદના શ્રી જૈન શ્વે. મુ. સંઘ તરફથી થયેલ કહેવાતા ઠરાવની જે બીના પ્રગટ થયેલી છે. તે માટે ગેરસમજુતી ન ફેલાય તેથી કરીને નીચેનો હેવાલ મોકલી આપવાની અમારી ફરજ જણાયાથી આપના તરફ મોકલેલ છે, જે સત્ય હકીકત આપના ચાલુ પેપરમાં પ્રગટ કરી આભારી કરશો.

"દીક્ષા પ્રતિબંધ નીબંધ " માટેનો થયેલ ઠરાવ શ્રી સાણંદના સમગ્ર સંઘ તરફનો નથી પરંતુ અમુક સોસાયટીના સભ્યો તરફથી થયેલ છે. અને તે ઠરાવમાં સહીયો કરનાર બીન ઉમરના તેમજ સોસાઇટીના લાગતા વળગતા છે.

આ ઠરાવ કરવા માટે શ્રી સાણંદના સંઘે કોઇને કોઈપણ જાતની સત્તા આપેલ નથી તેમ સંઘના નામે ઠરાવ પાસ થયો નથી. તેમ સંઘની મીટીંગ પણ મલી નથી. એ ખરડા સંબંધી જૈન શ્વે. કો. ની વલણને ટેકો આપનારૂં સંખ્યાબંધ સહીઓ સાથેનું એક નીવેદન શ્રી જૈન શ્વે. કોન્ફરન્સ તથા બરોડા સ્ટેટને મોકલી આપેલ છે જે ઉપરથી સત્ય માલુમ પડે છે કે એવો કોઇપણ ઠરાવ કરવાને કોઇએ શ્રી સંઘને સત્તા આપેલ નથી તેમ તેવા ઠરાવ થયેલ પણ નથી.

નાં. ૧ લા ના સહી કરનાર " આગેવાન ગ્રહસ્થ " સોસાઇટીના પ્રમુખ છે કે જેઓની ફરજ અદા કરવા માટે તેઓની કમીટીના કેટલાક મેમ્બરો તરફથી ( શ્રી પાર્શ્વનાથ ભગવાનના દેરાસરમાંથી થયેલ રૂા. ૫૦૦૦) નો માલ ગુમની) તપાસ કરવા માટે તેઓને પ્રમુખ તરીકે સત્તા સોંપવાનો ઠરાવ થયેલ છતાં તેવા કાર્યમાં ભાગ નહિ લેતાં તેઓએ તેમાંથી " આગેવાન ગ્રહસ્થ " હોવા છતાં રાજીનામું શા માટે આપ્યું અને પાછું પણ ખેંચી લીધું ?

નાં. ૨ જા ની સહી કરનાર " આગેવાન ગ્રહસ્થ " પ્રાણલાલ ઉર્ફે પદ્મસાગર મહારાજ કે જેઓ હાલમાં અમદાવાદ આણંદસાગર સુરીજી પાસે રહે છે. અને જેઓના ઉપર તેઓના સાસરીયા પક્ષે બાઇના ભરણ પોષણ માટે માસીક રૂા. ૨૫) મેળવવા અમદાવાદની કોર્ટમાં ફરીયાદ કરેલ છે. તેજ પ્રાણલાલને સુરત મુકામેથી ઉડાવી લાવવામાં મદદગાર બની અમદાવાદ ઉડાવી લાવેલા કે નહી? તેમજ થયેલ ઠરાવ શ્રી સંઘના નામે તેઓની ' આગેવાન ગ્રહસ્થાઇ " નીચે થયેલ છે કે કેમ તેનો ખુલાસો તેઓ બહાર પાડશે? વિશેષમાં તેઓશ્રીના આગેવાન વહીવટ નીચે દેરાસર વિગેરે ખાતાના ધર્માદા ટ્રસ્ટ વહીવટની મીલ્કતમાંથી કેટલા હજારો રૂપીયાની રકમ પોતાના લાગતા વળગતાઓ પાસે ડુબેલા જેવી છે તેનો કાંઇ ખુલાસો કરશે ખરા ?

નાં. ૩ ને ૪ થાની સહી કરનાર, " આગેવાન ગૃહસ્થો " જણાવશે કે પોતે આગેવાન કયારથી થયા? એ હોદ્દો કોના તરફથી તેઓને સુપ્રત થયો? તેઓની આગેવાન ગૃહસ્થાઈ નીચે પોતાના હસ્તક કયા કયા પ્રકારના શુભકાર્યો થયા? થયેલ ઠરાવ શ્રી સંઘના નામે કયારે અને કોની આગેવાન ગૃહસ્થાઇ નીચે કયાં મુકામે થયેલો? તેનો ખુલાસો કરશે?

કહેવાતો ઠરાવ રજુ કરનાર સોસાયટીના સેક્રેટરી છે. તેઓ સાહેબના સાળા ( વીરમગામવાળા-મણીયાર ) કે જેઓ થોડા વખત ઉપર દીક્ષા લેવા માટે શ્રી ભક્તિવિજયજી મહારાજ પાસે હારીજ મુકામે ગયેલા અને ત્યાંથી તેઓના ધર્મકાર્યમાં ભંગ પડાવી ઉડાવી લાવી-પોતાના પાસે હજુ સુધી રાખેલા તેમજ શ્રી ભક્તિવિજયજી મહારાજ વિરૂદ્ધ પણ ઘણાં લેખો જાહેરમાં આપેલા! આ સાહેબ સહી કરવા છતાં પોતાના ( સાળાને ) કયારે દીક્ષા અપાવશે? તેનો કઇ ખુલાસો કરશે?

તા. ૨૯-૯-૩૧ લી૦ જાણકાર,

---

( અનુસંધાન પૃષ્ઠ ૧૪૭ ઉપરથી )

એક સભ્યે જૈન દીક્ષા પ્રતિબંધક નિબંધ રજુ કરવા ઇચ્છા જણાવી પણ તેવો નિબંધ એક ફિરકા માટે ન કરતાં સમગ્ર ધર્મોમાં સગીરને અપાતી સંન્યાસ-દીક્ષા માટે દરેક ધર્મને લાગુ પડે એવી જાતનો સર્વગ્રાહી નિબંધ ગાયકવાડ સરકારે ઘડવા માટે અનુમતિ આપી ને ઘડાયો તેમાં તે સરકારે પોતાની પ્રજાપ્રત્યેનો ધર્મ બજાવ્યો છે એમ કહી શકાશે કારણ કે તેવા કાયદા વગર પોતાના રાજ્યમાં સંન્યાસ દીક્ષા અંગે થતી અનર્થપરંપરા નાબૂદ નહિ થાય એમ તેનો ચોક્કસ અભિપ્રાય થયો લાગે છે અને એ માટે કારણ આપણા જૈનોએ આપ્યું છે. કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિએ સર્વના વિચારોને તક આપી-ધ્યાનમાં લઇ જે ઠરાવ કર્યો છે તે દરેક સમજુ જૈન સ્વીકારશે.

—મોહનલાલ દ. દેશાઇ.

### ઉપદેશકનો પ્રવાસઃ—

**ગિરજાશંકર જ. પંડિત**—મારવાડમાં **રાણીથી** નિકલી **ખુડાલા** ગયા હતા જ્યાં પ્રાંતિક મંત્રી સાથે પ્રચાર કાર્ય અંગે વિચારણા કરી હતી. ત્યાંથી **શિવગંજ** અને **ઉમેદપુર** જઇ અનુક્રમે શ્રી હર્ષ વિજયજી મહારાજ અને પંન્યાસ શ્રી લલિત વિજયજી મહારાજને મલ્યા હતા. ઉમેદ પાર્શ્વબાલાશ્રમની પણ મુલાકાત લીધી હતી. ત્યાંથી **પાદરલા, કવરાડા,** જઇ સંઘ સમક્ષ મુનિશ્રી સૌભાગ્ય વિજયજીના અધ્યક્ષપણા નીચે કૉન્ફરન્સ સંબંધે વિવેચન કર્યું. **ચાંદરાઇ, થુંબા, અગવરી,** ગુડા અને **હરજી** જઇ સંઘને કૉન્ફરન્સ સંબંધી હકીકતો સમજાવી તેના ઠરાવોના પ્રચાર માટે સભાઓ ભરી ભાષણો આપ્યા હતા. **ચાદરાઇમાં** 'માનવ ધર્મ' અને 'જૈન ધર્મની મહત્તા' એ વિષયો ઉપર અસરકારક ભાષણો થયા હતા ગુડામાં શ્રી રાજ વિજયજી સાથે જીવદયા જ્ઞાન પ્રસારક મંડળ અને સેવા સમિતિ સંબંધે ચર્ચા કરી જૈન પાઠશાળાના વિદ્યાર્થીઓની પરીક્ષા લઇ ધાર્મિક શિક્ષણ અંગે યોગ્ય સૂચનાઓ કરી હતી. પ્રાંતિક મંત્રી અને શ્રી ભીકમચંદજીએ પણ કેટલાક સ્થળે સાથે આવી કૉન્ફરન્સના કાર્યમાં મદદ કરી હતી.

# जैन युग.

वीर संवत् २४५७. हिन्दी विभाग. ता. १-१०-३१.


## संन्यास दीक्षा प्रतिबंधक निबंध.

## ❀ एक समीक्षा. ❀

समाजमें आज जो अशांति–छिन्न भिन्न दशा दृष्टि-गोचर होती है उसका एक कारण दीक्षाकी दुकानदारी है! दीक्षाके दो चार पीठ–दीक्षा पीठोंमे जो समाजको शरमिंदा करनेवाले कृत्य हो रहे हैं उनसे अब शायद ही कोई व्यक्ति अज्ञात होगी? इस दशाकी रोकनेके लिए थोडे वर्षोंसे युवक आगेवान नेता आगाही कर रहे हैं। जुन्नर कॉन्फरन्सके अधिवेशनने इस प्रश्नकी महत्वता स्वीकारकर एक ठहराव पास किया था जिसमें संबन्धी और संघकी सम्मतिके उपरांत योग्य जाहेरातका प्रतिबन्ध रखा था। यह ठहराव कितना आवश्यक और दीर्घ दर्शीथा यह अब समाज समझ सका है। वडोदरा राज्यमें संन्यास दीक्षा प्रतिबंधक निबंध–प्रकाशित किया है और इस प्रकार करनेसे दीक्षा–अयोग्य दीक्षापर प्रतिबंध रख समाजमें शांति फैलानेका एक स्तुत्य कार्य किया है।

वडोदरा राज्यको यह करनेका मौका क्यों प्राप्त हुआ? नाबालिग–सगीरकी मिल्कतकी गेर व्यवस्था नहीं हो और ऐसी अयोग्य दीक्षासे जो अनेक अनर्थ होते हैं वे बंध हो इस हेतुसे कायदा करनेकी जरूरत पडी हो ऐसा मालूम होता है। यदि समाजके नेता अपने घर बैठ इन झगडोका निकाल कर लेते तो आज राज्यकी ऐसे विषयोंमे हस्तक्षेप करनेकी आवश्यक्ता नहीं थी। परन्तु यह नहीं बना। अपने लडकेको चुराकर–भगाकर कोई लेजाता तब राज्यका शरण लेनेका सूझता परन्तु अन्य किसी व्यक्तिके यहां यदि ऐसा बनाव बने तो सब चुप किदी लगा रखते। गुजरात–काठियावाड-मालवा-मेवाडमें दीक्षाए दिलानेके लिए अनर्थ हुए हैं उन सबकाही आज यह परिणाम नहिं है क्या। यदि आजभी हम इस प्रकारके नियमको स्वीकार न करेंगे तो समाजकी नाव न मालुम कहां झोला खाये करेगी–समझ नहीं आता।

इस प्रकारकी परिस्थितिमें हमारा क्या कर्तव्य है। हम सच्चे जैन धर्मके और समाजके सेवक हैं तो हमें दीक्षा विषयक नियम बनाकर उसका स्वीकार साधु-साध्वी-श्रावक श्राविकाओंसे करानेके लिए तनतोड प्रयत्न करना चाहिए। हमारी महासभाने वडोदरा राज्य दीक्षा प्रतिबंधक निबंधके लिए जो सूचनाए की है उनका संपूर्ण समर्थन कर सब जगहसे–संघ और मंडल आदिकी मिटींग कर उन सूचनाओंको पुष्टि मिले इस प्रकार ठहराव पास कर पत्र द्वारा वडोदरा राज्यके न्यायमंत्री पर भेज देना चाहिए।

महासभा–कॉन्फरन्सकी सूचनाए संक्षेपमे यह हैं।

१ कायदेका नाम "सगीर संन्यास दीक्षा प्रतिबंधक निबंध" रखना.

२ सगीरना बालिककी उम्मर वडोदराके कायदेमें ठहराई हुइ रखना. सगीर सूचना ५ अनुसार दीक्षा ले सकेगा.

३ अगर कायदेका कोइ अनादर करे तो शिक्षा होना आवश्यक है. शिक्षा–वडोदरा राज्यने सूचितकी है उससे कम करना.

४ वडोदरा राज्यका वतनी बहार सगीरको दीक्षा दिलावे तो उसे शिक्षा होना चाहिए.

५ जो किसीभी सगीरको वो जहांका वतनी हो वहांके श्री श्रावक संघ या जहां दीक्षा लेना हो वहांका श्री संघ तथा उसके माता–पिता–स्त्री आदि संबन्धीओंकी सम्मति प्राप्त हो और दीक्षाकी योग्य जाहेरात हो तो डिस्ट्रिक्ट मेजीस्ट्रेटके पास इन बातोंकी खात्री कराकर प्रमाणपत्र प्राप्त करे तो वह दीक्षा गुन्हेंमे शामिल नहीं होगी।

उपरोक्त सूचनाए वर्तमान परिस्थितिको देखते अत्यंत आवश्यक हैं। सूचना नंबर ५ से किसीभी प्रकारका आवश्यक्ता से अधिक प्रतिबन्ध दीक्षा लेनेवाले पर सगीर नहीं है यह स्पष्ट ही है। सगीरकोभी दीक्षाके लिए अमुक शर्तोंके पालन करनेपर बंधनसे रहित रखा है। इसमें चुराना–भगाना नहीं हो सके यही मुख्य आशय प्रतीत होता है।

जैन समाज और आगेवान और युवकगण कॉन्फरन्स महादेवीकी सुचनाओंको समझकर उनका समर्थन करे और दीक्षाके आदर्श जीवनको सुंदर और निर्मल बनाकर समाज सेवा करनेमे पीछे नहीं हठे यही प्रार्थना!

**मालवा निवासी.**


Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay 3.

તારનું સરનામું:-'હિંદસંઘ' 'HINDSANGH' ॥ नमो तित्थस्स ॥ Regd. No. B 1996.

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.)

વર્ષિક લવાજમ રૂપીઆ બે. | તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ [મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.] | છુટક નકલ દોઢ આનો.

વર્ષ જુનું ૬ ઠું. નવું ૧ લું. | તા. ૧૫ મી અકટોબર ૧૯૩૧. | અંક ૨૦ મો.



- મુખ્ય લેખકો -

શ્રી મોહનલાલ દ. દેશાઈ,
બી. એ. એલએલ. બી.
એડવોકેટ.

„ મોતીચંદ ગિ. કાપડીઆ,
બી. એ. એલએલ. બી.
સોલીસીટર.

„ ઉમેદચંદ ડી. બરોડીઆ,
બી. એ.

„ હીરાલાલ હાલચંદ દલાલ
બાર-એટ-લૉ.


-સુચનાઓ-

૧ આ પત્રમાં પ્રકટ થતા લેખો માટે તે તે લેખના લેખકોજ સર્વ રીતે જોખમદાર છે.

૨ અભ્યાસ મનન અને શોધ-ખોળના પરિણામે લખાયેલા લેખો વાર્તાઓ અને નિબંધોને સ્થાન મળશે.

૩ લેખો કાગળની એક બાજુએ શાહીથી લખી મોકલવા.

૪ લેખોની શૈલી, ભાષા વિગેરે માટે લેખકોનું ધ્યાન 'જૈન યુગની નીતિ-રીતિ' પ્રત્યે ખેંચવામાં આવે છે.

૫ આ પત્ર દર મહિનાની પહેલી અને પંદરમીએ પ્રકટ થાય છે.

પત્રવ્યવહાર:-

તંત્રી—જૈન યુગ.
ઠે. જૈન શ્વેતાંબર કૉ. ઓફીસ
૨૦, પાયધુની-મુંબઈ ૩

## 'કાળી કારકીર્દિ' કે 'કાલિમા'?

### ભોળી જનતાનો ધર્મના નામે લાભ લેવાય છે!

[સાણંદના સંઘ નામે હકીકતો બહાર પડયા પછી તેનો ભેદ ખુલે છે તેમ જંબુસર 'શાસનપ્રેમ' પદ્ધતિ પર પ્રકાશ પાડે છે.]

મે. સેક્રેટરી સાહેબ જૈન શ્વેતાંબર કોન્ફરન્સ; મુંબઈ.

મે. સાહેબ,

શ્રીમંત સરકાર ગાયકવાડની ધારાસભામાં સંન્યાસ દીક્ષા પ્રતિબંધ નિબંધ રજુ કરવામાં આવ્યો છે, તે નિબંધ પસાર કરવામાં જાહેર પ્રજાના મત માગેલા તે ઉપરથી અત્રેના સંઘના લગભગ બધાજ ગ્રહસ્થોએ પોતાની સહીઓથી તા. ૨૮-૯-૩૧ ને રોજ નામદાર ગાયકવાડ સરકારના ન્યાયમંત્રીપર સદર નિબંધ કોન્ફરન્સની સુચના અનુસાર પસાર કરવામાં પોતાની સહાનુભૂતિ દર્શાવતી એક અરજ કરેલી જેની નકલ આપના તરફ આ સાથે રવાના કરૂં છું. જેની નોંધ લેશોજી.

વધુમાં જણાવવાનું કે આ અરજીપર સહીઓ લેતાં પહેલાં અત્રે સોસાયટીવાળા એક બે ગૃહસ્થો "વીરશાસન" પત્ર લઇને લોકોને એમ સમજાવતા હતા કે ગાયકવાડ સરકાર આપણી દીક્ષા બિલકુલ બંધ કરવાનો કાયદો કરવા માંગે છે. અને તે આપણે અટકાવવો જોઇએ માટે તે અટકાવવા આ એક અરજી કરેલી છે. માટે તેનાપર સહિ કરો આ હકીકત સત્યમાની કેટલાક ભોળા અને સરળ ગૃહસ્થોએ પોતાની સહીઓ તેમને આપી હતી. આ વાતની હમોને ખબર પડી કે, તુરત તે લોકોને નિબંધના સંબંધમાં સત્ય હકીકત સમજાવી અને તેને અંગે કોન્ફરન્સની સુચના તથા ઠરાવ જૈન પેપરમાં બતાવ્યા કે તરત તે લોકોએ કહ્યું કે, તમો એ મતલબની અરજી કરો હમો તમોને તરત સહીઓ આપીએ. એટલે આ અરજીપર તે તમામ ગ્રહસ્થોની સહીઓ લેવામાં આવી છે. ફક્ત અત્રેના સંઘમાં ત્રણેક સોસાયટીવાળા બાકી રહ્યા છે. બાકી તમામની સહીઓ સહાનુભૂતિની અરજીપર થયેલી છે.

સોસાઇટીવાળાઓએ કેટલાક નાના બાળકોની પણ સહીઓ લીધી હોય તેમ સંભળાય છે. ખેર! પ્રભુ એમને સદ્‌બુદ્ધિ આપે.

લી० સેવક,

જંબુસર. જગમોહનદાસ મંગલદાસના

જયજીનેંદ્ર.

उद्धाविव सर्वसिन्धवः, समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः ।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥
-श्री सिद्धसेन दिवाकर.


# જૈન યુગ.

તા. ૧૫-૧૦-૩૧ ગુરૂવાર.


## કરજદાર દીક્ષાને માટે અયોગ્ય છે.

શાસ્ત્રકારે જે દીક્ષા લેવા માટે અયોગ્ય છે, તેના ૧૮ પ્રકાર બતાવ્યા છે તે પૈકી બાલ ઉપરાંત ઋણાર્ત્ત (પ્રા૦ અણુત્ત) પણ એક પ્રકાર છે. ઋણાર્ત્તનો અર્થ રાજ અને વ્યવહારિઓ આદિના હિરણ્યાદિમાં જે દેણીઆત છે એટલે રાજનો, વેપારીઓ વગેરેનો કરજદાર છે તે આ દીક્ષા લેવાને અયોગ્ય છે કારણ કે તેની દીક્ષા આપતી વખતે રાજ આદિએ કરેલા ગૃહણ આકર્ષણ કદર્થના આદિ દોષો ઉત્પન્ન થાય છે (જુઓ પ્રવચનસારોદ્ધાર ટીકા પૃ. ૨૩૦) એટલે કે દીક્ષા લેનારને પકડાઈ જવાનો તેની સાથે ખેંચા ખેંચી-હોંસા તોંસી થાય તેના, તેની નિંદા થાય, તેને ગાળગલોચ અપાય તેનો વગેરે અનેક ખેદકારક પરાભવના પ્રસંગો ઉભા થાય છે.

દીક્ષા એ સર્વથા જીવનપર્યંત સામાયિક વ્રત સ્વીકારવાનો પ્રસંગ છે, પણ ઉપાશ્રયમાં સામાયિક કરવા જવાનો પ્રસંગ શ્રાવકે ન લેવો એમ **અર્થદીપિકાકાર** રત્નશેખરસૂરિ આ શબ્દોમાં જણાવે છેઃ— 'यदि कस्मादपि भयं नास्ति, केनचिद् विवादो वा नास्ति, ऋणं वा न धारयति मा भूत् तत्कृताकर्षणापकर्षण निमित्तः चित्त-संक्लेशः यदि च निर्व्यापारोऽस्ति तदा स्वगृहे समायिकं कृत्वा......' વગેરે. એટલે જો કોઇ તરફથી ભય ન હોય, જો કોઇ સાથે વિવાદ-ઝઘડો ન હોય યા જો કરજ ન હોય તોજ (ઉપાશ્રયે જવું નહિતો) તેઓ અન્યથા જે આકર્ષણ અને અપકર્ષણ કરે તેથી ચિત્ત સંકલેશ થાય. વ્યવસાય વગરના હોઇએ તો ઘેર સામાયિક કરવું આ પરથી સ્પષ્ટ પણે તે સૂરિ કહે છે કે જે અનૃણી-કરજ વગરનો એટલે જેને લેણદારો કનડે નહિ એમ હોય તેણેજ આવા ઉપાશ્રય રૂપ ઘણા જનને લાભ કરનાર સાધારણ સ્થાનમાં આવવું. અર્થદીપિકાકારનો આવો ઇસારો બહુ અર્થસૂચક છે, અને તે કઇ રીતે તે તપાસીએ.

(ક) એક તો **અર્થદીપિકાકારના** સમયમાં કદાચ દેણીયાત લોકો સાધારણ સ્થાન રૂપ ઉપાશ્રયમાં લેણીઆતો કનડે નહિ એમ ધારી સામાયિક કરવા જતા હશે.

(ખ) અને એમ સામાયિક કરવા જનારને કદાચ લેણીઆતોએ કનડેલ હશે અને તેને કનડતાં આસપાસ બીજા સામાયિક કરનારને અંતરાય પડયો હશે.

(ગ) પોતે કરજ કરેલ, તે પોતાનાં પાપને અંગે બીજા જે સામાયિક રૂપ આત્મહિત સાધન કરવા બેઠા હોય તેને આડકતરી રીતે પણ વિઘ્નરૂપ થવું, એમાં પોતેજ કારણિક હોતાં વધારે પાપના ભાગી થવાય છે.

(ઘ) વળી સામાયિક કરવા જતાં રસ્તામાં લેણીઆત કરજદારને ઉભો રાખે, તેથી લોકો ભેળા થાય અને ધર્મની નિંદા થાય.

(ઙ) કેટલાક શ્રીમંતો આવા કરજદારને આમ નિંદાતો જોઇ ધનની સહાય કરે, કારણ કે સામાન્ય રીતે તેમના મનમાં એમ રહે કે આપણા સ્વધર્મી જીવને ધર્મમાં અંતરાય પડે છે, તેથી તેની અડચણ દૂર કરવી જોઇએ; આથી ફળ એ થવાનો સંભવ રહે છે કે કરજદારને ફરી દેણું કરવાનું મન થાય છે, અને ધર્મને નામે આજીવિકા કરવાની ટેવ પડે છે.

(ચ) આવી રીતે વધારે પાપના ભાગી થતાં અટકાવવા માટે બોધ કર્યો છે કે કરજદારે સામાયિક પોતાને ઘેર કરવું, ઉપાશ્રયે કરવા ન આવવું.

વિશેષ ઉંડા ઉતરતાં, આમ કહેવામાં સૂક્ષ્મ હેતુ એ રહેલો લાગે છે, કે કરજદારે પ્રથમ પોતાનું કરજ અદા કરી દેવું. ગમે ત્યારે કરજ દીધાવિના છુટકો નથી; તો તેનો તરત નિકાલ બનતા પ્રયાસે **શુદ્ધ બુદ્ધિથી શુદ્ધ દાનતથી** કરવો, કારણ કે તેમ તરત કરવામાં નથી આવતું અને ઢીલ થાય છે તો—

(૧) કરજ વધતું જાય છે.
(૨) તેથી તે વિકલ્પથી જે ચિત્તમાં અશાંતિ-ફિકર મૂળ હોય છે તેમાં ઘણો ઉમેરો થાય છે.
(૩) ચિત્તનો વિક્ષેપ-ભંગ સામાયિકમાં અંતરાય રૂપ થાય છે એટલે સામાયિક લઇ બેઠેલ હોય છતાં કરજદારનું ચિત્ત અશાંતિવાળું હોવાથી તે આકાશ પાતાળના ઘાટ ઘડે છે કે જે ઉલટું લાભ કરતાં વિશેષ હાનિરૂપ છે.

આમ એક પછી એક વિચારો સૂક્ષ્મ રીતે કરી રત્નશેખરસૂરિ ઇસારો માત્ર કરે છે, કે કરજદારે **ઉપાશ્રયમાં સામાયિક ન કરવું**, અને એનો અર્થ પરમાર્થરૂપે એમજ સમજવો યોગ્ય છે કે—**કરજદારે સામાયિક કરવાના ભાવ રાખી પ્રથમતો કરજ આપી દેવાનોજ પ્રયાસ કરવો. આ વાત દરેક વ્યવહારમાં લાગુ પડશે.** માણસ માત્રે પોતાને અંગે રહેલી ફરજ પર અચળ લક્ષ રાખવો, કેમકે ફરજ યથાર્થ ન બજાવતાં, અથવા એમાં હાનિ કરતાં કદાચ આર્ત્ત-રૌદ્ર, વિશેષ વિશેષ આર્ત્ત-રૌદ્ર ધ્યાનનું કારણ થાય છે. આ વાત દરેક ભાઇ અને બ્હેનને પોતાના અનુભવમાં આવે એવી વાત છે, માટે ફરજ માત્ર બજાવવી, તે ધર્મના લક્ષ સાથે બજાવવી. (જુઓ મારૂં 'સામાયિક સૂત્ર' માં 'સામાયિક-વિચાર' પૃ. ૬૩-૬૫)

એક શ્રાવકે કરજ હોય તો સામાયિક કરવા ઉપાશ્રયે ન જવું ઘટે તો પછી તે ઉપાશ્રયમાં જીવન પર્યંત સામાયિક લઇને રહેવું કેમ ઘટે? કેટલાક કરજદાર દીક્ષા લેછે તે પહેલાં પોતાનાં કરજો જણાવે છે ને તે દીક્ષા અપાવનાર શ્રીમંતો ફેડી નાંખે છે અને પછી દીક્ષા અપાવે છે. આમ થાય તે ઇષ્ટ છે. કેટલાક કરજદાર કરજ જણાવતા નથી ને દીક્ષા લઇ લેછે તેથી ઉપર જણાવી એવી સ્થિતિ ઉત્પન્ન થવાનો સંભવ રહે છે, અને કેટલાક કરજદાર પોતાનું કરજ જણાવે છે છતાં દીક્ષા અપાવનાર-આપનાર તે પ્રત્યે લક્ષ આપતા નથી અને પછી ઉપરની વિષમ સ્થિતિ ઉભી થાય છે, તેના-

(અનુસંધાન પૃષ્ઠ ૧૫૬ ઉપર જુઓ.)

## સન્યાસ દીક્ષા પ્રતિબંધક નિબંધ

# જૈન મહાસભાની સૂચનાઓને મળેલી સહાનુભૂતિ.

મહેરબાન ન્યાય મંત્રી સાહેબ. મુા. વડોદરા.

હમો નીચે સહી કરનાર જંબુસર જીલ્લો ભરૂચના જૈનો આપને જાહેર કરીએ છીએ કેઃ—

આપ સાહેબ તરફથી પ્રકટ કરવામાં આવેલો સન્યસ્ત દીક્ષા પ્રતિબંધક નિબંધ સંબંધમાં હમો **જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ** તરફથી નીમાયલી પેટા સમીતીએ તૈયાર કરેલો અને કૉન્ફરન્સની કાર્યવાહક સમીતીએ તા. ૧૭-૯-૩૧ ના રોજ મંજુર કરેલા સુધારા સાથેના ખરડા સાથે હમો સંપૂર્ણ સહમત છીએ.

સગીરને માટે મુકવામાં આવેલા અપવાદ પર ખાસ ધ્યાન આપવા હમો આપને નમ્ર અરજ ગુજારીએ છીએ.

જગમોહનદાસ મંગલદાસ શાહ
એલ. સી. પી. એસ.
નગીનલાલ જે. મોદી
હીરાલાલ દીપચંદ શાહ અને
બીજી આડત્રીસ સહીઓ.

શ્રીયુત્ સેક્રેટરી, સાંગલી.
શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ, મુંબઇ,

જુદા જુદા વર્તમાન પત્રોદ્વારા અમોએ આ નિબંધ માટે ઘણું વાંચ્યું છે. ગાયકવાડી રાજ્યે આ બીલ તદન નવિન રીતે ફોર્સમાં મુકવાનો વિચાર કર્યો છે. તે ખરેખર અભિનંદનિય છે. દરેક જાતિના સમાજ માટે આ બીલ ઘણુંજ ફાયદાકારક અને આવકાર દાયક થશે એમાં શંકા નથી.

આ સંબંધમાં મ્હારો વ્યક્તિશ અભિપ્રાય રજુ કરવાની જરૂર ધારૂં છું જે નીચે મુજબ છે.

૧ જૈન એ સમાજનો હિંદુઓમાં પ્રવેશ થતો નથી તો જૈનો માટે પણ ખાસ કરી આ કાયદામાં નીચેની કલમો પ્રમાણે સમાવેશ થવો જોઇએ.

૨ સગીર વયમાં આવ્યા પછી ગાયકવાડી રાજ્ય દિક્ષા સામે પ્રતિબંધ મુકતું નથી પરંતુ સગીર વયમાં આવ્યા પછી પણ દિક્ષા લેનારના સગાંવહાલાની કાયદેસર પરવાનગી દિક્ષા લેનાર અને અપાવનારે મેળવવી જોઇએ.

૩ જૈન દિક્ષા લેનારે તો શ્રી સકળ સંઘની પરવાનગી મેળવવાની ખાસ આવશ્યકતા છે.

ઉપર મુજબ સુચનાઓ યોગ્ય લાગતી કરી છે. મ્હારો તો એટલે સુધી અભિપ્રાય છે કે આ કાયદો દરેક સમાજને ઉપયોગી છે. એટલા માટે ગાયકવાડી રાજ્ય પોતાની હદમાં અમલ કરવા ધારે છે પરંતુ શારદા એકટની માફકજ આ કાયદો બ્રીટીશ ટેરીટરીમાં પણ અમલમાં મૂકાય એવી રીતની હીલચાલ કરવાની જરૂર છે.

ઉપરના કાયદાના અંગે કોન્ફરન્સ તરફથી શા પગલાં લેવાયા છે તે જણાવતા રહેશોજી. એજ વિનંતી.

લી૦ આપનો વિશ્વાસુ,
ચતુરભાઈ પિતાંબર શાહ.

રા. રા. રણછોડભાઇ રાયચંદભાઇ તથા મોહનલાલ બી. ઝવેરી શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સના મહામંત્રી જોગ.

બિજાપુરથી લી૦ શા. હીરાચંદ કુબેરચંદના સપ્રેમ જયજિનેંદ્ર વાંચશોજી. વિ. વિ. સાથે લખવાનું જે વડોદરા નામદાર શ્રી ગાયકવાડ સરકાર તરફથી "સન્યાસ દીક્ષા પ્રતિબંધક નિબંધ" નો ખરડો જાહેર જાણ સુચનાઓ સુધારા વધારા માટે પ્રસિદ્ધ થએલો છે. તે અમારા બિજાપુર સંઘ સમક્ષ વાચવામાં આવેલો છે. અને તે સંબંધમાં શ્રી જૈન શ્વેતાંબર કાર્યવાહી સમિતિએ તે ખરડાના ઉદ્દેશને સ્વીકારેલો છે તેને અમે અંતઃકરણપૂર્વક આવકાર આપીએ છીએ.

લી૦ બિજાપુર શ્રી સંઘ તરફથી
હીરાચંદ કુબેરચંદ.

મહેરબાન ન્યાયમંત્રી સાહેબ, વડોદરા.

નમ્રતાપૂર્વક સવિનય સાદર કરૂં છું કે નામદાર ગાયકવાડ સરકારના નેક ન્યાયી રાજ્યમાં સગીર દિક્ષા પ્રતિબંધક ખરડો હાલ રજુ થયો છે ને તે કાયદા રૂપે પસાર થાય તેમાં અમારી સંપૂર્ણ સહાનુભૂતિ છે કારણ કે તેથી કેટલાએ ઝઘડાને અનર્થ અટકશે.

બાલાભાઈ ભાઇલાલ ખેડા.

મહેરબાન ન્યાયમંત્રી સાહેબ, વડોદરા રાજ્ય, વડોદરા.

સલામ દિગર આપની સહીથી શ્રીમંત સરકાર સેના ખાસખેલ સમશેર બહાદુર જી. સી. એસ. આઇ. જી. સી. આઇ. ઇ. ફરજન્દે ખાસ ઇ દૌલતે ઈંગ્લીશીયા બહાદુરના હુકમથી તા. ૩૦-૭-૩૧ થી આજ્ઞા પત્રિકામાં "સન્યાસ દિક્ષા પ્રતિબંધક નિબંધ" નો ખરડો જાહેરના અભિપ્રાય માટે પ્રસિદ્ધ કરવામાં આવેલ છે, જેના ઉપર બે માસ સુધીમાં જાહેર જનતાને સુધારા સૂચક અભિપ્રાયો મોકલવાનું પણ આપના તરફથી આજ્ઞા પત્રિકામાં જાહેર કરવામાં આવેલ છે જે રૂએ મજકુર ખરડા બાબત અમારો અભિપ્રાય નીચે મુજબ છે જેની નોંધ લેવા કૃપા કરશોજી.

આપના તરફથી પ્રસિદ્ધ થયેલ "સંન્યાસ દિક્ષા પ્રતિબંધક નિબંધને" અમો આવકાર દાયક અને સગીરના હિતને રક્ષણકર્તા સાથે સહાયકર્તા માનીએ છીએ તેટલુંજ નહિ પણ અમારા જૈન સમાજમાં હાલમાં ચાલતી અયોગ્ય દિક્ષા પ્રવૃતિઓ ઉપર પણ અંકુશ મુકાશે તેમ અમારા સમાજમાં અમુક અંગે વૈમનસ્ય અને કુસંપ પણ ઓછો થશે. તેથી અમો મજકુર ખરડા પ્રત્યે અમારી સંપૂર્ણ સહાનુભૂતિ અને ટેકો જાહેર કરીએ છીએ. રાધનપુર.

લી૦ અમો છીએ આપના વિશ્વાસુ,
શા. રાજવલ્લભ શીરચંદભાઇની સહી દા. પોતે
શા. લખમીચંદ પ્રેમચંદની સહી દા. પોતે
તથા બીજી ૭૪ સહિઓ.

( અનુસંધાન પૃષ્ટ ૧૫૪ થી )

પર સમન્સ, પછી હુકમનામું બજે, તો તેથી ધર્મની અવહેલના થાય એ સહેજે સમજાય તેવું છે.

કોઇ પરિણીત શ્રાવક પોતાના માતપિતા, સ્ત્રી, પુત્ર-પુત્રી આદિની આજીવિકાનો બંદોબસ્ત કર્યા વગર દીક્ષા લઇ લેછે તો તેઓ પ્રત્યેનું પોતાનું ઋણ ચૂકવ્યા વગર એટલે એક જાતની કરજદાર સ્થિતિમાં દીક્ષા લેછે; અને તો પછી આજીવિકા માટેનો કોર્ટમાં દાવો કરવાનો પ્રસંગ ઉપસ્થિત થાય. આવો એક પ્રસંગ ખુદ જૈન પુરી અમદાવાદમાં બની ગયો. દીક્ષિતની સ્ત્રીએ આજીવિકાનો દાવો કર્યો, ન્યાયાધીશે માસિક રૂ. પચીસ આપવાનો હુકમ કરી આપ્યો. વિષમ સ્થિતિ વધારે જોર પકડતી જાય છે તે વખતે સમાજમાં અગ્રગણ્ય આચાર્યો ને આગેવાનો ચેતીને તેનો પ્રતિકાર નહિ કરે તો હજુએ ઘણું ઘણું વધારે વિષમ ભવિષ્યકાળ બહાર પાડશે. તેઓ પોતાનો એવો કંઇ નિર્ણય બહાર પાડે કે સગાં સંબંધી કે જે પોતાના આધારપર જીવતા હોય તેની આજીવિકાની વ્યવસ્થા કરીને, પોતાનું કરજ ફેડી-ફેડાવીને પછીજ કોઇપણ માણસ દીક્ષા લેવાનો અધિકારી થાય છે અને તે નિર્ણય પોતે અમલમાં મૂકે અને મૂકાવે તો સમાજમાં શાંતિ વ્યાપશે, ધર્મની અવહેલણા થતી અટકશે. આવો નિર્ણય કરીને બહાર પાડવાનું તેઓને ઠીક ન લાગે તો પછી એક ભાઇનું એવું કહેવું છે કે કરજદાર દીક્ષિતની વિષમ સ્થિતિ ને તેથી ધર્મની થતી અવહેલના અટકાવવા માટે એક મોટું ફંડ ઉભું કરવું જોઇએ કે જેમાંથી દીક્ષા પછી ઉપસ્થિત થતા પ્રસંગોને ટાળવા માટે જોઇતાં નાણાં મળી શકે અને આપી શકાય, અને આવું ફંડ દીક્ષાના પ્રેમી શ્રીમંતો ધારે તો પોતાનાં નાણાં આપીને અતિ વિશાળ કરાવી શકે પણ તે વેડફાવું ન જોઇએ. મારા મત પ્રમાણે તો આ કાર્ય માટે ફંડ કરવાને બદલે મોટું ફંડ ભાગવતી દીક્ષા માટે લાયક ઉમેદવાર કરવા અર્થે ભેગું કરી વપરાય એ વધારે ઇષ્ટ છે અને એવું ફંડ યોગ્ય પ્રામાણિક અને ઇમાનદાર સંચાલકોના હાથમાં હોય તોજ તેનો સદુપયોગ થઇ શકે તેમ છે.

—મોહનલાલ દ. દેશાઇ.

---

( અનુસંધાન પૃષ્ટ ૧૫૫ થી )

કરજણ તાલુકા જૈન યુવક-સંઘ.
વડોદરા રાજ્ય મીઆગામ કરજણ.

રા. રા. શ્રીમાન પ્રમુખ સાહેબ,
શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ મુંબઇ.

વિ. વિ. સાથ લખવાનું કે શ્રીમંત સરકાર ગાયકવાડની ધારાસભામાં ન્યાય મંત્રી શ્રી. ધુરંધર સાહેબ તરફથી "સંન્યાસ-દીક્ષા પ્રતિબંધ" નામનો ઠરાવ મૂકી આપણી કોમમાં થતી વિશેષ પ્રમાણમાં અયોગ્ય દીક્ષાની અટકાયતને જે બહાલી આપી ઠરાવ પસાર કર્યો છે. અને રાજ્ય તરફથી જે સ્તુત્ય પગલુ ભરવામાં આવ્યું છે તેમજ રાજ્ય તરફથી સમ્મતિને માટે બે માસની મુદત રાખી છે તે દરમ્યાનમાં આપે દરેક સ્થળેથી સમ્મતિ મંગાવી છે. તો અત્રેનો જૈન યુવક સંઘ થયેલ પ્રતિબંધ કાયદાને સમ્મત છે તેમજ અમારી સહાનુભૂતિ છે.

ઉપરનાં અયોગ્ય દીક્ષા સંબંધી આપ શ્રી તરફથી જે જે ઠરાવો થયા હોય અને હવે પછી થવાના કરવાના

# સાણંદનું વાતાવરણ ક્ષુબ્ધ છે કે?

## "સાણંદની જૈન સોસાયટીના કાર્યવાહકોને ચેલેન્જ"?

તા ૨૮ મી ના "મુંબઇ સમાચારમાં" કોઇ લેખકના નામથી તેમજ તા. ૩ જી ના "વીર શાસનમાં" ઉપ મંત્રીના નામથી "દીક્ષા પ્રતિબંધ નીબંધ" ના ઠરાવ માટે જે બીના પ્રસિદ્ધ થઇ છે તે માટેની ગેરસમજૂતી દૂર થવા સત્ય ખુલાસા "જૈન અને "જૈન યુગ" તથા તા. ૭ મી ના મુંબઇ સમાચાર પેપરમાં" જાણકારના નામથી પ્રસિદ્ધ થઇ ગયા છે. છતાં પોતાનો ( કક્કો ) ખરો કરાવી ઉંચ સ્થાને આગળ ધપવા આપના તરફથી જે તનતોડ પ્રયાસો થઇ રહ્યા છે તથા તે જૂઠાણું વિશેષ ના ફેલાય તેના માટે વિશેષ ખુલાસો બહાર પાડવાની અમોને યોગ્યતા જણાય છે.

આપના લખાણમાં ઠરાવને મળતાં મોટી ઉમરના સવાસો તથા વિરૂદ્ધમાં સહીયો કરનાર નાની ઉમરના ફકત પાંચ-સાત જણ હોવાનું "જુઠાણું" બહાર પાડો છો; જે ઉપરથી પુરવાર ગણત્રી સાથે તમોને ચેલેન્જ કરવી પડે છે કે "તમોએ લીધેલ સહીયો પ્રગટ કરો? અને જેનું જુઠાણું સાબીત થાય તેણે રામવિજયજી પાસે દીક્ષા લેવી એવી પ્રતિજ્ઞા કરો? તે સિવાય ફોગટના "ધર્મના નામે ધતીંગ" ચલાવવામાં શું લાભ? ઉપમંત્રી શ્રી? આપની ઉમર હજી માત્ર અઢાર વર્ષનીજ છે; મુછનો દોર પણ ફુટયો નથી. કોન્ફરન્સને ટેકો આપનારની સહીઓ આપે નોંધી છે; અને તેમાંના ઘણા ખરા આપના મર્હૂમ પીતાશ્રીના અંગત મીત્રો છે તેમજ તેઓની ઉમરના છે. વિશેષમાં-આપના બાળપણના અજ્ઞાને ખબર નથી-કે-સાણંદમાં-વીસ વરસની ઉપરના પોણાબસો જૈનો છે! જેમાંના-સાઠ યુવકોએ કોન્ફરન્સને ટેકો આપેલ છે. પચાસ તટસ્થ રહ્યા છે અને તમોને ટેકો આપનારમાંના મોટી ઉમરના સોસાયટીનાજ પચાશ આશરે સભ્યો છે અને બાકીના તેઓના લાગતા વળગતા છે. સવાસો સહીઓનું જે પ્રમાણ પત્ર પ્રસિદ્ધ કરો છો તે કદાચ માન્ય છે કે-આપના બંન્ને નાના ભાઇઓ જેવાની કે-કોઈ સ્ત્રીઓની સહી સાથે ગણત્રી થતી હોય? આપની નાની ઉમર હોવાથી એક વસ્તુ આપને આજ યાદ આપવાની જરૂર પડે છે અને આશા છે કે તેની જરૂર નોંધ લેશો?

તે એ કે-આપના દાદાશ્રી શ્રીમદ્ રાજચંદ્રના ચુસ્ત ભક્ત હતા અને જેઓની છબી પણ હજી આપના દર્શન માટે આપના ગૃહમાં મોજુદ રાખવા તેઓનું ફરમાન છે. તેમજ આપના મર્હુમ પીતાશ્રી શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી ના પરમ ભક્ત હતા તેઓના આપ પઉત્ર ( ઉપમંત્રી ) છો (આપને) કહો કે કયા મોહેવશ કર્યા છે કે જેના અંગે સત્ય વસ્તુ જાહેર હોવા છતાં જુઠાણા રૂપે ચીતર્યા કરો છો? એજ.

તા. ૭-૧૦-૩૧ લી० "સત્ય વાદી."

---

હોય તે દરેક ઠરાવો અમારે માન્ય છે તે તરફ અમારી પૂર્ણ સહાનુભૂતિ છે. એજ વિનંતિ.

લી० શ્રી સંઘના સેવકો,
શા. છોટાલાલ રતનચંદની સહી દા. પોતે
શા. રમણીકલાલ વનમાળીદાસ સહી દા. પો.
( તથા બીજી ચોત્રીસ સહિઓ. )

# સતી નંદયંતી

ત્રિઅંકી નાટક.

—લેખક—
ધીરજલાલ ટી. શાહ.

—પાત્ર પરિચય—

સાગરપોત: પોતનપુર બંદરનો ધનાઢય વેપારી
સમુદ્રદત્ત: સાગરપોતનો પુત્ર
સહદેવ: સમુદ્રદત્તનો મિત્ર
સુરપાળ: સમુદ્રદત્તનો વફાદાર નોકર
પદ્મસિંહ: ભ્રગુપુરનો રાજા
કુલપતિ: સેવાશ્રમના આચાર્ય
લક્ષ્મી: સમુદ્રદત્તની માતા
નંદયંતી: સમુદ્રદત્તની પત્ની
મનોરમા: સહદેવની પત્ની અને નંદયંતીની સખી
સુમતિ: સેવાશ્રમની સાધ્વી

ઉપરાંત ભીલો, પરિજનો, સારથી, અધ્યાપક અને વિદ્યાર્થીઓ.

[ ગતાંકથી ચાલુ. ]

## પ્રવેશ ૨ જો.

( દરિયામાં વહાણની અંદરનો ભાગ. )

એક માણસ૦ હે ભગવાન્! હવે તરસ્યે જીવ જાય છે. મીઠું પાણી કયારે મળશે.

બીજો મા૦ હાય! હવે તો નથી રહેવાતું.

સમુદ્રદત્ત૦ ભાઇઓ જરા ધીરજ રાખો. આ સામે કોઇ બેટ દેખાય છે ત્યાંથી મીઠું પાણી જરૂર મળશે.

માંજરી૦ શેઠજી! આ પવન મધરો મધરો વાય છે—ને સામે રાક્ષસદ્વીપ છે ત્યાં મીઠું પાણી છે. પણ કિનારે જંગલી લોકનાં ટોળા ઉભા છે તેમનાથી સાચવવાનું છે.

( સહદેવ ધ્રુજવા માંડે છે. )

સમુદ્રદત્ત૦ પાણી લીધા વિના આપણાથી આગળ વધાય તેમ નથી. ગમે તેવી મુસ્કેલી હોય તેની શી પરવા છે!

સહદેવ૦ (સ્વગત) હે ભગવાન્! અહિં કયાં ફસાઇ પડયા!

સમુદ્રદત્ત૦ આવો કાયર કેમ થાય છે! તારે તો મછવામાં બેસી મારી સાથે આવવાનું છે અને જરૂર પડતાં પાણી બતાવવાનું છે.

સહદેવ૦ ઓ બાપરે! આ બલા કયાંથી! ત્યાં જઇને લડતાં લડતાં જંગલીઓના હાથે મરૂં એના કરતાં તરસ્યે મરૂં તેજ શું ખોટું?

સમુદ્રદત્ત૦ ખારવાઓ સઢ સંકેલો—ને થોડા મછવા છોડો. ( ખારવાઓ કામે લાગે છે ) સહદેવ! ચાલ તૈયાર થા—

( સહદેવ ઉભો ઉભો ધ્રૂજવા માંડે છે.)

સહદેવ૦ મારૂં ત્યાં શું કામ છે? તમે આટલા બધા છો ને?

સમુદ્રદત્ત૦ તારી કાયરતા મટાડવાની છે, તારૂં બીજું કામ નથી. જરૂર પડે તો અમે કિનારે કુદી પડીશું ને મછવા તારે સાચવવા પડશે. અને લાવી આપેલું પાણી વહાણપર પહોંચાડવું પડશે.

( સહદેવ તૈયાર થાય છે—સહુ હથિયાર સજીલે છે. મછવામાં બેસીને બેટ ભણી જાય છે.)

સમુદ્રદત્ત૦ ( જતાં જતાં ) કરાણીઓ બરાબર માળ સાચવજો. પહેરાય તો બરાર પહેરો ભરજો. ભાઇઓ! જરા વ્હેલું મોડું થાય તો ચિંતા ન કરશો।

—◇◇◇—

## પ્રવેશ ૩ જો.

( રાક્ષસ દ્વીપના કિનારે જંગલી લોકો હથિયારમાં સજ્જ થઇ ઉભા છે.)

( મછવો થોડે દૂર ઉભો છે. સમુદ્રદત્ત હાથમાં મોતીની માળા લઇ કિનારે આવે છે. પાછળ સહદેવને ખલાસીઓ પણ ઉતરે છે.)

સમુ૦ સંજ્ઞા કરીને—અમારે મીઠું પાણી જોઇએ છીએ. કયાં મળશે?

જંગલી સ્ત્રી૦ સરદાર— ( આગળ આવીને નિશાની કરે છે.)

સમુ૦ લ્યો આ નજીવી ભેટ—તમારો મારો ઉપકાર થયો જાઓ ખલાસી પાસે જળાશય જણાય છે. ત્યાંથી પાણી લઇ આવો. ( થોડા ખલાસી પાણી લેવા જાય છે.)

સરદાર૦ તમે તો અમારા મહેમાન થયા. એક રાત અહિં રહીને આગળ જજો.

સમુ૦ તમારા આમંત્રણ માટે કૃપા—પણ અમારે હજી રત્નદ્વીપ બંદરે જવું છે. રોકાવું પાલવે તેમ નથી.

સર૦ તમને વાંધો નહિ આવે. અમારૂં આતિથ્ય ભોગવ્યા વિના આગળ જવાય નહિ.

( હી...હી...હી............અવાજ કરે છે. જંગલી લોકો નાંચ કરવા મંડે છે—ઢોળક વગાડે છે. એવામાં ખલાસીઓ પાણી લઇ આવી પહોંચે છે.)

સમુ૦ તમે એક મછવો અહિં રાખી વહાણ પર જાવ અમે કાલે પ્રભાતમાં આવી શું.

( ખલાસીઓ જાય છે. સહદેવ તથા ચાર ખલાસીઓ સાથે રહે છે.)

સર૦ ચાલો મીજબાન?

( આગળ સરદાર તથા સમુદ્રદત્તની મંડળી પાછળ નૃત્ય કરતાં ભીલો સરદારના મહેલ આગળ આવે છે. ત્યાં ભારે નાચ થાય છે.)

( જંગલી—ગીત—ને નાચ— )

સરદાર૦ મીજબાન! અમારે ત્યાં કોઇ મહેમાન આવે ત્યારે આવો નાચ દેવાનો રિવાજ છે. હવે તમે અમારા પાકા મહેમાન થયા.

સમુ૦ અમે આ જોઇ ખુબ રાજી થયા છીએ-તમારા સ્વાગતની શી વાત?

—◇◇◇—

# સંઘોન્નતિનું કાર્ય.

## સેવાના પ્રકારો, સમયજ્ઞ બનવાની જરૂર.

( લેખક સદ્દગત યોગનિષ્ઠ શ્રીમદ્દ બુદ્ધિસાગર સૂરિશ્વરજી. )
સંશોધક 'વીરેશ'

( પૃષ્ટ ૪૭ થી ચાલુ )

માન અને અપમાન વૃત્તિ પૂર્વક મહાસંઘાદિની સેવામાં પ્રવૃત્ત થવું એ અધમ સેવા છે-અને જૈન મહાસંઘ વગેરેની સેવામાં માન, અપમાન અને યશઃકીર્તિ આદિની પ્રાપ્તિ માટે વા અન્ય કોઇ સ્વાર્થને લેઇ પ્રવૃત્તિ કરવામાં આવે એ મધ્યમ સેવા છે અને માન તથા અપમાનની લાગણી વિના કોઇપણ પ્રકારની કામના વિના નિષ્કામ ભાવે સાધુઓ, સાધ્વીઓ, શ્રાવકો અને શ્રાવિકાઓએ ચતુર્વિધ મહાસંઘની સેવાએ ફક્ત પોતાની ફર્જ છે એમ માનીને જે સેવા કરવામાં આવે છે, તેને ઉત્તમોત્તમ સેવા અવબોધવી. હું ફક્ત મારી શક્તિ અને સ્વાધિકાર પ્રમાણે સ્વસેવારૂપ સ્વફર્જને અદા કરૂં છું તે કર્યા વિના છુટકો નથી, તે આવશ્યક કર્તવ્ય છે એમ અવબોધીને જે મનુષ્ય જૈન મહાસંઘ-જૈન ધર્મ પ્રસાર પ્રગતિ- પ્રવૃત્તિ વગેરેમાં ઉદ્યુક્ત થાય છે, તે સંવર નિર્જરતત્વો આત્મોન્નતિ-પૂર્વક મહાસંઘોન્નતિ કરી શકે છે. સ્વવ્યક્તિરૂપ વ્યષ્ટિની ઉન્નતિ કરવા માટે મતસહિષ્ણુતા, માન અને અપમાનને સહવાની શક્તિને, સામાન્યતઃ અનેક પ્રકારનું સહન કરવાની શક્તિને જે આચારમાં મૂકી ખીલવે છે; તે જૈન મહાસંઘ-દેશ સમાજ અને સમસ્ત દેશ, જનસમાજરૂપ સમષ્ટિની પ્રશસ્ય વાસ્તવિક પ્રગતિમાં આત્મભોગ-ભાગ સમર્પવા શક્તિમાન થાય છે. જૈન મહાસંઘરૂપ એક સમષ્ટિની સેવા કરનારે સમયજ્ઞ થવું જોઇએ અને સર્વ મનુષ્યોની સાથે હળીમળીને ચાલવાનું શિક્ષણ ગ્રહીને આચારમાં મૂકવું જોઇએ. જ્યાં સુધી મનુષ્ય સમયજ્ઞ થવો નથી તે ગમે તેવો દક્ષ હોય તો પણ કોઇપણ જાતની ધાર્મિક વા વ્યાવહારિક સમાજ સેવાનું આચરણ કરી શકતો નથી. સમયજ્ઞ મનુષ્ય પ્રત્યેક વખતે અમુક પ્રતિકુળ વા અનુકુળ સંયોગોમાં કેવી રીતે વદવું-વર્તવું તે યથાર્થ અવબોધી શકે છે અને તેથી તે જૈન કોમ-જૈન ધર્મની સેવામાં સમયજ્ઞ થઇને યથાતથ્ય પ્રવૃત્તિ કરી શકે છે. જે મનુષ્ય સમયસૂચકતા વાપરીને દેશ-સમાજ-ધર્મની સેવા કરે છે તે ઘણાં વિઘ્નોમાંથી નિર્વિઘ્ન પણે પસાર થાય છે. સમયજ્ઞ મનુષ્ય, અમુક મનુષ્યની સાથે અમુક પ્રમાણે વર્તી જૈન સંઘની સેવામાં ભાગ લઇ શકે છે તેથી તે આત્મોન્નતિની સાથે મહાસંઘરૂપ સમષ્ટિની પ્રગતિ-પુષ્ટિ-તુષ્ટિ-વૃદ્ધિ અને રક્ષા કરી શકે છે.

સાધુઓ અને સાધ્વીઓ એક બીજાના સંઘાડાનાં ક્ષેત્રો પર શ્રાવકોના ઉપર ઉપરના રાગનાં આકર્ષણથી પડાપડી કરે છે અને એક બીજાનાં ક્ષેત્રના શ્રાવકોને પરસ્પર -સંઘાડાના સાધુઓ વિરૂદ્ધ સમજાવી પોતપોતાની સત્તા અને રાગનો ચિરસ્થાયિ ભાવ રાખવા પ્રયત્ન કરે છે, પરંતુ તેમાં પરસ્પર સંઘાડા-ગચ્છના સાધુઓ અને સાધ્વીઓ ભિક્ષા માગી ખાનાર બાવાઓના જેવી દશાને પ્રાપ્ત કરે છે. આવી પ્રવૃત્તિ વર્તમાનમાં પ્રાયઃ ઘણી દેખવામાં આવે છે. તેઓ સરાગ સંયમી હોવા છતાં અને પંચમ આરામાં હોવા છતાં ચોથા-આરાના જેવી વીતરાગ દશાનો ડોળ કરીને જ્યાં ત્યાં પરસ્પર ગચ્છ-સંઘાડાનાં ક્ષેત્રો પર, અને શ્રાવકો પર પડાપડી કરી પોતાનું જમાવવા અન્યોનું નિષ્કાસન કરવા જતાં બગલા ભક્તની દશા કરે છે તે સદા ટકી શકતી નથી. અને પરસ્પર સાધુઓની પ્રાયઃ આંતરિક અવ્યવસ્થિત આવી સ્થિતિ બનવાથી 'મુખે માથું અને કૂડે હૈયું' એવી બાહ્યમાં પ્રવૃત્તિ આદરીને વીતરાગદશા જણાવવા જાય છે, પરંતુ તે સિદ્ધ થતી નથી. હજામ અને ભંગીઆઓની કોન્ફરન્સમાં એક એકના ઉપર પડાપડી ન કરવી એવો બંદોબસ્ત થયો છે. અને તે પ્રમાણે તેઓ વર્તે છે તો સાધુકોમ જો આ બાબતમાં કાંઇ વિચાર કરીને પરસ્પર એક બીજાના ક્ષેત્રો ઉપરની પડાપડીનો ત્યાગ નહિ કરે તો સરાગ સંયમ પાળવાની અને પ્રવર્તાવવાની સત્તાનો ઉચ્છેદ થશે અને શ્રાવકો વગેરેને સુવ્યવસ્થાથી જે લાભ મળતો હશે તે બંધ થશે. તેમજ પરિણામે સંઘસત્તાના સૂત્રોમાં પરિવર્તન થવાથી અને સાધુઓમાં પરસ્પર થતી નિંદાદિક ખોદણીથી તેઓનો સાધુઓ પરનો રાગ ટળી જશે. અતએવ પરસ્પર સંઘાટક ગચ્છીય સાધુઓએ પરસ્પરના ક્ષેત્રોપર પડાપડી નહિ કરતાં એક સુવ્યવસ્થાથી સલાહસંપ કોલકરાર કરીને વર્તવું જોઇએ કે જેથી વર્તમાનમાં તથા ભવિષ્યમાં 'સાધુઓ પરસ્પર એક બીજાની ખોદણી કરનારા છે' ઇત્યાદિ ખોદણી કરવાનો સત્તા સામે થનારા શ્રાવકો વગેરેને અવકાશ ન રહે. આ બાબતનો પરસ્પર સંઘાડા-ગચ્છના ઉપરી આચાર્યો વગેરેએ નિર્ણય કરી સલાહસંપ કરવો જોઇએ.

---

## અયોગ્ય દીક્ષાના હિમાયતીઓને ચરણે.

વડોદરા રાજ્યના સંન્યાસ દીક્ષા પ્રતિબંધક નિબંધ અંગે તેનો વિરોધ કરવાના બહાના હેઠળ એક ટોળી મ્હોટી ધમાલ કરી રહી છે! આ બધું શા માટે? શાસનના નામે ભોળી જનતાને ભરમાવી અંધશ્રદ્ધાના અખાડા જમાવવાના પ્રયાસો કરવામાં શા માટે કચાશ રહે? બુદ્ધિવાળા, સંસ્કારી, સુશિક્ષિતને દોરવાનું કાર્ય કાંઇ સહેલું છે? ગાડરીઆ પ્રવાહની સરદારી સહેલી હોય અને ધર્મના નામે બિચારા ભોળા લોકોનું ટોળું ગાડરના પ્રવાહની પેઠે ચાલે અને સ્હેજે વાહ વાહ થાય! સહેલું મૂકી કપરૂં કોણ કરે?

આજે ધર્મના નામે આવીજ રીતે ભોળી જનતાને આડે રસ્તે દોરવામાં આવતી હોય તો તેમાં શું આશ્ચર્ય? સંન્યાસ દીક્ષા પ્રતિબંધ નિબંધ અંગે કૉન્ફરન્સની સૂચનાઓનો કેટલો અનર્થ કરવા પ્રયાસ કરવામાં આવે છે. તે સમજુ વર્ગ સહેજ સમજી શકે તેમ છે. કૉન્ફરન્સની સૂચનાઓમાં સગીર દીક્ષા માટે જે અપવાદ મૂકાયો છે તે એટલો વિશાળ અને તેવી દીક્ષાનો માર્ગ ખુલ્લો રાખનારો છે કે તે સૂચનાઓ તૈયાર કરવા નિમાએલ સમિતિને ધન્યવાદજ દેવો ઘટે.

વાસ્તવિક રીતે કોન્ફરન્સની સૂચનાઓ વડોદરા રાજ્ય સ્વીકારે તો તેથી સમાજની માન્યતાને બાધ આવ્યા વિના આજે દીક્ષાના નામે જે અનર્થો ચાલી રહ્યા છે તે અટકે અને યોગ્ય દીક્ષાઓ પણ આપી શકાય. આ બન્ને હેતુઓ સરે તેમ છે.

શાસન દેવ! ધર્મના નામે ભાન ભુલેલાઓને સદ્દબુદ્ધિ આપે!

'સન્માર્ગ.'

# જૈન સાધુઓ અને મહાત્મા ગાંધીજી.

## જૈનોની નિર્નાયક દશા કયાં સુધી રહેશે?

(લેખક—શા મહાસુખભાઇ ચુનીલાલ. વિસનગર)

જ્યારે ભારતવર્ષમાં ચારે બાજુએ રાષ્ટ્રીય ભાવના ફેલાઈ રહી છે પોતાનું સ્થાન નિર્ણય કરવા દેશ નેતાઓ ભગીરથ પ્રયત્ન કરી રહ્યા છે. હિંદી રાષ્ટ્રીય મહાસભાના પ્રતિનિધિ-**સાબરમતીના સંત-મહાત્મા ગાંધી** અત્યારે ઇંગ્લંડમાં ભુખે મરતા હિંદની ખરી પરિસ્થિતિનો ખ્યાલ આપી આપણા ઉપર રાજકરતી પ્રજાના મન ઉપર ભારે અસર કરી જબરમાં જબર સલ્તનતને ધ્રુજાવી રહ્યા છે, ત્યારે આપણે જૈનો માંહે માંહે લડી પૈસો અને બળ ખર્ચી નાખવાની અધમ પ્રવૃત્તિમાંથી ઉંચા આવતા નથી.

મારા જૈન બંધુઓ અને પુજ્ય મુનિમહારાજો! જરા વિચાર કરી જુઓ! આ મહાત્માજી કયાં શસ્ત્રથી લડી રહ્યા છે? માત્ર એકજ અહિંસાના શસ્ત્રથી. ઘણા અફસોસની વાત છે કે આ અહિંસાના શસ્ત્રની માલકીનો દાવો કરનાર જૈનોમાં અને સાધુઓમાં કેટલાક એવા નિકળ્યા છે કે મહાત્મા ગાંધીજીને મહાત્મા કહેવામાં કે લખવામાં પાપ સમજે છે. તેમનું ભાષણ સાંભળવાથી કે વાંચવાથી મિથ્યાત્વ પ્રાપ્ત થાય છે. આ જાણી અહિંસાનો સાચો દાવો કરનાર એવો કયો જૈન હશે કે જેનું દિલ દુખાયા વિના રહ્યું હશે?

મારા જૈન બંધુઓ! આપણે ચારે બાજુએથી સાંભળતા આવ્યા છીએ. અને હાલ પણ સાંભળીએ છીએ કે જૈનો કાયર અને બાયલા બની ગયા છે. આ થોડી શરમાવા જેવી વાત નથી. જે અહિંસાના શસ્ત્રથી મુઠીભર હાડકાના મહાત્મા ગાંધીજી મહાન સલ્તનતને હંફાવી રહ્યા છે તે શસ્ત્ર આપણા મહાવીર ભગવાનનું છે. આ શસ્ત્રનો ઉપયોગ મહાત્માજી કરી રહ્યા છે. અને તેનું ફળ આખી દુનિયાને બતાવી રહ્યા છે. આવું આપણી પાસે અમુલ્ય શસ્ત્ર હોવા છતાં આપણા ઉપર કાયરતાનો આક્ષેપ આવે તે માટે કોને જવાબદાર ગણવા જોઇએ?

હું આંચકો ખાધા સીવાય સ્પષ્ટ શબ્દોમાં જણાવું છું કે તે માટે ધર્મનો ઉપદેશ કરનાર સાધુઓને જવાબદાર ગણું છું! આપણે આપણી કાયરતાનાં જે માઠાં પરિણામ ભોગવી રહ્યા છીએ તે તેમને આભારી છે! સાધુઓના અહિસાના સત્ય અને શુદ્ધ ઉપદેશના અને વર્તનના અભાવે જૈન જનતા અંધારામાં ગોથાં ખાવા લાગી છે. ધર્મનો બાહ્ય આડંબર વધી પડયો છે. ભગવાન્ મહાવીર સ્વામીના ચરિત્ર અને ઉપદેશમાંથી શું તત્વ ગ્રહણ કરવાનું છે તે બાજુએ મુકી ફોનોગ્રાફની માફક પર્યુષણના આઠ દિવસમાં વ્યાખ્યાન સાંભળીએ છીએ શ્રી કલ્પસૂત્ર ૨૧ વખત સાંભળનાર મોક્ષ પામે છે એવી માન્યતા છે. પરંતુ દીલીગીરીની વાત છે કે જૈન સમાજમાં એવા ઘણા વૃદ્ધો હશે કે જેમણે ૪૦-૫૦ બલ્કે તેથી પણ વધારે સાંભળવા ભાગ્યશાળી થયા હશે, પણ અફસોસ! તે પૈકીના ઘણા જૈનો હજુ ઝગડાની અને કુસંપની હોળીઓ સળગાવી આનંદ માની રહ્યા છે. શું આ મુક્તિના પથે જનારનાં લક્ષણ હોઇ શકે? માટેજ મારે કહેવું પડે છે કે ઉપદેશ દેનાર મુનિમહારાજોએ શ્રી મહાવીર ભગવાનનું જીવન ચરિત્ર પોતાના જીવનમાં ઉતારી તે માર્ગે પોતે અને પોતાના ભક્તો ચાલે તેવો ઉપદેશ કરવો જોઇએ. તેમના અત્યાર સુધીના ઉપદેશથી આપણા જૈનો ઉપર કાયરતાના અને બાયલાપણાના આક્ષેપનું કાળું કલંક લાગી ચુકયું છે. તે કલંક ભુસાવી નાખવા કેટલાક મુઠીભર સાધુઓ દેશ અને કાળ ઉપર નજર રાખી પ્રયત્ન કરે છે ત્યારે તેમની સામે કેટલાક સાધુઓ અને તેમના ભક્તો તિરસ્કાર બતાવે છે. અને મરજીમાં આવે તેવા શબ્દોથી સંબોધે છે.

શ્રી મહાવીર પ્રભુએ આપેલા અહિંસાના શસ્ત્રથી આખી દુનિયા આશ્ચર્યચકીત થઇ રહી છે. તે અહિંસાના શસ્ત્રમાં મારવાનું નામ નથી. કોઇના આત્માને દુખાવવાની પણ વાત નથી. પરંતુ તે શસ્ત્રમાં પોતાની જાતને સહન કરવાની વાત છે. પોતાના આત્માને શુદ્ધ કરી આત્મબળ મેળવી સહનશક્તિ પ્રાપ્ત કરી પોતાના ઉપર આવી પડતા ઉપસર્ગ સહન કરવા. ક્રોધ જે હિંસાનો પોષક છે તેને બાળી નાખી શાંતિ ધારણ કરી દુશ્મનનાં હૃદયનો પ્રેમ મેળવવો એવો અમૂલ્ય બોધ મહાવીર ભગવાનનું જીવન ચરિત્ર શીખવે છે.

જૈન મુનિમહારાજો! તમે અમને એવું શિક્ષણ આપી તે પથે ચડાવ્યા હોત તો અત્યારે આખા ભારતવર્ષમાં જૈનોનો જયજયકાર વર્તી રહ્યો હોત. તેના પૂરાવા તરીકે એક સાબરમતીનો સંત, દરીદ્રીનો નારાયણ, પાંત્રીસ કરોડનો નાયક મહાત્મા ગાંધીજી, એ અહિંસાના શસ્ત્રથી આખી દુનિયાનું ધ્યાન ખેંચી રહ્યો છે. જૈનો ઉપર પડતા આટલા બધા કાયરતાના ફીટકારોમાં પણ એટલોજ સંતોષ થાય છે-કહો કે એટલોજ દિલાસો મળે છે કે જે અહિંસાનું શસ્ત્ર મહાત્મા વાપરી રહ્યા છે તે જૈનોના મહાવીરનું છે. બસ. આટલોજ દિલાસો-આટલોજ સધીઆરો. વસ્તુને ખરી વસ્તુરૂપે મહાત્માજીએ ઓળખી અને સાબીત કરી બતાવી સાધુઓએ તેમાંનું કાંઇપણ કર્યું નહીં. આ આપણી માલકીના શસ્ત્રનો ઉપયોગ કેવી રીતે કરવો તે સાધુઓએ કરી બતાવ્યું નહીં. કહેવત છે કે મારે તેની તલવાર છે. કમરે ભરાવી રાખેલી તલવાર તો મિથ્યા ભાર સમાન છે. ઉપયોગ કરી શકાય તેવા સમય સૂચકતા ભરેલા ઉપદેશોની જરૂર છે. શસ્ત્ર હોવા છતાં તેવો ઉપદેશ ન મળ્યો ત્યારેજ ફીટકારને પાત્ર થઇ પડયા છીએ.

પાંચસો સુભટોનું દૃષ્ટાંત જૈનો અને સાધુઓ સાંભળી સંભળાવી થાકયા પણ કોઇએ તેનો અમલ કર્યો નહીં. તેનો અમલ હિંદના નેતાઓ કરી શકયા. પાંત્રીસ કરોડના નાયક તરીકે એકલા મહાત્માજીને લંડન મોકલવામાં આવ્યા. તેમણે હિંદનો અવાજ ત્યાં રજુ કર્યો. તે એકલા કરે તે આખા હિંદને કબુલ.

અફસોસની વાત છે કે "જૈન શાસન ઉદ્ધારક, જગતગુરૂ" વીગેરે અનેક વિશેષણોથી વિભૂષિત થયેલા આચાર્યોમાંથી કોઇ નાયક ન નીકળ્યો કે જે સળગી રહેલી કલેશની હોળીઓને ઓલવવાને તૈયાર થયો હોય. પછી પાંચસો સુભટનું દૃષ્ટાંત સંભળાવ્યાથી કે સાંભળવાથી શું વળ્યું? "કથા સાંભળી ફુટયા કાન તોય ન આવ્યું બ્રહ્મજ્ઞાન" તો તેવી કથા સાંભળ્યાથી શું ફાયદો? માટેજ હું કહું છું કે સાધુઓના ઉપદેશો પોથીમાંનાં રીંગણાં સમાન દૃષ્ટિગોચર થાય છે. "અમે શાસન પ્રેમી છીએ, અમે ધર્મી છીએ,"

એવું મહાવીર સ્વામી અને તેમના ભક્તો નહીં કહેતા. તે કોઇને ગાળો ભાંડતા નહોતા, પણ તેમનાં વર્તન એવાં હતાં કે તે દેખી દુનિયા આપોઆપ તેમને ધર્મી અને શાસન પ્રેમી કહેતી હતી. અને તેમની તરફ પ્રેમથી આકર્ષાતી હતી.

જૈન મુનિમહારાજો ! તમારાં પંચ મહાવ્રતોને મહાત્માજીએ દીપાવ્યાં છે. તેમણે અહિંસા, સત્ય, અસ્તેય, સંયમ અને પરિગ્રહ ત્યાગથી જબરી સલ્તનતને ડોલાવી છે. અહિંસાનો સંદેશો અમેરીકા જેવા મહાબળવાન દેશે પણ બ્રૉડ કાસ્ટીંગ વાયરલેસથી સાંભળ્યો અને મહાત્માજી ઉપર આફ્રીન થયા. ત્યાંના લોકો ઠામ ઠામ તેમનો ઉપદેશ સાંભળવા તેમને આમંત્રણ આપે છે. તે ત્યાં જાય છે, બોધે છે અને અસર કરે છે. જ્યારે આખી દુનિયા મહાત્માજીનો અહિંસાનો સંદેશો સાંભળી રહી છે ત્યારે યંગમેન્સ જૈન સોસાયટીવાળા જૈનો અને તેમના ધર્મગુરૂઓ ગાંધીજીને "મહાત્મા" કહેતાં શરમાય છે. તેમને પાપ લાગે છે. અફસોસ! આવી તેમની મનોદશા જોઇ કોને ગ્લાની ઉત્પન્ન થયા વીના રહેશે? અધિષ્ટાતા દેવો હવ તેમને સદ્બુદ્ધિ આપે.

પુજ્ય મુનિમહારાજો! તમારી નિર્નાયક જેવી દશા દુર કરો. પોતાની અને દેશની સ્થિતિ જુઓ. સંમેલન મેળવી નિર્ણય કરો. જૈન સમાજ તરફ સમભાવની દૃષ્ટિ કરો. મનના મેલ ધોઇ નાંખો. રાગ અને દ્વેષ કાઢી નાખી નિષ્પક્ષપાત પણે વર્તન રાખી સમાજમાં ચાલતા કુસંપ ઝેર વેર કલેશને તિલાંજલી આપી સંપ કરાવો. ઐકય સ્થાપી કાયરતાનું કલંક ભુસાવી નાખો અને જૈન જનતા કાયર નથી પણ બળવાન છે એવું વિચાર વાણી અને વર્તનથી દુનિયાને સાબીત કરી બતાવો. તેમ કરશો તોજ તમારી જૈન સમાજની અને ધર્મની ઉન્નતિ થવાની છે.

તા. ૨૮-૯-૩૧. વીસનગર—હાલ—મુંબઇ.

## સાભાર સ્વીકાર

[ સ્થળ સંકોચના કારણે જરૂરી સમાલોચના અવકાશે* પ્રકટ કરવામાં આવશે. તંત્રી. ]

**શ્રી જૈન ગુરૂકુલ, બ્યાવર**—દ્વીતીય વિવરણ તા. ૧-૭-૨૯ થી તા. ૧૭-૪-૩૧ સુધીનો રિપોર્ટ. પ્રકાશક મંત્રી જૈન ગુરૂકુલ બ્યાવર.

**શ્રી દક્ષિણા મૂર્તિ ભવન**—અહેવાલ ૧૯૩૦ પ્રકટ કરનાર—શ્રી દક્ષિણા મૂર્તિ ભવન ભાવનગર.

**બહેરાં મુંગાની શાળા, અમદાવાદ**—એકવીશમો વાર્ષિક અહેવાલ પ્રસિદ્ધ કર્તા મંત્રીઓ.

**શ્રી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક બોર્ડીંગનો** ૧૯૩૦ ની સાલનો ૨૫ મા વર્ષનો રિપોર્ટ. પ્રસિદ્ધ કરનાર, રા. સાંકલચંદ મહોકમચંદ દલાલ બી. એ. માનદ મંત્રી. ઠે૦ એલિસ બ્રિજ, અમદાવાદ.

**શ્રી વીરતત્વ પ્રકાશક મંડળ—શીવપુરીનો** દશમા અગિયારમા વર્ષનો રિપોર્ટ. પ્રકાશક મંત્રીઓ. મોહનલાલ ખોડીદાસ શાહ, રતિલાલ ફુલચંદ મ્હેતા, પુરૂષોતમ લક્ષ્મણ તાંબે તથા ટોડરમલ ભાંડાવત.

**શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુલ**—પાલિતાણા. સં. ૧૯૮૬ ની સાલનો રિપોર્ટ તથા હિસાબ. પ્રસિદ્ધ કરનાર માનદ મંત્રીઓ—શેઠ ફકીરચંદ કેશરીચંદ શ્રોફ. ડૉ. નાનચંદ કે. મોદી, શેઠ લલુભાઇ કરમચંદ દલાલ.

**હિંદુ વીમેન્સ રેસ્કયુ હોમ** ત્રીજો વાર્ષિક રિપોર્ટ. પ્રમુખ એમ. આર. જયકર. મંત્રીઓ એમ. બી. ઉદ્ગાઓકર તથા એસ. એસ. નવરે.

**શ્રીમન મુનિમહારાજ શ્રી મોહનલાલજી જૈન** સેન્ટ્રલ લાઇબ્રેરી તથા સંસ્કૃત પાઠશાળાનો રિપોર્ટ તથા હિસાબ સને ૧૯૨૮ ના જાન્યુઆરીથી ૧૯૩૦ ના ડીસેમ્બર સુધીનો પ્રસિદ્ધ કર્તા શ્રી. હીરાલાલ મંછાચંદ શાહ સોલિસિટર.

**मुनि ज्ञानसुंदर**—રાજ્યસ્થાન સુંદર સાહિત્યમાલા પુષ્પ નં. ૮. લેખક શ્રીનાથ મોદી—દ્રવ્ય સહાયક શ્રી સંઘ લુણાવા—મારવાડ પ્રકાશક રાજ્યસ્થાન સુન્દર સાહિત્ય સદન જોધપુર.

**શ્રી યતીન્દ્ર વિહાર-દિગ્દર્શન** દ્વીતીય ભાગ ચરિત્ર. સંયોજક વ્યાખ્યાન વાચસ્પત્યુપાધ્યાય મુનિરાજ શ્રી યતીન્દ્ર વિજયજી, પ્રાપ્તિસ્થાન શ્રી રાજેન્દ્ર પ્રવચન કાર્યાલય ખુડાલા (મારવાડ) પો૦ ફાલના.

**श्री वीरनिर्वाण संवत् और जैन काल-गणना.** લેખક મુનિ શ્રી કલ્યાણવિજયજી. પ્રકાશક, ક. વિ. શાસ્ત્ર સમિતિ. જાલોર (મારવાડ) મૂલ્ય રૂ. ૧-૦-૦.

**શ્રી સાગરાનંદસૂરિ દીક્ષા મતખંડન** યાને દીક્ષા અને સંઘસત્તા સંબધી-**શાસ્ત્રીય ખુલાસા** લખનાર પંડિત શ્રાવક હીરાલાલ હંસરાજ જામનગરવાલા.

**श्री आत्मानंद जैन गुरुकुल पंजाब** गुजरांवाला का संक्षिप्त परिचय व पश्चम वार्षिक विकरण—પ્રકાશક અનન્તરામ જૈની. બી. એ. એલએલ. બી. માનદ મંત્રી.

### સુધારો.

અમારા ગયા અંકમાં નીચેના સદ્ગૃસ્થોની સહીઓ સુધારી વાંચવા કૃપા કરશો.

"દીક્ષા પ્રતીબંધ નીબંધ" વિરૂદ્ધ કૉન્ફરન્સને ટેકો આપનાર શ્રી સાણંદના જૈનોની સહીઓ—ઓધવજી માવજીને બદલે ગોવનજી નારણભાઇ—શેઠ છગનલાલ ભીખાભાઇને બદલે છગનલાલ ગીગાભાઇ.

તૈયાર છે! 卐 સત્વરે મંગાવો!

'શ્રી જૈન ગૂર્જર કવિઓ ભાગ ૨.'

આશરે ૧૦૦૦ પૃષ્ઠનો દલદાર ગ્રંથ

કિંમત ત્રણ રૂપીઆ.

સંગ્રાહકઃ—મોહનલાલ દલીચંદ દેશાઇ.
બી. એ. એલએલ. બી. એડવોકેટ.

પ્રાપ્તિસ્થાનઃ-શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ.
૨૦, પાયધુની, મુંબઇ ૩.

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay 3.

તારનું સરનામું:-'હિંદસંઘ' 'HINDSANGH' || नमो तित्थस्स || Regd. No. B 1996.

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.)

વાર્ષિક લવાજમ રૂપીઆ બે. | તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ. [મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.] | છુટક નકલ દોઢ આનો.

વર્ષ જુનું ૬ ઠું. નવું ૧ લું. | તા. ૧ લી નવેમ્બર ૧૯૩૧. | અંક ૨૧ મો.

જૈન યુગ.

તા. ૧-૧૧-૩૧ રવીવાર.

## સમાજ, દીક્ષા અને રાજ્યસત્તા.

### દીક્ષા પ્રતિબંધક નિબંધ.

વડોદરા સરકારના સન્યાસ દીક્ષા પ્રતિબંધક નિબંધે જૈન કોમના અમૂક વિભાગમાં ખુબ ચર્ચા જગાડી છે. એ નિબંધ સમસ્ત હિંદુ અને જૈન કોમને લાગુ પડે છે અને તેની અસર એ બંન્ને કોમો પર થાય છે છતાં નવાઇની વાત એ છે કે હિંદુ કોમે તો એની નોંધ સરખી પણ લીધી નથી. જૈનોમાં સ્થાનકવાસી અને દિગમ્બર કોમો એ જરા પણ ચર્ચા તત્સંબંધે કરી હોય એમ જાહેરમાં આવ્યું નથી. શ્વેતાંબર મૂર્તિપૂજક કોમમાં પણ ઘણા ગચ્છો અને પેટા વિભાગો છે તેમાં શ્રી પૂજ્ય કે યતિઓએ આ નિબંધ માટે કાંઇ ચર્ચા કરી જાણવામાં આવી નથી. એ ઉપરાંત ખરતર ગચ્છ, અંચળગચ્છ કે બીજા કોઇ ગચ્છના અનુયાયીઓએ પણ નિબંધની નોંધ લીધી નથી. તપગચ્છના એક વિભાગે આ ચર્ચા ઉપાડી લીધી છે અને તે વર્ગ જરા વાચાળ અને સાધન સંપન્ન હોઇ આ પ્રશ્નને ચારે તરફ જાહેર કરી રહ્યો છે અને તેની ચર્ચા મેળાવડા તથા પત્રોમાં કરી રહ્યો છે. એવી રીતે કોઇપણ જાહેર પ્રશ્નની ચર્ચા કરવાની અને તેમ કરવામાં સભ્યતાના નિયમો જાળવવાની આવશ્યકતા છે અને તેવી રીતે કરવામાં આવે તેમાં કોઇપણ પ્રકારનો વાંધો હોઇ શકે નહિં. આપણે જાહેર પ્રશ્નમાં રસ લેતા થશું ત્યારેજ આપણું રાજદ્વારી ક્ષેત્રમાં સ્થાન આવશે અને અત્યારે અનેક પ્રશ્નોમાં આપણે માથું ખજવાળવું પડે છે તે સ્થિતિ દૂર થશે. એ રીતે જાહેર પ્રશ્નમાં ભાગ લેવાની નજરે ચાલતી ચર્ચા આવકારદાયક ગણાય.

### એની અસર અને ક્ષેત્રમર્યાદા.

તેથી આપણે પ્રથમ ભૂમિકા તપાસીએ. (૧) એ નિબંધ જાહેર પ્રશ્નની દૃષ્ટિએ ચર્ચાય છે? (૨) એને ચચવામાં જેટલી અગત્ય જાહેર પ્રશ્નને અપાવી જોઇએ તેટલું તેમાં ગૌરવ છે? (૩) એ પ્રશ્નની ચર્ચા હાલ જે પદ્ધતિએ ચાલે છે તે સમાજ પુષ્ટિ અને પ્રગતિને હિતાવહ છે? અને (૪) એ પ્રશ્નની ચર્ચામાં જાહેર હિતનો વિશાળ મુદ્દો છે કે અંગત દૃષ્ટિએ એ સવાલ ચર્ચાય છે? આ પ્રશ્નો વિચારતાં આપણને ઘણી અગત્યની બાબતો સાંપડવા સંભવ છે. અહીં એક વાત ખાસ કરવાની જરૂર છે. જાહેર દૃષ્ટિએ પ્રશ્નની ચર્ચા કરવામાં પ્રશ્નને જે લોકો અંગત કરી નાખે તે ચર્ચા કરનારને તદ્દન અયોગ્ય બને છે. જાહેર પ્રશ્નને જાહેર અગત્યજ અપાય. એમાં વડોદરા સરકાર છેવટે શો નિર્ણય કરશે તેની સાથે નિસબત ન હોવી જોઇએ. એમાં વિચારવાની બાબત "મુદ્દાઓ" ની હોઇ શકે. એ નજરે જોતાં આ પ્રશ્નને આટલું રૂપ આપવા યોગ્ય લાગતું નથી. એની અસર જનતાના લક્ષાંશમે ભાગે પણ અસર કરે તેવી નથી. છતાં સમાજના એક ઘણા નાના વિભાગે તેને મોટું રૂપ આપી એ પ્રશ્ન જાણે હિંદના ભવિષ્ય માટે જીવન મરણનો સવાલ હોય તેટલી હદ સુધીની વાતો કરી નાખી છે ત્યારે એ સવાલના ગુણ દોષમાં ઉતરવુંજ રહ્યું. વાસ્તવિક નજરે જોતાં એ પ્રશ્ન એટલો મહત્વનો નથી અને એને માટે આટલો શોર બકોર ન ઘટે.

### એનો ઇતિહાસ.

એ પ્રશ્નનો ઇતિહાસ જરા જોવાની જરૂર છે. જૈન દીક્ષા સંબંધમાં ઘણું અનેકું કરવામાં આવ્યું. સંવત્ ૧૯૪૦ થી ૧૯૬૦ સુધીમાં ચર્ચાસ્પદ ઘણી દીક્ષાઓ આપવામાં આવી. એમાં વ્યવહાર દક્ષતા કે વિવેક ન રહ્યો. વય કે જવાબદારીના પ્રશ્નને ગૌણ કરી નાખવામાં આવ્યો. આથી કેટલીક ફરીઆદો થઇ, સાધુઓ તરફ લોકમાન ઘટયાં, અરૂચી ઉભી થઇ અને ટીકાઓ અંદર અંદર થવા લાગી. દેશકાળની પરિસ્થિતિ, રાજાની જવાબદારી અને કાયદાના ફેરફારો સમાજને જણાયા

અને પ્રકાશ પડતાં આપણી પદ્ધતિમાં ફેરફાર કરવોજ પડશે એમ જણાતાં એ માટે પ્રયત્નો થયા. પ્રથમ પ્રયાસ સંવત ૧૯૪૦ લગભગ શેઠ પ્રેમાભાઇ હેમાભાઇએ કર્યો અને તત્સમયના સમર્થ વિચારક મહાત્માશ્રી મુક્ષચંદજી ગણિએ તેનું યોગ્ય વાલણ કર્યું. એમણે સર્વ સાધુઓ તરફથી જણાવ્યું કે દીક્ષા સંબંધમાં કોઇ જાતનું અતેડું હવે પછી સાધુઓ તરફથી કરવામાં આવશે નહિ. છતાં પરિસ્થિતિ સુધરી નહિ. ઉપરા ઉપરી અવ્યવસ્થિત દીક્ષાના પ્રસંગો વધતા ચાલ્યા. આખરે સંવત્ ૧૯૬૮ માં શ્રી આત્મારામજી મહારાજના શિષ્ય સમુદાયે વડોદરા મુકામે દીક્ષા ઉપર રીતસરના જરૂરી પ્રતિબંધો મૂકયા અને જનતાએ દીર્ઘ શ્વાસ લીધો. એ સર્વ હકીકત અન્યત્ર સારી રીતે નોંધાઇ ગયેલી છે અને એ સંમેલનના ઠરાવો રદ બાતલ ગણાવવાના પ્રયાસો વૃથા છે. આવા જરૂરી ઠરાવ થયા છતાં એની ઉપેક્ષા કરનારા પ્રસંગો બન્યા અને ત્યાર પછી તો દીક્ષાની બાબતમાં શ્રી સંઘોને આહ્વાન થયા, શ્રી સંઘની અવગણનાઓ થવા માંડી અને દેશકાળ અને કાયદાને દૂર મૂકવાનાં જાહેર ઉપદેશો થવા માંડયા. મોટી સંખ્યામાં જનતાનો આક્ષેપ કરનારા અને જૈન કોમને નીચું જોવડાવનારા પ્રસંગો બન્યા અને ચારે તરફ દીક્ષાની વાતો અને દીક્ષાના કડવા અનુભવો જૈન કોમને શરમાવે તેવા આકારમાં પ્રકટ થતા રહ્યા.

## જૈન કૉન્ફરન્સનો ઠરાવ.

આવી પરિસ્થિતિમાં ચોતરફ સંક્ષુબ્ધ વાતાવરણ તપાસી આ દિશામાં કાંઇ કર્તવ્ય છે એમ જૈન જનતાને લાગ્યુ. સંઘસત્તાનો લોભ, કાયદાનો વિરોધ અને પાછા સાધુઓ કોરટમાં ઘસડાય ત્યારે ધર્મને થતી કલુશતા અયોગ્ય લાગતાં એ પ્રશ્ન પર જૈન શ્વેતાંબર કૉન્ફરન્સે વિચાર કર્યો. આજુબાજુની પરિસ્થિતિ વિચારી શ્રી કૉન્ફરન્સે એ પ્રશ્ન પર ખૂબ ચર્ચા કરી, અભિપ્રાયો મેળવ્યા, વિષય વિચારણી સભામાં કલાકો તે પર કાઢયા અને છેવટે દીક્ષાના સંબંધમાં ત્રણ પ્રતિબંધ મૂકયા. એ ત્રણે પ્રતિબંધો ખાસ જરૂરી અને અવલોકનને પરિણામે કરવાની જરૂર જણાઇ હતી અને તે ઓછામાં ઓછા પ્રતિબંધો હતા. તથા અત્યાર સુધી થયેલ ચર્ચા તથા ઠરાવના દોહનરૂપે હતા. એ ત્રણ પ્રતિબંધો નીચે પ્રમાણે હતા.

(૧) જે સ્થળે દીક્ષા આપવાની હોય ત્યાંના સંઘની સંમતિ જોઇએ.

(૨) દીક્ષા લેનારના સગાની-માબાપ આદિ અંગત સગાની સંમતિ જોઇએ.

(૩) અને દીક્ષા યોગ્ય જાહેરાત પછી થવી જોઇએ.

આ ત્રણે પ્રતિબંધો જૈન કોમના ગૌરવને જાળવવા માટે જરૂરી હતા. આ યુગમાં ગમે તેવાને દીક્ષા અપાય નહિં, ચોરીછુપીથી અપાય નહિં અને તટસ્થ સંઘની રજા વગર અપાય નહિં. આમાં કોઇ જાતનો વાંધો કલ્પવો પણ મુશ્કેલ છે. આ ઠરાવ લગભગ સર્વમાન્ય થયો. કૉન્ફરન્સ સમસ્ત સંઘોની પ્રતિનિધિ સંસ્થા હોઇ અને એનો ઠરાવ ઓછામાં ઓછા પ્રતિબંધનો સ્વિકાર કરનારો હોઇ એમાં કોઇ જાતનો વાંધો પડશે નહિ એમ ધારવામાં આવતું હતું.

## ઠરાવની અવગણના.

જૈન કોમના દુર્ભાગ્યે વાત ત્યાં અટકી નહિં. અમૂક વર્ગને એ ઠરાવમાં સાધુઓના કાર્યમાં દરમ્યાનગીરી-દખલગીરી લાગી. કેટલાક એ ઠરાવની અવગણના કરવા લાગ્યા અને કેટલેક ઠેકાણે ઇરાદા પૂર્વક એની અવગણના કરવામાં અને એનો ભંગ કરવામાં માન સમજાયું. કોન્ફરન્સ તો આપણીજ સંસ્થા છે. એના ઠરાવો ફરીવાર વિચારી પણ શકાય, પણ પદ્ધતિસરનો માર્ગ લેવાને બદલે એ સંસ્થાનો ઠરાવ ઉડાવવાની જીદ લેવામાં આવી. એમ આશા હતી કે ઠામ ઠામના સંઘો કોન્ફરન્સના ઠરાવનો પોતાને ત્યાં અમલ કરી આ નિર્જીવ પ્રશ્ન જેને અમૂક વર્ગે મહાન રૂપ આપી દીધું છે તેને ઢાંકી મૂકશે. પણ એને બદલે એક બે અપવાદ શિવાય કોઈ મોટા શહેરના કે નાના ગામના સંઘોએ કંઇપણ અમલી કાર્ય કર્યું નહિં અને દરમ્યાન દીક્ષાની અવ્યવહારૂ ઘેલછા આક્રમણ રૂપે ચાલુ રહી. જાણે કોન્ફરન્સના ઠરાવપર પગ મૂકીને ચાલવામાંજ માન અને જીવન સાફલ્ય હોય એમ વાતો અને વર્તનો થવા માંડયા. વિચારક વર્ગ આ વાત જોઇ રહ્યો. એને આ આત્મઘાતક પદ્ધતિમાં જૈન કોમનું કાળું ભવિષ્ય દેખાતું હતું, એ આ મલિન ઘેલછામાં રાજ્યની દખલગીરીના પ્રસંગો જોઇ-કલ્પી શકતો હતો, પણ આંખ આડી અંધી આવી જાય છે ત્યારે વિવેક નાશ પામે છે એ વાતનો ખ્યાલ કરી ધર્માંધતાને ઓવારે ચઢાવનાર ક્ષુલ્લક વિચારકોને માટે એને મનમાં ત્રાસ થતો હતો.

## અવગણના ઉપર વજ્રલેપ.

ત્યાર પછી દીક્ષાના અનેક પ્રસંગો બન્યા. સમયવર્તી વ્યવહાર કુશળ નેતાઓના હાથમાં સુકાન હોત તો જરૂર પાણી પહેલાં પાળ બાંધત. દુર્દૈવે કોમનો એક હઠીલો વર્ગ આંધળુકીયા કરનારના વાચાળપણાના મોહમાં અંજાઇ ગયો અને જનતા ન કલ્પી શકે એવી અવ્યવસ્થા દીક્ષાને અંગે પોષાણી. એ પોષણાથી વાત અટકી હોત તો બહુ વાંધો ન આવત પણ ઠરાવને પગ નીચે છુંદવાના પ્રયત્નો થયા, આક્રમણો થયા, અને કોન્ફરન્સ જાણે કોઇ બહારનીજ ચીજ હોય એવા આક્ષેપ થયા. ચતુર જૈનેતર રાજદ્વારી મુત્સદ્દીઓ દૂરથી આ બનાવ જોઇ શકતા હતા. અને એક દૈનિકમાં આવતા અર્થ વગરના મોટા હેડીંગો “શીર્ષકો” વાંચી જૈન કોમની વિચાર ક્ષુલ્લકતા પર હસતા હતા. દીક્ષાના સંબંમાં કોઇ પણ જૈન વિરૂદ્ધ નજ હોય, પણ એમાં ઉચ્છૃંખળતા નજ ઘટે, એમાં સાધ્ય તરફ અલક્ષ ન પાલવે એમાં આંખ મીચી પડયા રહેવાનું ન ભાજે. તેમાં જે જે પ્રસંગો નસાડવા ભગાડવાના તથા બાલ દીક્ષાના બન્યા, તેમાં ઘણા સંસાર તરફ પુનરાગમનના દાખલા બન્યા તથા તેને લગતા છાપાઓમાં વર્ણનો વિવિધ ચર્ચા રૂપે તથા અતિશયોક્તિ કે અન્યોક્તિ રૂપે આપવામાં આવ્યા તેણે જૈન કોમના અમુક વિભાગને બહુ વિચિત્ર આકારમાં જનતા સમક્ષ રજુ કર્યો. આવે સમયે પણ વિચારક વર્ગે બહુ મમતાથી, સમજાવટથી, ચર્ચાઓથી સમજણ રાખવા અને ધર્મને વિરૂપ આકારમાં ન દેખાવા દેવા પ્રયત્નો કર્યા, પણ તે સર્વ હવામાં ઉડી ગયા, ચેતવણીઓ નિષ્ફળ નિવડી અને સંઘ સત્તાનું ભયંકર અપમાન કરવાના પ્રસંગો ઉપરા ઉપરી બનવા લાગ્યા. આવે

પ્રસંગે રાજ્યદ્વારી જવાબદારી સમજનાર વિચારવાનોને ભય પણ લાગ્યો કે સ્થિતિ બગડતાં રાજ્યની દરમ્યાનગીરી જરૂર થશે. તેઓએ વારંવાર વધારે ચેતવણી આપી પણ મામલો વાયરે ચઢયો અને ઇરાદપૂર્વક ચડગો.

## રાજ્યસત્તા શા માટે?

રાજ્યસત્તાને અંગે એક લાક્ષણિક સૂત્ર છે કે તે (સત્તા) સગીરવયના બાળકોના વડીલના વડીલ છે એને અંગ્રેજીમાં Parents patrie કહેવામાં આવે છે. અમુક કુટુંબોના ઉપરીને "વડીલ" કહેવામાં આવે છે અને તેવા અનેક વડીલના ઉપર સામ્રાજ્ય કરનાર સત્તાને ઉત્તરોત્તર **વડીલ** ગણવામાં આવે છે. સંયુક્ત પંચાયતના સમયનો આ આર્ય સંસ્કૃતિનો વ્યવહારૂ ખ્યાલ છે. એ ઉપરી વડીલના અનેક કર્તવ્યોમાં બાલ-સગીરના લાભોનું રક્ષણ કરવાનું કાર્ય રાજ્યસત્તાને સોંપવામાં આવ્યું છે. સગીરના શરીર અને સગીરની મિલ્કત બાબતની જવાબદારી વડીલ તરીકે રાજ્યસત્તા સ્વિકારે છે, અને રાજ્યસત્તા એ કાર્યમાં જ્યાં જ્યાં બાળ-સગીરના લાભનું કારણ જુએ છે ત્યાં દરમ્યાનગીરી કરે છે. આર્ય સંસ્કૃતિનો આ ખ્યાલ એના પ્રચંડ રૂપમાં આંગ્લ સંસ્કૃતિએ બરાબર સ્વિકાર્યો છે અને તેથી વાલીપણું મુકરર કરવામાં રાજ્યસત્તાની પ્રતિનિધિરૂપ ન્યાયની અદાલતો બહુ ચીવટ રાખી કાર્ય કરે છે. આ ઘણી લંબાણ હકીકત છે અને કાયદાના મુળ મુદ્દાના અભ્યાસ વગર બરાબર ગળે ઉતરે તેવી નથી. સામાન્ય રીતે એમાં રાજ્યસત્તાની દરમ્યાનગીરીને નામે દખલગીરીનો પ્રશ્ન હોતો નથી, પણ જે સગીરના ભવિષ્યને અસર કરે તેવી બાબતમાં તેની સાથે કામ લેનાર તેના વાલી તેનું હિત ન જોઇ શકે એમ જણાય ત્યાં અદાલત સગીરના હિત ખાતર વચ્ચે આવે છે. જરૂર પડે તો કુદરતી વાલીને પણ વાલીપણાના હકથી રદ કરવાના પ્રસંગો વિખ્યાત ડૉ. એનીબિસાંટના કેસમાં તથાં અન્યત્ર બનેલ છે તે જાહેર પ્રજાની જાણનો વિષય છે. આવા કારણે રાજ્યસત્તા વચ્ચે પડે તો તેમાં તેને દખલગીરી કરવાનો મુદ્દો હોતો નથી, પણ સગીરના હિતનો ખ્યાલજ નજરમાં હોય છે. વ્યવહાર અને ધર્મની નજરે આ બાબતમાં હિત કોને કહેવું તેના ખ્યાલાતમાં મતભેદ હોવો જરૂર સંભવિત છે, પણ અદાલતો આ સંબંધમાં નિર્ણિત કરેલા સિદ્ધાંતોપર દોરવાય છે અને તેમ કરવામાં સગીરના હિતને નજર સન્મુખ રાખે છે.

## વડોદરા રાજ્યની દરમ્યાનગિરિ.

વડોદરા રાજ્યના દફતરે વધારે પડતા પ્રસંગો રાજ્ય દરમ્યાનગિરિની જરૂરીઆતને અંગે પડયા જણાય છે. એનું કારણ જૈન સમાજની યોગ્ય ઠરાવો વખતસર ન કરવામાં છે. જો જૈન કોમે ઠામ ઠામ ઠરાવ કરી શ્રી કોન્ફરન્સના ઠરાવનો અમલ કર્યો હોત તો અનુમાન કરી શકાય છે કે રાજ્યની દરમ્યાનગિરિનું કારણ રહેત નહિં. એ ઉપરાંત એ ઠરાવનો છડે ચોક ભંગ કરવા ઉપરાંત એના તરફ જે ઉપહસનોના ઉદ્રેકો થયા તે ચતુર મુત્સદ્દીના ખ્યાલ બહાર નજ હોય. એટલે રાજ્યની દરમ્યાનગિરિ શ્રી સંઘોની થઇ ગયેલી અથવા કરાયેલી અકિંચિત્કર દશાનું પરિણામજ ગણી શકાય અને એ સ્થિતિ ઉપજાવનાર કયો વર્ગ છે તે શોધવામાં મુશ્કેલી પડે તેમ નથી. આ પ્રસંગે એક હકીકત જણાવવી ઉપયુક્ત ગણાય. શ્રી જામનગરના સંઘે જરૂરી ઠરાવ કર્યો છે, શ્રી ભાવનગરના સંઘે કોન્ફરન્સના ઠરાવમાં વધારો કરી જે ગામ કે શહેરનો દીક્ષિત હોય તેની રજા મેળવવાની જરૂરીઆત સ્વિકારી છે અને આ ઉપરાંત ક્વચિત અન્યત્રપણ ઠરાવ થયા છે, પણ તેના પ્રમાણમાં ઠરાવના ભંગ, ભંગના પ્રકાર, પ્રકારની પદ્ધતિ, પદ્ધતિના આક્રમણ અને આક્રમણના બણગા એવા આકરા અને ભયાવહ થઇ પડયા છે કે વડોદરા રાજ્યે પોતાની દરમ્યાનગિરિની જરૂર જોઇ લાગે છે. છતાં તેગણે સીધો કાયદો ન કર્યો. તેમણે જૈન કોમને અને હિંદુ કોમને ચર્ચા કરવાની તક આપી.

## નિબંધ પરની ચર્ચાઓ.

પણ નિબંધ પર ચર્ચાઓ કેવી થઇ? એના વિરોધની ભાષા કેવી? એના વિચારમાં ડાવકાઈ કેટલી? એના વિચારમાં બળ કેટલું? એમાં દલીલો કેવી? એમાં પ્રમાણ શા? એમાં દાખલાઓ કેવા? રાજ્યના દુર્દેશી વિધાયકો ઉભા કરેલા ક્ષોભનો (એજીટેશનો) બરાબર સમજી શકે છે, એ અંદરની હકીકતનો ખ્યાલ પણ કરી શકે છે અને સત્યાસત્યનો વિવેક સુક્ષ્મ બુદ્ધિથી કરી શકે છે. ગામોગામ ભાડુતી માણસો મોકલી અનેક રીતે કરાતા ઠરાવો અને ઉભી કરેલી બહુમતિના દેખાવો કોઇને છેતરી શકે તેમ નથી. છતાં આવી નિર્જીવ બાબતમાં આટલા ઉત્પાતનું કારણ શું? એમાં કોને અસર થાય છે? આવતા નવયુગના બાળકો ધર્મથી કેટલા પરાઙ્મુખ થાય છે એનો વિચાર આ ધમાધમ કરનાર વર્ગને નથી આવ્યો. એને સત્તરમી સદીના ઝગડાઓ જગાડવા છે, પણ જૈન જનતા ઝગડાઓથી કાયર લઇ ગઈ છે. આપણે ખુબ લડયા. હવે તો સાથે બેસી હિસાબ સમજી લઇએ, ન સમજાય ત્યાં નાખતી કરીએ અને પ્રગતિના પંથે આગળ ધપીએ. પણ જેણે આગળ વધવાની આખડી લીધી હોય તેને આ સર્વ વિશૂચિકા કરાવનાર થઇ પડે તો સ્થિતિ કાળ પાકવા દેવાની વાતોજ કરવી પડે

## ચર્ચાની ભાષા.

છતાં પ્રમાણિક મતભેદ કોઇ પણ જાહેર પ્રશ્નને અંગે સંભવિત છે. પણ એમાં ગાળાગાળી ન હોય, એમાં આશય આક્ષેપનો ન હોય, એમાં કલ્પિત દોષારોપણ ન હોય, એમાં શાસ્ત્રના પાઠોના ખેંચેલા તાણેલા અર્થ ન હોય, એમાં ક્વચિત બનેલા દાખલાઓને અપવાદકારક મનાવવાને બદલે નિયમ મનાવવાની અસભ્ય તાલાવેલી ન હોય. ચર્ચા ચર્ચાની રીતે કરવી એ સભ્યતા છે. દલીલ ન હોય ત્યાંજ ગાળાગાળી હોય છે. એક પત્રમાં હમણાંજ જોયું તો તેમાં કૉન્ફરન્સની "કાળી કારકીર્દિ" એના કાર્યવાહકો 'કુલાંગારો,' એની કાર્યપદ્ધતિ 'નિમક હરામ," એ સંસ્થા "ધર્મદ્રોહી"— આવી આવી અત્યંત અસભ્ય શબ્દાવલીનો ઉપયોગ થાય છે. આ પદ્ધતિ અતિ ભયંકર છે, આત્મઘાતક છે, સમાજને શરમાવનાર છે, સમાજશરીરમાં સડો ઘાલનારી છે, ભવિષ્યના નેતાઓને દૂર કરનારી છે અને અંતે કોઈપણ પ્રકારે લાભપ્રદ ન હોય એવો પ્રયત્ન કરનાર કે એવું વાતાવરણ ફેલાવનાર ઉપર પાછી ફરી એનેજ નાશ કરનારી છે. સાધુસંસ્થા ખરેખર વંદ્ય છે, દીક્ષા ખરેખર પૂજ્ય છે, પણ કોમના દુર્દૈવે અત્યારે એના સુકાનપર કોઇ કોઈ એવી વ્યક્તિ આવી ગઇ છે

કે એને ગમે તે ભોગે નામજ કાઢવું છે, એને સમાજ શરીર નરમ પડે તેની પરવા નથી પણ ' હું પણ કાંઇક છું" એની તાલાવેલી લાગી છે. કરવા જેવું કાંઇ કરે તો કોઇને વાંધો ન હોય, કીર્તિ એના ખરા હકદારોને જરૂર મળે છે, પણ એના ઇજારદારને તો પટકી પાડે છે. આ સવાલ વ્યક્તિની નજરે જોવાનો ન હોય. ભાષામાં વિવેક રાખવો, વીશમી સદીની સભ્યતા સમજો, ગૃહસ્થાઈ શું છે તે શીખો અને ચર્ચા કરવા પહેલાં તે કેમ થઇ શકે તે સમજો. પદ્ધતિસરની ચર્ચા માટે આ યુગ છે. ગાળો દેવાથી કે અસભ્ય બોલવાથી ચર્ચા થતી નથી અને મોક્ષના ઇજારા કોઇથી લેવાયા નથી, તેમ ત્યાં કોઈની ચીઠ્ઠી ચાલતી નથી.

## ખાસ અધિવેશનને.

થોડા વખતમાં અમુક સમાજનું અધિવેશન થવાનું વાંચ્યું છે. જરૂર ચર્ચા કરવી, વિચારો મેળવવા, શાસ્ત્રના પાઠો તપાસવા, દેશકાળ સંભાળવા, કાયદા અને ધર્મનો સંબંધ શો છે તેના વિગતોમાં ઉતરવું, રાજ્ય કયારે દરમ્યાનગિરિ ન કરે તો પતિત થાય એના રહસ્યો ચર્ચવા અને ગમે તે વાતો ચર્ચવી પણ સભ્યતા ન છોડવી. હવે કોઇને મિથ્યાત્વી કહેવાથી તેનો ભવ બગડી જતો નથી. શાસ્ત્રપાઠોને તાણવા ખેંચવા નહિં. પાંચ પચ્ચીસ અપવાદ દાયક દાખલા બન્યા હોય તેને નિયમ તરીકે સ્થાપવા પ્રયત્ન ન કરવો. આ તો સામાન્ય ભલામણ છે, પણ કોઇ ઉપર આક્ષેપ કરવા પહેલાં આક્ષેપનું કારણ કે કરનારની યોગ્યતા, અભ્યાસ, આવડત વિગેરે પણ તપાસવું. એ કાંઇ ન બને તો પણ ગૃહસ્થાઇ તો નજ છોડવી. મધ્યમ ભાષામાં આક્ષેપ કર્યા વગર વિચારો જણાવાઇ શકાય છે. કોન્ફરન્સને વિચાર થાય તે તે જણાવે. બીજા કોઇને તેવો કે તેથી જુદી જાતનો વિચાર થાય તો તે જણાવે. પણ તેમાં આવેશ ન ઘટે. આ યુગમાં આવેશથી જે વાત કે ચર્ચા થાય છે તેની કોઇ ઉપર અસર થતી નથી અને રાજ્યના મુત્સદ્દીઓ તો બહુ કાબેલ હોય છે. જૈન કોમને શોભે એવી ભાષા વપરાય તે ઇચ્છવા યોગ્ય છે.

## શ્રી વડોદરા રાજ્યને.

શ્રી વડોદરા રાજ્યને એકાદ વાત જરૂર કહેવાની છે. "દીક્ષા" તરફ પ્રત્યેક જૈનની પરિપૂર્ણ પૂજ્ય બુદ્ધિ છે. એ પ્રશ્ને છેલ્લાં થોડાક વર્ષોથી જે રૂપ ધારણ કર્યું છે તે અંધ શ્રદ્ધાનો અત્યુદ્રેક છે. એની ચર્ચાને અંગે જે અરજીઓ કે ઠરાવો આવે તેમાં દલીલ હોય તે જરૂર તપાસવા યોગ્ય છે. આ પ્રશ્ન જૈન કોમને ખાસ મહત્વનો નથી. એને ચોક્કસ વર્ગ જેની પ્રભૂતા હજુ કોમ પર છે તેણે ખોટું ગૌરવ આપ્યું છે. જે દાખલાઓ રજુ કરવામાં આવે છે તે વિશિષ્ટ જ્ઞાનને પરિણામે થયેલા અપવાદ ભૂત છે, આ સવાલ સામાજીક દૃષ્ટિએ વિચારવા યોગ્ય છે. જૈન સંઘો જો હજુપણ આ બાબતમાં સતોષકારક વ્યવસ્થા કરે તો તમારે એવી આંતરિક બાબતમાં વચ્ચે આવવું ઠીક નજ ગણાય, પણ જો તમને એમજ લાગે કે અત્યારે પ્રવર્તતી અવ્યવસ્થિત સ્થિતિમાં રાજ્યની દોરવણી વગર બીજો ઉપાયજ નથી તો પછી સગીરના હિતમાં તમારો માર્ગ ઉઘાડો છે. ધીરે પગલે ચાલશો તો કાંઇ વાંધો નહિં આવે. જૈન કોમ વ્યાપારી કોમ છે, એ ગણતરીબાજ છે અને જ્યારે એને લાગશે કે રાજ્યની દરમ્યાનગિરિ અનિવાર્ય છે ત્યારે તે જરૂર સમજતી થઇ જશે. તમારી પાસે જે દલીલો આવે તેમાં આવેશમય તત્વો દૂર કરશો સામાજીક દૃષ્ટિ બરાબર ધ્યાનમાં લેશો અને અમારી વર્તમાન સંક્રાંતિકાળની સ્થિતિ બરાબર લક્ષમાં રાખશો. જ્યારે શારદા એકટ સરકારે કર્યો ત્યાર ભદ્રંભદ્રોએ કાંઇ બાકી રાખી નથી, પણ શ્રીયુત શારદા સાધ્ય ચૂકયા નથી. તમે ફરજીઆત કેળવણી કે બાળ લગ્ન પ્રતિબંધક નિબંધ કર્યો ત્યારે વિરોધના તત્વો ઓછા આડા આવ્યા નથી, પણ તમે તે સર્વની વચ્ચેથી તમારો માર્ગ જોઇ શકયા છો. દલીલ જેવું કાંઇ લાગે તો જરૂર સ્વિકારજો પણ માત્ર આવેશ કે અંધશ્રદ્ધાના વમળમાં પડી આ કાર્યને છોડી દેશો નહિં. કોન્ફરન્સે જે ઠરાવ કર્યો છે તે તદ્દન યોગ્ય છે, તમારો નિબંધ હઠીલી ધર્મ સત્તાના અયોગ્ય આક્રમણ અને આહ્વાનનું પરિણામ છે.

## ખુલાસો.

છેવટે હજુ પણ જૈન સંઘોને મારી વિજ્ઞપ્તિ છે કે રાજ્યની દરમ્યાનગિરિ ન થાય તેવા પ્રબંધ કરો. એકલા વડોદરા રાજ્યથી આ વાત અટકે તેવું વાતાવરણ દેખાતું નથી. બહુ વિચારશો તો જણાશે કે પ્રશ્ન તદ્દન મામુલી છે. એવા નિર્જીવ પ્રશ્નપર બે મત પડવાનો સંભવ પણ ન ગણાય. જનતા અત્યારે સમજતી થઇ ગઇ છે. એ માત્ર ચાંદેચાંદ કરે એવા દિવસો વહી ગયા છે. તમે આવી જનતાને કેટલા વખત સુધી કેફમાં મસ્ત રાખી શકશો? આ તો વીસમી સદીના વાયુ વાયા છે, આપણે ઉદયને ઓવારે બેઠા છીએ અને ધીરજ રાખજો. ન કલ્પી શકાય તેવા બનાવો બનવાના છે, ન ધારેલી રીતે ધર્મ યુગની પ્રગતિ થવાની છે અને નવયુગની નોબતો ગડગડી રહી છે. એ ચારિત્ર પ્રધાન યુગમાં -જ્ઞાન પ્રધાન સમયમાં અહિંસા પ્રધાન જૈન ધર્મને ખુબ અવકાશ છે. કદાચ અત્યારે કચરાઓ સાફ થવાના આવાજ માર્ગો યોજાયા હશે તો જ્ઞાની જાણે, પણ જૈન જનતાનો માર્ગ તો સીધો સ્પષ્ટ અને સરળ છે. વડોદરા રાજ્ય કાયદો કરે કે નહિં એ પ્રશ્ન મહત્વનો નથી, પણ એને અવકાશ કે પ્રસંગ આપનાર આ યુગમાં નજ નભી શકે એ નવયુગનો નિરધાર છે અને એ યુગમાંજ આપણો ખરેખરો ઉદય છે. સ્થિત્યંતર જરૂરી છે, આવશ્યક છે, હિતકર છે અને દેશકાળ માટે તે બરાબર થતું રહ્યું છે. અનેકાંત મતના પર્યાયરૂપે સમય ધર્મ ચોતરફ પ્રવર્તી રહ્યો છે તે આંખે દેખાય તેવું છે. સંયમ શીખવાની જરૂર છે, સંયમ રાખવાની જરૂર છે, સંયમ જીવવાની જરૂર છે અને સંયમની ખાતર ભોગ આપવાની જરૂર છે. વિધિ માર્ગોમાં ફેરફાર અનિવાર્ય છે, પ્રત્યેક યુગે તે થતા આવ્યા છે અને જવાબદાર આગેવાને તેને અપનાવ્યા છે. હજુ પણ ચેતવાનો સમય છે. શાંતિ, સંયમ અને સ્થિરતા હશે તો તે પણ સાંપડશે અને નહિં તો પ્રચંડરૂપે નવયુગ ચાલ્યો આવે છે. એમાં અંધતાને સ્થાન નથી સત્તાને સ્થાન નથી, વાચાળપણાને સ્થાન નથી. ધમાલને સ્થાન નથી. ત્યાંતો સોળ આનાનો રૂપીઓ હશે તેનીજ કીંમત થશે. જનતા ખુબ જાગતી જાય છે. એના પરામર્શને અંતે નિર્ણયો પર સંપૂર્ણ વિશ્વાસ છે. હજુ પણ આંતર ચક્ષુ ખુલે અને ખુમારી ઉતરે એ ઇચ્છવા જોગ છે, અને માર્ગ શકય છે; નહિતો પરિણામ અનિવાર્ય છે.

મો. ગિ. કા.

# શ્રી આત્માનંદ જૈન મહાસભા–પંજાબ.

## શ્રી પટ્ટી (લાહોર) મુકામે મળેલું અગીઆરમું અધિવેશન.

શ્રી જૈન મહાસભા-પંજાબનું અગીઆરમું અધિવેશન પટ્ટી-જીલ્લે લાહોર-મુકામે મળ્યું હતું જેનો સંક્ષિપ્ત રિપોર્ટ તથા ઠરાવો ઉક્ત સભાના માનદ મંત્રી લાલા નેમદાસ જૈન બી. એ. તરફથી પ્રકટ થવા માટે મળ્યા છે.

દેશભક્ત તથા સમાજરત્ન **શ્રી. લાલા તિલકચંદજીની** અધ્યક્ષતા નીચે આ મહાસભાનુ અધિવેશન પટ્ટી મુકામે તા. ૨૬ ૨૭-૨૮ સપ્ટેમ્બર ૧૯૩૧ ના દિનોએ મળ્યું હતું. બપોરના પ્રમુખશ્રીના માનમાં સરઘસ કાઢવામાં આવ્યું હતું. સાંજના કામ શરૂ થતાં 'જલસા' માં પંજાબના શહેરોમાંથી સંખ્યાબંધ લોકો હાજર થયા હતા, સ્ત્રીઓની સંખ્યા પણ મ્હોટી હતી. મંગળાચરણ થયા પછી ગુરૂકુળના વિદ્યાર્થીઓએ 'વંદે માતરમ્' નું ગીત સુંદર રીત ગાયું. સ્વાગત સમિતિના પ્રમુખ **લાલા હુકમચંદજી**એ પોતાનું ભાષણ વાંચ્યું અને મહાસભાને દૃઢ બનાવવા અપીલ કરી. ત્યાર બાદ પ્રમુખશ્રીનું વ્યાખ્યાન થયું. પ્રમુખશ્રી એક ધર્મ પ્રેમી અને દેશ હિતેચ્છુ યુવાન છે અને હમણાંજ જેલમાંથી મુક્ત થયા છે. તેમણે પોતાના ભાષણમાં 'અહિંસા' સંબંધે ખુબ વિવેચન કર્યું. મહાત્મા ગાંધી અહિંસાના સાચા પ્રચારક છે અને આપણે વિદેશી કપડાંનો ત્યાગ કરી સાદું જીવન ગાળવું જરૂરી છે. સંપ વધારવા અને હાનિકારક રિવાજો દૂર કરવા બાલકોને શિક્ષણ આપવા વગેર બાબતો પર વિવેચન કર્યું. અંતમાં મહાસભાને બને તેટલી સહાય કરવા અપીલ કરી. ત્યાર બાદ ભજનો અને બેંડ સાથે નગરકીર્તન વગેરે થયાં હતાં. તા. ૨૭-૯-૩૧ ના રોજ ભજનથી શરૂઆત થઇ અને આવેલા સંદેશાઓ વાંચી સંભળાવવામાં આવ્યા મુખ્ય સંદેશાઓમાં આચાર્ય શ્રી વિજયવલ્લભ સુરિજી મહારાજ, પં૦ શ્રી લલિત વિજયજી મહારાજ, શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ, શ્રી મણીલાલજી કોઠારી, શ્રી અજીત પ્રશાદ એડવોકેટ આદિ તરફથી સંદેશાઓના તાર મળ્યા હતા. ત્યાર બાદ કન્યા મહાવિદ્યાલય, જાલંધરના પ્રિન્સપલ શ્રીમતી શન્નોદેવીનું એક પ્રભાવશાલી વ્યાખ્યાન થયું. સ્ત્રી સંઘઠ્ઠનની જરૂર પોતાનો હિંદ અને આફ્રિકાનો પ્રવાસ વગેરે બાબતો પર વિવેચન કર્યું અને એક સ્ત્રી સભા સ્થાપવા ઉપદેશ કર્યો.

રાતની બેઠક વખતે કેટલાક ઠરાવો થયા.

તા. ૨૮ સપ્ટેમ્બરના રોજ વર્કીંગ કમિટી ( મહાસભા ) તથા ગુરૂકુળની મેનેજીંગ કમિટીની બેઠક મલી. મંડપમાં ભજનો લેકચરો વગેરેનો પ્રોગ્રામ તેટલો વખત રાખવામાં આવ્યો.

**લાલા બંસીધર**-પ્રીન્સપલ શ્રી આત્માનંદ જૈન ગુરૂકુળ ગુજરાનવાલાએ 'મનુષ્ય કે સાદા જીવન' એ વિષય ઉપર બે કલાક સુધી વ્યાખ્યાન આપ્યું.

ત્યાર બાદ મહાસભાનું દફતર-(ઑફીસ) બદલાવવા વિચાર થયો. પરંતુ શ્રી સકલ સંઘ પંજાબે એવો નિશ્ચય કર્યો કે દફતર અંબાલામાંજ રાખવું. પ્રમુખ તરીકે બાબુ ગોપીચંદજી એડવોકેટની નિમણુંક થઇ તથા લાલા નેમદાસ જૈન મંત્રી અને લાલા રતનચદ શરાફને કોષાધ્યક્ષ નિમવામાં આવ્યા. મહાસભાનુ અધિવેશન હવે પછી ભરવા નારોવાલ (સ્યાલકોટ) ની માંગણી આવતાં સ્વીકારવામાં આવી.

પંજાબ જૈન મહાસભાના આશ્રય હેઠળ શ્રી આત્માનંદ જૈન સ્ત્રી સુધાર સભા નામની સભાની સ્થાપના કરવામાં આવી. જેના અધિકારીઓ ઉદ્દેશ વગેરેની ગોઠવણ કરવામાં આવી.

## પસાર થયેલા ઠરાવો.

૧ કાંગડાની જૈન પ્રતિમા મેળવવા અથવા તેમ ન બને તો આશાતના ટાળવા માટે એક સબકમિટી ચાર બંધુઓની નીમવામાં આવી, જે પોતાનો રિપોર્ટ ૬ માસમાં રજુ કરે.

૨ જો કોઇ પણ મેમ્બર મહાસભાના ઠરાવનું ઉલંઘન કરે તો તેના ખબર મહાસભાને નિર્ભયતાથી આપવી, જેથી નિયમભંગ કરવા કોઇ સહાસ કરશે નહિં.

૩ પંજાબ તરફથી ઑલ ઈંડીઆ જૈન શ્વેતાંબર કૉન્ફરન્સમાં આવતા વર્ષે માત્ર બે પ્રતિનિધિઓ મોકલવામાં આવશે. એક ગુરૂકુલ ગવર્નર અને બીજા મહાસભાના પ્રમુખ. આ બન્નેની મેમ્બર તરીકેની ફી મહાસભા તરફથી આપવામાં આવશે.

૪ મહાસભાએ પસાર કરેલા ઠરાવોનો ભંગ કરનાર પ્રતિ આ અધિવેશન ધિક્કાર પ્રદર્શિત કરે છે.

૫ વર્કીંગ કમિટીમાં જીલ્લાવાર મેમ્બરોની નિમણુંક કરવા સંબંધે ઠરાવ કરવામાં આવ્યો.

૬ શેઠ આણંદજી કલ્યાણજીએ રૂા. ૧૦૦૦) ની સહાયતા આપી છે તે બદલ ધન્યવાદ. આ કાર્યમાં શેઠ કેશવલાલ પ્રેમચંદ મોદીએ જે મદદ કરી છે તે માટે આભાર.

૭ હસ્તીનાપુર જૈન દેરાસરના પ્રબન્ધમાં કંઇક અવ્યવસ્થા જોઇ આ અધિવેશન તે માટે જૈન શ્વેતાંબર તીર્થ કમિટી-હસ્તિનાપુરના પ્રમુખની આજ્ઞા લઇ હિસાબ અને વ્યવસ્થા માટે યોગ્ય કરી એક માસમાં રિપોર્ટ કરે. આ કાર્ય માટે ૬ સદ્‌ગૃહસ્થોની સબકમિટી નીમવામાં આવી.

૮ મહાસભાના મેમ્બરોની ફી તથા જન્મ, વેશવાળ, લગ્ન વખતના દાનની રકમ બરાબર વસુલ થતી નથી તે માટે દરેક સ્થળે એક એક બંધુ નિયત કરવામાં આવે, જે આ કાર્ય સારી રીતે કરી શકે. તેવા કાર્ય કરનાર બંધુઓની આ મહાસભા આભારી થશે.

૯ જે ગૃહસ્થોએ પોતાની લાઇફ મેમ્બર તથા વાર્ષિક ફી આપેલી હશે તેજ આવતા મહાસભાના અધિવેશનમાં પ્રતિનિધિ તરીકે આવી શકશે.

૧૦ આ અધિવેશન વિદેશી ખાંડના ઉપયોગને ખરાબ દૃષ્ટિથી જુએ છે અને સમાજના કાર્યમાં તથા હમેશના ઉપયોગમાં દેશી ખાંડ અવશ્ય વાપરવા મેમ્બરોને અપીલ કરે છે.

## શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

### સૌ૦ હીમઇબાઇ મેઘજી સોજપાળ જૈન સ્ત્રીવર્ગ ધાર્મિક હરીફાઇની ઇનામી પરીક્ષા.

શ્રીયુત શેઠ મેઘજી સોજપાળે ગત્ તા. ૧૨-૭-૩૧ ના રોજ એજ્યુકેશન બોર્ડના વાર્ષિક ઇનામી મેળાવડા વખતે રૂપીઆ ૨૫૦૦) ની જે સખાવત જાહેર કરી હતી તે સંબધે ઉપરોક્ત ધાર્મિક પરીક્ષા અંગે નીચે મુજબ શરતો નક્કી કરવામાં આવી છે.

૧ સ્ત્રીવર્ગની પરીક્ષાનું નામ "સૌ૦ હીમઇબાઇ મેઘજી સોજપાળ જૈન સ્ત્રીવગ ધાર્મિક હરીફાઇની ઇનામી પરીક્ષા" રાખવામાં આવશે.

---

૧૧ દીક્ષા સંબંધી જે કાનૂન ગાયકવાડ સરકાર પાસ કરવા માંગે છે અને તે ઉપર સોચ-વિચાર કર્યા પછી ઑલ ઇંડિયા જૈન શ્વતાંબર કૉન્ફરન્સ, મુંબઇએ તા. ૧૭-૯-૩૧ ના રોજ જે સમ્મતિ પાસ કરી છે તેની તરફ આ મહાસભાનુ અધિવેશન ઘણાજ જોરથી સહમતિ પ્રદર્શિત કરે છે. આ પ્રસ્તાવની નકલ ઑલ ઇંડિયા જૈન કૉન્ફરન્સ, મુંબઈ અને અને ગાયકવાડ સરકારની સેવામાં મોકલવી.

૧૨ પરમ પૂજ્ય ૧૦૮ શ્રી પ્રવર્તક કાંતિવિજયજી મહારાજની કોર્ટન શાક્ષી અપાવી સાધુ સમાજ અને સમસ્ત જૈન શ્વેતાંબર સંઘનું જે અપમાન કર્યું છે તે પ્રત્યે મહાસભાનું આ અધિવેશન શોક અને દુઃખ પ્રદર્શિત કરે છે અને જ્ઞાતિ અને સમાજના શત્રુઓના આ હલકા કૃત્યને ખરાબ દૃષ્ટિથી જુએ છે. આ પ્રસ્તાવની કૉપી પ્રવર્તક મુનિશ્રી કાંતિવિજયજી મહારાજ અને ઑલ ઇંડિયા જૈન શ્વ૦ કૉન્ફરન્સ તથા વર્તમાન પત્રોમાં મોકલવી.

૧૩ પરમ પૂજ્ય શ્રી જૈન ધર્મભૂષણ જૈનાચાર્ય શ્રી ૧૦૦૮ શ્રી વિજય વલ્લભસૂરિજી મહારાજ જેઓશ્રીનું પવિત્ર જીવન સાચા ગુરૂ, દેવ, ધર્મના સત્ય ઉપદેશ અને સમાજની ઉન્નતિ માટે એક બહુ મૂલ્ય રત્ન રૂપ છે અને જેઓને પંજાબ જૈન સંઘ પોતાના સત્ય પથ પ્રદર્શક અને સહાયક માને છે તેઓશ્રીના બહુ ગુણમય વ્યક્તિત્વ ઉપર સમાજના શત્રુઓ તરફથી જે અસત્ય, અનુચિત ઘૃણાસ્પદ આક્ષેપો કરવામાં આવે છે તે સામે આ મહાસભાનું અધિવેશન અત્યંત રોષ પ્રદર્શિત કરે છે. અને આક્ષેપ કર્તાઓના આ નિકૃષ્ટ કાર્યને ધિક્કારની દૃષ્ટિથી જુએ છે તથા સમસ્ત જૈન સમાજને પ્રાર્થના કરે છે કે આવી ઘટનાઓથી સમાજને અત્યંત હાનિ થાય છે. અને કુસંપ વધે છે તેથી તેને રોકવા શિઘ્ર પ્રયત્ન કરવો જોઇએ.

૧૪ ના૦ જોધપુર નરેશે શ્રી પાર્શ્વનાથ ઉમેદ જૈન બાલાશ્રમને દાન આપી તેના મકાનના સામન પર કસ્ટમ ટેકસ માફ કરી જે પ્રેમ પ્રકટ કર્યો છે તે બદલ આભાર-અને આશ્રમની ગ્રાંટમાં વૃદ્ધિ કરી વિદ્યા મંદિરમાં સહાયતા આપવા વિનંતિ.

---

૨ આ પરીક્ષા ઉપરના નામથી ઓછામાં ઓછા પાંચ વર્ષ સુધી ચાલુ રાખવામાં આવશે અને ત્યાર બાદ મજકુર રૂા. ૨૫૦૦) અને તેના વ્યાજમાંથી જ્યાં સુધી વાર્ષિક ઇનામો આપી શકાય ત્યાં સુધી તેજ નામથી પરીક્ષા ચાલુ રાખવામાં આવશે.

૩ દર વર્ષે પરીક્ષાના ઇનામો માટે આશરે રૂા. ૫૦૦) પાંચસો ખર્ચવામાં આવશે.

૪ દર વર્ષે પરીક્ષાનું પરિણામ-ઇનામ મેળવનારનાં નામ વિગેરે હકીકત સહિત શ્રીયુત મેઘજી સોજપાળને મોકલી આપવામાં આવશે.

૫ દર વર્ષમાં રૂા. ૫૦૦) કરતાં ઓછો ખર્ચ થાય તો પાંચસોમાંથી ઓછા ખર્ચાયેલા રૂપીઆ પછીના વર્ષમાં વાપરવામાં આવશે.

૬ આ પરીક્ષા સંબંધી સઘળી વ્યવસ્થા બોર્ડ હસ્તક રહેશે અને અભ્યાસક્રમ, પરીક્ષાપત્રો, જવાબની નોટ બુકો, પ્રમાણપત્રો વગેરે જે હવે પછી છાપવામાં આવશે તે પર ઉપરોક્ત નામ મૂકવામાં આવશે અને ચાલુ હશે તેમાં રબ્બર સ્ટાંપ મૂકવામાં આવશે.

૭ કચ્છ વિભાગમાંથી આ પરીક્ષાનો વિશેષ લાભ લેવામાં આવે તે માટે ઘટતી જાહેરાત કરવામાં આવશે અને ઘટતી સંખ્યામાં વિદ્યાર્થીઓ પરીક્ષા આપવા ઇચ્છતા હશે તો સેન્ટર પણ બોર્ડના ધારાધોરણ અનુસાર ખોલવામાં આવશે.

૮ શેઠ મેઘજી સોજપાળ તરફથી જે કંઈ સૂચનાઓ આ સબંધી કરવામાં આવે તે પર લક્ષ આપવામાં આવશે.

---

## શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ.

### શેઠ સારાભાઇ મગનભાઇ મોદી પુરૂષવર્ગ ધાર્મિક તથા પ્રાકૃત અને અ૦ સૌ૦ હીમઇબાઇ મેઘજી સોજપાળ સ્ત્રીવર્ગ ધાર્મિક હરીફાઇની ઇનામી પરીક્ષાઓ.

ઉપરોક્ત બન્ને પરીક્ષા તા. ૨૭-૧૨-૧૯૩૧ રવિવાર ના દિવસે બપોરના સ્ટાં. ટા. ૧ થી ૪ વાગતા સુધી મુકરર કરેલા સ્થળોએ મુકરર કરેલા એજન્ટોની દેખરેખ નીચે લેવામાં આવશે.

મુંબઇમાં પાયધુની ઉપર શ્રી ગોડીજીની ચાલમાં, બોર્ડ હસ્તક પરીક્ષાઓ થશે.

ઉમેદવારોએ પરીક્ષામાં બેસવા માટે પોતાની અરજી તા. ૧૫-૧૨-૩૧ સુધીમાં મોકલી આપવી.

ઉપરોક્ત પરીક્ષાઓ માટે બોર્ડ તરફથી સેન્ટરો (સ્થળો) ઉઘાડવાનાં છે, જેઓ ઇચ્છા રાખતા હોય તેઓએ તુરતજ તે માટે ફાર્મ મંગાવી ભરી મોકલવું; યોગ્ય લાગે ઉઘાડવામાં આવશે.

નવીન અભ્યાસક્રમ, ફાર્મ વિગેરે માટે લખો:—

ગોડીજીની ચાલ,<br>૨૦, પાયધુની,<br>મુંબઇ નં. ૩.

વીરચંદ પાનાચંદ શાહ,<br>સૌભાગ્યચંદ ઉમેદચંદ દોશી,<br>માનદ મંત્રીઓ.

# સતી નંદયંતી

ત્રિઅંકી નાટક.

—લેખક—
શ્રીરજલાલ ટી. શાહ.

— પાત્ર પરિચય —

સાગરપોત: પોતનપુર બંદરનો ધનાઢય વપારી
સમુદ્રદત્ત: સાગરપોતનો પુત્ર
સહદેવ: સમુદ્રદત્તનો મિત્ર
સુરપાળ: સમુદ્રદત્તનો વફાદાર નોકર
પદ્મસિંહ: ભ્રગુપુરનો રાજા
કુલપતિ: સેવાશ્રમના આચાર્ય
લક્ષ્મી: સમુદ્રદત્તની માતા
નંદયંતી: સમુદ્રદત્તની પત્ની
મનોરમા: સહદેવની પત્ની અને નંદયંતીની સખી
સુમતિ: સેવાશ્રમની સાધ્વી

ઉપરાંત ભીલો, પરિજનો, સારથી, અધ્યાપક અને વિદ્યાર્થીઓ.

(ગતાંકથી ચાલુ)

## પ્રવેશ ૪ થો.

(એક અંધારા ઓરડામાં નાનો દીવો બળે છે. ત્યાં સમુદ્રદત્તને સહદેવ સુતા છે.)

સહદેવ० સમુદ્રદત્ત! તારા મુરખ વેડા કદી જવાના નહિ. બધે ઉતાવળો–આ અંધારી રાતે ગુફામાં સુતાં મ્હને તો કાંઇ કાંઇ થઇ જાય છે.

સમુદ્રદત્ત० અરે બીકણુ! પેલા ચાર બહાર સુતા છે. હું તારી પાસે સુતો છું ને તને શેની બીક છે?

સહદેવ० પણ આ જંગલી લોકોનાં મહેમાન ન થયા હોત તો શું બગડી જાત!

સમુદ્રદત્ત० આ પણ જીંદગીનો મીઠો અનુભવ છે. અહિં ન ઉતર્યો હોત તો આ નાચ કયાંથી જોવા મળત?

સહદેવ० અરે બળ્યો તારો એ નાચ! હું તો પેલી કાળી ભૂત સ્ત્રીઓ નાચતી હતી તે જોઇને થરથરતો હતો–મારા બાપ! આ ડાકણો એકલી મળી હોય તો શું થાય?

(પાછળનું બારણું ઉઘડે છે–તેમાંથી એક સ્ત્રી અંદર દાખલ થાય છે. તેના હાથમાં દારૂનો ઘડો છે. કમ્મરે હથિયાર છે–ગળામાં પથ્થરનાં ઘરેણાં છે.

સહદેવ० સમુદ્રદ.. .........ત્ત...એ સમુદ્રદ..........ત્ત.

સમુદ્રદત્ત० અરે બીકણુ! શું છે. પડયો રહેને છાનો માનો.

સહદેવ० ....................પ.........ણ......આ......આ

(સમુદ્રદત્તની નજર જાય છે. સ્ત્રી નૃત્ય કરતી પાસે આવે છે. બંને પથારીમાં બેઠા થઇ જાય છે.)

સમુદ્રદત્ત० કેમ તમે અત્યારે અહિં કેમ આવ્યાં છો?

સ્ત્રી સરદાર० તમારૂં સ્વાગત કરવા.

સમુન્દ્રદ० અમારૂં સ્વાગત કરવા આટલી મોડી રાતે આવવાની જરૂર નથી.

સ્ત્રી સર० આ સુરાપાન કરોને મારી સાથે આનંદ કરો—

(સહદેવ ધ્રુજતો સમુદ્રદત્તની પાછળ લપાય છે.)

સમુદ્રદત્ત० અમે તમારૂં એ સ્વાગત સ્વીકારવા તૈયાર નથી. સુરાપાન ને વ્યભિચાર તો મહાન પાપ છે.

સ્ત્રી સર० પણ અમારે ત્યાં તો આ રિવાજ છે–જો સુરા મહેમાનને ન ધરૂં તો મહેમાનગત કરી શા રીતે ગણાય?

સમુદ્રદત્ત० પણ અમારે ત્યાં એવા રીવાજ નથી. તમે કૃપા કરી ચાલ્યા જાવ.

સ્ત્રી સર० એ મારૂં અપમાન ગણાય. હું એ અપમાન નહિ સાંખી શકું.

સમુદ્રદત્ત० તો હું પણ તમારૂં એ સ્વાગત નહિજ સ્વીકારી શકું.

સ્ત્રી સર० તમારે એ કરવુંજ પડશે-શું મારી માંગણીને અવગણવાની તમે હિમ્મત કરશો?

સમુદ્રદત્ત० હું નથી માનતો કે મને કોઇ ફરજ પાડી શકે.

સ્ત્રી સર० એમ! (આગળ આવે છે. સમુદ્રદત્ત મ્યાનમાંથી તલવાર કાઢે છે. સહદેવ પાછળ લપાય છે.)

ખબરદાર! એક પણ ડગલું આગળ વધ્યા તો!

સ્ત્રી સર० (ખડ ખડ હસીને) અરે મૂર્ખ મુસાફર! શા માટે મરણને નોતરે છે! તારી પાસે એવું શું છે જેના જોર પર તું લડવા તૈયાર થાય છે. મારા સેંકડો માણસ એક અવાજ કરતા હાજર થાય તેમ છે... (કી......કી......કી......અવાજ કરે છે...માણસો આવી પહોંચે છે–સંજ્ઞા કરતાં પાછા ચાલી જાય છે.)

સ્ત્રી સર० બોલ કમ અક્કલ! આટલાની સાથે લડવાની તારી જીગર છે! વળી તારો મછવો પણ કયારનોએ મારા માણસને હાથ જઇ ચડયો છે. આ રાક્ષસદ્વીપની રાણીની માંગણી તું શું નહિ સ્વીકારે!

સમુદ્રદત્ત० તે ગમે તેમ હોય–જીવ જાય તો પણ શું? મારાથી રાચાર નહિજ થાય.

(સ્ત્રી સરદાર અવાજ કરે છે–માણસો આવી પહોંચે છે–સમુદ્રદત્તને સહદેવ તેમની સાથે બરાબર લડે છે–ખુનખાર લડાઇ થાય છે.)

તૈયાર છે! 卐 સત્વરે મંગાવો!

**'શ્રી જૈન ગૂર્જર કવિઓ ભાગ ૨.'**

આશરે ૧૦૦૦ પૃષ્ઠનો દલદાર ગ્રંથ

**કિંમત ત્રણ રૂપીઆ.**

સંગ્રાહક:—શ્રી. મોહનલાલ દલીચંદ દેશાઇ.
બી. એ. એલએલ. બી. એડવોકેટ.

પ્રાપ્તિસ્થાન:–શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ.
૨૦, પાયધુની, મુંબઈ ૩.

卐 जैन युग. 卐

वीर संवत् २४५७. हिन्दी विभाग. ता. १-११-३१.

# श्री फलोधी पार्श्वनाथजीके मेलेमें विराट् सभा.

शुभ मिति आसो वद १० मंगळवारको रात्रीके ८ बजे सभाका कार्य प्रारंभ हुवा. मंगळाचरण श्रीयुत् हंसराजजी साहब जोधपुर नीवासी ने बडे ओजस्वी गायनोंमें कीया. श्रीयुत शेठ हजारीमलजी साहब पारेख श्री जोधपुर निवासी सर्वानुमतिसे समापती चुने गये.

पं. गणेश प्रसादजी जयपुर निवासीनें दिक्षा तथा ज्ञानके उपर पूर्ण विवेचन करके एक प्रस्ताव बाल दिक्षा कानुन जो बडोदरा राज्यमें बनाया जाता है उसके सुधारपर रखा जो सर्वानुमतिसे इस प्रकार पास हुवा.

इस प्रस्तावकी एक एक कापी नामदार गायकवाड सरकारको तथा श्री श्वेताम्बर जैन कान्फरेन्सको भेजी जावे.

श्रीयुत शेठ बीरधीचंदजी साहब चोधरी नागोर नीवासीने ओसवाल जातिके पतनके कारण तथा उसकी उन्नतिके उपाय बडी ही मनोरंजन भाषामें वरणन कीये.

श्रीयुत शेठ मोतीचंदजी धाडीवाळ श्री जोधपुर निवासी ने जैन फीलासाफी पर पुरा प्रकाश डाला.

श्रीयुक्त शेठ केसरीमलजी धारीवाळ अजमेरवालोंनें वहां के मैलेके कुप्रबन्धके बारेमें प्रकास डाला. ईस पर सर्व सम्मितिसे आइन्दा संमत १९८९ के मैले के सुधारके लीये एक कमेटी निम्नि लिखित महानुभावोंकी कायम हुई.

**प्रस्ताव**—आजकी सभा यह प्रस्ताव पास करती है कि जो कानुन बडोदरा राज्यमें बनाया जाता है (बाल दिक्षाका) उसमें निम्नि लिखित सुधारा और होना चाहीये. "यदि दिक्षा लेनेवाला नाबालीग होवे तो उसके माता पिता स्त्री आदि या संरक्षक उसको लिखित सम्मति दे देवे तथा वहांका श्री संघ आज्ञा दे देवे और मैजीस्ट्रेटसे सार्टीफाइ कराकर दिक्षा दीइ जावे तो वह कानुन उसपर लागु नहीं होना चाहीये." यह सभा श्री श्वेतांबर जैन कान्फरन्स बम्बईके प्रस्तावको टेका देती हुई नामदार गायकवाड सरकारसे अनुरोध करती है कि उस कानुनमें उपर लिखे मुजब सुधारा करनेकी कृपा करे.

| | | | | |
|---|---|---|---|---|
| मैडताकी तर्फसे | (१) | शेठ खीवराजजी | सहाब | गामड |
| | (२) | ,, गणेशमलजी | ,, | भांडावत |
| | (३) | ,, धनरुपमलजी | ,, | भडगतीया |
| | (४) | ,, नथमलजी | ,, | धाडीवाळ |
| अजमेर ,, | (५) | ,, हीराचंदजी | ,, | सचेती |
| | (६) | ,, धनराजजी | ,, | लुणीया |
| नागोर ,, | (७) | ,, गोपालमलजी | ,, | बोथरा |
| | (८) | ,, कल्याणमलजी | ,, | बांठिया |
| जोधपुर ,, | (९) | ,, हजारीमलजी | ,, | पारेख |
| | | प्रा. नगराजजी | ,, | बागेरेचा |
| जोधपूर ,, | (१०) | ,, लीछमणराजजी | ,, | भन्साली |
| खजवाना ,, | (११) | ,, जवाहरमलजी | ,, | नाहर |
| बीकानेर ,, | (१२) | ,, सुमेरमलजी | ,, | सुराणा |
| | | प्रा. उमेदचंदजी | ,, | रामपुरीया |
| पीपाड ,, | (१३) | ,, लीखमीप्रतापजी | ,, | भन्साली |
| जयपुर ,, | (१४) | कुवर पुनमचंद ढोर | | |

स्पेसील मेम्बर (१५) शेठ उमरावमलजी सहाब भंडारी जोधपुर. उपरोक्त कार्य होनेके बाद सभामति महोदयको धन्यवाद देकर रात्रीके १ बजे सभाका कार्य समाप्त हुवा.

ता. १३-१०-३१. पुनमचंद ढोर.

## जैन श्वेतांबर एज्युकेशन बोर्डकी धार्मिक परीक्षाएं.

परीक्षाएं ता. २७-१२-३० को सब सेन्टरों में होंगी। फार्म ता. १५-१२-३० तक भरके भेज देना चाहिए। जहां सेन्टर नहीं हो वे अर्जि करें। हिंदीमें धार्मिक परीक्षा के जवाब लिखे जासकेंगे। पठनक्रम, फार्म आदि के लिए मंत्री, जैन श्वे. एज्युकेशन बोर्ड, २०, पायधुनी बंबई ३ के साथ पत्र व्यवहार करें।

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press Dhunji Street, Bombay and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay 3.

તારનું સરનામું:-'હિંદસંઘ' 'HINDSANGH'

॥ नमो तित्थस्स ॥

Regd. No. B 1996.

# જૈન યુગ.
# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.

વાર્ષિક લવાજમ
રૂપીઆ બે.

તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ
[મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.]

છુટક નકલ
દોઢ આનો.

વર્ષ જુનું ૬ ઠું. નવું ૧ લું.

તા. ૧૫ મી નવેમ્બર ૧૯૩૧.

અંક ૨૨ મો.

## કાવત્રાંબાજી કોની?

### દમદાટીના પ્રયોગો થાય છે!!

[નીચેની હકીકત મળેલ છે તે પરથી સાણંદના જૈનો સાથે સગીર દીક્ષાના ખરડાના વિરોધીઓ કઇ રીતે કાર્ય કરી રહ્યા છે તેનો વિચાર કરવાનું કાર્ય વાંચકોપર છોડીએ છીએ.]

અમો નીચે સહીઓ કરનાર શ્રી સાણંદ જૈન સંઘના સભ્યો આથી જાહેર કરીએ છીએ કે વડોદરા રાજ્ય તરફથી પ્રસિદ્ધ થયેલા સંન્યાસ દીક્ષા પ્રતિબંધક નીબંધ સંબંધમાં શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ તરફથી જે પગલાં ભરવામાં આવે તેમાં અમારી અંતઃકરણ-પૂર્વક સંમતી હોવા બાબત અમે પ્રથમ જે સહીઓ કરેલી છે તે અસલ ઠરાવ વાંચી સમજીને ઇચ્છા પૂર્વક કરેલી હતી પરંતુ પાછળથી ધી યંગમેન્સ જૈન સોસાયટીની અત્રેની શાખાના કાર્યવાહકો તથા બીજા જુના વીચારના ગૃહસ્થો તરફથી અમારા ઉપર ઘણા પ્રકારનું અયોગ્ય દબાણ લાવી અમે પ્રથમ કરેલી સહીઓ પાછી ખેંચી લેવા સંબંધમાં અમારી મરજી વિરૂદ્ધ સહીઓ કરાવેલી છે. આથી અમે અંતઃકરણપૂર્વક જાહેર કરીએ છીએ કે સદરહુ ખરડાની તરફેણમાં અમે જે સહીઓ પ્રથમ કરેલી છે તે અમારી મરજીથી ને કોઇ પણ જાતના દબાણ સિવાય કરેલી છે તેને હજુ પણ અમે વળગી રહીએ છીએ. જ્યારે ખરડાની વિરૂદ્ધમાં કરાવેલી સહી અયોગ્ય દબાણથી લીધેલી છે માટે તે રદબાતલ છે. આ લખાણ અમારી જાતે વાંચી, સમજી રાજી ખુશીથી સહીઓ કરી છે તે બરાબર છે.

તા૦ ૧૨—૧૦—૩૧.

બગડીઆ હરગોવન જીવણની સહી દા. પોતે
શા. બભા પદમશી સહી દા. પોતે
શા. રવચંદ ચતુર સહી દા. પોતે
શા. કાલીદાસ મકન સહી દા. પોતે
મેતા કેશવલાલ મનસુખભાઇ સહી દા પોતે
શા. હીરાજી વાલાજી સહી દા. પોતે
શાહ રતિલાલ ભુરાભાઈ સહી દા. પોતે
મેતા પરસોતમ હાથીભાઈ સહી દા. પોતે
ધનજી મુલચંદ સહી દા. પોતે
ગાંધી મફતલાલ ડાહ્યાભાઇ સહી દા. પોતે
શા. મોહન પીતાંબર સહી દા. પોતે
મેતા મોહન ગકુલભાઇ સહી દા. પોતે

**उदधाविव सर्वसिन्धवः; समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः ।**
**न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**
**-श्री सिद्धसेन दिवाकर.**

અર્થઃ-સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે: પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

સરિતા સહુ જેમ સાગરે, તુજમાં નાથ! સમાય દૃષ્ટિઓ;
જયમ સાગર ભિન્ન સિન્ધુમાં, ન જણાયે તું વિભક્ત દૃષ્ટિમાં.

**જૈન યુગ.**
તા. ૧૫-૧૧-૩૧ રવીવાર.

# સાલ આખરનું સરવાયું.

સમસ્ત વ્યાપારી આલમ પ્રત્યેક સાલ આખર પોતાના ધંધા ધાપા વ્યાપાર વણુજમાં એકંદર શું નફો તોટો રહ્યો તેનું માપ કાઢવા માટે પ્રત્યેક દીપોત્સવીએ સરવાયું કાઢે છે. વ્યાપારી પોતે કયાં છે, શું કમાઇ કરી કે શું ખોટ કરી તેનો ચોક્કસ ખ્યાલ મેળવે છે અને નવિન વર્ષમાં પાછલી કમાઇ કે તોટા પર નજર રાખી તે ડાહ્યો વ્યાપારી પોતાનું કાર્ય આગળ ધપાવે છે. આ સર્વ સામાન્ય બિના છે. અને જૈન ડાહ્યો વ્યાપારી હોવા છતાં મુખ્યતયા ધંધા રોજગારને અંગે આ વ્યાપારી પદ્ધતિને માન આપી કાર્ય કરે છે છતાં સામાજીક વ્યવહારમાં એથી વિપરીત વર્તન જોવામાં આવે તો નવાઇ ઉપજ્યા વિના રહે નહિં.

આપણું નવિન વર્ષ શરૂ થતાં અમારા વાંચકોને સાલ મુબારક ઇચ્છીએ અને નવિન વર્ષના ગર્ભમાં રહેલાં અનેક સુખસંપત્તિ પ્રાપ્ત થાઓ એમ ઇચ્છીએ તે સાથે એટલું અવશ્ય ધ્યાન ખેંચવું ઘટે કે ગત દીપોત્સવીએ તમારા ધંધા રોજગાર અગર વ્યાપારની દૃષ્ટિએ તમે કમાઈ કરી હશે-ખોટ કરી હશે તેનું માપ તો જરૂર કાઢ્યું હશે. પરંતુ જે કીર્તિવંત સમાજમાં અવતરવાનું સદ્ભાગ્ય પ્રાપ્ત થયું છે જે ભગવાન્ શ્રી મહાવીરસ્વામીના સુપુત્રો હોવાનો દાવો કરીએ તે સમાજ અને તે શ્રી વીતરાગ દેવના અનુયાયી તરીકે સામાજીક દૃષ્ટિએ આપણે શું મેળવ્યું છે અગર ગુમાવ્યું છે તેનો ખ્યાલ કર્યો છે? તેના સરવાયાં કાઢયાં છે?

ગત વર્ષ અગર તેની આસપાસના સમયમાં બનેલી અનેક પ્રસંગોની યાદ આપવાની આ નૂતન વર્ષને શુભ અવસરે જરૂર નથી. છતાં ભૂતકાળ તપાસીએ તો આપણે શિરે દીપોત્સવીના આખરી સરવાયામાં એકંદરે નિરાશાનું પાસુંજ દેખાશે! કેમકે સમગ્ર રીતે સમાજની વર્તમાન સ્થીતિ વિચારતાં આપણે મેળવવા કરતાં ગુમાવ્યું છે એમ કહેવામાં ભાગ્યેજ અતિશયોક્તિ કહેવાય.

નૂતન વર્ષના પ્રારંભમાં સમાજના પ્રત્યેક અંગને વૃદ્ધ યા યુવાન 'સ્થીતિ ચુસ્ત' યા 'સુધારક' ગમે તે હો તે દરેકને શુદ્ધ બુદ્ધિએ આંતર દૃષ્ટિથી આત્મ નિરીક્ષણ કરવા વિજ્ઞપ્તિ કરીએ છીએ અને પોતાના સામાજીક જીવનનાં સાલ આખરનાં સરવાયાં કાઢી પોતાની સ્થીતિ નક્કી કરવા નવિન વર્ષે સમાજના ઉત્કર્ષમાં પોતાનો યોગ્ય ફાળો આપી સમાજ જીવનને સુધારવા, સબડતી દશા વિદારવા સીજાતાની સેવા કરવા અને આંતર કલહો ટાળવા આગ્રહ કરવો જરૂરી ધારીએ છીએ.

આજે સમાજ અનેક રીતે ક્ષીણુ થતો જાય છે, કુસંપો વધતા જાય છે, ધંધા રોજગારમાં આપણું સ્થાન ગુમાવતા જઇએ છીએ, રાજ્યકારભારમાં આપણા સ્થાન લગભગ નથી અને દરેક રીતે સુવ્યવસ્થિત થવા સંગઠિત થવા જરૂર છે ત્યાં અનેકવિધ ચાલતી પ્રવૃત્તિઓ જોતાં સ્થીતિ સુધારવાને બદલે બગડે છે એવે સમયે દરેક ડાહ્યા જૈનને માટે મન વચન અને કાયાથી અહિંસક અને સંયમી થવા અનિવાર્ય આવશ્યકતા ઉભી થાય છે તે તરફ જરા પણ દુર્લક્ષ થવું ન ઘટે એમ કહેવું જરૂરી જણાય છે. સમાજ આ નૂતન વર્ષે આ બધી બાબતોનો વિચાર કરે અને આખરી સરવાળાના નફા તોટાનો ખ્યાલ કરી ભવિષ્યનું ઉજ્જવલ સમાજ જીવન જીવવા મથે એમ ઇચ્છીએ છીએ.

નવિન વર્ષ સુખદાયી અને સાલ મુબારક નિવડો એજ અંતિમ ભાવના.

# સ્ટેન્ડીંગ કમિટીના સભ્યો પ્રત્યે.

કૉન્ફરન્સના બંધારણ અનુસાર ચાલુ સાલ સંવત ૧૯૮૮ નો આપનો શ્રી સુકૃત ભંડાર ફંડનો ફાળો-ઓછામાં ઓછા-રૂપીઆ ૫) તુરત મોકલી આપવા વિનંતિ છે.

કાર્યવાહી સમિતિના ઠરાવ અનુસાર આ ફાળો વર્ષ શરૂ થતાં ચાર માસમાં દરેક સભાસદે ભરી આપવો જોઇએ એ જરૂરી છે. આશા છે કે આપનો ફાળો તુરતજ મોકલી આપવા ગોઠવણ કરશો.

**રણછોડભાઇ રાયચંદ ઝવેરી.**
**મોહનલાલ ભગવાનદાસ ઝવેરી.**
સ્થાનિક મહામંત્રીઓ.
શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

તૈયાર છે! 卐 સત્વરે મંગાવો!

**'શ્રી જૈન ગૂર્જર કવિઓ ભાગ ૨.'**

**આશરે ૧૦૦૦ પૃષ્ઠનો દલદાર ગ્રંથ**

**કિંમત ત્રણ રૂપીઆ.**

સંગ્રાહક:—**શ્રી. મોહનલાલ દલીચંદ દેશાઇ.**
બી. એ. એલએલ. બી. એડવોકેટ.

પ્રાપ્તિસ્થાન:-**શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ.**
૨૦, પાયધુની, મુંબઈ ૩.

# વિવિધ નોંધ અને ચર્ચા.

**શ્રી સ્થાનકવાસી સકલ સંઘની સભા**—મુંબઈમાં મળવાનું અગાઉથી જાહેર થયા મુજબ ૪-૧૧-૩૧ ના દિને મલી હતી. આ સભા બોલાવવાનું પ્રયોજન મી. પ્રાણલાલ કાલીદાસ તથા તેના એકાવન ગોઠીઆઓનું સંઘની સભા બોલાવવા માટેનું અરજ પત્ર Requisition દ્વારા પ્રાપ્ત થયું હતું. અને આવા માંગણી પત્ર પછવાડેની પ્રેરણા મેસાણામાં, થોડા દિવસ પર થયેલા એક 'ધુજારા' માંથી સહજ મલી રહે છે! વડોદરાના ના૦ ગાયકવાડ સરકાર તરફથી પ્રસિદ્ધ થયેલ સંન્યાસ દીક્ષા પ્રતિબંધક નિબંધનો વિરોધ સ્થાનકવાસી બંધુઓએ પણ કરવો જોઇએ એ હેતુથી એ રેકવીઝીશન થએલું હોય. સ્થાનકવાસી સકલ સંઘની સભા આ હેતુ માટે નિમેલે સમયે અને સ્થળે મલ્યાની તથા શ્રી પ્રાણલાલના માંગણી પત્ર પર થએલ ચર્ચા અને પરિણામ વગેરેની ખબરો એક સ્થાનિક દૈનિક પત્રમાં પ્રકટ થઇ છે તે જોતાં 'ધુજારો' કરનાર બંધુ અને તેના મળતીઆઓની નેમ ઉંધી વલી હોય એમ જણાય છે. આ માંગણી પત્ર પર એકાવન જેટલી સહીઓ કરવામાં આવ્યાનું બહાર પડયું છે છતાં સંઘની સભા વખતે ટેકો આપનારાની સંખ્યા તેના અરધા ભાગ જેટલીજ નિવડી એ તેમને માટે દુઃખનો વિષય ગણાય. દી. પ્ર. નિબંધનો વિરોધ કરવા માટેની માંગણીની વિરૂદ્ધમાં મ્હોટી બહુમતિ હોવાથી મજકુર માંગણી ઉડી ગયેલી જાહેર કરવામાં આવી હતી. એટલે તેઓ વિરોધ કરી શકયા નથી એમજ માનવું રહે આજે દરેક સ્થળે અને સમાજમાં ધર્મને નામે યુક્તિ પ્રયુક્તિથી કોઇ પણ રીતે કાર્ય થવું દુઃશકય–અશકય થઇ પડયું છે એનું કારણ એકજ કલ્પી શકાય કે સામાન્ય રીતે સમાજ હવે જાગૃત થયો છે. પોતે વિચાર કરતો થયો છે એટલે ગમે તે જાતના વિચારો ગમે તેના પર બળજબરીથી ઠોકી બેસાડી શકાય તેમ નથી. સ્થાનકવાસી સકળસંઘના વિચારવાન બંધુઓને અભિનંદન ઘટે છે. શ્રી પ્રાણલાલનો ઠરાવ ૨૮ વિરૂદ્ધ ૭૧ મતે ઉડી ગયો હતો.

**સાણંદના જૈનો સાથે કેમ કામ લેવાય છે?** વડોદરા રાજ્યના સદરહુ દીક્ષા પ્રતિબંધક નિબંધ સામે સ્થાનિક જૈન સંઘનો વ્યવસ્થિત વિરોધ હોવાનું મુંબઇના એક દૈનિક પત્રમાં જાહેર થયું હતું. આ જાહેરાત થયા પહેલાં સાણંદના યુવક વર્ગને એવી ધાસ્તી હતી કે જે વિરોધ દર્શાવવામાં આવનાર છે તે સંઘના નામે હોવાનું કહેવામાં આવે. આ કારણે તેઓએ કૉન્ફરન્સના ઠરાવને ટેકો આપનારો એક પત્ર સંખ્યા બંધ સહી સાથનો સંસ્થાને મોકલી આપ્યો હતો જે અગાઉ પ્રકટ કરવામાં આવતાં સમાચાર મલે છે તે મુજબ કેટલીક લાગવગ યા દબાણ–કે ગમે તે રીતનો ઉપયોગ કરી નિબંધને ટેકો આપનારાઓની સહી પાછી ખેંચી લેવડાવવા પ્રયાસ કર્યો હોય એમ જણાય છે અને તે મતલબની હકીકત અમદાવાદથી પ્રસિદ્ધ થતાં એક સાપ્તાહિકમાં પ્રકટ કરવામાં પણ આવી હતી. આથી સમાજ સમજી શકશે કે દીક્ષા પ્રતિબંધક નિબંધ સામેનો વિરોધ નોંધાવવા માટે કેવી જાતના પ્રયાસો થાય છે અગર કેવું અયોગ્ય દબાણ કરવામાં પણ આવે છે? આ બિના આજના અંકમાં અન્યત્ર પ્રકટ કરવામાં આવે છે. આ કૂટનીતિથીજ ઠામઠામ વિરોધના દેખાવ કરવામાં આવતા હોય તો નવાઇ નહિં!

**મુંબઇની બે જરૂરીઆતો:**—કેલવણીના વિષયમાં મુંબઇ કેન્દ્રસ્થાન ભોગવતું હોવાને કારણે જોઇએ તેટલા પ્રમાણમાં સાધનો મલી આવતાં નથી છતાં સ્થાનિક દૃષ્ટિએ વિચારતાં ઠીક ઠીક સાધનો તો અવશ્ય મુંબઇ ધરાવે છે. કેન્દ્રસ્થાનને યોગ્ય અસ્તિત્વ ધરાવતાં આવાં સાધનો કેલવણી વિષયક સંસ્થાઓ—વિશેષ વિસ્તૃત અને સમૃદ્ધ બને અને હિંદભરનાં નહિં તો ઇલાકાના જૈન બાળકો અને કન્યાઓને સંપૂર્ણ સગવડો વિના સંકોચે મળે એ જરૂરનું છે. આ દિશામાં સ્ત્રી કેલવણીની બાબતનો વિચાર કરવામાં આવે તો સખેદ કહેવું જોઇએ કે શ્રી મુંબઇ માંગરોળ જૈન સભા હસ્તક ચાલતી કન્યા અને સ્ત્રી કેલવણીની સંસ્થા એ એકજ માત્ર સાધન છે અને તે ઘણુંજ મર્યાદિત ગણાય. આ શાળાને સારી રીતે ચલાવવા મંત્રીઓ પ્રયાસ કરે છે પરંતુ વિશેષ પ્રયાસની આવશ્યકતા રહે છે. સ્ત્રી કેલવણીના પ્રશ્નને તેઓ જૂદી જૂદી દિશાએ વિચારી કન્યાઓને પ્રાથમિક કેલવણી ઉપરાંત ઉચ્ચ નહિં તો હાલતુરત માધ્યમિક કેલવણી આપવા માટેનો પ્રયાસ સેવે તે જરૂરી ગણાય. નાણા સંબંધી મુશ્કેલી દૂર કરવા માત્ર અપીલો કરીને સંતોષ ન માનતાં સ્ત્રી કેલવણીમાં રસ લેતા શ્રીમાનોને મળી યોગ્ય યોજના ઘડી કાઢે તો અમને વિશ્વાસ છે કે તેમાં જરૂર સફળતા મળે. પરંતુ આ કાર્ય માટે મુંબઇ જેવાં ક્ષેત્રમાં સંચાલકોને પ્રથમ મકાનની અગવડ આડે આવે તેમ છે જે હકીકત મંત્રીજીએ 'સભા'ના છેલ્લા વાર્ષિક ઉત્સવ વખતે રજુ કરી હતી. આ દિશામાં મંત્રીઓ કટિબદ્ધ થઇ પ્રયાસ કરે તો આ ખોટ અવશ્ય પૂરી પડે એમાં અસંભવ નથી. જૈન સમાજ કેલવણીની કદર કરતો થયો છે અને આ દિશામાં જરૂર પોતાનો ફાળો આપશે એમ ઉચ્છીએ.

બીજી જરૂરીઆત મુંબઈની જૈન સેંટ્રલ લાઇબ્રેરીને અનુકૂળ મકાનની આવશ્યકતાને લગતી છે. ચાલુ જમાનામાં લાઇબ્રેરીની જરૂરીઆત સર્વત્ર છે અને મુંબઇમાં વિશેષ કરીને આ લાઇબ્રેરીને માટે મંત્રીઓએ જૈન પ્રજાને કેટલાય વર્ષોથી 'અપીલ' કરી છે. અને તેની પાછળ શક્તિ ખર્ચવામાં આવે તો એ કાર્યને અંગે નિરાશા મળવાનું કારણ નથી.

મુંબઇની આ બન્ને મુખ્ય જરૂરીઆતો ગણાય. સંચાલકો વિશેષ પ્રયાસ સેવે તો સમાજ આ દિશામાં દાન કરવા પાછળ ન પડે.

---

(અનુસંધાન પૃષ્ઠ ૧૭૬ થી ચાલુ)

'જૈન જ્યોતિ' તંત્રી શ્રી ધીરજલાલ ટોકરશી શાહ ઠે. રાયપુર હવેલીની પોલ અમદાવાદ. લવાજમ વાર્ષિક રૂા ૨-૮-૦ આવા માસિકની સમાજને જરૂરીઆત હતી, તે 'જ્યોતિ' પ્રકટતાં પૂરી પડશે એમ સહજ જણાય છે. 'જ્યોતિ' પ્રકટ થતાં જૈન સમાજમાં કલા સાહિત્ય આદિ વિષયો પરત્વે ખરી જૈન જ્યોતિ પ્રકટે એમ ઇચ્છીએ. શ્રી ધીરજલાલ ટો. શાહની કલાપ્રિયતા અને સાહિત્યરૂચિથી સમાજ વાકેફ છે અને તેથી ખરી જૈન જ્યોતિ તેઓ જગવે તો આશ્ચર્ય નહિં. બાલોપયોગી જ્ઞાન અને આરોગ્યને લગત વિષયો ઉમેરવાથી અંકની ઉપયોગિતા વધે છે. લવાજમ અને સામગ્રી જોતાં સમાજ તેને જરૂર વધાવી લેશે.

# સતી નંદયંતી

ત્રિઅંકી નાટક.

— લેખક —
ધીરજલાલ ટી. શાહ.

— પાત્ર પરિચય —

| | | | | | |
|---|---|---|---|---|---|
| સાગરપોત: | પોતનપુર બંદરનો ધનાઢ્ય વપારી | સુરપાળ: | સમુદ્રદત્તનો વફાદાર નોકર | મનોરમા: | સહદેવની પત્ની અને નંદયંતીની સખી |
| સમુદ્રદત્ત: | સાગરપોતનો પુત્ર | પદ્મસિંહ: | ભ્રગુપુરનો રાજા | સુમતિ: | સેવાશ્રમની સાધ્વી |
| સહદેવ: | સમુદ્રદત્તનો મિત્ર | કુલપતિ: | સેવાશ્રમના આચાર્ય | | |
| | | લક્ષ્મી: | સમુદ્રદત્તની માતા | | |
| | | નંદયંતી: | સમુદ્રદત્તની પત્ની | | |

ઉપરાંત ભીલો, પરિજનો, સારથી, અધ્યાપક અને વિદ્યાર્થીઓ.

(ગતાંકથી ચાલુ.)

**પ્રવેશ પાંચમો.**

(બેટના એક ઉંચા કિનારાપર સમુદ્રદત્ત ને સહદેવ ઉભા ઉભા વાતો કરે છે—સમય રાત્રી.)

સહ૦ સમુદ્રદત્ત! આપણે બરાબર ફસાઇ પડયા! બિચારા ખલાસીઓ માર્યા ગયા કે શું થયું તે કોણ જાણે? અને આપણે નાસતાં નાસતાં અહિં આવી પહોંચ્યા! આ દરિયો નીચે ભયંકર ગર્જના કરે છે. હવે કયાં જઇશું?

સમુ૦ ભાઇ! આપણો મછવો પણ શત્રુઓને હાથ જઇ ચડયો છે, હવે શું કરવું?

સહ૦ હું કહેતો નહોતો કે આવા મુરખવેડા ન હોય અને આવા જંગલીઓની મેમાનગત ન હોય–હવે શું કરીશું?

સમુ૦ સહદેવ વહા થોડે દૂરજ નાંગરેલું છે. જો અહિંથી દરિયામાં કુદી પડીએ ને તરતાં તરતાં ત્યાં પહોંચી જઇએ તોજ બચાય.

સહદેવ૦ બાપરે! કેવો રાક્ષસી વિચાર! આટલે ઉંચેથી દરિયામાં પડતું મૂકવું?

સમુદ્રદત્ત૦ એ સિવાય બીજો કોઇ ઉપાય નથી. જો અહિં શત્રુઓને હાથ પડયા તો કુતરાના મોતેજ મરવાનું થશે.

સહદેવ૦ પણ બીજો કોઇ ઉપાય નથી?

સમુ૦ મારા મગજમાં તો ઉતરતો નથી, પણ એમાં છે શું? કયાં આપણને તરતાં નથી આવડતું?

સહ૦ ના ભાઇ! આપણી હિમ્મત ચાલતી નથી! આ તો હાથે કરીને મરણના મોંમાં જવાનું છે!

સમુ૦ આ સહાસ કર્યેજ છુટકો છે–સાહસ નહિ કરીએ તો મરણ વધારે નિશ્ચિત છે.

સહ૦ એ ગમે તે હોય પણ મારી હિમ્મત ચાલતી નથી.

સમુ૦ પણ દરિયામાં આંકડા ભીડીને કુદી પડીએ, બંને સાથેજ તરતાં તરતાં જરૂર ત્યાં પહોંચી જઇશું. માટે ચાલ તૈયાર થા. હવે વધારે વખત ગુમાવવો પાલવે તેમ નથી.

સહ૦ કયાં ભોગ લાગ્યા કે ભાઇ! તારી સાથે આવ્યા!

સમુ૦ ચાલ હવે આંકડા ભીડ મેં કહ્યું ન્હોતું કે તારી કાયરતા મટાડવા તને સાથે લાવ્યો છું. (બંને કુદી પડે છે.)

**શ્રી પાટણ જૈન યુવક સંઘની અસાધારણ સામાન્ય સભા.**

## પસાર થયેલા ઠરાવો.

ઠરાવ ૧. આ સભા ઠરાવે છે કે દેશ વિરતી ધર્મારાધક સમાજ એ સંસ્થા માત્ર મુઠીભર એક પક્ષી અને અયોગ્ય દિક્ષાના હિમાયતી સભ્યોની બનેલી હોઈ "મેસાણા મુકામે તે સંસ્થાનું ખાસ અધિવેશન મહેસાણાના સમસ્ત જૈનોની સંમતી વિનાનું હોઇ તે સંસ્થા જે કંઈ ઠરાવો કરે તે સંસ્થાના પોતાનાજ હોઇ તેની સાથે સમસ્ત જૈન જનતાને કંઇ પણ લાગતું વળગતું નથી, એમ આ સંઘ મક્કમતાથી માને છે અને સમસ્ત જૈન જનતાના પ્રતિનિધિત્વનો ખોટો દાવો કરીને વડોદરા રાજ્યના નામદાર ન્યાયમંત્રી સાહેબને આખા હિંદુસ્થાનના જૈનોના નામે ઉંધે રસ્તે દોરવવા માગતી–એ સંસ્થા તરફ આ સંઘ સખ્ત અણગમો જાહેર કરે છે અને તેની એક તરફી અને શાસ્ત્ર વિરૂદ્ધની પ્રવૃત્તિઓને વખોડી કાઢે છે."

ઠરાવ ૨. અખીલ ભારતના શ્વેતાંબર મૂર્તીપૂજક જૈનોનું સંપૂર્ણ પ્રતિનિધિત્વ ધરાવતી એકની એકંજ જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ છે, એમ આ સંઘ મક્કમપણે જાહેર કરે છે.

સગીર અને અજ્ઞાન બાળકોની ભાગવતી દીક્ષાના નામે ચાલી રહેલી પ્રવૃત્તિને અટકાવવા માટે જૈન શ્વેતાંબર કૉન્ફરન્સે પસાર કરેલા મેમોરીયલને આ સભા વધાવી લે છે, અને અભિનંદન આપે છે.

ઠરાવ ૩. ઉપરોક્ત ઠરાવોની યોગ્ય વ્યવસ્થા કરવાની આજની સભાના પ્રમુખ સાહેબને સત્તા આપવામાં આવે છે.

ઉપરના ઠરાવો સર્વાનુમતે તાળીઓના ભારે ગડગડાટ વચ્ચે પસાર થયા હતા.

**પાટણ** } **શેઠ નગીનદાસ હીરાચંદ**
તા. ૩૧-૧૦-૩૧. } ઉપરોક્ત સભાના પ્રમુખ.

# શ્રી જૈન શ્વે૦ કૉન્ફરન્સના ઠરાવોનું સમર્થન.

સિહોર તા. ૧૧-૧૦-૩૧ રવીવાર.

રા. રા. શ્રીમાન વડોદરા સ્ટેટના ન્યાયમંત્રી સાહેબની હજુરમાં ઠે૦ લહેરીપુરા રોડ, ન્યાયમંદીર. શ્રીવડોદરા. (ગુજરાત)

અમો સિહોર જૈન સંઘના નીચે સહીઓ કરનારાઓ આ ઉપરથી જણાવીએ છીએ કે શ્રીમાન વડોદરા સ્ટેટ તરફથી બહાર પાડવામાં આવેલ સગીર સન્યાસ પ્રતિબંધક ખરડાના ઉદ્દેશને અમે સ્વિકારીએ છીએ અને તે સંબંધમાં ઘટતા સુધારા વધારા સુચવી. **શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ** તરફથી જે પગલાં ભરવામાં આવેલ તેને અમો સપૂર્ણ સંમત છીએ. મીતી સં. ૧૯૮૭ ભાદરવા વદ ૦)) રવીવાર. તા. સદર. શહીઓ.

શા. નાનચંદ સાંકલચંદની સહી દા. પોતાના.

શા. રતીલાલ નંદલાલની સહી દા. પોતાના.

તથા બીજી ત્રીસ સહીઓ.

---

સાણંદ તા. ૧૫-૧૦-૧૯૩૧.

ગઇ કાલે અત્રે જૈન શુભેચ્છક મંડળની મીટીંગમાં નીચેના ઠરાવો પાસ કરવામાં આવ્યા હતા.

૧ સંન્યાસ દીક્ષા પ્રતિબંધક નિબંધ વડોદરા સરકાર તરફથી બહાર પાડવામાં આવેલો છે, તેમાં જૈન શ્વેતાંબર કૉન્ફરન્સે સુચવેલા સુધારા વધારાને આ મંડળ સંપૂર્ણ ટેકો આપે છે.

૨ સદરહુ બાબતમાં જૈન શ્વેતાંબર કૉન્ફરન્સને ટેકો આપવાના ઠરાવમાં જે સદ્‌ગૃહસ્થોએ સહીઓ કરી છે તેમને આ મંડળ અભિનંદન આપે છે.

૩ સોસાઇટીના આગેવાનો તેમજ ગામના કેટલાક જુના વિચારના સદ્‌ગૃહસ્થો તરફથી કૉન્ફરન્સને ટેકો આપનાર સભ્યો ઉપર અયોગ્ય દબાણ લાવી સહીઓ પાછી ખેંચાવવા જે પ્રયાસ ચાલે છે તેને આ મંડળ સખત રીતે વખોડી કાઢે છે ને આવા કૃત્ય સામે સખત અણગમો જાહેર કરે છે.

૪ યંગમેન્સ જૈન સોસાયટીની અત્રેની શાખા જેવી ઉછરતી સંસ્થાએ કૉન્ફરન્સ જેવી જુની અને મોભાદાર તેમજ વિચારશીલ સંસ્થાનો બહિષ્કારનો ઠરાવ કરવાની જે ધૃષ્ટતા દર્શાવી છે તે સામે આ મંડળ પોતાનો સખત અણગમો જાહેર કરે છે.

Vardhman G. Shah, M. B. B. S.
Chairman J. S. Mandal.

---

**શ્રી રાધનપુર જૈન યુવકોદય મંડળના** પ્રમુખશ્રી તરફથી વડોદરા રાજ્યના ન્યાય મંત્રી સાહેબ પર નીચેનો તારનો સંદેશો મોકલવામાં આવ્યો છે. **Copy Telegram:-** Mandal welcomes Diksha Pratibandhak Nibandh and requests embodiment of changes suggested dy Jain Swetamber Conference. President Jain Uvakodaya Mandal.

---

**श्री महाराष्ट्रीय जैन श्वे० कॉन्फरन्स अधिवेशन ४ थुं. (जून्नर) ९-२-१९३०.**

**ठराव ३.** अखिल भारतीय जैन श्वेतांबर कॉन्फरन्सनुं अधिवेशन जून्नर शहेरमां थयुं तेमां पास थएला ठरावो साथे आ कॉन्फरन्स सहमत छे. अने ते ठरावोनो अमल करवानो आ कॉन्फरन्स महाराष्ट्रना जैन बंधुओने आग्रहपूर्वक भलामण करे छे.

---

श्री आत्मानंद जैन महासभा–पंजाब–अधिवेशन १० मुं झीरा २८–२९–३० सितम्बर १९३०.

**ठराव ९.** श्री आत्मानंद जैन महासभा का यह वार्षिक अधिवेशन ऑल इन्डीया जैन कॉन्फरन्स (All India Jain Conference) के पास किये हुए प्रस्तावों का अनुमोदन करता है और श्री संघ पंजाब के प्रत्येक व्यक्ति से जोरसे अपील करता है कि इन प्रस्तावों पर हर प्रकार से सहानुभूति प्रगट करते हुए उन पर अमल करने की कोशीश करें...........

---

श्री जैन श्वे. कॉन्फरन्स मारवाड प्रांतिक समिति का अधिवेशन ता. १५–१२–३० श्री वरकाणा तीर्थ.

**ठराव १२.** आज जैन श्वे. प्रांतिक कॉन्फरन्स मु. वरकाणे में एकत्रित हो सर्वानुमत से प्रस्ताव करती है कि आज कालकी आयोग्य दिक्षा प्रवृत्तिने समाज में क्लेश फैला रखा है इसलिए ऐसी अयोग्य दिक्षा को यह सभा निषेध करती है, और प्रत्येक गांव के नेताओं को ऐसे कार्यों को रोकने का अनुरोध करती हैं.

---

श्री फलौधी तीर्थ में जैनो कि विराट् सभा आशो वदि १० मंगळवार १९८७.

**प्रस्ताव**—आजकी सभा यह प्रस्ताव पास करती है कि जो कानुन बडोदरा राज्यमें बनाया जाता है (बाल दिक्षाका) उसमें निम्नि लिखित सुधारा और होना चाहोये. "यदि दिक्षा लेनेवाला नाबालीग होवे तो उसके माता पिता स्त्री आदि या संरक्षक उसको लिखित सम्मति दे देवे तथा वहांका श्री संघ आज्ञा दे देवे और मैजीस्ट्रेटसे सर्टीफाइ कराकर दिक्षा दीइ जावे तो वह कानुन उसपर लागु नहीं होना चाहीये." यह सभा श्री श्वेतांबर जैन कॉन्फरन्स बम्बईके प्रस्तावको टेका देती हुई नामदार गायकवाड सरकारसे अनुरोध करती है कि उस कानुनमें उपर लिखे मुजब सुधारा करनेकी कृपा करें.

---

श्री आत्मानंद जैन महासभा पंजाब–अधिवेशन ११ मु. पट्टी (लाहोर) सितम्बर १९३१.

११–दीक्षा संबंधी जो कानुन गायकवाड सरकार पास करना चाहती है, और उसमें सोच विचार के पश्चात ऑल इन्डिया जैन श्वेतांबर कॉन्फरन्स बम्बई ने ता. १७-९-३१ को पास कर के जो सम्मति दी है। महासभा का यह अधिवेशन बहुत जोर के साथ उस से सहमत है। इस प्रस्ताव की नकल ऑल इन्डिया जैन कॉन्फरन्स बम्बई और गायकवाड सरकार की सेवा में भेजी जावे।

---

P. Box No. 30, Moulmein.
9th Oct. 31.

શ્રીયુત મંત્રીઓ,

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ, શ્રીમુંબઈ.

વિ. વિ. જે કાર્યવાહી સમિતિએ દીક્ષા પ્રતિબંધક નિબંધમાં જે અહેવાલ પ્રગટ કર્યો છે જે 'જૈન" માં વાંચી અહિં એક જાહેર સભા થઇ હતી. તેમાં જૈન અને જૈનેતર સર્વની હાજરી હતી. તે અહેવાલમાં અમારી સર્વેની સંમતિ છે ને તેને અમો સંપૂર્ણ રીતે ટેકો આપીએ છીએ.

અત્રે પ. પૂજ્ય મુનિશ્રી વિનયવિજયજી મહારાજશ્રી સુખશાતામાં બીરાજે છે તેમના પ્રમુખપણા હેઠળ સભા બોલાવવામાં આવી હતી. તે સ્હેજ. એજ વિનંતિ.

લી૦ સેવક,
પોપટલાલ દેવચંદ
**મંત્રી શ્રી જૈન તપગચ્છ સંઘ.**
**મોલમીન.**

---

**કચ્છ વિભાગ પ્રાંતિક સમિતિ**ના મંત્રી શ્રી ક્ષમાનંદજી શ્રીજી મહારાજ જણાવે છે કે જૈનોની જાહેર સભા **૧૭–૧૦–૩૧** ના રોજ મેલવવામાં આવી હતી જેમાં સર્વાનુમતે જે ઠરાવ બહાલ રાખેલ છે, તે આપની જાણ ખાતર આ નીચે આપીએ છીએ. સભાના પ્રમુખે વડોદરા સ્ટેટના ન્યાય મંત્રીને ઠરાવ મોકલાવી આપેલ છે એમ પણ જણાવવામાં આવે છે.

**ઠરાવ. अ** આજની જૈનોની આ સભા શ્રીમન્ત ગાયકવાડ સરકાર તરફથી જાહેરના અભિપ્રાય માટે બહાર પાડવામાં આવેલ 'શ્રી સન્યાસ દીક્ષા પ્રતિબંધક' નિબંધના ઉદ્દેશ અને જરૂરીઆતને બહાલી આપે છે.

**ब** અને **શ્રી જૈન શ્વે. કૉન્ફરન્સ**ની વર્કીંગ કમિટીની બહાલી સાથ શ્રીમન્ત સરકારના ન્યાય મંત્રી પર જે ઠરાવ ગયેલ છે, તે તરફ સંપૂર્ણ સંમતિ દર્શાવે છે.

**क** અને શ્રીમન્ત સરકારની ધારા પોથીમાં આ ખરડો કાયદાનું સ્વરૂપ લે તેવી શ્રીમન્ત મહારાજાની ધારાસભાને વિનતિ કરે છે.

---

# સાક્ષરોને વિનતિ.

**આ**જે ઘણાં વર્ષોથી જૈન સમાજમાં નીતિ અને ધર્મનું શિક્ષણ પુરૂં પાડે તેવાં પાઠ્ય પુસ્તકોની આવશ્યકતા સ્વિકારાયેલી છે. પરંતુ હજુ સુધી એ કાર્ય જેવું જોઇએ તેવું થયું નથી. મારી શક્તિ અનુસાર દ્રવ્ય ખર્ચી હું એ પુસ્તકો તૈયાર કરાવવા ઇચ્છું છું. કાચી વયના વિદ્યાર્થીઓ ઉન્માર્ગે જતાં અટકે અને ત્રિકાલ અબાધિત વીતરાગ માર્ગે સંચરે એ ઉદ્દેશથી ન્યાય. નિતિ, તત્વજ્ઞાન મહાપુરૂષોના જીવન ચરિત્રો ઐતિહાસીક હકીકતો ક્રિયાકાંડ અને તેના હેતુઓ વિગેરે વિષયોની ગુથણીનું કાર્ય મેં પ્રો. હીરાલાલ રસિકદાસ કાપડિયા એમ. એ. (ભાગતવાડી ભુલેશ્વર, મુંબઇ) ને સોપ્યું છે. એકંદર બાર વિભાગોમાં આ ગ્રન્થમાલાની યોજના કરવા ધારી છે. હરકોઇ જૈનશાળાને પાઠ્ય પુસ્તક તરીકે ઉપયોગી થઇ પડે તેટલા માટે એ વિભાગો કેટલાં કેટલાં પૃષ્ઠોના રાખવા ને કેવી ઢબથી તૈયાર કરવાં એમાં કયા કયા વિષયનો સમાવેશ કરવો એને અંગે કયા કયા ગ્રન્થો એકત્રિત કરવા જોઇએ, કયા કયા વિષય ઉપર કઈ કઇ કવિતાઓ દાખલ કરવી યોગ્ય ગણાય એમાં શેના ચિત્રો આપવા ઉચિત છે, કયા કયા સહૃદય સાક્ષરોની સલાહ લેવી લાભદાયક થઇ પડશે વગેરે જે કંઇ બાબત આ વિભાગોને વિશેષ ઉપયોગી બનાવવામાં સાધનભૂત સમજાતી હોય તે સૂચવવા પૂજ્ય મુનિવરો સાધ્વીઓ સ્વાગી ભાઇઓ અને બેનોને મારી સાગ્રહ સાદર વિનંતિ છે. ફરી ફરીને આવાં પાઠ્ય પુસ્તકો યોજાતાં નથી તો ચિરકાલને માટે તૈયાર થતાં આ પુસ્તકોમાં **તજજ્ઞો** યોગ્ય ફાળો આપવા કૃપા કરો એવી મારી તેમને વિશેષતઃ વિજ્ઞપ્તિ છે. આશા છે કે આ સંબધમાં માર્ગ દર્શક સુચનાઓ મારા ઉપર અથવા તો પ્રો. કાપડિઆ ઉપર યથા સમય મોકલાવવી. આ ગ્રન્થમાલા દ્વારા જે પુણ્ય ઉપાર્જન થાય તેના ભાગી બનવા સુજ્ઞ જૈનો આ અવસરને જરૂર વધાવી લેશે અને મને ઉપકૃત કરશે.

'જીવન વિલા"
મલબાર હિલ,
મુંબઇ.

સેવક,
**જીવનલાલ પનાલાલ.**

---

# સ્વીકાર અને સમાલોચના.

ન્યાય વિશારદ, ન્યાયતીર્થ, મુનિ શ્રી ન્યાયવિજયજી વિરચિત નિમ્નલિખિત પુસ્તકો વડોદરા શ્રી જૈન યુવક સંઘ (ઘડીયાલીની પોલ) તરફથી પ્રકાશિત કરવામાં આવ્યાં છે.

૧ **વીર ધર્મનો પુનરૂદ્ધાર.** કિંમત અમૂલ્ય. જૂદા જૂદા વિષયો જેવા કે ઉપક્રમ, સંગઠન લગ્ન સંસ્થા, દમ્પાત ધર્મ, ગૃહસ્થાશ્રમ, આરોગ્ય અને બ્રહ્મચર્યાશ્રમ, સાધુ-સંસ્થા વિગેરે ઉપર વિવેચન કરેલું છે. સમાજ અને ધર્મમાં આજે જે સડો નજરે પડે છે તેને જડમૂલમાંથી કાઢી પ્રગતિના પંથે કેમ વિચરી શકાય તે માટે મુનિશ્રીએ પોતાના વિચારો પ્રમાણ અને દલીલ સાથે રજુ કર્યા છે. ગૃહસ્થ ધર્મ અને સાધુ ધર્મ ઉપર ઠીક પ્રકાશ પાડેલ છે. ચોથી આવૃત્તિ અતિશય લોકપ્રિયતા સિદ્ધ કરે છે. પુસ્તક વાંચવા અને વિચારવાયોગ્ય છે.

૨ **જૈન દર્શન.** કિંમત અમૂલ્ય. જૈન તત્વ જ્ઞાનના સિદ્ધાંતો મધ્યસ્થ દૃષ્ટિએ સર્વ દર્શનવાલાઓ પ્રાયઃ સમ્મત થાય તે રીતે પ્રતિપાદક શૈલીથી, સંક્ષેપમાં મુદ્દાસર અને સુંદર ભાષામાં રજુ કરી તત્વજ્ઞાનના વિશાળ ક્ષેત્રમાં સારૂં અજવાલું પાડવામાં આવેલ છે. આ પુસ્તક શ્રી જૈન શ્વેતાંબર એજ્યુકેશન બોર્ડ તરફથી દરવર્ષે લેવામાં આવતી ધાર્મિક

# દીક્ષા પદ્ધતિ પર કંઇક.

જૈન વાઙ્મયનો ધોરી પ્રવાહ જોતાં સ્પષ્ટ સમજી શકાય છે કે જૈન વાણી માતાપિતા કે વાલીની સમ્મતિ લઇને, રીતસર વ્યવસ્થા કરીને વિવેકપૂર્વક દીક્ષા ગ્રહણ કરવાનું ફરમાવે છે. સૂત્ર-સિદ્ધાન્તોના ચરિત ઘટનાદર્શક પાઠોમાં આ પ્રકારનું વિવેકદર્શન બહુ સુલભ છે. સૂત્રોમાં સ્થળે સ્થળે "**अम्मापियरो आपुच्छामि**" ('માતાપિતાને પૂછું') આવા શબ્દો ઢગલાબંધ નજરે પડે છે. આવા શબ્દો સૂત્રગત પ્રાચીન કથાઓમાં દીક્ષાના ઉમેદવાર મહાશયોના મુખમાંથી નિકળે છે. 'ભગવતી,' 'જ્ઞાતાધર્મ કથા' વગેરે સૂત્રો તથા 'વસુદેવહિંડી' વગેરે પ્રાચીન ગ્રન્થોમાં 'જમાલિ,' 'મહાબલ,' 'મેઘ કુમાર,' 'જમ્બૂ કુમાર' વગેરેની કથાઓમાં દીક્ષાના તે ઉમેદવારોના મુખમાંથી નિકળતો "**अम्मापियरो आपुच्छामि**" વગેરે વચન સન્દર્ભ તેમના સૌજન્ય તથા વિવેકપર સરસ પ્રકાશ નાંખે છે. એ આખા પ્રબન્ધો પ્રસ્તુત દીક્ષા પ્રશ્નના અભ્યાસકોએ ખાસ અવલોકન કરવા જેવા છે. એ કથાનાયક મહાશયોના ગુરૂદેવો પણ એ મુમુક્ષુ શિષ્યોને દીક્ષા માટે માતાપિતાની આજ્ઞા લેવામાં સમ્મત થાય છે. એ ચરિત ઘટનાઓમાં જૈન સંસ્કૃતિની સ્વાભાવિકતા, વિશિષ્ટતા, સભ્યતા અને ઉદારતાનું સુન્દર ચિત્ર દોરાયલું નજરે પડે છે.

મહાવીર જેવો મહાન્ આત્મા, તેના મહાન્ પવિત્ર શાસનમાં તોફાની કે ધાંધલી દીક્ષાની કલ્પના પણ કોઇ કરી શકે કે? નસાડી-ભગાડી, ધીંગાણા કરી દીક્ષા આપવામાં અને વધારામાં, તેના પર "ભાગવતી"ની મ્હોર છાપ લગાવવામાં મહાવીરના શાસનની ભારે વિડમ્બના થાય છે. મ્હોટી ઉમ્મરે દીક્ષા લેવામાં પણ માતા પિતા, વડીલ કે વાલી આદિની સમ્મતિ જરૂર લેવી ઉચિત છે. નાશી-ભાગીને છાને છાને દીક્ષા લેનાર નાહિમ્મત, કાયર અને માયકાંગલો છે. અને એવી દીક્ષા આપનાર સાધુઓ પણ બ્હીકણ અને નબળા છે. એવી માયકાંગલી દીક્ષા સાધુ સંસ્થાને, સમાજ અને દેશને તથા ધર્મને બહુ હાનિકારક છે. બહાદુર મુમુક્ષુ તો પોતાની સત્ય નિષ્ઠાથી માતા પિતા કે વડીલનાં હૃદય પીગળાવી નાંખે અને તેમની સમ્મતિ લઇ છડે ચોક દીક્ષના મેદાનમાં ઉતરે.

'શિવકુમાર' જે જમ્બૂસ્વામીનો જીવ છે તે દીક્ષા લેવા તૈયાર થતાં તેના માતા પિતા તેને રોકે છે. ત્યારે તે ઘરની અન્દરજ સર્વ સાવદ્યનો નિયમ કરી ભાવ યતિ બને છે. માબાપ તેને પરાણે જમવા બેસાડે છે પણ તે જમતો નથી. મૌન લઇને બેઠો છે. આમ સત્યાગ્રહ કરે છે. આથી તેના માતા પિતા બહુ ઉદ્વેગ પામે છે. પછી તેઓ શિવકુમારના મિત્ર 'દૃઢધર્મ' મારફત તેને સમજાવવાનો પ્રયત્ન કરે છે. 'દૃઢધર્મ' તેને સમજાવી નિરવદ્ય આહાર લેવડાવે છે. શિવકુમાર છઠને પારણે આંબેલ કરીને છઠ કરે છે. એમ તપસ્યા કરતાં બાર વર્ષ વીતી જાય છે. છતાં તેના માતા પિતા તેને દીક્ષા લેવા રજા આપતા નથી. તે પણ માતા પિતાની સમ્મતિ વગર દીક્ષા લેવા નાસ ભાગ કરતો નથી. પણ ઘરની અન્દરજ ભાવસાધુ જીવન સાધી, મરીને પાંચમાં દેવલોકમાં (બ્રહ્મદેવ લોકમાં) મહાન પ્રભાશાળી 'ઇન્દ્ર સામાનિક' દેવ થાય છે. *

દીક્ષાની વર્તમાન ચાલી રહેલી ધમાલ પર આવા મહાન્ આદર્શભૂત વૃતાન્તો બહુ ઉપયોગી થઇ પડે તેમ છે.

કોઇનું પણ કાર્ય યોગ્ય હોય તો યોગ્ય અને અયોગ્ય હોય તો અયોગ્ય કહેવાય. 'આર્ય રક્ષિત' ની ચોરી તે જૈન શાસ્ત્રે ચોરીજ કહી. આર્યરક્ષિત પોતે ઉમ્મર લાયક છે, લગભગ બાવીશ વર્ષની ઉમ્મર ધરાવે છે. ચાર વેદ અને ચૌદ વિદ્યા ભણી ઉતર્યા છે. વેદ-વેદાંગના મ્હોટા પંડિત બનેલ છે. એવા મ્હોટા પંડિત બનીને તેઓ જ્યારે પોતાના શહેરમાં આવે છે ત્યારે શહેરનો રાજા મ્હોટા સામૈયાના ઠાઠમાઠથી તેમને નગરમાં પ્રવેશ કરાવે છે. શહેરની જનતા તેમના માનમાં ઉભરાય છે. આમ રાજમાન્ય, પ્રજા માન્ય એ પંડિતવર્ય જ્યારે પોતાનાં માતાજીને પગે પડે છે ત્યારે માતાજીની પાસેથી તેમને એક જુદીજ પ્રેરણા મળે છે. માતાના ઉપદેશથી મહાન જૈન આગમ 'દૃષ્ટિવાદ', અધ્યયન કરવા તેઓ પ્રેરાય છે. માતા ઠેકાણું બતાવે છે ત્યાં-'તોસલિપુત્રાચાર્ય' ની પાસે તેઓ જાય છે 'દૃષ્ટિવાદ' ના અધ્યયન માટે 'આર્યરક્ષિત' દીક્ષા લેવા તૈયાર થાય છે. પણ તેઓ ગુરૂમહારાજને પોતાની પરિસ્થિતિ જણાવતાં કહે છે કે—

"મારા પર કૃપા કરી, વિહાર કરી અન્યત્ર જવાય અને અન્યત્ર દીક્ષા અપાય તો સારૂં. કેમકે આ સ્થાને રહેતાં મને એમ લાગે છે કે, રાજા અને પ્રજાનો મારા પર બહુ અનુરાગ હોઈ તેઓ કદાચ મારી દીક્ષા ભંગાવી પણ નાંખે. આમ, આર્યરક્ષિતનો ઉપરોધ થવાથી આચાર્ય મહારાજ સપરિવાર તે પંડિતજીને લઇ અન્યત્ર વિહાર કરી જાય છે અને પછી તેમને દીક્ષા આપે છે." ※

આમાં આપણે જોઇ શકયા છીએ કે, આર્યરક્ષિત પોતે પુખ્ત ઉમ્મરના છે. તેમનાં સમ્યકત્વધારિણી, મુમુક્ષુ, વિરક્ત માતાજીને તો પોતાના પુત્રની દીક્ષામાં હર્ષ હોયજ કંઇ વાંધો વચકો નથી. વાંધો માત્ર જે આર્યરક્ષિતે ઉપર બતાવ્યો કે રાજા--પ્રજાનો તેમની પર અનુરાગ હોઇ તેમના તરફથી કદાચ વિઘ્ન આવી પડે એજ. એટલે આ દીક્ષા એવી કઠોર કે આકરી નથી. આર્ય રક્ષિતના ગુરૂ પણ દૃષ્ટિવાદના પાઠી છે, મ્હોટા શ્રુતધર, ગીતાર્થ અને પૂર્વાભ્યાસી છે. તેમણે ધીમાશથી, સરલતાથી અને શાન્તિથી આર્ય રક્ષિતને દીક્ષા આપી છે. ફકત વાત એટલીજ કે, તેમને બીજે સ્થળે લઈ જઇને તેમના શહેરના રાજા-પ્રજાને ખબર ન પડે તેમ દીક્ષા આપી છે. આટલી બાબત પર પણ જૈન શાસ્ત્ર આ દીક્ષાને ખુલ્લા શબ્દોમાં 'ચોરી' કહે છે. મહાવીરના મહાન્ શાસનની કેટલી ઉજ્જવળ સંસ્કૃતિ! કેટલો ઉંચો આદર્શ! કેટલો શુદ્ધ માર્ગ અને કેટલી વ્યવહાર શુદ્ધિ?

આર્ય રક્ષિતની ઘટના પરથી જોઇ શકાય છે કે, સોળથી વધારે વર્ષની ઉમ્મરવાળાને પણ નસાડી-ભગાડીને કે છુપી રીતે દીક્ષા ન આપી શકાય. એવી દીક્ષા આપવામાં જૈન શાસ્ત્રની સખ્ત મનાઇ છે. એવી એવી દીક્ષાને જૈન શાસ્ત્ર 'ચોરી' કહે છે. કેટલાક આર્યરક્ષિતની ઉમ્મર સોળ વર્ષની અન્દરની ધારે છે. પણ તેમના પરિશિષ્ટપર્વમાં આપેલા ચરિત્ર-વર્ણનમાં તેમનું જે પાંડિત્ય વર્ણવ્યું છે અને રાજા

* આચાર્ય હેમચન્દ્રના 'પરિશિષ્ટપર્વ' ના પ્રથમ સર્ગના પર્યન્ત ભાગમાં.

※ જુઓ હેમચન્દ્રના પરિશિષ્ટપર્વમાં તેરમો સર્ગ અને ૭૮-૭૯-૮૦-૮૧ માં શ્લોકો.

પરીક્ષાઓના અભ્યાસક્રમમાં દાખલ કરવામાં આવેલ છે. જૈન તેમજ જૈનેતર બંધુઓમાં આ પુસ્તકનો ફેલાવો થવાની ખાસ જરૂર છે.

૩ **વિચાર સંસ્કૃતિ.** મુનિશ્રીએ સાંકડા વાડા, પર્યુષણા, સાચું સાહમ્મિયવચ્છલ, આસ્તિક નાસ્તિકતા, ઓઘો, ભગવાન મહાવીરસ્વામીનું એનેકાન્ત દર્શન આદિ વિષયો પર લખેલા લેખોનો સંગ્રહ સમાજમાં નવ જીવન રેડે એ રીતે કરાયો જણાય છે. કિંમત અમૂલ્ય.

૪ **વીર–વિભૂતિ:** પ્રભુ શ્રી મહાવીરના જીવન ઉપર ૨૭ શ્લોકો સંસ્કૃતમાં લખી ગુજરાતી ભાષાંતર સહિત મહાવીર ભગવાનના જીવનમાંથી કર્તવ્ય વિષયક બોધ-પાઠો સમજાવવા લખાયેલા છે. ભગવાનની બાલ્યાવસ્થાથી નિર્વાણ સુધી બનેલી ગૃહસ્થાશ્રમની ઘટનાઓ અને તે ઉપરથી તરી આવતો ઉપદેશ મનન કરવા યોગ્ય લાગે છે. કિંમત અમૂલ્ય.

**શ્રી કોરટાજી તીર્થકા ઇતિહાસ** ( સચિત્ર ) સંયોજક મુનિ શ્રી યતીન્દ્ર વિજયજી મહારાજ: પ્રકાશક શા. સાંકલચંદ, જવાનમલ અને હજારીમલ મુ. નોવી (મારવાડ) મૂલ્ય સદુપયોગ.

મારવાડમાં–એરનપુરા સ્ટેશનથી ૧૨ માઇલ દૂરી ઉપર આવેલ આ તીર્થની પ્રાચીન અને આર્વાચીન સ્થીતિ આપવામાં આવી છે. ઇતિહાસ પ્રેમીઓ માટે આ પુસ્તક ઉપયોગી ગણી શકાય.

**વિજય ધર્મસૂરિનાં વચનામૃતો.** સંગ્રાહક, શ્રી માવજી દામજી શાહ. ઘાટકોપર (મુંબઇ) મૂલ્ય ૦–૧–૦ ત્રીજી આવૃતિ. બ્રહ્મચર્યવ્રત ઉપરના વચનામૃતોનો રસાસ્વાદ સમાજ લે એમ ઇચ્છીએ.

**શ્રી આત્મ ચરિત્ર.** શ્રીમદ વિજયાનંદ સૂરિ–આત્મારામજી મહારાજનું જીવન ચરિત્ર શ્રી આત્માનંદ જૈન મહાસભા પંજાબ–અંબાલા તરફથી ઉર્દૂમાં છપાવી પ્રકટ કરવામાં આવેલ છે તે આવકારદાયકજ ગણાય; પરંતુ જે ધુરંધર મહાન્ પ્રભાવક આચાર્યનું જીવન જૈન સમાજને અનેક રીતે ઉપયોગી અને માર્ગ દર્શક છે તેને ઉર્દૂ ભાષામાં પ્રકટ કરવાથી સમાજનો મ્હોટો ભાગ તેના વાંચનના લાભથી વંચિત રહી જવા સંભવ છે. આ ચરિત્રને આત્માનંદ મહાસભા હિંદીમાં છપાવી પ્રકટ કરે એમ જરૂર ઇચ્છીએ.

**જૈનિયોંકી તરક્કી.** લેખક અને પ્રકાશક લક્ષ્મીલાલ સખલેચા, જાવદ (માળવા); કિંમત ચાર આના. હિંદી ભાષામાં જૈન સમાજની વર્તમાન પરિસ્થિતિનું સંક્ષેપમાં દિગ્દર્શન કરાવતાં તે સુધારવા પોતાના વિચારો રજુ કર્યા છે. કેળવણીને ઉત્તેજન આપી વ્યવહારિક રિવાજોમાં ફેરફાર કરવા સૂચનાઓ કરી છે. પ્રયાસ ઉત્તેજનાને પાત્ર છે.

**'પ્રબુદ્ધ જૈન'**—શ્રી મુંબઇ જૈન યુવક સંઘનું સાપ્તાહિક મુખપત્ર તંત્રી શ્રી ઉમેદચંદ દો. બરોડીઆ, સહતંત્રી શ્રી હરિલાલ શિવલાલ શાહ. વાર્ષિક લવાજમ રૂા. ૨–૮–૦ ઠે. ૨૬–૩૦ ધનજી સ્ટ્રીટ. શ્રી મુબંઇ જૈન યુવક સંઘ પત્રિકા સાપ્તાહિક સ્વરૂપે પ્રથમ પ્રસિદ્ધ થતી હતી તેને બંધકરવાની આવશ્યક્તા યુવક સંઘને જણાઇ હોય એમ લાગે છે. નૂતન યુગની ભાવનાઓને પોષવાની અને એ રીતે સમાજ ધર્મ અને રાષ્ટ્રની સેવા કરવાના મનોરથો આ નવિન સ્વરૂપે પ્રકટ થયેલ સાપ્તાહિક દ્વારા સફળ થાય એમ ઇચ્છીએ. હસ્તગત થએલો અંકો ઉજ્જવલ ભાવિ સૂચવે છે. દિવસાનુદિવસ લેખ અને વિચારમાલા સમાજને વ્યવસ્થિત રીતે પુનઃ રચના તરફ પ્રેરે એજ ભાવના. (અનુસધાન પૃ. ૧૭૧ ઉપર)

# કાર્યવાહી સમિતિની બેઠક.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સની કાર્યવાહી સમિતિની એક બેઠક તા. ૧૨–૧૧–૩૧ ગુરૂવારના રોજ રાતના સંસ્થાની ઓફીસમાં શ્રી મકનજી જે. મ્હેતા બાર–એટ–લૉ ના પ્રમુખપણા નીચે મલી હતી જે વખતે નીચે મુજબ કામકાજ થયું હતું.

સ્વદેશી પ્રચાર સમિતિનો રિપોર્ટ તથા હિસાબ મંજૂર રાખવામાં આવ્યા અને સદરહુ સમિતિની સેવાની નોંધ લેતાં તેનો આભાર માનવા ઠરાવવામાં આવ્યું.

હિંદુસ્તાનના ઇતિહાસમાં જૈન ધર્મ સંબંધી ગેરસંમજ ઉભી કરે તેવી હકીકતો તરફ ધ્યાન ખેંચનારો શ્રી બાલચંદ હીરાચંદનો પત્ર રજુ થતાં ચર્ચાને અંતે તે સંબંધે યોગ્ય કરવા રે. જ. સેક્રેટરીઓને સત્તા આપવામાં આવી.

સંસ્થાનો ગત બે વર્ષનો કામકાજનો રિપોર્ટ મંજૂર કરવામાં આવ્યો તથા સં. ૧૯૮૭ નો હિસાબ અને સરવાયા રજુ થતાં તેની નોંધ લેવામાં આવી.

કૉન્ફરન્સની પરિસ્થિતિ વિચારતાં ફંડ એકત્રિત કરવા નિમ્ન લિખિત સભ્યોની કમિટી નિમવામાં આવી.

શેઠ રવજી સોજપાલ, શેઠ મોતીચંદ ગિરધરલાલ, શેઠ લલુભાઇ કરમચંદ, શેઠ ચીનુભાઇ લાલભાઈ, શેઠ મોહનલાલ હેમચંદ, શેઠ મગનલાલ મૂલચંદ, શેઠ કાનજી રવજી, શેઠ મણીલાલ મોકમચંદ, શેઠ મેઘજી સોજપાલ, શેઠ સકરચંદ મોતીલાલ મુલજી અને શેઠ રણછોડભાઇ રાયચંદ તથા શેઠ મોહનલાલ બી. ઝવેરી. ( મહામંત્રીઓ )

**ઑલ ઇન્ડીઆ સ્ટેન્ડીંગ કમિટીની એક બેઠક આવતા ક્રીસ્ટમસના તહેવારો દરમ્યાન તા. ૨૬–૨૭ ડીસેંબર, શનિ તથા રવિવારના દિવસોએ મુંબઇમાં મેળવવા નિર્ણય કરવામાં આવ્યો.**

–પ્રજા તરફથી તેમનો જે માન સત્કાર વર્ણવ્યો છે તે પરથી કોઇ પણ વિચારક તેમને સોળ વર્ષની અન્દરના કહી શકે એ સંભવિત નથી. ઉપરાંત, સુમતિ ગણિની 'ગણધર સાર્ધશતક' ની બ્રહદ્વૃત્તિમાં આર્યરક્ષિતનો ગૃહસ્થ પર્યાય ૨૨ વર્ષનો બતાવ્યો છે. એ સિવાય બીજે પણ તેવો ઉલ્લેખ મળે છે. એટલે એ વાત પ્રમાણસિદ્ધ છે કે કોઇને પણ ચોરી-છુપીથી દીક્ષા અપાયજ નહિ; માતા પિતા કે વડીલની સમ્મતિ પૂર્વક અપાય.

—ન્યાયવિજય.

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay 3.

તારનું સરનામું:-'હિંદસંઘ' 'HINDSANGH'	Regd. No. B 1996.

॥ नमो तित्थस्स ॥

# જૈન યુગ.

# The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.

વાર્ષિક લવાજમ રૂપીઆ બે.

તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ.
[મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.]

છુટક નકલ દોઢ આનો.

વર્ષ જુનું ૬ ઠું. નવું ૧ લું.

તા. ૧ લી ડીસેમ્બર ૧૯૩૧.

અંક ૨૩ મો.

# ઑલ ઇન્ડીયા સ્ટેન્ડીંગ કમિટીની આગામી બેઠક.

## વિચારવા યોગ્ય પ્રશ્નો.

જૂન્નર અધિવેશન વખતે સુધરાએલાં બંધારણ અનુસાર અખિલ હિંદની સર્વમાન્ય જૈન મહાસંસ્થાની સ્થાયી સમિતિની પ્રથમ બેઠક ચાલુ માસમાં એટલે ડીસેંબરની તા. ૨૬-૨૭ મી શનિ-રવિવારના દિવસોએ મુંબઇમાં મળવાનો નિર્ણય મહા મંત્રીઓએ જાહેર કર્યો છે તેવે વખતે સમાજ અને સંસ્થાને ઉપયોગી થઇ પડે એવા પ્રશ્નોની ચર્ચા થવી અતિ આવશ્યક છે. આવી ચર્ચાઓ અને તે દ્વારા સૂચવાતા વિચારોપર મળનારી સમિતિ પુખ્તપણે વિચાર કરે એ પણ તેટલુંજ આવશ્યક છે, અનિવાર્ય છે અને મહત્વનું પણ છે. આજે સમાજની દશા વિચારતાં અનેક પ્રશ્નો દૃષ્ટિ સમીપ ઉદ્ભવે તેમ છે અને સમાજના જોખમદાર આગેવાનો સંસ્થાઓના સંચાલકો તે પ્રત્યે જરાપણ દુર્લક્ષ કરે તો જૈન સમાજનું ડગમગતું નાવ કયે ખરાબે અથડાશે તેની આગાહી ખરેખર ભયંકર છે. ઉદાસીનતા-યા તો થાય તેમ થવા દેવાની પદ્ધતિને તિલાંજલિ આપવી ઘટે અથવા તો વધારે ભારપૂર્વક કહેવામાં આવે તો હવે દરેક સમાજ હિતચિંતક આગેવાન, વિચારક બંધુઓ ચાહે વૃદ્ધ યા યુવાન હો, ચાહે સમયજ્ઞ યા સ્થિતિચુસ્ત હો-ગમે તે હો, પણ તે દરેકે કમરકસી સમગ્ર સમાજના હિતની દૃષ્ટિએ કાર્ય સાધક-રચનાત્મક પદ્ધતિએ હવે કાર્ય ઉપાડી લેવાનો સમય આવી લાગ્યો છે એમાં બે મત કદાપિ ન હોઇ શકે.

સમાજની અંતર્ગત થએલા સડાઓ, વ્યાપી ગએલા કલેશાગ્નિની ભભુકતી જ્વાલાઓનો ભોગ સમાજ થઇ રહ્યો છે તે સમયે વિવેક દૃષ્ટિએ તે તે બાબતોનો વિચાર થવો ઇષ્ટ છે. વિઘાતક પદ્ધતિ નાશનેજ નોતરનારી છે એ વાત સર્વ-માન્ય છે છતાં ભભુકતી જ્વાલાઓને વિશેષ પ્રકારે પ્રસરાવવા અનેક દિશાએથી પ્રયત્નો થયા કરે છે અને તેમ કરનારાઓ એવો ખુલ્લો દંભ સેવી રહ્યા હોય છે કે અમારી પ્રવૃત્તિ સમાજ હિતાર્થે-ધર્મ સંસ્થાપના માટે ચાલી રહી છે! પછી ભલે તે સમાજનું સત્યાનાશ વાળનારી હો! આવા દંભીઓના દિમાગના દોર ગમે તે દિશાએ ચાલી રહ્યા હોય છતાં તે હિતાવહ નથી બલ્કે કુસંપ અને વેર ઝેર વધારનારા છે એમ ભવિષ્ય તેમને અચુક શિખવશે. જેઓ આ પદ્ધતિ સ્વીકારનારા નથી તેઓની ખુલ્લી ફરજ છે કે તેમને યોગ્ય દિશાએ દોરવા પ્રયત્ન કરવો અને લેશ પણ ઉશ્કેરાયા વગર હિતબુદ્ધિએ કરવો.

**અધિવેશનની જરૂર**-પ્રથમ દૃષ્ટિએ વિચારતાં મળનારી સમિતિ બંધારણ પુરઃસર અધિવેશન અંગે શું કરી શકે એ પ્રશ્ન ઉદ્ભવે છે. આ બાબતમાં બંધારણની કલમ ૩ જી સ્પષ્ટ નિર્દેશ કરે છે અને તે મુજબ અનુકુળ તીર્થસ્થળ અથવા મુંબઇ આ બે સ્થાનોમાંથી ગમે તે સ્થળની પસંદગી થાય. આવી પસંદગી કરતાં એકજ વિચાર કરવાનો રહે કે અધિ-વેશન મળવાથી સમાજને લાભ થઇ શકશે કે કેમ? આ મુદ્દાનો નિર્ણય જેટલો સહેલો છે તેટલોજ મુશ્કેલ પણ છે. છતાં તેનો તોડ અવશ્ય કાઢવો પડશે. કૉન્ફરન્સની બેઠક મેળવવાનો નિર્ણય વહેલો અગર મોડો કરવો પડશેજ અને તે વિના સમાજને મુંઝવતા અનેક પ્રશ્નોનું નિરાકરણ થવું અશક્ય છે. વ્યાપી ગએલું વાતાવરણ સુધારવાનો પણ તે એકજ ઉપાય છે. પરંતુ તેની પાછળ આગેવાનો અને અન્ય બંધુઓએ ખુબ ભોગ આપવો પડશે, વાતાવરણ ઉભું કરવું પડશે, અનેક ગણું પ્રચારકાર્ય પણ કરવું પડશે, અને જો તેમ બને તોજ અધિવેશનની સફળતા થાય. અધિવેશનની જરૂરી-આત સ્વીકાર્ય છે છતાં તેની પાછળ ભોગ પ્રવાસ અને પ્રચારની પણ જરૂર છે. અધિવેશન મેળવવાનું કદાચ અશક્ય

(અનુસંધાન પૃષ્ઠ ૧૮૨ ઉપર)

**उदधाविव सर्वसिन्धवः, समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः ।**
**न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥**
**-श्री सिद्धसेन दिवाकर.**

અર્થઃ—સાગરમાં જેમ સર્વ સરિતાઓ સમાય છે તેમ હે નાથ! તારામાં સર્વ દૃષ્ટિઓ સમાય છે; પણ જેમ પૃથક્ પૃથક્ સરિતાઓમાં સાગર નથી દેખાતો તેમ પૃથક્ પૃથક્ દૃષ્ટિમાં તારૂં દર્શન થતું નથી.

સરિતા સહુ જેમ સાગરે, તુજમાં નાથ! સમાય દૃષ્ટિઓ;
જયમ સાગર ભિન્ન સિન્ધુમાં, ન જણાયે તું વિભક્ત દૃષ્ટિમાં.

જૈન યુગ.
તા. ૧-૧૨-૩૧ મંગળવાર.

# સ્વ. વાડીલાલ મોતીલાલ શાહ.

જાણીતા પત્રકાર, પ્રસિદ્ધ લેખક, વક્તા સુધારક અને વિચારક '**વા. મો. શા**'ના નામથી જૈન આલમ અજાણી નથી. તેમના પિતાએ 'જૈન હિતેચ્છુ' નામનું નાનું માસિક કાઢયું અને તે પોતે પોતાના હાથમાં લઇ ધીમે ધીમે દળદાર કરતા જઇ તેમાં અવનવા સખત ટીકા કરતા અને નવિન વિચારબળ પ્રેરતા લેખો લખી પોતાના સ્થાનકવાસી સંપ્રદાયમાં સ્વાભિમાનવાળું ચેતન આણ્યું એમાં કોઇપણ બેમત થશે નહિ. એ ઉપરાંત 'જૈન સમાચાર' નામનું સાપ્તાહિક પત્ર પોતાના સ્થાનકવાસી સંપ્રદાય માટે પ્રથમ કાઢનાર અને કેટલાંક વર્ષ સુધી ચલાવનાર તેઓ હતા. તેમાં અમુક 'ટ્રસ્ટ'ના નાણાં બરબાદ જતા હતા એ બાબત કડક ટીકા અને આક્ષેપાત્મક લખાણ આવતાં તેના પરિણામ તરીકે 'જેલ-યાત્રા' પણ તેમણે વ્હોરી હતી.

ત્યારપછી પોતે પત્રકાર તરીકેની કારકીર્દિ તદ્દન નહિ પણ મોટે અંશે ત્યાગી એક વ્યાપારી બન્યા અને તેમાં સારા પૈસા પ્રાપ્ત કર્યા. તેમાંથી 'જૈન હિતેચ્છુ' વધુ દળદાર કરેલા પત્રમાં અનેક વિધ ફિલસુફી, સમાજ, સંપ્રદાય, સુધારા અને કુપ્રથાઓ સામે સખ્ત વિરોધ સંબંધી પોતાની અનોખી શૈલીમાં સાદા સરલ પણ સચોટ અને ધાર્યો ઘા આબાદ કરનારા મર્મભેદી શબ્દોવાળા લખાણોથી એક સિદ્ધહસ્ત લેખક તરીકેની પોતાની પ્રતિષ્ઠા સિદ્ધ કરી છે. જર્મન ફિલસુફ 'નિત્શે'નાં પુસ્તકો વાંચ્યા પછી તે પ્રત્યે તે ભારે ઢળ્યા હતા અને Will to power વિજીગિષા'માં મહાભારત શ્રદ્ધા રાખનાર થયા હતા. તે ફિલસુફીની અસર તો તેમના ત્યાર પછીના સમસ્ત જીવન પર છવાઇ હતી. પોતાને બ્યાપારમાં મળેલાં દ્રવ્યમાંથી તેમજ જૈન આલમમાંથી અનેક મિત્રો અને પ્રશંસકો પાસેથી સહાય મેળવી 'સંયુક્ત જૈન વિદ્યાર્થી ગૃહ' તેમણે મુંબઇમાં ઉઘાડયું હતું કે જે સંબંધી ત્યારપછી અનેક વાવાઝોડાં પસાર થઇ ગયાં અને તે ગૃહને ધારેલે ધ્યેયે પોતે લઇ જઇ ન શક્યા પણ છતાંએ હાલપણ તે 'ગૃહ' ચાલુ રહેલું છે.

તેમણે અનેક ગ્રંથો રચી પ્રકટ કર્યા છેઃ—પોતાના 'જૈન સમાચાર'માં પોતાના પ્રકટ કરેલા કેટલાક લેખોને સંસ્કારી 'જૈન સમાચારગદ્યાવલી,' 'અમૃતલાલ શેઠનું અડવાંડીઉં,' 'Political Gita' 'મસ્ત વિલાસ' 'દીક્ષા' વિગેરે. તદુપરાંત 'મુંબઇ સમાચાર' આદિ પત્રોમાં 'મુંઝાઇ પડેલી દુનિયા' નામનો વિષય રાખી લેખ માળા, અને બીજા લેખો પ્રકટ થયા છે. એકવડીઆ શરીરમાં સિનેમાની ફિલ્મ પેઠે અસાધારણ વેગથી ચાલતા વિચારપ્રવાહવાળું મગજ અનેક વ્યવસાય અને ફિકરમાં પસાર થતું જોવાતું ત્યારે તે પોતાનું જીવન કેમ નભાવી શકે છે એ આશ્ચર્યજનક લાગતું, પરંતુ તેનામાં ઇચ્છાશકિતની માત્રા ઘણી હતી તેજ તે જીવનને ટકાવી રહેલ હશે એમ મારો મત છે. તેનામાં અનેક ગુણો હતા. ટીકા કરતાં પોતાના મિત્ર કે પ્રશંસકને પણ છોડતા નહિ. ટીકાની કડકાઇથી અનેક શત્રુઓ ઉભા કરતા છતાંયે તેઓ પોતાને ત્યાં આવતાં તેમના પ્રત્યે ઘણો સદ્‌ભાવ બતાવતા. આત્મભોગી નિડર અને ભાવનાવાદી હતા. કોઇ કોઇ વખત તો આવેશ અને આવેગમાં આવી એક તરફી પ્રલોભકોને વશ થઇ કોઇને સર્વથા વખોડી નાંખવામાં પ્રેરાતા અને તેથી કલમ બાજુથી અન્યાય પણ કરી નાંખતા. આનું જ્વલંત ઉદાહરણ 'કેશરીયાજીનો હત્યાકાંડ' એ બ્નતના મથાળા નીચે ચાલુ પત્રોમાં પ્રકટ થયેલી તેમની લેખમાળા છે. એ સંબંધે લવાદ તરીકે કાર્ય કરી સમાધાનમાં અગ્રભાગ લીધો હત તો દિગંબર-શ્વેતાંબર મૂર્તિપૂજક બંને સંપ્રદાયમાં શાંતિ પથરાવી શક્યા હોત, તેમની મહત્વાકાંક્ષા જબરી હતી-પોતાની વિચાર શકિત માટે અસાધારણ અભિમાન હતું-ગમે તેમ, તે એક સમર્થ વ્યકિત હતીઃ અને તે આ માસની એકવીસમી-એ ૫૩ વર્ષની વયે દેહત્યાગ કરી આપણી મધ્યમાંથી વહી ગઇ છે. તેમના આત્માને સંપૂર્ણ શાંતિ મળે અને તેમના જે ગુણો હતા તે ગુણો પ્રત્યે અનુરાગ રાખી તેમના 'સ્મારક'માં સર્વ કોઇ પ્રશંસક પોતાની 'અંજલિ' યથાશકિત અને યથામતિ આપે એમ હૃદયપૂર્વક હું ઇચ્છું છું. પોતે એક પત્રકાર તરીકેજ જીવન પર્યંત રહ્યા હોત, અને દ્રવ્યની વિશેષ અપેક્ષા રાખી ન હત, વળી સમાજ તેમની શકિત અને બુધ્ધિનો સદુપયોગ થવામાં પૂર્ણ કાળજીવાળી રહી હોત તો તેમની પાસેથી સમાજ ઘણું ઘણું-યોગક્ષેમ, હિત અને પ્રગતિનું તત્વ પ્રાપ્ત કરી શકી હત. તેમનું સૌથી સારૂં સ્મારક તો તેમના વિચાર પ્રેરક હિતકારી ભવ્ય લેખોની જૈન હિતેચ્છુ, જૈન સમાચારમાંથી અને બીજા પત્રોમાંથી ચુંટણી કરી પુસ્તકાકારે પ્રકટ કરવામાં પરિણમે તો સમાજને તે વધુ ઉપયોગી થઇ શકશે.

**—મોહનલાલ દ. દેશાઇ.**

## — સૂચના. —

વડોદરા રાજ્ય તરફથી પ્રસિદ્ધ થયેલ સન્યાસ દીક્ષા-પ્રતિબંધક નિબંધ પર અભિપ્રાયો સ્વીકારવાની મુદત તા. ૧૫ ડિસેંબર સુધી વધારવામાં આવી છે. જેઓએ પોતાના અભિપ્રાયો મોકલ્યા ન હોય તેમને વિજ્ઞપ્તિ કરવામાં આવે છે કે કૉન્ફરન્સની કા. સમિતિ તરફથી મોકલાયેલ અભિપ્રાયના સમર્થનમાં પોતાના અભિપ્રાયો સત્વરે ન્યાયમંત્રી વડોદરા તરફ મોકલી આપવા.

# શેઠ જીવનલાલ અને જૈન વાંચનમાળા.

'આજે ઘણાં વર્ષોથી જૈન સમાજમાં નીતિ અને ધર્મનું શિક્ષણ પૂરૂં પાડે તેવાં પાઠય પુસ્તકોની આવશ્યકતા સ્વીકારાએલી છે, પરંતુ હજુ સુધી એ કાર્ય જેવું જોઇએ તેવું થયું નથી. મારી શક્તિ અનુસાર દ્રવ્ય ખર્ચી હું એ પુસ્તકો તૈયાર કરાવવા ઇચ્છું છું.' આવાં પ્રારંભિક વચનોથી શેઠ જીવનલાલે કરેલી 'સાક્ષરોને વિનતિ' ગત અંકમાં પ્રસિદ્ધ થઇ છે, આવાં પુસ્તકોની યોજના પાર પાડવા માટે દ્રવ્ય, સાધન અને સંજોગો વિશેષ પ્રમાણમાં જોઇએ અને તે પૈકી દ્રવ્યની આનુકૂળતા યથાશક્તિ કરી આપવા માટે શેઠ જીવનલાલ જેવા ધનપતિ બહાર પડેલ છે એ સમાજ માટે સૌભાગ્યનો વિષય છે. અત્યાર સુધી જૈન વાંચનમાળા હાલની શિક્ષણ પદ્ધતિને અનુકૂળ રચાય અને તેમાં નીતિ અને ધર્મનું શિક્ષણ આપતા પાઠો-વિષયો આવે એ માટે અનેક વખત વિચારો જૈન એજ્યુકેશન બોર્ડે તેમજ તેના સભ્યોએ કર્યા છે અને તેને માટે ઇનામો પણ કાઢયાં છે. પહેલાં પ્રથમ સ્વ. ગોવિંદજી મુલજી મહેપાણીએ અનેક વિદ્વાનોના અભિપ્રાયો મંગાવી તેના સારનું દોહન કરી જૈન શ્વે. કૉન્ફરન્સ હેરલ્ડ નામના શ્રીમતિ કૉન્ફરન્સના મુખપત્રમાં પ્રગટ કર્યા હતા. આ સંબંધી મેં લખેલો એક લાંબો લેખ જૈન મહિલા સમાજના સં. ૧૯૭૩ ના દીવાળીના અંકમાં પ્રગટ થયો છે. જૈન એ૦ બોર્ડની યોજના એ હતી કે આવી વાંચનમાળા તૈયાર થાય તો તેને સમસ્ત ભારતની જૈન ધાર્મિક શાળાઓમાં ટેક્ષ્ટબુક તરીકે ચલાવી શકાય, પણ તે યોજના પાર પાડવા માટે જેટલું ધન જોઇએ તેટલું પોતાની પાસે ન હોવાથી નાનાં ઇનામો કાઢી સંતોષ માનવો પડ્યો. તેવાં ઇનામો પ્રત્યે સમર્થ વ્યક્તિઓનું આકર્ષણ થયું નહિ; વળી ઉત્તમ વાંચનમાળા વિદ્વાનોની સમિતિ દ્વારા ઉત્પન્ન કરી શકાય એમ સમજવા છતાં દ્રવ્યાભાવે તેવી સમિતિ નીમી શકાઇ નહિ. પરિણામે જેને ઠીક લાગે તેવા-દા૦ ત૦ મહેસાણાના શ્રે૦ મંડળ તરફથી, અને બીજના જૈન વાંચનમાળા માટેના પ્રયત્નો થયા છે, ને તે સફલતા પામ્યા નથી.

બાબુ સાહેબે જે સૂચનાઓ માટે સાક્ષરોને વિનતિ કરી છે તે સંપૂર્ણપણે મેળવી ન શકાય, કારણ કે જ્યાં સુધી પોતે એકંદર બાર વિભાગોમાં કરવા ધારેલી આ ગ્રંથમાલાની યોજના બહાર ન પાડે ત્યાં સુધી કોઇપણ સાક્ષર ખાસ અને ઉપયોગી થઇ પડે એવી સૂચના કરવા શક્તિમાન ન થઇ શકે. બાર વિભાગો એટલે બાર ધોરણો માટેના વિભાગો છે? ને તે બાર ધોરણોમાં કેટલાં દેશી અને કેટલાં અંગ્રેજી ધોરણો છે? 'ન્યાય, નીતિ, તત્ત્વજ્ઞાન, મહાપુરૂષોનાં જીવન ચરિત્રો, ઐ૦ હકીકતો, ક્રિયાકાંડ અને તેના હેતુઓ વગેરે વિષયોની ગુંથણીનું કાર્ય' જેને સોંપવામાં આવ્યું છે તેણે તે ગુંથણી કરી આપી છે કે નહિ? કરી આપી હોય તો તે શું છે? અને ન કરી હોય તો હજી તે કરવાનું બાકી છે? જો બાકી હોય તો તે કરીને જ્યાં સુધી બહાર ન મૂકાય ત્યાં સુધી તેના સંબંધી શું કહેવાય? અથવા તો તેવી ગુંથણી સાક્ષરો પાસેથી સૂચનાઓ મેળવીને કરવાની રહે છે? તજ્જ્ઞો પાસેથી સૂચનાઓજ માંગવી છે કે કાર્ય પણ કરાવવાનું છે? કે એકજ પાસેથી કાર્ય લેવાનું છે?

એ વાત સ્વીકાર્ય છે કે 'ફરી ફરીને આવાં પાઠય પુસ્તકો યોજાતાં નથી' તો તે માટે ને સૌથી સરસ રીતે કાર્ય થઇ શકે તેવી યોજના કરીને પાર પાડવાની જરૂર છે. ભાર મૂકીને અત્ર કહેવાનું ઉચિત છે કે આ ચિરકાલને માટે તૈયાર કરવાનાં પુસ્તકો એ એક કે બે ચારથી યથાર્થ રીતે -ધારેલું ધ્યેય પાર પાડી શકે એ રીતે થઇ શકે તેમ નથી. તે માટે તો એક સમિતિ નીમી ને દ્વારાજ કાર્ય થઇ શકે, અને જે વિદ્વાનો પૂરો કે નામનો બદલો લઇ કાર્ય કરી શકે તેનો અને જેઓ નિઃસ્પૃહપણે સહાય આપે ને કાર્ય કરી આપે તે સર્વેનો સહકાર સાધવો પડશે. આવો સહકાર માત્ર પત્રવ્યવહાર દ્વારા કે સૂચનાઓ દ્વારા મેળવી નહિ શકાય. વિષયોના ભાગ પાડી દરેક વિષયમાં તજ્જ્ઞ-નિષ્ણાત વિદ્વાનને તે વિષય સોંપવો પડશે અને દરેક વિષય પર લખાયેલ અભ્યાસ પાઠો-બોધ પાઠો કે લખાણને આખી સમિતિએ ભેગી મળીને પસાર કરવું પડશે. થોડા વર્ષોપરજ સરકારે પણ લગભગ આવાજ ધોરણ પર કાર્ય લઇ નવી ગૂજરાતી વાંચનમાળા 'ટેક્ષ્ટ રીવિઝન કમિટી' નીમી તે દ્વારા તૈયાર કરાવી છે. નીચા ધોરણમાં ભાષાની ને વિષયની સરલતા રહે ઉપરનામાં વધુ વધુ કઠિણતા આવતી રહે એ કાર્ય પણ ધારી શૈલીથી લખનાર એક લેખક કરી ન શકે. વળી આ કાર્ય ગૂજરાતી ભાષામાં અનુભવવાળા અને સારી શૈલીથી લખનારા લેખકો અને તે તે વિષયના નિષ્ણાત જનોનેજ સોંપાય તોજ ચિરકાલ સુધી સ્થાયી કાર્ય થઇ શકે કેટલા પ્રયત્નો થયા તેમાંથી શું ગ્રાહ્ય છે અને શું અગ્રાહ્ય છે, તેની સફલતાના અંશો વગેરે પર કોઈ વખત ચર્ચા કરીશું. હાલ તો ઉપરની સૂચના કરી વિરમવામાં આવે છે.

**— મોહનલાલ દ. દેશાઇ.**

## કૉન્ફરન્સ નિભાવ ફંડ—

તા. ૧૨-૧૧-૩૧ ના દિને મળેલી કાર્યવાહી સમિતિની બેઠક વખતે કૉન્ફરન્સ નિભાવ ફંડ એકત્રિત કરવા એક પેટા-સમિતિ નિમવામાં આવી હોવાની ખબર ગતાંકમાં પ્રકટ થઇ છે. આ સમિતિના પ્રથમ પ્રયાસ તરીકે નીચેની રકમો મજકુર ફંડમાં ભરવામાં આવી છે.

**૨૫૦૧) રા. સા. શેઠ રવજી સોજપાલ.**

**૨૦૦૧) શેઠ રણછોડભાઇ રાયચંદ ઝવેરી.**

વિશેષ ફંડ એકત્રિત કરવાની પ્રવૃત્તિ ચાલુ છે.

**—પરિષદ્ કાર્યાલય.**

## સ્ટેન્ડીંગ કમિટીના સભ્યો પ્રત્યે.

કૉન્ફરન્સના બંધારણ અનુસાર ચાલુ સાલ સંવત ૧૯૮૮ નો આપનો શ્રી સુકૃત ભંડાર ફંડનો ફાળો-ઓછામાં ઓછા-રૂપીઆ ૫) તુરત મોકલી આપવા વિનતિ છે.

કાર્યવાહી સમિતિના ઠરાવ અનુસાર આ ફાળો વર્ષ શરૂ થતાં ચાર માસમાં દરેક સભાસદે ભરી આપવો જોઇએ એ જરૂરી છે. આશા છે કે આપનો ફાળો તુરતજ મોકલી આપવા ગોઠવણ કરશો.

**રણછોડભાઇ રાયચંદ ઝવેરી.**

**મોહનલાલ ભગવાનદાસ ઝવેરી.**

સ્થાનિક મહામંત્રીઓ.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.

# સતી નંદયંતી

ત્રિઅંકી નાટક.

— લેખક —
ધીરજલાલ ટી. શાહ.

— પાત્ર પરિચય —

સાગરપોત: પોતનપુર બંદરનો ધનાઢ્ય વપારી
સમુદ્રદત્ત: સાગરપોતનો પુત્ર
સહદેવ: સમુદ્રદત્તનો મિત્ર
સુરપાળ: સમુદ્રદત્તનો વફાદાર નોકર
પદ્મસિંહ: ભ્રગુપુરનો રાજા
કુલપતિ: સેવાશ્રમના આચાર્ય
લક્ષ્મી: સમુદ્રદત્તની માતા
નંદયંતી: સમુદ્રદત્તની પત્ની
મનોરમા: સહદેવની પત્ની અને નંદયંતીની સખી
સુમતિ: સેવાશ્રમની સાધ્વી
ઉપરાંત ભીલો, પરિજનો, સારથી, અધ્યાપક અને વિદ્યાર્થીઓ.

( ગતાંકથી ચાલુ )

## પ્રવેશ છઠ્ઠો.

( ભરવાડના નેહડા બહાર ખાટલા પર બેઠેલી નંદયંતી સમય પ્રાતઃકાળ. )

નંદયંતી૦ ( સ્વગત ) ખરેખર આ પર્વતવાસીઓમાં જેટલી આતિથ્યની ભાવના છે તે શહેરોમાં શોધી ક્યાં જડે છે! નિઃસ્વાર્થ ભરવાડણો મારી સેવા ચાકરી કરવામાં પાછી પડી નથી. દિવસભરના પરિશ્રમથી જે કાંઇ મળે તેથી સંતુષ્ટ થાય છે. એમને ગમે તેમ લક્ષ્મી લુંટીને ભોગ ભોગવવાના મનોરથ નથી! કેવું સુંદર જીવન? શું આ બધો અનુભવ કરવા તો કુદરતે આ પ્રસંગ ઉભો નહિ કર્યો હોય.

( એક ભરવાડહાની છોકરી આવે છે. )

ગંગા૦ બેન! બેઠાં બેઠાં શું વિચાર કરો છો?

નંદયંતી૦ ( વ્હાલ કરીને ) ગંગા તમે બધાએ હદ કરી છે! હું ગમે ત્યાં જઇશ પણ આ દિવસો નહિ ભૂલું?

ગંગા૦ તમે હવે ક્યાં જવાના છો? હવે તો તમારે અહિંજ રહેવાનું-આપણે સાથે રહીને ખુબ મજા કરીશું. જંગલમાં ફલ-ફુલ લેવા સાથે જઇશું-ઘેટાં ચરાવવા પણ સાથે જઇશું. તમને અહિ શું ઓછું પડે છે તે બીજે જવાનો વિચાર કરો છો?

નંદયંતી૦ અહિં ઓછું શું પડે! પણ મારૂં વતન મને સાંભરે છે! મારા સ્નેહીજનો મને યાદ આવે છે!

ગંગા૦ તો શું તમે જશોજ!

નંદયંતી૦ હા બ્હેન! હવે બીજાઓને પણ મળી લઉં.

( થોડા ભરવાડ ને ભરવાડણો દાખલ થાય છે.)

નંદયંતી૦ ભાઇઓ! હવે હું રજા લઇશ-બ્હેનો તમારી મહેમાનગત કદી નહિ વિસરૂં. તમે મને જીવતદાન દીધું છે.

ભરવા૦ બેન! થોડા દિવસ અહિં રહો-પછી સુખેથી જજો.

નંદયંતી૦ હવે ઘણા દિવસ થયા. મારૂં શરીર પણ તદ્દન સારૂં થયું છે-મારૂં મન વતનમાં જવા તલસે છે.

ભરવા૦ તો એક આદમી તૈયાર થાવ ને ઠેઠ રેવાજીના કિનારા સુધી મૂકી આવો.

૧ ભરવાડ૦ હું જઇશ-પણ આવા અજડ માર્ગમાં તમે એકલા ક્યાં જશો?

નંદયંતી૦ ભાઇ ગમે તેવો માર્ગ હશે પણ તેને કાપ્યા વિના છુટકો નથી. લ્યો બ્હેનો! ભાઇઓ! તમારી રજા લઉં છું ભગવાન તમારૂં ભલું કરજો.

( નંદયંતી ચાલે છે-પગ ઉપડતા નથી ભરવાડ તથા ભરવાડણો ને છોકરાં પાછળ આવે છે

નંદયંતી૦ હવે ઉભા રહો તમે-ઘણે દૂર આવ્યા.

સહુ૦ આવજો બેન-ભગવાન તમને હીમખીમ રાખે.

( એક ભરવાડને નંદયંતી ચાલે છે. )

નંદયંતી૦ ભાઇ રેવાજી તો આ આવી. હવે ઉભા રહો. આના કિનારે કિનારે હું જઇશ

ભરવાડ૦ રસ્તો ભારે કઢંગો છે. અહિં એકલાં મૂકતાં મારૂં મન માનતું નથી. ખડક પર ચઢીને ઉતરીને ચાલવાનું. નીચે હમહમાટ કરતી રેવા-ઉપર આ જંગલ તેમાં વળી ભીલોનો ભય.

નંદયંતી૦ ભગવાન મારો રખેવાલ છે. આપણી ચિંતા કરી શું કામ લાગે છે? તમે જાવ.

ભરવાડ૦ બેન! કો તો આઘેરે સુધી આવું.

નંદયંતી૦ ના ભાઈ! મેં તમને ઘણી તસ્દી આપી છે. હવે હું એકલી જઇશ.

ભરવાડ૦ લ્યો બેન આવજો! અને અમને કોકદિ સંભારજો.

( જાય છે. )

નંદયંતી૦ પ્રભુ મને એવી તક આપો કે આ ઉપકારનો બદલો વાળી શકુ. ( નર્મદા કિનારે ચાલે છે. )

નંદયંતી૦ નર્મદાને જોઇને.

( શાર્દૂલ વિક્રિડિત )

આવે છે પૂર યૌવને મલકતી શ્યામા મનોહારિણી,
ગાતી ગીત રસાળ નૃત્ય કરતી દિવ્ય દ્યુતિ ધારિણી,
ભેદી ભીષણ કાનનો ગિરિ ગૂહા દોડે અતિ વેગથી,
પ્રેમે પ્રીતમ ભેટવા વિરહી જે શું આમ રેવા જતી?

હા મને પણ પતિને મળવાનો કેટલો ઉમંગ છે! ઓ રેવા, તારી માફક મારો માર્ગ સ્પષ્ટ હોત તો હું પણ તારા જેવાજ વેગથી દોડત-પણ અફસોસ! મારો માર્ગ અજ્ઞાત છે, મારૂં જીવન અગમ્ય છે. સમુદ્રદત્ત! તમે અત્યારે ક્યાં હશો! તમે અનેક અજાણ્યા મુલકમાં ઉત્સાહ ભેર ફરી રહ્યા હશો, હું આ અજાણી જગામાં નિરાશ થઇને-હતાશ થઇને ફરી રહી છું. જો આમાં મરણ ભેટશે તો આપણે

મળીશું ? હે જગદીશ! પ્યારાનો ભેટો કરાવજે. મરતાં મરતાં પણ છેલ્લી દૃષ્ટિ તેની સાથે મળે એટલી તક આપજે.........

હે જગન્નાથ! હે દીનદયાળ! તારા નામ વિના બીજો મારે કોનો આધાર છે?

( રાગ—ભૈરવ. )

હે જગબંધુ! કરૂણા સિંધુ! હે પ્રભુ દીન દયાળ!
જગની જુઠી આ સબ બાજી! તારૂં નામ રસાળ! હે જગ૰
નાથ નિરંજન આ સંસારે ભમ્યો અનંતો કાળ

૨ જો ભીલ૰ નક્કી આજ આપણું કામ પાક્યું. મને તો લાગે છે કે કાળીમાએ પ્રસન્ન થઇનેજ એને અહિં મોકલી છે.

૩ જો ભીલ૰ સરદાર આપણા પર ખુબ રાજી થશે હો.

૧ લો ભીલ૰ પણ હમણાં ચૂપ રહો—તે પાસેજ આવે છે.

૨ જો ભીલ૰ અલ્યા આ દોરકાનો ફાંસો તૈયાર રાખ.

૩ જો ભીલ૰ ફાંસાની શી જરૂર છે? અહિંથી તે ક્યાં નાસે તેમ છે.

૧ લો ભીલ૰ ના ના અહિં આવે ત્યારે ફાંસોજ નાંખીએ તે ઠીક. વખત છે ને હાથમાંથી છટકે તો?

# સંન્યાસ—દીક્ષા પ્રતિબંધક નિબંધને ટેકો.

## વડોદરા-ખેડા-ખંભાત વિભાગના

શ્રી જૈન શ્વે૰ કૉન્ફરન્સના પ્રાન્તિક સેક્રેટરીનો વડોદરા રાજ્યના મે. ન્યાય મંત્રી સાહેબ પરનો પત્ર. તા. ૧૩-૧૧-૩૧

**વિષયઃ—**

સંન્યાસ-દીક્ષા પ્રતિબંધક મુસદ્દા પર સૂચના.

મે. રા. રા. વિષ્ણુ કૃષ્ણરાવ ધુરંધર, ન્યાય મંત્રી સાહેબ, વડોદરા રાજ્ય.

સલામ સાથે વિનંતિ કે, તા. ૩૦ માહે જુલાઇ સને ૧૯૩૧ ની આજ્ઞા પત્રિકામાં સંન્યાસ પ્રતિબંધક નિબંધ નામે ખરડો પ્રસિદ્ધ થયો તે સંબંધી પ્રજાજનો તેમજ ઇતર લાગતા વળગતાઓને યોગ્ય લાગે તે સૂચનાઓ તારીખ ૧૫ માહે નવેમ્બર ૧૯૩૧ સુધીમાં સૂચવવા ફરમાન થયું છે તો અમારી નીચેની સૂચના પર લક્ષ આપી યોગ્ય કરવા મહેરબાની થશે.

દીક્ષા એ ધાર્મીક સંસ્કાર હોવાથી ખરી રીતે રાજ્યની દરમ્યાનગીરી ઇષ્ટ નથી. તેમજ શ્રીમંત સરકારનો તેવો ઇરાદો નથી, એમ તે નિબંધના મુસદ્દાની કલમ ૪ માં જણાવવામાં આવ્યું છે, તે બદલ શ્રીમંત સરકારને અભિનંદન આપીએ છીએ. દીક્ષા જેવા અતી મહત્વના સવાલમાં વિચારણા પૂર્વકની કોઇ પણ કાર્ય પદ્ધતિ નક્કી ન કરવામાં આવે તો સમાજમાં અનેક અનર્થો તેમજ અગવડો ઉભી થવા સંભાવના હોવાથી તા. ૧૩ જુલાઇ ૧૯૧૨ ના રોજ એક સાધુ સંમેલન વડોદરા મુકામે ભરાયુ હતું. તે વખતે જે ઠરાવો થયા હતા તે સંમેલનના ઠરાવોની ચોપડી અવલોકન વાસ્તે આ સાથે મોકલી છે. તેમાં જે ૨૦ મો ઠરાવ છે તે તરફ આપનું ખાસ લક્ષ ખેંચીએ છીએ. "જેને દીક્ષા આપવી હોય તેની ઓછામાં ઓછી ૧ મહીનાની મુદત સુધી યથાશક્તિ પરીક્ષા કરી તેના સંબંધી માબના માતા, પીતા ભાઇ સ્ત્રી વિગેરેને રજીસ્ટર કાગળથી ખબર આપવાનો રીવાજ આપના સાધુઓએ રાખવો. તેમજ દીક્ષા નિમિત્તે આપની પાસે આવે તેજ વખતે તેની પાસે તેના સંબંધીઓને રજીસ્ટર કાગળથી ખબર અપાવવાનો ઉપયોગ રાખવો."

તે પ્રમાણે ત્યારથી આજ દીન સુધી કોઇને તલ વડોદરામાં છાની દીક્ષા અપાઇ નથી. તેમજ વડોદરાના શ્રી સંઘે પણ "દીક્ષા લેનાર ઉમેદવારે અત્રેના સ્થાનીક સંઘની સંમત્તિ મેળવ્યા બાદ દીક્ષા લેવી ને સાધુએ આપવી" એવો ઠરાવ કરેલો છે. તે પ્રમાણે દીક્ષા લેનાર સગીર જ્યાં દીક્ષા લેવા માગતો હોય ત્યાંના સ્થાનીક સંઘની તેમજ માબાપ અગર વાલીની સંમત્તિ હોય તો તેના વાસ્તે કાયદામાં સગવડ હોવી જોઇએ. સંન્યાસ-દીક્ષાને એકાન્તે ઉમર જોડે સંબંધ નથી. તેનો મુખ્ય આધાર પૂર્વ જન્મના વિકસેલા ત્યાગના સંસ્કાર પર છે. આ સત્ય પર આપ સાહેબ લક્ષ આપશો એવી અમોને આશા છે.

શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સની સ્થાયિ સમિતિ તરફથી મુસદ્દામાં જે સુધારા વધારા સૂચવવામાં આવ્યા છે તે દાખલ કરી કાયદો કરવા અમારી નમ્ર વિનંતિ છે. ને આગ્રહ ભરી અરજ છે. આપનો,

**વાડીલાલ મગનલાલ વૈદ્ય.**
પ્રાંતિક સેક્રેટરી.
**શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.**

તુજ દર્શનથી પુનિત થયો હું ભાંગી ગઈ ભ્રમ જાળ-હે જગ૰
તુંહી ચતુરાનન તુંહી મહેશર-તુંહી વિષ્ણુ ગોપાળ
તું મહાવીર, બુધ રઘુવીર, તુંહી પરમ કૃપાળ-હે જગ૰
હે જગવલ્લભ જગનાયક હે જિન જગદાધાર
સહાય કરો સેવકની આજે, તો ઉતરૂં ભવપાર-હે જગ૰

( ખડકની ઓથે ત્રણ ભીલ )

૧ લો ભીલ૰ અલ્યા કોક વનદેવી જેવી લાગે છે—આવું ગીત તો મેં પહેલ વહેલું સાંભળયું.

( નંદયંતી પાસેથી પસાર થતાંજ ફાંસો ફેંકે છે. કમ્મરમાં તેનો ગાળો બેસે છે. )

નંદયંતી૰ ભાઇઓ! મને બાંધો છો શા માટે? તમે કહેશો ત્યાં હું આવીશ.

( ભીલ ખડખડાટ હસે છે. કોઈ જવાબ આપતું નથી.)

નંદયંતી૰ તમે મને ક્યાં લઇ જશો?

( ભીલો તેને બરાબર બાંધીને ચાલવા લાગે છે. નંદયંતી ચોધાર આંસુએ રડતી જાય છે.)

( અનુસંધાન પૃષ્ઠ ૧૭૭ થી ચાલુ )

જણાય તો પ્રાન્તિક આગેવાનોની સભા મેળવવા માટે બંધારણમાં યોજના કરવામાં આવી છે તેનો અમલ અવશ્ય કરવો આવકારદાયક ગણાશે.

**અન્ય સુચનાઓ.** (૧) મળનાર કમિટી સમાજ સમક્ષ ઉપસ્થિત થએલા પ્રસંગોપર ઘટતો ઉહાપોહ કરે અને તેના બંધારણ માટે અમલી યોજના હાથ ધરે. (૨) જૈન બેંકની યોજના પણ પડતી મૂકવા જેવી નથી. આ સંબંધે ઘણી વખત ઠરાવો કરવામાં આવ્યા છે પણ તેને વ્યવહારૂ આકૃતિ આપવાનો ખરો સમય આવી લાગ્યો છે. (૩) જૈન સંઘોના બંધારણ અને કામકાજ માટે એક વ્યવસ્થિત પદ્ધતિની યોજના ઘડી કાઢવી. (૪) આર્થિક તપાસ કમિશનની નિમણુંક જરૂરી છે, યા હાલ સામાજીક અવદશાનો જે ખ્યાલ સમાજના આગેવાનો ધરાવતા હોય તે પરથી તે ટાળવા માટે કોઇ પણ વ્યવહારૂ યોજનાને અમલમાં મૂકવી એ ઠીક થઇ પડશે? આ બાબતોનો ઘટતો વિચાર કરી તોડ કરવો. (૫) સંસ્થાઓ મુખ્યત્વે કરી કેલવણી વિષયક સંસ્થાઓનાં સંગઠ્ઠન, એકીકરણ સંબંધે વિચાર કરવો જરૂરી છે. (૬) કૉન્ફરન્સનાં ઠરાવો અંગે સતત પ્રચારકાર્ય માટે વ્યવસ્થિત પ્રબંધ. (૭) પ્રચારક સંસ્થા રહેવા ઉપરાંત કૉન્ફરન્સે હવે પ્રચાર સંસ્થા સાથે મધ્યસ્થ ખાતાં તરીકે કેલવણી–ગ્રન્થ પ્રકાશન આદિ અન્ય ખાતાના કેન્દ્ર તરીકે તે સંબધી વ્યવહારૂ કારોબારી કામ અને તેવાં ખાતાંઓ ધરાવવાની જરૂર છે કે કેમ તે પણ વિચારવું પડશે. (૮) સમસ્ત હિંદનું પ્રતિનિધિત્વ ધરાવનાર સંસ્થા તરીકે હિંદમાનાં અન્ય પ્રાન્તોમાં વસતા આપણા બધુઓ સાથેનો પરિચય વૃદ્ધિગત થાય તેઓની મુશ્કેલીઓમાં મહાસભા કેમ સહાયભૂત થઇ શકે, અને તે તે વિભાગના બંધુઓની લાગણી મહાસંસ્થા પ્રત્યે હમેશને માટે જેવીને તેવી કાયમ રહે એ સંબંધે વિચાર. (૯) આપણી મહાસસ્થાની આર્થિક પરિસ્થિતિ કેમ મજબુત બને તે સંબધે સરલ યોજના–થવી જરૂરી છે કે જેથી આજના ઝંઝાવાત સામે મક્કમ પણે સંસ્થા કાર્ય કરી શકે.

આ અને આવી બીજી બાબતો પર આગામી સ્થાયી સમિતિની બેઠક પુખ્તપણે વિચાર કરશે તો બેઠકની સફળતા થઇ ગણાશે. આ સૂચનાઓ સંબધે વિશેષ હવે પછી.

'પ્રભાકર.'


## નીચેનાં પુસ્તકો વેચાતાં મળશે.

| | |
|---|---|
| શ્રી ન્યાયાવતાર | રૂા. ૧-૮-૦ |
| જૈન ડીરેકટરી ભાગ ૧ લો | રૂા. ૦-૮-૦ |
| જૈન ડીરેકટરી ભાગ ૧-૨ | રૂા. ૧-૦-૦ |
| જૈન શ્વેતામ્બર મંદિરાવળી | રૂા. ૦-૧૨-૦ |
| જૈન ગ્રંથાવળી | રૂા. ૧-૮-૦ |
| જૈન ગૂર્જર કવિઓ (પ્ર. ભાગ) | રૂા. ૫-૦-૦ |
| „ „ „ ભાગ બીજો | રૂા. ૩-૦-૦ |

લખો:–શ્રી જૈન શ્વેતામ્બર કૉન્ફરન્સ.
૨૦, પાયધુની, મુંબઈ ૩.


# જૈન યુવક પરિષદ્.

## મંત્રીઓની જૈન જનતાને અપીલ.

શ્રી મુંબઇ જૈન યુવક સંઘની વ્યવસ્થાપક સમિતિની તા. ૧૬-૧૧-૩૧ ના રોજ **શ્રીયુત વીરચંદ પાનાચંદ શાહના** પ્રમુખપણા નીચે મળેલી સભાએ ઠરાવ્યુ છે કે:—

આવતી નાતાલની રજાઓમાં અનુકૂળ દિવસોએ મુંબઇમાં શ્રી જૈન યુવક પરિષદ્ બોલાવવી. તેને અંગે, પ્રાથમિક કામ કરવા, અને સ્વાગત સમીતિ રચવા, કામચલાઉ મંત્રીઓ તરીકે શ્રીયુત મણીલાલ એમ. શાહ, શ્રી. ચીમનલાલ એમ. પરીખ, અને શ્રી. અમીચંદ ખેમચંદ શાહની નીમણુંક કરવામાં આવી હતી.

પરિષદ્નું કામ કાજ ઘણા ઉત્સહ અને જોસભેર થઇ રહ્યું છે. સ્વાગત કમીટીમાં સંખ્યાબંધ યુવાનોએ નામ નોંધાવ્યા છે. વધુ સંખ્યામાં નામ નોંધાવવા મુંબઇગરાઓને અપીલ કરીએ છીએ.

બહાર ગામની જનતાને, પરિષદ્ની બેઠક ફત્તેહમંદ બનાવવા માટે, પ્રચાર કાર્ય હાથપર લેવા, માર્ગ દર્શક સૂચનાઓ મોકલવા વિનંતી કરીએ છીએ. સહકારથીજ દરેક કામ સુંદર થઇ શકે છે. આશા છે, કે દરેક જૈન સંસ્થાઓ, યુવાનો, યુવતીઓ, પરિષદ્ની બેઠક ફત્તેહમંદ બનાવવા પોતાનો ફાળો આપશે. હાલ તુરત તેની ઓફીસ ૨૬–૩૦, ધનજી સ્ટ્રીટ, મુંબઇ ૩ માં રાખવામાં આવી છે. એજ.

લી૦ કામ ચલાઉ **મંત્રીઓ જૈન યુવક પરિષદ્.**

# પાલણપુરનો પત્ર.

જૈન શ્વેતાંબર કૉન્ફરન્સના અધિપતિ સાહેબ,

પાલણપુરના દોસી નગીનદાસ મગનલાલની સુવાગણ ઓરત રૂખીબાઇની અરજ કે મારો ખાવિંદ નગીનદાસ પોતાની છોટી ઉમરે તેમજ હું પણ છોટી ઉમરની છું. તેવા વખતે દીક્ષા લેવા આજ કેટલાક વખતથી મુનિશ્રી રામવિજયજી અને તેમના સંગાડાના સાધુઓ પાછળ ભટકયા કરે છે. એ વખત રામવિજયજી મહારાજ સાહેબ પાસેથી હું મારા ખવિંદને લાવેલ........મારો આધાર નથી. હું મારી બાળવયના લીધે તેમને દીક્ષા અપાવવાની તદ્દન વીરૂદ્ધમાં છું. તેથી કરીને મે પાલણપુર જૈન સંઘને અરજ કરતાં પાલણપુર જૈન સંઘે દોસી નગીનદાસ મગનલાલ દીક્ષા લે તેમાં પાલણપુર સંઘ સંમત નથી તેવો ઠરાવ કર્યો છે તો હુ અબળા ઉપર રેમ લાવી સદરહુ હકીકતની તમામ ઠેકાણે ખબર આપી કોઇપણ ઠેકાણે મારા ખાવિંદને દીક્ષા અપાય નહી તેવી ગોઠવણ કરી આપવા મારી અબળાની આપને અરજ છે તો જેટલી મદદ આપનાથી અપાય તેટલી આપવા કૃપા કરશો. અને મારૂ ઠેકાણું નીચે મુજબ છે ત્યાં મને ખબર આપવા મે. થશે.

મેતા મણીલાલ મગનલાલના ત્યાં રૂખીબાઇને પોચે ઠે૦ જીવા મેતાની કચેરી પાસે, લલ્લુ વેલચંદના માઢમાં મુ૦ પાલણપુર. એજ અરજ. તા. ૧૮-૧૧-૩૧ ઇસ્વી.

**રૂખીબાઇની સહી દા. પોતે.**

# ટુંકા પંથ.

## 'ટુંકા પંથ' ( ૧ ) જ્ઞાન

## ( ૨ )

( પાને ૧૪૨ થી ચાલુ )

### વૈરાગ્ય.

ભોગે રોગભયં કુલે ચ્યુતિભયં, વિત્તે નૃપાલાદ્ ભયમ્,
માને દૈન્યભયં, બલે રિપુભયં, રૂપે તરૂણ્યા ભયમ્;
શાસ્ત્રે વાદભયં ગુણે ખલભયં, કાયે કૃતાંતાદ્ ભયમ્,
સર્વં વસ્તુ ભયાન્વિતં ભુવિ, નૃણાં વૈરાગ્યમેવા ભયમ્.

ભાવાર્થ:-ભોગમાં રોગનો ભય છે. કુલને પડવાનો ભય છે, લક્ષ્મીમાં રાજાનો ભય છે, માનમાં દીનતાનો ભય છે, બળમાં શત્રુનો ભય છે, રૂપથી સ્ત્રીને ભય છે, શાસ્ત્રમાં વાદનો ભય છે, ગુણમાં ખલનો ભય છે અને કાયા પર કાળનો ભય છે, એમ સર્વ વસ્તુ ભયવાળી છે માત્ર એક વૈરાગ્યજ અભય છે.

મહાયોગી ભર્તૃહરિનું આ કથન સૃષ્ટિમાન્ય એટલે સઘળા ઉજ્જવલ આત્માઓ માન્ય રાખે તેવું છે. એમણે સકલ તત્ત્વવેતાઓના સિદ્ધાંત રહસ્યરૂપ અને સ્વાનુભવી સંસાર શોકનું તાદૃશ્ય ચિત્ર આપ્યું છે. સંસારમાં જે જે વસ્તુ સુખરૂપ મનાઇ છે તે સર્વપર તેમણે ભયની છાયા પ્રદર્શ્ય કરી છે. આવો વૈરાગ્યાનુભવ આપણને કોઈ કોઇ વાર થવાનો મહાન જોગ મળે છે. અશુભકર્મના ઉદયથી જ્યારે સંસારમાં અનિષ્ટ પદાર્થોનો જોગ મલે છે ત્યારે જીવને કડવાશ લાગે છે અને વૈરાગ્યમય બને છે. પણ કડવાશ લાગતાં છતાં તે વૈરાગ્ય ઉપર પગ દઇ ચાલ્યો જાય છે અને વૈરાગ્યમાં પ્રવૃતિ કરતો નથી. કોઇનો વીશ વર્ષનો પુત્ર મરી ગયો હોય તે વખતે તે જીવને એવી કડવાસ લાગે કે આ સંસાર ખોટો છે પણ બીજેજ દિવસે એ વિચાર બાહ્યવૃત્તિ વિસ્મરણ કરાવે છે કે આ છોકરો કાલ સવારે મોટો થઇ રહેશે, એમ થતુંજ આવે છે, શું કરીએ? આમ થાય છે; પણ એમ નથી થતું કે તે પુત્ર જેમ મરી ગયો તેમ હું પણ મરી જઇશ માટે સમજીને વૈરાગ્ય પામી ચાલ્યો જાઉં તો સારૂં, આમ વૃત્તિ થતી નથી. ત્યાં વૃત્તિ છેતરે છે કારણ એ સ્મશાનીઓ વૈરાગ્ય છે. ખરા વૈરાગ્યવાળાને વૃત્તિ છેતરી શક્તિ નથી. વૃત્તિઓ ( ઇંદ્રીઓ ) તેની ગુલામ બની ગઇ હોય છે.

કેટલાક જીવો મોહ ગર્ભિત વૈરાગ્યથી અને કેટલાક દુ:ખ ગર્ભિત વૈરાગ્યથી દિક્ષા લે છે. "દિક્ષા લીધાથી સારા સારા નગરે ફરવાનું થશે, સારા સારા પદાર્થો ખાવાને મળશે. ઉઘાડે પગે ચાલવું પડશે વિગેરે થોડી મુસ્કેલી છે પણ તેના જેવી મુસ્કેલી તો સાધારણ માણસોને પણ હોય છે. બાકી બીજી રીતે દુ:ખ નથી અને કલ્યાણ થશે." આવી ભાવનાથી દિક્ષા લેવાનો જે વૈરાગ્ય થાય તે "મોહ ગર્ભિત" વૈરાગ્ય જે સંસારિક દુ:ખથી સંસાર ત્યાગ છે તે "દુ:ખ ગર્ભિત" વૈરાગ્ય. આવા માણસો પોતાનું કે પરનું કલ્યાણ કરી શકતા નથી. તે આ જગતને ભારરૂપ છે. તે સહેજ કુલક્ષણ હોય તે પણ મુકી શકે નહિ. તત્ત્વાના કામી હોય તેને મૂર્છાનો નાશ હોય, દેહાદિનો અભાવ હોય, તે માથુ કાપીને આપતા પાછા હઠે નહિ તે ઉપર દૃષ્ટાંત:—

એક રાજા બહુ ભક્તિવાળો હતો અને તેથી ભક્તોની સેવા બહુ કરતો. ઘણાં ભક્તોનું અન્ન વસ્ત્રાદિથી પોષણ કરતાં ઘણાં ભક્તો ભેગા થયાં. પ્રધાને જાણ્યું કે રાજા ભોળો છે. ભક્તો ઠગી ખાનારા છે માટે તેની રાજાને પરીક્ષા કરાવવી. પણ હાલ રાજાને પ્રેમ બહુજ છે એટલે માનશે નહિ. માટે કોઇ અવસરે વાત. એમ વિચારી કેટલોક વખત ખમી જતાં કોઈ અવસર મળવાથી તેણે રાજાને કહ્યું "આપ ઘણો વખત થયાં બધાં ભક્તોની સરખી સેવા ચાકરી કરો છો પણ તેમાં કોઇ મોટા હશે કોઇ નાના હશે. માટે બધાને ઓળખીને ભક્તિ કરો." રાજાએ હા કહી કહ્યું "ત્યારે કેમ કરવું"? રાજાની રજા લઇ પ્રધાને બે હજાર ભક્તો હતાં તે બધાને ભેગા કરી કહેવરાવ્યું કે તમે દરવાજા બહાર આવજો કેમકે રાજાને જરૂર હોવાથી આજે "ભક્ત તેલ" કાઢવું છે. તમે બધાં ઘણાં દિવસ થયાં રાજાનો માલ ખાઓ છો તો આજે તમારે રાજાનું આટલું કામ કરવુંજ જોઇએ. ઘાણીમાં ઘાલી તેલ કાઢવાનું સાંભળ્યું કે માલ ખાઉ ભેગા થયા હતાં તેઓએ ભાગવા માંડયું. ખરા વૈરાગ્યવાલા અને સાચા બે ભક્તો હતા તેણે વિચાર કર્યો કે રાજાનું નિમક લુણ ખાધું તો તેના પ્રત્યે નિમકહરામ કેમ થવાય? વળી આ દેહ ક્ષણ ભંગુર છે, વહેલા મોડો જરૂર પડવાનો છે તો અમારૂં આ ભાગ્ય કયાંથી કે રાજાને માટે આ દેહ પડે. આમ વિચારી ઘાણી પાસે જઇ કહ્યું "તમારે ભક્ત તેલ કાઢવું હોય તો કાઢો." પછી પ્રધાને રાજાને કહ્યું, જુઓ તમો બધા ભક્તોની સેવા કરતાં હતાં પણ સાચા વૈરાગ્યવાળાની ખબર નહતી જુઓ આ રીતે સાચા વૈરાગ્યવાળા તો વિરલાજ હોય છે. અને તેવા વિરલા સાચા સદગુરૂની ભક્તિ શ્રેયકર છે. સાચા સદગુરૂની ભક્તિ મન, વચન અને કાયાએ કરવી.

**પ્રભાશંકર અભેચંદ સંઘાણી.**

---

## નોટીસ.

હુ નીચે સહી કરનાર પાલણપુરના દોસી નગીનદાસ મગનલાલની સુવાગણ ઓરત રૂખીબાઇ આથી સરવે જૈન સાધુઓ તથા સંઘને ખબર આપું છું કે, મારા ખાવિંદ "દીક્ષા લેવી છે દીક્ષા લેવી છે" તેમ વખતો વખત કહી અત્રેથી મુંબઇ પાટણ લીચ વિગેરે ગામે સાધુઓ પાછળ ભમે છે. મે તેમને બે ત્રણ વખત બહાર ગામથી પાછા લાવેલા. મારી બાળવય છે અને નીરાધાર છું. તેઓ દીક્ષા લે તેમાં મારી બીલકુલ સંમતી નથી. સદરહુ બાબતની પાલણપુર સંઘ આગળ અરજ મુકતાં તે સંઘે નીચે મુજબ ઠરાવ કર્યો છે:—

> "દીક્ષા અંગે આપણા સંઘનું બંધારણ એવુ છે કે આપણા સંઘની સમતી વીના પાલણપુરમાં કોઇને દીક્ષા આપવામાં આવતી નથી. તે અનુસાર સદરે નગીનદાસ મગનલાલને દીક્ષા આપવામાં આપણો સંઘ સમત નથી. એમ ઠરાવવામાં આવે છે."

તેથી પાલણપુર સંઘના ઠરાવની ઉપરવટ થઇને મારી રજામંદી સીવાય મારા ખાવિંદને કોઇ એ દીક્ષા આપવી અપાવવી નહી. જો કોઇ સાધુ સંઘ કે વ્યક્તિ આના વિરૂદ્ધ વરતસે તો હુ તેમના વિરૂદ્ધ કાયદેસર પગલાં લેઇસ જેના જવાબદાર તેઓ રહેશે તે સરવેને જાણ થાય તા. ૯-૧૧-૩૧ ઇસ્વી.

**રૂખીબાઇની સઇ દા. પોતે.**

# श्री जैन श्वेतांबर कॉन्फरन्स.

रणछोडभाई रायचंद झवेरी,
मोहनलाल बी. झवेरी, सोलिसिटर.
रेसीडेन्ट जनरल सेक्रेटरीओ.

तारनुं सरनामुंः—"HINDSANGH."
२०, पायधुनी, मुंबई, नं. ३.
ता. २७-११-१९३१.

जा. नं. १५४

## आमंत्रण पत्र.

### ऑल इन्डीआ स्टेन्डींग कमिटीना सभासदो योग्य.

सुज्ञ बंधु,

सविनय निवेदन के श्री जैन श्वेतांबर कॉन्फरन्सनी स्थायी समिति–All India Standing Committee नी एक बेठक आवता मासमां क्रीस्टमसना तहेवारो दरम्यान ता २६ तथा २७मी डीसेंबर शनि–रविना दिवसे मुंबई मुकामे बोलाववा माटे कार्यवाही समितिनी ता. १२-११-३१ नी सभामां निर्णय थयो छे. तदनुसार आपश्रीने विज्ञप्ति करवामां आवे छे के सदरहु बेठक वखते आप अवश्य हाजरी आपशो. नीचे मुजब कामकाज रजु करवामां आवशे.

### कार्यक्रम.

१ सं. १९८६–८७ नी सालना ऑडीट थएला तथा कार्यवाही समितिए मंजुर करेला आवक जावकना हिसाब सरवायां तथा कामकाजनो रिपोर्ट रजु करवामां आवे तेनी नोंध लेवा.
२ बंधारण कलम ३ अन्वये कॉन्फरन्सनुं आवतुं अधिवेशन मेळववा विचार करी योग्य निर्णय करवा.
३ जून्नर अधिवेशन ठराव नं. १९ मुजब आर्थिक तपास कमिशननी निमणुंक करवा संबंधी विचार करी योग्य करवा.
४ श्रीयुत गुलाबचंदजी ढढ्ढा तरफथी पोताना ता. २१–१०–३१ ना पत्र द्वारा संस्थाना एक महामंत्री तरीकेना होद्दाना आवेल राजीनामा पर विचार करी योग्य करवा.
५ जून्नर अधिवेशनना ठरावोना अमल संबंधे विशेष विचार करवा.
६ कॉन्फरन्सनी आर्थिक परिस्थिति सुदृढ करवा संबंधे विचार करी योग्य करवा.
७ महामंत्रीओ अन्य जे कार्य रजु करे ते पर विचार करी योग्य करवा.

ली. श्री संघ सेवको,
रणछोडभाई रायचंद झवेरी.
मोहनलाल भगवानदास झवेरी.
गुलाबचंद ढढ्ढा.
अमृतलाल कालीदास शेठ.
कीर्तिप्रसादजी जैन.
महा मंत्रीओ.
श्री जैन श्वेतांबर कॉन्फरन्स.

२०, पायधुनी,
गोडीजीनी चाल, मुंबई.

नोंधः–१ आप खानगी उतारे उतरवाना छो के ते संबंधी कॉन्फरन्स तरफथी गोठवण करवानी छे ते अवश्य जणावशो.
२ आप क्यारे अने कइ ट्रेन मारफते मुंबई उतरशो ते जणावशो.
३ आपना तरफथी उपरनी बाबतोनो प्रत्युतर ता. १५ मी डीसेंबर पहेलां मळे तेम करशो.

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay 3.

તારનું સરનામું:–હિંદસંઘ' 'HINDSANGH' ॥ नमो तित्थस्स ॥ Regd. No. B 1996.

# જૈન યુગ. The Jaina Yuga.

(શ્રી જૈન શ્વેતાંબર કૉન્ફરન્સનું મુખ-પત્ર.

વાર્ષિક લવાજમ રૂપીઆ બે. | તંત્રી:—હરિલાલ એન. માંકડ બી. એ [મદદનીશ મંત્રી, જૈન શ્વેતાંબર કૉન્ફરન્સ.] | છુટક નકલ દોઢ આનો.

વર્ષ જુનું ૬ ઠું નવું ૧ લું. | તા. ૧૫ મી ડીસેમ્બર ૧૯૩૧. | અંક ૨૪ મો.

# ऑल इन्डिया स्टेन्डिग कमिटीनी आगामी बेठक.

## आवश्यक नोंध

## सभास्थान—श्री महावीर जैन विद्यालय.

गोवालीया टेंक, ग्रान्टरोड नं ७

समयः—ता. २६–२७ डिसेंबर शनिवार–रविवार बपोरना स्टां. टा. १२–० थी ५–०.

## —वि ज्ञ प्ति—

## स्टेन्डिन्ग कमिटीके सभासदो योग्य.

सुज्ञ बंधुओ,

आ बेठकमां हाजरी आपवा आपने आमंत्रण पत्र मोकलवामां आव्युं छे, कार्यक्रमनी विगतो पण जणाववामां आवी छे. आशा छे के आप आवी अगत्यनी विचारणा वखते आपनी हाजरी आपी आपनी सलाह अने विचारोद्वारा घटतो फाळो अवश्य आपशो. आ विज्ञप्तिथी आपने हाजरी आपवा याद आपीए छीए. निझामराज्य, महाराष्ट्र, अमदावाद, कच्छ वगेरे विभागोना सभ्यो आववानी खबर मली छे. आपना तरफथी हाजरी आपवा सबंधे खबर अत्रे मोकलाई न होय तो तुरत तेवी खबर आपशो. उतारा भोजन वगेरे सबंधे आपनो प्रत्युत्तर मळे गोठवणो थशे.

**श्री जैन श्वेतांबर कॉन्फरन्स.**

२०, पायधुनी, गोगीजीनी चाल, मुंबई, ३.

तारनुं शिरनामुंः—"HINDSANGH." Bombay.

सुज्ञ बन्धुओ,

उपरोक्त सभामें हाजरी देनेके लिए आपकों आमंत्रणपत्र भेजा जा चुका है, उसमें कार्यक्रमकी विगतभी लिखी गई है, आशा हे के आप इस प्रकारकी आवश्यक विचारणाके समय हाजिर होकर आपके विचार और सलाहद्वारा इसमें अवश्य मदद करेंगे.

इस विज्ञप्ति द्वारा आपकों यहां पधारनेके लिए याद दिखाई जाती है. निझाम राज्य, महाराष्ट्र, अमदावाद, कच्छ आदि विभागोंके सभ्योने अपने आनेके समाचार भेज दिये हैं. आपने यहां पधारनेके संबन्धमें यहां खबर न लिखि हो तो शिघ्र ही इस प्रकारकी खबर देवें. आपका प्रत्युतर प्राप्त होने बाद उतरने, भोजन आदिके संबन्धमें प्रबन्ध किया जायगा.

लि. श्री संघ सेवक,

**रणछोडभाई रायचंद झवेरी.**

**मोहनलाल भगवानदास झवेरी.**

स्थानिक महामंत्री.

उद्धाविव सर्वसिन्धवः, समुदीर्णास्त्वयि नाथ! दृष्टयः ।
न च तासु भवान् प्रदृश्यते, प्रविभक्तासु सरित्स्विवोदधिः॥
-श्री सिद्धसेन दिवाकर.


# જૈન યુગ.

તા. ૧૫-૧૨-૩૧ મંગળવાર.


## સ્થાયી સમિતિનું સંમિલન.

શ્રીમતી જૈન કૉન્ફરન્સની સ્થાયી સમિતિના સમસ્ત સભ્યોનું સંમિલન મુંબઇમાં આ માસની ૨૬ તથા ૨૭ મી તારીખે મળવાનું છે તે માટે યોગ્ય જાહેરાત અપાઇ ગઇ છે તો તે માટેના આમંત્રણને માન આપી તેના સર્વ સભ્યો જરૂર પધારી પોતાના વિચારો અને શકય કાર્યક્રમની જવાબદારી બતાવી આ મહાન્ સંસ્થાને યોગ્ય બળ, પ્રેરણા અને વેગ અર્પશે. આ મહાસભાની આર્થિક પરિસ્થિતિ ઇચ્છીએ તેવી ઘણાં વર્ષોથી નથી તેનું કારણ આપણે સર્વે આપણા ગામ અને નગરમાં સુકૃત ભંડાર ફંડ ભરાવી મોકલી આપતા નથી તે એટલે કે તે ફંડનો પ્રવાહ સૂકાઇ ગયો છે તે છે, તેમજ દરેક સંસ્થાના સંચાલકો પોત પોતાની સંસ્થા પ્રત્યે જે કંઇ ધ્યાન આપી શકે છે તેમાંથી ઉંચું માથું કરી શકતા નથી એટલે મૂળ મુખ્ય સંસ્થા પ્રત્યે હૃદયથી ન ઇચ્છેલી છતાંયે રહેતી ઉપેક્ષા છે. આ ઉપરાંત મુખ્ય સસ્થાના સંચાલકો જેટલું જોસ અન્ય સંસ્થાના કાર્યવાહકો તે તે સંસ્થા માટે દાખવી શકે છે તેટલું દાખવવા માટે લેવો જોઇતો પરિશ્રમ અને સમયનો ભોગ આપી શકતા નથી એમ પણ કેટલાક જણાવે છે. ગમે તે કારણે એ પરિસ્થિતિ ઉત્પન્ન થઇ હોય, પણ તે સ્થિતિ સુધારવાની પૂરી જરૂર છે. એ માટે જે જે કંઇ કરવું ઘટે તે તે સર્વ આપણે સઘળા સભ્યોએ વિચારી કરવું ઘટે અને જે જે પ્રત્યવાયો હોય તે દૂર કરવા ઘટે.

આ સ્થિતિ સુધારવા માટે (૧) સુકૃત ભંડાર ફંડને વધુ વ્યાપક, અને વિશેષ ગતિમાન્ કરવું જોઇએ, (૨) અધિવેશન ગમે ત્યાં યોગ્ય સ્થલે ભરવું જોઇએ; આ બંને માટે પ્રચાર કાર્ય સતત અને સક્રિય ચલાવવું જોઇએ. જુન્નેરની પ્રસિદ્ધ બેઠકે ખાસ ઠરાવ કરેલ છે કે સાધારણ રીતે દર વર્ષે એક વખત બેઠક બોલાવવી. કોઈ ઠેકાણે બોલાવવાનો નિર્ધાર અગાઉની બેઠકમાં ન થયો હોય તો મુંબઇમાં ભરવી, અથવા અનુકૂળ તીર્થસ્થળમાં ભરવી. એ બંનેમાંથી કયાંઇ ન ભરી શકાય તો આખા હિંદના સ્થાયી સમિતિના સભ્યોની સભા કોમના અગત્યના પ્રશ્નોની વિચારણા માટે દર વર્ષે બોલાવવી. આ ઠરાવના અન્વયે સમસ્ત સભ્યોની સમિતિ બોલાવાઇ છે. આ જમાનો ટીકા કરવાનો, વાતોથી સંતોષ પકડવાનો કે નામના આગેવાનો બનવાનો નથી પરંતુ કાર્યનો જમાનો છે. દરેકે પોત પોતાથી બને તે કાર્ય ઉપાડી લેવું અને બીજાઓના સહકાર વડે એકત્રિત બળથી મહાસંસ્થાને દૃઢ, સંગીન અને બળવતી બને તેમ કરવું એમાંજ પોતાનું ગૌરવ છે, શોભા છે.

આ મહાસંસ્થાએ આખી સમાજમાં પ્રબલ જાગ્રતિ ફેલાવી છે, સુધારા તથા પ્રગતિશીલ કેલવણીના પ્રચારનું વિશાલ વાતાવરણ ઉપજાવ્યું છે, રાષ્ટ્રના હિતને તથા સ્વધર્મને જાળવી વિચાર સ્વાતંત્ર્યનો પાયો નાંખ્યો છે. ભય વહેમ સંકુચિતતા અનર્થપરંપરા ઘેલછા અસહિષ્ણુતા અને અવિવેકના પર પ્રહાર કરી સમાજને સીધા અને પ્રગતિશીલ માર્ગે દોરી છે. એમ અનેકાનેક લાભો આ મહાસંસ્થાએ કર્યા છે અને તે દ્વારા થઈ શકે તેમ છે. તો જેમ કોંગ્રેસ જેવી મહાસંસ્થા ક્રમાનુક્રમે બોલતી બોલતી અરજી વિનતિ કરતી કરતી અત્યારે જીવંત જાજવલ્યમાન કામ કરી દેખાડતી થઈ છે તેવી જીવતી જાગતી સંસ્થા આ કૅાન્ફરન્સને કરી તે દ્વારા સમગ્ર જૈન સમાજને પ્રાણવાન્ બનાવવા માટે સર્વ કાંઇ કરવા આ સ્થાયી સમિતિના સર્વ સભ્યોને વિનતિ છે. બેસી ઉપરાંત સભ્યો પોત પોતાના પ્રાંતનું કાર્ય ઉપાડી લઇ કૅાન્ફરન્સના ઠરાવોને વ્યવહારૂ અમલમાં મૂકવા મંડી જશે ત્યારે આ યુગની માત્ર કામ કરી બતાવવાની ભાવના સર્વત્ર પ્રસરેલી છે એમ ગણાશે. નહિ તો માત્ર આવ્યા, મળ્યા, બોલ્યા કે બીજાનું શ્રવણ કર્યું અને પછી ચાલી ગયા—પછી તમે તમારે ત્યાં અને અમે અમારે ત્યાં અને કાર્યમાં શૂન્યતા, મંદતા અને જડતા કે જે ઘણા કાળથી ચાલી આવી છે તેજ આપણી પાસે રહેશે. તો પછી આવ્યા મળ્યાનું સાર્થક શું? ભવિષ્ય આપણે માટે શું કહેશે? માટે આપણો ઉદ્ધાર આપણા હાથમાં છે અને ભવિષ્ય પણ આપણે ઘડીશું એજ ભાવનાથી પ્રેરાઈ કાર્ય કરતા આપણે થઇ જઇએ તેમાં આપણી મુક્તિ છે.

મોહનલાલ દ. દેશાઈ.

---

## જૈન યુવક પરિષદ્.

આ માસના નાતાલના તહેવારોમાં કૅાન્ફરન્સની સ્થાયી સમિતિના સમસ્ત સભ્યોની બેઠક થનાર છે, તે અરસામાં જૈન યુવકોની પરિષદ્ ભરાનાર છે અને તેના પ્રમુખ તરીકે પ્રસિદ્ધ રાષ્ટ્ર સેવક જૈન બન્ધુ શ્રીમાન્ મણિલાલ કોઠારીને સુભાગ્યે તે મેળવી શક્યા છે તે માટે તેના કાર્ય સંચાલકોને ધન્યવાદ. તે પરિષદ્‌ને યોગ્ય બળ, પ્રેરણા અને દિશા તે નાયકદ્વારા મળશે એમ સર્વ ઇચ્છીશું.

યુવાનો પ્રત્યે બંડખોર કહી ઉપેક્ષા કરવી, તેમને હરકોઇ પ્રકારે નિન્દવા, તેમની અવગણના અને અવહેલના કરવી, તેમનો જુસ્સો દબાવી દેવો અને તેમનાં પ્રવર્તન અને વિચાર સ્ફુરણ અનિષ્ટ ઉચ્છૃંખલ તથા અહિતકારી ગણવાં, એ તેમનું માનસ નહિ સમજવાથી ઉપસ્થિત થયેલાં પરિણામો છે. વસ્તુતઃ કુપ્રથાઓ સામે, અંધ શ્રદ્ધા સામે, ગતાનુ ગતિકતા સામે પ્રહાર કરી સુપ્રથાઓ, જ્ઞાન પૂર્વક શ્રદ્ધા અને વિચાર મય વ્યવહારનું વાતાવરણ જમાવવું એ એક જાતનું બંડ છે. એવું બંડ તો આદરણીય છે, ઉત્તેજનીય છે. આ દ્રષ્ટિથી શ્રીમાન્ મહાવીર પ્રભુનું સમગ્ર જીવન વિચાર પૂર્વક લક્ષમાં લેતાં જણાશે કે તેઓ એક જબરા બંડખોર હતા. વેદવિહિત હિંસા ચાતુર્વર્ણ્યથી થયેલી સંકુચિતતા અને સ્ત્રીઓ તથા શુદ્રો પ્રત્યે અધર્મી વર્તનની સામે મહાન બળવો તેમણે કર્યો હતો, અને શુદ્ધ સર્વતોભદ્ર અહિંસા, ચતુર્વિધ સંઘની સ્થાપના કરી અને તે સંઘમાં સ્ત્રી તથા શુદ્રોને સમાન અધિકારવાળું સ્થાન આપ્યું હતું. અનિષ્ટ તત્ત્વો અને વહેમોનાં જાળાં જ્યાં જ્યાં હોય ત્યાં ત્યાં પોકાર

( અનુસંધાન પૃષ્ઠ ૧૯૧ ઉપર )

# श्री जैन श्वेतांबर कॉन्फरन्स. आवक जावकनो हिसाब तथा सरवायुं.

## श्री जैन श्वेतांबर कॉन्फरन्सनुं संवत् १९८७ ना आसो वद ०)) सुधीनुं सरवायुं.

ज

**२०६५८-१५-११ श्री खाताओ.**

४५३-१-८ श्री कॉन्फरन्स निभाव फंड खाते जमा
४६९४-१३-० श्री शत्रुंजय प्रचार कार्य फंड खाते जमा
१००००-०-० श्री बीजी कॉन्फरन्स रिशेप्शन कमिटी फंड खाते जमा
५४४६-१५-९ श्री पुस्तकोद्धार फंड खाते जमा
६-११-० श्री पुस्तक वेंचाण खाते जमा
४-८-० श्री निराश्रीत फंड खाते जमा
५२-६-० श्री जैन गुर्जर कविओ भाग १ ना खाते जमा
०-८-६ श्री स्वदेशी प्रचार समिति खाते जमा

२०६५८-१५-११

**२४४९२-१५-० श्री व्यक्तिगत खाताओ.**

१३७९२-३-९ श्री बनारस हिंदु युनिवर्सीटी जैन चेर आदि मदद फंड खाते जमा
३४८४-५-९ श्री फकीरचंद प्रेमचंद स्कॉलरशिप प्राईझ फंड खाते जमा
६४७७-११-९ श्री जैन श्वेतांबर एज्युकेशन बोर्ड खाते जमा
२००-०-० श्री बनारस हिंदु युनिवर्सीटीना विद्यार्थीने मदद आपवा माटेना खाते जमा
४६७-१४-० रा. नाथालाल छगनलाल पालणपुरवालाना खाते जमा
४८-७-० रा. धन्नुलालजी सुचंती वीहार शरीफवाळाना खाते जमा
२-१४-० रा. वाडीलाल मगनलाल वैद्य, वडोदरावाळाना खाते जमा
१९-६-९ रा. करसनदास वनमाली खाते जमा

२४४९२-१५-०

૪૫૧૫૧-૧૪-૧૧

અમોએ રોજમેળ, ખાતાંવહી અને વાઉચરો તપાસ્યાં છે, જે ખુલાસાઓ માંગ્યા તે અમોને મળ્યા છે; અને અમારા જાણવા મુજબ સંવત્ ૧૯૮૭ ના આસો વદી ૦)) સુધીની ખરી સ્થિતિ આ સરવાયું રજુ કરે છે. બેંક ઑફ ઇંડીઆ અને ઇમ્પીરીઅલ બેંકમાં રહેલી ‘સીકયુરીટીઓ’ ની રસીદો જોઇ છે. વીમાની રસીદ પણ જોઇ છે.

રણછોડભાઇ રાયચંદ,
મોહનલાલ ભગવાનદાસ ઝવેરી,
રેસીડેન્ટ જનરલ સેક્રેટરીઓ.

શાહ નરોતમ ભગવાનદાસ
વાડીલાલ સાંકલચંદ વોરા.
ઑનરરી ઑડીટરો.

મુંબઇ તા० ૧૦-૧૨-૧૯૩૧

उ

**३४३३-५-० श्री खाताओ.**

३२१-९-६ श्री सुकृत भंडार फंड खाते उधार
२७५-१४-३ श्री जैन युग पाक्षिक खाते
३२५-५-० श्री न्यायावतार खाते
१६४२-१०-० श्री जैन गुर्जर कविओ भाग २ खाते
१४४-४-० श्री लाइब्रेरी खाते
७२३-१०-३ श्री डेड स्टॉक फरनीचर खाते

३४३३-५-०

**७७८-११-३ श्री व्यक्तिगत लेणा खाते उधार.**

१६५-१२-३ बाबु कीर्तिप्रसादजी खाते
९०-११-० शेठ मुलचंद आशाराम झवेरी खाते
६-१०-० श्री जैन धर्मप्रसारक सभा भावनगर खाते
२५-६-६ रा. शंभुलाल जगशी अमदावादवाळा खाते
४३-६-६ उपदेशक वाडीलाल साकळचंदना खाते
७२-१३-६ उपदेशक गिरजाशंकर पंडितना खाते
३६४-१५-६ मी. माणेकलाल डी. मोदी खाते
९-०-० सीपाई रामजी देवजी खाते

७७८-११-३

**४०९३९-१४-८ श्री सिक्युरीटीओ तथा रोकड खाते उधार**

४५३-१२-११ धी बेंक ऑफ इन्डीआना चालु खाते
५५७-१५-० धी बेंक ऑफ इन्डीआना सेविंग बेंक डिपाझीट खाते
३२९-०-२ धी ईम्पीरीअल बेंक ऑफ इन्डीआना चालु खाते
३०००-०-० श्री त्रण टकानी लोन खाते
४०००-०-० श्री पोस्टल केश सर्टिफिकेटना खाते
१००००-०-० सीटी ईम्प्रुवमेंट ट्रस्ट बोंड खाते
६०००-०-० साडात्रण टकानी लोन खाते
९४६३-१५-७ साडात्रण टकानी १९००-०१ नी लोन (फे. वे. रु. ११५००) खाते
२०००-०-० बेंक ऑफ, इन्डीआ-बुलीअन एक्सचेंज ब्रांचना फिक्स्ड डिपाजीट खाते
५०००-०-० बेंक ऑफ इन्डीआना फिक्स्ड डिपाजीजीट खाते
१३५-३-० श्री पुरांत रोकड

४०९३९-१४-८

४५१५१-१४-११

## श्री जैन श्वेतांबर कॉन्फरन्स—मुंबई.

### संवत् १९८७ ना आसो वद ०)) सुधीनो आवक जावकनो हिसाब.

**ज**

३३९–५–६ श्री पुरांत कारतक सुदी १

**९४९–३–४ श्री कॉन्फरन्स निभाव फंड खाते जमा**

४०३–०–० जुन्नरमां तथा बीजा भरायेला वसुल आव्या
३५८-१०-१० बीजी कॉ. रिसेप्शन कमिटी फंडना व्याजना
९–१३–६ परचुरण आव्या.
१७७–११–० व्याजना

९४९–३–४

**३१६४–६–९ श्री सुकृत भंडार फंड खाते जमा.**

६५३–०–० ओफीसमां परभारा आव्या
५०१–०–० कन्वेन्शननी उघराणीना (ह. शेठ गुलाबचंद वनाजी)
१५२–०–० बीजा संघोना मनीओर्डर द्वारा आव्या
२०२३-१२-३ उपदेशको मारफते वसुलातना जमा.
१०३२–०–० श्री. वाडीलाल साकळचंद मारफते
४१३–०–० श्री. अमृतलाल वाडीलाल
२६०-१५-० श्री. करसनदास वनमाळी
२४७-१३-३ श्री. भाईचंद नेमचंद
७०–०–० श्री. गिरजाशंकर ज. पंडित
४८७-१०-६ स्टे. कमिटीना सभासदोना सुकृत भंडार फंडना आ भागना

३१६४–६–९

**१०२६–०–६ श्री जैन युग पाक्षिक खाते जमा.**

६२९–०–० लवाजमना आव्या
३५–०–० जाहेर खबरना
२–०–६ छुटक वेचाणना
३६०–०–० स्टे. कमिटीना सभासदोने मोकलाय छे तेना लवाजमना

१०२६–०–६

**५६–९–० श्री जैन गुर्जर कविओ भा. २ खाते जमा.**

५६–९–० वर्ष दरम्यान वेंचाणना आव्या

**५२–६–० श्री जैन गुर्जर कविओ भा. १ खाते जमा.**

५२–६–० वर्ष दरम्यान वेंचाणना आव्या

**१५००–०–० श्री साडात्रण टकानी लोन खाते जमा.**

१५००–०–० वर्ष दरम्यान रु. १५००) नी फेईस-वेल्युनी लोन वेचाई तेना

**३५२–३–० श्री बीजी कॉ. रि. कमिटी फंडना जमा.**

३५२–३–० वर्ष दरम्यान व्याजना आव्या

**उ**

**५०७९–४–३ श्री कॉन्फरन्स निभाव फंड खाते उधार.**

३१७४– ७–९ पगार खर्चना
३९०– ०–० भाडा खर्चना
२१९- १५-९ कॉन्फरन्स प्रचार कार्य खर्चना
१५५- १०-० पोष्ट, तार, रजीस्ट्रेशन, टपाल वि. खर्चना
१०१– ८–४ प्रीन्टींग, स्टेशनरी खर्चना
४५– ५–० विजळी खर्चना
३८– ० ९ पेपर लवाजमना खर्चना
३१– ४–० वीमा प्रीमीयम खर्चना
१५– ०–० टेलीग्राफ शीरनामा रजीष्ट्रेशन फीना
२२- १०-० ट्राम खर्चना
१९– १–६ पारसल नुर खर्चना
३२-१०-११ परचुरण खर्च
८३३-१०-३ जैन युग मासिकनी खोटना आ खाते लखी मांडी वाळ्या ते

५०७९–४–३

**३४८६–०–३ श्री सुकृत भंडार फंड खाते उधार**

१९०३-१५-० उपदेशकोना पगारना
१४२६-१३-३ उपदेशकोना प्रवास खर्चना
११९–८–० पोस्टेज, रजीस्ट्रेशन, मनीओर्डर फी विगेरेना
३०–२–० प्रीन्टींग स्टेशनरीना
५-१०-० ट्राम भाडाना

३४८६–०–३

**१३०१-१४-९ श्री जैन युग पाक्षिक खाते उधार.**

९१५-१४-० छपाईना
३६०–६–९ बी. पी. खर्च, पोस्टेज, रजीस्ट्रेशन विगेरेना
१४–०–० जाहेर खबर खर्चना
११-१०-० परचुरण-डेकलेरेशन लेतां खर्च, ट्राम खर्च विगेरेना

१३०१–१४–९

**१३१३-१३-० श्री जैन गुर्जर कविओ भा. २ ना खाते उ.**

७६०–४–६ छपाई खर्चना
३०८-१३-० कागळ खर्चना
१८२–६–० बाइन्डींग खर्चना
३९–१–० रेल्वे पार्सल नुरना
१३–९–६ पोस्टेज रजीस्ट्रेशन विगेरेना
९-११-० परचुरण खर्चना

१३१३–१३–०

ज

९७५-१०-३ **श्री जैन युग मासिक खाते जमा.**
११२-०-० जाहेर खबरना
२७-४-० लवाजमना
२-१२-० छुटक अंको वेचाणना
८३३-१०-३ कॉन्फरन्स निभाव फंड खाते लखी वाळ्या ते

९७५-१०-३

४५५-६-० **श्री बनारस युनिवर्सिटी जैन चेर आदि मदद फंड खाते जमा.**
४५५-६-० व्याजना

७८-१५-३ **श्री फकीरचंद प्रेमचंद स्कॉलरशीप-प्राइझ फंड खाते जमा.**
७८-१५-३ व्याजना

२५७५-११-० **श्री जैन श्वे. एज्युकेशन बोर्ड खाते जमा.**
९३८-२-११ लोन रु. १५००) ना वेचाणना
५००-०-० इनामो माटे श्री साराभाई मोदीना आव्या
९०४-०-० रोकडा बीजा आव्या
२३३-८-१ व्याजना

२५७५-११-०

९८-२-० **श्री न्यायावतार खाते जमा.**
९८-२-० वर्ष दरम्यान वेंचाणना आव्या ते

२४१-१४-६ **श्री स्वदेशी प्रचार अने ब्रि. व. समितिना खाते जमा.**
२४१-१४-६ वर्ष दरम्यान जमा आव्या

११८-१५-० **धी बेंक ओफ इन्डीआ ली. सेवींग्झ बेंक डीपाजीटना खाते जमा.**
११८-१५-० वर्ष दरम्यान वधारे जमा आव्या ते

३७२-२-९ **धी इम्पीरीयल बेंक ओफ इन्डीआ ली. चालु खाते जमा.**
३७२-२-९ वर्ष दरम्यान वधारे जमा आव्या ते

१३-१२-० **शेठ छोटालाल प्रेमजीना खाते जमा.**
१३-१२-० ल्हेणा हता ते वर्ष दरम्यान जमा आव्या

३०००-०-० **धी बेंक ऑफ इन्डीआ बुलीयन ए. ब्रांच फिक्स्ड डीपोजीट खाते जमा.**
३०००-०-० वर्ष दरम्यान वधारे जमा आव्या

१४०-०-० **मी. माणेकलाल डी. मोदीना खाते जमा.**
१४०-०-० ल्हेणा पेटे जमा आव्या ते

१७३-४-६ **धी डायमंड ज्यु. प्रीन्टींग प्रेसना खाते ज.**
१७३-४-६ वर्ष दरम्यान वधारे जमा आव्या

८-१३-० **मी. शंभुलाल जगशीना खाते जमा.**
८-१३-० वर्ष दरम्यान वधारे जमा आव्या

उ

३५८-१०-१० **श्री बीजी कॉ. रि. क. फं. खाते उधार.**
३५८-१०-१० आ खाताना व्याजना कॉन्फरन्स नीभाव फंड खाते जमा लीधा ते

२४-७-० **श्री जैनयुग मासिक खाते उधार.**
१२-८-० पोस्टेज खर्चना
४-८-० बाइन्डींग खर्चना
४-१५-० रेल्वे पार्सल नूरना
२-८-० रजिष्ट्रेशन विगेरे परचुरण खर्च

२४-७-०

९२-५-६ **धी बनारस युनिवर्सिटी जैन चेर आदि मदद फंड खाते उधार.**
५०-८-० विद्यार्थीने मदद स्कॉलरशिप आपी तेना
३१-०-० प्रीन्टींग खर्च
१०-१३-६ परचुरण खर्च, पोस्टेज, रजिस्ट्रेशन वि.

९२-५-६

१७१-१-० **श्री फकीरचंद प्रेमचंद स्कॉलरशिप प्राइझ खाते उधार.**
१६०-०-० स्कॉलरशिप प्राइझना अपाया ते
११-१-० जाहेर खबर विगेरे खर्चना

१७१-१-०

४५५७-०-० **श्री जैन श्वे. ए. बोर्ड खाते उधार**
१५००-०-० साडा त्रण टकानी १५००) नी फेशवेल्युनी लोन वेची तेना तमारा खाते उधार
३०५७-०-० वर्ष दरम्यान अपाया ते

४५५७-०-०

१३६-५-० **श्री स्वदेशी प्रचार समिती खाते उ.**
१३६-५-० वर्ष दरम्यान सभाओ अंगे, पोस्टेज खर्च तथा बोनस विगेरेना अपाया ते

४५-८-० **श्री निराश्रीत खाते उधार.**
४५-८-० मददना अपाया ते

३०६-१५-६ **श्री शत्रुंजय प्रचार कार्य फंड खाते उधार.**
३०६-१५-६ वर्ष दरम्यान श्री जैन स्वंसेवक मंडळने आप्या तथा आबु खर्च अंगे खर्चना थया ते

२१०-२-६ **श्री अणघटता आक्षेपो लखाणो माटेना फंड खाते उधार.**
२१०-२-६ वर्ष दरम्यान उधर्या ते

३२५-०-० **श्री उपदेशकोना पगार खाते उधार.**
३२५-०-० वर्षदरम्यान गई सालना पगारना अपाया ते

ज — उ

८६४-७-३ धी बेंक ओफ इन्डीआना चालु खाते जमा.
८६४-७-३ वर्ष दरम्यान वधारे जम आव्या ते.
६-११-० श्री पुस्तक वेंचाण खाते जमा.
६-११-० वर्ष दरम्यान वेंचाणना आव्या
१५०-०-० श्री पुस्तकोद्धार फंड खाते जमा.
१५०-०-० व्याजना आव्या
९-९-० श्री जैन धर्म प्रसारक सभा खाते जमा.
९-९-० वर्ष दरम्यान वधारे जमा आव्या ते
५०-०-० श्री निराश्रीत फंड खाते जमा.
५०-०-० वर्ष दरम्यान मदद आपवा माटे मळ्या ते
८-१२-० रा. मणीलाल खुशालचंद पारीना खाते ज.
८-१२-० वर्ष दरम्यान जमा
६५-७-० शेठ मुलचंद आशाराम झवेरीना खाते ज.
६५-७-० वर्ष दरम्यान जमा आव्या ते
२४-८-० शेठ जीवणलाल कपुराजीना खाते जमा.
२४-८-० वर्ष दरम्यान जमा आव्या ते
३४७-१३-६ श्री उवलेक लेणा खाते जमा.
३४७-१३-६ वर्ष दरम्यान जमा आव्या ते
२५-६-६ मी. भाईचंद नीमचंद उपदेशकना खाते ज.
२५-६-६ वर्ष दरम्यान जमा आव्या ते
१३८-०-३ मी. करसनदास वनमाळी उपदेशकना खाते जमा.
१३८-०-३ वर्ष दरम्यान वधारे जमा आव्या ते
२५-०-० श्री शत्रुंजय प्रचार कार्य फंड खाते जमा.
२५-०-० व्याजना आव्या
४८-११-० मी. वाडीलाल साकलचंद उपदेशकना खाते जमा.
४८-११-० वधारे जमा आव्या
२००-०-० श्री बनारस हिंदु युनिवर्सिटीना विद्यार्थीने मदद आपवा माटेना खाते जमा.
२००-०-० मदद आपवा माटे शेठ मेघजी सोजपाळ तरफथी रोकडा आव्या ते

१७६५७-१-१०

२८-१३-९ डॉ. पी. एल. वैद्य खाते उधार.
२८-१३-९ वर्ष दरम्यान न्यायावतारना हिसाबना बाकी हता ते अपाया.
७२-१३-६ मी. गिरजाशंकर ज. पंडित उपदेशकना खाते उधार.
७२-१३-६ वर्ष दरम्यान वधारे उधर्या ते
०-१२-० श्री लाइब्रेरी खर्च खाते उधार.
०-१२-० वर्ष दरम्यान वधारे उधर्या ते
२-०-० श्री नाथालाल छगनलालना खाते उधार.
२-०-० वर्ष दरम्यान उधर्या ते
९-०-० सिपाई रामजी देवजीना खाते उधार.
९-०-० साल दरम्यान वधारे उधर्या ते
१३५-३-० श्री पुरांत साल आखरे

१७६५७-१-१०

તપાસ્યું છે, બરાબર છે.

રણછોડભાઈ રાયચંદ ઝવેરી,
મોહનલાલ ભગવાનદાસ ઝવેરી,
રેસીડન્ટ જનરલ સેક્રેટરીઓ.

શાહ નરોત્તમ ભગવાનદાસ.
વાડીલાલ સાંકલચંદ વોરા.
ઑનરરી ઑડીટરો.

મુંબઇ તા૦ ૧૦-૧૨-૧૯૩૧.

( અનુસંધાન પૃષ્ઠ ૧૮૬ ઉપર )

કરી તેને પીંખી નાંખી તેની બદલીમાં ઇષ્ટ તત્ત્વો અને સત્ય શ્રધ્ધા—સત્ય જ્ઞાન અને સત્ય આચારની સ્થાપના કરવી એમાં યુવકોના યૌવનનો—જોમનો વ્યય થાય એ ગૌરવાસ્પદ છે. તે બીજે રસ્તે વહી જવાં ન જોઇએ, વહી જતાં હોય તો સવળે રસ્તે વાળી તેમને અભિનંદન-ઉત્તેજના આપી વૃધ્ધોએ અમીદ્રષ્ટિ અને પ્રેમભાવ દાખવવાં ઘટે.

ભણેલા યુવકો ન્યાય માગે છે, યુક્તિ ઇચ્છે છે. 'અમે કહીએ તે સાચું, પૂર્વજો આમ કહી ગયા છે માટેજ તે સત્ય તરીકે સ્વીકારો કારણ કે દ્રવ્યક્ષેત્ર કાલભાવથી અબાધિત અમારા કે પૂર્વજોનાં વાક્યો છે,' એમ કહેવાથી બધા યુવકો નહિ માની જાય. ન્યાય ને યુક્તિ હશે તો તેઓ સ્વીકારશે, નહિ તો વખતે બંડ ઉઠાવશે એમ સમજી તેમની સાથે આદરભર્યો વર્તાવ કરશો તોજ નિજમાન જળવાય તેમ છે યુક્તિ કે ન્યાય દાખવવા જેટલી બુદ્ધિ ન હોય અને તે છતાં સ્વમાન જાળવવું હોય તો પ્રેમ દ્રષ્ટિથી થાય તે જોયાં કરો અને મૌન સેવો એમ આજનો યુગધર્મ કહે છે. અત્યારે તો બંડ, બળવો, ક્રાંતિ, 'ઇન્કિલાબ' એવા શબ્દોના રણકારો સંભળાય છે આથી ભડકવાનું નથી, પરંતુ યુગમાં એક પ્રકારનું જોસ-બળ આવ્યું છે તેના ચિન્હ તરીકે એ રણકાર છે એમ સમજી આનંદવાનું છે ને વિશેષમાં એ રણકાર વધુને વધુ ગતિ લઈ એક ઘોર મહાન અવાજ બની વિશાલ વ્યાપી થાય, આખા ભારતમાં ફરી વળે એવું હૃદય પૂર્વક ઇચ્છવાનું છે. એની ગતિથી ચેતનાથી બધી જાતની ગુલામી જશે, ગરીબાઇ—અજ્ઞાન દૂર થશે, સામાજિક સડાઓ તથા ધાર્મિક ઝનૂનો ચુસ્ત મૂર્ખતાઓનાં પ્રદર્શનો નાશ પામશે. આવા બળવાને વૃધ્ધ મુરબ્બીઓ સામેનો વિરોધ કે તિરસ્કાર સમજવાના નથી. આ સંબંધી પ્રાચીન ફિલસુફીઓના મહાન અભ્યાસી પ્રોફેસર સર રાધાકૃષ્ણનના લખનૌ વિદ્યાપીઠના હમણાંના પદવી પ્રદાન સમારંભ વખતે આપેલા તાજા ભાષણમાંથી નીચલો ઉતારો અત્ર મૂક્યા વગર રહેવાતું નથી

'The future seems to be with the Youth who revolt against a corrupt Social order and religious fanaticism Those who are indifferent when the situation is so grave are guilty of Cruelty. In justice thrives on the indifference of the people. The bad employer, the unjust law, the Corrupt leader, the false teacher thrive be cause they have never been challenged. The unjust prevail because those who have a sense of justice suffer from inertia. The Spirit of revolt against the wrongs of Society is not to be confused with in discipline or intolerance It is quite consistent with the deep inward courtesy and a Consideration for the feelings of others We need not surrender fundamental good manners which are essential in evey form of Civilized Society.'

અર્થાત્ "બગડી ગયેલ સામાજિક વ્યવસ્થા અને ધાર્મિક ઝનૂન સામે બંડ કરનાર યુવકના હાથમાં ભવિષ્ય છે અત્યારે પરિસ્થિતિ એટલે ગંભીર છે કે જેઓ તે યુવકો પ્રત્યે ઉપેક્ષા રાખે તેઓ ક્રૂરતાનો ગુન્હો કરે છે. લોકોની ઉપેક્ષાપર અન્યાય વૃધ્ધિ પામે છે. ખરાબ શેઠ, અન્યાયી કાયદો, ભ્રષ્ટ નેતા, અસત્યનિષ્ઠ ગુરૂ એ બધા વધે છે તેનુ કારણ તેમના પ્રત્યે સામનો કરવામાં નથી આવતો તે છે. અન્યાયી ફાવે છે કારણ કે જેઓમાં ન્યાયની ભાવના છે તેઓ જડભરત જેવા બેસી રહે છે. સમાજના અન્યાયો સામે બળવો કરવો તેને આજ્ઞાનો અનાદર કે અસહનશીલતા ગણવાનો નથી. બીજાઓની લાગણી પ્રત્યે માન અને ઉંડાણથી આંતરિક વિવેક સાથે તે બળવો તદ્દન સંગત છે આપણે શિષ્ટ સમાજ માટેની આવશ્યક એવી મૂલભૂત વિનય પૂર્વકની વર્તણુકને તિલાંજલિ દેવી ન જોઇએ.'

વિનયી વર્ત્તન રાખી સમાજમાં રહેલ સડા અને ધર્મમાં દેખાતું કલેશમય ઝનુની વાતાવરણ સામે યુક્તિ અને ન્યાયના, સત્ય અને અહિંસાના શસ્ત્રથી બળવો કરવામાં યુવકો સફલતા મેળવી શકશે એ નિઃસંદેહ છે. વાણી અને વિચારના અસંયમથી ધાર્યો ઘા થઇ શકશે નહિ અને નિશાન ખાલી જવાથી પ્રત્યાઘાત વધારે જોરવાળો થશે આટધું ટુંક વકતવ્ય નજર સમીપ રાખી દરેક સળગતા સામાજિક પ્રશ્નને છેડી તેની વિચારણા, નિમંત્રણા કરશે અને કરેલા ઠરાવોને સક્રિય સ્વરૂપમાં મુકશે તો પરિષદ્ સફલ થશે અને સમાજને અતિ ઉપયોગી થઇ પડશે.

—મોહનલાલ દ. દેશાઇ.

# કાર્યવાહી સમિતિની બેઠક.

**આ સંસ્થાની કાર્યવાહી સમિતિની એક બેઠક ગઇ તા. ૧૦-૧૨-૩૧ ના રોજ સંસ્થાની ઑફીસમાં રા. સા શેઠ રવજી સોજપાલનાં પ્રમુખસ્થાન નીચે મલી હતી. જે વખતે નીચે મુજબ કામકાજ થયું હતું.**

**૧. સંસ્થાનો સં. ૧૯૮૭ ની સાલનો ઑડીટ થયેલો આવક જાવકનો હિસાબ તથા સરવાયું રજુ કરવામાં આવતાં સર્વાનુમતે મંજૂર થયાં હતાં.**

**૨ ઑલ ઇન્ડીયા સ્ટે. કમિટિની આવતી તા. ૨૬-૨૭ મી એ મળનારી બેઠક સંબંધે યોગ્ય ગોઠવણો વ્યવસ્થા કરવા માટે નીચેના સભ્યોની એક પેટા કમિટિ નિમવામાં આવી.**

**(૧) રા. રા શેઠ રવજી સોજપાલ. (૨) શ્રી મકનજી જે. મ્હેતા. (૩) શેઠ રણછોડભાઇ રાયચંદ ઝવેરી. (૩) શ્રી મોહનલાલ ભગવાનદાસ ઝવેરી. (૫) શેઠ મગનલાલ મૂલચંદ શાહ (૬) શ્રી મોતીચંદ ગિ. કાપડીઆ. (૭) શ્રી મોહનલાલ દ દેશાઇ (૮) શેઠ જમનાદાસ અમરચંદ ગાંધી. (૯) શેઠ વીરચંદ (૧૦) શેઠ ફકીરચંદ કેશરીચંદ.**

**૩. આ બેઠકમાં દરેક સભાસદ વધુમાં વધુ પાંચ પ્રેક્ષકો લાવી શકે તેમ ઠરાવવામાં આવ્યું છે. પ્રેક્ષકો માટે ફી રાખવામાં આવી નથી.**

# આવતો અંક મોડો.

**ઑલ ઇન્ડીયા સ્ટે. કમિટિની બેઠક જાહેર થયા મુજબ માસ આખરે મળનાર હોવાથી આ પત્રનો આવતો અંક મોડો થશે.**

# ઑલ ઇન્ડીયા સ્ટેન્ડીંગ કમિટીની આગામી બેઠક.

## વિચારવા યોગ્ય પ્રશ્નો.

( ૨ )

ગતાંકમાં નોંધાયેલા પ્રશ્નો સંબંધી વિશેષ પ્રકાશ પડે એ જરૂરી છે તદુપરાંત વિચાર માટે રજુ થયેલ સૂચનાઓ સાથે, કૉન્ફરન્સનું કાર્ય સુદૃઢ બનાવવા તેનો સંદેશ સાંગોપાગ યથાસ્થિત ગામેગામ અને ઘરે ઘરે પહોંચાડવા માટે કૉન્ફરન્સની શાખાઓ-સમિતિઓ સ્થળે સ્થળે સ્થપાવી જરૂરી છે. તેથી તે સંબંધે ઉલ્લેખ અત્રે કરવો ઠીક થઇ પડશે.

**કૉન્ફરન્સની સમિતિઓ** સ્થળે સ્થળે સ્થાપવામાં આવે તો આજે કાર્ય શિથિલતા દેખાય છે તે દૂર થશે અને સમાજમાં જાગૃતિનાં જોર જામશે. કૉ૦ નાં બંધારણમાં આવી યોજનાને જૂન્નર અધિવેશને સ્થાન આપ્યું છે છતાં જેવું જોઇએ તેવુ કાર્ય આ દિશામાં થયું હોય એમ જાહેર જાણમાં નથી. આ કાર્ય ઉપાડી લેવા ભગીરથ પ્રયત્ન કરવો પડશે અને અનેક સ્થળોએ જઇ-પ્રવાસ કરી ખુબ પ્રચાર કાર્ય પણ કરવું પડશે; તે વિના આ કાર્ય દુષ્કર ગણાય. જ્યાં સૂધી આ યોજનાની વિસ્તૃત સમાલોચના અને તેનાં ભાવિફળ વિશે સમાજને જાણ ન હોય ત્યાં સુધી સમાજ પોતાની મેળે આ કાર્ય ઉપાડી લ્યે તેવી આશા રાખવી ફલદાયી નથી. આ કાર્ય માટે યુવાન વર્ગ ધારે તેટલું કરી શકે તેમ છે છતાં હજુ સૂધી તેઓ તરફથી પણ આ કાર્ય અંગે યથોચિત પ્રયાસ સેવાયો જાણમાં નથી. ટુંકમાં કૉન્ફરન્સની શાખાઓ ઠેર ઠેર સ્થાપવા માટે સંચાલકો અને ખાસ કરી યુવાન વર્ગ કટીબદ્ધ થાય તોજ કાર્ય સુંદર થાય અને આજે દેશની રાષ્ટ્રીય મહાસભા જે રીતે કાર્ય કરી રહી છે, પોતાનું પૂર જોશ દાખવી રહી છે તેવો સુયોગ જરૂર સમાજને સદ્‌ભાગ્યે સાંપડે તેવી આ યોજના છે. પરંતુ હજુ સુધી આપણી ઉંઘ ઉડતી નથી કે જોઇએ તેટલી જાગૃતિ આવતી નથી એ ખરેખર કમનસીબ ઘટના છે. ઑલ ઇન્ડીયા સ્ટેન્ડીંગ કમિટિની આવતી બેઠક આ યોજના ઉપાડી લઇ વ્યવહારૂ રીતે અમલમાં આવે તેવો સત્વરે પ્રબંધ કરે સતત પ્રવાસની ઘટતી ગોઠવણો કરે એ પ્રથમ સૂચના છે અને તેના પરજ કૉન્ફરન્સ અને સમાજના ઉજ્જવલ ભાવિનો આધાર છે.

### જૈન બેંકનો પ્રશ્ન—

શ્રીમતી કૉન્ફરન્સનાં એક કરતાં વધારે અધિવેશનોએ આ પ્રશ્ન અંગે પુરતી વિચારણા કરી તેવી બેંક ઉભી કરવાની જરૂરીઆત દેખાડનારા ઠરાવો પસાર કર્યા છે. મજકુર ઠરાવોમાં માત્ર તેવી જરૂરીઆત દેખાડયા સિવાય તેને લગતી વ્યવહારૂ યોજના અંગે કંઇ ગોઠવણ ન કરતાં સમાજ પાસેથી ચોક્કસ કર્તવ્ય દિશાની આશા રાખી હોય એ તદન સંભવિત છે. તે ઉપરાંત સમાજનું માનસ એ દિશામાં વિચાર કરતું થાય તો કોઇ પણ વખતે એ દિશામાં પ્રવૃત્ત થાય એ પણ ઉક્ત ઠરાવોનો આશય હોય તો તે અવશ્ય ફલીભૂત થયો છે એમ છેલ્લી જૂન્નરની બેઠક વેળાએ પુરવાર થયું ગણાય. અને તે એટલા ઉપરથી સમજી શકાય તેવુ છે કે જૂન્નર અધિવેશને જે ઠરાવ પસાર કર્યો છે તેમાં સમાએલી વિશિષ્ટતા અંગે વિશેષ વ્યવહારૂ છે એમ કહેવામાં સહેજ પણ અતિશયોક્તિ ન ગણાય.

**આ** વિશિષ્ટતા એટલે ઠરાવ કરવા સાથે મજકુર ઠરાવને યોગ્ય રીતે વ્યવહારમાં-અમલમાં મૂકવા અર્થે તે વિષયના નિષ્ણાત અને જુદા જુદા વિભાગોમાં લાગવગ ધરાવનારા પ્રતિષ્ઠિત સભ્યોની નિમણુંક પણ સાથે સાથેજ કરવામાં આવી છે, અન્ય પ્રસંગે થયેલા ઠરાવો કરતાં છેલ્લી બેઠકનો ઠરાવ એટલો આગળ પડે છે અને તે જોતાં એમ અનુમાની શકાય કે મજકુર ઠરાવ ઘડનાર સમિતિ અને અધિવેશનમાં હાજરી આપનાર પ્રતિનિધિ બંધુઓ અને તે ઠરાવને દરખાસ્તરૂપે રજુ કરનાર અને અનુમોદન આપનાર બંધુઓ તેમજ સર્વ સમ્મિલિત સભાજનોએ જૈન બેંકની આવશ્યકતા વિચારપૂર્વક બુદ્ધિપૂર્વક સ્વીકારી હોય એમાં કાંઇ સંદેહ નથી.

ઉક્ત નિર્ણય પસાર થયા પછી સારા જેવો સમય વ્યતીત થયો છે અને તે દરમ્યાન અનેક પ્રસંગો અને સંજોગો ઉભા થયા, ભૂતકાળના પડદા પાછળ અદૃશ્ય થયા અને થશે સંજોગવશાત્ આ પ્રશ્નનું ઘટતું નિરાકરણ ન થયું હોય તોપણ હવે આ પ્રશ્ન હાથ ધરવામાં આવે અને સમાજ વ્યાજબી જવાબ આપે તો જૈન બેંક એ અશક્ય ઘટના તો નથી જણાતી.

જે મુશ્કેલી ઉભી થવા સંભવ છે તે એકજ છે અને તે એ કે કેટલાકો એવી ગેર સમજ ઉભી કરવા પ્રયાસો કરવા મથે છે અને મથશે કે આ યોજના પાછળ ધાર્મિક ખાતાઓનાં નાણાના દુરૂપયોગનો ઇરાદો કે સંભવ હોય. બન્યુ છે ત્યારે આવી ગેર સમજ ઇરાદાપૂર્વક ઉભી કરવામાં આવ્યાના પ્રસંગો સહજ મલી રહે તેમ છે. છતાં જ્યાં ઇરાદો શુદ્ધ છે કાર્યની પાછળ જનસમૂહની હિતદૃષ્ટિજ છે ત્યાં આવા મિથ્યા પ્રલાપો અરણ્ય રૂદન સમા રહેશે એમાં લેશ પણ શંકા નથી. એવાઓનો લેશ પણ ડર રાખવા કારણ નથી અત્રે એટલું કહેવું જરૂરી થઇ પડે છે કે આવાં ખાતાઓનાં નાણાની સહાય વિના અનેક બેંકો આજે ચાલે છે અને આ બેંક પણ શરૂ કરવામાં આવે તો ચાલે એટલુંજ નહિં પણ સમાજને અનેક રીતે ઉપયોગી થઇ પડે એવો દરેક સંભવ છે. અને તેથી સ્ટેન્ડીંગ કમિટીની આવતી બેઠક વેળાએ આ ચર્ચા ઉભી થાય અને તેનો ઘટતો વ્યવહારૂ નિર્ણય કરવામાં આવે તે જરૂરી છે.

Printed by Mansukhlal Hiralal at Jain Bhaskaroday P. Press, Dhunji Street, Bombay and published by Harilal N. Mankar for Shri Jain Swetamber Conference at 20 Pydhoni, Bombay 3.